| ૧૦૪ | વંશ શ્રી પૂંજાભાઇ ભીમાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૦૫ | કાકડિયા શ્રી જે.વી. | ગુજરાતી શપથ |
| ૧૦૬ | ઠુમર શ્રી વિરજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૦૭ | દુધાત શ્રી પ્રતાપ | ગુજરાતી શપથ |
| ૧૦૮ | ડેર શ્રી અમરિષભાઇ જીવાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૦૯ | મકવાણા શ્રી રાઘવભાઇ ચોંડાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૦ | બારૈયા શ્રી કનુભાઇ મથુરામભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૧ | નાકરાણી શ્રી કેશુભાઇ હીરજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૨ | બારૈયા શ્રી ભીખાભાઇ રવજીભાઇ | ગુજરાતી શપથ |

શપથ અથવા પ્રતિજ્ઞાવિધિ

| | | |
|---|---|---|
| ૧૧૩ | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઇ સવજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૪ | મારૂ શ્રી પ્રવિણભાઇ ટીડાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૫ | રાવલ શ્રી મહેશકુમાર કનૈયાલાલ | ગુજરાતી શપથ |
| ૧૧૬ | પરમાર શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | ગુજરાતી શપથ |
| ૧૧૭ | ચાવડા શ્રી અમીત | ગુજરાતી શપથ |
| ૧૧૮ | પરમાર શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૧૯ | સોઢાપરમાર શ્રી કાંતિભાઇ | ગુજરાતી શપથ |
| ૧૨૦ | પટેલ શ્રી નિરંજન પુરૂષોત્તમદાસ | ગુજરાતી શપથ |
| ૧૨૧ | પરમાર શ્રી પુનમભાઇ માધાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૨૨ | સોલંકી શ્રી કેસરિસિંહ જેસંગભાઇ | ગુજરાતી શપથ |
| ૧૨૩ | ચૌહાણ શ્રી અર્જૂનસિંહ ઉદેસિંહ | સંસ્કૃત શપથ |
| ૧૨૪ | પરમાર શ્રી ઇન્દ્રજીતસિંહ નટવરસિંહ | ગુજરાતી શપથ |
| ૧૨૫ | પરમાર શ્રી કાન્તિભાઇ શાભઇભાઇ | ગુજરાતી શપથ |
| ૧૨૬ | ડાભી શ્રી કાળાભાઇ રઇજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૨૭ | ચૌહાણ શ્રી અજીતસિંહ પર્વતસિંહ | ગુજરાતી શપથ |
| ૧૨૮ | રાઠોડ શ્રી રતનસિંહ મગનસિંહ | ગુજરાતી શપથ |
| ૧૨૯ | ડીંડોર શ્રી કુબેરભાઇ મનસુખભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૦ | આહિર(ભરવાડ) શ્રી જેઠાભાઇ ઘેલાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૧ | ખાંટ શ્રી ભપેન્દ્રસિંહ વેચાતભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૨ | રાઉલજી શ્રી સી.કે. | ગુજરાતી શપથ |
| ૧૩૩ | કટારા શ્રી રમેશભાઇ ભુરાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૪ | કટારા શ્રી ભાવેશભાઇ બાબુભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૫ | ભાભોર શ્રી શૈલેષભાઇ સુમનભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૬ | પણદા શ્રી વજેસિંગભાઇ પારસિંગભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૭ | ઇનામદાર  શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૮ | શ્રીવાસ્તવ શ્રી મધુભાઇ બાબુભાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૯ | રાઠવા શ્રી મોહનસિંહ છોટુભાઇ | ગુજરાતી શપથ |
| ૧૪૦ | રાઠવા શ્રી સુખરામભાઇ હરીયાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૪૧ | તડવી શ્રી અભેસિંહ મોતીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૪૨ | મહેતા શ્રી  શૈલેષભાઇ કનૈયાલાલ | ગુજરાતી શપથ |
| ૧૪૩ | સુખડીઆ શ્રી જીતેન્દ્ર રતીલાલ | ગુજરાતી શપથ |
| ૧૪૪ | ત્રિવેદી શ્રી રાજેન્દ્ર | ગુજરાતી શપથ |
| ૧૪૫ | પટેલ શ્રી યોગેશ | ગુજરાતી શપથ |
| ૧૪૬ | ઠાકોર શ્રી જશપાલસિંહ મહેન્દ્રસિંહ | ગુજરાતી શપથ |
| ૧૪૭ | પટેલ શ્રી અક્ષયકુમાર ઇશ્વરભાઇ | ગુજરાતી શપથ |
| ૧૪૮ | વસાવા શ્રી પ્રેમસિંહભાઇ દેવજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૪૯ | વસાવા શ્રી મહેશભાઇ છોટુભાઇ | ગુજરાતી પ્રતિજ્ઞા |
| ૧૫૦ | સોલંકી શ્રી સંજયભાઇ જેસંગભાઇ | ગુજરાતી શપથ |
| ૧૫૧ | રણા શ્રી અરૂણસિંહ અજીતસિંહ | ગુજરાતી શપથ |
| ૧૫૨ | વસાવા શ્રી છોટુભાઇ અમરસિંહ | ગુજરાતી પ્રતિજ્ઞા |
| ૧૫૩ | પટેલ શ્રી દુષ્યંતભાઇ રજનીકાંત | ગુજરાતી શપથ |
| ૧૫૪ | પટેલ શ્રી મુકેશભાઇ ઝીણાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૫૫ | ચૌધરી શ્રી આનંદભાઇ મોહનભાઇ | ગુજરાતી શપથ |
| ૧૫૬ | ઝાલાવાડીયા શ્રી વી.ડી. | ગુજરાતી શપથ |
| ૧૫૭ | રાણા શ્રી અરવિંદ શાંતિલાલ | ગુજરાતી શપથ |
| ૧૫૮ | બલર શ્રી કાંતિભાઇ હિંમતભાઇ | ગુજરાતી શપથ |
| ૧૫૯ | ઘોઘારી શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૦ | પટેલ શ્રી વિવેક નરોત્તમભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૧ | સંઘવી શ્રી હર્ષ રમેશકુમાર | ગુજરાતી શપથ |

તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૮
શપથ અથવા પ્રતિજ્ઞાવિધિ

| | | |
|---|---|---|
| ૧૬૨ | મોરડીયા શ્રી વિનોદભાઇ અમરશીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૩ | મોદી શ્રી પુર્ણેશ | હિન્દી શપથ |
| ૧૬૪ | ઢોડિયા શ્રી મોહનભાઇ ધનજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૫ | ગામીત શ્રી પુનાભાઇ ઢેડાભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૬ | ગામીત શ્રી સુનિલભાઇ રતનજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૭ | ગાવિત શ્રી મંગળભાઇ ગંગાજીભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૮ | દેસાઇ શ્રી પિયુષભાઇ દિનકરભાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૯ | પટેલ શ્રી નરેશભાઈ મગનભાઈ | ગુજરાતી શપથ |
| ૧૭૦ | પટેલ શ્રી અનંતકુમાર | ગુજરાતી શપથ |
| ૧૭૧ | પટેલ શ્રી અરવિંદભાઈ છોટુભાઈ | ગુજરાતી શપથ |
| ૧૭૨ | પટેલ શ્રી ભરતભાઈ કીકુભાઈ | ગુજરાતી શપથ |
| ૧૭૩ | દેસાઈ શ્રી કનુભાઈ મોહનલાલ | ગુજરાતી શપથ |
| ૧૭૪ | ચૌધરી શ્રી જીતુભાઈ હરભાઈજી | ગુજરાતી શપથ |
| *૧૭૫ | પરમાર શ્રી પ્રદિપભાઇ ખનાભાઇ | ગુજરાતી શપથ |
| **૧૭૬ | પટેલ શ્રી મહેશકુમાર અમૃતલાલ | ગુજરાતી શપથ |
| **૧૭૭ | કોટવાલ શ્રી અશ્વિનભાઇ લક્ષ્મણભાઇ | ગુજરાતી શપથ |
| **૧૭૮ | પંચાલ શ્રી જગદીશભાઇ | ગુજરાતી શપથ |
| **૧૭૯ | શેખ શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન | ગુજરાતી પ્રતિજ્ઞા |
| **૧૮૦ | દવે શ્રીમતી વિભાવરીબેન | ગુજરાતી શપથ |
| ***૧૮૧ | સોલંકી શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ | ગુજરાતી શપથ |

**શપધવિધિનું કામકાજ બપોરના ૩.૦૫ વાગ્યે પૂરું થયું.**

* આ સભ્યશ્રીએ પાછળથી શપથ લીધા
* *આ સભ્યશ્રીઓએ તા. ૬-૨-૨૦૧૮ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.
* **આ સભ્યશ્રીએ તા. ૭-૨-૨૦૧૮ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.

## ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
## અધ્યક્ષશ્રીની ચૂંટણી

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮
ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે

પહેલી બેઠક
સભાગૃહ સવારના ૧૧-૦૦ કલાકે મળ્યું
કાર્યકારી અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન વગાડીને કરવામાં આવી.

અધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી વિજય રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૦(૧) અન્વયે પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહના માનનીય સભ્યશ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદીને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કાર્યકારી અધ્યક્ષશ્રી : હું આ સભાગૃહના સભ્યશ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદીને સર્વાનુમતે સભાગૃહના અધ્યક્ષશ્રી તરીકે જાહેર કરું છું અને તેમને અધ્યક્ષસ્થાન લેવા માટે વિનંતી કરું છું.

(ત્યારબાદ સભાગૃહના નેતાશ્રી વિજયભાઇ રૂપાણી, વૈધાનિક અને સંસદીય બાતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી નવા વરાયેલા અધ્યક્ષશ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદીને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું.)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદીઅધ્યસ્થાને

અધ્યક્ષશ્રીને અભિનંદન

શ્રી વિજય રૂપાણી મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સૌ સભ્યશ્રીઓ, સૌ પ્રથમ તો આપ સૌએ મારા પ્રસ્તાવને સપોર્ટ કરવા માટે જે સહકાર આપ્યો છે એ માટે ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. ખાસ કરીને આપણી પરંપરા છે કે સ્પીકર, એ પછી કોઇ પક્ષના નથી હોતા અને સરકાર પક્ષે કે વિરોધ પક્ષે એ સામૂહિક સર્વાનુમતે આ ચૂંટણી કરવાની જે આપણી પ્રણાલિકા, પરંપરાઓ છે એ જાળવી રાખવા બદલ વિરોધ પક્ષને, વિરોધ પક્ષના નેતા પરેશભાઇને પણ ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત, આ ગુજરાતે હંમેશા દેશને માર્ગ ચીંધ્યો છે. સંસદીય પ્રણાલિકા, લોકશાહી અને એના મૂલ્યોના જતન માટે ગુજરાતે હંમેશા આગેવાની લીધી છે અને ગુજરાતની વિધાનસભા એ ગુજરાતની પ્રજાના ધબકાર સમાન હોય છે અને ગુજરાતની સાડા છ કરોડની જનતા, એના વતી આપણે સૌ પ્રતિનિધિઓ, આપણી જવાબદારી બને છે કે આ લોકશાહીની પરંપરાને, પ્રણાલિકાને, હંમેશા સંસદીય પ્રણાલિકાઓ જળવાઇ રહે અને લોકશાહી ખૂબ તંદૂરસ્ત બને એ માટે આ વિધાનસભા મારફત સમગ્ર ગુજરાતની જનતા પ્રત્યે લોકશાહી માટે કાર્યરત અને કટિબદ્ધ બનવું પડે. સ્પીકર પદે આપશ્રી બિરાજ્યા છો ત્યારે આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું કે વર્ષોથી અનેક લોકો, અનેક નેતાઓ, અનેક આગેવાનોએ આ સ્પીકર પદ ઉપર બેસીને આપણા હાઉસને ચલાવ્યું છે, કાયદા, કાનૂન, નીતિ-નિયમો અને લોકશાહી પદ્ધતિને અહીંથી વધુ પ્રબળ બનાવી છે. એ પદ ઉપર આપ પણ એ જ રીતે આ પરંપરાને વધુ સારી રીતે ઉજાગર કરશો તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે અને બધા વતી આપને ખૂબ ખૂબ શુભેચ્છા પણ પાઠવું છું કે આગામી પાંચ વર્ષ આ નવા ગૃહ અને નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ એટલે બધું નવું નવું છે ત્યારે આપ આ ગૃહનું સુચારુ સંચાલન અને ગૃહના નિયમોનું પાલન કરાવી અને લોકશાહી ઢબે વધુ પરિપકવ લક્ષ્યો, ડીસ્કર્સન અને અહીંયાથી જે કાંઇ પ્રજાલક્ષી નિર્ણયો થાય એનો પ્રજાને ખૂબ લાભ મળે. લોકશાહીને આપણે બધા વરેલા છીએ. લોકશાહી ખૂબ સશકત બને તેવું આપના દ્વારા થાય તે માટે શુભેચ્છા પાઠવું છું. ભગવાનને પ્રાર્થના કરું છું કે આપને આ બાબતે પૂર્ણ શક્તિ આપે અને આપ ખૂબ સારી રીતે સફળ થાવ એવી અમારા બધા વતી ખૂબ ખૂબ શુભેચ્છા.

શ્રી પરેશભાઇ ધાનાણી ( વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, લોકો દ્વારા, લોકો માટે અને લોકો વતી ચાલતું આ લોકશાહીનું મંદિર અને આ લોકશાહીના મંદિરમાં ચાલી આવેલી ઉચ્ચતર સંસદીય પ્રણાલિઓને આગળ ધપાવવા આપણે આ સન્માનનીય ગૃહના સૌ સદસ્યોએ સાથે મળી અને સર્વાનુમતે આપને આ ગૃહમાં અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢયા છે ત્યારે વ્યક્તિગત રીતે અને ટીમ કોંગ્રેસ વતી આપને હ્રદયની શુભકામનાઓ પાઠવું છું. તા. ૧-૫-૧૯૬૦ ના રોજ આ અધ્યક્ષશ્રીની ખુરશી ઉપર પ્રથમ અધ્યક્ષ માનનીય કલ્યાણજી મહેતા સાહેબ હોય કે ત્યારથી લઇને માનનીય

## તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અધ્યક્ષશ્રીની ચૂંટણી

રાઘવજીભાઇ લેઉઆ, માનનીય નટવરલાલ શાહ, માનનીય વજુભાઇ વાળાસાહેબ, માનનીય રમણલાલ વોરા સાહેબ સહિતની એક લાંબી સફર પછી આ ગુજરાત વિધાનસભા ગૃહમાં આપ એક નવી જવાબદારી સાથે આગામી દિવસોમાં આ ગુજરાતની સંસદીય પ્રણાલિનું પાલન થાય, એનું પોષણ થાય અને વિધાનસભામાં વિરોધ પક્ષ એ પ્રજાની વેદનાનું પ્રતિબિંબ છે ત્યારે હંમેશા આ ગૃહમાં સત્તા પક્ષ બહુમતિમાં હોય છે ત્યારે પાર્ટી પરંપરાઓથી ઉપર ઉઠી અધ્યક્ષશ્રીનું પદ એ પ્રજાની વેદનાને વાચા આપવા માટે હંમેશા વિરોધ પક્ષને રક્ષણ આપનારું બની રહે છે. હું મારી ટીમ વતી, આ સન્માનનીય ગૃહ વતી આપને વિનંતી કરું કે કયાંક લોકોની વેદનાને વાચા આપવામાં સત્તા પક્ષની લાગણી હોય કે વાત રજૂ ન થાય પણ અમારા વાલી બની પ્રજાની વેદનાને વાચા આપવા આપ રક્ષણ આપતા રહેશો એવી અમને ખૂબ, ભારે મોટી અપેક્ષા છે. લોકો દ્વારા, લોકો માટે અને લોકો વતી ચાલતી આ સરકારમાં લોકશાહીનું મંદિર એવી ગુજરાત વિધાનસભાનું ગૃહ, આ વિધાનસભામાં જનતા દ્વારા ચૂંટાયેલો પ્રતિનિધિ એ પ્રજાને પ્રતિ જવાબદેહ બને, આ વિધાનસભાનું સુચારુ સંચાલન ચાલે અને પ્રજાના નાણાથી ચાલતી આ વિધાનસભાની કચેરી, એની એક એક મિનિટ ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે ખર્ચ થાય એ માટે વિપક્ષ તરીકે, એક રચનાત્મક વિપક્ષ તરીકે અમે આવતા દિવસોમાં આ વિધાનસભા ગૃહની અંદર આપના આદેશોનું સંપૂર્ણ પાલન કરવાના છીએ ત્યારે અમે અપેક્ષા પણ રાખીએ કે આ વિધાનસભાનો દરેક સભ્ય એ જનપ્રતિનિધિ છે. જનતાને પ્રતિ એ જવાબદાર રહે અને જનતાએ વિશ્વાસ સાથે વિધાનસભા ગૃહમાં પ્રતિનિધિત્વ કરવાની એને તક આપી છે ત્યારે આ વિધાનસભાનું ગૃહ એ જનતાનું દર્પણ બની રહે, જનતાનો અરીસો બની રહે અને આ વિધાનસભાની કાર્યવાહી, એનાથી મત આપીને ચૂંટીને મોકલનારો દરેક ગુજરાતી એ પળેપળ વાકેફ થાય એવી વ્યવસ્થા પુનઃ આ વિધાનસભા ગૃહમાં જીવંત થશે તો મને લાગે છે કે ચર્ચાનું સ્તર એ વધુ ઉચ્ચ કોટીનું બનશે અને આવતા દિવસોમાં સરકાર પણ જવાબદેહ બનશે અને વિરોધપક્ષ પ્રજાની વેદનાને વાચા આપવામાં આ વિધાનસભાની અંદર કયાંય, ભૂતકાળનના ઘણા બનાવો કે જયાં એક વિરોધ પક્ષની વ્યાખ્યા એટલે સરકારની કોઇપણ નીતિઓનો વિરોધ કરવો. માનનીય અધ્યક્ષશ્રી, એ પોતે અહીયા નથી. વિરોધ પક્ષ એ પ્રજાની વેદનાને વાચા આપવાનું કામ કરે છે અને સત્તા પક્ષે વિરોધ પક્ષનાં જે સૂચનો છે, તેને સકારાત્મક રીતે લઇ સમસ્યાઓને હલ કરવા આગળ વધશે તો મને લાગે છે કે મારું ગુજરાત ભારતની અંદર શ્રેષ્ઠ ગુજરાત બનશે. ઉચ્ચ કોટિના મૂલ્યોનું પાલન કરનાર આ વિધાનસભા ગૃહમાં આપના અધ્યક્ષ પદે એક સંસદીય પ્રણાલિનો નવો દોર, ઉચ્ચત્તમ શિખરો સર કરે તેવી પ્રાર્થના સાથે પૂજ્ય ગાંધીના ચરણોમાં વંદન કરી આપને શુભેચ્છા પાઠવું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણી ગુજરાત વિધાનસભાની નવી સરકારનો અને નવા ચૂંટાયેલા સર્વે માનનીય ૧૮૨ ધારાસભ્યશ્રીઓનો આજે પ્રથમ દિવસ અને પ્રથમ બેઠક છે અને એમાં સોનામાં સુગંધ ભળે એ રીતે આપની સર્વાનુમતિ સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓએ અધ્યક્ષ તરીકે બિનહરીફ વરણી કરી છે, ત્યારે સ્વાભાવિક માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ મૂક્યો અને માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જેને સમર્થન આપ્યું એ તો બે દિવસ પહેલાં જ જ્યારે સ્પીકરની ચૂંટણી માટે ફોર્મ ભરવાના હતા એ દિવસે જ સ્પષ્ટ થઇ ચૂક્યું હતું કે ફક્ત એક ફોર્મ આવ્યું છે અને આપની નામની પસંદગી સર્વાનુમતે બંને પક્ષના ધારાસભ્યશ્રીઓએ બંને પક્ષના નેતાશ્રીઓએ જે કરી છે એની આજે ઔપચારિક, વૈધાનિક પ્રણાલિ માનનીય મુખ્યમંત્રીશ્રીએ દરખાસ્ત મૂકીને અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ સમર્થન આપી અને સૌ સભ્યોએ આવકારી અને આપને જે મોટી જવાબદારી ગુજરાતની જે સંસદીય પ્રણાલિ અત્યાર સુધી ખૂબ ઉજ્જવળ રહી છે તેને વધુ આગળ વધારવા અમે સૌ ધારાસભ્યશ્રીઓએ આપનામાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે એ બદલ અમે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. મારી જાણકારી પ્રમાણે ગુજરાત ૧૯૬૦ માં અલગ બન્યું એ પછી ૧૮માં અધ્યક્ષ તરીકે આપની વરણી થઇ છે. અત્યાર સુધીના જે માનનીય અધ્યક્ષશ્રીઓ ગુજરાતને પ્રાપ્ત થયા છે, એ બધાની જે કારકીર્દિ ખૂબ ઉત્તમ અને મોટા ભાગના વકીલશ્રીઓ અત્યાર સુધી સ્પીકર બન્યા છે. અને મને આનંદ છે કે આપ ગુજરાતના એક ખ્યાતનામ અને પ્રતિષ્ઠિત વકીલ છો અને વકીલ તરીકેની ભૂતકાળમાં જે સંસદીય પ્રણાલિ પ્રમાણે અધ્યક્ષશ્રીઓએ જે કામગીરી વિધાનસભાની છે જે વૈધાનિક બાબતો, કાયદાકીય બાબતો અને કોર્ટના જજમેન્ટો, ભારતનું બંધારણ એ બધો અભ્યાસ કરીને જે પ્રણાલિ ઉભી કરી છે, જે જુદા જુદા ઠરાવો, જુદી જુદી સૂચનાઓ પ્રસારિત કરી છે એનું આપના દ્વારા જ્યારે સારી રીતે પાલન થવાનું છે, ત્યારે મને વિશ્વાસ છે કે અમારી સરકાર પણ પ્રજાએ સતત છઠ્ઠી વખત અમારા પક્ષને, અમારા ભારતીય જનતા પક્ષને ૨૨ વર્ષના સાશન પછી ફરીથી જવાબદારી સોંપી છે, ત્યારે અમારી પણ જવાબદારી છે કે ગુજરાતની જનતાની જે અપેક્ષાઓ છે તેને સંપૂર્ણ રીતે પૂર્ણ કરીએ. મને વિશ્વાસ છે કે અહીયા બેઠા પછી ૧૮૨ ધારાસભ્યો ગુજરાતની પ્રજા માટે, પોતાના વિસ્તાર માટે, પોતાના વિસ્તારના નાગરિકો માટે જ્યારે પ્રશ્નો રજૂ કરતા હોય, કોઇ નિરાકરણ લાવતા હોય, કોઇ માહિતી માગતા હોય, કોઇ સૂચનો કરતાં હોય, બધુ જ ગુજરાતનું ભલુ, જનતાના હિત માટે ગુજરાતને વધુને વધુ આગળ વધારવા અને સૌનો સાથ સૌનો વિકાસ એ સૂત્રને સાર્થક કરવા આપણે સૌ અહીયા બેઠા છીએ, ત્યારે આપનું માર્ગદર્શન ચોક્કસ ઉચ્ચ કક્ષાએથી સારી રીતે મળશે. અમે સરકાર તરફથી અમારા મંત્રીશ્રીઓ તરફથી, અમારા પક્ષના ધારાસભ્યશ્રીઓ તરફથી આપને સંપૂર્ણ સહયોગ આપીશું. અને મને વિશ્વાસ છે કે પરેશભાઇએ જે રીતે વાત કરી છે તે પ્રમાણે વિપક્ષ તરફથી પણ આ ગૃહમાં સંપૂર્ણરીતે સહયોગ કરી આપનું કામ સફળ થાય આપની જવાબદારી સારી રીતે આપ બજાવી શકો

અને ગુજરાતની જનતાની જે અપેક્ષાઓ અહીં બેઠેલા અમારા સૌ ઉપર છે તે સારી રીતે પૂર્ણ કરીએ તેમાં અમને બધાને સતત માર્ગદર્શન આપો તેવી અપેક્ષા સાથે આપને સ્પીકર બનવા બદલ અમારા સૌ વતી ખૂબ ખૂબ શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

શ્રીવિરજીભાઇ ઠુમર(ભા. રા. કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાના સ્પીકર તરીકે આપની સર્વાનુમતે વરણી થઇ છે તે બદલ આપને ખૂબ જ અભિનંદન પાઠવું છું. આપ અમારા રક્ષક બન્યા છો, વિધાનસભાનું ગૌરવ સારાયે દેશમાં જોઇએ તો ગુજરાતનું ગૌરવ મહત્વનું છે. ગુજરાતની પરંપરા સારાયે દેશમાં ચાલી રહી છે. આ પરંપરાનું રક્ષણ આપના મારફત થાય તેવી અમો સૌ કોંગ્રેસ પક્ષના, વિરોધપક્ષના સભ્યશ્રીઓ તથા અમારા અપક્ષના સભ્યશ્રીઓ આપની પાસેથી અપેક્ષા રાખીએ છીએ.

માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં પ્રસ્તાવ લાવ્યા છે, ૧૪મી ગુજરાત વિધાનસભા અને અમારો જિલ્લો ખૂબ ભાગ્યશાળી જિલ્લો છે. અમારા જિલ્લાનો આર.ટી.ઓ. નંબર પણ ૧૪ છે, હું ૧૪મી લોકસભાનો સભ્ય પણ રહી ચૂક્યો છું અને આ ૧૪મી વિધાનસભા છે. એટલે અમારા તરફથી થોડીક સાંભળવા માટેની તૈયારી આપની અધ્યક્ષ તરીકે રાખવાની થશે તેવી લાગણી વ્યકત કરું છું. આપને વિનંતી કરું છું અને આપ હવે ભારતીય જનતા પાર્ટીના સભ્ય નથી. આપ આ વિધાનસભાગૃહના અમારા નેતા છો. ત્યારે શાસકપક્ષ બહુમતીના જોરે નિર્ણય કરવા માગતા હોય તો અમારી જે વેદનાઓ છે, લોકોની જે વેદનાઓ છે તેને રજૂ કરવાની સારી તક મળે તેવી લાગણી રાખીએ છીએ. સ્પીકર તરીકે આ ૧૪મી ધારાસભામાં એક મહત્વની કામગીરી થાય, ગૌરવવંતી કામગીરી થાય અને ગુજરાતનો વિકાસ થાય તેવી લાગણી છે. માનનીય નીતિનભાઇએ વાત કરી અને હું અભિનંદન આપીશ કે સૌનો સાથ અને સૌનો વિકાસ, સૌનો સાથ અને સૌનો વિકાસ થાય તે માટે મારા અભિનંદન છે. પરંતુ અમૂક માનીતા લોકોનો વિકાસ થાય અને લોકોને અડચણ ન પડે તે જોવાની જવાબદારી સ્પીકર તરીકે આપની છે. ત્યારે આપની ઉપર મૂકેલો વિશ્વાસ પાંચ વર્ષ ટકી રહે તે પ્રકારની કામગીરી થાય તે માટેની લાગણી વ્યકત કરું છું અને ખૂબ જ અભિનંદન પાઠવું છું. તમને એક અતિ મહત્વની જવાબદારી મળી છે ત્યારે ગુજરાતનો વિકાસ આપના નેતૃત્વમાં થાય તેવી લાગણી વ્યકત કરું છું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આપની સર્વાનુમતે વરણી થવા બદલ આપને સંસદીય મંત્રી તરીકે ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને વિપક્ષનો અને વિપક્ષના નેતાનો આભાર પણ માનું છું. આપે ખૂબ લાંબા સમય સુધી વડોદરા અને ગુજરાત હાઇકોર્ટમાં સફળ વકીલાત કરી છે અને આ ગૃહમાં પણ એક ધારાસભ્ય તરીકે તથા સફળ મંત્રી તરીકે ખૂબ સુંદર કામગીરી કરી છે. આપના સમયમાં અગાઉ જેમ વાત કરી તેમ કલ્યાણજીભાઇથી માંડીને રાઘવજીભાઇ, અશોકભાઇ ભટ્ટ, વજુભાઇ વાળા, રમણભાઇ જેવા મહાનુભાવોએ જે રીતે આ ગૃહનું સફળતાપૂર્વક સંચાલન કર્યુ છે અને આપ તે રીતે કરશો તેવી મારી શુભેચ્છા છે. બંને માનનીય સભ્યશ્રીઓએ કહ્યું તેમ સૌનો સાથ અને સૌનો વિકાસ તથા રચનાત્મક અભિગમ, આવા રચનાત્મક અભિગમને કારણે જ છઠ્ઠીવાર અહીં અમે બેઠા છીએ. સૌનો સાથ અને સૌના વિકાસને કારણે ગુજરાતની પ્રજાએ અહીં છઠ્ઠીવાર અહીં અમને મોકલ્યા છે. તે જ રીતે સૌને સાથે રાખીને, વિપક્ષને પણ એટલું જ મહત્વ આપીને અને જે સાચી વાત હશે, લોકોના હેતુની વાત હશે તેમાં હંમેશાં સાથે રહ્યા છીએ અને સાથે રહીશું. આપને ખૂબ ખૂબ શુભકામનાઓ. સફળતાપૂર્વક આપ આપની જવાબદારી નીભાવો, ધન્યવાદ.

શ્રી અનિલ જોષિયારા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મુખ્ય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા અને અમારા નેતાએ તેને સર્વાનુમતે જે પ્રસ્તાવ પસાર કર્યો અને આપની વરણી થઇ એ બદલ આપને અભિનંદન પાઠવું છું. આ પદ જે ખુરશી ઉપર આ બેઠાં છો તેની પાછળ સત્યમેવ જયતે લખેલું છે. આપ કાયદાના નિષ્ણાત છો અને અગાઉની જે સરકારો આવી લગભગ ૧૯૬૦ થી અત્યાર સુધીની એમાં છેલ્લે શ્રી રમણભાઇ વોરા સાહેબ હતા, દરેકે પોત પોતાના નિર્ણયો આપ્યા પણ ઘણાં એવા અધ્યક્ષશ્રીઓ છે કે જેના નિર્ણયો અમારા માટે પ્રેરણા રૂપ હતા અને એમાંય ખાસ કરીને શ્રી રાઘવજી લેઉવા અને કુંદનલાલ ધોળકિયા એમના જે નિર્ણયો હતા એ ખરેખર અમારા માટે ખૂબ જ અગત્યના હતા. આપે આખા ગૃહનું સંચાલન કરવાનું છે ત્યારે સૌનો સાથ સૌના વિકાસની વાત સાહેબે હમણા કરી પણ અમે બહુ દૂર નથી હવે સાવ નજીક આવી ગયા છીએ એટલે બહુ ચિંતા કરવાની પણ જરૂર નથી. પણ સાહેબ અમારી બહુ મોટી અપેક્ષા છે આપની પાસે અમારા પર ધ્યાન રાખજો તમે, અમે પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે અહીં આવ્યા છીએ ત્યારે અમે જે વેદના રજૂ કરવા માગીએ છીએ તેને ન્યાય મળે, કયાંક કટોકટીનો સમય આવી જાય ત્યારે નજર અમારા તરફ રાખજો તે વખતે નજર એ તરફ ન જાય એ પણ આપની પાસે અમે અપેક્ષા રાખીએ છીએ કે જેથી અમને ન્યાય મળી રહે અને જે કાંઇ ઉચ્ચ પ્રણાલીઓ અત્યાર સુધી પ્રસ્થાપિત થઇ છે એ પ્રણાલીઓ પ્રમાણે આપ નિર્ણયો કરો એવી આપની પાસે અપેક્ષા રાખીએ છીએ અને બંધારણીય રીતે જે કાંઇ નીતિ નિયમો અગાઉ ઘડેલા છે તે પ્રમાણે જ ગૃહનું સંચાલન થાય એટલી વાત કરીને હું મારી વાત પૂરી કરી ફરી આપને અભિનંદન આપી વિરમું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીની વરણી કરવા માટે જે પ્રસ્તાવ રજૂ કર્યો આપના નામનો અને અમારા પક્ષના નેતાશ્રીએ એને સમર્થન આપ્યું

અને સર્વાનુમતે અધ્યક્ષ તરીકે આપની વરણી કરવામાં આવી એ બદલ આપને ખૂબ ખૂબ હૃદયપૂર્વક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષનું પદ અને ખુરશી એ તલવારની ધાર ઉપર ચાલવા જેવી હોય છે અને ત્યારે આ ગુજરાતની વિધાનસભાની પરંપરા રહી છે, ગુજરાત રાજય અને દેશના સંસદીય ઇતિહાસમાં ગુજરાત વિધાનસભાની પરંપરા એમના દાખલાઓ આપી શકાય, સંસદીય પ્રણાલિકાઓની નોંધ લવાય છે. પ્રથમ અધ્યક્ષશ્રીથી લઇને અત્યાર સુધીના જે અધ્યક્ષ આવ્યા છે અને આજે આપની જ્યારે વરણી કરવામાં આવી છે ત્યારે સત્તા પક્ષ અને વિરોધ પક્ષ અંતે તો સરકાર કોના માટે? ચૂંટાયેલા જે જનપ્રતિનિધિઓ અહીંયા આવ્યા છે અંતે તો પ્રજાની વેદના અને પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે આ વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો ઉજાગર જાય અને સરકાર પક્ષે વિધાનસભા–ધારાસભા એટલે કાયદાઓ ઘડવા માટેનું આ ગૃહ અને એ ગૃહમાં જે કાયદાઓ ઘડાય છે એ કાયદાઓ મુજબ ગુજરાતની પ્રજાને રક્ષણ આપવાનું કામ કરવાનું થાય છે ત્યારે અહીંયા જે કહેવાયું છે એ વાતને હું બીજી વાર દોહરાવીશ નહીં પણ જે પરંપરાઓ રહી છે, અહીંયા સૌનો સાથ અને સૌના વિકાસની વાત કરવામાં આવી છે ત્યારે એટલું જ મારે આપને સત્તા પક્ષને કહેવાનું છે કે આ સૂત્ર કહેવામાં તો બહુ સારું છે પણ કરણિ અને કથનીમાં બહુ ફરક છે એ પણ સત્તા પક્ષે વિચારવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ તરીકે અમારી જવાબદારી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની છે અને ત્યારે સત્તા પક્ષ બહુમતીને જોરે કદાચ એ વાતને સાંભળે નહીં અથવા પ્રજાહિતના નિર્ણયો ન કરે, પ્રજા વિરુધ્ધના નિર્ણયો કરવા માટે સરકાર આગળ વધે ત્યારે સરકારનું ધ્યાન દોરવું એ અમારી નૈતિક જવાબદારી છે નૈતિક ફરજ છે અને એ નૈતિક જવાબદારી અને ફરજના ભાગ તરીકે વિપક્ષ તરીકે આવનારા દિવસોમાં ગુજરાતની પ્રજાનો અવાજ અમે મુક્તમને વિધાનસભામાં રજૂ કરતા રહીશું. અને એ પ્રશ્નો રજૂ કરીએ છીએ ત્યારે સત્તાપક્ષ તરફથી અમને સંપૂર્ણપણે રક્ષણ મળી રહે એ માટેની જવાબદારી પણ આપની છે અને •(×××) છેલ્લાં વરસોમાં આ પરંપરાઓ ચાલુ થઇ છે આ ગૃહમાં. એના દાખલાઓ આપવા હોય તો ઘણા આપી શકાય પણ એ દાખલાઓ આપવામાં હું અત્યારે નહિ ઉતરું, પણ એ સિલસીલો ચાલુ થયેલ છે, વિરોધપક્ષના અવાજને, પ્રજાના અવાજને બળજબરીથી દબાવી દેવામાં આવે અને એવી સ્થિતિ નિર્માણ ન થાય તે પણ જરૂરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ મને અભિનંદન આપો છો?

શ્રી પુંજાભાઇ વંશ : મારો અધિકાર છે માનનીય અધ્યક્ષશ્રી, જે જોયું છે, જે અનુભવ્યું છે આ ગૃહમાં, નીતિનભાઇ જે અમે અનુભવ્યું છે એ હું આ ગૃહમાં આપના ધ્યાન પર વિનાસંકોચે રજૂ કરીશ. *(×××) એ બાબતમાં અમને બહુ અનુભવ થયા છે અને ત્યારે આવનારા પાંચ વરસ સુધી *(×××) (અંતરાય) મને સાંભળો તો ખરા નીતિનભાઇ, શરૂઆત શા માટે આ રીતે કરો છો. માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત છે એ હું કહુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઇ સિનિયર ધારાસભ્ય છે, પરેશભાઇ પ્લીઝ, કોઇ નવા ધારાસભ્ય બોલ્યા હોય તો આપણે સ્વીકારી લઇએ અને ભૂલી જઇએ. પુંજાભાઇ સિનિયર છે તેઓએ એમ કહ્યું કે *(×××) એ કોઇપણ રીતે યોગ્ય નથી અને આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ થવા જોઇએ. અધ્યક્ષશ્રીની ગરિમા છે. એકબાજુ વખાણ કરો છો અને બીજીબાજુ આ રીતે?

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) અને એવી અમે અપેક્ષા રાખીએ છીએ આપની પાસે. (અંતરાય) સરકારની શરૂઆત થઇ ચૌદમી ગુજરાત વિધાનસભા. પ્રૉટેમ સ્પીકરની નિમણૂંક કરવામાં આવી. વિધાનસભાના સભ્યોની શપથવિધિ કરવામાં આવી. *(×××) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા ન દેવો હોય તો હું બેસી જાઉં મને વાંધો નથી. હું જે હકીકત છે એ રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ આજે તમે મને શુભેચ્છા આપો ખાલી.

શ્રી પુંજાભાઇ વંશ : હું શુભેચ્છા આપવાની સાથે અમારા અધિકાર અને અમારી અપેક્ષા તમારી પાસે છે એ રજૂ કરવા માગું છું. *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આ વિષય નથી અત્યારે.

શ્રી પુંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી રેકર્ડ ઉપર હું આ વાત રજૂ કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ અત્યારે આ વિષય નથી.

શ્રી પુંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી વાત તો કરવી પડેને.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ આપ ખુબ સિનિયર સભ્ય છો. આપના વિપક્ષના નેતા ઉભાં છે.

શ્રી પુંજાભાઇ વંશ : મારે વાત નહિ કરવાની? સાચી હકીકત રજૂ નહિ કરવાની?

અધ્યક્ષશ્રી : આદરણીય પરેશભાઇ,

શ્રી પુંજાભાઇ વંશ : તમારી પાસેથી અપેક્ષા રાખીએ છીએ. તમે વાતો શું કરો છો?

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, વિપક્ષના નેતા ઉભા થાય છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
## અધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ અધ્યક્ષનું પદ, આપના નેતૃત્વમાં આની ગરિમા એ વધુ ઉજ્જવળ બને, ગરવું ગુજરાત બને, ગરવી વિધાનસભાની સંસદિય પ્રણાલિ બને, એના માટે ભૂતકાળમાં વિધાનસભાના સભ્ય તરીકે જે અહેસાસ, એને આરોપ ન કહી શકાય, પણ એક સભ્યની વાત આપની સામે આવશે, તો આવતા દિવસોમાં આપની સામે ક્યારેય નથી બોલવાના, કારણકે આ પદની અમે સર્વાનુમને સ્વીકૃતિ આપી છે, અમે આપને શુભેચ્છા પાઠવીએ છીએ અને આપના મારફત સુચારુ સંચાલન ચાલે એવી અમારી તમારી પાસે અપેક્ષા છે. ભૂતકાળમાં ક્યાંય કોઇપણ સભ્યથી એવું લાગ્યું હોય તો આવી પ્રણાલિઓમાંથી ઉપર ઉઠી આપણે આ સંસદીય પ્રણાલિને વધુ સમૃદ્ધ બનાવીએ એના માટે હું માનનીય નીતિનભાઇ અને માનનીય ગૃહના નેતાને પણ વિનંતી કરું કે આને ટીકાના રૂપમાં ન ગણીએ. એક નવું પદ ચિતરાય એના માટે આપણે સૂચનના રૂપમાં લઇએ એવી મારી નીતિનભાઇને વિનંતી છે, પછી આપણે આગળ બોલવું છે, સાહેબને શુભેચ્છા પાઠવવાના કાર્યક્રમની અંદર પણ તમે વચ્ચે આ ન કરો, મારી વિનંતી એ છે અને પુંજાભાઇને પણ હું વિનંતી કરું કે આપ શુભેચ્છા પાઠવો.

અધ્યક્ષશ્રી : આદરણીય વિપક્ષના નેતાશ્રી, આપણે બાર વાગ્યે રાજ્યપાલશ્રીનું સંબોધન કરવાનું છે, આ પ્રવચન જલ્દી પૂરું કરવાની જરૂર છે.

શ્રી પુંજાભાઇ વંશ : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટમાં મારું પ્રવચન પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : બે મિનિટ નહિ, એક મિનિટમાં પૂરું કરો. માનનીય પરેશભાઇ એ શબ્દો કાઢી નાંખ્યા છે આપણે.

શ્રી પુંજાભાઇ વંશ : બે મિનિટમાં મારી વાત હું પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના મંત્રીશ્રી, નીતિનભાઇએ શરૂઆત કરી એટલે મારે કહેવું પડ્યું છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) અને એટલા માટે..

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ ફરીને ફરી, આપ સિનિયર મોસ્ટ સભ્ય છો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ કે વિપક્ષના અવાજને…

અધ્યક્ષશ્રી : વિપક્ષના નેતાશ્રીએ કહ્યું એમાં બધુ જ આવી ગયુ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનો કોઇપણ સભ્ય પ્રજાના પ્રશ્નોને વિના સંકોચ રજૂ કરી શકે.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્નો આવશે ત્યારે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમે તમારી પાસે અપેક્ષા રાખીએ કે સરકાર જે વાત અહીંયા રજૂ કરે છે એ જ પ્રકારે આવનારા દિવસોમાં તેનું અમલીકરણ કરે એવી અમે અપેક્ષા રાખીએ છીએ અને આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપના નિર્ણયો, આ પાંચ વર્ષના નિર્ણયો સંસદીય ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવી આપની પાસે અપેક્ષા રાખું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી ગુજરાત વિધાનસભાના અઢારમા અધ્યક્ષ તરીકે માનનીય ગૃહના નેતા છઠ્ઠી વખત જેમના નેતૃત્વની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર વિજેતા બનીને આવી છે તેમણે પ્રસ્તાવ રજૂ કર્યો અને વિપક્ષના નેતા મારા સાથી મિત્ર ભાઇશ્રી પરેશભાઇએ જેમને સમર્થન આપ્યું છે અને આપને આ ગૌરવવંતી ચેર, અધ્યક્ષપદની ખુરશી તેમાં આપને બિરાજમાન કર્યા છે ત્યારે હું આ સભાગૃહના તમામ સભ્યોનો આભાર પણ માનુ છું અને અભિનંદન પણ આપું છું કે ઉજળી પરંપરાના સાક્ષી આપણે સૌ સભ્યશ્રીઓ બન્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપની દીર્ઘ દ્રષ્ટિ, આપનો અનુભવ અને આપે ભૂતકાળમાં જાહેર જીવનમાં કરેલા કામો આ બધીજ બાબતોને લઇને અમને સંપૂર્ણ ભરોસો છે. વિરોધપક્ષ હોય કે શાસક પક્ષ હોય આ રાજયની જનતાની સુખાકારી, એમના નિર્ણયો છેવાડાના માણસ અનેક અપેક્ષાઓ લઇને બેઠાં હોય છે ત્યારે આ વિધાનસભામાં પાંચ ટર્મથી ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે ત્યારે સર્વાંગી સમાજની સુખાકારી એ જનજનની કલ્યાણકારી નીતિઓ એ રાજયની જનતા સુધી પહોંચી છે ત્યારે આ ચૌદમી વિધાનસભા અને છઠ્ઠી વખતનું ભારતીય જનતા પાર્ટીનું શાસન મને સંપૂર્ણ શ્રદ્ધા છે. વિપક્ષના નેતાએ પણ સંપૂર્ણ ભરોસો જયારે ગૃહના નેતાને આપ્યો છે ત્યારે કે સૌ સાથે મળીને આ રાજયની જનતાએ જે સપના જોયા છે, આ સપનાઓ પૂર્ણ કરવા માટે પક્ષાપક્ષીથી ઉપર જઇને એ તમામ અપેક્ષાઓ સંપૂર્ણપણે પૂરી કરીશું એની પણ મને સંપૂર્ણ શ્રદ્ધા અને ભરોસો છે. આપ આ સુપેરે ચેરમાં બેઠાં છો ત્યારે એ અધ્યક્ષપદ સુપેરે સારી રીતે આપ નિભાવવાના છો એની પણ શ્રદ્ધા છે. આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું આપ અધ્યક્ષ તરીકે એક અલગ પરંપરાઓ એ પણ ઉભી કરશો અને પૂર્વ પરંપરાઓ જાળવી પણ રાખશો તેની પણ મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આપને ખૂબ ખૂબ અભિનંદન ભારીતય જનતા પાર્ટી વતી આપું છું.

સુશ્રીઆશા પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જયારે પ્રસ્તાવ મૂકયો અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તેને ટેકો આપ્યો અને ૧૮૨ ધારાસભ્યોએ આપને સર્વાનુમત્તે ચૂંટીને અહીંયા બેસાડયા છે ત્યારે એક પ્રતિનિધિ તરીકે આપને હું વાત કરું છું કે આપણી આ જે

# તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અધ્યક્ષશ્રીની ચૂંટણી

સંસદીય પ્રણાલિકાની કાર્યરીતિ છે તે આપના થકી ગૌરવવંતી બને અને તમામ વસ્તુમાં તો હું છું ગુજરાત અને હું છું વિકાસ નહીં પરંતુ આપણું ગુજરાત અને આપણો વિકાસ બની રહે તે જ અભ્યર્થના સાથે આપ સૌને અભિનંદન પાઠવું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વિપક્ષના નેતા દ્વારા આપની માનનીય અધ્યક્ષશ્રી તરીકે સર્વાનુમતે જયારે નિમણૂક કરવામાં આવી છે ત્યારે હું વ્યકિતગત રીતે અને સભાગૃહ વતી આપને હૃદયપૂર્વકના હાર્દિક અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બે વાત એ કરવી છે કે, આપની સાથે લાંબા સમયથી મારો વ્યકિતગત નાતો રહ્યો છે. બરોડા મ્યુનિસિપલ કોર્પોરેશન હોય, બાર કાઉન્સિલ હોય અને સમગ્ર ગુજરાતના નામાંકિત વિદ્વાન વકીલ તરીકે રાજ્યના કાયદા મંત્રી તરીકે અનેક કેસોની અંદર આપણો પરામર્શ થયો છે અને એ પરામર્શમાં આપના માર્ગદર્શનથી આપે અમને જે તે વખતની સલાહના આધાર ઉપર ઘણા હકારાત્મક પરિણામો પણ મળ્યા છે. વડોદરા હોય કે કોર્ટનું કેમ્પસ હોય હરહંમેશ આપ શિસ્તના આગ્રહી રહ્યા છો અને એમાં આપે ક્યારેય બાંધછોડ કરી નથી અને આપ જ્યારે ગુજરાત વિધાનસભાના સર્વોચ્ચ સ્થાન, લોકશાહીનું મંદિર જ્યાં પ્રજાની વ્યથા, વેદનાને વ્યવસ્થામાં પરિવર્તન કરવા માટે સરકાર અનેક યોજનાઓ લઇને આવતી હોય એ એક સ્થાન એવું છે કે, જ્યાં વિકાસનું મંથન થાય, મંથનના આધાર ઉપર ચિંતન થાય અને ચિંતનના આધાર ઉપર સમાજની વ્યવસ્થા થાય. એ સમાજની વ્યવસ્થાને પ્રજાનું સમર્થન મળે એ સત્તા સ્થાને બેસછ આ આખી વ્યવસ્થાનું સંચાલન આપના દ્વારા થાય છે. તેવા સંજોગોમાં ભૂતકાળમાં અનેક અધ્યક્ષના નિર્ણયો જે આપણને આજે પણ માર્ગદર્શન આપે છે પરંતુ આપનો એક નામાંકિત એડવૉકેટ તરીકેનો બહોળો અનુભવ, પ્રજાજીવન સાથેની ૩૫-૪૦ વર્ષની આપની રાજકીય કારકિર્દી અને આ સભાગૃહની અંદર એનો નિચોડ નીકળશે. આગામી દિવસોમાં નવા ભારતની સંકલ્પના સાથે આપણી ગુજરાત સરકાર, આપણું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરનું રાજ્ય બને અને એ રાજ્ય આગળ ગતિ કરે એની અંદર આપના દ્વારા અમને સૌને માર્ગદર્શન મળતું રહેશે અને એના માધ્યમથી લોકશાહીનું આ મંદિર જ્યાં સંસદીય પ્રણાલિકા, નિયમો અને પરંપરાઓનું જતન થાય છે એમાં આપના માધ્યમથી પ્રજાને લોકશાહીમાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે એવા આ લોકશાહીના મંદિરના માધ્યમથી આપ સર્વોચ્ચ સ્થાને બેઠા છો ત્યારે આપને ખૂબ-ખૂબ અભિનંદન. આપ અમને માર્ગદર્શન કરો એવી આપ પાસેથી અપેક્ષા.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ સુખડીઆ આપ છેલ્લા જ છો. તો ટૂંકમાં કહેવા આપને વિનંતી કરું.

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ> (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતા પરેશભાઇના સંયુક્ત પ્રસ્તાવથી આપની અધ્યક્ષપદે જે વરણી થઇ છે એ ગુજરાત વિધાનસભાના ઇતિહાસની એક ગૌરવપૂર્ણ ઘટના છે. ગુજરાત અને દેશ આજે પરિવર્તન ઝંખી રહ્યું છે ત્યારે પૂર્વની આપની જે કામગીરી રહી છે એ ખૂબ જ તેજસ્વી રહી છે. સમગ્ર ગૃહનું સંચાલન આપના ઘડેલા નિયમોના આધાર પર આપે ચલાવવાનું છે અને આપની અંદર રહેલ જે શકિતઓ છે કે કોઇપણ બાબતને પ્રમાણિત કરીને ત્વરિત નિર્ણય આપવાની આપની જે ક્ષમતા છે અને સમગ્ર ગૃહે આપની પર જે વિશ્વાસ ધરાવ્યો છે એને આપ સુચારુ રૂપે સાર્થક કરશો અને આપની વરણી આ વિધાનસભાની એક ગૌરવપૂર્ણ ઘટના છે. વકીલ હોવું દલીલ કરીને કેસ લડવામાં આપનું જે આંતરિક ટેલેન્ટ છે એનો મને અનુભવ છે. મારા પરમ મિત્ર છે એટલે કહું છું કે, તમે સારામાં સારું સંચાલન કરી શકશો એવો સમગ્ર ગૃહને વિશ્વાસ છે એટલે સમગ્ર રીતે આપની દરખાસ્ત મૂકવામાં આવી છે. સૌને સાથે રાખીને સૌનો વિકાસની દિશામાં વાત કરીએ છીએ હું જ છું ગુજરાત એ તમામ ગુજરાતીઓ માટે કહેવાનું સૂત્ર છે તમામ ગુજરાતીઓએ ગૌરવપૂર્વક કહેવું જોઇએ કે હું જ છું ગુજરાત.

અધ્યક્ષશ્રી : ઘણા બધા મિત્રો શુભેચ્છા આપવા માગે છે. આપના વિપક્ષના નેતા તરફથી પણ ખૂબ કહેવાયું. બીજા બધા મિત્રોએ પણ ખૂબ વાતો કરી. ૧૨ વાગે રાજ્યપાલશ્રીનું પ્રવચન છે. હું આપના પ્રેમનો પ્રત્યુત્તર આપી દઉં.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને હું ફરીવાર નમન કરું છું. વિધાનસભાગૃહના માનનીય નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય મંત્રીશ્રીઓ તથા માનનીય સભ્યશ્રીઓ, ચૌદમી ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે આપ સૌએ મારી પસંદગી કરી છે તે બદલ ખરેખર હું હૃદયપૂર્વક આપ સૌનો આભાર માનું છું અને આ નવીનીકરણ થયેલા ગુજરાત વિધાનસભા ગૃહમાં આપને આવકારતાં ખૂબ આનંદ અનુભવું છું.

મારા વિશે આપે જે કોઇ વાતો કરી, જે વિશ્વાસ વ્યક્ત કર્યો, હું કાયદાનું જેમ કહેવાયું ચાલીસ વર્ષનો મને અનુભવ છે. અદાલતોમાં ન્યાય અપાવવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ચોક્કસ આપના માટે પણ એ પ્રયાસ હશે. ગુજરાત વિધાનસભાની રચના બાદ પ્રથમ અધ્યક્ષ કલ્યાણજી મહેતાથી લઇ અને મારી ટર્મ સુધીના અધ્યક્ષપદ સંભાળી ચૂકેલા માનનીય શ્રી વજુભાઇ વાળા સાહેબ, માનનીય શ્રી ગણપતભાઇ, મારા પૂરોગામી અધ્યક્ષ માનનીય શ્રી રમણભાઇ વોરા સુધી ગુજરાત વિધાનસભામાં જે આગવી સંસદીય પ્રણાલિકા ઉભી કરી છે, એ પ્રણાલિકાઓનું સંરક્ષણ થાય, સંવર્ધન થાય અને મારા માટે હંમેશા એ માર્ગદર્શક રહેશે. સંસદીય લોકશાહીમાં સભાગૃહની પણ સર્વોપરિતા એ તેનું હાર્દ છે એ આપણે બધા જાણીએ છીએ. કારોબારી એ સભાગૃહની અંગભૂત સંસ્થા છે અને રાજયનો વહીવટ ચલાવવા માટેની તમામ સત્તાઓ તે સભાગૃહ પાસેથી મેળવે છે અને એ સંજોગોમાં સભાગૃહે એ તકેદારી રાખવાની હોય છે કે કારોબારી તંત્ર તેને

## અધ્યક્ષશ્રીની ચૂંટણી

સોંપવામાં આવેલી સત્તાનો બરાબર ઉપયોગ કરે છે કે કેમ? આ સભાગૃહની ગરિમા અને ગૌરવ જાળવવાની જવાબદારી આપ સૌની અને મારી પણ છે. આદર્શ આચારસંહિતા સંસદીય કારકીર્દી માટે આધાર સ્તંભ છે. આ ચૌદમી ગુજરાત વિધાનસભામાં પ્રથમ વાર ચૂંટાઇને આવ્યા હોય તેવા અનેક યુવાન આદરણીય ધારાસભ્યશ્રીઓ છે. આ સભાગૃહમાં વરિષ્ઠ સભ્યશ્રીઓ મારી જમણી બાજુ તેમજ ડાબી બાજુએ અને સામેની બાજુએ બેઠા છે. તેઓના માર્ગદર્શનની અપેક્ષા હું કાયમ રાખતો રહીશ. સભાગૃહમાં શાસક પક્ષ અને વિરોધપક્ષ બન્ને રજૂઆતમાં ક્યારેક ઉગ્રતા આવતી હોય છે પરંતુ એ ઉગ્રતામાં મર્યાદા ખૂબ જરૂરી છે. ધીરજ, સહિષ્ણુતા અને મર્યાદા એ સંસદીય લોકશાહીની મૂળભૂત બાબત છે. આપણે સૌ એને વળગીને રહીશું. આ સભાગૃહના આદરણીય સભ્યશ્રીઓ તરીકે આપ વિધાનસભામાં જે બાબત ઉપસ્થિત કરો છો, જે વર્તન અને વક્તવ્ય કરો છો તે આપના રાજકીય અને સામાજિક સંસ્કારનો અરીસો છે. વિધાનસભામાં માત્ર કોરા આક્ષેપો કે પ્રશ્નો નહીં પરંતુ તે પ્રશ્નોના નિરાકરણ માટે ચિંતનયુક્ત સૂઝાવ એ વ્યક્તવ્યમાં ખૂબ જરૂરી છે. એવી આશા હું આપ સૌની પાસે રાખું છું. ગુજરાતની જનતા ખૂબ જ જાગૃત છે. આપણા રાજકીય જીવનની ઝાંખી વિધાનસભાના ફ્લોર ઉપરથી દરેક નાગરિકને થાય એવી અભ્યર્થના.

જયારે જયારે શબ્દ શક્તિ ક્ષીણ થાય છે ત્યારે જ અયોગ્ય વર્તન ઉભરી આવે છે. શબ્દોની ધારદાર રજૂઆતની અસર તલવારની ધાર હમણાં કહેવાયું એના કરતાં પણ તીવ્ર હોય છે. આપણી રજૂઆતમાં તાકાત કેળવવાનો પ્રયાસ કરીએ. આપ સૌ માનનીય સભ્યશ્રીઓ વિદ્વાન છો, સંસ્કારી સભ્યશ્રીઓ છો, ગુજરાતના અને ગુજરાતની પ્રજાના કલ્યાણ, વિકાસ અને ઉન્નતિ માટેના પ્રયત્નોમાં આપણે સૌ સાથે રહીને આ ગૃહને જીવંત બનાવીએ. કોઇક કવિએ કહ્યું છે, અને એ આજે જ વાંચવામાં આવ્યું એટલે મેં હાથથી લખી લીધું છે. ધ્રુજે દિશાઓ એવો લલકાર જોઇએ, ધ્રુજે દિશાઓ એવો લલકાર જોઇએ, પ્રત્યેક શબ્દમાં રણટંકાર જોઇએ. આ વિધાનગૃહ એ માટે છે. શબ્દોની તાકાતથી આપણે એક બીજાને એક બીજાની વાતને મૂકવાની છે. આ વિધાનગૃહ મહાપુરુષો તથા નવરત્નોનું સાક્ષી રહ્યું છે. અનેક સપૂતોએ આ સભાગૃહને શોભાવીને દેશ અને દુનિયામાં ગુજરાત રાજયનું નામ રોશન કર્યું છે. આવા રત્નોમાં સૌ પ્રથમ આપણા સૌના લાડીલા, લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજી તારીખ ૭ ઓક્ટોબર, ૨૦૦૧થી ૨૨મી મે,૨૦૧૪ સુધી એટલે કે ૪૬૦૪ દિવસ સુધી આ સભાગૃહને અજવાળીને આજે દેશના વડાપ્રધાનપદે બિરાજે છે. આપણી વિધાનસભામાં ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે.

માનનીય શ્રી અમિતભાઈ શાહ કે જેઓ ૯ મી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચૂંટાઇને સૌ પ્રથમ આ સભાગૃહમાં આવ્યા અને લાગલગાટ ૨૨ વરસ સુધી આ સભાગૃહના સન્માનનીય સભ્ય તરીકે રહી અને વિશ્વની સૌથી મોટી લોકશાહી અને સૌથી મોટા પક્ષ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનીને સમર્થ નેતૃત્વ આપીને ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે.

આ સભાગૃહના સભ્ય અને ગુજરાતના પૂર્વ માનનીય મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઇ સોલંકી જેઓ પણ દેશના વિદેશ મંત્રી તરીકે રહી ચૂકયા છે અને આ પદ શોભાવ્યું છે. ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી એચ.એમ. પટેલે પણ દેશના નાણામંત્રીનું પદ શોભાવેલ છે. આ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી અને વડીલ માનનીય અશોકભાઇ ભટ્ટ સાહેબને આજે યાદ કરું છું, રાજયના પૂર્વ નાણા મંત્રી અને અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા, રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અનુક્રમે કર્ણાટકના અને મધ્ય પ્રદેશના ગર્વનરના બંધારણીય પદે બિરાજમાન છે. મને આનંદ અને ગૌરવ છે કે આ બધા સપૂતો આપણી ધરતીના છોરું અને ગરવી ગુજરાતના રત્નો છે.

અધ્યક્ષની ચૂંટણી થયા પછી અધ્યક્ષશ્રી પક્ષીય રાજકારણથી અલગ થઇ સભાગૃહના દરેક સભ્યોના રક્ષક તરીકે જાહેર હિતમાં કામ કરી અને નિષ્પક્ષ અને તટસ્થ રીતે પોતાની ફરજો અદા કરે છે અને કરવી જોઇએ. કાયદાથી આપણે સૌ બંધાયેલ

## તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## રાજ્યપાલશ્રીનું સંબોધન

છીએ, મને વકીલ તરીકેનો કાયદાનો અનુભવ છે અને કાયદાનો માણસ છું. હું તથા આપ સૌ વિધાનસભાના નિયમોથી બંધાયેલા છીએ. સભાગૃહના સફળ સંચાલન કરવા માટે આપણી સૌની સામૂહિક જવાબદારી છે. આ સભાગૃહના સંચાલનમાં આપ સૌના સહકારની મને જરૂર છે, અપેક્ષા છે અને માર્ગદર્શનની ચોક્કસ આવશ્યકતા છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં સમાજના ઉત્કર્ષમાં સરકાર, કારોબારી અને ન્યાય તંત્રની જેટલી ભૂમિકા છે એટલી જ ભૂમિકા પ્રસાર અને પ્રચાર માધ્યમોની પણ છે. એટલા માટે પત્રકારિત્વને ચોથી જાગીર કહેવાય છે.આ સભાગૃહમાં અધ્યક્ષ તરીકે ચૂંટાતા એક બાબત કહીશ અને વિનંતી કરીશ કે પ્રચાર માધ્યમોમાં લોકશાહીના આ મંદિરમાં થતા સારા કામોની મોટી હેડલાઇન બનાવજો અને કોઇ અનિચ્છનીય બનાવ ગૃહમાં બની જાય તો તેની નાની હેડલાઇન કરજો. આવી મારી આપ સૌને વિનંતી છે કે સકારાત્મક કાર્યવાહીની મોટા અક્ષરે નોંધ લેવાય એવી ગૃહ વતી વિનંતી છે.

અંતમાં બે-ત્રણ વાતો જે મિત્રો તરફથી આવી છે, તેમાં વિપક્ષના નેતાશ્રી ધાનાણીજીએ ખૂબ સરસ વાત કરી કે આપને સર્વાનુમતે ચૂંટ્યા છે. શુભકામના આપી અને સંસદીય લોકશાહીની પણ વાત કરી. ચોક્કસ પણે આપણે બધા ફરી વાર કહું છું કે કાયદાથી અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમથી બંધાયેલા છીએ, તેમાંથી કોઇ પર નથી. મંત્રીશ્રી હોય કે સભ્યશ્રી હોય કે પછી હું પોતે પણ હોઉં. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, એમ જયારે કહેવાયું કે તમે અમારા વાલી બનીને રહેજો એવી વાત કરી, એમાં એટલા માટે કહું છું કે જે પાર્ટીમાં ૪૦-૪૫ વર્ષ કામ કર્યું હોય તેમાંથી રાજીનામાનો પત્ર સુપરત કર્યો હોય ત્યારે એક આંખમાં આંસુ આવે છે, અમારું હૃદય દ્રવી જતું હોય છે. એટલા માટે કદાચ આજે અધ્યક્ષ પદ સ્વીકારવાની વાત આવે ત્યારે શરૂઆતમાં થોડી અડચણમાં પડી જતા હોઇએ છીએ..

સુચારુ રૂપે સંચાલન ચાલે તે માટે વિરોધપક્ષે જે વાત કરી છે આ ગૃહ ચલાવવા માટે કાયદા પ્રમાણે ચલાવવું પડશે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી કે તમે તો વકીલ છો, તો મારી વકીલાત બંધ થઇ ગઇ છે. સભ્યશ્રી વિરજીભાઇએ કહ્યું કે બહુમતિના જોરે, પહેલી વાર આ શબ્દનો ઉપયોગ કર્યો છે. પાંચ વર્ષની અંદર વિશ્વાસ કેળવજો મને પાંચ વર્ષની મર્યાદામાં શું કામ બાંધી લો છો. અઘરો પડીશ કદાચ નિયમથી ચાલીશ. જોષીયારાજીએ કહ્યું કે કોઇકવાર કટોકટી ઉભી થાય ત્યારે, મારી તો આપ સૌને વિનંતી છે કે કટોકટી ઉભી ન કરતા. સત્યમેવ જયતેની વાત કરી,એ મારું સૌભાગ્ય છે અને માટે જ મેં જયારે આ સ્થાન લીધું ત્યારે પણ પ્રથમ ગાંધીજીને નમન કર્યા. આ ચેરને નમન કર્યા. આદરણીય પુંજાભાઇએ તલવારની ધારની વાત કરી આમાં આવી જાય છે. સૌનો સાથ અને સૌનો વિકાસ.આપ જેમ પાસે પાસે આવી ગયો છો એવી વાત કરી એમાં બધા ભેગા થઇ જઇએ એવી શ્રધ્ધા રાખી, ભારત માતકી જય, જય જય ગરવી ગુજરાત.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૧-૫૭ વાગ્યે પૂરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે, રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયાના ૧૫ મિનિટ બાદ ફરી મળવા મુલતવી રહ્યું.

બીજી બેઠક

સભાગૃહ બપોરના ૧-૩૫ વાગ્યે ફરી મળ્યું.

અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે માનનીય રાજયપાલશ્રીએ બંધારણની કલમ ૧૭૬ (૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. માનનીય રાજયપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની હું રજા લઉં છું.

રાજયપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

રાજયપાલશ્રીનું સંબોધન

माननीय अध्यक्ष महोदय तथा विधानसभा के माननीय सदस्यों,

लोकतंत्र के प्रतिक समान इस विधानसभा सदन में आप सबका १४ वीं विधानसभा के जनप्रतिनिधि के रूप में स्वागत करता हूँ और इस सम्मानित सभागार के सदस्य के रूप में निर्वाचित होने पर बधाई देता हूं।

इस सत्र के शुभारंभ में सर्वप्रथम विश्ववंदनीय राष्ट्रपिता महात्मा गांधी, अखण्ड भारत के शिल्पी सरदार पटेल, मूक जनसेवक पूज्य रविशंकर महाराज एवं राज्य के लाडले सपूत इन्दुलाल याज्ञिक जैसे मनीषी महानुभावों का स्मरण कर उनको श्रद्धापूर्वक वंदन करता हूँ।

## ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
## રાજ્યપાલશ્રીનું સંબોધન

लोकतंत्र के पर्व समान विधानसभा के चुनाव शांतिमय माहौल में संपन्न हुए। कुल मिलाकर, दो करोड़ अठ्ठानबे लाख मतदाताओं ने अपने मताधिकार का उपयोग करते हुए लोकतंत्र के मूल्य में वृद्धि की है। गुजरात की इस खमीरवान प्रजा ने एतिहासिक मतदान कर लोकतंत्र के मूल्यों एवं सिद्धीओं का जागृत रूप से जतन किया है। सबका साथ और सब का विकास मंत्र को आत्मसात करते हुए मेरी सरकार की लोकनिष्ठा, कार्यदक्ष और संवेदनशील कार्यरीति का समर्थन करते हुए, गुजरात के अधिक विकास के लिए और पांच वर्ष की जिम्मेदारी सौंपकर मेरी सरकार में गुजरात की जनता ने एक बार पुन: विश्वास व्यक्त किया है। गुजरात प्रगति के और उंचे कीर्तिमान स्थापित करे इसके लिए मेरी सरकार के अभिगम और कार्यों की इस जनादेश द्वारा पुष्टि की गई है।

जिस तरह १९४२ में 'करो या मरो' के संकल्प से १९४७ में स्वतंत्रता की सिद्धी प्राप्त हुई थी, उसी प्रकार सवा सौ करोड़ देशवासीयों द्वारा 'करेंगे और करके रहेंगे' का संकल्प लेकर २०२२ तक नए भारत निर्माण के लक्ष्य के साथ कार्यशील रहने के माननीय श्री नरेन्द्र मोदी जी के आह्वान को मेरी सरकार ने त्वरित और असरदार प्रतिभाव दिया है। सुआयोजित और सर्वांगी विकास, शांति और सलामती और समृद्धि हेतू अविरत पुरुषार्थ करते हुए भारत के विकास में गुजरात अपना योगदान दे रहा है। जनकल्याण के कार्यों में नूतन अभिगम, दूरदर्शिता, सर्वजन समभाव, समस्याओं को हल करने के प्रति कटिबद्धता और परिश्रम हेतू प्रबल इच्छा शक्ति का प्रदर्शन गुजरात ने किया है। सुखाकारी के अवसर पैदा करने में गुजरात ने देश को नई दिशा दिखलाई है। सुशासन के जरिए सुराज्य के दृष्टिकोण को चरितार्थ कर गुजरात ने देश को महान राष्ट्र के निर्माण और प्रगति के पथ पर राह दिखाने का श्रेय प्राप्त किया है।

पारदर्शिता, निर्णायकता, संवेदनशीलता और प्रगतिशीलता को आधार स्तंभ बनाकर माननीय मुख्यमंत्री श्री विजयभाई रूपाणी तथा उप-मुख्यमंत्री श्री नीतिनभाई पटेल के नेतृत्व में गुजरात राज्य संपूर्णतया प्रगति पथ पर आगे निकलता जा रहा है। राज्य सरकार की कल्याणकारी योजनाओं का लाभ प्रजा को सटीक, शीघ्र और न्यायिक रूप से मिल जाए, यही मेरी सरकार की कार्यरीति का हार्द है।

गुजरात राज्य के लिए सर्वाधिक महत्वपूर्ण और सबसे ज्यादा उपयोगी सरदार सरोवर नर्मदा योजना को परिपूर्ण करने के लिए करोड़ो गुजराती बरसों से प्रतीक्षा कर रहे थे, परंतु अलग-अलग कारणों से यह योजना विलंबित होती रही थी। हम सब को इस बात की खुशी है कि माननीय प्रधान मंत्री श्री नरेन्द्रभाई मोदी ने केन्द्र में सरकार बनाने के साथ ही सरदार सरोवर बाँध पर दरवाजे लगाने हेतु गुजरात को अनुमति प्राप्त हुई और दरवाजे लगाने के पश्चात भारत सरकार की ओर से नर्मदा योजना के सारे ही सहभागी राज्यों -मध्य प्रदेश, महाराष्ट्र, राजस्थानके साथ सारी प्रक्रियाएं शीघ्रता से संपन्न कर सरदार सरोवर पर दरवाजे बंद करने की अनुमती भी हमें प्राप्त हुई और सरदार वल्लभभाई पटेल का नर्मदा योजना पूर्ण करने का सपना माननीय प्रधानमंत्री श्री नरेन्द्रभाई मोदी के वरद हस्तों से दिनांक १७ वीं जुन २०१७ को दरवाजों को बंद करते हुए पूर्ण हुआ। दसकों पुरानी गुजरात की जनता की भावना परिपूर्ण हुई। माननीय प्रधान मंत्री श्री नरेन्द्रभाई मोदी जी और उनकी सरकार एवं मध्यप्रदेश, महाराष्ट्र व राजस्थान के मुख्यमंत्रीओं ने इस कार्य में जो सहयोग दिया है, उसके उपलक्ष में गुजरात के नागरिकों की ओर से मैं उन के प्रति आभार प्रकट करता हूँ।

मेरी सरकार ने ३६५ दिनों में पौने पांच सौ जितने जनहित के निर्णय लेकर उन्हें असरदार तरीके से लागु कर निष्ठा, निर्णायकता और संवेदनशीलता का परिचय दिया है।

मेरी सरकार ने वादों से नहीं, परंतु ठोस इरादों के साथ पारदर्शिता, और प्रगतिशील शासन का दायित्व निर्वाह किया है। प्रो-पीपल, प्रो-एक्टिव गवर्नन्स से लोगों के प्रश्नों का शीघ्रता से निवारण करने का संवेदनशील प्रयत्न किया है।

प्राकृतिक विपदाओं के समय सामान्य मानवी के साथ खडे रहन की मेरी सरकार की तत्परता बनासकांठा और पाटन जिलों में बाढ़ के समय समग्र राष्ट्र ने देखी है। राज्य के बनासकांठा और पाटन जिलों में और राजस्थान के सीमावर्ती जिलों में भारी बारिश के परिणाम स्वरूप ईन दो जिलों में बाढ़ का संकट मंडराया था। जनजीवन और पशुधन की स्थिति अति विकट हो चुकी थी, साथ ही बुनियादी सुविधाओं को भी भारी नुकसान हुआ था। आम जनता की मुश्किलों के प्रति संवेदनशील माननीय मुख्य मंत्री श्री विजयभाई रूपानी ने स्वयं बाढ़ पीडितों के साथ लगातार पाँच दिनों तक रहकर प्रभावित क्षेत्रों का प्रत्यक्ष दौरा करने के पश्चात जनता की तकलीफों के निवारण हेतु, और स्थिति को पूर्ववत करने के लिए सम्पूर्ण प्रशासनिक व्यवस्था को

मार्गदर्शन देकर शीघ्रता से स्थिति को सामान्य बनाकर लोगों के जानमाल के नुकसान की जानकारी जुटाते हुए धानेरा, थराद, पाटन, राधनपुर, सांतलपुर, वाव इलाकों के गांवो में स्वयं जाकर हजारों लोगों से भेंट कर शाम तक राहत कार्यों की समीक्षा बैठक आयोजित कर, असरग्रस्त जन समुदाय और व्यापारीयों के साथविविध जगह पर बेठके एवं माननीय मंत्रीश्रीओ तथा मुख्य सचिवो और अधिकरीओ के साथ परामर्श कर राहत और बचाव कार्य को अधिक घनिष्ठ बनाया था। माननीय मुख्यमंत्रीश्री और माननीय उप-मुख्यमंत्री श्री के द्वारा किसानो, पशुपालकों और जिनकी संपत्ति को नुकसान पहुँचा था, ऐसे लाखों गरीबों और व्यापारियों को सहाय स्वरूप गुजरात राज्य में अभी तक के सबसे उदार रू. १५०० करोड़ के सहाय पैकेज की घोषणा की गई।

गुजरात के इन दो जिलों के लाखों के जनसमुदाय को उनकी तकलीफ में सहाय रूप होने के लिए और भारत सरकार की ओर से सभी प्रकार की सहाय उपलब्ध करवाने के लिए माननीय प्रधान मंत्री श्री नरेन्द्रभाई मोदी ने भी तुरंत ही इन ईलाकों का दौरा कर, एयरफोर्स के हैलिकॉप्टर मुहैया करवाया। असरग्रस्तों को फूड पैकेट्स और पेय जलकी शीघ्र आपूर्ति करवाइ। पानी में फसे अंदाजित १९००० लोगों को नावों के जरिए और एयरलिफ्ट कर सुरक्षित स्थानों पर ले जाकर बडी जानहानि को टालने का वहुत ही उमदा कार्य किया गया है, जिसके लिए सरकार का विशेष धन्यवाद करता हूं।बाढ़ग्रस्त लोगों के लिए भारत सरकार की ओर से ५०० करोड़ रूपयों की सहायता की घोषणा की थी। इसके लिए गुजरात की जनता की ओर से मेरी सरकार माननीय प्रधान मंत्री श्री का आभार प्रकट करती है।

मेरी सरकार वंचितो और गरीबों के कल्याण के लिएअनुसूचितजाति एवं आदिवासी समाज को उनके अधिकार दिलाने के लिए, महिलाओं के सशक्तिकरण के लिए, युवाओं को रोजगार उपलब्ध कराने हेतु और किसानों को हर प्रकार से सहायभूत होने के लिए निश्चयपूर्वक और ठोस आयोजन के साथ आगे बढ़ रही है।

- अनुसूचित जनजाति और अन्य परंपरागत वनवासीओं को वन अधिकार अधिनियम – २००६ के अंतर्गत उनके कब्जे के तहत मान्य आवासीय जमीन और जमीन को जोतने के कुल १,२८,१२६ एकड़ जमीन के ८४,१२२ व्यक्तिगत दावे और ११,६०,८५७ एकड जमीन के ४५९९ सामुदायिक दावे और आधारभूत संरचना सुविधाओं के लिए ७४७ दरख्वास्तें मंजूर की गई है।

- पेसा अधिनियम के प्रावधानों को गहनता से लागू कर आदिजाति समाज को जंगल के जल-जमीन और गौण वन्य उत्पादों के एकत्रीकरण के अधिकार सौंपकर उनके आर्थिक सशक्तिकरण की दिशा में महत्वपूर्ण निर्णय किए गये हैं।

- श्रम और श्रमिकों की अहमियत को मेरी सरकार ने विशेष महत्व दिया है। बहुत ही सस्ते दामों पर पौष्टिक भोजन मुहैया करवाती 'श्रमिक अन्नपूर्णा योजना' उसी के तहत एक महत्वपूर्ण पायदान है। इस योजना के तहत प्राथमिक चरण में राज्य के ८ शहरों – अहमदाबाद, गांधीनगर, वडोदरा, सुरत, राजकोट, भावनगर, कलोल और वलसाड में प्रतिदिन २५,००० निर्माण श्रमिको और उनके परिवारजनों को १०/- रूपए में सात्विक भोजन उपलब्ध कराया जाता है।

- सामाजिक न्याय और अधिकारिता विभाग तथा आदिजाति विकास विभाग की व्यक्तिलक्षी कल्याणकारी योजनाओं का लाभ प्राप्त करने हेतू निश्चित आय सीमा में उल्लेखनीय वृद्धि की गई है। ग्रामिण क्षेत्रों में आय सीमा ४७,०००/- थी, जिसमें सुधार के पश्चात अब १.२० लाख की गई है, शहरी इलाकों के लिए आय सीमा ६८,००० थी, जिसमें बढ़ोत्तरी के पश्चात १.५० लाख रूपये की गई हैं।

- राज्य सरकार के द्वारा किसानों के हित में निर्णय लेकर कृषि विषयक बीजली ग्राहक ने अपने द्वारा जोड़ा गया वीजभार यदि कराराधीन वीजभार से अधिक हो तोस्वैच्छिक रूप से घोषित करने की योजना लागू की गई है, जिसके तहत जोडे गए वीजभार कराराधीन वीजभार से अधिक है या नहीं, इस बात की जाँच कराने की सुविधा भी उपलब्ध कराई जाती है।

- विशेष रूप से महिलाओं के लिए रोजगार निर्माण करने हेतू गार्मेन्ट एन्ड एपरल पॉलिसी २०१७ की महत्वपूर्ण घोषणा की गई है। इस पॉलिसी के तहत फैक्टरीयों में काम कर रही महिला कारीगरों को प्रति माह ४०००/- रूपए और पुरुष कारीगरों को प्रति माह ३२००/- रूपए की सीमा में राज्य सरकार द्वारा फैक्टरी मालिकों से प्राप्त वेतन के अतिरिक्त सहाय के रूप में भुगतान कीया जाएगा।

- शिक्षा जीवन-निर्माण की महत्वपूर्ण नींव है और विद्यार्थी देश का भविष्य है। विद्यार्थीओं को उच्च शिक्षा साहजिक रूप से और कम लागत पर मिलती रहे यही राज्य सरकार का लक्ष्य है। गरीब एवं मध्यम वर्गों के विद्यार्थीओं के लिए बेहतर और गुणवत्तायुक्त शिक्षा प्रदान करने के उमदा हेतु को पूरा करने के लिए राज्य सरकार ने किफायती शिक्षा शुल्क से शिक्षा प्रदान करने के लिए और शिक्षा के व्यापारीकरन को रोकने के लिए ऐतिहासिक कानून बनाकर कर कार्यान्वित किया है। विद्यार्थीओं को भारी फिस के बोझ से मुक्त कराने का दृढ संकल्प कर निश्चित रूप से प्रयास करने के लिए बधाई देता हूँ।

- विश्व स्तरीय घोघा-दहेज फेरी सर्विस का माननीय प्रधान मंत्री श्री नरेन्द्रभाई मोदी के करकमलों द्वारा दिनांक २२/१०/२०१७ को प्रारंभ किया गया। राज्य की सर्वप्रथम यह फेरी सेवा सौराष्ट्र और दक्षिण गुजरात को जोडती है, सड़क मार्ग से ३६० कि.मी. की दूरी, जिसे तय करने में सात से आठ घण्टों का समय लगता है, वह दूरी फेरी बोट के उपयोग से घटकर ३१ कि.मी. हो गई है जो केवल एक ही घण्टे में तय की जा सकेगी। इस फेरी बोट सेवा के द्वारा हर वर्ष लाखों करोड़ों के ईंधन की बचत के साथ पर्यावरण को भी लाभ होगा। गुजरात के विशाल समुद्र तट पर सामुद्रिक जलमार्ग प्रस्थापित करने के इस प्रयास का मैं स्वागत करता हूँ।

वंचितों का विकास

- मेरी सरकार का अतिलोकप्रिय एवं प्रजाभिमुख कार्यक्रम गरीब कल्याण मेला है, जिसके आयोजन द्वारा इस वर्ष ३८ गरीब कल्याण मेलों में १५.५७ लाख लाभार्थीओं को ३६३३ करोड़ की सहाय दी गई है। अब तक दस चरणो में कुल १४९१ गरीब कल्याण मेले आयोजित किए गये है, जिसमें १३४.३६ लाख लाभार्थीओं को कुल २३८९० करोड़ रूपयों की सहायता मुहैया करवाई गई है।

- मेरी सरकार द्वारा गरीब, निराधार, वृद्ध, दिव्यांग जैसे जरूरतमंद नागरिकों के लिए विविध सहाय योजनाएं लागू की गई हैं। जिसमें से दिव्यांगों के लिए एस.टी. बस में नि:शुल्क यात्रा योजना के तहत दिसम्बर-१७ तक ९९,२३३ लाभान्वितों को सामिल करते हुए ८८६.३०/- लाख रूपयों की सहायता दी गई है।

- वर्ष २०१७-१८ में दिसम्बर-१७ तक विकलांग बीमा कवच योजना के तहत ३,१०,००० लाभार्थीओं को बीमा कवच उपलब्ध करवाया गया है।

- निराधार वृद्धों और दिव्यांगों को आर्थिक सहायता योजना के तहत वर्ष २०१७-१८ के लिए ७१,९३७ लाभार्थीओं को २९७८.३०/- लाख की सहायता राशि दी गई है।

- माननीय प्रधान मंत्रीने गुजरात के दिव्यांगो के प्रति भाव प्रदर्शित करते हुए राजकोटमें दिव्यांग साधन सहाय वितरणके मेगा कैम्प आयोजित कर १८१०० दिव्यांगों को ट्राइसिकल, व्हीलचेर, केलीपर्स तथा मानसिक दिव्यांगो की कीट इत्यादि साधनों/ वाहनों का वितरण किया।

- आदिजाति विकास हेतु वनबंधु कल्याण योजना के तहत पाँच वर्षों के लिए सत्तर हजार करोड़ रूपयों का प्रावधान किया गया है, जिसमें से वर्ष २०१७-१८ के लिए बारह हजार पाँचसौ साठ करोड़ रूपयों का प्रावधान कर आदिवासी भाई-बहनों को अनेक प्रकार की योजनाओं का लाभ दिया गया है।

- अनुसूचित जनजाति के लोगों को अपने उत्पादो की बिक्री के लिए उचित बाजार मिल सके और आर्थिक रूप से वें अपने पैरों के उपर खड़े रह सकें, इस हेतु से २४ हाट बाज़ारों की योजना अमली है।

- राजपीपला, जिला नर्मदा में बिरसामुंडा अनुसूचित जनजाति विश्व विद्यालय (Tribal University) की स्थापना करने का निर्णय किया गया हैऔर इसके लिए जमीन आबंटन की गइ है।

- अनुसूचित जाति, जनजाति ,अन्य पिछड़े वर्गों और बिनअनामत जातिओके आर्थिकरूप से पिछडे वर्गो के विध्यार्थीओं के रहने और खाने की उचित सुविधा मुहैया कराने हेतु अहमदाबाद, वडोदरा, सुरत, राजकोट, भावनगर और आणंद में शुरू किए गये समरस छात्रावासों में वर्ष २०१७-१८ में १११२१ विद्यार्थीओं को प्रवेश दिया गया है।

- गुणवत्ता युक्त शिक्षा हेतु ९१ एकलव्य मॉडेल रेसिडेन्शियल स्कूलों में ३०,१७२ विद्यार्थीओं को शिक्षा की सुविधाएं उपलब्ध करवाई गई है।

- संकलित डेयरी विकास योजना के तहत आदिवासी महिला पशुपालकों को रोजगार हेतु १,१४,३४३ दुधारू पशुओं का लाभ मुहैया करवाया गया है।

- अनुसूचित जनजाति के कक्षा-६ से कक्षा-१२ तक के प्रतिभाशाली विद्यार्थीओं को उत्तम कोटि के आवासीय विद्यालयों में सर्वश्रेष्ठ शिक्षा का लाभ टेलेन्ट पुल योजना के तहत नि:शुल्क दिया जाता है। चालु शैक्षणिक वर्ष तक कुल मिलाकर ४,०९५ विद्यार्थीओं को प्रवेश दिया गया है।

- भारत रत्न डॉ. बाबासाहेब आंबेडकर ने दिनांक २३/९/१९१७ को सयाजीगंज, वडोदरा में समाज के कमज़ोर वर्गों के उत्कर्ष के लिए संकल्प किया था, जिसे १०० वर्ष पूरे हूए है।इस अवसर को 'महासंकल्प दिन' के रूप में मनाए जाने के उपलक्ष में राज्य द्वारा निर्मित हो रहे 'डॉ. बाबा साहेब आंबेडकर संकल्प भूमि स्मारक' का भूमिपूजन किया गया है।

- 'कुँवरबाई नुं मामेरूं' योजना के तहत प्राप्य सहाय राशि को बढ़ाकर १२,०००/- रूपए कर दी गई है।

- बोटाद, वेरावल, पोरबंदर, लुणावाडा, भरूच में पाँच कुमार छात्रालयों का प्रारंभ किया गया है।

- नडियाद, दाहोद, मोडासा, बोटाद, वेरावल में पाँच कन्या छात्रालयों का भी प्रारंभ किया गया है।

- केन्द्र सरकार के स्टेन्ड अप इंडिया कार्यक्रम के अंतर्गत डॉ. बाबा साहेब आंबेडकर उद्योग उदय योजना के तहत अनुसूचित जाति-जनजाति के लाभार्थीओं को विशेष पैकेज के रूप में बुनियादी सुविधाओं के लिए अतिरिक्त सहाय दी गई है।

आरोग्य

- राज्य के करोड़ों नागरिकों को तंदुरस्त और स्वस्थ जीवन प्राप्त हो और कोई बीमारी का शिकार ना होने पाए इसलिए अनेकों कार्यक्रम चलाए जा रहे हैं। बीमार या अशक्त लोगों के इलाज के लिए राज्य में फिलहाल ९,२३१ उप-केंद्र, १,४९९प्राथमिक आरोग्य केंद्र, ३६८सामूहिक आरोग्य केन्द्र और ३४७ शहरी आरोग्य केन्द्रों के द्वारा ग्रामीण एवं शहरी ईलाकों में आरोग्य से संबंधित सेवाएं मुहैया करवाई जाती है।

- उच्च स्तर के ईलाज उपलब्ध करवाने हेतु राज्य में ३७ उप जिला अस्पताल, २२जिला अस्पताल, पांच मनोरूग्णालय, २४मेडिकल कॉलेजसंलग्न अस्पताल, कार्डियोलॉजी, किडनी और कैन्सर की ग्रांट इन ऐड सुपर स्पेश्यालिटी अस्पतालों के साथ सार्वजनिक स्वास्थ्य के लिए अवसंरचनाओं की सुविधा मुहैया कराने में गुजरात देश में अग्रिम पंक्ति में खड़ा है।

- राज्य में माता और बाल आरोग्य कार्यक्रम के प्रभावी और गुणवत्तायुक्त कार्यान्वयन के कारण संस्थागत प्रसुति की मात्रा ९८.५ प्रतिशत तक पहुँची है, जिसके चलते माता मृत्यु दर एवं बाल मृत्यु दर में निरंतर कटौति हो रही है।

- शाला आरोग्य कार्यक्रम के तहत लगभग १५० लाख विद्यार्थीओं के स्वास्थ्य की जाँच का कार्यक्रम कार्यान्वयन में है। इस साल दिनांक २१.१२.२०१७ से विध्यालयोमें आरोग्य जांच शुरु की गइ है। इस कार्यक्रम के अंतर्गत विद्यार्थीओं को चश्मे उपलब्ध कराना, ह्रदय रोग, किडनी, कैंसर तथा किडनी प्रत्यारोपण, बोनमेरो ट्रांसप्लान्ट तथा कॉकलीयर इम्प्लान्ट जैसे अति महंगे उपचार नि:शुल्क उपलब्ध कराए जाते है।

ગુજરાત રાજયની સૌથી વધુ અગત્યની અને સૌથી વધુ ઉપયોગી સરદાર સરોવર નર્મદા યોજનાને પરિપૂર્ણ કરવા માટે કરોડો ગુજરાતીઓ વર્ષોથી રાહ જોતા હતા. પરંતુ જુદા જુદા કારણોસર યોજના વિલંબમાં મુકાઇ હતી. આપણને સર્વને આનંદ છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્રમાં સરકાર બનતાની સાથે જ સરદાર સરોવર બંધ ઉપર દરવાજા બેસાડવાની ગુજરાતને મંજૂરી મળી અને દરવાજા બેસાડયા બાદ ભારત સરકાર તરફથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન એવા નર્મદાના ભાગીદાર રાજયો સાથે બધી જ પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરી સરદાર સરોવર પરના દરવાજા બંધ કરવાની પરવાનગી પણ આપણને પ્રાપ્ત થઇ ગઇ અને સરદાર વલ્લભભાઇ પટેલનું નર્મદા યોજના પૂર્ણ કરવાનું સ્વપ્ન માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે તાઃ૧૭મી જુન ૨૦૧૭ ના રોજ દરવાજા બંધ કરી પૂર્ણ થયું. દાયકાઓ જૂની ગુજરાતની જનતાની લાગણી પરિપૂર્ણ થઇ. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ અને તેમની સરકારે તથા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીઓએ આ કામમાં સહયોગ આપ્યો તે બદલ ગુજરાતની જનતા વતી હું તેમનો આભાર માનું છું.

મારી સરકારે ૩૬૫ દિવસમાં પોણા પાંચસો જેટલાં જનહિતના નિર્ણયો લઇ તેનો અસરકારક અમલ કરી નિષ્ઠા, નિર્ણાયકતા અને સંવેદનશીલતાનો પરિચય કરાવ્યો છે. મારી સરકારે વાયદાઓ નહીં, પરંતુ નક્કર ઇરાદાઓ સાથે પારદર્શિતા અને પ્રગતિશીલતાપૂર્વક શાસન દાયિત્વ નિભાવ્યું છે. પ્રો-પીપલ, પ્રો–એક્ટીવ ગવર્નન્સ થકી લોકોના પ્રશ્નો તાકીદે હલ કરવાનો સંવેદનશીલ પ્રયત્ન કર્યો છે.

કુદરતી આફતના પ્રસંગે સામાન્ય માનવીની પડખે રહેવાની મારી સરકારની તત્પરતા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂર હોનારતના પ્રસંગે સમગ્ર દેશ એ નિહાળી છે. રાજ્યના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તથા રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં થયેલા અતિભારે વરસાદના પરિણામે આ બે જિલ્લાઓમાં પૂરનું સંકટ ઊભુ થયું હતું. જનજીવન તેમજ પશુધન અતિ વિકટ પરિસ્થિતિમાં મુકાયા હતાં, તેમજ આંતરમાળખાકિય સુવિધાઓને પણ મોટું નુકસાન થવા પામ્યું હતું. પ્રજાની હાડમારીઓ પ્રત્યે સંવેદનશીલ માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પોતે પૂરપીડિતોની સાથે સતત પાંચ દિવસનો મુકામ કરી અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત કરી પ્રજાની તકલીફોનું નિરાકરણ કરવા, અને પરિસ્થિતિ પૂર્વવત થાય તે માટે સમગ્ર વહીવટી તંત્રને માર્ગદર્શન આપી ઝડપથી પરિસ્થિતિ થાળે પાડી લોકોની તેમજ માલસામાનની નુકસાનીની જાણકારી મેળવવા સાથોસાથ ધાનેરા, થરાદ, પાટણ, રાધનપુર, સાંતલપુર, વાવ વિસ્તારના ગામોની જાત મુલાકાત કરીને હજારો લોકોની રૂબરૂ મુલાકાત કરી મોડી સાંજે રાહત કામગીરીની સમીક્ષા બેઠકો, અસરગ્રસ્ત જન સમુદાય અને વેપારીઓ સાથે વિવિધ સ્થળે બેઠકો તેમજ માનનીય મંત્રીશ્રીઓ અને મુખ્ય સચિવશ્રી તેમજ અધિકારીઓ સાથે પરામર્શ હાથ ધરીને રાહત અને બચાવની કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા ખેડૂતો, પશુપાલકો અને જેમની માલમિલકતને નુકસાન થયું હતું તેવા લાખો ગરીબોને અને વેપારીઓને સહાયરૂપ થવા માટે ગુજરાત રાજયનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉદાર રૂ. ૧૫૦૦ કરોડનું સહાય પેકેજ જાહેર કર્યું.

## ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
## રાજ્યપાલશ્રીનું સંબોધન

ગુજરાતના આ બે જિલ્લાઓની લાખોની જનતાને તેમની તકલીફમાં મદદરૂપ થવા અને ભારત સરકાર તરફથી તમામ પ્રકારની સહાય પૂરી પાડવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ તુરત જ આ વિસ્તારોની મુલાકાત લઇ, એરફોર્સના હેલિકોપ્ટરો ફાળવ્યાં. અસરગ્રસ્તોને ફૂડ પેકેટ, પીવાનું પાણી ઝડપથી મળે તેવો પ્રબંધ કરવામાં આવ્યો. જેઓ વધારે પાણીમાં ફસાયેલા હતા તેવા અંદાજિત ૧૯૦૦૦ લોકોને એરલિફ્ટ કરીને તેમજ બોટ મારફતે રેસ્કયુ કરી સલામત સ્થળે ખસેડી મોટી જાનહાનિ થતી અટકાવી તે માટે સરકારને વિશેષ ધન્યવાદ આપું છું. પૂરગ્રસ્તો માટે ભારત સરકાર તરફથી રૂ. ૫૦૦/– કરોડની સહાયતા જાહેર કરેલ તે બદલ ગુજરાતની જનતા વતી મારી સરકાર માનનીય વડાપ્રધાનશ્રીનો આભાર માને છે.

મારી સરકાર વંચિતો અને ગરીબોના કલ્યાણ માટે, અનુસૂચિત જાતિતેમજ આદિવાસી સમાજને તેમના અધિકારો આપવા માટે, મહિલાઓના સશકિતકરણ માટે, યુવાનોને રોજગારી પુરી પાડવા માટે અને ખેડૂતોને તમામ પ્રકારે મદદરૂપ થવા માટે મક્કમતાપૂર્વક અને નક્કર આયોજન સાથે આગળ વધી રહી છે.

- અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અન્વયે તેઓના કબજા હેઠળની માન્ય જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના કુલ ૧,૨૮,૧૨૬ એકર જમીનના ૮૪,૧૨૨ વ્યકિતગત દાવા અને ૧૧,૬૦,૮૫૭ એકર જમીનના ૪૫૯૯ સામૂહિક દાવાઓ માન્ય કરવામાં આવ્યા છે તથા માળખાકીય સુવિધાઓ માટે ૭૪૭ જેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે.
- પેસા એકટની જોગવાઇઓનો સઘન અમલ કરી આદિજાતિ સમાજને જંગલની જળ–જમીન અને ગૌણ વન પેદાશોના એકત્રીકરણના અધિકારો આપી તેઓના આર્થિક સશકિતકરણની દિશામાં મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે.
- શ્રમ અને શ્રમિકોના મહત્વને મારી સરકારે વિશેષ મહત્વ આપ્યું છે. ખૂબ જ સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપતી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' એમાં મહત્વનું સોપાન છે. આ યોજના હેઠળ પ્રાથમિક તબક્કે રાજયના ૮ શહેરો–અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, કલોલ અને વલસાડ ખાતે પ્રતિદિન ૨૫,૦૦૦ બાંધકામ શ્રમિકો અને તેમના કુટુંબીજનોને રૂ.૧૦/–માં સાત્વિક ભોજન આપવામાં આવે છે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગની વ્યકિતલક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટેની આવક મર્યાદામાં નોંધપાત્ર વધારો કરાયો છે. ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૪૭૦૦૦ હતી, જેમાં સુધારો કરી હવે રૂ.૧.૨૦ લાખ કરાઇ છે, શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા ૬૮૦૦૦ હતી, તેમાં વધારો કરી રૂ. ૧.૫૦ લાખ કરવામાં આવી છે.
- ખેડૂતોના હિતમાં રાજય સરકારે ખેડૂતલક્ષી નિર્ણય લઇને ખેતી વિષયક વીજ ગ્રાહકે પોતાનો જોડેલ વીજભાર કરારિત વીજભાર કરતાં વધુ હોય તો સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની યોજના અમલમાં મૂકી છે, જે હેઠળ જોડેલ વીજભાર કરારિત વીજભાર કરતાં વધુ છે કે નહીં તે તપાસ કરાવવાની સુવિધા પણ આપવામાં આવે છે.
- ખાસ કરીને મહિલાઓ માટે રોજગારી ઉભી કરવા ગાર્મેન્ટ એન્ડ એપરલ પોલીસી ૨૦૧૭ ની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. આ પોલીસી અંતર્ગત ફેકટરીઓમાં કામ કરતી મહિલા કારીગરોને પ્રતિમાસ રૂ.૪૦૦૦/– અને પુરૂષ કારીગરોને પ્રતિમાસ રૂ.૩૨૦૦/– ની મર્યાદામાં રાજય સરકાર તરફથી ફેકટરી માલિકના પગાર ઉપરાંત વધારાની સહાય તરીકે ચૂકવવામાં આવશે.
- શિક્ષણ એ જીવન ઘડતરનો મહત્ત્વનો પાયો છે અને વિદ્યાર્થી એ દેશનું ભવિષ્ય છે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સરળતાથી અને ઓછા ખર્ચે મળી રહે તે રાજય સરકારનું લક્ષ્ય છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને સારું અને ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુસર વાજબી ફીથી શિક્ષણ પ્રાપ્ત કરાવવા અને શિક્ષણનું વ્યાપારીકરણ રોકવા માટે રાજય સરકારે ઐતિહાસિક કાયદો બનાવીને અમલમાં મૂક્યો છે.વિધાર્થીઓને ભારે ફીના બોજામાંથી મુકત કરવાનો દ્રઢ સંકલ્પ કરીને મક્કમતાપૂર્વક પ્રયાસો કરવા બદલ અભિનંદન આપું છું.
- વિશ્વ કક્ષાની ઘોઘા–દહેજ ફેરી સેવાનો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે તા.૨૨/૧૦/૨૦૧૭ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજયની સર્વપ્રથમ એવી આ ફેરી સેવા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડે છે, રસ્તા માર્ગે ૩૬૦ કિ.મી.નું જે અંતર થાય છે અને જે પસાર કરવામાં સાતથી આઠ કલાકનો સમય થાય છે તે મુસાફરીનું ફેરી બોટનો ઉપયોગ કરવાથી અંતર ઘટીને ૩૧ કિ.મી.નું થઇ ગયું છે અને ફકત એક જ કલાકમાં આ મુસાફરી પૂર્ણ થઇ થાય છે. આ ફેરી બોટ સેવા દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની પેટ્રોલ ડીઝલના ખર્ચની બચત સાથે પર્યાવરણને પણ ફાયદો થશે. ગુજરાતના વિશાળ દરિયા કાંઠે દરિયાઇ જળમાર્ગ પ્રસ્થાપિત કરવાના આ પ્રયાસને હું આવકારું છું.

વંચિતોનો વિકાસ

- મારી સરકારનો અતિલોકપ્રિય અને પ્રજાલક્ષી કાર્યક્રમ એટલે ગરીબ કલ્યાણ મેળાના આયોજન દ્વારા ચાલુ વર્ષે ૩૮ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૫.૫૭ લાખ લાભાર્થીઓને રૂ.૩૬૩૩ કરોડની સહાય આપવામાં આવી છે અને અત્યાર સુધીમાં દસ તબક્કામાં કુલ ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળા યોજાયા, જેમાં૧૩૪.૩૬ લાખ લાભાર્થીઓને કુલ રૂ. ૨૩૮૯૦ કરોડની સહાય આપવામાં આવી છે.

## તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## રાજ્યપાલશ્રીનું સંબોધન

- મારી સરકાર દ્વારા ગરીબ, નિરાધાર, વૃદ્ધ, દિવ્યાંગ એવા જરૂરિયાતમંદ નાગરિકો માટે વિવિધ સહાય યોજનાઓ અમલમાં મૂકી છે, જે પૈકી દિવ્યાંગો માટે એસ.ટી.બસમાં નિ:શુલ્ક મુસાફરી યોજના હેઠળ ડિસેમ્બર–૧૭ સુધીમાં ૯૯,૨૩૩ લાભાર્થીઓને આવરી લઈને રૂ.૮૮૬.૩૦/– લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૭–૧૮માં ડિસેમ્બર–૧૭ સુધીમાં વિકલાંગ વીમા કવચ યોજના હેઠળ ૩,૧૦,૦૦૦ લાભાર્થીઓને વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું છે.
- નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૭૧,૯૩૭ લાભાર્થીઓને રૂ.૨૯૭૮.૩૦/– લાખની સહાય ચૂકવી છે.
- માનનીય વડાપ્રધાનશ્રીએ ગુજરાતના દિવ્યાંગો પ્રત્યે લાગણી પ્રદર્શિત કરીને રાજકોટમાં દિવ્યાંગ સાધન સહાય વિતરણનો મેગા કૅમ્પ તેઓની ઉપસ્થિતીમાં યોજી ૧૮૧૦૦ દિવ્યાંગોને ટ્રાઈસિકલ, વ્હીલચેર, કૅલિપર્સ અને મેન્ટલી રિટાર્ડેડ દિવ્યાંગો માટેની કીટ વિગેરે સાધનો/વાહનોનું વિતરણ કરવામાં આવ્યું.
- આદિજાતિ વિકાસ અર્થે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પાંચ વર્ષ માટે રૂપિયા સિત્તેર હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે, તે પૈકી વર્ષ ૨૦૧૭–૧૮ માટે રૂપિયા બાર હજાર પાંચસો સાઇઠ કરોડની જોગવાઇ કરીને આદિવાસી ભાઇબહેનોને અનેક પ્રકારની યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે.
- અનુસૂચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર મળે અને આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે મંજુર કરવામાં આવેલ ૨૪ હાટ બજારો સ્થાપવાની યોજના અમલમાંછે.
- રાજપીપળા, જિ.નર્મદા મુકામે બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને તે માટે જમીનની ફાળવણી કરવામાં આવી છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિતથા અન્ય પછાત વર્ગો અને બિનઅનામત જ્ઞાતિઓના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની યોગ્ય સુવિધા મળી રહે તે માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને આણંદ ખાતે શરૂ કરવામાં આવેલા સમરસ છાત્રાલયોમાં ચાલુ વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૧૧૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય મોડેલ રેસિડેંસિઅલ શાળાઓમાં ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આદિવાસી મહિલા પશુપાલકોને રોજગારી માટે ૧,૧૪,૩૪૩ દુધાળા પશુઓનો લાભ આપવામાં આવ્યો છે.
- અનુસૂચિત જનજાતિના ધોરણ–૬ થી ધોરણ–૧૨ના મેઘાવી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસિય વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણનો લાભ વિનામૂલ્યે ટેલેન્ટ પુલ યોજના હેઠળ આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ સુધીમાં કુલ ૪૦૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.
- ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે તા.૨૩/૯/૧૯૧૭ ના રોજ સયાજીબાગ, વડોદરા ખાતે સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે સંકલ્પ લીધો હતો, જેને ૧૦૦ વર્ષ પૂરાં થયાંતે પ્રસંગે 'મહાસંકલ્પ દિન' ની ઉજવણી નિમિત્તે ગુજરાત રાજ્ય દ્વારા નિર્માણ પામનાર 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પ ભૂમિ સ્મારક' નું ભૂમિપુજન કરવામાં આવ્યું છે.
- કુંવરબાઇનું મામેરૂં યોજના હેઠળ પ્રાપ્ય સહાય વધારીને રૂ.૧૨,૦૦૦ કરવામાં આવી છે.
- બોટાદ, વેરાવળ, પોરબંદર, લુણાવાડા, ભરૂચ ખાતે પાંચ કુમાર છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે.
- નડિયાદ, દાહોદ, મોડાસા, બોટાદ, વેરાવળ ખાતે પાંચ કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે.
- કેન્દ્ર સરકારના સ્ટેન્ડ અપ ઇન્ડિઆ કાર્યક્રમ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ અનુસૂચિત જાતિ–જનજાતિના લાભાર્થીઓને ખાસ પેકેજ રૂપે માળખાગત સુવિધાઓ માટે વધારાની સહાય આપવામાં આવે છે.

આરોગ્ય

- રાજયના કરોડો નાગરિકોને તંદૂરસ્ત અને સ્વસ્થ જીવન પ્રાપ્ત થાય અને કોઇ બીમારીનો ભોગ ન બને તે માટે અનેક કાર્યક્રમો ચલાવવામાં આવે છે. બિમાર કે અશકત લોકોની સારવાર માટે રાજયમાં હાલ ૯૨૩૧પેટા કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૩૪૭ શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- ઉચ્ચ કક્ષાની સારવાર પૂરી પાડવા માટે રાજયમાં ૩૭ પેટા જિલ્લા હોસ્પિટલો, ૨૨ જિલ્લા હોસ્પિટલો, પાંચ માનસિક આરોગ્ય હોસ્પિટલો, ૨૪ મેડીકલ કોલેજોનેસંલગ્ન હોસ્પિટલો, કાર્ડિયોલોજી, કિડની અને કેન્સરની ગ્રાન્ટ ઇન એઇડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો સાથે જાહેર આરોગ્યની માળખાકીય સુવિધાઓમાં ગુજરાત દેશમાં અગ્રીમ હરોળમાં છે.
- રાજયમાં માતા અને બાળ આરોગ્ય કાર્યક્રમના અસરકારક અને ગુણવત્તાસભર અમલીકરણને કારણે સંસ્થાકીય પ્રસુતિનું પ્રમાણ ૯૮.૫ ટકા સુધી પહોંચ્યુ છે. જેથી માતા મૃત્યુ દર તથા બાળ મૃત્યુ દરમાં સતત ઘટાડો થઇ રહયો છે.

- શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની આરોગ્યની ચકાસણી કાર્યક્રમ રાજયમાં અમલમાં છે. આ વર્ષે તા.૨૧/૧૨/૨૦૧૭ થી શાળાઓમાં આરોગ્ય ચકાસણી શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ચશ્મા પુરા પાડવા, હૃદય રોગ, કિડની, કેન્સર તથા કિડની પ્રત્યારોપણ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તથા કોકલીયર ઇમ્પ્લાન્ટ જેવી અતિ ખર્ચાળ સારવાર વિનામૂલ્યે પુરી પાડવામાં આવી રહેલ છે.
- 'મા' વાત્સલ્ય યોજના અંતર્ગત રૂ.૨/-લાખ સુધીની કેશલેસ સારવાર મેળવવાની વાર્ષિક આવક મર્યાદા રૂ.૧.૨૦/-લાખથી વધારીને રૂ.૨.૫૦/-લાખ કરવામાં આવી છે, જેના કારણે હવે વધુ પરિવારો આ યોજનાનો લાભ લઇ શકશે. વધુમાં આશાવર્કર બહેનો, પત્રકાર મિત્રો અને ફીકસ પગાર ધારક કર્મચારીઓઅને તેમના કુટુંબોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૨.૬૫ લાખ બી.પી.એલ. કુટુંબો અને ઓછી આવક મર્યાદા ધરાવતા ૨૯.૬ લાખ કુટુંબોની નોંધણી થઈ છે, જે આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.
- રાજયમાં ચાલુ વર્ષે ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં ૧,૩૬,૮૮૭ કિડની રોગના દર્દીઓને ડાયાલીસીસની સારવાર પુરી પાડવામાં આવી છે. કિડની ઇન્સ્ટીટ્યુટમાં વાર્ષિક સરેરાશ ૧,૬૯,૦૦૦ ઓ.પી.ડી. અને ૧૧૬૮૦ આઇ.પી.ડી. દ્વારા દર્દીઓને સારવાર આપવામાં આવે છે.
- રાજયમાં મેડીકલ કોલેજો અને બેઠકોમાં વધારો થવાથી વર્ષ ૨૦૦૧માં ૯ મેડીકલ કોલેજોની ૧૧૨૫ બેઠકોની સામે વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૪ કોલેજોની ૩૮૩૦ એમ.બી.બી.એસ.ની બેઠકો થઇ છે. ૧૫ મેડિકલ કોલેજોમાં ૧૮૨૮ અનુસ્નાતક બેઠકો ઉપલબ્ધ છે. આરોગ્ય નીતિ ૨૦૧૬ અંતર્ગત પાલનપુર, ભરૂચ, વ્યારા, અમરેલી અને દાહોદ ખાતે બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજો તથા વાત્રક અને વિસનગરમાં ગ્રીન ફીલ્ડ મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી છે, જે કાર્યરત થયે એમ.બી.બી.એસ.ની ૧૦૫૦ બેઠકોનો વધારો થશે.
- ઇન્દ્રધનુષ કાર્યક્રમના અસરકારક અમલીકરણથી ડિસેમ્બર-૧૭ સુધીમાં ૯.૨૮ લાખ બાળકોને રસીકરણ કરવામાં આવ્યું છે.
- રાજયમાં ૧૫૦ જેટલા દિન દયાલ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો શરૂ કરી બ્રાન્ડેડ દવાઓ કરતાં ૨૦ થી ૯૦ ટકા જેટલી સસ્તી જેનરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દંત ચિકિત્સકોની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી ગ્રામ્ય વિસ્તારના લોકોને પણ દાંતના દર્દોની સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ થઈ શકે.

શિક્ષણ

- રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૧૫૧૧ તથા રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૪૭૨૦, આમ કુલ ૬૨૩૧ શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી છે. પ્રાથમિક શાળાઓમાં ૮૮૩મુખ્ય શિક્ષકો તથા ૬૪૬૯ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે.
- ગુજરાત યુનિવર્સિટીને ૨૦૧૬-૧૭ના વર્ષનો દેશના શ્રેષ્ઠ NSSસેલનો નેશનલ એવોર્ડ નામદારરાષ્ટ્રપતિના વરદ્દહસ્તે આપવામાં આવ્યો.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટના ૧૬૦૯ શાળાઓમાં અમલીકરણ અંતર્ગત આ શાળાઓના ધો.૭ અને ૮ના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં ઇન્ટરેક્ટિવ શિક્ષણકાર્ય માટે પ્રોજેકટર, લેપટોપ, ઇન્ફ્રારેડ કેમેરા, સ્પીકર, સ્માર્ટ બોર્ડ, વાઇ-ફાઇ રાઉટરની સુવિધા આપવામાં આવી છે. ધોરણ ૫ થી ૮ ના તમામ વિષયોનું ઇ-કન્ટેન્ટ અને ઇન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ કન્ટેન્ટની મદદથી શિક્ષણ આપવામાં આવે છે. કુલ ૨.૮૫ લાખ બાળકો તેનો લાભ લઇ રહ્યાં છે.વેબ બેઝ્ડ એપ્લીકેશન અને મોબાઇલ એપથી સમગ્ર પ્રોજેક્ટનું Real-time મોનિટરિંગ કરવામાં આવે છે.
- રાજ્યમાં નવી ૧૧ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરુ કરવામાં આવી છે જ્યાં કન્યાઓને વિનામુલ્યે રહેવાનુ, જમવાનુ, ગુણવતાલક્ષી શિક્ષણ તથા સ્વ-રક્ષણની તાલીમ આપવામાં આવે છે. હાલ કુલ ૧૩૦૦૦ જેટલી દીકરીઓ ૧૪૩ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયોમાં અભ્યાસ કરી રહી છે.
- ગુજરાતનાં વિદ્યાર્થીઓ દેશના મુખ્યપ્રવાહ સાથે કદમ મિલાવી શકે તે માટેના અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો દ્વારા શિક્ષણ આપવા માટે શિક્ષણ વિભાગે પગલાં લીધાં છે. ખાસ કરીને ધોરણ-૧૦ થી ધોરણ-૧૨ના અભ્યાસક્રમો રાષ્ટ્રીય ધોરણ પ્રમાણે અપાય તેની શરૂઆત કરવામાં આવી છે, જેના કારણે ધોરણ ૧૨ પછી તબીબી અને ઈજનેરી જેવા અગત્યના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે રાષ્ટ્રીય સ્તરે યોજાતી NEET(નેશનલ એલિજિબીલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ) અને JEE(જોઇંટ એંજીનીયરીંગ એન્ટ્રન્સ) જેવી પ્રવેશ પરીક્ષાઓમાં ગુજરાતના વિદ્યાર્થીઓ સફળ થઇ શકે. તે માટે ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયો માટે NCERTનાં પાઠ્યપુસ્તકોનો ગુજરાતી ભાવાનુવાદ કરીનેઆ પુસ્તકોનો અભ્યાસક્રમમાં અમલ કરવામાંઆવ્યોછે.
- વર્ષ ૧૯૯૫-૯૬ સુધી રાજ્યમાં સરકારી કોલેજોની સંખ્યા માત્ર ૨૬ અને અનુદાનિત કોલેજોની સંખ્યા ૩૦૦ મળી કુલ ૩૨૬ કોલેજો કાર્યરત હતી. હાલમાં સરકારી કોલેજોની સંખ્યામાં ૧૪૦ અને ગ્રાંન્ટેડ કોલેજોની સંખ્યા ૩૫૬ થઈ છે.
- વર્ષ ૨૦૦૦-૦૧માં ગુજરાતમાં સરકારી માધ્યમિક શાળાઓ ૧૨૫ અને ઉચ્ચતર મધ્યમિક શાળાઓ ૮૧, એમ કુલ ૨૦૬ શાળાઓ હતી, જેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ અંતિત માધ્યમિક શાળાઓ ૯૧૭ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

૪૩૧, એમ કુલ ૧૩૪૮ શાળાઓ છે. અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વર્ષ ૨૦૦૦–૦૧માં ૧૬૬૮ હતી, જે વર્ષ ૨૦૧૬–૧૭માં ૩૧૪૮ થઈ છે.

- ચાલુ વર્ષે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ એવા ૩૦,૭૩૫ વિદ્યાર્થીઓને વિવિધ સહાય આપવામાં આવી છે.
- માન. પ્રધાનમંત્રીશ્રીના રીસર્ચ, ઇનોવેશન અને ડીજીટલ પ્રોગ્રેસના સ્વપ્નને સાકાર કરવા માટે મારી સરકાર પણ હરહંમેશ પ્રતિબદ્ધ છે. વિદ્યાર્થીઓને તથા ઉદ્યોગ સાહસિકોને રીસર્ચ અને ઇનોવેશન માટે જુદા જુદા વિભાગની વિભિન્ન યોજનાઓ હેઠળ પ્રોત્સાહનો આપવામાં આવે છે. ૪૬ ઇન્ક્યુબેટર્સ અને ૧૯૦ સ્ટાર્ટઅપ્સ માન્ય કરવામાં આવ્યાં છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાં આવેલી ૧૫ યુનિવર્સિટી અને ૨૪ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને રૂ. ૭.૪ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવી છે,જેનો લાભ વિદ્યાર્થીઓ ઇનોવેટિવ પ્રેક્ટિસ માટે મેળવી રહ્યા છે.એપ્રિલ ૨૦૧૭માં ગુજરાત સરકારને સ્ટાર્ટઅપ ઇન્ડિયાના અમલીકરણ માટે Prime Minister's Award Excellence in Public Administration મળ્યો છે.
- ભારતસરકારના'ડીજીટલ ઇન્ડિયા'ના કાર્યક્રમ થકી વધુ ને વધુ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ સેવાઓ ઉપલબ્ધ થઈ રહી છેત્યારે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી, ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંશાધનો તેમજ ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓના વિડીયો લેક્ચર્સ, સપ્લીમેન્ટરી ક્વીઝ ઇત્યાદી સહેલાઇથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને રૂપિયા એક હજારની ટોકન કિંમતે આ વર્ષે ૩ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યાં છે.
- ડીજીટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ (DEDF) અંતર્ગત કુલ રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. DEDFઅંતર્ગત પ્રથમ તબક્કે રાજ્યની ૧૦૭ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૩ યુનિવર્સીટી ખાતે Wi-Fiસુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- જુન ૨૦૧૭ થી નવી સરકારી પોલીટેકનીક હાલોલ ખાતે ૨૪૦ વિદ્યાર્થીઓની પ્રવેશક્ષમતા સાથે શરૂ કરવામાં આવી છે. ઇન્ડીઅન ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલોજી સુરત ખાતે કાર્યરત થઈ છે.
- આઈઆઈટી, ગાંધીનગર કેમ્પસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

મહિલા સશકિતકરણ

- વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહિલા સરપંચોનું રાષ્ટ્રીય સંમેલન તા.૮ મી માર્ચ , ૨૦૧૭ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું, જેમાં ૬૦૦૦ મહિલા સરપંચોએ ભાગ લીધો. વધુમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત રાજ્યના મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં વિકાસના કામો માટે વધારાની રૂ. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.
- મહિલાઓ માટે કુલ ૩૩ રોજગાર મેળાઓ મારફતે૩૦,૦૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.
- નારી અદાલત, કે જે કેન્દ્ર સરકાર પ્રયોજિત બહેનો માટે અને બહેનો દ્વારા ચલાવવામાં આવતી વૈકલ્પિક અનૌપચારિક ન્યાય પ્રણાલી છે, તેવી ૩૩ નારી અદાલતોની સફળતાથી પ્રેરાઇને મારી સરકારે પોતાના ભંડોળમાંથી રાજ્યના બધા જ તાલુકાઓમાં આ વ્યવસ્થા વિસ્તારવાનો નિર્ણય કર્યો અને વર્ષ ૧૨–૧૩થી અત્યાર સુધી તબક્કાવાર ૨૭૦ નારી અદાલતો મંજૂર કરવામાં આવી છે, તે પૈકી ૨૬૪ નારી અદાલતોએ કામગીરી શરૂ કરી છે.
- રાજ્યના ૨૬ જિલ્લાઓમાં મહિલા પોલીસસ્ટેશનોમાં કુલ ૧૮૨ જગ્યાઓ મંજૂર કરીને ઈન્વેસ્ટિગેટિવ યુનિટ ફોર ક્રાઇમ્સ અગેઈન્સ્ટ વુમન કાર્યરત કરવામાં આવ્યાં છે.
- કૌટુંબિક વિખવાદોના સરળ અને ઝડપી નિકાલ માટે મારી સરકાર પ્રતિબધ્ધ છે. ગત વર્ષે ખેડા, મોરબી, અરવલ્લી અને દેવભૂમિ દ્વારકા ખાતે શરૂ કરવામાં આવેલ ૪ ફેમિલી કોર્ટ સહીત રાજ્યમાં કૂલ ૩૯ ફેમિલી કોર્ટો કાર્યરત છે.
- મારી સરકાર દ્વારા સાણંદ ખાતે ખાસ મહિલા ઉદ્યોગ સાહસિકો માટે વુમન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક કાર્યરત થયો છે.
- મહિલા સશક્તિકરણના ભાગ રૂપે ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમમાં ૧૫૨૧ મહિલા કંડકટરોને નિમણૂંક આપવામાં આવી છે.

રોજગાર

- પારદર્શક અને કોઇપણ વિવાદ વગર ટૂંકાગાળામાં ૮૦,૦૦૦થી વધુ ગુજરાતના યુવાનોઅને યુવતીઓને સરકારી અને અર્ધસરકારી નોકરી આપવા માટે ગુજરાત સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.
- ગુજરાતનો યુવાન તેના કૌશલ્ય મુજબની રોજગારી પ્રાપ્ત કરે તથા ઔધોગિક તેમજ સેવાકીય એકમો બજારના સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી શકે તે માટે જરુરી કુશળ માનવબળ સહેલાઇથી ઉપલબ્ધ થઇ શકે તે માટે ગુજરાતમાં ૪૮ રોજગાર કચેરીઓ સાથેનું અધતન નેટવર્ક ઉપલબ્ધ છે.રોજગાર કચેરીઓ મારફતે રોજગાર આપવામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં વર્ષ ૨૦૦૨થી પ્રથમ ક્રમાંકે રહ્યું છે.
- વર્ષ–૨૦૧૭માં૧૮૫ રોજગાર મેળાઓ જી.આઇ.ડી.સી. / તાલુકા કક્ષાએ યોજવામાં આવ્યા હતા. આ જ રીતે જીલ્લા કક્ષાએ ૩૭૮ મેળાઓ યોજવામાં આવ્યા હતા.સમગ્ર કેલેંડર વર્ષ દરમ્યાન ૪,૦૦,૦૦૦ રોજગાર વાંચ્છુઓને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવામાં આવી.

- યુવાનો આઇ.ટી.આઇ.માં જુદા જુદા પ્રકારના ટેકનિકલ કોર્સમાં તાલીમ લેવા પ્રેરાય અને તે રીતે રોજગારી પ્રાપ્ત કરવા સક્ષમ બને તે માટે તેમને સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આઇ.ટી.આઇ.માં ૪૧૦૦૦ તાલીમાર્થીઓને વિનામૂલ્યે ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે. આવા તાલીમાર્થીઓને મોટા પ્રમાણમાં ઝડપથી રોજગારી પ્રાપ્ત થાય છે.
- રાજયમાં આવેલ ૪૨૫ કૌશલ્ય વર્ધન કેન્દ્રો મારફતે ગ્રામીણ વિસ્તારના ૭૩,૦૦૦ થી વધુ યુવક યુવતીઓને કૌશલ્ય તાલીમ પ્રદાન કરવામાં આવી છે.
- સર્વિસ સેકટરના વધતા જતા વિસ્તરણને ધ્યાનમાં લઇને અત્યાર સુધી ૧૫,૦૦૦ થી વધુ તાલીમાર્થીઓને ટૂંકાગાળાની તાલીમ પ્રદાન કરી છે. આમાં સંરક્ષણ દળોમાં થતી ભરતી માટેની 'સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ યોજના' અંતર્ગત ૧૫૦૦ યુવાનોને તાલીમ આપવાનો સમાવેશ થાય છે.

શ્રમિક કલ્યાણ

- મારી સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કુલ ૫,૮૬,૨૩૦ બાંધકામ શ્રમિકોની નોધણી થયેલ છે. આ બાંધકામ શ્રમિકોને બોર્ડ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે, શિક્ષણ સહાય, તબીબી સહાય, આવાસ યોજનાની સહાય, અને સામાજિક સુરક્ષાની સહાય વગેરે લાભો આપવામાં આવે છે
- ધનવંતરી આરોગ્ય રથ દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૧,૪૭,૨૧૭ બાંધકામ શ્રમ યોગીઓના આરોગ્યની સારવાર બાંધકામ સાઇટ પર કરવામાં આવી છે.

સ્વચ્છતા

- ગુજરાતના પવિત્ર યાત્રાધામોમાં દર વર્ષે દેશ અને દુનિયાના કરોડો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. તેમને સ્વચ્છ અને પવિત્ર વાતાવરણ પૂરું પાડવા આ યાત્રાધામોની મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનને અનુરૂપ સ્વચ્છતા જાળવણી અભિયાનનો શુભારંભ તા.૨૨/૪/૧૭ના રોજ ભગવાન સોમનાથના મંદિર પરિસરથી કરવામાં આવ્યો. ગુજરાતના ૮ મોટા યાત્રાધામો સોમનાથ, દ્વારકા, ગિરનાર, પાલીતાણા, અંબાજી, ડાકોર, પાવાગઢ, શામળાજીમાં મંદિર પરિસરની સાથે સાથે આજુબાજુના રસ્તા, શૌચાલયો, બાથરૂમ સહિત તમામ જગ્યાઓએ ઉચ્ચ કક્ષાની સ્વચ્છતાની સતત જાળવણી હાઇ ટેક મશીનોના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે.
- સ્વચ્છ ભારતના નિર્માણ માટે મારી સરકાર કટિબદ્ધ છે. સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૭માં ગુજરાતના શહેરો મોખરે રહ્યાં છે. આ સર્વેક્ષણ સ્પર્ધામાં ભારતના ૪૩૪ શહેરોમાંથી ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકા મળી કુલ ૩૧ શહેરોનો સમાવેશ થયો હતો. દેશના પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૧૨ શહેરોનો સમાવેશ થયો હતો.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત મારી સરકારે ગુજરાતના તમામ ૧૪૦૬૦ ગ્રામ પંચાયત વિસ્તારોમાં કુલ ૩૩ લાખ કરતાં પણ વધુ શૌચાલયો બનાવી તમામ ગામોને જાહેરમાં શૌચ મૂક્ત બનાવવાની ઉત્તમ કામગીરી કરી છે.તા.૦૨/૧૦/૨૦૧૭ ના રોજ કિર્તી મંદિર, પોરબંદર ખાતે નામદારરાષ્ટ્રપતિશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતના તમામ જિલ્લાઓનેODF(જાહેરમાં શૌચ મુકત) જાહેર કરવાની સાથે-સાથે ૩૩૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના સલામત નિકાલ વ્યવસ્થાપનનો શુભારંભ કરવામા આવ્યો.

જળવ્યવસ્થાપન

- મારી સરકારના ઉત્તમ જળવ્યવસ્થાપનની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે. સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય સિંચાઈ સવલતોએ આધારરૂપી માળખાના વિકાસનો અગત્યનો ભાગ બની છે, જેનો રાજ્યના અર્થતંત્ર પર પ્રેરક પ્રભાવ જોવા મળે છે. અત્યાર સુધી રાજ્યમાં પૂર્ણ થયેલા લાખો ચેકડેમોના કામો અને ૨૭,૦૦૦થી વધુ તળાવો ઊંડાં કરવાના કામો થકી આશરે ૪,૨૪,૦૦૦ હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારને સિંચાઈના લાભ મળે છે.
- સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૬૦ મીલીયન ઘન ફુટ) મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જીલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજનાની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત પ્રથમ તબકકાના કામો પૂર્ણ થયા છે અને યોજનાનોલાભ મળવાનો શરૂ થઇ ગયો છે. સૌની યોજનાના બીજા તબક્કાના રૂ. ૬૪૭૩ કરોડના કામો પૈકી રાજકોટ શહેરની પીવાના પાણીની મુશ્કેલી કાયમી ધોરણે દૂર કરવા આજી-૧ જળાશય સુધીની કામગીરીફક્ત સાત માસના ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરી ચોમાસા અગાઉ પાણી ભરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સૌની યોજનાના બીજા તબક્કામાં ચાર લીંકના ૧૧ પેકેજના રૂ. ૬૦૮૮ કરોડની અંદાજીત રકમના કામો પ્રગતિ હેઠળ છે. સંપૂર્ણ યોજના પૂર્ણ થયે ૮,૨૫,૦૦૦ એકર વિસ્તારમાં હયાત સિંચાઈ સુવિધા સુદ્રઢ બનશે.
- મહી નહેર સુધારણા,વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સુરત જીલ્લામાં કાકરાપાર-ગોરધા-વડ ઉદ્‌વહન સિંચાઇ યોજના, કડાણા જળાશય આધારિત પાઇપ લાઇન યોજના તથા દિણોદ-બોરીદ્રા ઉદ્‌વહન સિંચાઇ યોજનાનાં કામો પ્રગતિમાં છે, જેનાથી કુલ ૪૦૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કરજણ જળાશય આધારિત પાઇપ લાઇન યોજનાઓ પ્રગતિ હેઠળ છે, જેનાથી દાહોદ અને મહીસાગર જિલ્લાના આશરે ૧૦,૦૦૦ હેક્ટર વિસ્તારને તથા નર્મદા, ભરૂચ અને સુરત જીલ્લાના આશરે ૭,૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.

- સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણના ૧૦૦ બંધારા અને ભરતી નિયંત્રક, ૧૮ રીચાર્જ જળાશયો, ૪૩ રીચાર્જ તળાવો, ૨૨૦ કિ.મી. લંબાઇમાં વિસ્તરણ નહેરો, ૨૮૫ કિ.મી. લાંબી રેડીયલ કેનાલ, ૧૩૫૮ ચેકડેમો થકી ૧,૩૨,૫૩૦ હેક્ટર વિસ્તાર જમીન નવસાધ્ય કરી સિંચાઇનો લાભ આપ્યો છે.
- ગુજરાત સરકારને બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ કરેલ કામગીરી માટે PM'S award For excellence in Public Administration મળ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં સિંચાઇ ક્ષમતા ૮૫૭૦૦ હેક્ટર જેટલી સફળતાપૂર્વક વધારવામાં આવી છે.

સરદાર સરોવર યોજના

- નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલ થકી કચ્છ જિલ્લાનું ટપ્પર જળાશય ૪૩૧ મીલીયન ઘનફુટ પાણીથી ભરવામાં આવ્યું, જેની લોકાર્પણ વિધિ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા.૨૨/૦૫/૨૦૧૭ ના રોજ કરવામાં આવી હતી. ટપ્પર જળાશય થકી કચ્છ જિલ્લાના ૭૧૪ ગામાને તથા ૪ શહેરી વિસ્તારોને પાઇપલાઇન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તદઉપરાંત કચ્છ બ્રાંચ કેનાલ થકી રાપર તાલુકાની મધ્યમ કક્ષાની ફતેગઢ સિંચાઇ યોજના, સૂવી યોજના તથા લાકડાવાંઢ બંધારામાં વર્ષ ૨૦૧૫ માં ૯૭૮ મીલીયન ઘનફૂટ, વર્ષ ૨૦૧૬ માં ૭૮૩ મીલીયન ઘનફૂટ અને વર્ષ ૨૦૧૭ માં ૫.૨૨ મીલીયન ઘનફૂટ પાણી નાખવામાં આવ્યું છે, જેનાથી સિંચાઇની સુવિધામાં વધારો થયો છે.
- લોહપુરૂષ સરદાર પટેલ ભારતના ઘડવૈયા હતા. તેઓશ્રીએ વિવિધ રાજયોનું એકત્રીકરણ કરીને આ દેશને અખંડ રાખ્યો છે. તેઓશ્રીએ આઝાદી અપાવવામાં તથા આ દેશને એક કરવામાં આપેલ ફાળો અમૂલ્ય છે. તેમનું યોગ્ય સ્મારક બનાવવાની કલ્પના તત્કાલીન માન. મુખ્ય મંત્રીશ્રી અને આજના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી અને આ કલ્પનાને વાસ્તવિકતામાં બદલવામાં તેમની સતત દેખરેખ રહી છે. મને જણાવતાં આનંદ થાય છે કે ૧૮૨ મીટર ઊંચાઈની વિશ્વના સૌથી ઊંચા સ્ટેચ્યુની તથા આ યોજનાના અન્ય ઘટકો, જેવાં કે ૫૨ (52) રૂમનું શ્રેષ્ઠ ભારત ભવન, પ્રવાસી તથા મેમોરીયલ કેન્દ્ર, યોજનાના જુદા જુદા ઘટકોને જોડતા રસ્તાઓ અને પુલ, સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુવિધા કેન્દ્ર વગેરેની ૬૫% કામગીરી પૂર્ણ થઈ છે. મને આશા છે કે ઓક્ટોબર–૨૦૧૮ માં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે, જેનાથી આ મહાપુરૂષની પ્રતિભાને છાજે તેવી આ પ્રતિમા આવનારી અનેક પેઢીઓ માટે પ્રેણાસ્ત્રોત બની રહેશે અને નર્મદા જિલ્લો તથા આસપાસના સમગ્ર વિસ્તારના સર્વાંગી વિકાસતરફ દોરી જશે.
- નર્મદા નદી ઉપર રૂ. ૪૩૩૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧.૬૬૩ કિ.મી. લાંબા ભાડભૂત બેરેજનો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો છે.

પાણી પુરવઠો

- રાજયમાં પીવાના પાણીની મુશ્કેલીઓ દૂર કરવામાં મારી સરકાર હંમેશા અગ્રેસર રહી છે. લાંબા ગાળાના આયોજન થકી ગુજરાતની જનતાને દુષિત પાણી પીવાથી થતા રોગોમાંથી મુક્તિ મળી છે. રાજયના નાગરિકોને શુધ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થતાં પાણીજન્ય રોગોમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે અને નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સારુ થયું છે.
- સરદાર સરોવર કેનાલ તેમજ પાણીનાં અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજના હેઠળ ૨૮૭૧ કીલોમીટરની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં સૌથીલાંબીએવી આ રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજયના ૧૨૦૦૦ થી વધુ ગામો અને ૨૦૬ થી વધુ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં સરકારને સફળતા મળી છે.
- રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ૫૫.૨૫ લાખ કુટુંબોને નળ કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં નાના કસબાઓ, ફળિયાઓ, પરા વિસ્તાર સુધી ૧૩૮૭૫ મીની પાઇપ યોજનાઓ અને ૨,૬૭,૦૨૦ હેન્ડ પમ્પ બેસાડી અંતરિયાળ વિસ્તાર સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. આ સુવિધાઓ પૈકી ૧૨,૬૩૮ મીની પાઇપ યોજનાઓ તેમજ ૧,૯૫,૫૨૫ હેન્ડ પમ્પ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છુટા છવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં સતત વધારો કરેલ છે. ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં નળ કનેક્શનથી પાણી પહોંચાડવું મુશ્કેલ હોવા છતાં સરકારે આ મુશ્કેલીનો સામનો કરી આદિવાસી વિસ્તારોનાં ૧૦.૨૨ લાખ કુટુંબોને નળ કનેકશન ધ્વારા પીવાના પાણીની સુવિધા પુરી પાડવા તત્પરતા દાખવી છે.

કૃષિ

- ઓછા પાણીએ વધુ સિંચાઈ કરી પાણી , વીજળી અને ખાતરની બચતની સાથેસાથે ખેતઉત્પાદનમાં વધારો થાય તે માટે મારી સરકારે ગુજરાતના ખેડૂતોના હિતમાં ટપક સિંચાઇ માટેની સબસીડી સામાન્ય ખેડૂતો માટે ૫૦ ટકાથી વધારીને ૭૦ ટકા અને અનુ.જાતિ/જનજાતિ માટે ૭૫ ટકાથી વધારીને ૮૫ ટકા કરી છે.
- ઊભા પાકને પશુઓથી બચાવવા ખેતરોની ફરતે તાર ફેન્સિંગની યોજના હેઠળ આ વર્ષે ૨૩૬૧ ક્લસ્ટરમાં ૩.૪૬ લાખ રનીંગ મીટરની તારની વાડ કરવામાં આવી છે.
- ૨૦૧૭–૧૮માં રાજ્યમાં વિવિધ સેન્ટરો પરથી ટેકાના ભાવે ખરીદીની યોજના અંતર્ગત રૂ.૩૬૩૨ કરોડના મુલ્યની કુલ ૮.૦૯ લાખ મેટ્રીક ટન મગફળીતથા રૂ. ૧૮૮.૫૫ કરોડના મૂલ્યના ૩૯૫૫૪ મેટ્રીક ટન કપાસની ખરીદી કરવામાં આવી, જેનો રાજયના ખેડૂતોને મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે. મારી સરકારેટેકાના ભાવ ઉપરાંત મગફળીમાં ક્વિન્ટલે રૂ. ૫૦/– તથા કપાસમાં ક્વિન્ટલે રૂ. ૫૦૦/– બોનસ આપ્યું છે.

- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ૨૩.૧૪ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર વીમા હેઠળ આવરી લેવાયો છે.
- ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ સને ૧૯૯૫–૯૬થી તારીખ.૦૪/૦૧/૨૦૧૮ની સ્થિતિએ રાજ્ય સરકારે કુલ ૨૨૭૬૦ ખેડૂત ખાતેદારના વારસદારોને રૂ. ૨૦૮ કરોડની અકસ્માત વીમા સહાય આપી છે.

બાગાયત

- ગુજરાતના ખેડૂતોને આધુનિક ટેકનોલોજી મળે તે હેતુથી ઇન્ડો ઇઝરાયલ વર્ક પ્લાન હેઠળ રાજ્યમાં ત્રણ સેન્ટર ઓફ એક્સેલેન્સ સ્થાપવામાં આવ્યા છે.
- રાજયમાં હાલ કોલ્ડ સ્ટૉરેજની સંગ્રહ ક્ષમતા ૨૩ લાખ મે.ટન છે, જેનો ખેડૂતો મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

પશુપાલન

- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. અત્યારે ૨૦ જીલ્લા દૂધ ઉત્પાદન સંઘ કાર્યરત છે. ડેરી સંઘોની દૈનિક દૂધ એકત્રિત કરવાની ક્ષમતા ૧ કરોડ ૯૭ લાખ લીટર છે. વર્ષ ૨૦૧૬–૨૦૧૭ દરમ્યાન રાજ્યના દૂધ ઉત્પાદન સંઘો દ્વારા દૈનિક ૧ કરોડ ૭૧ લાખ લીટર દૂધ એકત્રીત કરવામાં આવ્યું હતું.
- રાજ્યના ૨૨.૫૨ લાખ દૂધ ઉત્પાદકોના ખાતાઓ ખોલી તેમના નાણાં સીધા બેંક ખાતામાં e-paymentદ્વારા જમા કરવામાં આવે છે.
- કૃષિ મહોત્સવ ૨૦૧૭ દરમ્યાન ૨૭૦ પશુ આરોગ્ય કેમ્પ યોજીને ૧.૫૮ લાખ પશુઓને સારવાર, ૪૫.૧૧ લાખ પશુ – પક્ષીઓમાં રસીકરણ, ૧.૨૧ લાખ પશુઓને કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું.

ગ્રામ વિકાસ

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ અત્યારસુધીમાં રાજ્યમાં ૩૪.૨૬ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યાં છે, જેઓને ૧૦૦% વેતનની ચુકવણી DBTદ્વારા કરવામાં આવે છે. તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૭ અંતિત કુલ ૭.૦૬ લાખ કુટુંબોને કુલ ૨૪૯.૬૧ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવી છે, જે પૈકી મહિલાઓને ૧૦૬.૩૯ લાખ માનવદિનની રોજગારી મળી છે.
- પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ તમામ જિલ્લાઓને જુદા જુદા પાંચ ઝોનમાં વિભાજિત કરી ટાઇપ ડિઝાઇન મુજબ આવાસ બાંધકામ કરવામાં આવે છે. જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને રહેણીકરણીને ધ્યાને લઇ ૪૧ ટાઇપ ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. તે ડિઝાઇન પૈકીની ડિઝાઇન મુજબ લાભાર્થીના આવાસનું બાંધકામ કરવામાં આવે છે. આ યોજનાના ૧,૫૭,૬૦૦ લાભાર્થીઓને પ્રથમ હપ્તાનું કુલ રૂ. ૪૭૩ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે.
- રાજયમાં ગુણવત્તાયુક્ત બાંધકામ થાય અને રાજ્યના શ્રમિકોને રોજગારી મળે તેવા બમણા હેતુથી કેન્દ્ર સરકારની મેશન તાલીમ યોજના હેઠળ તમામ જિલ્લાઓને આવરી લઈ જિલ્લા દીઠ અર્ધકુશળ કડિયાઓ પસંદ કરી તેમને આવાસ બાંધકામ અંગે ટેકનીકલ તાલીમ પૂરી પાડવામાં આવે છે .
- સરદારપટેલઆવાસયોજનાહેઠળ અત્યાર સુધીમાં લાભાર્થીઓ દ્વારા ૧૧,૫૧,૦૦૦ આવાસ બાંધવામાં આવ્યા છે.
- ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી. – મિશન મંગલમ કાર્યક્રમ અંતર્ગત ડિસેમ્બર–૨૦૧૭ અંતિત કુલ ૨,૭૪,૧૭૮ સખી મંડળોની રચના કરવામાં આવી છે. ૨૨૭૮૪ સખી મંડળોને બેંકો મારફતે કેશ ક્રેડીટની, ૨,૩૨,૮૦૫સખી મંડળોને રીવોલ્વીંગ ફંડનીતથા ૨૦૯૮૦ સખી મંડળોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની ફાળવણી કરવામાં આવી છે.

પંચાયતી રાજ

- ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત રાજયની વી–સેટ આધારિત કુલ ૧૪૦૧૭ ગ્રામ પંચાયતો દ્વારા મહત્વની સેવાઓ જેવી કે, જન્મ અને મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ.યાદી, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ વગેરે જેવા કુલ ૬૧ કરોડ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યાં છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોમાં એકતા જળવાઈ રહે અને બધા સાથે મળીને ગામનો વિકાસ કરે તે માટે ઓક્ટોબર–૨૦૦૧થી અમલમાં આવેલી સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૨,૪૩૩ સમરસ ગ્રામ પંચાયત જાહેર થઈ છે, તે પૈકી ૫૭૬ ગ્રામ પંચાયત મહિલા સમરસ ગ્રામ પંચાયત તરીકે જાહેર થઈ છે.
- પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. ગ્રામ પંચાયત દ્વારા લોકોને પ્રાથમિક સુવિધાઓ અને વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેથી ગ્રામ પંચાયત કચેરી સગવડતા સભર બને તેવા હેતુથી ગ્રામપંચાયતોને વસ્તીના ધોરણે રૂ.૨૨ લાખ સુધીની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અત્યાર સુધીમાં (ડિસે.–૧૭ અંતિત) ૨૩૯૫ ગ્રામ પંચાયતના નવા મકાનો અને ૧૦૦૦ ગ્રામ પંચાયતના જર્જરિત મકાનો રીપેરીંગ માટે મંજુર કરી કુલ રૂ.૯૬.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

શહેરી વિકાસ

- યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને દેશનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સીટી જહેર કરવામાં આવ્યું છે.

- રાજ્યના નાગરિકોને મોટા પ્રમાણમાં અને વ્યાજબી કિંમતમાં રહેણાંકના મકાનો, દુકાનો, અને ઓફિસો વિગેરે પ્રાપ્ત થાય તે માટે મારી સરકારે પ્રગતિશીલ નિર્ણય લઈ રાજયભરના શહેરોમાં આયોજનબદ્ધ નિયમો (કોમન જી.ડી.સી.આર.)ને મંજૂરી આપી છે. સમગ્ર રાજયમાં એક સમાન બાંધકામ નિયમો લાગુ કર્યા છે, જેનો ફાયદો નાગરિકોને મોટા પ્રમાણમાં મળશે.
- રાજયનાશહેરીવિસ્તારોનાવિકાસમાટે ૨૦૦૯ થી અમલી સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓમાં રૂ.૧૨૪૦૭ કરોડના ૧૧૨૫૪ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં, જે પૈકી રૂ ૯૫૭૯ કામો પૂર્ણ થયાં છે અને ૧૩૯૧ કામો પ્રગતિ હેઠળ છે. નગરપાલિકાઓમાં રૂ. ૩૨૬૩ કરોડના ૨૮૨૯૨ કામોને મંજૂર કરવામાં આવ્યાં હતાં, જે પૈકી ૨૨૦૯૦ કામો પૂર્ણ થયાં છે અને ૪૫૧૭ કામો પ્રગતિ હેઠળ છે.
- મારી સરકાર દ્વારા શહેરોમાં વસતા મકાન વિહોણા લોકોને આવાસ પૂરા પાડવા માટે વિવિધ યોજના અંતર્ગત કુલ ૪.૨૨ લાખ આવાસોનું આયોજન કરી ૨.૧૧ લાખ જેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યાં છે અને બાકીનાં આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.
- સ્માર્ટસીટીમિશન અંતર્ગત ગુજરાત રાજયના ૬(છ)શહેરો અમદાવાદ, સુરત, વડોરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરો માટે કુલ રૂ **૧૨૩૨૧**.કરોડની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે.
- અટલમિશન ફોર રિજૂવિનેશન એન્ડ અર્બનટ્રાન્સફોર્મેશન (અમૃત)હેઠળશહેરી વિકાસ મંત્રાલય, ભારત સરકારદ્વારા વર્ષ ૨૦૨૦ સુધી ગુજરાત રાજય માટે રૂ. ૪૮૮૪ કરોડના માળખાકીય સુવિધાઓના ૩૪૪કામો, જેવા કે પાણી પુરવઠો, ભુગર્ભ ગટર વ્યવસ્થા, વરસાદી પાણી નિકાલ વ્યવસ્થા, શહેરી પરિવહન સુવિધા તેમજ બાલોદ્યાન અને બગીચા માટેના કામો મંજૂર થયાં છે,જે પૈકી ૧૧૨ કામો પ્રગતિના વિવિધ તબકકેછે .
- મેટ્રો-લીંકફોરગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે રૂ. કરોડ **૧૦૭૭૩** ના મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કાર્યરત છે.ઇસ્ટ–વેસ્ટ કોરિડોરના ૬.૫ કિ.મી.ના રૂટના વાયા ડક્ટનું બાંધકામ લગભગ પૂર્ણ થઇ ચૂક્યું છે,તેમજ એપીએમસી થી મોટેરા સ્ટેડિયમ, થલતેજ થી શાહપુર, તેમજ શાહપુરથી એપેરલ પાર્ક ડેપો ના અંડરગ્રાઉન્ડ સેકશન નું કામ પ્રગતિ હેઠળ છે. ઉપરાંત વસ્ત્રાલથી એપરલ પાર્ક સુધીના સ્ટેશનો તેમજ નોર્થ–સાઉથ કોરિડોરના વાયા ડક્ટની કામગીરી પણ પ્રગતિમાં છે.
- રાજ્ય સરકારે રાજ્યના ૧૬૨ નગરપાલિકા તથા ૮ મહાનગરપાલિકાને ખુલ્લામાં શૌચક્રીયા મુક્ત જાહેર કર્યા છે. ૨૦૧૧ સેન્સસ મુજબ બાકી રહેલાં શૌચાલય વિહોણા કુટુંબો માટે મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કુલ ૫,૬૫,૪૮૬શૌચાલયો બનાવવામાં આવ્યાં છે,જે માટે કુલ રૂ. ૬૭૮ કરોડનો ખર્ચ કર્યો છે.

માર્ગ અને મકાન

- ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થયો છે. રાજ્યમાં કૃષિ, ઉદ્યોગ, વેપાર વિગેરેની પ્રવૃત્તિઓ મોટા પ્રમાણમાં ચાલી રહી છે. રાજયમાં વાહન વ્યવ્હાર પણ દિન–પ્રતિદિન મોટા પ્રમાણમાં વધી રહ્યો છે. તેને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યના નાનામાં નાના ગામથી માંડી મોટા શહેરો સુધી રસ્તાઓના નેટવર્કનેવ્યાપક રીતે વધારવામાં આવ્યું છે અને જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં હયાત રસ્તાને વધુ પહોળા કરવા, નવા પુલો – ફ્લાયઓવર નું નિર્માણ કરવું, તે પ્રમાણેની આંતરમાળખાકીય સુવિધા સમગ્ર રાજ્યમાં વધારી છે. મારી સરકારે રૂ. સાત હજાર કરોડની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો અમલ કર્યો છે. તેનો ખુબ મોટો લાભ ગ્રામ વિસ્તારને થયો છે.
- મારી સરકારના પ્રયત્નોનો હકારાત્મક પ્રતિભાવ આપતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ–૮ પર ભરૂચ ખાતે નર્મદા નદી પર ચાર માર્ગીય એકસ્ટ્રા ડોસ્ડ પૂલનું લોકાર્પણ કરવા બદલ હું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ પ્રતિ આભારની લાગણી વ્યકત કરૂં છું.
- રૂ.૬૬.૮૨ કરોડના ખર્ચે ૧૨ મોટા પુલો પૂર્ણ કર્યા છે તથા રૂ.૧૧૦૮.૮૪ કરોડની અંદાજિત રકમના ૫૪ મોટા પુલોનાં કામ પ્રગતિમાં છે.
- અંબાજી, ડાકોર, પાવાગઢ અને પાલીતાણા યાત્રાધામોને જોડતા ૪૪૪.૬૮ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ચારમાર્ગીયકરણ પ્રગતિમાં છે.
- વિશ્વ પ્રસિદ્ધ એવા દ્વારકા પાસે આવેલા ઓખા શહેરથી બેટ દ્વારકા હોડીઓ મારફતે જઈ શકાતું હતું. ઘણાં વર્ષોથી ઓખાથી બેટ દ્વારકાને જોડતા પુલની જરૂરિયાત હતી. તેને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૯૬૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર પુલનું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભૂમિપૂજન કરવામાં આવ્યું અને તેના ટેન્ડર પણ માન્ય કરી દેવામાં આવ્યાં છે અને હવે ટૂંક સમયમાં કામ શરૂ કરવામાં આવશે.
- મારી સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ભવનો બનાવવામાં આવ્યાં છે, જેની સગવડોનો લાભ આ ભવનોમાં કાર્યરત સરકારી કચેરીઓની મુલાકાત લેતી પ્રજાને મળે છે. સરકારી કર્મચારીઓ માટે પણ ક્વાર્ટર્સ મોટા પ્રમાણમાં બનાવવામાં આવ્યાં છે, જેનાથી કર્મચારીઓની સગવડોમાં થયેલો વધારો તેઓની સારી કામગીરી માટે પ્રેરક બન્યો છે.

વાહનવ્યવ્હાર

- 'વધુ બસ, સારી બસ' ના સંકલ્પ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં ૫૭૫ નવી BS-4 બસો સંચાલનમાં મુકવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮ માં આદિજાતિ વિસ્તારો માટે 3૫૨ મીની બસો સંચાલનમાં મૂકવામાં આવી છે.
- રાજ્યમાં અમદાવાદમાં ૨(બે), વડોદરામાં ૨(બે) તથા મહેસાણામાં ૧ આધુનિક બસસ્ટેન્ડ(બસપોર્ટ)ની સગવડો જનતાને મળી રહી છે, જ્યારે સુરત ખાતે આવું બસસ્ટેન્ડ સત્વરે કાર્યાન્વિત થનાર છે. અન્ય ૯ સ્થળોએ આવા બસસ્ટેન્ડનાં કામ પ્રગતિમાં છે.
- પ્રજાને બસ સુવિધા નિયમિત રીતે આપી શકાય તે માટે એસ. ટી. નિગમમાં ૨૬૨૦ ડ્રાયવરોની નિમણૂંક કરવામાં આવી છે.
- કેશ લેસ ઈન્ડીયા અને ડીજીટલ ઈન્ડીયા ઝુંબેશ અંતર્ગત નિગમના તમામ બસ સ્ટેશનો અને ૪૫ વોલ્વો બસોમાં પી.ઓ.એસ. મશીન આપવા ઉપરાંત વોલેટ પેમેન્ટની સગવડ પણ શરૂ કરવામાં આવી છે. ટોલ નાકાઓ પરથી પસાર થતી બસોમાં આર.એફ.ટેગ લગાવી ઓટોમેટેડ ટોલ બુથ પેમેન્ટ સીસ્ટમની અમલવારી કરવામાં આવી છે. મુસાફર જનતા ઝડપથી અને સરળતાથી ઓન–લાઈન બુકીંગ કરાવી શકે તે માટે નિગમ દ્વારા મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે, જેમાં એડવાન્સ બુકીંગ, કરંટ બુકીંગ તેમજ બસ ટ્રેક કરવા જેવી બાબતો સામેલ છે.
- રાજ્યમાં થતા માર્ગ અકસ્માતો ઘટાડવા અને નાગરિકોની સલામતી માટે અનેક પ્રકારનાં પગલાં લેવામાં આવ્યાં છે. માર્ગ સલામતીના હેતુસર રાજ્યની Road Safety Policyજાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટેટ રોડ સેફ્ટી ઑથોરિટી તથા સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સિલની રચના કરવામાં આવી છે. માર્ગ સલામતિ બાબતે હાથ ધરવામાં આવેલ પ્રયત્નોની ફળશ્રુતિ સ્વરુપે રાજ્યમાં અકસ્માતોની સંખ્યામાં ૧૫%નો ઘટાડો જોવા મળ્યો છે.
- નવરચિત જિલ્લાઓ બોટાદ તથા અરવલ્લી આર.ટી.ઓ.કચેરીના નવીન મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છેતેમજ બાવળાઆર.ટી.ઓ.કચેરી નવનિર્મિત ભવનમાં કાર્યરત થઈ છે.

બંદરો

- વર્ષ ૨૦૧૬–૧૭માંગુજરાત મેરીટાઇમ બોર્ડના બંદરોથકીમાલનીહેરફેર૩૪૬ મીલીયન મેટ્રીક ટન થઈ, જે કુલ રાષ્ટ્રીય ટ્રાફીકના ૩૦.૦૫ ટકા તથા ગૌણબંદરો પરના ટ્રાફીકનો ૭૧.૦૩ ટકા સિંહ ફાળો દર્શાવે છે. વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૭ સુધીમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડના બંદરો પર વહન થયેલ કાર્ગો અંદાજિત ૭% ના સંયુક્ત વાર્ષિક વૃધ્ધિ દરથી વધવા પામ્યો છે.
- નર્મદા પરિક્રમાના યાત્રિકો માટે બર્થીંગની સુવિધા અંતર્ગત જેટીનું કામ મંજૂર કરવામાં આવ્યું છે, જેને માર્ચ ૨૦૧૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.
- ગુજરાતના દરિયા કિનારે સંવેદનશીલ હિલચાલ પર નજર રાખવા આ વિસ્તારના પેટ્રોલીંગના હેતુસર બી.એસ.એફ.ના વહાણો લાંગરવા કચ્છ જિલ્લાના કોટેશ્વર ખાતે અંદાજિત રૂ.૨૦૦ કરોડના ખર્ચે જેટી બનાવવા માટે સર્વે અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી પૂર્ણતાના આરે છે.

કાયદો અને વ્યવસ્થા

- રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી રીતે જળવાઇ રહે, રાજ્યની શાંતિ, સલામતી અને એકતાનું યોગ્ય જતન થાય અને રાજ્યના વેપાર ધંધા – ઉદ્યોગ સરળતાથી ચાલે અને દરેક ધાર્મિક ઉત્સવો અને તહેવારો પ્રજા શાંતિપૂર્ણ વાતાવરણમાં માણી શકે તે માટે મારી સરકાર સતત પ્રયત્નશીલ છે. સમગ્ર દેશમાં ગુજરાતની એકતા અને શાંતિ ભર્યું વાતાવરણ અગ્ર સ્થાને છે.
- સમગ્ર રાજ્યમાં વિવિધ જગ્યાઓએ કુલ ૪૫૮૨ સી સી ટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યાં છે. આ સી સી ટીવી કેમેરા તેમજ ફોરેન્સિક/મોબાઇલ ટેકનોલોજીની મદદથી ગંભીર એવા ગુનાઓ સહીત ૨૯૩ ગુનાઓ શોધી શકાયા છે. આમ ગુનાઓ શોધવામાં તથા ગુનાઓ બનતા અટકાવવામાં સી સી ટીવી કમેરા અને અદ્યતન ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી સાબિત થયા છે.
- મારી સરકારે નશાબંધી નીતિના કડક અમલ માટે નશાબંધીના કાયદામાં સૂધારો કર્યા બાદ રાજ્યમાં દારૂની પ્રવૃત્તિને લગતા ગુનાઓમાં ૪૪ ટકા ઘટાડો નોંધાયો છે. દારૂની હેરાફેરી સાથે સંકળાયેલ અંદાજિત ૧૦,૦૦૦ જેટલા વાહનો પકડવામાં આવ્યા છે.
- કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પૂરતું પોલીસ ફોર્સ હોય તે જરૂરી છે. આ માટે ગત વર્ષે કુલ ૧૮૦૦૦ કરતાં પણ વધુ લોક રક્ષક, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, ઈંટેલીજન્સ ઑફિસર વિગેરેની ભરતી કરવામાં આવી છે.
- રાજ્ય સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, સંકલિત બાળવિકાસ યોજના, અન્ન ત્રિવેણી યોજના વિગેરે અંતર્ગત વિતરણ માટે ખરીદવામાં આવતી ચીજવસ્તુઓની ગુણવત્તાની ચકાસણીની અગત્યતા અને તાતી જરુરીયાત ધ્યાને લઇ ખરીદ કરવામાં આવતા આવા જથ્થાની ચકાસણી માટે ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સની કચેરીના નિયંત્રણ હેઠળ ફૂડ રિસર્ચ લેબોરેટરી ચાલુ કરવામાં આવી છે, જેથી ઉક્ત યોજનાના લાભાર્થીઓ દ્વારા અયોગ્ય ખાદ્ય સામગ્રીનો ઉપયોગ ટાળી શકાય.

- મારી સરકાર જાહેર વહીવટમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા કટિબધ્ધ છે, જેના પરિણામ સ્વરૂપ લાંચ રૂશ્વત સંબંધિત કેસોનો કન્વીકશન રેટ વર્ષ ૨૦૧૭માં ૪% વધીને ૩૦% થયો છે.

ઉર્જા

- રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે. વર્ષ ૨૦૧૬–૧૭ માં રાજયનો માથાદીઠ વીજ વપરાશ૧૯૧૬ યુનીટ, એટલે કે રાષ્ટ્રીય સરેરાશ કરતાં લગભગ પોણા બે ગણો હતો, જે દર્શાવે છે કે રાજ્ય સામાજિક અને આર્થિક વિકાસના પથ પર અગ્રેસર છે.
- ઉકાઈ અને વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનોમાં ટર્બાઈનનાનવીનીકરણ અને આધુનિકીકરણનું કાર્ય પૂર્ણ થયું છે, જેના કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં આશરે રૂ. ૦.૩૦ પ્રતિ યુનીટનો ઘટાડો થયો છે.
- રાજ્યને નજીકની ખાણોમાંથી કોલ ફાળવવાની વિનંતી અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમને કુલ ૫૧.૩૦ લાખ મેટ્રિક ટન કોલ નજીકની ખાણોમાંથી ફાળવવામાં આવતા, પરિવહન ખર્ચમાં થયેલ ઘટાડાને કારણે રાજ્યને નવે.૨૦૧૬થી ઑક્ટો.૨૦૧૭ સુધીમાં કુલ રૂ. ૩૮૨ કરોડની બચત થઈ છે.
- વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમના વીજ મથકો દ્વારા ૧૨૬% ફ્લાય એશ યુટીલાઈઝેશન હાંસલ કરવામાં આવ્યું છે.
- મારી સરકારે નવેમ્બર ૨૦૧૭ સુધીમાં ૫૦૪૭૪ ઘર વપરાશના તથા ૬૨૦૯૮ કૃષિ વિષયક વિજ જોડાણો આપ્યાં છે અને વીજ વિતરણ માળખું સુદ્રઢ કરવા માટે વર્ષ ૨૦૧૭માં રૂ. ૪૧૫ કરોડનો ખર્ચ કર્યો છે.
- રાજ્યની વિજ વિતરણ કંપનીઓ દ્વારા વિજ ગ્રાહકો વિજ બિલના નાણાં કોઈપણ સ્થાનેથી ઈન્ટરનેટના માધ્યમથી ચૂકવી શકે તે પ્રકારની ઓન લાઈન પેમેન્ટની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે.
- માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં વીજબિલ ઘટે તે માટે અને વીજખર્ચની બચત કરવા માટે LEDબલ્બ અને ટ્યુબલાઈટના વપરાશમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત ૩.૭૯ કરોડ LED બલ્બ, ૧૦.૮૧ લાખ LED ટ્યુબલાઈટ અને ૫.૫૭ લાખ એનર્જી એફીસીયન્ટ ફેનના વિતરણ સાથે ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમાંક પર છે.
- વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન રાજયમાં વધુ ૧૮૪ મેગાવૉટ ક્ષમતાના વિન્ડફાર્મ ડિસેમ્બર–૨૦૧૭ સુધીમાં ઉભા કરીને કાર્યરત કરાયા છે. આમ રાજ્યની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૫૫૦૨ મેગાવૉટ થઇ છે.
- ચાલુ વર્ષ દરમિયાન ૩૪૪ મેગાવૉટ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત કર્યા છે. આમ રાજ્યની કુલ સોલાર ઉત્પાદન શકિત ૧૬૧૨ મેગાવૉટ થઈ છે.

ઉદ્યોગ

- ભારતનોપ્રથમમેગાટેક્ષ્ટાઇલમેળોગુજરાતમાંયોજવામાંઆવ્યો, જેમાં દેશ અને દુનિયાના ટેક્ષ્ટાઈલ સાથે સંકળાયેલ કંપનીઓએ ભાગ લીધો.
- Ease of Doing Business અંતર્ગત ૧૬ વિભાગોની ૫૧ જેટલી યોજનાઓનું એકીકરણ તેમજ અરજીફોર્મ અને પેમેન્ટ સિસ્ટમનું સરળીકરણ કરવામાં આવ્યું છે.

ખનિજો

- ખનિજ ખાતાની ચાલુ નાણાકીય વર્ષમાં ડિસેમ્બર અંતિત રૂ. ૭૮૮.૦૫ કરોડની મહેસુલી આવક થઈ છે, જે ૨૩.૫૬ % નો વધારો દર્શાવે છે.
- ગુજરાત ડીસ્ટ્રીક્ટ મીનરલ ફાઉન્ડેશન નિયમો અન્વયે તા.૧/૪/૨૦૧૭ થી અત્યાર સુધી મુખ્ય ખનિજની માઈનીંગ લીઝોના પટ્ટેદારો પાસેથી રૂ. ૭૪ કરોડ તથા ગૌણ ખનિજની ક્વોરી લીઝોના પટ્ટેદારો પાસેથી કુલ રૂ.૪૭ કરોડ મળીને કુલ રૂ. ૧૨૧ કરોડનું ડીએમએફ ફંડ જમા કરાવવામા આવ્યું છે, તે પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ કુલ ૧૦ જિલ્લાઓમાં જનહિતલક્ષી કામો માટે કુલ રૂ. ૭૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. તે ઉપરાંત પ્રધાનમંત્રી ખનિજ કલ્યાણ ક્ષેત્રીય યોજના અન્વયે અત્યાર સુધી રૂ. ૧૪૧ કરોડના ૨૩૦૯ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. ખનિજસભર વિસ્તારોમાં આંતર– માળખાકીય સુવિધાઓ પુરી પાડવા માટે રૂ.૯૮૪ લાખ ના કુલ ૦૭ કામો માટે ગ્રાંટ ફાળવવામાં આવી છે.
- ભારતની શિલ્પ કળાની તાલીમ આપતી પ્રથમ બે સંસ્થાઓ સ્ટોન આર્ટીઝન પાર્ક અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે કાર્યરત છે, જેમા તાલીમ લેવા માટે આવતા તાલીમાર્થીને રહેવાની તેમજ જમવાની સગવડ અને સાહિત્ય અને શિલ્પ કામના ઓજારો વિના મૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત રોજના રૂ.૧૦૦/– લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

પ્રવાસન

- રાજ્યના પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા પ્રવાસીઓની સગવડોમાં વધારો કરવાના મારી સરકારના પ્રયાસો થકી વર્ષ ૨૦૧૬–**૧૭**માં રાજ્યમાં આવનારા પ્રવાસીઓની સંખ્યા ૪૪૮ લાખ થઈ છે**,**જેનાથી રાજયમાં પ્રવાસન અને આતિથ્ય ક્ષેત્રે રોજગારીની તકો ઉત્પન્ન થઈ છે. સ્માર્ટ ટુરિસ્ટ ડેસ્ટિનેશન યોજના અંતર્ગત રાજયભરમાં ૧૯ જેટલા પ્રવાસન સ્થળોને પસંદ કરવામાં આવ્યા છે અને ત્યાં અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવાનીકામગીરી હાથ ધરવામાં આવીછે.

- અંદાજિત રૂ.૨૩૫ કરોડનાખર્ચેગાંધીસર્કિટનો વિકાસ, વડનગર, મોઢેરા ,પાટણમાં હેરિટેજ સર્કિટનો વિકાસ અને ૧૨ બુદ્ધિસ્ઠ સ્થળોના વિકાસનાકામો હાથ ધરવામાં આવ્યાં છે.
- ગુજરાતના ૫૭મા ગૌરવ દિવસથી શ્રવણ તીર્થ દર્શન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને બસ ભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવી છે. કુલ ૨ રાત્રી અને ૩ દિવસના પ્રવાસમાં પવિત્ર યાત્રાધામો, શકિત પીઠો, દેવસ્થાનો, નદીઓનું તીર્થ દર્શન થાય છે. આ યોજનાથી રાજયના વરિષ્ઠ નાગરિકોને ગુજરાતના યાત્રાધામોના દર્શન કરવાની ઉત્તમ તક પ્રાપ્ત થાય છે. અત્યાર સુધીમાં આશરે ૩૬,૦૦૦ થી વધુ યાત્રિકોએ યાત્રાનો લાભ લીધો છે.
- રાજ્યના યાત્રિકો માટેની 'સિંધુ દર્શન યોજના' જુન–૨૦૧૭ થી અમલમાં મુકવામાં આવી છે, જેમાં જમ્મુ કાશ્મીર રાજ્યના લેહ લદ્દાખ ખાતે જુન માસમાં સિંધુ નદીના દર્શન માટેની યાત્રા કરનાર ગુજરાતમાં રહેતા વધુમાં વધુ ૨૦૦ યાત્રિકોને રૂપિયા ૧૫,૦૦૦/–ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવે છે. પ્રથમ વર્ષે જ પૂરતી સંખ્યામાં યાત્રીઓએ પ્રવાસ કર્યો છે.
- પવિત્ર યાત્રાધામો ખાતે મુલાકાત લેતા વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો અને સ્ત્રીઓ માટે પાર્કીંગથી મંદિર અને મંદિરથી પાર્કીંગ પરત પહોંચાડવા માટે વ્હીલ ચેર અને બેટરી/સોલાર ઓપરેટેડ વાહનની સુવિધા ઉપલબ્ધ કરવા માટે યોજના અમલમાં મુકી છે. અત્યાર સુધીમાં વિવિધ મંદિરો તરફથી આવેલ માંગણીના આધારે ૧૦૦ જેટલા બેટરી ઓપરેટેડ વાહન વિવિધ મંદિરોને પૂરાં પાડવામાં આવ્યાં છે.
- યાત્રાધામ પાવાગઢના યાત્રિકોની વિવિધ જરૂરિયાતોની કામગીરી માટે રૂ. ૧૨૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે, જે પૈકી પગપાળા રસ્તાની ૩ મીટરની પહોળાઇને ૬ મીટર કરવાની કામગીરી અડધી પૂર્ણ થઈ છે.
- રાજકોટ ખાતે રૂ.૧૪૦૫ કરોડ ના નવીન અત્યાધુનિક ગ્રીન ફીલ્ડ એરપોર્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી

- ભારત સરકાર દ્વારા ગુજરાતના ૭૨૯૫ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબર કનેક્ટિવીટીથી સાંકળવા માટેની મંજૂરી મળી છે.
- રાજ્યના નાગરિકોને એકજ પોર્ટલ હેઠળના ગરિકલક્ષી સેવાઓ ઘરે બેઠા મળી રહે તે હેતુથી ડીજીટલ ગુજરાત પોર્ટલ હેઠળ હાલમાં ૮૩ થી પણ વધુ સેવાઓ ઉપલબ્ધ છે, જેને ૫૦૦ સુધી લઇ જવાનુ લક્ષ્યાંક છે. ૪૦ થીવધારે સેવાઓની મોબાઇલ ઍપ્લિકેશન પણ શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલમાં ઉપલબ્ધ થયેલી ૧,૪૯,૮૨,૦૩૫ અરજીઓ પૈકીની ૧,૪૮,૦૦,૦૩૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ૬૦ થી પણ વધુ શિષ્યવૃત્તિ યોજનાઓની રકમ DBT(ડાયરેક્ટ બેનીફીટ ટ્રાંસ્ફર) દ્વારા ઓનલાઈન વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરવાનું શરૂ કરાયું છે, જે કેશલેસ વ્યવહાર અને ડિજિટલ વ્યવસ્થા પ્રત્યેનું એક મહત્વપૂર્ણ પગલું છે.
- રાજ્યની આઇ.ટી. પોલિસી અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં ૧૭૫ કરતાં વધુ અરજીઓ મળી છે,જે પૈકી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં રૂ.૭૯ કરોડ કરતાં વધુ સહાય પૂરી પાડવામાં આવી છે, જેનાથી ૫૫,૦૦૦ કરતાં વધુ રોજગાર નિર્માણ થશે.
- સાયન્સ સીટી ખાતે રોબોટિક્સ અને એક્વાટીક્સ ગેલેરીનું ભૂમિપૂજન કરીને બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું છે.
- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ) દ્વારા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારની સાથે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા રાજ્યના પાંચ જિલ્લા પાટણ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજ ખાતે પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમની સ્થાપના માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- સર્જનાત્મક અને નવીનતમ વિચારોથી સભર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને યોગ્ય સુવિધા પૂરી પાડવા માટે રાજ્યની આઠ (૮) જુદી જુદી સંસ્થાઓ ખાતે ડીઝાઇન લેબની સ્થાપના કરવામાં આવી છે.

ન્યાય વહીવટ

- રાજ્યના નાગરિકોને ઝડપી ન્યાય મળે તેવા મારી સરકારના પ્રયાસો રહ્યા છે. પડતર કેસોના ઝડપી નિકાલ માટે રાજ્યમાં આવેલા જુદા જુદા જિલ્લા /તાલુકા સ્તરે ૨૫ અધિક જિલ્લા ન્યાયાધીશની રેગ્યુલર કોર્ટો, ૫૦ અધિક સીનીયર સીવીલ જજની રેગ્યુલર કોર્ટો અને ૫૦ અધિક સીવીલ જજની રેગ્યુલર કોર્ટો મળીને કુલ ૧૨૫ રેગ્યુલર કોર્ટોની મંજૂરી આપવામાં આવી છે, જે હેઠળ ૭૫૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.
- પક્ષકારોને પુરતી સુવિધા મળી રહે તે માટે તત્પરતા બતાવી છે અને તે માટે તમામ સુવિધાયુક્ત ન્યાયાલયના સંકુલોના નિર્માણ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રતિ કર્યું છે. મહેસાણા ખાતે અંદાજિત રૂ.૬૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નવરચિત જિલ્લાઓ પૈકી છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, મહિસાગર, લુણાવાડા તેમજ મોરબીમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ બિલ્ડીંગોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. કોર્ટ બિલ્ડીંગના બાંધકામના ૭ કામોને રૂ.૧૭ કરોડ ૨૭ લાખની તથા કોર્ટ બિલ્ડીંગમાં સુધારા વધારાના ૨૧ કામોને રૂ.૭ કરોડ ૩૬ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમાં આવેલ જુદી જુદી તાબાની કોર્ટોમાં સીસીટીવી કેમેરા અને સર્વેલન્સ સીસ્ટમ દાખલ કરવા માટે રૂ.૨૩ કરોડ ૨૪ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

અન્ન અને નાગરિક પુરવઠો

- દરેક વ્યકિતને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે મારી સરકાર પ્રતિબધ્ધ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો- ૨૦૧૩ અન્વયે ગુજરાત રાજય અન્ન આયોગનો શુભારંભ કરવામાં આવ્યો છે. હવે અન્ન પુરવઠાના વિતરણમાં કયાંય પણ ગેરરીતિ કે ખોટું થતું હશે તો નાગરિકો સીધી જ આયોગમાં ફરિયાદ કરી શકશે. નાગરિકો તુરંત જ પોતાની રજૂઆત કે ફરિયાદ કરી શકે તે માટે ટોલ ફ્રી નંબર પણ કાર્યરત કરાયો છે.
- ગુજરાત રાજયમાં દેશભરમાં પ્રથમ ૧૭૦૮૬ વ્યાજબી ભાવની દુકાનોમાં સફળતાપૂર્વક આધાર એનેબલ્ડ પેમેન્ટ સીસ્ટમ દાખલ કરવામાં આવીછે. લાભાર્થીઓના ખાતામાંથી અનાજની ચુકવણીની રકમ બારોબાર દુકાનદારના ખાતામાં જમા થવાની વ્યવસ્થા સાથે વ્યાજબી ભાવની દુકાનોમાં ગ્રામ્ય કક્ષાએ અન્ય ૩૦ થી વધુ ઈ-સેવાઓ ઉપલબ્ધ કરાવવામાંઆવી છે.
- રાષ્ટ્રીય અન્ન સલામતિ યોજના હેઠળના ૬૯.૬૨ લાખ રેશનકાર્ડમાં આધાર નંબરના સીડીંગની કામગીરી પૂર્ણ કરી છે,જેના કારણે બાયોમેટ્રીક ચકાસણી ધ્વારા લાભાર્થીને મળતા લાભોની વિતરણ વ્યવસ્થા વધુ સુસજ્જ બની છે.
- વ્યાજબી ભાવની દુકાનદારોના કમિશનમાં પ્રતિ ક્વીન્ટલ રૂ. ૧૫/-નો વધારો કરવામાં આવ્યો છે.
- હાલની ૨.૮૬ લાખ મે.ટન સંગ્રહશકિતમાં લગભગ બમણો વધારો કરીને ૫.૮૯ લાખ મે.ટન કરવા માટે ૧૨૪ નવા ગોડાઉન બાંધવાનું આયોજન કરી કામગીરી શરૂ કરી છે.
- ૩૫.૬૦ લાખ એ.એ.વાય./બી.પી.એલ. રેશનકાર્ડધારકોને તહેવારો દરમિયાન રાહત દરે કપાસીયા તેલ અને ખાંડનું વિતરણ કર્યું છે.
- કેન્દ્ર સરકારની ફલેગશીપ યોજના માનનીય પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના રાજયમાં લાગુ પાડીને SECC (આર્થિક, સામાજિક અને જ્ઞાતિ સર્વેક્ષણ યાદી)માં આવતા ગરીબ કુટુંબની મહિલાઓને લાભ આપવા ૧૨.૭૭ લાખ ગેસ જોડાણ આપવામાં આવ્યાં છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ

- ખેલમહાકુંભ-૨૦૧૭માં કુલ ૪૦,૧૨,૭૧૫ રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને જિલ્લાકક્ષા સુધીની સ્પર્ધાઓમાં કુલ ૩૧,૨૭,૯૪૭ રમતવીરોએ ભાગ લીધો હતો . વિજેતા ખેલાડીઓને રૂ.૨૩.૪૬ કરોડ ઉપરાંતના પુરસ્કાર DBT(ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે આપવામાં આવ્યાં છે.
- જિલ્લા સ્પોર્ટસ સ્કૂલ યોજના હેઠળ હાલ ૩૪ DLSS શાળાઓ (District Level Sports Schools) કાર્યરત છે જેમાં ૨૦૦૦૦ કરતાં પણ વધુ ખેલાડીઓ આ યોજનાનો લાભ લઇને જુદી જુદી તાલીમમેળવીરહ્યાછે.
- ૨૭૫૦ ખેલાડીઓનો સમાવેશ કરી શકાય તેટલી ક્ષમતા ધરાવતી ૧૦ સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ પૈકી ૧૮૪૬ ખેલાડીઓ માટેની ક્ષમતા ધરાવતી ૬ હોસ્ટેલો તૈયાર કરી છે.
- રાજ્યની કુ. ઝીલ દેસાઈ ૬૫ વર્ષના ગાળા પછી ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર ચેમ્પિયનશિપમાં કવાર્ટર ફાઈનલ સુધી પહોચનાર મહિલા ખેલાડી બન્યાં છે. તેઓએ કોમનવેલ્થ યુથ ગેમ્સ – ૨૦૧૭ બહામાસ ખાતે પણ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરી ૨ ગોલ્ડ મેડલ જીત્યા છે.
- શાળાકીય રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતની ૧૦મા ક્રમાંકથી ૬ઠ્ઠા ક્રમાંકે આગેકૂચ થઈ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૯૨ મેડલ સામે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૧૨ મેડલ સાથે રાજ્ય અગ્રેસર રહ્યું છે.
- રાજયમાં સતત ત્રીજા વર્ષે તા. ૨૧ મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ૧,૧૬,૫૫,૯૪૮ લોકોએ ભાગ લીધો હતો.રાજયકક્ષાનીઉજવણીમાંપ૪,૦૦૦ લોકોએ એક જ સ્થળે યોગ કરી 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' સ્થાપિત કર્યો છે.
- 'એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના' અન્વયે સહભાગી રાજ્ય છત્તીસગઢમાં રમતના કાર્યક્રમો યોજી સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરી રાષ્ટ્રીય એકતામાં ઉત્તમ કામગીરી કરીછે.
- રાજયમાંપ્રથમવખતરંગમંચકલાઓનીવિવિધસ્પર્ધાનું'કલામહાકુંભ'તરીકેઆયોજનકરવામાંઆવ્યુંહતું. આકલામહાકુંભનોઉદ્દેશકલાજાગૃતિઅનેકલાની યોગ્યપ્રતિભાશોધીરાષ્ટ્રમાંસાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવાનો હતો, જેમાં કુલ ૨૨ પ્રકારની સાંસ્કૃતિક કૃતિઓની વિવિધ વયજુથ વચ્ચે સ્પર્ધા કરવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં જિલ્લા અને રાજય કક્ષાના વિજેતાઓને રૂ. ૨૪,૭૩,૫૦૦/- ના પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતાં.

વન વિકાસ

- ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ઉપગ્રહ દ્વારા લેવાયેલ છબીઓના આધારે રાજ્યમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર સને ૧૯૯૧ માં ૧૧,૯૦૭ ચો.કિ.મી. હતો, જે સને ૨૦૧૫ માં વધીને ૧૪,૬૬૦ ચો.કિ.મી. થયો હતો, જે ૨૩% નો વધારો દર્શાવે છે.
- ઉત્તરાયણના તહેવાર દરમ્યાન પતંગની દોરીથી ઘવાતા પક્ષીઓની સારવાર માટે રાજ્યવ્યાપી 'કરુણા અભિયાન-૨૦૧૮' શરૂ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યમાં ૬૭૫ દવાખાનાઓમાં ૪૫૬ ઉપરાંત ચિકિત્સકો અને અનેક સ્વયંસેવકો દ્વારા પક્ષીઓની સારવાર અને સાર-સંભાળનું મહાઅભિયાન તેમજ કરુણા એનિમલ એમ્બ્યુલન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## રાજ્યપાલશ્રીનું સંબોધન

- વર્ષ ૧૯૫૦ થી પ્રતિવર્ષ ઉજવવામાં આવતા વન મહોત્સવને વર્ષ ૨૦૦૫ થી એક લોકોત્સવનું સ્વરૂપ આપી રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા સ્થળોએ સાંસ્કૃતિક વનો સ્થાપવામાં આવે છે.
- ગુજરાતનાગૌરવ સમા સિંહ દર્શન માટેના નવા એક સ્થળ આંબરડી સફારી પાર્કનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પર્યટકો સાસણ–ગીર ઉપરાંત હવે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શન કરી શકે છે.

મહેસૂલી વહીવટ

- મારી સરકારે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને જામનગર મહાનગરપાલિકામાં જમીનનો ભોગવટો કાયદેસર કરવાનો સંવેદનશીલ અને હકારાત્મક નિર્ણય લીધો છે, જેનાથી જમીનનો માલિકી હક્ક પ્રાપ્ત થાય છે, મકાન પર લોન મળી શકે છે, મિલકતનું સાચું મૂલ્ય પ્રાપ્ત થાય છે અને મકાનમાં સુધારાવધારા થઈ શકે છે તથા નવેસરથી પણ બનાવી શકાય છે.
- વારસામાં મળેલી જમીનમાં હક્ક કમી કરવાની સમયમર્યાદા નાબૂદ કરવામાં આવી છે. હવે પાંચ વર્ષના બાધ વિના માત્ર રૂ.૧૦૦ ની સ્ટેમ્પ ડ્યુટીના આધારે કાર્યવાહી થઇ શકે છે.
- મહેસૂલની ગીતા ગણી શકાય એવું ૬૧૦ વર્ષનો મહેસૂલી ઈતિહાસ, કાયદા અને પ્રણાલીનો ઉલ્લેખ કરતું પુસ્તક 'લેન્ડ રેવન્યુ હીસ્ટ્રી ઇન ગુજરાત– અ કમ્પોડિયમ' નું વિમોચન કરવામાં આવ્યું છે. અધિકારીઓને ઝડપી નિર્ણય લેવામાં આ પુસ્તક મદદરૂપ બનશે. મહેસૂલ વિભાગમાં અપ્રમાણિકતા રોકવા માટે મારી સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસોના ભાગ રૂપે એક જ વિષય પર જુદા જુદા અને વિસંગતા ઉભી કરે તેવા ઠરાવો એક કરી ન્યાય સંગત બનાવાયા છે.
- ગણોત અધિનિયમ હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત જે ગણોતીયાઓ ભરી શકેલ ન હતા તેમના માટેખરીદ કિંમત ભરવાની મુદતલંબાવીને ઝુંબેશ શરૂ કરાવી,જેના કારણે ૨૬૩૩૨ ગણોતિયાઓ જમીનના માલિક બન્યા છે.
- નવી અને અવિભાજ્ય શરતની તથા ગણોતધારા હેઠળની ખેતીની જમીનોને ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ પ્રિમીયમ લીધા વિના તેમજ ખેડૂત ખાતેદારની અરજી લીધા વિના સબંધિત મામલતદારે જે જમીનને ૧૫ વર્ષ પૂર્ણ થયા હોય અને કોઇપણ જાતનો શરતભંગ ન હોય તો ખેડૂત લક્ષી અભિગમ કેળવીને નવી શરતની જમીનને આપમેળે ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા અંગેના હુકમો કરવા સૂચનાઓ બહાર પાડવામાં આવી છે, જેના પરિણામે ૧૦૩૦૨૦ જેટલા કેસોનો જુની શરતમાં ફેરફાર થયો છે.

નાણાં વ્યવસ્થાપન

- ભારતના યજમાનપદે યોજાયેલી આફ્રિકન ડેવલપમેન્ટ બેંક જૂથની બાવનમી વાર્ષિક બેઠક ગુજરાતની ધરતી પર યોજાઇ, જેનાથી ગુજરાત અને આફ્રિકા વચ્ચેના પારંપરિક સંબંધો વધુ મજબૂત બનવાની સાથે અધિક લાભદાયી નીવડશે.
- રાજ્યમાં GSTરજિસ્ટ્રેશન૩ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે, જે બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત ભાગીદારી પેઢી નું ઓનલાઇન રજિસ્ટ્રેશન, વ્યવસાયવેરાનુંરજિસ્ટ્રેશન, ઇ–નિવારણમાં વેપારીઓની ઓન લાઇન ફરિયાદ સ્વીકૃતિ/નિવારણમાં પણ રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.
- વર્ષ ૨૦૧૬–૧૭ માં રૂ. ૪૯૪૦૯.૧૫કરોડની આવક થઈ હતી. વર્ષ ૨૦૧૭–૧૮ માં (નવે.૧૭ સુધી) રૂ. ૩૮૮૩૦.૬૭ કરોડ આવક થઈ છે, જે ગત વર્ષની સરખામણીએ ૨૧.૯૪ % નો વધારો દર્શાવેછે.
- વર્ષ: ૨૦૧૭–૧૮ ( તા.૨૮–૧૨–૨૦૧૭ સુધી) માં ૮,૦૦,૫૧૫ વેપારીઓએ ૨૯,૯૨,૩૬૮ ઈ–રીટર્ન ફાઇલ કર્યાં છે.
- વર્ષ: ૨૦૧૭–૧૮(તા.૨૮–૧૨–૨૦૧૭ સુધી) માં ૧,૮૦,૭૬૬ વેપારીઓએ વેટમાં રૂ.૨૩,૮૩૫ કરોડ અને એન.સી.એસ.ટીમાં ૬૩૮૦૧ વેપારીઓએ રૂ. ૨૯૩૮ કરોડ નુ ઈ–પેમેન્ટ ઓનલાઇન કર્યું છે.
- વર્ષ: ૨૦૧૭–૧૮ (તા.૨૮–૧૨–૨૦૧૭ સુધી) માં ૨,૯૩,૮૩૯ વેપારીઓએ ૧,૦૮,૪૯,૨૫૬ ફોર્મ–૪૦૨ તથા ૨૭,૧૨,૩૮૦ વેપારીઓએ ૭૬,૫૫,૪૩૯ફોર્મ–૪૦૩ ઓન લાઇન મેળવ્યાં છે.
- ગુણવત્તાયુકત સર્વિસ આપવાના ભાગરૂપે વર્ષ ૨૦૧૭–૧૮ માં વ્યવસાય વેરા ખાતાએ ISO:9001:2008 સર્ટીફીકેટ મેળવ્યું છે.
- રાજ્યના દરેક તાલુકામાં જી.એસ.ટી. માટે લોક જાગૃતિ અભિયાનના કાર્યક્રમો કરી વેપારીઓને જી.એસ.ટી.ની સરળ સમજૂતી આપવામાં આવી છે. જી.એસ.ટી. અંગે લોકજાગૃતિ માટે વખતોવખત વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે તથા કમિશ્નરશ્રી દ્વારા અધિકારી/કર્મચારી સાથે દૈનિક ધોરણે વિડિયોકોન્ફરન્સ કરી તેમાં કરદાતાઓના પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવે છે, જે કરદાતાઓને પહોંચાડવામાં આવે છે. કરદાતાઓની લોકજાગૃતિ માટે વિડિયો બનાવી સોશિયલમિડિયા પરથી પ્રસારિત કર્યા છે.
- ૫,૦૯,૪૬૭ વેપારીઓનું વેટકાયદામાંથી GSTકાયદા અન્વયે માઇગ્રેશનની કામગીરી પૂર્ણ કરી છે.
- GST કાયદા અન્વયે નવા નોંધણી નંબર માટેની ૩,૨૮,૮૩૧ અરજીઓનો નિકાલ કરવામાંઆવ્યો છે
- વેપારીઓ/પ્રજા પરના વેરાકીય ભારણ ઘટાડવાના હેતુથી ચીજ વસ્તુઓ જેવી કે Automobiles, Mobile, Lignite & coal, Chemicals & Dyes, Dairy products, Timberપરના વેરાના દરમાં ઘટાડો કરાયો છે.
- નાનાવેપારીઓને ખાસ સુવિધા આપતાં ૧.૫ કરોડ સુધીના ટર્નઓવરમાં માત્ર ૧ (એક) % Lumpsum વેરો ભરપાઇ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

- E way billઅને RCMજેવી જોગવાઇઓ હાલ પુરતી મોકૂફ રાખી વેપારી વર્ગની અગવડ દૂરકરવા પ્રયત્ન કર્યો છે.

માહિતી અને પ્રસારણ

- રાજ્ય સરકારની સેવાલક્ષી યોજનાઓની માહિતી નાગરિકો સુધી અને નાગરિકોની વાત સરકારી તંત્ર સુધી પહોંચાડવાની દ્વિ-પક્ષીય સેતુરૂપ ભૂમિકા માહિતી અને પ્રસારણ વિભાગ સુપેરે નિભાવે છે. આ સેતુરૂપ ભૂમિકામાં અંત્યત મહત્વની કામગીરી કરતા પત્રકારોને અને તેમના પરિવારજનોને વિવિધ સુવિધા મળે તે માટેના પગલાં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા લેવામાં આવ્યાં છે. પત્રકાર જૂથ વીમા યોજના હેઠળ ૨૫ થી ૬૦ વર્ષની વયના માન્યતા પ્રાપ્ત પત્રકારના કુદરતી રીતે અવસાનના દુખદ પ્રસંગે તેમના વારસદારને રૂ.૫૦ હજાર તથા માન્યતા પ્રાપ્ત પત્રકારનું અકસ્માતથી અવસાન થવાના દુખદ પ્રસંગે રૂ.૫ લાખનું વીમાકવચ પૂરૂં પાડવામાં આવ્યું છે.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

- મારી સરકાર આ સત્રમાં ગૃહની વિચારણા અર્થે અન્ય વૈધાનિક પગલાં ઉપરાંત નીચેનું વૈધાનિક કામકાજ લાવવા ધારે છે.

૧. ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક,૨૦૧૮

૨. ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક,૨૦૧૮.

૩. ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮.

૪. ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો ( જાતિ પ્રમાણપત્રો આપવા અને ચકાસણી નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮

મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત શકિતશાળી, સમૃધ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજય છે. સાડા છ કરોડ ગુજરાતીઓની શકિત અને સામર્થ્યને વિકાસમાં જોડવાનો તથા ગુજરાતની વૈશ્વિક ઓળખ ઉભી કરવાનો આપણે સૌ નિર્ધાર કરીએ. એક એક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઇ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું જતન કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજા જીવનની અપેક્ષાઓ નજર સમક્ષ રાખી આ સભાગૃહમાં જન પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો તેવી આશા વ્યકત કરું છું અને સાથેસાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

ભારત માતા કી જય

જય જય ગરવી ગુજરાત

## ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
## શોકદર્શક ઉલ્લેખ

રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શોકદર્શક ઉલ્લેખ

કેન્દ્રના પૂર્વ રાજયકક્ષાના મંત્રી તથા ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વ. શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી બાબુભાઇ શીવરામભાઇ પટેલ, સ્વ. શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ, સ્વ . શ્રી વિક્રમભાઇ ઘનજીભાઇ પટેલ અને સ્વ. શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવીના અવસાન અંગે

શ્રી વિજય રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે કેન્દ્રના પૂર્વ રાજય કક્ષાના મંત્રી અને ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલનું તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૫મી જુલાઇ, ૧૯૨૭ના રોજ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ડુમલાવ ગામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ–૭ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી પટેલે આદિવાસી, સામાજીક સુધારા, પારડી ખેડ સત્યાગ્રહ, કિસાન આંદોલન, દારૂ નિષેધ, ભૂદાન પ્રવૃત્તિ જેવી અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. સ્વર્ગસ્થ શ્રી પટેલ મુંબઇ રાજયમાં સન ૧૮૫૭માં પારડી મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હતા. ત્યાર બાદ પહેલી, બીજી, ત્રીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં પારડી મત વિસ્તારમાંથી તેમજ પાંચમી ગુજરાત વિધાનસભામાં મોટા પોંઢા મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે તથા સાતમી, આઠમી, દસમી તથા અગિયારમી લોકસભામાં વલસાડ સંસદીય મતવિસ્તારના સંસદ સભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં તા. ૨૪/૧૨/૧૯૭૬થી તા. ૧૦/૦૪/૧૯૭૭ સુધી વન, ગ્રામ ગૃહનિર્માણ, જેલ અને વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત સને ૧૯૯૧થી ૧૯૯૬ દરમ્યાન ભારત સરકારમાં રાજયકક્ષાના ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે પણ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલનું તારીખ ૮ મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.દસ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૯મી માર્ચ, ૧૯૪૪ના રોજ તે સમયના મહેસાણા જિલ્લાના અને હાલના પાટણ જિલ્લાના લણવા ગામે થયો હતો. તેઓશ્રીએ બી.ઇ. (મીકેનીકલ), એમ.એસ. (ઇન્ડસ્ટ્રીયલ એન્જિનીયરિંગ) સુધીનો અભ્યાસ કરેલ હતો અને કેળવણીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે ઉમિયા માતા સંસ્થા ઉંઝાના પ્રમુખ સહિત શૈક્ષણિક સંસ્થા, લાયન્સ જનરલ હોસ્પિટલ, કારોબારી સમિતિ, નિગમ, ટ્રસ્ટ, બેન્ક, વિકાસ બોર્ડ વગેરે અનેક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજી ઉમદા કામગીરી કરેલ હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે અગિયારમી તથા બારમી ગુજરાત વિધાનસભામાં મહેસાણા મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં તા. ૨૨–૧૨–૨૦૦૨થી તા. ૨૪–૧૨–૨૦૦૭ સુધી ઉદ્યોગ, ખાણ, ખનિજ, નાગરિક ઉડ્ડયન, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી ખાતાના રાજય કક્ષાના મંત્રીશ્રી તરીકે અવિસ્મરણીય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા વિદ્યા પુરૂષ ગુમાવ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન બદલ ગુજરાત હંમેશા તેમનું ઋણી રહેશે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બાબુભાઇ શીવરામ પટેલનું તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૮મી જુન, ૧૯૨૮ના રોજ તે સમયના મહેસાણા જિલ્લાના માણસા ગામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ., એમ.એડ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી કેળવણી અને સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી પટેલ બીજી ગુજરાત વિધાનસભામાં માણસા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીક પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ કેળવણી ક્ષેત્ર સાથે સંકળાયેલ એક સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શંકરલાલ મોહનલાલ પટેલનું તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તારીખ

૧લી ઓગસ્ટ, ૧૯૨૮ના રોજ તે સમયના મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ઉનાવા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યો હતો અને કૃષિની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ગાંધીનગર તથા કૃષિ બજાર કાયદામાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે રચેલી હાઇ પાવર કમીટીના ચેરમેન તરીકે તેમજ કૃષિ સંલગ્ન વિવિધ સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર રહીને અવિસ્મરણીય સેવાઓ બજાવેલ હતી. તેમના કૃષિક્ષેત્રના લગાવથી ખેડૂત વર્ગે તેઓશ્રીને ગુરૂપદે સ્થાપ્યા હતા અને તેઓશ્રીની "ગુરૂ" તરીકેની ઓળખ ઉભી થઇ હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં ઉંઝા મતવિસ્તારમાંથી ચુંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ કૃષિક્ષેત્રના વિકાસમાં નવા નવા વિચારોના અમલીકરણ માટે સતત મનોમંથન કરતા સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે.પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ ને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિક્રમભાઇ ધનજીભાઇ પટેલનું ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તારીખ ૩૧ મી મે, ૧૯૩૧ના રોજ તે સમયના મહેસાણા જિલ્લાના ચાણસ્મા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે વર્નાકયુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં ચાણસ્મા મતવિસ્તારમાંથી ચુંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જયકુમાર ચુનીલાલ સંઘવીનું તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી સંઘવીનો જન્મ ૩૧મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ કચ્છ જિલ્લાના માંડવી ખાતે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી જયકુમાર સંઘવીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં કચ્છના માંડવી મત વિસ્તારમાંથી ચુંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉત્તમ ન્યાયવિદ અને સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કેન્દ્રના પૂર્વ રાજયકક્ષાના મંત્રી તથા ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વ. શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી બાબુભાઇ શીવરામભાઇ પટેલ, સ્વ. શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ, સ્વ. શ્રી વિક્રમભાઇ ધનજીભાઇ પટેલ અને સ્વ. શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવીના અવસાન અંગેનો જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. મને જણાવતા દુઃખ થાય છે કે કેન્દ્રના પૂર્વ રાજયકક્ષાના મંત્રી અને ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી ઉત્તમભાઇ હરજીભાઇ પટેલનું તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. શ્રી પટેલે આદિવાસી સામાજિક સુધારા, પારડી સત્યાગ્રહ, કૃષિ આંદોલન, દારુ નિષેધ, ભુદાન પ્રવૃત્તિ જેવી અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લીધો હતો. સ્વ. શ્રી ઉત્તમકાકાએ વલસાડની અંદર જીવનપર્યંત નાના માણસને ઉભો કરવા માટે સંઘર્ષ કર્યો. મને પણ એમના દર્શન કરવાની તક પ્રાપ્ત થઇ હતી અને લાલ ટોપી તો એમની જીવનભરની ઓળખ બનીને રહી. સ્વ. ઉત્તમકાકા મુંબઇ રાજયના સન ૧૯૫૭માં પારડી મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા. ત્યારબાદ પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં સન્માનનીય ગૃહની અંદર સેવાઓ આપી. ઉપરાંત સાતમી, આઠમી, દશમી અને અગિયારમી લોકસભામાં વલસાડ સંસદીય મત વિસ્તારના સભ્ય તરીકે ચુંટાઇ આવી લોકહિતના કાર્યો જીવનપર્યંત કરતા રહ્યા હતા. તેઓશ્રીએ ગુજરાત રાજયમાં તા. ૨૪-૧૨-૧૯૭૬ થી તા. ૧૦-૪-૧૯૭૭ સુધી વન, ગ્રામગૃહ નિર્માણ, જેલ અને વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રી તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત સને ૧૯૯૧ થી ૧૯૯૬ દરમિયાન ભારત સરકારમાં રાજયકક્ષાના ગ્રામિણ વિકાસ મંત્રી તરીકે પણ એમનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું. તેઓના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે ત્યારે પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે ઠરાવ લાવ્યા છે એમાં અમે સૂર પુરાવીએ છીએ.

આ ગૃહના પૂર્વ સદસ્ય માનનીય અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલનું તા. ૮ મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયું છે. સ્વ. શ્રી પટેલે શ્રી ઉમિયા માતા સંસ્થાન ઉંઝાના પ્રમુખ સહિત શૈક્ષણિક સંસ્થાઓ, લાયન્સ જનરલ હોસ્પિટલ, કારોબારી સમિતિ, નિગમ, ટ્રસ્ટ, બેંક, વિકાસ બોર્ડ વગેરે અનેક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજી અને રાજય અને રાષ્ટ્રની ઉમદા સેવાઓ કરી છે. મને પણ એમની સાથે આ ગૃહમાં કામ કરવાની તક મળી હતી. એ પળોને આજે પણ વાગોળીએ તો એક સરળ વ્યક્તિત્વ આ ગૃહે ગુમાવ્યું છે. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા વિદ્યા પુરુષ ગુમાવ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે તેમના અમુલ્ય યોગદાન બદલ ગુજરાત હંમેશા ઋણી રહેશે. ત્યારે પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ. તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું. મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બાબુભાઇ શીવરામભાઇ પટેલનું ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી કેળવણીકાર તથા સમાજ

સેવાની પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યે કેળવણી સંસ્થા સાથે સંકળાયેલા સામાજિક કાર્યકર ગુમાવેલ છે. આ ગૃહના પૂર્વ સદસ્યશ્રી અને જેમને સમગ્ર ગુજરાત 'ગુરુ'ના હુલામણા નામથી ઓળખે છે તેવા પૂર્વ સભ્યશ્રી શંકરલાલ મોહનલાલ પટેલનું ચોથી સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી શંકર કાકા પૂજ્ય ગુરુ ગુજરાત રાજ્ય કૃષિ વિકાસ બોર્ડ કૃષિ બજાર કાયદામાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે રચેલ હાઇપાવર કમિટીના ચેરમેન તરીકે તેમજ કૃષિ સંલગ્ન વિવિધ સંસ્થાઓમાં જુદા જુદા હોદા ઉપર રહીને અવિસ્મરણીય સેવાઓ બજાવેલ છે. તેમના કૃષિ ક્ષેત્રના લગાવથી ખેડૂત વર્ગે તેઓશ્રીને ગુરુપદે સ્થાપ્યા હતા. તેઓશ્રીની ગુરુ તરીકેની ઓળખ જીવન પર્યંત ગુજરાતનો સ્વભાવ બનીને રહી. સ્વ.પટેલના અવસાનથી રાજ્યે કૃષિ ક્ષેત્રના વિકાસમાં નવા વિચારોના અમલીકરણ માટે સતત મનોમંથન કરતા એક સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે. ગૃહના એક એવા સદસ્ય સ્વ.શ્રી વિક્રમભાઇ ધનજીભાઇ પટેલનું ૨૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી પટેલ પાંચમી ગુજરાત વિધાનસભામાં ચાણસ્મા મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા. એક જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને સતત વાચા આપતા રહેતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા સમાજસેવક ગુમાવેલ છે. ગૃહના એક એવા સદસ્ય સ્વ.શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી તા. ૧લી ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ જૈફ વયે તેમનું દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી સંઘવીએ છઠ્ઠી વિધાનસભામાં કચ્છના માંડવી મત વિસ્તારમાંથી ચૂંટાઇ અને જનપ્રતિનિધિ તરીકે પ્રજા હિતનાં કામો કરતાં રહ્યાં હતાં. તેમના અવસાનથી રાજ્યે એક ઉત્તમ, સંનિષ્ઠ સમાજસેવક ગુમાવ્યા છે, ત્યારે ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી આ ગૃહના પૂર્વ સન્માનનીય એવા ૬ મહાનુભાવોના દુઃખદ અવસાન અંગે જે શોક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને આપના મારફત તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા માટે વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહમાં અગાઉ સભ્ય તરીકે રહીને ગુજરાતની ખૂબ સેવા કરી ચૂક્યા છે તેવા માનનીય સભ્યશ્રીઓ જેઓ આપણી વચ્ચે હવે રહ્યા નથી તેમનું દુઃખદ અવસાન થયું છે. એ બદલ એમને શ્રદ્ધાંજલિ આપતો જે પ્રસ્તાવ લાવ્યા છે અને માનનીય વિપક્ષના નેતા પરેશભાઇએ જેને સમર્થન આપ્યું છે એ પ્રસ્તાવને હું પણ સમર્થન આપું છું. ઉત્તમભાઇ પટેલ એ આદિવાસી નેતા તરીકે ખૂબ સક્રીયતાથી ભૂતકાળમાં કેન્દ્રના મંત્રી તરીકે અને રાજ્યના કાર્યકર તરીકે તેમણે ખૂબ સેવા આપેલી અને એક સમય એવો હતો કે ઉત્તમભાઇ એટલે દક્ષિણ ગુજરાતના આદિવાસી નેતા તરીકેની એમની જે છાપ હતી એવી છાપવાળા ઉત્તમભાઇ હવે આપણી વચ્ચે રહ્યા નથી અને ખૂબ સેવા કરીને વિદાય થયા છે તેમને હું શ્રદ્ધાંજલિ આપું છું. અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ અમારા સૌના વડીલ, માર્ગદર્શક અને જેમણે તાજેતરમાં જ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. તે અનિલભાઇનો પરિવાર એક સેવાભાવી પરિવાર છે. તેમના પિતાશ્રી સ્વ.ત્રિભોવનભાઇ તે પણ ખેડૂતોના હિત માટે લડનારા હતા અને ખેડૂતોના હિતનું રક્ષણ કરતાં તેમનું ખૂન થયેલું. તે વખતે અનિલભાઇ સ્કૂલમાં ભણતા હતા. ત્યારથી માંડીને તેમનો પરિવાર સમાજસેવા સાથે સંકળાયેલ હતો. અનિલભાઇએ ઉચ્ચ અભ્યાસ અમેરિકામાં કર્યો. ત્યાં એન્જિનિયર થયા પછી અહીં તેમની મૂળ પેઢી એપોલો ઇન્ડસ્ટ્રીઝમાં જોડાયા. સમાજ સેવાની ભાવનાના કારણે વધારે સમય સમાજના કામો માટે આપ્યો. ખાસ કરીને તેમને એટલા માટે આવનારો સમય યાદ કરશે કે અમારી ઉત્તર ગુજરાતની અને આપણા ગુજરાતની સૌથી વધુ પ્રતિષ્ઠિત એવી ગણપત યુનિવર્સિટી, જે ગુજરાતનું ગૌરવ છે તે યુનિવર્સિટીના સ્થાપક પૈકીના એક એવા શ્રી અનિલભાઇ હતા. ઉંઝા ઉમિયા માતા સંસ્થાના પ્રમુખ રહી સમાજ સુધારણા માટે સમૂહલગ્ન, કન્યા કેળવણીના અનેક પ્રયત્નો સમાજ હિત માટે અને ગુજરાત માટે કર્યા હતા. અહીં ગુજરાતમાં માનનીય નરેન્દ્રભાઇના મંત્રીમંડળમાં તેઓએ ઉદ્યોગ મંત્રી તરીકે કામ કરી ઉદ્યોગ જગતનો તેમનો વ્યાપક અનુભવ અને અભ્યાસ તથા સમયનો લાભ ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગને આપેલો. તેમનું યોગદાન ગુજરાત કદી ભૂલી શકશે નહીં. અનિલભાઇ મહેસાણા અર્બન બેન્ક, મહેસાણા લાયન્સ હોસ્પિટલ જેવી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને સેવાઓ આપેલી હતી. અનિલભાઇને આપણે સૌ શ્રદ્ધાંજલિ આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એવા જ બીજા અમારા અગ્રણી અને વડીલ સ્વ. શંકરલાલ ગુરૂ જેઓએ પણ પૂર્વ ધારાસભ્ય તરીકે અને ઉંઝાના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપેલી. ઉંઝા માર્કેટ યાર્ડમાં તેઓનો વેપાર હતો. તેઓ શિક્ષીત હતા અને એક અગ્રણી વેપારી હતા. કડીની સર્વ વિદ્યાલય, કડવા પાટીદાર કેળવણી મંડળ સાથે સંકળાયેલા હતા. ખેડૂતોના હમદર્દી તરીકે, પ્રગતિશીલ ખેડૂત તરીકે ખેડૂતોની આવક વધે, ખેડૂતોને વધુ પાક ઉત્પાદનની કિંમત મળે તે માટે તેમણે સતત પ્રયત્નો કરેલા. તેમની વિદ્વતા, અનુભવ તથા ઉંઝા માર્કેટ યાર્ડના સભ્ય તરીકે તેમની કામગીરીને ધ્યાનમાં રાખી જે તે વખતે કેન્દ્ર સરકારે કૃષિ બોર્ડની અંદર તેમને સભ્ય તરીકે મૂકેલા હતા. તેઓએ ખૂબ સારુ યોગદાન તેમાં આપેલ હતું. સૌ માનનીય સભ્યશ્રીઓની જાણકારીમાં છે કે આપણા ગુજરાતમાં પૂર્વ ધારાસભ્યશ્રીઓની એક કાઉન્સિલ ચાલે છે. શ્રી શંકરલાલ ગુરૂ તેના સ્થાપક હતા. બધા જ જે ધારાસભ્યશ્રીઓ હોદ્દા ઉપર ન હોય તેમના માટે આપણા ગવર્નર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સંસ્થાને માન્યતા આપેલી તથા અહીં જગ્યાની ફાળવણી કરી હતી. કોઇપણ પૂર્વ ધારાસભ્યશ્રીઓના નાના મોટા સરકારને લગતા પ્રશ્નો હોય, કોઇ એમની સગવડ માટેના પ્રશ્નો હોય તો હંમેશાં પૂર્વ ધારાસભ્યશ્રીઓને સરકારની સાથે જોડી રાખી પ્રજાની સેવા માટે સક્રિય રાખવાનું કામ શંકરલાલ ગુરૂએ કરેલું. ખૂબ જ ઉંમર થઇ ગઇ હોવા છતાં છેલ્લે સુધી તેમણે આ સંસ્થાનું કામ કરેલું. દરવર્ષે એકસ.એમએલએ કાઉન્સિલની કેન્દ્રના કોઇ મોટા નેતા હોય, ગુજરાતના કોઇ પ્રતિષ્ઠત નેતા કે મંત્રી આવે, ગવર્નર સાહેબ આવે તેમની ઉપસ્થિતિમાં દર વર્ષે ગાંધીનગર ખાતે એકસ એમે.એલ.એ. કાઉન્સિલનું સંમેલન તેમના દ્વારા થતું હતું. દરેક પૂર્વ ધારાસભ્યશ્રીઓની થાય એટલી મદદ કરવાનો તેઓશ્રી પ્રયત્ન કરતા હતા. અમદાવાદ ખાતે ગુલબાઇ ટેકરા ઉપર બહુ જૂનું એટલે કે લગભગ ૫૦-૭૦ વર્ષ જૂનું ભવન છે તે કડવા પાટીદાર ભવનના તેઓશ્રી ચેરમેન હતા. ત્યાં કન્યાઓ માટેની હોસ્ટેલ હોય, દીકરાઓ માટેની હોસ્ટેલ હોય અને જયારે કોઇ વ્યવસ્થા ન હતી તે વખતે આવી વ્યવસ્થાઓ ઉભી કરવા માટે

મદદ કરેલી. આવા માનનીય શંકરલાલ ગુરૂનું અવસાન થયેલ છે. તેમણે તેમનું બેસણું કે કોઇપણ જાતની સામાજિક ક્રિયા ન્હોતી રાખી. એટલા એ સાદા અને સેવાભાવી સજ્જન હતા એમને આપણે સૌ શ્રદ્ધાંજલિ આપીએ એવી વિનંતી છે. એવા ત્રીજા સદ્ગત વિક્રમભાઇ પટેલ એમનું પણ તાજેતરમાં દુઃખદ અવસાન થયું છે. તેઓ પણ ખૂબ જૈફ વયના હતા, ચાણસ્માના ધારાસભ્ય હતા અને ઉંઝા ઉમિયા માતા સંસ્થાન સાથે જોડાઇને વર્ષો સુધી એમણે સમાજની દાયકાઓ સુધી સેવા કરી હતી. કન્યા કેળવણી, સ્ત્રી ભૃણ હત્યા નાબૂદી, સમૂહ લગ્ન અને સમાજમાં જેટલું થાય એટલું સાદાઇથી સામાજિક પ્રસંગો થાય એ માટેનું કામ એમણે કર્યું હતું. ઉમિયા માતા સંસ્થાનના મંદિરો બનાવવા, ધર્મશાળાઓ બનાવવી, છેલ્લે હરિદ્વારમાં સમાજની એક ખૂબ મોટી સુંદર હોટેલ જેવી સુંદર કહી શકાય પણ સસ્તા દરે સેવા આપતી એવી ધર્મશાળાનું પણ એમણે નિર્માણ કરાવ્યું અને છેલ્લે સુધી ઉમિયા માતા સંસ્થાનના પાછળથી પ્રમુખ પણ બન્યા હતા અને પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. આજે આપણે જે સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ આપીએ છીએ એમાં સ્વર્ગસ્થ અનિલભાઇ, સ્વર્ગસ્થ શંકરલાલ ગુરુ અને સ્વર્ગસ્થ વિક્રમભાઇ એ તો અમારા મહેસાણા જિલ્લાના ખૂબ મોટા સેવકો, વડિલો અને ખૂબ મોટા ભક્તો હતા અને ધારાસભ્ય હતા ત્યાં સુધી જ નહીં પણ આજીવન જીવનપર્યંત એમણે સમાજની સેવા કરી છે એવા સૌને આપણે ભાવભરી શ્રદ્ધાંજલિ આપીએ એવી વિનંતી.

શ્રી અનિલ જોષિયારા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને જેને વિરોધ પક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે અને અત્યારે નાયબ મુખ્ય મંત્રીશ્રીએ પણ જેને અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પૂર્વ ધારાસભ્યો જેમનું જૈફવયે મોટાભાગે અવસાન થયું છે એવા સ્વર્ગસ્થ ઉત્તમભાઇ પટેલ એ અમારા આદિવાસી વિસ્તારના ખૂબ જ મોટા સમાજ સેવક રહ્યા, શરૂઆતમાં સાતમા ધોરણ સુધી ભણીને પછી એમણે સરકારી નોકરી સ્વીકારેલી અને તલાટી તરીકેનું કામ કરતા હતા. એમની વિચારસરણી ડાબેરી વિચારસરણી હતી એમની સાથે એક ઇશ્વરભાઇ દેસાઇ હતા એમના સાથી એમની સાથે જોડાઇને એમણે જે તે વખતે ખેતીમાં કામ કરતા મજૂરોને જમીનો અપાવવાનું ખૂબ મોટું કામ કર્યું હતું. જે તે વખતનો કાયદો ખેડે એની જમીન એ જે કાયદો હતો એને પરિપૂર્ણ કરવા માટે જે જમીનદારો છે એમની પાસેથી જમીન લેવાનું અને જે માણસો કામ કરે છે એમને જમીનો આપવાનું એમણે કામ કરેલું અને લગભગ ૧૪ વરસ સુધી લડત કરેલી અને લગભગ ૧૪૦૦૦ એકર જેટલી જમીન એમણે આ મજુરોને અપાવેલી અને એક મોટું ક્રાન્તિકારી પગલું એમણે ભરેલું. બોમ્બે સ્ટેટ વખતે સૌ પ્રથમ ૧૯૫૭માં તેઓ ધારાસભ્ય થયેલા તે પછી ગુજરાત સ્ટેટ થયું ત્યારે પહેલી વખતે પારડી મતક્ષેત્રમાંથી તેઓ ચૂંટાયેલા અને સતત ચૂંટાતા રહ્યા અને પારડી પછી મોટા પોંઢા મત વિસ્તારમાંથી પણ તેઓ ચૂંટાયા હતા અને આમ ઘણાં લાંબા સમય સુધી તેઓ ધારાસભ્ય તરીકે રહ્યા અને ગુજરાતમાં જયારે રહ્યા ત્યારે અહીંયા નાયબ મુખ્ય મંત્રી તરીકે ખૂબ જ સારી સેવાઓ તેમણે આપેલી તે પછી લોકસભામાં ગયા અને ત્યાં તેઓ લગભગ ત્રણ વખત ચૂંટાયા અને ત્યાં પણ ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે ખૂબ સારી સેવાઓ આપેલી અને સાથે સાથે સમાજને શું જરૂરિયાત છે? શિક્ષણની જરૂરિયાત છે? સમાજમાં વ્યસનો છે એની પણ તેઓ ખૂબ ચિંતા કરતા અને એને નાબૂદ કેવી રીતે કરી શકાય એના માટેના તમામ પ્રયત્નો કરતા. તેઓ ભલે ઓછું ભણ્યા હતા પણ તેમની એક સમાજમાં પક્કડ હતી, તેઓ કોઇ પણ ઓફિસમાં જાય એટલે એમનો પ્રભાવ પડતો હતો અને અધિકારીઓ પણ એટલું જ એમનું ધ્યાન રાખતા અને તેઓ જે કાંઇ કામ લઇને ઓફિસમાં જતા ત્યારે ત્યાં અધિકારી સમજી જતા કે તેઓ કોઇ ગરીબ માણસનું કામ લઇને ઓફિસમાં આવ્યા હશે એટલે એ કામ થઇ જતું. એવા ઉત્તમભાઇ આપણી વચ્ચે નથી રહ્યા તેમના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે અને જે ગૃહના નેતા શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. એવા જ બીજા પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ અનિલભાઇ ત્રિભોવનભાઇ પટેલ જેમની સાથે મને આ વિધાનસભામાં કામ કરવાનો મોકો મળ્યો છે. તેઓએ ઉચ્ચ અભ્યાસ કરેલ હતો. આમ તો મહેસાણા પહેલેથી જ શિક્ષણમાં ખૂબ જ આગળ કહેવાય અને એમાંય એમણે તો બહાર એટલે અમેરિકાથી એમ.ઇ. સુધીનો અભ્યાસ કરેલો. પોતે ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ હોવા છતા જે તે વખતે પણ સમાજ સેવાનું કામ કરતા પણ સાથે સાથે તેઓ જયારે મંત્રી બન્યા ત્યારે ખાતું પણ તેમને ઉદ્યોગનું મળેલું. એટલે એનો જે એમને અનુભવ હતો એ અનુભવ ગુજરાતની જનતાને મળેલો અને ગુજરાતમાં કયા પ્રકારના ઉદ્યોગનો કઇ રીતે વિકાસ થાય એના માટેનો એમણે પ્રયત્ન કરેલો. ખૂબ સારી સેવા એમણે કરેલી અને ખૂબ સૌમ્ય અને સરળ સ્વભાવના તેઓ હતા. એમના પણ આત્માને પ્રભુ શાંતિ અર્પે. સાથે સાથે બીજા જે પૂર્વ ધારાસભ્યશ્રીઓ મોટાભાગે બધા જૈફ વયે આપણી વચ્ચે નથી રહ્યા એવા બાબુભાઇ શીવરામભાઇ પટેલ, વિક્રમભાઇ ધનજીભાઇ પટેલ, શંકરલાલ મોહનલાલ પટેલ અને જયકુમાર ચુનીલાલ સંઘવી એ તમામને પણ હું શ્રદ્ધાંજલી અર્પુ છું અને આ શોકદર્શક ઉલ્લેખમાં દર્શાવેલ સભ્યશ્રીઓના કુટુંબીજનોને આપના તરફથી શોકસંદેશો મોકલવામાં આવે તેવી વિનંતી સાથે મારી વાત હું પૂર્ણ કરું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ(મહેસૂલ મંત્રીશ્રી) : આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આપણા છ પૂર્વ ધારાસભ્યશ્રીઓના શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે એને હું પણ હૃદયપૂર્વક સમર્થન આપું છું. આ છ એ મહાનુભાવોને આપણે ભૂતકાળમાં શ્રી કે શ્રીમાન તરીકે ઓળખતા હતા એ તમામ છ એ છ લોકો આજે આપણી વચ્ચે નથી. સ્વર્ગસ્થ થયા છે. એમને એમના જીવનની અંદર એક મોકો મળ્યો. રાજકીય પ્લેટફોર્મ દ્વારા સમાજસેવા કરવાનો. આ છયે છ જણાએ એનો બરાબર ઉપયોગ કરીને વિવિધ ક્ષેત્રોની અંદર પોતાની કામગીરી કરી અને આખા રાજ્યને ફાયદો થાય, એમની પાસે જે નોલેજ હતું, અનુભવ હતો એ અનુભવના આધારે, જેમ વાત થઇ સ્વર્ગસ્થ ઉત્તમભાઇની, આદિવાસી ક્ષેત્રની અંદર આજે જે આદિવાસીઓમાં જે શિક્ષણ જોવા મળે છે એના પાયા કેટલાંક લોકોએ નાંખ્યા છે એમાંના એક ઉત્તમભાઇ છે. અશિક્ષિત આદિવાસીઓમાં શિક્ષણ કેવી રીતે આવે એના માટેનું કામ ઉત્તમભાઇએ કર્યું હતું. એવી રીતે અહીંયા સ્વ. બાબુભાઇની

પણ વાત કરી. એમણે પણ મહેસાણા જિલ્લાની અંદર કામગીરી કરીને સારી ખેતી કેવી રીતે થાય, ખેતીમાં સફળ કેવી રીતે થવાય એના માટેના અનેક ઉપાયો લોકોની વચ્ચે કરીને સફળ થયા અને એનો લાભ લોકોને મળી રહ્યો છે. એજ રીતે સ્વર્ગસ્થ અનિલભાઇ એમની સાથે ઘણા લાંબા સમય સુધી કામ કરવાનો મોકો મળ્યો છે. સરળતા અને નિરાભિમાની એવું એમની વ્યક્તિત્વ હતું. પાટીદાર સમાજમાં વિશ્વવિખ્યાત ઉંઝા સંસ્થાનના વરસો સુધી પદાધિકારી રહ્યા અને છેલ્લે પ્રમુખ પણ રહ્યા. એ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને ખાસ કરીને મહિલા શિક્ષણમાં એમણે ખૂબ સારું કામ કર્યું અને ગુજરાતની એ સંસ્થા માટે દેશમાં નહિ અને દેશની બહાર પણ એ સંસ્થાને એની કામગીરીથી લોકોને જાણકારી અપાવવા માટે બહુ મોટો એમનો રોલ રહ્યો છે એમ કહું તો પણ ખોટું નથી. ખેડૂત પુત્ર હતા, એમનો વ્યવસાય પણ ખેડૂતોને લગતો. ખેતીના ઓજારો બનાવવાની એમની એપોલો ઇન્ડસ્ટ્રીઝ હતી. એ પછી કન્સ્ટ્રકશનમાં રોડ બનાવવા માટેની મશીનરી પણ એમણે બનાવી. ટેકનોલોજીથી ખેતી કેવી રીતે થાય એવા સાધનો બનાવવા માટેનું કામ પણ એમણે કર્યું છે અને સૌથી વિશેષ આવનારી પેઢી સમયને અનુસાર કેવી રીતે ઉચ્ચ ટેકનોલોજીવાળું શિક્ષણ પ્રાપ્ત કરે એના માટે ગણપત યુનિવર્સિટી બનાવી. આજે હજારો બાળકો, બહેનો અને ભાઇઓ ત્યાં ભણે છે. એવું ભવ્ય કામ એમના દ્વારા થયું હતું.

સ્વ. શંકરલાલ ગુરૂ સાથે પણ ઘણો વખત કામ કરવાનો મને મોકો મળ્યો છે. એમને ગુરૂના હુલામણા નામે જ બધા ઓળખતા હતા. તેઓ વરસો સુધી એકસ એમ.એલ.એ. કાઉન્સિલના પ્રમુખ રહ્યા. જે પણ સરકાર આવે એ સરકાર જોડે એકસ એમ.એલ.એ. કાઉન્સિલ થકી એમના પ્રશ્નો માટે લડત કરતા હતા. એના ઘણા બધા સાક્ષી હશે. અહીંયા કોઇને માહિતી મળી હોય તો. વરસોથી લડ્યા એકસ એમ.એલ.એ. માટે. એવું એ કામ કરતા હતા. એમનામાં બીજી એક વિશેષતા હતી કે તેઓ ખાદીના પ્રખર હિમાયતી હતા. મેં તો એમને જ્યારથી જોયા ત્યારથી ખાદીના કપડાં પેન્ટ અને શર્ટ પહેરેલા જ જોયા છે. તેઓ ખાદીના હિમાયતી વરસો સુધી રહ્યા. જે માટે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ખાદીને પ્રોત્સાહન આપવાની વાત કરે છે એ એટલા માટે કરે છે કે એમાં આજીવિકાનું સાધન છે એ આપણે અપનાવ્યું છે. વરસો સુધી તેઓ ખાદી પહેરતા હતા. શંકરલાલ ગુરૂ સાથે પણ ઘણો કામ કરવાનો મોકો મને મળ્યો છે. એમને પણ હું શ્રદ્ધાંજલી આપું છું. વિક્રમભાઇ ધનજીભાઇ પટેલ, જયકુમાર ચુનીલાલ સંઘવીની અહીંયા જે વાતો થઇ એ બધાની સાથે કામ ભલે મેં કર્યું નથી પણ એમની જે વાત સાંભળી છે, એમણે કરેલી કામગીરીની વાતો જે અમે સાંભળી છે. ખાસ કરીને આ બધા જે મહાનુભાવો હતા એને આ ગૌરવશાળી વિધાનસભાનું ગૌરવ વધે એવા પ્રશ્નોની રજૂઆત કરે, શિસ્તમાં કરે, રાજકીય બાબત નહીં પણ લોક ઉપયોગી વાતો કેવી રીતે રજૂ થાય તે અમે માનીએ છીએ ત્યાં સુધી હું પણ પહેલાં નવા સભ્ય તરીકે રહ્યો હતો, મંત્રી તરીકે પણ નવો કહેવાઉં, તો અમારે પણ એ શીખવાની વાત છે કે નવા બધા ધારાસભ્યશ્રીઓએ આ ગૌરવશાળી હાઉસની ગરિમા જળવાય આનો ઉપયોગ રાજકીય નહીં પણ લોક ઉપયોગ માટે થવો જોઇએ આવી વાત પણ આ બધા મહાનુભાવો કરતા ગયા છે. હું માનુ છું ત્યાં સુધી આ બધાને સાચી શ્રદ્ધાંજલિ આપણે એમણે જે પરંપરાઓ પાડી છે તે પરંપરાઓને અનુસરીએ અને તેના દ્વારા આપણે લોક ઉપયોગી કામો કરીએ. આ તમામ છ એ છ મહાનુભાવોને મારા વતી શ્રદ્ધાંજલિ આપું છું અને એમના પરિવારજનોને પણ આપના દ્વારા શોક સંદેશો મોકલાય અને સૌને ફરીથી મારા તરફથી શ્રદ્ધાંજલિ.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતા જે શોક સંદેશો લઇને આવ્યા છે તેમાં મારા વિચારો અને મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ ગૃહના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ ઉત્તમભાઇ, સ્વર્ગસ્થ અનિલભાઇ, સ્વર્ગસ્થ બાબુભાઇ શીવરામભાઇ, સ્વર્ગસ્થ વિક્રમભાઇ ધનજીભાઇ, સ્વર્ગસ્થ જયકુમાર ચુનીલાલ સંઘવી, સ્વર્ગસ્થ શંકરલાલ મોહનલાલ પટેલ આમ કુલ છ જેટલા પૂર્વ આપણાં સભ્યશ્રીઓ છે તેમાં ખાસ કરીને મારા વિધાનસભા મત વિસ્તારના સ્વર્ગસ્થ ઉત્તમભાઇ કે જેમનું જીવન સતત સંઘર્ષમય રહ્યું. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના દિવસે તેમનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર ૯૦ વર્ષની હતી પરંતુ તેમના જીવનનો જે સંઘર્ષ છે તેમણે શરૂઆતથી જ ૧ થી ૭ એટલે ફાઇનલ સુધી ભણ્યાં અને ત્યાર બાદ તલાટીની નોકરી તે જ તાલુકાની અંદર અંબાજ ગામથી શરૂઆત કરી, અંબાજ, ઉંમરસાડીયા અને પલસાણા આમ તલાટીની નોકરીની શરૂઆત કરી ત્યાર બાદ તેમણે નોકરી છોડીને ભૂમિહીન ખેડૂતોને ઉજ્જડ જમીન દક્ષિણ ગુજરાતની અંદર આખાય વિસ્તારની અંદર હાંસિયાવાળી જમીન હતી એ જમીનની લડત આદરણીય સ્વર્ગસ્થ ઇશ્વરભાઇ છોટુભાઇ દેસાઇની આગેવાનીમાં, તેમના નેતૃત્વમાં તેમણે શરૂ કરી અને સતત ૧૪ વર્ષ સુધી લડત આપી ત્યારબાદ ૧૯૫૩ થી ૧૯૬૮ સુધી લડત આપ્યા બાદ ૧૪ હજાર એકર જમીન તત્કાલિન વડાપ્રધાન સ્વર્ગસ્થ ઇંદિરા ગાંધીના હસ્તે વલસાડ જિલ્લાની અંદર પારડી મુકામે જયાં ઇશ્વરનગર કહેવાય પાર નદીના કિનારે તે દરમિયાન તેમના હક્કો એક તામ્રપત્ર ઉપર લેખિત તે વખતના વડાપ્રધાને આ વલસાડ અને હાલનો નવસારીનો જૂનો વલસાડ જિલ્લાના તમામ ખેડૂતોને તે તામ્રપત્ર ઉપર તેમને હક્કપત્ર આપીને તે ભૂમિહીન ખેડૂતોને જે ઉજ્જડ જમીન, જે હાંસિયા જમીન ખેડવાની તેમને તક આપી અને તે સમયનો જે તકાજો હતો કારણ કે ત્યારે જમીનો જમીનદારો પાસે હતી, આદિવાસી સામાન્ય માણસ પાસે જમીન હતી જમીનદારોની એ જમીન ગણોતધારો લાગુ કરીને અપાવનાર એમાં એ હિસ્સાની અંદર સ્વર્ગસ્થ વડાપ્રધાન મોરારજી દેસાઇનો પણ એટલો જ હિસ્સો હતો. સ્વર્ગસ્થ વડાપ્રધાન મોરારજી દેસાઇ વલસાડ જિલ્લાના જ હતા એમને પણ એ સમાજની અને આ વલસાડ જિલ્લાના ભૂમિહીન ખેડૂતોની લાગણી હતી એમણે પણ મુંબઇ રાજય વખતે એ મુખ્યમંત્રી હતા એ દરમિયાન એમણે સંયુકત રીતે ઇશ્વરભાઇ દેસાઇ અને ઉત્તમભાઇની આગેવાનીમાં તે વિસ્તારના તમામ ખેડૂતોને જમીન અપાવી. ત્યાર બાદ તેમણે ૧૯૫૨ની અંદર મુંબઇ રાજયની અંદર પહેલી વિધાનસભામાં ઉમેદવારી કરી પણ તેમની ઉંમર નાની પડી તો એમણે મુંબઇથી ઉમેદવાર લાવીને, કારણ કે એસ.ટી.સીટ હતી, પારડી સીટ તે ધોળીયા પટેલ રવજીભાઇ કરીને ઉમેદવાર હતા તેને

ઉમેદવારી કરાવી. ત્યાર બાદ ૧૯૫૭થી સતત ધારાસભ્ય તરીકે પારડી વિધાનસભા મત વિસ્તાર ૧૯૭૪ની અંદર ડીલીમીટેશન થયા પછી મોટાપોંઢા વિધાનસભા મત વિસ્તાર અને ૧૯૮૦ પછી ૧૯૮૯ અને ૧૯૯૧ થી ૧૯૯૬ સુધી તે ભારત સરકારના સંસદ સભ્ય રહીને અને રાજયકક્ષાના ગ્રામિણ મંત્રી તરીકે રહીને તેમણે સેવા આપી. સંસદ સભ્ય રહીને રાજ્ય કક્ષાના ગ્રામીણ મંત્રી તરીકે રહીને એમણે જે સેવાઓ આપી એ સેવા વલસાડ જિલ્લાના સમગ્ર અમારા આદિવાસી સમાજ અને ખાસ કરીને એ વિસ્તારની અંદર જે વ્યસન મુકિતનું  મુખ્યત્વે કામ હતું અને સમાજ સુધારણા સાથે ધાર્મિક પ્રવૃત્તિ અમારા અમર અખંડાનંદ મહારાજ હતા એમના નેતૃત્ત્વમાં ૧૯૪૫માં દક્ષિણ ગુજરાતમાં એમણે પ્રસ્થાન કરેલ અને એમની આગેવાનીમાં સમાજ સુધારણાનું ખૂબ સારું ધાર્મિક કાર્ય કર્યું હતું એવા આદરણીય સ્વર્ગસ્થ ઉત્તમ ભાઇને અને આ ગૃહના અન્ય પૂર્વ સભ્યોના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કરી તેમના કુટુંબીજનોને આપના માધ્યમ દ્વારા દિલસોજીનો સંદેશો પાઠવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રોની જાણકારી માટે ખાસ કરીને નવા આદરણીય સભ્યોની જાણકારી માટે કહું છું કે જ્યારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે ગૃહની બહાર જવું નહિ કે અંદર આવવું નહિ.

શ્રી <#Misૌરભ  પટેલ /Mi> (ભા. જ. પ. ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાએ સૂર પુરાવ્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું. શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ ૨૦૦૨ની અંદર ધારાસભ્ય તરીકે આવ્યા હતા અને આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્ત્વ નીચે ઉદ્યોગ મંત્રી તરીકે રહ્યા. એમની સાથે બહુ નજીકથી કામ કરવાની મને તક મળી હતી. એ દિવસોમાં ૨૦૦૩માં વાઇબ્રન્ટ આવ્યું હતું. ૨૦૦૫માં પણ વાઇબ્રન્ટ આવ્યું હતું. સાથે મળીને ઉદ્યોગ નીતિ બનાવી હતી અને ગુજરાતના લોકોને લાભ કેવી રીતે થાય, ઉદ્યોગોને કેવી રીતે ફાયદો થાય એના માટે કાયમ શ્રી અનિલભાઇ ચિંતા કરતા. ખૂબ સારું ભણેલા, વિદેશ પણ ખૂબ મોટા પ્રવાસ કર્યા હતા. વિદેશમાં પણ ભણ્યા હતા. એક આખી દુનિયા જોઇ હતી અને એના કારણે ગુજરાતમાં શું લાવવું જોઇએ, કેવી રીતે પ્રગતિ કરવી જોઇએ એના માટેના ખૂબ સારો વિચાર આપણે ત્યાં કેવી રીતે આવે એના માટે કાયમ જાગૃત રહેતા. ખાલી ઇન્ડસ્ટ્રીઝ જ નહિ પણ દરેક ક્ષેત્રમાં એમનું ખૂબ મોટું યોગદાન હતું. શિક્ષણની અંદર આજે ઉત્તર ગુજરાતની સારામાં સારી યુનિવર્સિટી ગણીએ તો ગણપત યુનિવર્સિટી છે અને shortest possible timeમાં એક ગુજરાતની સારામાં સારી ઇન્સ્ટીટ્યુટ અને ઉત્તર ગુજરાતની ઇન્ટસ્ટીટ્યુટ એમણે ઉભી કરી છે અને એ વખતે મેં એમને પૂછ્યું ઉત્તર ગુજરાતમાં કોણ આવશે તો મને કહે કે સૌરભ ભાઇ આપણી પાસે ત્યાં કોઇ સારી સંસ્થા નથી એટલે આ સારી સંસ્થા આપણે ત્યાં કરીએ છીએ અને સારામાં સારા International collabration કેવી રીતે મળે એ માટે ચિંતા કરતા. રાજ્ય સરકારમાં પણ આવી અને શૈક્ષણિક વ્યાપ કેવી રીતે સુધરે તે માટે ચિંતા કરતા. બેન્કિંગ ક્ષેત્રે પણ એમનો ખૂબ મોટો ફાળો ગુજરાતમાં આપ્યો છે અને અમારા ઉમિયા માતાજીના પ્રમુખ તરીકે પણ એમણે ખૂબ સારું યોગદાન આપ્યું. એટલે સમાજના હોય કે શિક્ષણના હોય, ખેડૂતોના પ્રશ્નો હોય દરેક ક્ષેત્રમાં એમણે ખૂબ સારી કામગીરી કરી છે. એક soft spoken અને perfect gentleman તરીકેની એમની ઓળખ અને છેલ્લા દિવસ સુધી પોઝિટીવ એટીટ્યુડ સાથે જ એમણે કામગીરી કરી છે. પોઝિટીવ એટીટ્યુડમાં પણ વિકાસ અને સુધારા સમાજની અંદર કેવી રીતે થાય એની કાયમ ચિંતા કરતા. બીજા આપણા ઉમિયા પાટીદાર સમાજના અધ્યક્ષ વિક્રમભાઇ પણ આજે આપણી વચ્ચે નથી. એમની સાથે પણ વર્ષો જૂનો નાતો હતો. રાજકારણમાં આવ્યા એ પહેલાંથી એમને ઓળખું. કારણ કે, વિક્રમભાઇએ ઉંઝા મંદિરમાં મારા દાદાની નીચે ઘણા વર્ષો સુધી કામગીરી કરી અને પાટીદાર સમાજનો કોઇ પણ વિષય હોય એનો ઉકેલ કેવી રીતે આવે એની કાયમ ચિંતા કરતા. ઉત્તર ગુજરાતના ચાણસ્મા હોય કે ઉંઝા હોય, એવી કોઇ સંસ્થા બાકી નહીં હોય, એ શૈક્ષણિક સંસ્થા હોય, બેંક હોય કે મંડળી હોય, એમણે એના સભ્ય તરીકે, ડાયરેક્ટર તરીકે કામ ન કર્યું હોય કે સેવા ન આપી હોય. માનનીય અધ્યક્ષશ્રી, આવા છ સદ્ગત સભ્યશ્રીઓ આજની તારીખે આપણી વચ્ચે નથી, એમના આત્માને ભગવાન શાંતિ આપે અને આપણે સૌ એમને શ્રધ્ધાંજલી આપીએ અને આપશ્રી દ્વારા એમના કુટુંબીજનોને સંદેશો પહોંચાડીએ.

શ્રી બ્રિજેશ મેરજા(ભા.રા. કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના  શાસકપક્ષના નેતાશ્રી  જે  શોક ઠરાવ લઇને આવ્યા છે તેમજ  વિપક્ષના પરમ આદરણીય નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સંવેદના સાથે જે સમર્થન આપ્યું છે એમાં હું મારી લાગણી વ્યક્ત કરવા  માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના  માનવંતા સભ્ય તરીકે ભૂતકાળમાં કામ કરી ગયેલા જુદા જુદા વિસ્તારના તત્કાલિન ધારાસભ્યો સ્વ. શ્રી ઉત્તમભાઇ પટેલ, સ્વ. શ્રી અનિલભાઇ પટેલ,  સ્વ.શ્રી બાબુભાઇ પટેલ, સ્વ. શ્રી શંકરલાલ પટેલ , સ્વ. શ્રી વિક્રમભાઇ પટેલ અને સ્વ. શ્રી જયકુમાર સંઘવી.  માનનીય અધ્યક્ષશ્રી, જન્મ, જરા અને મૃત્યુ એ કુદરતી ક્રમ છે, ભલે માણસ મરણને રોકી શકતો નથી પણ એવા કર્મો કરે કે જે સદાય લોકસ્મરણમાં જળવાઇ રહે. સદનસીબે અહીં આપણે જેને અંજલિ આપવા માટે ઉભા થયા છીએ એમણે આવી લોકસેવાની ભારે મોટી પૂંજી ઉભી કરી છે અને એ કાયમ લોક હૃદયમાં પ્રકાશ પૂંજ તરીકે સ્મરણીય બની રહેશે. આદરણીય સ્વ. શ્રી ઉત્તમભાઇ પટેલ નામ મુજબ જ સર્વોત્તમ સેવાના ભેખધારી હતા. એ જ રીતે સ્વ. શ્રી વિક્રમભાઇ અહીં નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ સાચુ જ કહ્યું કે, એ કડવા પાટીદાર સમાજના ભિષ્મ પિતામહ હતા. પોતે દેહદાતા હતા અને યુવાન કાળમાં જ એમના ગામની સહકારી મંડળી, ચાણસ્માના નગર પંચાયતના પ્રમુખ અને એ પોતે પંચામૃત સમુ જીવન જીવી ગયા. ૧૯૭૫ થી ૧૯૮૦ એ આ વિધાનસભામાં કિમલોપ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા હતા અને વલ્લભભાઇ પટેલના પી.એ. તરીકે એમની સાથે મને કામગીરી કરવાનો મોકો મળેલો. સંસ્મરણો તાજા થાય તો અમારા પરેશભાઇએ કહ્યું  કે ઉત્તમભાઇ લાલ ટોપીવાળા હતા, તો આ વિક્રમકાકા પણ ખાદીધારી ટોપીના પ્રણેતા હતા. કાકા કાલેલકરે કહ્યું છે કે, શાણુ માણસ લાભત નહીં, અનિલભાઇ ગણપતનગર  યુનિવર્સિટીના વિશ્વકર્મા તરીકે, મને એમની સાથે ચારેક મહિના પહેલાં એક સામાજિક

પ્રસંગે મળવાનું થયેલું ત્યારે એમના મનમાં સમાજ માટેનું જે રટણ હતું અને યુવાનોને કઇ રીતે આગળ લઇ જવાની એમના મનમાં પરિકલ્પના હતી એની આજે મને સ્મૃતિ થાય છે.

તદ્ઉપરાંત સ્વ. શ્રી જયકુમાર સંઘવી માંડવીથી આવતા હતા, માંડવી નામ આવે એટલે સ્વાભાવિક રીતે ક્રાંતિ યાદ આવે. સ્વ. શ્રી જયકુમાર સંઘવી યુવાનીમાં ક્રાતિને વરેલા એક યંગટર્ક હતા. નાના માણસ સાથે કેવો ઘરોબો કેળવાય એનું દ્રષ્ટાંતરૂપ હતા. હું ભૂલતો ન હોઉં તો ૮૦ થી ૮૫ સુધી વિધાનસભામાં એ કોંગ્રેસ પક્ષના સભ્ય હતા.

તદ્ ઉપરાંત સ્વ.શ્રી બાબુભાઇ પટેલ એ બહુ વયોવૃધ્ધ હતા. કમનસીબે એમની સાથે કામ કરવાનો મને મોકો નથી મળ્યો. માનનીય અધ્યક્ષશ્રી આપશ્રી જ્યાંથી આવો છો એ ગાયકવાડી સ્ટેટની હકૂમત હેઠળના બૃહદ જૂના મહેસાણા જિલ્લાના ચાર સામાજિક આગેવાનોને જોગાનુજોગ આજે અંજલિ આપવાનું બન્યું છે ત્યારે સ્વાભાવિક અનુકંપા થાય. આ આગેવાનો સાથે સમાજની એક રૂપરેખા સમાજને કેમને કેમ વધુ ઉપયોગી થવાય એવી ભાવના એમનામાં અમે દેખી હતી અને સાકાર કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની રજા લઇને હું એટલું જ કહેવા માગું છું કે, અનિલભાઇ, મહેંકમાં મહેંક ભળી જાય, એને મૃત્યુ ના કહેશો, તેજમાં તેજ ભળી જાય એને મૃત્યુ ના કહેશો. આ અનિલભાઇ ઇચ્છતા હતા. તો વિક્રમદાદા ઢીલે ઢીલે વૃધ્ધિપામી તુ વૃધ્ધ થા, ધીરે ધીરે વૃદ્ધિ પામી તું વૃદ્ધ થા. કાં પછી સર્વ ત્યાગી બુદ્ધ થા, સ્નાનો ઘરમાં કે પછી ગંગા તટે વાત એટલી કે તું ભીતરથી શુદ્ધ થા. એવા શુદ્ધતાને વરેલા વિક્રમભાઇ પટેલને પણ અંજલિ આપું છું. સ્વ. જયકુમાર સંઘવી માટે એટલું જ કહીશ કે એ સંબંધના રખોપાનો માણસ હતો. ઝાડ પડી જાય પછી જ એની ઉંચાઇનો માણસને ખ્યાલ આવે છે. તેવા જયકુમાર સંઘવીને પણ મારા તરફથી શ્રદ્ધાંજલિ આપું છું. હું આપના મારફત છેલ્લે ઉત્તમભાઇ પટેલને મોત વેળાની આ ઐયાસી નથી ગમતી મરીજ, મોત વેળાની આ ઐયાસી નથી ગમતી મરીજ. હું પથારી પર રહું અને આખું ઘર જાગ્યા કરે એ મને મંજૂર નથી, એવા સ્વાવલંબી ઉત્તમભાઇ હતા અમે એમને ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે કામ કરતા જોયા છે. અમારા સૌના ગુરૂ ઉંઝાના ધારાસભ્ય એકસ એમ.એલ.એ. કાઉન્સીલના પ્રાણ પ્રણેતા ગણી શકાય એવા શંકરલાલ ગુરૂ માટે એટલું જ કહી શકાય કે રડયા બેફામ સૌ મારા મરણ પર એ જ કારણથી, હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી. આવા સૌ મહાનુભાવોને હું અંજલિ આપું છું આપણા ગૃહ મારફત અને અમારા કોંગ્રેસ પક્ષ તરફથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે ઠરાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમર્થન કર્યું છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તમભાઇ પટેલ, અનિલભાઇ પટેલ, વિક્રમભાઇ પટેલ, બાબુભાઇ પટેલ અને શંકરભાઇ પટેલ જે ગુરૂના હુલામણા નામથી ઓળખાતા હતા. અને જયકુમાર સંઘવી આ ગૃહના પનોતા પુત્ર કહી શકાય અને આ ગૃહમાં જેમણે કામ કર્યું છે અને રાજકારણથી માંડી અને સમાજ સેવા સુધી જેમણે કામ કર્યું છે, અને જૈફ વયે જેમણે આ દુનિયામાંથી વિદાય લીધી છે. તેવા તમામને મારી શ્રદ્ધાંજલિ અર્પું છું અને સાથે સાથે અમારા મહેસાણા જિલ્લાના ચાર આગેવાનો અને બૂઝર્ગ આગેવાનોએ વિદાય લીધી છે એ મહેસાણા જિલ્લામાં પાટીદારા સંસ્થાઓમાં કામ કર્યું છે અને જૂના મહેસાણા જિલ્લામાં સામાજીક ક્ષેત્રે, શૈક્ષણિક સેવા, આરોગ્યની સેવા, અને સામાજીક સુધારા માટે જેમણે કામ કર્યું છે, તેવા અનિલભાઇ પટેલ કે જેમણે ખ્યાતનામ ખેરવા યુનિર્વસીટી બનાવી અને શિક્ષણની પૂરી તકો ન હતી એ પૂરી પાડવા માટે જેમણે ખૂબ મોટો ફાળો આપ્યો એવા સફળ વિદ્યાર્થી, સફળ ઉદ્યોગપતિ, સફળ શિક્ષણકાર સફળ સમાજ સેવક અને સફળ રાજકારણી અથવા તો સફળ ઉદ્યોગ મંત્રી કહી શકાય તેવા અનિલભાઇ તેમનું આખું કુટુંબ માનનીય નીતિનભાઇએ કહ્યું એમ ખૂબ સામાજીક સેવાઓ ધરાવતું અને બૃહદ પૃષ્ઠ ભૂમિ સામાજીક સેવા ધરાવતા કુટુંબમાં થી એ વિદાય થયા છે. તેમના પત્ની શારદાબેન આજે પણ ધરતી પરિવારમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. વિક્રમભાઇ ધનજીભાઇ પટેલ જયારે મૃત્યુ પામ્યા ત્યારે ઉમિયા માતાજી સંસ્થાનના તેઓ પ્રમુખ પણ હતા. મંત્રી તરીકે પણ તેમણે જે સેવાઓ આપી, શિક્ષણ અભિયાન અર્થે આખા દેશમાં ફરી અને પાટીદારો પાસેથી જે દાન એકત્ર કરી શિક્ષણ વૃતિ અને શિક્ષણ માટે સહાય આપવાનું કામ કર્યું તેમાં પણ તેઓ સહભાગી થયા હતા, સમાજ સેવામાં પાણી બચાવો, બેટી બચાવો, વૃક્ષો વાવો આ બધી જ બાબતોમાં ગ્રીન ગ્લોબલ બ્રિગેડમાં પણ અમે જયારે જયારે સહકાર લેવા જઇએ ત્યારે એમના તરફથી અચૂક સહકાર મળે તેવા અમારા બન્ને નેતાઓ વિક્રમભાઇ અને સાથે સાથે શંકરલાલ મોહનલાલ પટેલ ''ગુરૂ'' કે જે મહેસાણા જિલ્લાનું થડ કહેવાય કે જેમને પાટીદાર સમાજ હોય કે આખા મહેસાણા જિલ્લાનો કોઇ પણ સમાજ હોય, દરેક સમાજ માટે એમણે કામ કર્યું છે. શિક્ષણનું કામ હોય વિદ્યાર્થીઓને અમદાવાદમાં રહેવા માટે વ્યવસ્થા કરવાનું કામ હોય કે ઉંઝા માર્કેટ યાર્ડનું કામ હોય ઉમિયા માતાજી સંસ્થાનું કામ હોય કોઇ પણ શિક્ષણ અર્થે એમની પાસે જાય તો એમનું કામ થાય એવા શંકરભાઇ મોહનભાઇ પટેલ ગુરૂ અને સાથે સાથે ઉત્તમભાઇ પટેલ આમ તો અમે મહેસાણાના ઉત્તમભાઇ વલસાડ બાજુના પરંતુ મારું સૌભાગ્ય એટલું છે કે જે બે ગુલાબી ટોપી હતી એક વિરજીભાઇ મુનિયા, ઝાલોદ અને બીજા ઉત્તમભાઇ પટેલ વલસાડથી આ બે ગુલાબી ટોપીઓ હતી, મારા પિતાશ્રી વલસાડની અંદર ધરમપુરમાં ડી.ડી.ઓ. તરીકે સર્વિસ કરતા હતા. તે વખતે ટી.ડી.ઓની જગ્યા નહોતી અને બ્લોક ડેવલપમેન્ટ ઓફિસરની જગ્યા હતી. એ વખતે ખૂબ નાની ઉમરે મને જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. તે વખતે એમની છાપ સમાજ સેવક તરીકેની હતી નાની ઉંમરમાં એક સબ કોન્સેસ માઇન્ડમાં મારા મનમાં ઝાલોદના વિરજીભાઇ મુનીયા અને સાથે સાથે ઉત્તમભાઇની છાપ મગજમાં કંડોરાયેલી હતી. સાથે સાથે જયકુમાર સંઘવી આ તમામ સભ્યશ્રીઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ શોકદર્શક ઠરાવમાં શ્રદ્ધાંજલિ આપી છે એમાં હું મારો પણ સૂર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જે શોકદર્શક ઉલ્લખો લઇને આવ્યા છે અને જેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પોતાનો સૂર પૂરાવ્યો છે અને તમામ માનનીય સભ્યશ્રીઓ તથા

મંત્રીશ્રીઓએ આ બાબતમાં ઘણી બધી વિગતો આપી છે જેના પરથી આપણા ધ્યાનમાં આવ્યું છે કે છ જેટલા આ મહાનુભાવો એમના જીવનની સમગ્ર કરકિર્દી સામાજીક ઘડતર માટે અને સામાજીક ઘડતર થકી લોક પ્રતિનિધિ બનીને આ સભાગૃહમાં આવતા હોય અને એમની જે ઉત્કૃષ્ઠ કામગીરી રહી હોય આજે આપણે સૌ એમને નમન કરીએ છીએ. આપણા હૃદયને માટે આ એક જંજોળ કરે એવી ઘટના છે.

જે વિગતો આપણે સાંભળી એમાં કેન્દ્રના પૂર્વ રાજય કક્ષાના મંત્રી અને ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી ઉત્તમભાઇ હરજીભાઇનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓનો જન્મ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ડુમલાવ ગામે થયો

હતો. તેઓશ્રીએ ધોરણ–૭ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓશ્રીએ આદિવાસી સામાજીક સુધારા, પારડી ખેડ સત્યાગ્રહ, કિસાન આંદોલન, દારૂ નિષેધ, ભૂદાન પ્રવૃતિ જેવી અનેક પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લીધો હતો. તેઓ પહેલી, બીજી, ત્રીજી, અને ચોથી તથા પાંચમી ગુજરાત વિધાનસભામાં મોટા પોંઢા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે તથા સાતમી, આઠમી, દસમી તથા અગિયારમી લોકસભામાં વલસાડ સંસદીય મત વિસ્તારના સભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં તા. ૨૪–૧૨–૭૬ થી ૧૦–૪–૭૭ સુધી વન, ગ્રામ ગૃહનિર્માણ, જેલ અને વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત સને ૧૯૯૧ થી ૧૯૯૬ દરમિયાન ભારત સરકારમાં રાજયકક્ષાના ગ્રામીણ વિકાસમંત્રી તરીકે પણ અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

પૂર્વ રાજયકક્ષાના મંત્રી શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલનું ૭૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓએ શિક્ષણક્ષેત્રે આપેલ ઉત્કૃષ્ઠ સેવાઓ મને યાદ આવે છે. ગત વર્ષમાં મંત્રી તરીકે મારે ગણપત યુનિવર્સિટીમાં જવાનું થયેલ અને તે વખતે મારે એમની સાથે પરિચય થયેલો. એમનો ઉમદા સ્વભાવ, એવું લાગે નહિ કે આવડી મોટી યુનિવર્સિટી ઉભી કરનારનું આવું વ્યકિતત્વ. તેઓએ સામાજીક સેવાની પ્રવૃત્તિમાં પોતાનું જીવન ખપાવી દીધુ.

સ્વ. શ્રી બાબુભાઇ શીવરામ પટેલનું ૮૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓશ્રી કેળવણી તેમજ સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. તેઓશ્રીએ બીજી ગુજરાત વિધાનસભામાં માણસા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શંકરલાલ મોહનલાલ પટેલનું ૮૯ વર્ષની વયે દુ:ખદ અવાસન થયેલ છે. જેમણે ગુરુ તરીકે અલગ ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેઓનો જન્મ મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ઉનાવા ગામે થયો હતો. તેઓએ ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કરેલ હતો અને કૃષિની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

તેઓએ ગુજરાત રાજય કૃષિ બજાર બોર્ડ, ગાંધીનગર તથા કૃષિ બજાર કાયદામાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે રચેલી હાઇ પાવર કમિટીના ચેરમેન તરીકે તેમજ કૃષિ સંલગ્ન વિવિધ સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર રહીને અવિસ્મરણીય સેવાઓ બજાવેલ હતી. તેઓશ્રીએ ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં ઉંઝા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિક્રમભાઇ ધનજીભાઇ પટેલનું ૮૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓનો જન્મ મહેસાણા જિલ્લાના ચાણસ્મા ખાતે થયો હતો. સ્વ. શ્રી પાંચમી ગુજરાત વિધાનસભામાં ચાણસ્મા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જયકુમાર ચુનીલાલ સંઘવીનુ ૭૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓનો જન્મ કચ્છ જિલ્લાના માંડવી ખાતે થયો હતો. તેઓશ્રીએ બી.એ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

ઉપરોકત છએ સદગત મહાનુભાવોના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ. આ સૌ સભ્યોને આજે આપણે શ્રદ્ધાંજલિ અર્પવા બે મિનિટનું મૌન પાળીશું.

(બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું)

અધ્યક્ષશ્રી : સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

(વિરામ બપોરના ૨.૩૫ થી ૩.૧૫)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૨

શ્રી આર.સી. ફળદુ (વાહનવ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૧૭નો ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૩

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૧૭નો ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

અનુમતિ મળેલાં વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૮ અને અગિયારમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮,૨૯ અને ૩૧ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

## તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ વિધેયક, ૨૦૧૮

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨-૧૫ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. સોમવાર, તા. ૧૯/૨/૨૦૧૮ના રોજ દિવસના કામકાજની યાદીમાં બીજી બેઠકમાં સન ૨૦૧૮નું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક હાથ ધરવું તથા તેની વિચારણા પૂરી કરવી.

૨. સોમવાર, તા. ૧૯/૨/૨૦૧૮ના રોજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલા બાકી રહેલા બે વિધેયકો તથા તા. ૨૬/૨/૨૦૧૮ સુધીમાં મળનાર અન્ય સરકારી વિધેયકોની વિચારણા તા. ૨૬ તથા ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વિચારણા માટે હાથ ધરવા તથા સભાગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨

<# B /ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ વિધેયક, ૨૦૧૮

<#SB /રાજ્યમાં માર્ગ સુરક્ષા કાર્યક્રમોના અમલ માટે માર્ગ સુરક્ષા સત્તા મંડળની રચના કરવા માટેની અને માર્ગ સુરક્ષા માટેની મુખ્ય એજન્સી તરીકે કાર્ય કરવા માટેની, માર્ગ સુરક્ષા ફંડની સ્થાપના કરવા માટેની અને તેની સાથે સંળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ, સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક-૨ સન ૨૦૧૭નો ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વટહુકમ નામંજૂર કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક ૨- સન ૨૦૧૮ના ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૧૮નું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક-૨ રાજ્ય માર્ગ સુરક્ષા કાર્યક્રમનો અમલ માટે માર્ગ સુરક્ષા સત્તા મંડળની રચના કરવા માટે અને માર્ગ સુરક્ષા માટેની મુખ્ય એજન્સી તરીકે કાર્ય કરવા માટે માર્ગ સુરક્ષા ફંડની સ્થાપના માટે અને તેની સાથે સંકળાયેલી તથા તેના આનુસાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વટહુકમના સંદર્ભમાં જે સરકારી વિધેયક લઇને આવ્યા છે તે સંદર્ભમાં મારા વટહુકમ નામંજૂર કરવાનો પ્રસ્તાવ અને મારા વિચારો રજૂ કરી રહ્યો છું. પ્રથમ તો હું કહેવા માગુ છું કે •(×××) બંધારણની કલમ ૨૧૩ મુજબ જયારે વિધાનસભાનું સત્ર ચાલતું ન હોય ત્યારે ખાસ આકસ્મિક સંજોગો ઉભા થાય અને તાત્કાલિક કાયદો કરવો પડે તેવું જરૂરી લાગે તો રાજ્યપાલે વટહુકમ બહાર પાડીને કાયદો બનાવવાનો હોય છે. વિધાનસભાનું સત્ર ટૂંક સમયમાં મળવાનું હોય અને વિધાનસભાના નિયમો મુજબ વિધેયક પસાર કરીને કાયદો કરી શકાય તેમ હોય તેવા સંજોગોમાં વટહુકમ બહાર પાડવો જોઇએ નહીં. બીજું કે *(×××) ગઇ કાલે જ અમને આ કાયદાની નકલો મળી છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એમાં એક ખરાબ પદ્ધતિ શરૂ કરી છે કે વિધાનસભાનું સત્ર મળવાનું નક્કી થાય તેના થોડા દિવસો પહેલા વટહુકમ બહાર પાડી દેવા અને સત્ર શરૂ થવાનું હોય તેના શરૂઆતના દિવસોમાં સરકારી વિધેયકોનું કામ ગોઠવી દેવાનું અને વટહુકમોનું સ્થાન લેતા વિધેયકો તેમજ સરકારી વિધેયકો જલદી પસાર કરાવી લેવાના *(×××) નિયમ ૧૩૦ મુજબ વિધેયક લાવવાનું હોય તેના ચાર દિવસ પહેલા વિધેયકની અંગ્રેજી, ગુજરાતી નકલો સભ્યશ્રીઓને અભ્યાસ માટે આપવાની હોય છે. આ નિયમ મુજબ સભ્યશ્રીઓને આ વિધેયકની નકલો ચાર દિવસ પહેલા મળવી

---

• વિધેયક તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જોઇએ તે મળતી નથી*(×××) વિધેયકને લગતા જે સામાન્ય નિયમો છે તે મુજબ વિધેયક સભાગૃહમાં દાખલ કરવાનું હોય અને પછી પહેલા અને બીજા વાચન માટે હાથ ધરવાનું હોય તે વિધેયક દાખલ થયા પછી ગેઝેટમાં છાપવાનું હોય છે અને પછી દિવસ નક્કી થાય તે પહેલા, બીજા અને ત્રીજા વાચન માટે લેવાનું હોય છે. અપવાદરૂપ કિસ્સામાં કોઇક વખત અર્જન્સી હોય ત્યારે વિધેયક દાખલ કરવાની અને પછી પહેલા અને બીજા વાચનમાં લેવાની પ્રોસીઝર કાપ મુકીને અધ્યક્ષશ્રીની સંમતિથી ૧૨૭ (ક)મુજબ સીધેસીધું દાખલ કરીને પહેલા અને ત્રીજા વાચન માટે લેવાના નિયમોનો આશરો લેવાનો હોય છે. પરંતુ સરકારે અપવાદરૂપ નિયમોને સામાન્ય નિયમ બનાવી દીધો છે. સરકારે આ ખોટી પદ્ધતિ બંધ કરવી જોઇએ. સામાન્ય નિયમોનું પાલન જરૂરી છે જેથી સભ્યોને વિધેયકનો અભ્યાસ કરવાનો પુરતો સમય મળે અને સભ્યોના અધિકાર ઉપર તરાપ મારવાની પદ્ધતિ સરકાર બંધ કરે તેવી વિનંતી છે. સરકારે જે પગલાં લેવા જોઇએ તે સરકાર લેતી નથી. સરકારે જે કરવાનું હોય છે તે કરતી નથી. માર્ગ સલામતિની સરકારને ખરેખર ચિંતા હોય તો અમદાવાદ અને બીજા શહેરોમાં (અંતરાય) માનનીય મંત્રીશ્રી એના ઉપર જ બોલી રહ્યો છું. મારા જે સૂચનો છે એ કહી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : આપની જાણ માટે, તમામ સભાસદોની જાણ માટે. આજે તમે લખીને લાવ્યા છો. વાંચો, વાંધો નથી પણ સામાન્ય રીતે આપણે મુદ્દાઓ લખીને લાવવા અને એની તૈયારી થાય, ભવિષ્ય માટે પણ સારું રહેશે. મારું એક સૂચન છે અને આપ પણ સ્વીકારશો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં આ મારી પહેલી સ્પીચ છે એટલા માટે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે એમને બોલવાની તક આપો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જે પગલાં લેવા જોઇએ તે સરકાર લેતી નથી અને સરકારે જે કરવાનું છે તે કરતી નથી. માર્ગ સલામતિ માટે સરકાર ખરેખર ચિંતિત હોય તો અમદાવાદ અને બીજા શહેરોના પૈસાદાર લોકોના નબીરાઓ રોડ ઉપર જે બેફામ રીતે ગાડી ચલાવે છે, સ્ટંટ કરે છે , નિર્દોષ લોકોને કચડી નાખે છે અને રન એન્ડ હીટના કિસ્સાઓ વધતા જાય છે. ખરેખર તો સરકારે આ કન્ટ્રોલ કરવાની જરૂર છે. આવા લોકો ઉપર પોલીસ કડક હાથે કામ કરે, કાર્યવાહી કરે તે જરૂરી છે. આવા નબીરા મોટા અધિકારીઓના, રાજકીય લોકોના કે શ્રીમંતના છોકરાઓ હોય છે એટલે પોલીસ તેમના ઉપર પગલાં લેતી નથી અને નિષ્ક્રિય થઇ જાય છે. સામે પક્ષે આવા લોકોને વધુ બેફામ અને નિર્દોષ લોકોને કચડીને મોતને ઘાટ ઉતારી દે છે. નવો કાયદો કરીને, ફક્ત બોર્ડ કે કમિટી બનાવવાથી માર્ગ સલામતિ થતી નથી. બીજું કે, આર.ટી.ઓ.માં ખુલ્લો ભ્રષ્ટાચાર ચાલે છે. ગાડીઓ ચલાવતા આવડતું ન હોય તેવા લોકોને પૈસા લઇને આડેધડ લાઇસન્સ આપવામાં આવે છે. તેનાથી પણ માર્ગ સલામતિ જોખમાય છે અને અકસ્માતો વધતા જાય છે એટલે લાઇસન્સ આપવા માટે પણ કડક કાર્યવાહી કરવામાં આવે અને જે લોકો ડ્રાઇવીંગ લાઇસન્સ લે છે તેને પૂરતી ચકાસણી કરીને પછી જ લાઇસન્સ આપવામાં આવે. અનઅધિકૃત રીતે આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર ઓવરલોડેડ વાહનો હોય છે અને એ ઓવરલોડેડ વાહનો વધારાનો જે સામાન હોય છે તેના માટે તેઓ ચેકપોસ્ટ ઉપર પૈસા આપીને નીકળી જતા હોય છે જેથી સરકારને પણ નુકસાન થાય છે. સરકારની પણ ઘણી આવક આવા લોકો બેફામ રીતે લુંટી લેતા હોય છે. બીજું કે આપણે રોજ છાપામાં વાંચીએ છીએ કે લોકો દારુ પીને ડ્રાઇવીંગ કરતા હોય છે. કારણકે હીટ એન્ડ રન અકસ્માત થતા હોય છે એટલે દરેક ડ્રાઇવીંગ કરનારાઓની સતત તપાસ થવી જોઇએ તથા તે માટેની વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. નિયમિત રીતે રોજ ડ્રાઇવરોને રોકીને બ્રેથટેસ્ટ કરીને પગલાં લેવાય તો દારુ પીને ચલાવનારા લોકો ઉપર અંકુશ લાવી શકાય છે. માર્ગ સલામતિનું કાર્ય સફળ રીતે પાર પાડી શકાય છે. બીજું કે, માર્ગ સલામતિ માટે અવરોધરૂપ પરિબળ હોય તો આજે પણ ગામડાંમાં હાઇવે ઉપર રસ્તાઓ તુટેલા છે. અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરામાં અકસ્માતના બનાવો બને છે એનું ખાસ કારણ છે કે રસ્તા તુટી ગયેલા છે એને કારણે અકસ્માતો થાય છે તો આ રોડ પણ તાત્કાલીક બનાવવા જોઇએ. ઘણીખરી જગ્યાએ બમ્પ એટલા ખરાબ બનાવેલા હોય છે કે બમ્પ પસાર કરનારનું બેલેન્સ રહેતું નથી અને અકસ્માત થાય છે એટલે સરકાર જો ખરેખર માર્ગ સલામતિ આપવા માગતી હોય તો રસ્તા સારા કરવાની જરૂર છે. ખાડા પૂરવાની જરૂર છે. ખરાબ પ્રકારના બમ્પો હટાવવા જરૂરી છે. આ બધાં કારણોને ધ્યાનમાં રાખીને મેં વટહુકમ નામંજૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. જેને સભાગૃહના બધા સભ્યશ્રીઓ આ પ્રસ્તાવને ટેકો આપે તેવી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રથમ વખત ચૂંટાઇને હાઉસમાં આવ્યા છે, એટલે એમની મેઇડન સ્પીચ હતી. એમાં એક મુદો હાઉસના રેકર્ડ ઉપર જઇ રહ્યો છે. રેકર્ડ ખરાબ ન થાય અને કરેક્શન થાય એટલા માટે હું આપનું ધ્યાન દોરું છું. આપના ધ્યાન મુજબ રાજ્યપાલશ્રીને વટહુકમ બહાર પાડવાની અનુચ્છેદ ૨૧૩ હેઠળ જે બંધારણીય સત્તા છે. એ બંધારણીય સત્તામાં જ્યારે માનનીય ગવર્નરશ્રી તેમની સમક્ષ સરકાર દ્વારા જ્યારે કોઇ ઓર્ડીનન્સની હકીકતો મુકવામાં આવે. ગવર્નરશ્રીને સંતોષ થાય ત્યારે ગવર્નરશ્રી એમાં સાઇન કરીને ઓર્ડિનન્સ પ્રસિદ્ધ થતી હોય છે. પરંતુ આજે એમણે જે રાજ્યપાલશ્રીના નિર્ણયના સંદર્ભમાં રાજ્યપાલશ્રીના કંડક્ટના સંદર્ભમાં એમના પ્રવચનમાં જે ઉલ્લેખો હતા એ રાજ્યપાલશ્રીના કંડક્ટ ઉપર આપણે આ સભાગૃહને ચર્ચા કરવાનો કોઇ અધિકાર નથી, એટલે એના સંદર્ભમાં આપનું માર્ગદર્શન મળે અને રેકર્ડ આ પ્રમાણે હોય તો સુધરે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ જોઇને સુધારી લેવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સંસદીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે બોલ્યા નથી. સરકારના સંદર્ભમાં બોલ્યા છે. સરકારે આવા વટહુકમો...

## ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ વિધેયક, ૨૦૧૮

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇને સુધારી લઇશ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : ગુજરાત માર્ગ સલામતી સત્તા મંડળ વિધેયક ૨૦૧૮ આ સદન સમક્ષ લાવવા પાછળનાં જે કારણો છે અને ઓર્ડિનન્સ શા માટે પસાર કરવામાં આવ્યું, જાહેર કરવામાં આવ્યું તે બાબતે થોડી સ્પષ્ટતા પહેલા કરવી જરૂરી લાગે છે. ગત વર્ષે વિધાનસભા વિરામમાં હતી, તે સમયે ૩-૧૦-૨૦૧૭ થી ગુજરાત માર્ગ સલામતી વટહુકમ-૨, ૨૦૧૭ પ્રસિદ્ધ કરાયો હતો. બંધારણની જોગવાઇ પ્રમાણે આ વટહુકમને કાયદામાં પરિવર્તિત કરવા આજે હું ગુજરાત માર્ગ સલામતી સત્તા મંડળ વિધેયક ૨૦૧૮ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યો છું. આ વિધેયક માર્ગ સલામતી અંગેની આપણા સૌની ચિંતાનું વિધેયક છે. સમગ્ર દેશ અને દુનિયામાં જે પ્રકારે માર્ગ અકસ્માતો થઇ રહ્યા છે, ગુજરાત રાજ્યમાં જે પ્રકારે માર્ગ અકસ્માતો થઇ રહ્યા છે, ગુજરાતના મહાનગરોમાં જે પ્રકારે માર્ગ અકસ્માતો થઇ રહ્યા છે. એ આપણા સૌને માટે ચિંતાનો વિષય છે. અને આપણા ગુજરાતમાં છેલ્લાં ૨ વર્ષમાં માર્ગ અકસ્માતો લગભગ ૨૩,૦૦૦ જેટલા થયા અને જેમાંથી આઠેક હજાર તો એવા વ્યક્તિઓ ઘાયલ થયા કે જેમનો જીવ જઇ શકે તે પ્રકારના ગંભીર એમના શરીરને ઘાયલ થયા હોય તે પ્રકારની સ્થિતિ જોવા મળી છે. સુપ્રિમ કોર્ટમાં એક પી.આઇ.એલ. દાખલ થઇ. આ પી.આઇ.એલ. ૨૯૫/૨૦૧૨ અને એમાં નામદાર સુપ્રિમ કોર્ટે અવલોકન કર્યુ છે કે દેશના બધા જ રાજ્યોએ આ માર્ગ સુરક્ષાની દ્રષ્ટિથી હવે કંઇક ગંભીરતાથી નિર્ણય લેવો પડે. આપણી જે હયાત વ્યવસ્થાઓ છે. આપણું પોલીસ તંત્ર અને આપણું આર.ટી.ઓ. આપણી અન્ય એજન્સીઓ જે કામ કરી રહી છે. એમનાં પોતાનાં કામ પણ એટલાં બધાં હોય છે કે માર્ગ સુરક્ષાની દ્રષ્ટિથી જે પ્રકારે વિષય ઉપર ફોકસ થવું જોઇએ. જે પ્રકારે ગંભીરતાથી કેટલાક નિર્ણયો ચોક્કસપણે લેવાવા જોઇએ. ટ્રાફિક ડિસિપ્લીન જળવાવવું જોઇએ. આ ટ્રાફિક સેન્સ સંદર્ભમાં મોટી અવેરનેસ લાવવાની આવશ્યકતા જણાય છે. નામદાર સુપ્રિમ કોર્ટે ત્યાં સુધી કહ્યું કે રાજ્યોએ હવે આ રોડ સેફ્ટીના સંદર્ભમાં કોઇ ચોકકસ ઓથોરિટી બનાવવી પડે. આ ઓથોરિટીને પાવર્સ ડેલીગેટ કરવા પડે. તેની અંદર એક સુંદર વ્યવસ્થા હોય કે જે માર્ગો ઉપર થતા અકસ્માતોનું નિવારણ કરવા માટે કેટલાક મહત્વના કડક નિર્ણયો લઇ શકે. એ પ્રમાણે ગુજરાત સરકારે અને તે વખતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આના સંદર્ભમાં ખૂબ ગંભીરતાથી ચિંતન કર્યુ છે. તેઓશ્રી આ વિભાગ પણ સંભાળતા હતા. તેમણે પણ કેટલાક મહત્વના નિર્ણયો આવનારા દિવસોમાં માર્ગ અકસ્માતો ઘટાડવા માટે લીધા છે. મહત્વની વાત એ છે કે ૨૦૨૦ આવતાં આવતાં કોઇપણ સંજોગોમાં ગુજરાતમાં માર્ગ અકસ્માતો ઘટાડી માનવ મૃત્યુ ઘટાડવું અત્યંત આવશ્યક છે. એટલે રાજ્ય સરકારે ગંભીરતા લીધી છે. વિધાનસભા તે વખતે વિરામમાં હોવાના કારણે વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો. હવે જ્યારે કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થાય તે માટે હું આ સન્માનનીય સદન સમક્ષ ઉપસ્થિત થયો છું. સમગ્ર વિશ્વ સમક્ષ સલામતિ એ વૈશ્વિક ચિંતાનો વિષય છે. એક અહેવાલ પ્રમાણે આતંકવાદીઓથી ૨૦૧૬ના વર્ષમાં ૩૪ હજાર જેટલા મૃત્યુ થયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૦૧૬માં બહાર પાડેલા ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ઓન રોડ સેફ્ટીમાં દર્શાવેલ આંકડા પ્રમાણે અકસ્માતથી ૧૨ લાખ મોત થયા છે. અર્થાત ટેરરીઝમથી થયેલા મૃત્યુની સંખ્યા કરતાં રોડ ટેરરથી ૩૫ ગણા મૃત્યુ થયા છે. આ આપણા સૌના માટે અત્યંત ગંભીર અને ચિંતાનો વિષય છે. સમાજે પોતાના આશાસ્પદ લોકોને માર્ગ અકસ્માતમાં ગુમાવ્યા છે તે આપણા સૌના માટે એક પીડાનો વિષય છે. દુનિયામાં દર મિનિટે માર્ગ અકસ્માતથી બે વ્યકિત મૃત્યુ પામે છે અને દર સેકન્ડે એક થી બે વ્યકિતને માર્ગ અકસ્માતનો ભોગ બનવું પડે છે, ફેઇસ કરવું પડે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આજ સુધીમાં મૃત્યુના કારણોમાં હૃદયરોગ, શ્વસનતંત્રના રોગ, એચઆઇવી મૃત્યુ વગેરે છે તેમાં મૃત્યુના કારણોમાં માર્ગ અકસ્માત નવમા ક્રમે છે. ગંભીર મુદ્દો એ છે કે ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતનું સ્થાન મૃત્યુના કારણોમાં સંભવિત પાંચમું સ્થાન લેશે. તે માટે આ સંદર્ભમાં ચિંતા કરનારી વિશ્વની બધી જ એજન્સીઓ એવું કહે છે કે રોડ સેફ્ટી ઓથોરિટીની દરેક સ્થાન પર રચના કરવી જોઇએ. નામદાર સુપ્રિમ કોર્ટે બધા જ રાજ્યોને આ પ્રકારની સૂચના આપી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સીધા માર્ગદર્શન હેઠળ આ પ્રકારની એક ઓથોરિટી કામ કરી રહી છે. દરેક રાજ્યોને આ પ્રકારની ઓથોરિટી બને તે માટે સૂચનો કરી રહ્યા છે. તેના સંદર્ભમાં આ બિલ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું. આપણા દેશમાં ભારત સરકારના માર્ગ પરિવહન મંત્રાલયે બહાર પાડેલા છેલ્લા અહેવાલમાં ૨૦૧૬માં ૪ લાખ ૮૦ હજાર માર્ગ અકસ્માતો બનવા પામ્યા છે. જેમાં ૧ લાખ ૫૦ હજાર વ્યકિતઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. આપણા દેશમાં દર કલાકે ૫૫ જેટલા અકસ્માતો થાય છે. પ્રતિ કલાકે તેમાં ૧૭ જેટલા મૃત્યુ થાય છે. હું ખાસ અતિ મહત્વની બાબત તરફ આ ગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે ૩૫ વર્ષ સુધીના ૮૦ હજાર ૪૭૩ વ્યકિતઓના મૃત્યુ થયા છે. જે કુલ મૃત્યુના ૫૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આ યુવા અવસ્થાવાળું જે આપણું યુવાધન છે, જે આપણા ગુજરાતની અને આપણા દેશની આવતી કાલ બનવાની છે એવું યુવાધન છે એ માર્ગ અકસ્માતમાં વધુમાં વધુ પ્રમાણમાં આપણે ગુમાવી રહ્યા છીએ એ આપણા સૌના માટે આ સન્માનીય સદસ્યો માટે અતિ ગંભીર અને ચિંતાનો વિષય છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૧૯૦૮૧ માર્ગ અકસ્માતો થયા છે અને જેમાં ૧૬૮૦૨ વ્યકિતઓ ઇજાગ્રસ્ત થયા હતા તેમાંથી ૭૨૮૯ વ્યકિતઓ દુઃખદ મૃત્યુ પામ્યા હતાં જેમાં અનેક એવા પરિવારોએ પોતાના પરિવારના આશાસ્પદ એવા એકના એક વ્યકિત કે જે પોતાના પરિવારનો કમાનાર મુખ્ય વ્યકિત હતા એ જતી રહી હોય અથવા તો અનેક પરિવાર એવા છે કે જેને એના પરિવારનો એકનો એક દીકરો હોય અને એ દીકરો માર્ગ અકસ્માતમાં આ સમાજે ગુમાવ્યો છે. ગુજરાતમાં આજે ૨.૩૦ કરોડ જેટલા નોંધાયેલા વાહનો છે આ પણ ચિંતાનો વિષય છે. ગુજરાતની અંદર ૧.૨૯ કરોડ જેટલા જૂના વાહનો છે અને ૧ કરોડ જેટલા નવા વાહનો નોંધાયેલા છે. આ જે જૂના વાહનો છે એ વાહનો વર્ષોથી રોડ ઉપર ચાલ્યા રાખે છે એને માટે આપણી પાસે અત્યારે એવો કોઇ કાયદો નથી, પોલીસ પાસે કે આર.ટી.ઓ. પાસે એવી કોઇ સંવિધાનમાં જોગવાઇ નથી કે આ જૂના વાહનો ક્યાં સુધી ચલાવવા દેવાના? કેટલા કિલોમીટર સુધી ચલાવવા દેવાના? એની કઇ પ્રકારની વય અવસ્થા સુધી એ વ્હિકલને ચલાવવા દેવું? આની કોઇ ચોક્કસ દિશા નક્કી થવી જોઇએ, ચોક્કસ સમયગાળો નક્કી

થવો જોઇએ, ચોક્કસ કિલોમીટર સુધી આ વાહન ચાલે એ નક્કી કરવું જોઇએ. આ ગુજરાતમાં ૨.૨૫ કરોડ જેટલા વાહનો હોય અને રાજયના રસ્તાઓ, રાજયના શહેરોના માર્ગો આ જે છે તે જ છે એમાં કોઇ નવો બદલાવ નથી આવ્યો. હા એ ખરું કે જેમ જેમ વસતિ વધતી જતી હોય છે, વાહનો વધતા જતા હોય છે તેમ માર્ગો જે છે એ થોડા પહોળા કરી અને લોકોને આવવા જવામાં અગવડતા ન પડે ટ્રાફિકની સમસ્યા ન ઉભી થાય એટલા માટે જે કરવું પડે એ બધું સરકારો કરતી જ હોય છે. પરંતુ માર્ગ અકસ્માતોના મુખ્ય જે કારણો કેટલાક છે એ કારણોના ચિંતન પછી નામદાર સુપ્રિમ કોર્ટે રાજયોને બિલકૂલ સ્પષ્ટ આદેશો કર્યા છે કે હવે તમે માર્ગ અકસ્માત નિવારણ માટે ઓથોરીટીની રચના કરો અને એ ઓથોરીટીની રચના કર્યા પછી ઓથોરીટીમાં કામ કરનાર જે ટીમ હોય એ ટીમ જે નિર્ણયો કરશે જે પ્રકારના નિયમો કરશે ટ્રાફિકના સંદર્ભમાં એનું ચૂસ્તતાથી પાલન કરાવવું પડશે એ રીતે આ બિલની અંદર આ પ્રકારની બધી જોગવાઇ લઇને હું આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મોટર વાહન ડ્રાઇવરની ભૂલથી થતા અકસ્માતો ૮૪ ટકા જેવા છે અને એમાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જેનાથી ૮૦ ટકા લોકો આપણે ગુમાવીએ છીએ. નોન મોટર રાઇડ્સ વાહનોના ડ્રાઇવરોની ભૂલ ૧.૪ ટકા હોય છે જેમાં અકસ્માતનો આંક ૨ ટકા જેવો હોય છે, રાહદારીઓની ભૂલના કારણે એટલે કે રાહદારી રસ્તે જતો હોય અથવા તો રોડ ક્રોસ કરતો હોય એવી જે ભૂલો છે એના અકસ્માતના આંકડાઓનો આંક ૧.૭ છે અને ૧.૪ ટકા લોકોના એમાં મૃત્યુ થતા હોય છે, મુસાફરોની ભૂલના કારણે ૧.૧ ટકા અને એમાં મૃત્યુનું પ્રમાણ ૧.૪ ટકા જેવું છે, વાહનની યાંત્રિક ખામીના કારણે જે અકસ્માતો થાય છે એ ૧.૪ ટકા અને  અને એ રીતે રોડની એન્જિનીયરિંગ ડીઝાઇનની ભૂલના કારણે ૦.૩ ટકા ભુલો થતી હોય છે અને મુળ રોડની જે સપાટી છે એના ઢાળોમાં જો કોઇ ખામી રહી ગયેલ હોય તો એના કારણે દોઢ ટકા અકસ્માતો થાય છે. રોડ પર રખડતાં ઢોર અને પશુઓના કારણે અકસ્માતો થાય છે એ ૦.૩ ટકા નોંધવામાં આવ્યા છે. પૂરતા પ્રકાશના અભાવના કારણે ૦.૮ ટકા અકસ્માતો થતાં હોય છે. અન્ય કારણો એવા છે કે જે કારણો ફાઇન્ડ ન થયા હોય, એવા ૪.૩ ટકાના કારણો છે. અગમ્ય કારણોસર ઘણી વખત અકસ્માત થતાં હોય છે એ ૩.૨ ટકા જેટલા ધ્યાનમાં આવ્યા છે. ડ્રાઇવરની ભૂલના કારણે જે અકસ્માતો થાય છે એના જે કેટલાક બિંદુઓ ધ્યાનમાં આવ્યા છે એ આ સન્માનનીય સદન સમક્ષ હું મૂકું છું. બેફામ ઝડપથી વાહન ચલાવી અને જે અકસ્માતો થાય છે એ ૬૬.૫ ટકા નોંધાયેલા છે, એમાં મૃત્યુની ટકાવારી ૬૧ ટકા આવે છે. દારૂનું સેવન કરી અને ડ્રાઇવીંગ કરનાર અકસ્માત જ્યારે કરે છે તો એનું પ્રમાણ ૩.૭ ટકા છે.  રેડલાઇટ જંપીંગ દ્વારા જે અકસ્માતો થાય છે એ ૧.૧ ટકા જેટલા થાય છે. એ રીતે અકસ્માતો થાય છે. ખોટી રીતે લેન બદલવી. ઘણી વખત વાહનો ચલાવે જતા હોય અને ખોટી રીતે લેન બદલી નાંખતા હોય છે એના કારણે ૨.૧ ટકા અકસ્માતો થાય છે. ઓવર સ્પીડીંગના કારણે ૭.૩ ટકા અકસ્માતો થાય છે અને એમાં મૃત્યુ ૭.૮ ટકા છે એ રેડ ઇન્ડીકેશન બતાવે છે. ડ્રાઇવીંગ દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાથી, વાહન ચલાવતા જતા હોય અને મોબાઇલમાં વાતો કરતાં જતાં હોય છે, એના કારણે ૧.૮ ટકા મૃત્યુ થાય છે એવું ધ્યાનમાં આવ્યું છે. ઘણી વખત વ્યક્તિ કામ કરીને થાકી હોય અને પછી સેલ્ફ ડ્રાઇવીંગ કરતો હોય તો એમાં ૧.૧ ટકા અકસ્માત થાય છે અને એમાં ૧.૫ ટકા માનવ મૃત્યુ થતું હોય છે. અન્ય કારણોમાં ૧૨.૬ ટકા અકસ્માતો થતા હોય છે, જેમાં ૧૪.૮ ટકા માનવ મૃત્યુનો રેશિયો રહેતો હોય છે. નોંધનીય એ બાબત છે એ સૌથી વધુ માર્ગ અકસ્માતો દિવસના બપોરના ૩ થી ૬ અને રાત્રીના ૬ થી ૧૧નો જે સમયગાળો હોય છે એમાં વધુ અકસ્માતો થતાં હોય છે અને એમાં મૃત્યુ થતાં હોય છે. એ પ્રકારે આપણી એજન્સીઓના સરવે દ્વારા જોવા મળ્યું છે. આજે જ્યારે માર્ગ સલામતિના વિધેયક ઉપર ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે વિશ્વ, દેશ અને રાજ્યમાં માર્ગ અકસ્માતોના કારણે દુઃખદ મૃત્યુ પામનાર વ્યક્તિઓ અને તેમના પરિવારજનો સાથે સંવેદના સમગ્ર ગૃહમાં વ્યક્ત કરવા આ સન્માનનીય ગૃહને આપના માધ્યમથી વિનંતી કરું છું કે અનેક આશાસ્પદ લોકો આપણે ગુમાવ્યા છે એ બધા સદગતોના જીવાત્માનું કલ્યાણ થાય, એમના જીવાત્માઓને મોક્ષ ગતિ મળે એ માટે બે મિનિટનું મૌન પાળીને પછી બાકીની મારી આગળની ચિંતા છે એ સદન સમક્ષ રજૂ કરીશું.

અધ્યક્ષશ્રી : બધાનું વકતવ્ય પૂરું થયાં પછી મૌન પાળીશું. માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ અકસ્માતથી મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન પાળવા માટે વિનંતી કરી પણ આ બિલ અને બિલની જોગવાઇઓની કલમ–૧૪, ૧૫, ૧૬, ૧૭ અને એના આધારે મળેલી ૨૨ (બાવીસ) માં જણાવેલી સત્તા જોતાં મને લાગે છે કે માણસ અકસ્માતથી નહિ મરે એટલું અકસ્માતના કાયદાઓનું પાલન કરવામાં જે દંડની જોગવાઇઓ કરી છે એ વ્યાજે રૂપિયા લઇ અને દંડ ભરવામાં માણસને આત્મહત્યાઓ કરવી પડે એવી સ્થિતિનું નિર્માણ થશે. એટલે મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપ જયારે સરકાર વતી બિલ લઇને આવી રહ્યાં છો કમસે કમ એ કાયદો એવો સરળ હોય કે લોકો એને સ્વીકારે. કોઇ પણ યોજના કે નિયમ કે કાયદો લોકો સહજતાથી સ્વીકારે તેની ઉપર તેની સફળતા કે નિષ્ફળતા આધારિત હોય. આ આખા બિલની જોગવાઇ જોતા સરકાર ખૂબ ઉતાવળે આ બિલ સન્માનીય ગૃહ સમક્ષ લાવી છે. આજે ગૃહનો પ્રથમ દિવસ હતો બહુમતિ ધારાસભ્યો પ્રથમ વખત ચૂંટાઇને આવ્યા હોય એવુ આ ગૃહ છે. આ બિલ અભ્યાસ માગનારું બિલ છે અને રાજયના છેવાડાના દરેક વ્યકિતને સ્પર્શનારું બિલ છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપે આ બિલ આજે રજૂ તો કર્યુ છે પણ તેની ઉપર વિસ્તૃત ચર્ચા થાય, પૂરતો સમય મળે તેના માટે અને આને સમિતિ પાસે પુનઃવિચારણા માટે મોકલે. આ કાયદાઓની અંદર એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ, દરરોજના ૫૦૦ રૂપિયા દંડની જોગવાઇ આ આખાય બિલની તમામ કલમોના અભ્યાસ પછી અકસ્માતો કેમ અટકાવવા તેની છણાવટના બદલે ગુનાઓ ઉપર માણસની મિલકતની જપ્તી કેમ કરવી તેનો રેવન્યુ બોજો તેના ઉપર કેમ મૂકવો. આપણે જે કંઇ કાયદાઓનું પાલન કરાવવા જઇ રહ્યાં છીએ અને કાયદાઓનું પાલન કરવામાં છટકબારી એટલે સ્વેચ્છાએ કોઇ વ્યકિતને ગુનેગાર ઠેરવી શકાય અને અપીલ માટે દંડ સો રૂપિયાનો હોય, ગુનો સો રૂપિયાનો હોય અને તેની અપીલ કરવા માટે પાંચ હજાર રૂપિયાની જોગવાઇ હોય.

એટલે ઘણી બધી બાબતો છે હું માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું કે કમસે કમ આ દંડની જોગવાઇઓ છે તેની અંદર સુધારો કરીને આ બિલ સભાગૃહ સમક્ષ લાવશે તો જે નામદાર સુપ્રિમ કોર્ટની સૂચનાથી આપણું ગુજરાત અકસ્માત નિવારણ માટે થઇને સન્માનીય ગૃહના બધાજ સભ્યો ખૂબ ચિંતિત હોય. કારણ કે અકસ્માતની ઉપર નામ લખેલું હોતું નથી, અકસ્માતની ઉપર કોઇ વિચારધારા થોપેલી હોતી નથી મને પણ માનનીય અધ્યક્ષશ્રી, વિકાસે હડફેટે લીધો હતો, સાત ટાંકા આવ્યા હતા, ઉપરવાળાની દયાથી બચ્યો છું. એટલે અકસ્માત નિવારણ માટે આ સન્માનીય સભાગૃહની ખૂબ મોટી ચિંતા છે એટલે આપના મારફતે વિનંતી કરું છું કે આ બિલમાં સભ્યશ્રીઓને ચર્ચા કરવા માટે પૂરતો સમય આપવામાં આવે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હવે જે ઓથોરીટીની રચના થશે એ ઓથોરીટી જે મુદ્દાઓ ઉપર કામ કરવા માગે છે તેના બિંદુઓ છે એક તો Education of Road Safety એટલે રોડ સેફટીનું શિક્ષણ, પ્રચાર, પ્રસાર સારી રીતે થાય. Enforcement of Law - કાયદાની અમલવારી સારી રીતે થાય. Engineering of Road -માર્ગ સલામતી માટે રોડ એન્જિનીયરિંગના સંદર્ભમાં પણ કાર્યવાહી થાય. Emergency Care એટલે અકસ્માતમાં જે લોકો ઘાયલ થયા હોય છે તેમને તાત્કાલિક સારવાર મળે અને પાંચમું બિંદુ છે effective coordination of above all.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં વાહન-વ્યવહાર વિભાગના સંકલનથી વર્ષ ૨૦૧૧-૧૨થી ગુજરાતી માધ્યમના ધોરણ-૪માં પર્યાવરણ, ધોરણ-૬માં સમાજવિદ્યા અને વિજ્ઞાન, ધોરણ-૭માં અંગ્રેજી, ધોરણ-૮માં વિજ્ઞાન અને સમાજવિદ્યા, ધોરણ-૧૦માં અંગ્રેજી તેમજ આચાર્ય શિક્ષણ તાલીમ પુસ્તકમાં રોડ સેફટીના એક પાઠ તરીકે મૂકવામાં આવેલ છે તેની અવેરનેસ લાવવા માટે મૂકવામાં આવેલ છે. જયારે ધોરણ-૮ થી ધોરણ-૧૦ના સમાજવિદ્યા અને ગણિતના પુસ્તકોમાં બીજા અને ત્રીજા ટાઇટલ પેઇજ ઉપર singnages છપાવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળાના બાળકોને માર્ગ સલામતી વિષયની જાણકારી અને જાગૃતિ સતત મળતી રહે તે માટે વાહન-વ્યવહાર વિભાગે TEAM - Traffic Education and Awareness Mobile એ પ્રકારની એક સીસ્ટમ ઉભી કરી છે. ટી.વી, પ્રોજેક્ટર, લેપટોપ, માર્ગ સલામતીના સાહિત્ય સાથેની એક જી.પી.એસ. થી સજ્જ વાનમાં તાલીમ પ્રાપ્ત ટ્રેઇનર અને ડ્રાઇવર હોય છે અને આ વાન પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે રોજની બે શાળાઓની મુલાકાત લે છે અને દરેક શાળમાં બે થી અઢી કલાકનો કાર્યક્રમ દ્રશ્ય અને શ્રાવ્ય રીતે બાળકોને આનંદ આવે, બાળકો grasp in કરે એ પ્રકારની પદ્ધતિથી માર્ગ સલામતીનું શિક્ષણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીના પ્રથમ તબક્કામાં કુલ ૩૦ લાખ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમનો લાભ આપવામાં આવ્યો છે. આ શાળાઓમાં આ કાર્યક્રમ એટલા માટે અવેરનેસ લાવવા માટે કરવામાં આવી રહ્યા છે કે માર્ગ અકસ્માતમાં વધુમાં વધુ ઘાયલ થાય છે અથવા તો વધુમાં વધુ માનવ જફા પહોંચે છે એવું કોઇ ક્ષેત્ર હોય તો એ બાળકોનું છે. યુવાધન છે. એ વધારે અસરમાં આવે છે. એટલે બાલ્યાવસ્થાથી જ આની અવેરનેસ આવે એ માટે શાળામાં આ પ્રકારના કાર્યક્રમોના માધ્યમથી ટ્રાફિક સેન્સ આવે એ માટેનું ચિંતન થાય, ચિંતા થાય અને આ પ્રકારની સંસ્કારિતા બાળકોમાં ઊભી થાય કે આપણે માર્ગમાં ચાલતી વખતે કેટલી શિસ્તથી ચાલવાનું હોય છે, રોડ ક્રોસ કરવાનો હોય છે. આ બધી તાલીમ આવે એ માટે કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર, વડોદરા, સુરત, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર આ આઠ મહાનગરોમાં આ પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે આ પ્રોજેક્ટને છઠ્ઠા નેશનલ રોડ શેફ્ટી એવોર્ડમાં ત્રીજા ક્રમ પર આપણને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ રોડ શેફ્ટીના સંદર્ભમાં આપણે અવેરનેસ લાવવા માટેના જે કાર્યક્રમો ચલાવી રહ્યા છીએ એની રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવામાં આવી છે. માર્ગ સલામતીના પ્રચાર-પ્રસાર માટે વાહન-વ્યવહાર કમિશ્નર કચેરી તથા સ્વયંસેવી સંસ્થાઓના સહયોગથી પણ પથ નાટ્યમ દ્વારા માર્ગ સલામતીનો સંદેશો જન-જન સુધી પહોંચાડવા માટે પથ નાટ્યમની શરૂઆત કરવામાં આવી હતી. આજ દિન સુધી લગભગ ૧૦૮ જેટલા કાર્યક્રમો કરવામાં આવ્યા છે અને જેનો લાભ લગભગ બે લાખ લોકોએ લીધો છે. માર્ગ સલામતી મેળા માર્ગ અકસ્માતના આંકડા પ્રમાણે ૧૪ થી ૨૫ વર્ષની વયજૂથના બાળકો, કિશોરીઓ, યુવાનોનો ...

અધ્યક્ષશ્રી : નિરંજન ભાઇ આપ તો ખૂબ સીનિયર સભાસદ છો. આપ ડિસ્ટર્બ ન કરો. મંત્રીશ્રીને એમના વકતવ્યમાં ડિસ્ટર્બ ન કરો.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : એ એમનું કામ કરે હું મારું કામ કરું છું. શાળા જીવનથી માર્ગ સલામતીના વિચારો વિદ્યાર્થીઓમાં સંસ્કાર બનીને દ્રઢપણે ઉતરે તે માટે આ વર્ષથી વાહન-વ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા માર્ગ સલામતી મેળા યોજવાનું શરૂ કર્યુ છે. આ મેળામાં વિદ્યાર્થી માર્ગ સલામતીના વિચારો તથા જ્ઞાન સાથે જોડાય. એ વિચાર પ્રમાણે પોતાની મૌલિક સૂઝથી કંઇક સર્જન કરે એ પ્રકારની વિદ્યાર્થીઓ અને વાલીઓને તાલીમ આપવામાં આવે છે, સમજણ આપવામાં આવે છે અને ૩૧ માર્ચ સુધીમાં આ વર્ષમાં ૭૫ મેળાઓનું આપણે આયોજન કર્યુ છે.

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો. સાંભળવાની શકિત કેળવીએ. હજી તો આપણે ઘણા વર્ષો સાથે કાઢવાના છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : આપણા માટે આ ચિંતાનો વિષય છે. જે રીતે માર્ગ અકસ્માતમાં ખૂબ આશાસ્પદ લોકો આપણે ગુમાવી રહ્યા છીએ. ૨૦૨૦ સુધીમાં ૫૦ ટકા માર્ગ અકસ્માત ઘટાડવામાં આપણને કેવી રીતે સફળતા મળે એ માટે પ્લાનિંગ લઇ આ સરકાર આગળ વધી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સોશિયલ મિડિયા દ્વારા યુવાનોમાં માર્ગ સલામતી ક્ષેત્રે જનજાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષમાં ઓડિયો વિજ્યુઅલ મિડીયા અને સોશીયલ મિડિયા દ્વારા પાંચ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરીને અંદાજિત ચાર કરોડ જેટલા લોકો સુધી માર્ગ સલામતીનો સંદેશો પહોંચાડવામાં આવ્યો છે. ગુજરાત ચેનલના માધ્યમથી બાયસેકની સહાયથી પણ રાજયની ત્રીસ હજાર જેટલી શાળાઓમાં માર્ગ સલામતી વિષયના સંદર્ભમાં ફિલ્મો બતાવવામાં આવી રહી છે. રોડ સેફ્ટીના નિષ્ણાતો દ્વારા દ્વિચક્રિય અને કારના ડ્રાયવીંગ માટેની માર્ગ સલામતીની વિવિધ

સંજ્ઞા તેમજ નિયમો સાથેની દસ લાખ જેટલી પુસ્તિકાઓ છાપવામાં આવી છે અને એનું વિતરણ કરવામાં આવે છે. માર્ગ સલામતીના વિષય ઉપર કુલ ૨૮ લાખ પેમ્ફલેટ છપાવીને સમાજજીવનમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. દર જાન્યુઆરી માસમાં ભારત સરકાર દ્વારા રોડ સેફ્ટી વીક ઉજવવામાં આવે છે. આ વીક આર.ટી.ઓ., પોલીસ અને સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે મળીને આ અભિયાન ચલાવે છે. વર્ષ ૨૦૧૭ની ૨૯મી જાન્યુઆરીથી ૪થી ફેબ્રુઆરી દરમિયાન રાજ્યએ પણ રાજ્ય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, રોડ સેફ્ટી સબંધિત કાયદાઓનું અમલીકરણ કરવાથી પણ માર્ગ અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ગૃહ વિભાગ દ્વારા આની કાર્યવાહી કરવામાં આવે છે. હેલ્મેટ પહેરવાથી મોટર સાયકલ ચલાવનાર પર ૪૦ ટકા જોખમ ઘટી જાય છે જ્યારે સીટબેલ્ટ બાંધવાથી કારમાં આગળ બેસનાર વ્યક્તિ પરનું મૃત્યુ જોખમ ૪૦ થી ૫૦ ટકા જેટલું ઘટી જાય છે. ગૃહ વિભાગ દ્વારા ટ્રાફિક ગુનાઓના ચેકિંગ તેમજ.....

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? બોલો, શું પોઇન્ટ ઓર્ડર છે? શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બિલ રજૂ કર્યું છે ત્યારે મારી એટલી જ વિનંતી છે કે, જે સભ્યો બિલ ઉપર બોલવાના છે એ બિલ ઉપર બોલ્યા પછી તમારે જે જવાબ આપવાનો આવે તો વધારે સારું, પણ અત્યારે જ માનનીય મંત્રીશ્રી જવાબ આપો છો, તમે શું કરવાના?

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પરંતુ મારી વિનંતી છે કે,..

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ તો માનનીય મંત્રીનું હું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપશ્રી બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી આપની જે વિગતો છે. એ વિગતો ખૂબ સારી છે પણ મારું સૂચન છે કે, કેટલાક જે પહેલી વખત ચૂંટાઇને આવેલા સભ્યશ્રીઓ છે અને કેટલીક ખૂબ મહત્વની માહિતી આપણને મળી છે. જેમાં ચર્ચા થઇ શકે એવી છે. દા.ત. હું નોંધતો હતો અને હું જોતો હતો કે કોણ કોણ નોંધે છે તો એમાં માનનીય મોહનસિંહ રાઠવા કે જેઓ સિનિયર સભ્યશ્રી છે તેઓ પણ કેટલીક બાબતો નોંધતા હતા. કેટલાક આંકડાઓ તમે નોંધશો તો તમારા પ્રવચનમાં કે જવાબ આપવા માટે કામ લાગશે. એ ઠીક છે પરંતુ માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આપણા સભ્યો એ બાબતમાં પ્રકાશ પાડે, આ તરફથી આપના સભ્યો પ્રકાશ પાડે અને પછી આપ એમાં વિગતવાર છણાવટ આપો, એટલી વિનંતી છે.

શ્રી આર. સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ સલામતીના વિષયમાં કટિબધ્ધ રીતે કામ કરે. સુપ્રિમ કોર્ટ રોડ સેફ્ટી કમિટીએ ચોકકસ માનવબળ અને સ્વતંત્ર ફંડ ધરાવતી રાજ્યની રોડ સેફ્ટી લીડ એજન્સીની રચના કરવાનું કર્યું છે. આવા સત્તા મંડળ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીની રચના કરવા અને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી ઓર્ડિનન્સ ૨૦૧૭, તા. ૩.૧૦.૨૦૧૭ના ગેઝેટથી બહાર પાડવામાં આવેલ હતું. આ ઓર્ડિનન્સ બહાર પાડયા બાદ નામદાર સુપ્રિમ કોર્ટ રોડ સેફ્ટી કમિટી તરફથી આ ઓર્ડિનન્સ જે બહાર પાડયો છે એ બાબતે આપણને જે મૂલ્યાવાન સૂચનો આપવામાં આવ્યાં છે એને આમેજ કરવામાં આવ્યાં છે. આ ઓર્ડીનન્સને બંધારણની કલમ-૨૧૩ અને માનનીય પરેશભાઇ હાજર નથી. પેટા આર્ટીકલ્સ –૨ ની કલોઝ-૨ મુજબ રજૂ કર્યું છે અને વિધાનસભાના આ સત્રમાં રજૂ કર્યું છે અને તેને કાયદામાં તબદીલ કરાવવું જરૂરી છે. તેથી ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી બિલ ૨૦૧૮ લઇને આ સન્માનીય ગૃહ સમક્ષ આવ્યો છું અને આ વિધેયકનું જે મહત્વ છે તે માનવ મૃત્યુ ઘટાડવા અને માર્ગ અકસ્માતમાં જે સફર થાય છે તેને અટકાવવા માટે, ઓછા કરવા માટે આ માર્ગ ઓથોરીટીની રચના કરી કાયદાનું સ્વરૂપ આપવું પડે, તેથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું અને આથી મારી સન્નમાનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે મારું આ બિલ સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ વિધેયક ૨૦૧૮ માનનીય વાહનવ્યહાર મંત્રીશ્રી આર.સી. ફળદુ લઇને આવ્યા છે, તેને હું મારું અનુમોદન આપું છું. રોફ સેફ્ટી બિલ ઉપર આવ્યા પહેલાં કોઇ કે એમ કહ્યું હતું કે અહીં જેટલી સંખ્યા ઘટશે તેટલી અમારી સંખ્યા વધશે તો મારે એમને જવાબ આપવો છે કે આજે બધી જ નગરપાલિકઓની ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. લગભગ ૧૨૧૪ નગરપાલિકઓની બેઠકોમાંથી ૬૦ ટકા બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અકસ્માતની વાત કરો. અકસ્માત બિલ ઉપર આવી જાઓ.

શ્રી પુર્ણેશ મોદી : માર્ગ અકસ્માતના વિધેયક ઉપર આ ગૃહમાં પહેલી વાર ચિંતા થાય છે અને ચિંતન થાય છે. આ વિધેયક લાવવાનું કારણ એવું છે કે, ૩૧/૧૨/૧૭ પહેલાં ઓર્ડીનન્સ બહાર પાડવામાં આવ્યો હતો અને આ ઓર્ડીનન્સ બહાર પાડયા પછી તેને બંધારણીય જોગવાઇ પ્રમાણે આ વટહુકમને કાયદામાં પરિર્વતીત કરવાનું હોય એટલે આ વિધેયક લાવવાની જરૂર પડી છે. આ ૧૪ મી ગુજરાત વિધાનસભામાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને લોક લાડીલા માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને અધ્યક્ષ તરીકે આપને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સાહેબ મારે કહેવું છે કે કોંગ્રેસના રાજમાં રોડ હતા જ નહીં. આ બધા હમણાં બન્યા, ગામડાં સધ્ધર ન હતાં અને તેના કારણે ગામડાંમાં નહીં રસ્તા કે રોડ જેના કારણે આ પરિસ્થિતિનો ખ્યાલ હતો નહીં.આ બળદ ગાડાના સમયના હતા, અત્યારે તો હાઇ ટેક રસ્તા છે. મારે એ કહેવું છે કે જયારથી ભારતીય જનતા પાર્ટીનું ગુજરાતમાં શાસન આવ્યું છે ત્યારથી આપણે જોઇ શકીએ છીએ કે લોકો ગુજરાતમાં સમૃધ્ધ થયા છે અને આ સમૃધ્ધિના કારણે દરેક ગામમાં જેટલા મતદારો એટલા વ્હીકલ થઇ ગયાં છે. આ જ ગુજરાતની પ્રગતિ છે. આના કારણે અકસ્માતો થાય એ સ્વાભાવિક છે. ૧૯૯૯માં જયારે અમે સુરતથી ગાડી લઇને આવતા હતા

૩૦૦ કિલોમીટર થાય તેમાં ૮ કલાક થતા હતા. ત્યારે રસ્તામાં અકસ્માતો જોતા હતા કે બસો કે ટ્રેકટરો ઉંધા પડેલા જોયા છે. એટલા માટે રસ્તા પરના ખાડાની તેઓને કલ્પના નહોતી.

અધ્યક્ષશ્રી : એક મિનીટ આપને કાંઇ વાંધો હોય તો ઉભા થઇને વાત કરો.

શ્રી પૂર્ણેશકુમાર મોદી : સમગ્ર વિશ્વમાં માર્ગ સલામતી એ ચિંતાનો વિષય છે. સન ૨૦૧૬માં સમગ્ર વિશ્વમાં અકસ્માતના કારણે ૧૨ લાખ લોકોના મોત થયા હતા. એટલે કે દરેક મિનિટે બે વ્યકિતના મોત થાય છે. દર સેકન્ડે એક વ્યકિતને ઇજા થાય છે. હિન્દુસ્તાનમાં દર કલાકે ૫૫ જેટલા અકસ્માત થાય છે. અને દર કલાકે ૧૭ જેટલી વ્યકિતઓના મોત થાય છે. આપણે સૌ અકસ્માતના કારણે કોઇના જીવ ન જાય એની ચિંતા કરવા માટે ભેગા થયા છીએ. સરકારની આ પ્રાથમિકતા છે. જેમ શરીરમાં પંચભૂતની વાત કરીએ છીએ, આ શરીર પાંચ તત્વોનું બનેલ છે. એ રીતે અકસ્માતો ન થાય એના માટે પાંચ ઇ, જે ઇશ્વરીય સ્વરૂપ છે એ આપણે કામ કરી લેવાનું છે. પહેલુ એજ્યુકેશન ફોર રોડ સેફ્ટી, શિક્ષણ, બીજું ઇન્ફરમેશન ફોર રોડ, તથા કાયદાની અમલવારી, ત્રીજુ એન્જિનીયરિંગ ઓફ રોડ, રોડની ડિઝાઇન અને મેનેજમેન્ટ, ચોથું ઇમરજન્સી કેર, તાત્કાલિક સારવાર, ચોથુ ઇફેકટીવ કો–ઓર્ડીનેશન આગળના ચારનું કોર્ડીનેશન એટલે પ્રત્યેક તાલુકા અને જિલ્લા તથા મહાનગરોમાં સંકલન થઇ રહ્યું છે. શિક્ષણના માધ્યમથી કહેવું છે કે આજે જાગૃતિ આવી છે આજે કોઇ બાળકના દાદા કચરો નાખતા હોય તો દીકરો કહે કે કચરો જયાં ત્યાં ન નાખો આપણે કચરો કચરા પેટીમાં નાખીશું એવી અવેરનેશ આવી છે. આવી બાળકોને તાલીમ આપી છે. ૧૫ લાખ લોકોને તાલીમ આપી છે. જેને કારણે આવતીકાલે અકસ્માત ન થાય એની કાળજી રાખવામાં આવે છે. કાયદાની અમલવારી માટે કેમેરા મૂકવામાં આવે છે. ૫૦ લાખની ગાડી ફેરવતા હોય અને હજાર રૂપિયાનો દંડ થાય અને અહીંયા એની સંપત્તિ જપ્ત કરવાની વાત કેવી રીતે ચલાવી લેવાય. ૫૦ લાખની ગાડી ચલાવતા હોય પટ્ટો ન પહેરે તેથી એને હજાર રૂપિયા ભરવો પડે. સ્પીડ બ્રેકર મૂકયું છે, હેલ્મેટની વાત કરી અનેક જગ્યાએ નવા રોડ બનાવ્યા છે અને અનેક જગ્યાએ માર્ગ સલામતીના સાધનો મૂકયા છે. અનેક કાયદા લાવ્યા છીએ. ઠેરઠેર પોલીસ મૂકવામાં આવે છે, અનેક મિટિંગો કરી રહ્યા છીએ. રોડનું એન્જિનિયરીગ કેવું એક જમાનામાં સીંગલ રસ્તો આજે ફોરલેન, આજે ડીવાઇડર છે, પટ્ટા પાડવામાં આવે છે. રોડ ઉપર ખાડા નથી. ટ્રાફિક નિયમન માટે અનેક પ્રકારની કાયર્વાહી ચાલે છે. વન વે ડાયવર્ઝન છે, ઓવરબ્રીજના માધ્યમથી અકસ્માત ઘટાડવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. તાત્કાલિક સારવાર આખા હિન્દુસ્તામાં ૧૦૮નો સૌથી વધુ ઉપયોગ ગુજરાતની ભૂમિ ઉપર થયો છે. ૧૦૮ના કારણે લોકોના જીવ બચે છે. અકસ્માતના કારણે કોઇનો જીવ ન જાય એ જોવાનું છે. આ ચારેય પરિબળનું સંચાલન એના કારણે આપણે ત્યાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારની સંખ્યા ૮૧૧૯ હતી. ૨૦૧૫માં ઇજા પમનારની સંખ્યા ૨૩૪૪૮ હતી એમાં ઘટાડો થયો છે. સન ૨૦૧૬માં અકસ્માતની સંખ્યા ૨૧૮૫૯ થઇ છે, મૃત્યુ પામનાર ૮૧૩૬ છે અને ઇજા પામનારની સંખ્યા ૧૯૯૪૯ થાય છે. ૨૦૧૭માં માર્ગ અકસ્માતની સંખ્યા ૧૯૦૮૧ થાય છે એટલે કે સંખ્યામાં ઘટાડો થયો છે. મૃત્યુ પામનારની સંખ્યા છે ૭૨૮૯ થઇ છે, ઇજા પામનાર ૧૬૮૦૨ છે આમ ૨૦૧૬ના પ્રમાણમાં ૨૦૧૭માં ૨૭૭૧ ઘટી છે. મૃત્યુ પામનારની સંખ્યા ૮૪૭ ઘટી છે. ઇજા થનારની સંખ્યા ૩૧૩૭ ઘટી છે. આ પાંચ ઇશ્વરીય કામગીરી આ પાંચ ઇ, લોકોના જીવ બચાવવા તત્પર છે. આવી સરકારને લાખ લાખ અભિનંદન છે. અને એટલા માટે સાહેબ આ માનવીય કામ, ઇશ્વરીય કામ ગુજરાત સરકાર કરી રહી છે ત્યારે આપણે સૌ આ કામ આગળ વધારીએ અને એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને મંત્રીશ્રી ફળદુ સાહેબ રોડ સેફટી માટે આગળ વધી રહ્યા છે. આગળ વધતા રહીએ અને હવે પછી આવનારા દિવસોમાં એ આવવાનું છે કે બીજા વાહનોની ખરીદી પર નિયંત્રણ, નવા વાહનોની ખરીદી પર નિયંત્રણ આવવાનું છે તેનો સરવે ચાલે છે. ૧૫ વર્ષથી જૂના વાહનો બંધ કરી દેવા કે કેમ તેનો સરવે ચાલે છે. ચોક્કસ વિસ્તારમાં ચોકકસ વાહનો જાય, એનો વપરાશ થાય, તેના પર નિયંત્રણ મૂકાય એનો સરવે ચાલે છે. આમ કરીને અકસ્માત જ ન થાય અને લોકોનો જીવ બચે એ પ્રમાણે આપણી સરકારની નીતિ–રીતિ રહી છે. આવી સરકારને ફરીથી સલામ કરું છું અને આ વિધેયક આજે, આપ સૌ સભ્યોને વિનંતી કરું છું કે આ માર્ગ સલામતીનું વિધેયક આપ સૌ સર્વાનુમતે પસાર કરો. એવી સૌ પાસે અપેક્ષા અને સમર્થન માગું છું.

શ્રી નિરંજન પુ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ રોડ સેફ્ટીનું બિલ લાવ્યા છે. તેમણે જે આંકડા આપ્યા. વર્ષવાઇઝ આંકડા આપ્યા, મંથવાઇઝ આંકડા આપ્યા. કલાકવાઇઝ આંકડા આપ્યા, મિનિટવાઇઝ આંકડા આપ્યા, સેકન્ડવાઇઝ આંકડા આપ્યા. બહુ દુઃખની વાત છે કે ૨૨ વર્ષથી વહીવટ કરતી સરકાર જયારે સુપ્રિમ કોર્ટ કહે, કોઇ પી.આઇ.એલ. કરે ત્યારે ઓર્ડિનન્સ લઇને આવે અને કાયદો બનાવે. તો અત્યાર સુધી કેમ ન જાગ્યા? આટલા બધા આંકડા તમે આપ્યા હોય, જે આંકડાથી તમારું મન દુઃખ થયું હોય તો આ બિલ આટલું બધું મોડું કેમ લાવ્યા? એનો જરા અમને વિચાર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એમ છે કે આપણે આઝાદી પછી ઘણા કાયદા બનાવ્યા. મહારાષ્ટ્રથી જુદા પડ્યા પછી આપણે ઘણાં કાયદા બનાવ્યા. લોકશાહીમાં વિધાનસભા અને લોકસભાને કાયદા બનાવવાનો અધિકાર છે. કાયદા બનાવ્યા પછી તેનું અમલીકરણ કરવું. જો અમલીકરણ ન થાય તો કાયદાની કોઇ વેલ્યુ રહેતી નથી. કાયદાનું કોઇ મહત્વ રહેતું નથી. જેમ કે આપણે લોકપાલનો કાયદો બનાવ્યો અને તેનું અમલીકરણ ન કર્યું. દારુબંધીનો કડક કાયદો બનાવ્યો પણ રોજ રોજ પીધેલા પકડાય છે. કેટલી બધી ગાડીઓ પકડાય છે. આપણે બેટી બચાવોનો કાયદો કર્યો તો પણ પ્રોબ્લેમ છે. કાયદા બહુ બનાવીએ છીએ. અમલીકરણ જે આ સરકારે કરવું જોઇએ એ અમલીકરણ નથી થતું માટે પ્રશ્ન એટલા જ ઉભા રહે છે અને આપણે પાછા

ત્યાંને ત્યાં ઉભા રહીએ છીએ. ફરી પાછા નવા કાયદા બનાવવા તેમાં વધારે દંડ કરવાવાળી પરિસ્થિતિ લઇને આવીએ છીએ. જેટલો વધારે દંડ થાય છે એટલે ચાર રસ્તે પાછા તેના મૂલ્યો વધી જતા હોય છે. •(×××) કારણ કે *(×××) એટલે..

અધ્યક્ષશ્રી : આપણે આ *(×××) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી નિરંજન પુ. પટેલ : આપણી પાસે જ પ્રશ્નો આવે છે. આપણે પાછા કહીએ કે સાહેબ એમને જવા દો ને, કાયદો બનાવવા પબ્લિકે મૂકયા આપણને. તોડવાનું કામ પણ ઘણે અંશે આપણે કરીએ છીએ. એ બધું જો આપણે બંધ કરીએ તો ઘણા ખરા પ્રશ્નોનો ઉકેલ આવે એવી પરિસ્થિતિ છે. દા.ત. મંત્રીશ્રીએ કહ્યું કે આર.ટી.ઓ., પોલીસખાતુ કામ કરે છે. ભરતી જ નથી થતી. સંખ્યા જ નથી. તમે અમે આપણે બધા અમદાવાદ-રાજકોટ સિટીમાં ફરીએ છીએ. આપણી એમ.એલ.એ.ની કાર હોય તો પણ લોકો આગળ કેટલા બધા વાહનો નાખી દે છે. કાયદાનું પાલન થતું જ નથી. ઓર્ડિનન્સ બનાવ્યે કેટલા દિવસ થયા? કાલે હું પેટલાદથી આવતો હતો. મારી આગળ એસ.ટી. આવતી હતી. બ્રેકલાઇટ જ નહોતી. હું જ આવતા આવતા બચી ગયો. સરકારી વાહનની અંદર પણ આપણે તેનું પાલન નથી કરતા.

અધ્યક્ષશ્રી : ભગવાનનો પાડ માનીએ આપણે.

શ્રી નિરંજન પુ. પટેલ : એસ.ટી. જતી હોય તો સાઇડ લાઇટ પણ ન બતાવે. સાઇડ લાઇટનો કાયદો બનાવ્યો છે. અમલીકરણ નથી કરાતું. બ્રેકલાઇટનો કાયદો બનાવ્યો છે. અમલીકરણ નહીં. હેલ્મેટનો કાયદો બનાવ્યો છે. આપણે બધા જોઇએ છીએ. કોઇ હેલ્મેટ પહેરતું નથી. કેટલા જણને આપણે પકડ્યા અને પકડીએ તો કેટલી જેલો ભરાય? કેટલા લોકોને દંડ કરી શકીએ? આપણે બહુ કાયદા બનાવ્યા છે પણ કાયદાનું અમલીકરણ કરવા માટેની માનસિકતા આપણે કેળવવી પડશે. તો જ આપણે ગુજરાતને અકસ્માતથી બચાવી શકીશું. નહીં તો પાછા ગોળને ગોળ ફરી પાછું આપણે દળવાનું થશે. માનનીય અધ્યક્ષશ્રી, આપણને ખબર નથી કે બેલ્ટ નથી બંધાતા? કારનો બેલ્ટ નથી બાંધતા ખબર નથી બધાયને? હેલમેટ નથી પહેરાતા. બ્રેક લાઇટો નથી હોતી. અમેરીકાની અંદર હું ગયો તો મારા ભાઇએ મને ગાડી ના આપી એ કહે કે મારી બ્રેક લાઇટ બંધ છે માટે હું તને ગાડી નહીં આપું. લાયસન્સ નથી માટે હું તને ગાડી નહીં આપું. મારા બનેવીએ મને ગાડી નહોતી ચલાવવા દીધી અને અહીં ૧૫-૧૫ વર્ષની છોકરીઓ સ્કુટર લઇને નીકળે છે. ૧૨-૧૨ વર્ષના છોકરાઓ સ્કૂટર લઇને નીકળે છે. પપ્પા પાછળ બેઠા બેઠા છોકરાને કહે કે ચલાવ, કેટલો છોકરો મારો હોશિયાર છે. રોકયા કોઇને આપણે? કાયદાનું અમલીકરણ થયું કોઇ જગ્યાએ? અરે, સાહેબ પોલીસો જ સ્કૂટર ઉપર ત્રણ-ત્રણ જણા બેસે છે. એ પણ પીધેલા બેસે છે. એ પરિસ્થિતિ ગુજરાતની આવી ગઇ છે. કાયદો બનાવવાથી કોઇ જાતનો ફેરફાર નથી થવાનો. વેસ્ટ ઓફ ટાઇમ કરીએ છીએ. ખરી રીતે કાયદાનું અમલીકરણ જયાં સુધી નહીં કરીએ ત્યાં સુધી રીઝલ્ટ ઓરીએન્ટેડ કોઇ ફાયદો થવાનો નથી, પ્રજાનું કલ્યાણ થવાનું નથી અને ખાલી વાતો કરીને આપણે છૂટા પડી જઇએ છીએ. ઘણી જગ્યાએ રોડો બન્યા. અમારા વિસ્તારમાં જિલ્લા લેવલે, તાલુકા લેવલે રોડ બને છે પણ સાઇન બોર્ડ જ નથી. માણસો જવા વાળી ચોકડીએ કોઇ ઝીબ્રા જ નથી કયાંથી માણસો બચવાના છે? ઝીબ્રા જ નથી દોરેલા, સાઇન બોર્ડ નથી મૂકેલા. વાસદ થી વડોદરા મહીને કેટલા અકસ્માત થાય છે એના આંકડા કઢાવજો. એ રોડની પરિસ્થિત જોઇ લો. જે પણ મુશ્કેલી હોય પણ માણસો ત્યાં આગળ મરે છે. કરોડો રૂપિયાની ગાડીઓને નુકસાન થાય છે. માનવ જીવનની સાથે સાથે રાષ્ટ્રની સંપત્તિને પણ નુકસાન થાય છે. સરકારી વાહનોને તો પહેલા સુધારી આપો પછી પ્રજા પાસે જઇએ. આપણા સરકારી વાહનોની અંદર પણ ઘણા બધા પ્રોબ્લેમો છે. મોટા ભાગે આપણે ગાડીઓ ચલાવીએ છીએ તો કોઇ સાઇડ લાઇટ નથી. કોઇ ડીમ લાઇટ પણ સરખી નથી કરતું. જયારે સાઇડ આપણે કાપીએને ત્યારે આશરે આપણે નીકળીએ છીએ. કદાચ ખાડામાં ના પડી જઇએ એની એ ઘડીએ બીક રહે છે કારણ કે ડીમ લાઇટ કરતા જ નથી. આ આપણી પરિસ્થિતિ છે. લકઝરી બસો રમરમાટ જાય છે કારણ કે એમને આઠ કલાકમાં મુંબઇ પહોંચવાનું હોય છે. કોઇ સામેવાળાનું જોતું જ નથી. આ બધી પરિસ્થિતિની અંદર બહુ જ વિચારવાની જરૂર છે. કાયદા બનાવો, કાયદો સારો છે બનાવવા લાયક છે. અકસ્માત થાય છે. અમે અકસ્માતવાળાને જોવા જઇએ છીએ ત્યારે અમને અરેરાટી થાય છે. સાચી વાત છે પણ એના અમલીકરણ માટેની માનસિકતા નહીં બનાવીએ ત્યાં સુધી કાયદાની કોઇ અસર થવાની નથી. ઘણું કહેવું છે પણ બાકીના બધા કહેવાવાળા છે એટલે ખાસ કહેતો નથી. ખાસ વસ્તુ એ છે કે આપણે બહુ જ વ્યવસ્થિત રીતે આગળ વધીએ, થોડું વધીએ પણ કોંક્રીટ વધીએ. થોડું ચાલીએ પણ મજબૂત ચાલીએ એ પરિસ્થિતિ જો સરકાર લાવે તો સરકારને સલામ, મંત્રીશ્રીને સલામ, અને લોકો પણ આપણને સલામ કરશે કે આપણે ૧૮૧ ભેગા થઇને અમારા માટે કંઇક કરે છે. ૧૯૬૦ની વાતો કાઢે છે. કોંગ્રેસના વખતમાં રોડ નહોતા. આ નહોતુ, આ કોઇ ચર્ચાનો વિષય છે? અમેરીકા લંડનની અંદર ચર્ચીલ કે અબ્રાહમ લીંકનની ચર્ચા નથી થતી. આપણે હવે આગળ શું કરવું છે એની લોકસભા અને વિધાનસભામાં ચર્ચા થાય છે. અહીં તો પાછલી ચર્ચામાંથી જ આપણે નવરા નથી પડતા. તમે આમ કર્યુ, તમે આમ કર્યુ. (અંતરાય) આ બધા પક્ષોને લાગુ પડે. ૧૮૧માં હું પણ આવી ગયો. બધા આવી ગયા. માનનીય અધ્યક્ષશ્રી, મારું આ વિધાનસભાને સૂચન છે કે કાયદા બનાવ્યા એ કાયદાનું ચુસ્તપણે અમલીકરણ કરે, લોકોને પોસાય, લોકોને સારું એજયુકેશન મળે અને એ એજયુકેશનની અંદર જયારે છોકરો બારમા ધોરણમાં પાસ થાય, સર્ટીફીકેટ મળે તે વખતે એને ડ્રાઇવીંગ લાયસન્સ પણ મળવું જોઇએ. પહેલેથી જ એને જ્ઞાન મળી જાય એવી પદ્ધતિ અખત્યાર થાય એવું મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : મારા હૃદયમાં એક વાત આવી છે અને કહ્યા વગર રહી શકતો નથી કે આપણે ત્યાં ચૂંટાઇને જે નવા સભ્યો આવ્યા છે એમણે આ શીખવા જેવું છે. જે રીતે માનનીય સભ્યશ્રી નિરંજનભાઇએ વાતને મૂકી એ વાત સાથે સંમત હોઇએ, ના

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોઇએ, વિરોધ હોય, સંમતિ હોય, પરંતુ વાત મૂકવાની રીત અને એમાં મર્યાદાઓ પણ એટલી જ. હું અભિનંદન આપુ છું. આવી રજૂઆત આપણે કરતા રહીએ. આપ સૌએ આમાં શીખવા જેવું છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલ ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક ૨૦૧૮ને હું સમર્થન આપવા મારું વકતવ્ય રજૂ કરી રહ્યો છું. સૌ જાણે છે તેમ માનવ જીવન અમૂલ્ય છે અને જે ગતિથી ગુજરાત વિકાસ કરી રહ્યું છે સ્વાભાવિક છે સાથોસાથ વાહન વ્યવહારના સાધનો પણ વધ્યા છે. આ વિધેયકમાં કલમ નં. ૪માં જે વાત કરી છે તેમ જનજાગૃતિ પણ જરૂરી છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી તેમ પાઠ્યપુસ્તકથી માંડીને વિવિધ પત્રિકાઓ અને જુદી જુદી યોજનાઓ દ્વારા સરકારનો એક પ્રયાસ પણ સફળ રહેવાનો છે. આ વિધેયકમાં કલમ નં. ૪, ૧૩, ૧૪, ૧૫, ૧૭માં જણાવ્યા મુજબ માર્ગ સલામતિ માટે જરૂરી એન્ફોર્સમેન્ટ એટલે કે કાયદાકીય જોગવાઇઓમાં ગૃહ અને વાહનવ્યવહાર ખાતા દ્વારા જરૂરી જે ચેકીંગ થવાનું છે એનાથી ગુના થતા અટકશે અને ચોકકસ અસરકારક પરિણામ પણ આવશે. માર્ગ સલામતિ માટે રોડ એન્જિનીયરિંગ પણ જરૂરી છે. ૨૦૧૪માં ૪૫ જેટલા બ્લેક સ્પોટ શોધીને એને દૂર કરવામાં આવ્યા એના લીધે ૮૫ જેટલા માર્ગ અકસ્માતો ઓછા થઇ ગયા. ૨૦૧૫માં પણ અનુક્રમે ઓછા થતા ગયા છે. આવનારા સમયમાં પણ આ અકસ્માત સંભવિત ક્ષેત્રની શોધ કરીને એને નિવારવાની કલમ નં. ૩, ૧૩ અને ૧૫માં જોગવાઇ છે. તદઉપરાંત ગુનાઓ, શિક્ષાઓ, દંડની જોગવાઇ તેમજ અન્ય જરૂરી વૈધાનિક જોગવાઇઓની સમજ સમગ્ર ગુનાઓ માટે અસરકારક સાબિત થશે. સાથેસાથ સમગ્ર દેશ પણ અજોડ વિધાન બની રહેશે તેવો મને વિશ્વાસ છે. આ તમામ કારણોસર રાજયના વિશાળ જન હિતાર્થે લેવાયેલા ગુજરાત સલામતિ વિધેયકનું હું સમર્થન કરું છું અને આ વિધેયકને સર્વાનુમતે પસાર કરવા તમામ સભ્યોને વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એ બાબતમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગ્રામ્ય વિસ્તારમાં વધારેમાં વધારે જો તકલીફ હોય તો આપણે આ રોડ રસ્તા તો બનાવી દીધા. ફકત ને ફકત વાત કરે કે અમારે ગડુથી અહીંયા પહોંચતા પાંચ જ કલાક થાય કે છ કલાક થાય. જેવો ઝડપવાળો માણસ પણ અમારા ગ્રામ્ય રસ્તાઓ છે એ ગ્રામ્ય રસ્તામાંથી નીકળીને આવી જાય પાંચ કલાકમાં, અમારૂં ગીરનું ગામડું હોય ત્યાં પહોંચતા પાંચ કલાક થાય તો એવા રસ્તાઓમાં સરકારે ધ્યાન આપવું જોઇએ. આજે સરકાર છે એ પંચાયતના રસ્તાઓ બનાવે છે તો પંચાયતના રસ્તા છે(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આ માર્ગ વાહન વ્યવહાર ઉપરનું નથી, રોડની વાત નથી. વાહન વ્યવહારની વાત છે એટલે અકસ્માત ઓછા થતા હશે ગામડાંઓમાં.

શ્રી બાબુભાઇ કા. વાજા : આ સાહેબે વાત કરી કે ત્રણ ટકા અકસ્માત ખાડાથી થાય છે, તો અમારે ૯૭ ટકા અકસ્માત ખાડાથી થાય છે. એટલે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓમાં પણ સરકારે ધ્યાન આપવું જોઇએ અને એની ગ્રેવીટી વધારવી જોઇએ અને ગામડાંઓના રસ્તાઓ ઉપર ધ્યાન આપવું જોઇએ. માર્ગ મકાનમાં ન આવતું હોય પણ આ અમારી જે વેદના છે એ આખા ગુજરાત રાજયની છે અને એ અમે તમને રજૂ કરીએ છીએ. રોડ રસ્તાની વાતો કરીએ તો એની સાથોસાથ જે ડીવાઇડરો છે એ ડીવાઇડરો ખોદી અને બીજા આડે રસ્તેથી માનો કે પેટ્રોલપંપ હોય તો પેટ્રોલ પંપને તો રસ્તો આપે પણ બીજી નાની નાની લોજો કરેલી હોય. એમાંથી થઇને નીકળે અને તાત્કાલિક થાય, તાત્કાલિક નીકળે એટલે એનો બચાવ કરવામાં હમણા અમારા માળિયા તાલુકામાં એ ડિવાઇડર કૂદીને બીજે જતો રહ્યો. એટલા માટે થઇને એવા ડિવાઇડરો બંધ કરવા જોઇએ. એમાં પણ થોડો વિચાર કરે. પોલીસ જે ગુનેગારોને લેવા માટે કે રસ્તે આડશો મૂકે અને આ આડશો મુકવાથી અગાઉ જે મુકવાના હોય એ મુકતા નથી અને નજીકથી નીકળવું પડે. આ જે બેરેકો મુકેલા હોય, પાટિયા મુકેલા હોય એ સાથે ભટકાય એમાં નુકસાન થાય એના માટે પણ પહોળાઇ રાખે. પોલીસને જાણ કરે તો એ પણ કરવાની જરૂર છે. એ ઉપરાંત જે વાત કરી કે આપણે ટ્રાફિક ઉપર જે પોલીસ છે. ટ્રાફિકની સલામતી માટે છે. છેલ્લી તારીખો આવે તે વખતે પોલીસ એટલી બધી ગાડીઓ રોકે અને હપ્તાઓ ઉઘરાવે એમાં ધારાસભ્યશ્રીઓ, પ્રધાનશ્રીઓએ પણ ઉંધુ ઘાલીને નીકળવું પડે. એના માટે અમારા ધારાસભ્ય નહિ, તમારા ધારાસભ્યો નહિ, પણ બધાની કમિટી રચો જેથી કરીને એને બીક રહે અને *(×××)ન કરે. એના માટે વિચારવું જોઇએ. આ ઉઘાડી લૂંટ છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો યોગ્ય નથી. ઘણા બધા મિત્રો આપનામાંથી બોલવા માગે છે. તો થોડો સમય બચાવીએ.

શ્રી બાબુભાઇ કા. વાજા : તો બંધ કરી દઉં છું.

શ્રી અરવિંદ રૈયાણી(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે મંત્રીશ્રીએ બિલ મૂક્યું છે. તે બાબતની થોડી ચર્ચા કરવા અને ટેકો આપવા માગું છું. ગુજરાત માર્ગ સલામતી સત્તા મંડળ વટહુકમ ૨૦૧૭ ગુજરાત માર્ગ સલામતી સત્તા મંડળ અધિનિયમ ૨૦૧૮ માં તબદીલ કરવાની બંધારણીય વિધિ પૂરી કરવામાં વાહન વ્યવહાર મંત્રીશ્રી દ્વારા ગૃહમાં રજૂ કરાયેલ ધી ગુજરાત માર્ગ સલામતી સત્તા મંડળ વિધેયક ૨૦૧૮ ને હું મારું સમર્થન જાહેર કરું છું. સાથે સાથે આ વિધેયકને ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને હું આ વિધેયકને સમર્થન કરું છું. સાથે સાથે મારા સાથી દરેક સભ્યને નમ્ર વિનંતી કરું છું કે આ વિધેયકને સમર્થન કરે.

શ્રી વિરજીભાઇ ઠુમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ આઇ.પી.એલ.ના અનુસંધાનમાં પી.આઇ.એલ. ના અનુસંધાનમાં આ(અંતરાય)હમણા બધા મોદી બહુ યાદ આવે છે. પૂર્ણેશભાઇ મોદીને આ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ.પી.એલ. વાળા મોદી બહુ યાદ આવે છે. બધા મોદી યાદ આવી જાય છે કેમ કે બધા બેન્કોમાં ચાલ્યા છે.

અધ્યક્ષશ્રી : ઠુમરભાઇ, આપણે પર્સનલ કોમેન્ટ ન કરીએ.

શ્રી વિરજીભાઇ ઠુમર : પી.આઇ.એલ. દાખલ થઇ એના અનુસંધાને આજે માનનીય મંત્રીશ્રી અકસ્માત નિવારણ માટેનો વટહુકમ બિલના સ્વરૂપમાં લાવ્યા છે તેને ખરેખર અભિનંદન આપું છું, સાચી નીતિ પ્રમાણે ચાલવાનું હોય તો. ફળદુ સાહેબ સીધા અને મંત્રીશ્રી સૌરાષ્ટ્રના છે. સૌરાષ્ટ્ર એવો વિસ્તાર છે કે લગભગ બધાનું માનતો આવ્યો હોય તેવો વિસ્તાર છે. ફળદુ સાહેબ સારી વાત લઇને આવ્યા છે. એને હું અનુમોદન આપીશ. સૌરાષ્ટ્રના અમારા વિસ્તારના છે. અમારા સૌરાષ્ટ્રના છે. એટલે જ કહું છું. જેઠાભાઇ ભરવાડ મંત્રી બને તેના માટે હું ખરેખર ઇચ્છું છું. અમે તો બેન્કમાં ડાયરેકટર છીએ, તેઓ ખરેખર મંત્રી બને, કેબીનેટ મંત્રી બને અને એકમાત્ર ભરવાડ આવી રીતે આવ્યા હોય તો ભારતીય જનતા પાર્ટીએ...

અધ્યક્ષશ્રી : એ તમારી શુભેચ્છાઓ છે એ તમારા હાથમાં નથી. તમારા હાથમાં નથી. આપના વિષય પર આવો.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત નિવારણ બહુ જરૂરી બન્યું છે. સરકાર આ બાબતે ખૂબ ગંભીર રીતે વિચાર કરે તે માટે હું તેમને વિનંતી કરવા માટે ઉભો થયો છું. મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. દિન પ્રતિદિન અકસ્માતો વધતા જાય છે. રાજકીય અવલોકનો થયા હશે અને થતા હશે. અમે રાજકીય પક્ષમાંથી છીએ હું કોંગ્રેસ પક્ષમાંથી છું. ભારતીય જનતા પાર્ટીના લોકો તેમના રાજકીય અવલોકનો કરે. આજે આવા સારા રસ્તા બન્યા છે તેના માટે જે તે વખતે કોંગ્રેસની સરકાર હતી અને હું ખાતરી સમિતિનો હું ચેરમેન હતો. પહેલો વહેલો હિન્દુસ્તાનનો નેશનલ હાઇવે બન્યો હોય તો તે કોંગ્રેસની દેન છે. અત્યારે કદાચ ગૌરવ લેવું હોય તો લઇ શકે છે. તે દિવસે પુલો બનતા ન હતા અને યુ.પી. બ્રિજ કંપની પુલો બનાવતી ન હતી અને તેને બ્લેક લીસ્ટ જાહેર કરવા માટે ખાતરી સમિતિના ચેરમેન તરીકે મેં મારો અહેવાલ પણ આપ્યો હતો. તેના કારણે આ નેશનલ હાઇવે બન્યો છે. આવા નેશનલ હાઇવે બન્યા છે, વડોદરા સુધીનો હાઇવે બન્યો છે તેના કારણે અકસ્માતો વધ્યા છે તે આપણે સ્વીકારવું જોઇએ. અકસ્માતો વધ્યા છે તેના માટે માત્ર પદાધિકારીઓ અને આ સરકાર નહીં પરંતુ તંત્ર અને અધિકારીઓ જવાબદાર છે. રસ્તાઓ બન્યા છે તો ઠેરઠેર બમ્પ મૂકી દેવામાં આવે છે. નેશનલ હાઇવે હોય કે રાજય ધોરીમાર્ગ હોય અને હું ફળદુ સાહેબને પૂછવા માગુ છું કે એકપણ રાજય ધોરીમાર્ગ ઉપર કે એકપણ નેશનલ હાઇવે ઉપર બમ્પ મૂકવા માટેનું ધોરણ છે ખરું? જો ધોરણ ન હોય અને બમ્પ સાઇઝ વગરના બનતા હોય તો મોટાભાગના અકસ્માતો આ બમ્પ ઠેકાઇ જવામાં થાય છે અને માણસ મરી જાય છે. હમણાં જ બોટાદ પાસે મારા વિસ્તારની લગ્નમાં જતી ગાડીમાં ચાર યુવાનોના બમ્પ ઠેકવાના કારણે ગાડી ખેંચાઇ ગઇ અને તે ચારે યુવાનોનું મૃત્યુ થયું. આ બમ્પના જે ધોરણો છે તે માટે તંત્રએ બહુ વિચારવું પડે તેમ છે. બમ્પ નેશનલ હાઇવે કે રાજય ધોરીમાર્ગ ઉપર બનાવવા કરતાં જે એપ્રોચ રોડ છે, મારી અમરેલીની જિલ્લા પંચાયત અમારી છે. મેં બધા જ જિલ્લા પંચાયતના એપ્રોચ રોડ ઉપર દાખલ થતી વખતે બમ્પ મૂકયા છે. એટલે આવા દાખલ થતી વખતે બમ્પ મૂકયા છે એટલે કુલ સ્પીડે આવતો મોટરસાઇકલવાળો ત્યાં અટકે છે અને અકસ્માતનું પ્રમાણ ઘણું ઘટયું છે. પરંતુ નેશનલ હાઇવે અને રાજય ધોરીમાર્ગે પર બમ્પ મૂકવાનું જે ધોરણ છે તે ન હોવા છતાં ગમે ત્યાં બમ્પ મૂકવામાં આવે છે અને રોડ ખોદી નાખવામાં આવે છે તેના કારણે અકસ્માતો થાય છે તે બાબત આમાં સમાવવી બહુ જરૂરી છે. રોડની બંને સાઇડે વૃક્ષ કટીંગ થતા નથી. રોડની બંને સાઇડમાં એટલા બધા ઘેઘૂર વૃક્ષ થઇ ગયા છે તેના કારણે વાહન ચાલકોને દેખાતું નથી અને અકસ્માતો થાય છે. લકઝરી બસો ચાલે છે. અમારો અમરેલી, ભાવનગર, રાજકોટ, જુનાગઢ જિલ્લો સુરત સાથે જોડાયેલ છે. તેના કારણે હેવી લકઝરી બસો ચાલે છે અને તેની જે લાઇટ છે તેની ઉપર તંત્રએ બરાબર કાળજી રાખવાની જરૂર છે. તેઓએ નિયમ વગરની લાઇટો મૂકી દીધી, ફોગ લાઇટો મૂકી દીધી અને તેની એટલી બધી લાઇટ પડે છે કે તેના કારણે સામેથી આવતા નાના વાહન ચાલક છે તે અંજાઇ જાય છે અને મોટાભાગના અકસ્માત થાય છે. આની ઉપર તંત્ર કેમ ધ્યાન આપતું નથી. પોલીસ જવાબદાર છે. પોલીસને અધિકાર છે, પી.એસ.આઇ.ને અધિકાર છે પરંતુ આપના પી.એસ.આઇ., આપના પોલીસ અધિકારીઓ બહાર રોડ ઉપર ઉભા હોય છે અને વાહનચાલકોને રોકે છે, ૨૦૦ રૂપિયા લઇ લે છે, કયાંક પહોંચ ફાડે છે, કયાંક પહોંચ નથી ફાડતા. મોટાભાગના પોલીસ અધિકારીઓ રોડ ઉપર ઉભા હોય છે ત્યારે હોમ ખાતાના મંત્રીને મારે કહેવું છે કે, તેના ખિસ્સા તપાસવામાં આવે. રોજનું કેટલું કરપ્શન થાય છે અને તે કરપ્શન થાય છે એટલે વાહનો અત્યારે ભટકાય છે. તંત્રનું ધ્યાન જતું નથી. ગાડીઓ પાછળ લાઇટ નથી હોતી, અનેક મોટા મોટા ટ્રકો ચાલ્યા જાય છે. ૧૦ ટન ભરવાની જગ્યાએ ૨૦ ટન ભરીને જાય છે, પાછળની લાઇટ નથી, રીફલેકટર નથી અથવા રેડીયમ લાઇટ નથી અને ગમે ત્યાં ચા પીવા ઉભા રહી જાય છે એટલે પાછળથી આવવાવાળો સામેની લાઇટથી અંજાઇ જાય છે અને ગાડી નીચે આવી જાય છે તેથી અકસ્માત થાય છે. આ અકસ્માત નિવારવા માટે સરકારે બહુ મોટું ધ્યાન આપવાની જરૂરિયાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય વીરજીભાઇ..

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, હજી તો બે જ પોઇન્ટ લીધા છે.

અધ્યક્ષશ્રી : માનનીય વીરજીભાઇ પાંચ મિનિટ થઇ. ખૂબ મિત્રો છે.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, સમય આપો. આ સૂચનો રાજય માટે જરૂરી છે. આ સૂચનોમાંથી એકાદ બે લેવાઇ જાય તો અકસ્માતો નિવારી શકાય અને એક પ્રકારનું નિયંત્રણ આવી શકે તેમ છે. એટલા માટે આ બાબતની વાત કરવા માટે આવ્યો છું. સરકારની લિબરલાઇઝેશન પોલીસી આવી, પ્રાઇવેટાઇઝેશન પોલીસી આવી, મનમોહનસિંહ તે વખતે નાણાં પ્રધાન હતા અને પાછળથી વડાપ્રધાન બન્યા.પૂર્ણેશભાઇ એ વખતે માત્ર ફિયાટ અને એમ્બેસેડર ગાડીઓ જ ચાલતી હતી પરંતુ ૧૯૯૧માં એ વખતે કોંગ્રેસની સરકાર બની અને લિબરેલાઇઝેશન પોલીસી દેશમાં નરસિંહ્મા રાવ વખતે જે આવી એના કારણે વાહનો વધ્યા છે માત્ર ગૌરવ એક જ પક્ષ લઇ શકે એવું નથી. તો એ પોલીસીના કારણે વાહનો વધ્યા છે અને વાહનો વધ્યા છે એના

કારણે અકસ્માતો વધ્યા છે. પરંતુ આ અકસ્માતો નિવારવા માટેની જરૂરિયા છે એની વાત કરું તો અમદાવાદમાં જે રીંગ રોડ બન્યો એની બાજુમાં સર્વિસ રોડ છે એમાં માનનીય મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે સર્વિસ રોડ ઉપર મોટા ભાગે ચાની કેબિનો બની ગઇ છે, પાનની કેબિનો બની ગઇ છે અને બોપલથી સનાથન જતા ત્રણ તો પેવર છે એ પેવરના જે મોટા મોટા ડમ્પરીયા છે એ સર્વિસ રોડ ઉપર પડ્યા રહે છે એને કારણે અકસ્માતો થાય છે એમાં કોની જવાબદારી છે? શા માટે તંત્ર જાગતું નથી? તંત્રને જાગવાની જરૂરિયાત છે, અધિકારીઓની જવાબદારી છે પણ અધિકારીઓ ધ્યાન આપતા નથી ત્યારે હું આપના મારફત કહેવા માગુ છું કે, જે પી.એસ.આઇ.ની હદમાં અકસ્માત થાય છે અને અમૂક ચોક્કસ વિસ્તારમાં ચાર ચાર વખત અકસ્માત થાય છે. મારે ત્યાં એવો વિસ્તાર છે રાજકોટ ભાવનગર હાઇવે ત્યાં રોજના પાંચ લોકો સરેરાશ મરે છે. ગઇ કાલે અકસ્માત થયો બાબરા પાસે બે યુવાનોનું આકસ્મીક અવાસન થયું આવા રોજે રોજ અકસ્માત થાય છે એને શા માટે રોકવામાં આવતા નથી? પછી એ રોકવા માટેની વાત કરીએ એટલે એ જગ્યાએ બમ્પ બનાવી દેવામાં આવે છે, બમ્પ બનાવવાના બદલે જે ખોટા વાહનો છે એને રોકવા જોઇએ. અમારા અમરેલીમાં મોટા ભાગની મીની બસો પોલીસના છોકરાઓની છે અને બસની ઉપર પોલીસ લખી દીધું છે એને કોઇ રોકતું નથી. તો પોલીસ લખેલા જેટલા આવા વાહનો છે એને રોકવા જોઇએ, કોઇ પ્રેસ લખી દે છે હું પ્રેસનો પણ વિરોધ નથી કરતો, ધારાસભ્ય લખેલું હોય એનો પણ વિરોધ નથી કરવા માગતો પરંતુ પોલીસ લખીને જે ગાડીઓ ચલાવે છે, મીની બસો ચલાવે છે એને કોઇને રોકવામાં નથી આવતી અને મોટા ભાગની મીની બસો અકસ્માત કરે છે જેના લાયસન્સ પણ નથી અને જે ૧૫ વર્ષથી પણ વધારે સમયની બસો છે છતાં પણ એને રોકવામાં આવતી નથી. હમણા પૂર્ણેશભાઇ મોદીએ કહ્યું કે જે ૧૫ વર્ષથી વધારે સમયની બસો ચાલતી હશે એને રોકી દેવામાં આવશે. તો હું કહું છું કે આ પોલીસ ખાતાના કર્મચારીઓના છોકારાઓ આ બસો ચલાવે છે એની ઉપર નિયંત્રણ લાવવું જોઇએ, એને રોકવામાં નથી આવતા એના કારણે બહુ મોટા અકસ્માત થાય છે કારોબારી સમિતિની રચના કરવા માટે તમે જે ઉદેશ આમાં લાવ્યા છો એમાં તો અધિકારીઓની જ સમિતિ બનાવી છે. જયારે આવું મોટું નિગમ જેવું વ્યવસ્થા તંત્ર તમે ઉભું કરતા હોવ ત્યારે એના પ્રમુખ વાહન વ્યવહાર મંત્રી છે પણ એની કારોબારીમાં અધિકારીઓ જ છે ત્યારે અધિકારીઓ પાસે તો અત્યારે પણ બધી સત્તા છે જ જો એમણે કામ કરવું હોય એ પોલીસ અધિકારીઓએ તો પોલીસ પાસે સત્તાઓ છે જ, આર.ટી.ઓ.પાસે પણ સત્તાઓ છે. આજ કાલ લાયસન્સ લેવા માટેના શું ભાવ છે એ કદાચ ફળદુ સાહેબ તમને ખબર નહીં હોય. આપ વાહન ખાતાના મંત્રી બન્યા છો ત્યારે કહું છું કે ટુ વ્હિલરનું લાયસન્સ લેવા જવું હોય તો મારે ત્યાં ૨૦૦ રૂપિયા ભરાવે છે અને ૨૦૦૦ રૂપિયા લાંચના આપવા પડે છે. શા માટે આ બધું થઇ રહ્યું છે? કોઇને ફોર વ્હિલરનું લાયસન્સ લેવું હોય તો એને ૧૫૦૦૦ રૂપિયા આપવા પડે છે. શા માટે આ કરપ્શન ચાલી રહ્યું છે? આ માટે કોણ જવાબદાર છે? શા માટે આને રોકવામાં નથી આવતું? તમે જો આ માટેની ચિંતા કરતા હોત તો આ ખોટી રીતે આર.ટી.ઓ.નું સંચાનલ ચાલે છે એમાં સુધારો કરવાની જરૂર છે. આજે મોટા ભાગની લકઝરી જી.જે.૧૪ ના નંબરથી પાર્સીંગ થાય છે. શા માટે જી.જે.૧૪ થી જ પાર્સીંગ થાય છે, કેમ બીજે કયાંયથી પાર્સીંગ નથી થતી? અને બધી સ્લીપીંગ કોચ માત્ર અમરલીમાંથી જ પાર્સીંગ થઇ રહી છે અને આટલી બધી બસો માત્ર અમરેલીથી જ પાર્સીંગ થઇ રહી છે ત્યારે મોટા ભાગનો ભ્રષ્ટાચાર ચાલતો હોય અને ભ્રષ્ટાચારની ખાણ હોય તો એ અમરેલી છે ફળદુસાહેબ ત્યાં તમારે ધ્યાન રાખવાની જરૂર છે. અને એટલા માટે અમે પાંચેય ચૂંટાયા છીએ. બધા જ અમારી પાર્ટીના ચૂંટાવાનું કારણ બીજું કાંઇ નથી પરંતુ તમારા તંત્રમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર છે એના કારણે કોંગ્રેસના બધા ધારાસભ્યો અમે ચૂંટાયા છીએ. પૂર્ણેશભાઇ હમણા વાત કરતા હતા કે અમને નગરપાલિકામાં બહુમતી મળી છે, પણ પૂર્ણેશભાઇ ૧૧ નગરપલિકામાંથી આજે ૨૭ નગરપાલિકા કોંગ્રેસની બની છે, ચાર નગરપાલિકા અપક્ષોની બની છે, અમારી પાસે ફકત ૧૧ નગરપાલિકા હતી એમાંથી અમારી પાસે આજે ૨૭ આવી છે અને તમે ૧૫૦માંથી ૯૮ પર આવી ગયા છો ૨૦૧૯માં ૨૬માંથી જીરો પર આવી જશો. આ સરસ મજાના ઉદેશ સાથેનું બિલ લઇને આવ્યા છે અને જે વટહુકમને બિલના સ્વરુપમાં રૂપાંતર કરવા માટે આવ્યા છે એને કોંગ્રેસ પક્ષ સમર્થન આપવા માટે પણ તૈયાર છે પરંતુ તમારી અધિકારીઓની જે ખોટી નીતિઓ છે એને માટેના કાંઇક દંડની જોગવાઇ વધારે કરવી જોઇએ અને વાહન ચાલકો પર દંડની જોગવાઇ ઓછી કરવામાં આવે એટલી વિનંતી સાથે આ બિલને સમર્થન આપુ છું.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સંજોગો એવા બન્યા છે કે આપનો પણ આજે અધ્યક્ષ તરીકે પ્રથમ દિવસ છે અને હું પણ આ સન્માનનીય ગૃહમાં સર્વપ્રથમવાર ચૂંટાઇને બોલવા માટે ઉભો થયો છું. હું જે મત વિસ્તારના પ્રતિનિધિ તરીકે આ સન્માનનીય ગૃહમાં આવ્યો છું એ અસારવા મત વિસ્તાર સાંસ્કૃતિક વારસો ધરાવતી ભૂમિ છે અને મારું અહોભાગ્ય છે કે આ વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે ભારતીય જનતા પાર્ટીએ મારી પસંદગી કરી છે અને અસારવાની સન્માનનીય પ્રજાએ મને ખૂબ સ્નેહ, પ્રેમ અને સન્માન સાથે આ સભાગૃહમાં મોકલેલ છે. આજના તબક્કે હું આ દેશના વિકાસપુરૂષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને દુનિયાની સૌથી મોટી પાર્ટીના અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહનો ખૂબ આભારી છું. આ માટે સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીનો પણ આભાર માનું છું. મારું અહોભાગ્ય છે કે હું જ્યારે પ્રથમ વખત આ ગૃહમાં બોલવા માટે ઉભો થયો છું ત્યારે અકસ્માતમાં જિંદગી બચી શકે તેવા બિલ માટે બોલવાનો મને મોકો મળ્યો છે. વિધાનસભામાં રજૂ થયેલા આ બિલ થકી ગુજરાતના કેટલાય લોકોના જીવ બચી શકે છે. ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ, વટહુકમ, ૨૦૧૭ને ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૮માં તબદીલ કરવાની વિધિ પૂરી કરવામાં માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી દ્વારા ગુજરાતમાં રજૂ કરાયેલા ધી ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક, ૨૦૧૮ને મારુ સમર્થન જાહેર કરું છું. અકસ્માત પામતા કોઇ પોતાના ઘરનો મોભી ગુમાવે છે, કોઇ પોતાના વહાલસોયો દીકરો કે દીકરી ગુમાવે છે જેની સૌથી મોટી ખોટ ઘરના મોભીને, વહાલસોયા દીકરા કે

દીકરીના કુટુંબને પડે છે જેની કોઇ કિંમત આંકી શકાતી નથી. આજના યુગમાં વાહનોની ગતિ એટલી તીવ્ર થઇ છે જેને કારણે આપણા રસ્તાઓ એકસપ્રેસ હાઇવે સમાન થયા છે. જેથી અકસ્માત નિવારવા અંગેના આ બિલથી અકસ્માતમાં મોટો ઘટાડો થશે. આ બિલનું પૂરતું પાલન થાય તો વધતા અકસ્માતમાં ઘટાડો થાય. આ બિલ આવવાથી અકસ્માતોમાં ઘટાડો થશે. કેટલાયની જિંદગી બચી શકશે. અકસ્માતથી થનારી શારીરિક અપંગતા અટકાવી શકાશે. અકસ્માતમાં પચાસ ટકા સુધીનો ઘટાડો કરવાના લક્ષ્યાંક સાથે સન ૨૦૧૬ના માર્ચ મહિનામાં માર્ગ સુરક્ષા નીતિ જાહેર કરેલ. માર્ગ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સત્તા, ફંડ અને માનવશક્તિ ધરાવતી મુખ્ય એજન્સીની રચના કરવાનું પણ બિલમાં સૂચવવામાં આવેલ છે. રાજય માર્ગ સુરક્ષા નીતિનો ખરા અર્થમાં અને ખરા સ્વરૂપમાં અસરકારક અમલ કરવા માટે એક માર્ગ સુરક્ષા સત્તામંડળની સ્થાપના કરવાનું ધારેલ છે. જે અલગ અલગ સરકારી વિભાગોના સંકલન સાથે અને અમુક બિનસરકારી સંગઠનો, સ્વયંસેવકોની સાથેના સંકલનથી પણ માર્ગસુરક્ષાનું કામ હાથ ધરી શકાશે. વિવિધ સરકારી વિભાગો અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને અનેક જાગૃત નાગરિકો માર્ગ સલામતિ માટે પોતપોતાની રીતે યોગદાન આપતા રહ્યા છે તેવા તમામને હું હૃદયપૂર્વક ધન્યવાદ આપું છું. પરંતુ માર્ગ સલામતિ અંગે સમગ્ર રાજયને એકતાંતણે બાંધીને માર્ગદર્શન પૂરું પાડે તેવી ગુજરાત રાજ્ય માર્ગ સલામતિ નીતિ, ૨૦૧૬ જાહેર કરવા બદલ માનનીય મુખ્યમંત્રી તથા માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ તથા આ સંવેદનશીલ સરકાર અને વિકાસશીલ સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ માર્ગ સલામતિ નીતિ પસંદ કરેલા માર્ગ પર ચલાવવા ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ, વિધેયક, ૨૦૧૮ને પૂરું પાડશે એવી આશા સાથે આ વિધેયકને હું મારું સમર્થન આપું છું. આ સન્માનનીય ગૃહના તમામ સભ્યોને આ બિલ સર્વાનુમતે પસાર કરવા સમર્થન આપવા માટે અનુરોધ કરું છું. ભારત માતાકી જય, વંદે માતરમ, જયભીમ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન-વ્યવહાર મંત્રીશ્રી સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૧૮નું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહ કાયદા ઘડવા માટેનું ગૃહ છે. લોકોના હિતો માટે આપણે કાયદાઓ ઘડીએ છીએ. નિરંજનભાઇએ કહ્યું આપે તેમને શુભેચ્છા આપી, અભિનંદન આપ્યાં. કાયદાઓ ઘડીએ છીએ, કાયદાઓ ઘડાયા પછી કાયદાઓનો અમલ કરવો અને અમલ થાય એ મહત્વનું છે. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો આ હોય કાયદો અલગ હોય કોઇ પણ કાયદાઓ હોય પણ જયાં સુધી એ કાયદાઓનું ચુસ્તપણે અમલીકરણ ના થાય ત્યાંસુધી પ્રજાને આપણે રાહત આપી શકીશું નહીં. આપણે આટલા બધા કાયદાઓ બનાવીએ છીએ અને ભૂતકાળમાં જયારે જયારે જરૂર પડી છે ત્યારે કાયદાઓમાં ફેરફાર પણ કર્યા છે ત્યારે જે બિલ લઇને આજે આવ્યા છીએ અને જે કાયદો બનાવવા આપણે જયારે જઇ રહ્યાં છીએ અને માનનીય મંત્રીશ્રીએ પણ કહ્યું કે બહુ ગંભીર છે. રાજયમાં જે પ્રકારના અકસ્માતો થાય છે અકસ્માતો થવા માટેના કારણો બહુ અલગ અલગ છે આંકડાઓ સાથે માનનીય મંત્રીશ્રીએ વિગતો આપી તેમાં હું નહીં પડુ પણ જે રીયાલીટી છે, જે હકીકત છે વાસ્તવિકતા છે કે કાયદો બનાવ્યા પછી તે કાયદાનો અમલ ન થવા માટેનો અનેક લોકોને કાયદાઓનો ભય જ નથી રહ્યો અને એમાંય ખાસ કરીને કાયદાનો ભય ઉભો થાય એ પ્રકારે આ સરકારે કામગીરી કરવી પડશે. આ સરકાર એ પ્રકારની કામગીરી નથી કરતી તેના કારણે લોકોમાં કાયદાનો ભય છે જ નહીં અને ભય ના હોવાના કારણે આ સ્થિતિનું નિર્માણ થયેલુ છે. ત્યારે રાજય સરકાર કાયદાનો અમલ કરાવવા માટે જે કંઇ કરવુ પડે તે અહીંયા કહેવામાં આવ્યું છે તેમાં આપણે પણ કયાંક અને કયાંક જવાબદાર હોઇએ. એક જવાબદાર જન પ્રતિનિધિ તરીકે નાની મોટી બાબતો વિસ્તારમાંથી લોકોની અસંખ્ય ભલામણો આવતી હોય એ ભલામણો કાયદાકીય હોય ના હોય છતાં પણ આપણે ભલામણો કરતા હોઇએ છીએ. સવાલ એ છે કે, વહીવટી તંત્ર આ બાબતોને જોયા સિવાય કાયદાને ધ્યાનમાં રાખીને અમલીકરણ કરાવડાવે તો મને લાગે છે કે આપણે લોકોને વધારે ઉપયોગી થઇ શકીએ. અહીંયા ઘણી બધી બાબતો કહેવામાં આવી જિલ્લાકક્ષાઓ ટ્રાફિક સલાહકાર સમિતિઓ છે, કલેકટરના અધ્યક્ષપણા નીચે આ સમિતિઓનું કામકાજ ચાલે છે. ટ્રાફિક સલાહકાર સમિતિ દર મહિને મળતી હોય છે તે મિટિંગો મળ્યાં પછી તેમાં જે કામગીરી કે કાર્યવાહી થાય છે તે કાર્યવાહી થયા પછી તેનું અમલીકરણનું શું ? અમલીકરણ તો નીલ. ઝાડની વાત અહીંયા કરવામાં આવી, ઝાડના કટીંગ કાપવાની વાત આવી ખાસ કરીને માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે કે, રસ્તાઓમાં ઇજનેર મારફત તેનું જે સ્ટ્રકચર બનાવવામાં આવે છે, રસ્તાઓની ગાઇડ લાઇન બનાવવામાં આવે છે તેનું જે એસ્ટીમેટ બનાવવામાં આવે છે તેમાં કયાંક અને કયાંક નબળાઇને કારણે ૦.૩ ટકા વાત કરી છે, રાજય સરકાર માટે ગંભીર બાબત છે. કારણ કે ઇજનેરો છે તે આપણાં છે તે તો ટેકનિકલ છે, ટેકનિકલ નિષ્ણાતો છે અને તે પછી પણ જો તેની ભૂલોને કારણે ૦.૩ ટકા અકસ્માત થતાં હોય તો તેને નિવારવા માટે રાજય સરકારે અને માર્ગ અને મકાન વિભાગે ગંભીરતાપૂર્વક આગામી દિવસોમાં જે કંઇ સુધારા વધારા કરવા જેવા હોય તે કરવામાં આવે. દા.ત. હું એક દાખલો આપીશ, છેલ્લાં પાંચ વર્ષથી ઉના તુલસીશ્યામ રોડ ઉપર વાજડી ગામનું એક પાટીયું આવે છે. ૨૫ થી ૪૦ લાખ રૂપિયાથી ખર્ચ વધે તેમ નથી છતાં ત્યાં એક બાજુ ઝાડ અને એક બાજુ નાળું, અને એ નાળું બનાવવા માટે આજે છેલ્લાં પાંચ પાંચ વર્ષથી સ્થાનિક આગેવાનોએ સ્થાનિક કક્ષાએથી દરખાસ્તો કર્યા પછી પણ આપણે ૫૦ લાખ રૂપિયાની જોગવાઇ ન કરવાના કારણે ગયા વર્ષે બે માનવ જીંદગી તેમાં હોમાણી. આ પ્રકારના રાજયમાં જયાં પણ કામો હોય તેમાં રજૂઆત આવે તો પણ ઠીક અને ન આવે તો પણ ઠીક, રજૂઆત શાસક પક્ષની હોય, વિરોધ પક્ષની હોય કે આમ પ્રજામાંથી હોય.પણ જે જરૂરી હોય એ કામો કરવામાં આવે. અહિંયા પૂર્ણેશભાઇ મોદીએ રસ્તાની વાત કરી પણ સોશ્યલ ઇકોનોમીક્સના સર્વેની અંદર જે રીપોર્ટ આપ્યા છે કે કૉંગ્રેસનું શાસન પૂર્ણ થયું છે ત્યારે ૭૪,૦૧૮ કિ.મી.ના રસ્તાઓ કરવામાં આવેલા અને ભા.જ.પ.ની સરકારે છેલ્લા ૨૨ વર્ષથી ૮૦,૦૦૦ કિ.મી.ના રસ્તાઓ બનાવ્યા છે. માત્ર ૬,૦૦૦ કિ.મી.નો જ વધારો કર્યો છે. એ આપણે ભૂલવું ન જોઇએ. (અંતરાય) રસ્તા કૉંગ્રેસે બનાવ્યા છે કે ભા.જ.પ.એ

બનાવ્યા છે એ મહત્ત્વનું નથી. કોંગ્રેસને તમે ક્યાં સુધી *(×××) કામ કરશો. કોંગ્રેસને *(×××) તમે તમારી નિષ્ફળતાઓને છૂપાવી ન શકો. રાજ્ય સરકાર પોતાની નિષ્ફળતાઓને ન છૂપાવી શકે તમે છેલ્લા ૨૨ વર્ષથી છો અને તમારી જવાબદારીનું તમે યોગ્ય રીતે અમલીકરણ કરો તો લોકોને તમે વધારે મદદરૂપ થઇ શકશો. દારૂના વ્યસનને કારણે, ગયા સત્રની અંદર દારૂબંધીનો કડક અમલ કરવા માટે કાયદો બનાવ્યો. ગૃહમંત્રીએ મોટી જાહેરાતો દ્વારા ઘણું બધું કીધું છે. હું લાંબી વાત નથી કરવા માગતો પણ દારૂબંધીનો કાયદો હોવા છતાં પણ દારૂના સેવનને કારણે જે વાહનો ચલાવવામાં આવે છે. એના કારણે પણ મોટાભાગે મંત્રીશ્રીએ કહ્યું છે એ પ્રમાણે અકસ્માતો સર્જાય છે. તો એ અકસ્માતો નિવારવા માટેની જવાબદારી તો તમારી પાસે છે જ. વ્યવસ્થાતંત્ર પણ છે. ગૃહ વિભાગ પણ છે. ગૃહ વિભાગમાં કામ કરે છે છતાં પણ દારૂના સેવન ઉપર, દારૂની લે–વેચ ઉપર, હેરા–ફેરી ઉપર શા માટે બ્રેક નથી લાગતી. શા માટે એમાં દિન–પ્રતિદિન વધારો થતો જાય છે. એ લોકોને રોકવા માટે કોણ તમને રોકે છે. એ નથી થતું એના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ સિવાય આડેધડ પેશકદમી. મન ફાવે ત્યાં ગમે ત્યાં પેશકદમી કરી રોડ રસ્તાઓ સાંકડા બનાવવામાં આવ્યા છે. નેશનલ હાઇ–વે હોય કે સ્ટેટના રસ્તા હોય ત્યાં પણ આડેધડ બાંધકામ થાય છે. આ બાંધકામ દૂર કરવાની રાજ્ય સરકારની માનસિકતા ખરી? શા માટે એ જવાબદારી નથી નિભાવતા. વર્ષો સુધી બાંધકામ એમના એમ પડ્યા રહે છે અને એ દૂર ન થવાના કારણે અવાર–નવાર અકસ્માતો થાય છે. એ પણ રેકોર્ડ ઉપર આવે છે. આવા બાંધકામ જેટલા છે એ પણ દૂર કરવામાં આવે એ પછી ધાર્મિક હોઇ શકે, દુકાનો પણ હોઇ શકે, કોમર્શીયલ હોઇ શકે અથવા વ્યક્તિગત પણ હોઇ શકે. નેશનલ હાઇ–વેમાં જેટલા રસ્તા બાંધકામ કરવામાં આવે છે એને તોડવામાં આવે છે અને એને આપણે વળતર પણ ચૂકવી શકીએ. તો એમાં પણ આપણે અકસ્માતોને ઘટાડી શકીએ. ખાસ કરીને વસ્તી–વધારો એ પણ એક કારણ છે. વસ્તી–વધારામાં જેમ જેમ વસ્તી વધતી જાય છે એમ અવ્યવસ્થા વધતી જાય છે. વાહનોની સંખ્યા વધતી જાય છે. આજથી ૨૦ વર્ષ પહેલાં એક ઘરમાં એક મોટર–સાયકલ જ હોય જ્યારે આજે ચાર દીકરા હોય તો ઘરમાં ચાર મોટર સાયકલ હોય એવી સ્થિતિના કારણે વાહનો વધે છે. તો વસ્તી વધારાની સામે રાજ્ય સરકારે વિભાગની અંદર મહેકમમાં પણ વધારો કરવો જોઇએ. મહેકમમાં વધારો કરવામાં આવે અને રાજ્ય સરકારનું આજે જે મહેકમ છે એ માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે. હું ગંભીરતા પૂર્વક મંત્રીશ્રી અને સરકારનું ધ્યાન દોરવા માગું છું. મંત્રીશ્રીએ કીધું કે *(×××) વિભાગો આપણી પાસે છે પણ અહિંયા કહેવાનું એ પ્રમાણે કે તમામ વિભાગોમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ માનનીય મંત્રીશ્રી આર.સી.ભાઇ જે શબ્દો બોલ્યા નથી, જે વાક્યો બોલ્યા નથી એ વાક્યો ફળદુ સાહેબ બોલ્યા એ પ્રમાણે કોટ કરે છે એ યોગ્ય નથી. એ તમામ એ જે વાક્યો મૂક્યા છે એ રદ થવા જોઇએ. એ જે બોલ્યા હોય એ બોલો. તમારે જે કહેવું હોય એ કહો પણ ફળદુ સાહેબ આમ બોલ્યા છે એ તમે ઉમેરો ન કરશો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ જે બોલ્યા છે એ જ હું બોલું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હજુ તમે એ જ વાત કરો છો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મંત્રીશ્રી ન બોલ્યા હોય અને હું બોલ્યો હોઉં તો રેકર્ડ ઉપરથી કાઢી નાખવા.

અધ્યક્ષશ્રી : જો મંત્રીશ્રી નહીં બોલ્યા હોય તો રેકર્ડ ઉપરથી કાઢી નાંખીશું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમ શરતી ન હોય. એ કાઢી જ નાંખવાના હોય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : હા તો કાઢી નાંખવાનું. એમાં કાંઇ વાંધો ન હોય.

અધ્યક્ષશ્રી : ઠુમરજી એમાં તમારે ઊભા થવાની જરૂર નથી. એમની સાથે વાત ચાલુ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે એ કહું છું. આપ રેકર્ડ પણ ચેક કરી લેજો. માનનીય મંત્રીશ્રી બોલ્યા છે અને આ બિલ લઇ આવવા પાછળનો હાર્દ અને જે હેતુ છે એ હેતુ સાથે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે એને હું કોટ કરું છું.

અધ્યક્ષશ્રી : એ જોઇ લઇશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે કર્મચારીઓ...

અધ્યક્ષશ્રી : હવે રીપીટ કરવાની જરૂર નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : રાજય સરકારના તમામ વિભાગોમાં મંજૂર થયેલું મહેકમ પૂરતા પ્રમાણમાં નથી અને જે મહેકમ છે, જે પોલીસ વિભાગમાં હોય કે અન્ય વિભાગોમાં કામ હોય તો એ સરકારી કાર્યક્રમોમાંથી બહાર આવતા નથી તો માનનીય અધ્યક્ષશ્રી, આ અકસ્માતો કયાંથી નિવારી શકાય? સરકારી કાર્યક્રમોમાં જ વ્યસ્ત રહે છે. એની વ્યવસ્થા ગોઠવવામાં, એની જાળવણીમાં, એની સલામતી માટે માનનીય અધ્યક્ષશ્રી આ કામ પણ જો બાદબાકી થાય તો પણ અકસ્માતો નિવારી શકાય અને આવા ગંભીર પ્રકારનું જયારે માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે ત્યારે રાજય સરકાર આને ગંભીરતાથી લે અને આ ગૃહના માધ્યમ દ્વારા હું પણ કહું છું કે, લોકોની માનસિકતા પણ બદલવી જોઇએ. લોકોની માનસિકતા બદલાય એ પણ જરૂરી છે. રોડ ઉપર જતા હોઇએ, રેલવેનું ફાટક આવે અને ફાટક બંધ હોય અને એક સાઇડ ખુલ્લી રાખવાની હોય એને બદલે આપણી માનસિકતા એ છે કે, આખે આખી બે સાઇડ સંપૂર્ણપણે ભરાઇ જાય અને છતાં પણ એને નિયમ પ્રમાણે આપણે પાળવા માટેની માનસિકતા નથી ત્યારે ગુજરાતના લોકોને પણ આ સન્માનનીય ગૃહના માધ્યમ દ્વારા કહેવા માગું છું કે, લોકોએ પણ એ પ્રકારની માનસિકતા બદલી અને સરકાર જે કોઇ કાયદાઓ બનાવે એ કાયદાઓનું પાલન કરવા માટે લોકો પણ સાથ અને સહકાર આપે એ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ એટલું જ જરૂરી છે અને એટલા માટે રાજય સરકાર આ બિલના માધ્યમ દ્વારા આવનારા દિવસોમાં અકસ્માતો ઘટે એના માટે ગંભીરપણે અને કાયદો બન્યા પછી એનું ચૂસ્તપણે અને કડક રીતે અમલવારી કરવામાં આવે તો મને લાગે છે કે જે બિલ આવ્યું છે એ બિલ ખરેખર વાસ્તવિક રીતે અકસ્માત નિવારવા માટે આપણે ફાયદાકારક થશે.

અધ્યક્ષશ્રી : આદરણીય શ્રી ઇમરાન ખેડાવાલા, એમને જવાબ આપવાનો છે. આ બિલ ઉપર આઠ સભ્યશ્રીઓ બોલ્યા છે. શ્રી સુખરામ રાઠવા..

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી)) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા કેટલાક મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના હાર્દ સાથે હું સહમત છું પણ મને કેટલીક જગ્યાએ એવું દેખાય છે કે, માનનીય મંત્રીશ્રી આપની પાસે પૂરતો સ્ટાફ નથી, જેને આપણે અમલવારી કરવા જઇ રહ્યા છીએ એના માટેનો સ્ટાફ તો આપણી પાસે નથી. આર.ટી.ઓ.માં સ્ટાફ નથી. પોલીસ ખાતામાં સ્ટાફ નથી. આ બિલ થકી જો તમે વધારાનો જો સ્ટાફ ઉભો કરવા માગતા હોય તો અમારા આ કોંગ્રેસ પક્ષનું આખું સમર્થન તમને રહેશે. આમાં બીજા ભયના સ્થાનો પણ રહેલા છે. આપણે જે દંડ કરીએ છીએ. હેલ્મેટ પહેરીને જતા બહેનો પણ હોઇ શકે છે. ખાસ કરીને તો બહેનો હેલ્મેટ પહેરતાં નથી. ભાઇઓ પહેરતા હોય છે. એકની જગ્યાએ બે કે ત્રણ બેસીને જતા હોય તો દંડ કરીએ છીએ અને દંડ કેટલીક જગ્યાએ, અમારા નિરંજનભાઇએ કહ્યું તેમ કેટલીક પાસો ફાટે કેટલીક પાસો ફાટતી પણ નથી અને પરિણામે અમારા જેવાઓને પણ કહેવું પડતું હોય છે કે જરા આને છોડી દેજોને, એવી પણ સ્થિતિ આવતી હોય છે. રાજકીય દખલગીરી પણ આ સરકારી કાર્યક્રમમાં થાય છે. એ દખલગીરી પણ ઓછી થાય તો આપણે આમાં કંઇક અંશે એ કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ જાણવું છે કે, રાજયના ચાર રસ્તાઓ ઉપર અને ખાસ કરીને સીટીઓમાં સીસીટીવી કેમેરા લગાવેલા હોય છે. એમાંથી કેટલા ચાલુ છે? આમાં નવા સીસીટીવી તેમજ કેમેરા પણ વસાવવાના છે. લાઇટો પણ બદલવાની છે. તો આ જે ખર્ચાઓ જે કરવાના છે એ કર્યા પછી આપણને વળતર શું મળશે? બીજો એક ભય એ દેખાય છે કે, અને મને ચાક્કસ એવો ખ્યાલ છે કે, અમારા મંત્રીશ્રી ગણપતભાઇ બેઠા છે. આદિજાતિ સલાહકાર પરિષદની વરસમાં એક વાર બેઠક મળતી હતી. તમે અહીં પણ જે રીતે ૬ મહિને એક વખત મળશે તો ૬ મહિને મળશે ત્યારે જે સલાહ સૂચન આવશે અને કાયદો નવેસરથી થવાનો છે. એટલા માટે ૬ મહિનાનું જે ધોરણ રાખેલ છે તેને બદલે ૩ મહિનાનું કરવું જોઇએ, તેવું મારું માનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દિનપ્રતિદિન અકસ્માત વધતા જાય છે. આપણે જાણીએ છીએ કે કેટલીક માનવ સર્જીત હોય છે કેટલીક ડ્રાઇવરની ભૂલના કારણે જાણે અજાણે, આપણે જાણતા હોવા છતાં પણ ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં દારૂ પીને મોટા ભાગના દારૂનું સેવન કરનારા ડ્રાઇવરો આવતા હોય છે. કેટલાક પર પ્રાંતના ડ્રાઇવરો આવે છે અને મહારાષ્ટ્રના ડ્રાઇવરો હોય એટલે આપણે તેને કશું કરી શકતા નથી. ઓવરલોડ ગાડીઓ હોય છે, જેમ આપણે મોટા વાહનોને ચલાવવની મંજૂરી નથી આપતા. મોટા રસ્તાઓ ઉપર મોટા વાહનો ચાલતા હોય ત્યારે તેની લાઇટ અને બ્રેક ચેક કરીને સર્ટીફીકેટ હોય તેને જ ચલાવવાની મંજૂરી આપવી જોઇએ. છોટાઉદેપુર જિલ્લામાં રેતીનું ખનન કરનારા મહારાષ્ટ્ર તરફથી વાહનો આવતા હોય છે. (અંતરાય)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : બીજા સ્ટેટની વાત નહીં કરી શકે. કોઇ સ્ટેટની વાત ન થઇ શકે. લોકશાહીમાં દરેકને અધિકાર છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : એમાં ખોટું શું છે ? મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી દારૂ પીને આવતા હોય છે. એમના સ્ટેટમાં દારૂની છૂટ છે માટે દારૂ પીને ગાડીઓ ચલાવે છે. એના કારણે અકસ્માતો થતા હોય છે.

અધ્યક્ષશ્રી : સુખરામભાઇ આપણા ગુજરાતમાં ગાડી આવે અને દારૂ પીધેલ હોય તો કેસ કરવો કે નહીં કરવો ?

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : કેસ કરવો જોઇએ. આ બિલના હાર્દ સાથે સંમત છીએ. બિલ માટે ટેકો આપીએ છીએ. સ્ટાફ માટે અલાયદી વ્યવસ્થા થાય તે જરૂરી છે. એટલા માટે આ વાત કરી સમર્થન આપું છું.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : મારા આ વિધેયકમાં આ ગૃહના સન્માનનીય સાથીઓએ ભાગ લીધો છે અને ગંભીર ચિંતાઓ વ્યકત કરી છે, કેટલાંક સૂચનો પણ કરેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ ચિંતા વ્યકત કરી છે તે બધાને પણ ગંભીરતાથી લેવામાં આવી છે. આ બિલમાં જે જોગવાઇ છે તેમાં ભય સ્થાન વ્યકત કર્યા છે તેના કોઇ લુપ હોલ્સ રહેવા દીધા નથી.

મારે બે ત્રણ બાબતોમાં સ્પષ્ટતા કરવી જોઇએ કે જિલ્લા ટ્રાફિક અને રોડ સેફટી કમિટીના આદેશો અને નિર્ણયો પાલન નહીં કરે તો આવા અધિકારી સામે ૧ રૂપિયાથી માંડી ૧ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી છે. ઓથોરીટી આદેશ કરશે અને સ્થાનિક ઓથોરીટી કામ ન કરે તો, કે કામ કરવામાં ઢીલે થશે તો તેની સામે એકશન લેવાની વાત કરી છે. ઓથોરીટીના અધિકારીને પણ કયા સંજોગોમાં કામ કરી શકયા નથી, તેના આદેશો અને માર્ગદર્શન પ્રમાણે, નિયમો પ્રમાણે કરવા કે સૂચના આપવામાં આવી છે તેને પણ ખુલાસો કરવાના અને ઉપલી ઓથોરીટી પાસે અપીલ કરવાના અધિકાર આપવામાં આવ્યા છે. એવું નથી કે એક તરફી સજા કરવામાં આવે. હા, માનનીય અધ્યક્ષશ્રી બીજી ચિંતાઓ માનનય સભ્યશ્રીઓએ વ્યકત કરી છે. આ વટહુકમ બહાર પાડીને એનો દુરુપયોગ કરવાની વાત કરી છે. નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશ પ્રમાણે કમિટી ઓન રોડ સેફટી એના દિશા નિર્દેશ પ્રમાણે રોડ સેફટી કમિટી બનાવવાની સૂચના આપવામાં આવી હતી એ પ્રમાણે આપણે આ કમિટીની રચના કરવાની પરિસ્થિતિ ઉભી થઇ છે. એક સભ્યશ્રીએ એવી વાત કરી કે આપણી પાસે પૂરતો મેન પાવર નથી તો શું છે? મારે એટલું જ કહેવાનું કે બધા વિભાગો પોતે પોતાનુ કામ કરતાં હોય જ છે. પરંતુ અહીંયા અકસ્માતો ઘટાડવા માટે સ્પેશ્યલ ફોકસ

કરવાની આવશ્યકતા છે એટલા માટે આ ઓથોરિટી બનાવવી જરૂરી હતી. માર્ગ અકસ્માતોને ધ્યાને લઇને અને નામદાર સુપ્રિમ કોર્ટના દિશા નિર્દેશ મુજબ વટહુકમ કરવો પડ્યો હતો અને અન્ય રાજયોને પણ નામદાર સુપ્રિમ કોર્ટે આ પ્રમાણેની સૂચના આપી જ છે અને ત્યાં પણ ઓથોરિટીની રચના થવાની છે. આ ઓથોરિટીની અંદર તમામ સરકારી એજન્સીઓ અમલીકરણ એજન્સી તરીકે રહેશે. હમણાં મેં વાત કરી એ પ્રમાણે રાઇટ ટુ ઇન્ફરમેશન એક્ટ હેઠળ નાગરિક સેવાના કાયદામાં આની જોગવાઇ કરવામાં આવી છે એટલે કોઇ બાબત એવી નથી કે જે આવનાર દિવસોમાં પબ્લિકને હાની કરે. મહત્વની બાબત છે કે મોટર વ્હીકલ એક્ટ હેઠળ જે દંડનીય જોગવાઇ ૨૫-૫૦ કે ૧૦૦ રૂપિયા છે એજ વ્યવસ્થા છે એનાથી વધારે દંડ કરવાની વાત નથી એની સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે.

ગુજરાત રાજયમાં એવુ કહેવામાં આવ્યું કે માર્ગ અકસ્માતો વધતા જાય છે. પણ એવું નથી, ૨૦૧૬માં આપણે અવેરનેશ લાવવા માટેના પ્રયાસો કર્યા એના કારણે ૨૦૧૬માં ૨૧૮૫૯ માર્ગ અકસ્માતો હતા, ૨૦૧૭માં ૧૯૦૮૧ થયા એટલે એમાં ઘટાડો થયો છે. મૃત્યુમાં પણ ઘટાડો થયો છે ઇજાઓમાં ૨૦૧૬માં ૧૯૯૪૯ હતી એ આજે ૧૬ હજારે પહોચ્યા છીએ એટલે એમાં અઢી થી ત્રણ હજારનો ઘટાડો થયો છે આ બધું આપણે જુદા જુદા કાર્યક્રમો કર્યા એના કારણે થયું છે.

રોડ સુધારણાની બાબત માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ કરી, પુંજાભાઇએ માર્ગમાં નાળાની વાત કરી એ માર્ગ અને મકાન વિભાગને લાગુ પડે છે. તેમ છતાં સભ્યશ્રીઓએ આ સભાગૃહમાં જે સૂચનો કર્યા છે જે હકારાત્મક સૂચનો છે એને માથે ચડાવીએ છીએ અને સરકાર આ બાબતમાં ગંભીરતાથી કામ કરવા માગે છે એનું અમે કમિટમેન્ટ આપવા માગીએ છીએ.

બેફામ ઝડપે ચલાવતા વાહનોની ચિંતા વ્યકત કરવામાં આવી છે. આવા કિસ્સામાં સતત પગલાં લેવામાં આવે છે અને રોડ સેફટી એજન્સી સબંધિત અધિકારીઓની સામે અને ઓથોરિટીને કડકમાં કડક દિશા નિર્દેશ કરવાની પણ આમાં જોગવાઇ કરવામાં આવી છે. ઓવરલોડ વાહનોની પણ ચિંતા કરવામાં આવી છે. આર.ટી.ઓ.ની બાબતમાં હવે લાઇસન્સ પહેલા મેન્યુઅલી ટેસ્ટથી આપવામાં આવતા હતા હવે ટ્રેક ઉપર ટેસ્ટ લઇને જ લાઇસન્સ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ૪૦ ટકા લોકો પાસ થઇ રહ્યા છે. ફરીથી ટેસ્ટ આપીને પાસ થઇ શકાય છે. હવે મેન્યુઅલી પ્રથા બંધ કરી છે.

જે રસ્તા ઉપર વધારે અકસ્માત થાય છે. આવા બ્લેક સ્પોટ નકકી કરેલા છે એનું મોનિટરીંગ કરવામાં આવે છે. વધારે અકસ્માત થાય એના પોઇન્ટ ટ્રેસ આઉટ કરવા જરૂર હોય છે એ કરવામાં આવેલ છે એ થયા પછી સતત એની જાહેરાતો કરવાના કારણે ત્યાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવામાં સફળ થયા છીએ. આમ વિવિધ વિભાગને આવરી લીધા છે. ગૃહ વિભાગ છે, શિક્ષણ વિભાગ છે, માર્ગ મકાન વિભાગ છે, પાંચ-સાત વિભાગોને સાથે લઇને બધા જ વિભાગના અધિકારીઓને આ ટીમની અંદર જોડવામાં આવ્યા છે અને માર્ગ અકસ્માત નિવારણ કરવા માટે આવનારી ૨૦૨૦ની સાલમાં ૫૦ ટકા માર્ગ અકસ્માતો ઘટાડવા માટે થઇને આ ઓથોરિટીની રચના કરવામાં આવી છે. તેને કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થાય તે માટે માનનીય સભ્યશ્રીઓને આમાં અનુમોદન કરવા માટે હું વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે. નેશનલ હાઇવે પર બન્ને બાજુ ત્રણ ત્રણ લેન છે. હંમેશા મોટી ટ્રકો ફાસ્ટ લેનમાં ચાલે છે. હંમેશા વધારે અકસ્માત આપણે રોંગ સાઇડ થર્ડ લેનની બાજુમાંથી જઇએ છીએ ત્યાંથી અકસ્માત વધારે થાય છે. તો આપણે કોઇ નોટિફિકેશન દ્વારા ટ્રકો, મોટા કન્ટેનર સેકન્ડ અને થર્ડ લેનમાં ચલાવે આવું કોઇ નોટિફિકેશન આપણે લાવી શકીએ કે કેમ? વડોદરાથી સુરતનો જે કરજણનો ટોલ છે એ સીકસ લેન છે. ત્રણ નાળા એવા છે કે જે ફોરલેન છે. સૌથી વધારે અકસ્માત અહીં થાય છે. હમણાં ભરૂચ પાસે ઓછામાં ઓછા ચાર લોકો મૃત્યુ પામ્યા કારણ કે સીકસ લેનમાંથી ઓચિંતુ ટુ લેનનું નાળું આવે છે. આખી ગાડી ખાડામાં પડી. આ જો સીકસ લેન થાય તો આ અકસ્માત ઘટે.

અધ્યક્ષશ્રી : આપની માહિતીની માનનીય મંત્રીશ્રીએ નોંધ લઇ લીધી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : આપણે નેશનલ હાઇવે ઓથોરિટીને આ સંબંધમાં જાણ કરીશું.

શ્રી વિરજીભાઇ ઠુમર : મેં વાત કરી કે નેશનલ હાઇવે અને એક્સપ્રેસ હાઇવે છે તેની ઉપર બમ્પની પ્રણાલિ નથી. આપણાં કાયદામાં જોગવાઇ નથી અને છતાં બમ્પ બનાવી દીધા છે એ અંગે માનનીય મંત્રીશ્રી શું કરવા માગે છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

પહેલા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૮ના ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૩૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક)-૨-સન ૨૦૧૮નું ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૮નું માર્ગ સુરક્ષા સત્તામંડળ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે**

**ગુજરાત માર્ગ સુરક્ષા સત્તા મંડળ વિધેયક, ૨૦૧૮**

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
મંગળવાર, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું

# તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
ફાલ્ગુન ૫, ૧૯૩૯ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૭ માં ભાગ લીધેલ વિવિધ દેશ

* ૧૦૬૮ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ સમિટ યોજવામાં આવેલ હતું, તે સમિટમાં કેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, | (૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭ માં ૧૦૪ દેશોના ૨૭૩૪ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. |
| (૨) જે સમિટ દરમિયાન કેટલા પાર્ટનર દેશો હતા, અને | (૨) સમિટ દરમિયાન ૧૨ પાર્ટનર દેશો હતા. |
| (૩) આ સમિટ દરમિયાન કેટલા સેમીનાર યોજવામાં આવેલ હતા ? | (૩) આ સમિટ દરમિયાન ૨૧ સેમિનાર યોજવામાં આવેલ હતા. |

શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૭માં ક્યા કયા આંતરરાષ્ટ્રીય મહાનુભાવોએ ભાગ લીધો હતો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત આખા દેશ અને દુનિયામાં જાણીતી એક ઉદ્યોગ માટેની સમિટ છે. નેશનલ અને ઇન્ટરનેશનલ ઉદ્યોગપતિઓ આ સમિટની અંદર ભાગ લે છે. ૨૦૧૭ની સમિટની અંદર જુદા જુદા દેશના પ્રતિનિધિઓએ ભાગ લીધો છે. દા.ત. Hon'ble President of Kenya Uhuru Kenyatta, Hon'ble President of Rwanda Paul Kagame, Hon'b;e Prime Minister of Portugal, Antonio Costa, Honble Prime Minister of Serbia, આ બે પ્રાઇમ મિનિસ્ટર અને બે પ્રેસિડેન્ટ. Deputy Prime Minister of Russia, Dmitry Kozak, Deputy Prime Minister of Poland, Mr Piotr Glinski Minister of Economy Trade and Industry, Mr Hiroshige Seko, Foreign Affair Minister of Japan, Mr. Prance એ ઉપરાંત ૨૦ દેશોના પ્રતિનિધિઓ જેવા કે સ્વીડન, ઇઝરાયેલ, ડેન્માર્કના વડાપ્રધાન અને એના મંત્રીશ્રીઓ પણ આ સમિટમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ૧૫ કેન્દ્રના મંત્રીશ્રીઓ અને જુદા જુદા રાજ્યના ચીફ મિનિસ્ટરશ્રીઓ આ સમિટની અંદર હાજર રહ્યા હતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે આ ૨૦૧૭ વાઇબ્રન્ટ સમિટમાં જે મહાનુભાવોના નામનો ઉલ્લેખ કર્યો એ દરેક મહાનુભાવો કેટલા રૂપિયાનું ગુજરાતમાં રોકાણ કરીને ગયા? એ આ સન્માનનીય સભાગૃહને જણાવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સમિટની અંદર જુદા જુદા વિષયોની ચર્ચા વિચારણા થતી હોય છે. અનેક દેશો એમ.ઓ.યુ. કરતા હોય છે. મારે વિરોધપક્ષના નેતાશ્રીને ગઇ કાલનો દાખલો આપવો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે પ્રશ્નકાળ છે. પછી એ બાબતે વાત કરીશું. પત્રકાર મિત્રોને વિનંતી છે કે તેઓ શાંતિ જાળવે. આપના પ્રશ્નો માટે આદરણીય નીતિનભાઇને મેં વાત કરેલી છે. (અંતરાય) એમાં ઉભા થવાની ક્યાં જરૂર છે? તમારા બધા સભ્યો ઉભા થયા છે? ક્યાં જરૂર છે? આપના નેતા ઉભા થયા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કાંઇ કહેવાની જરૂર નથી. ગઇકાલે પત્રકાર મિત્રો મને મળ્યા છે. અધ્યક્ષશ્રીને પણ મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રીએ રાત્રે મને ફોન કરીને સૂચના આપી છે. (અંતરાય) શ્રી પરેશભાઇ, તમારે જે બોલવું હોય એ બોલો મને કોઇ વાંધો નથી. પત્રકાર મિત્રો સાથે કાલે રાત્રે વાત થઇ છે. અહીંયાં બેઠેલામાં કોઇને ખબર નથી. ગઇકાલે સાંજે ૭.૩૦ કલાકે મેં અહીં મારા સચિવ વસાવા સાથે મૂલાકાત કરી છે. પત્રકારોની રજૂઆત છે એના અંગે શું કરી શકાય એના માટે સૂચના આપી છે. અત્યારે હાઉસ ચાલુ છે. શુક્રવારે હાઉસ પૂરું થાય પછી શુક્રવાર, શનિવાર અને રવિવારે પત્રકારોની રજૂઆત સંદર્ભે જે યોગ્ય છે એનું નિરાકરણ લાવવા કહ્યું છે. પત્રકાર મિત્રો ધીરજ રાખે. કોંગ્રેસના મિત્રોએ કોઇ ઉત્સાહમાં આવી જવાની જરૂર નથી. નવું ભવન છે, નવા ભવનમાં તબક્કાવાર જે તકલીફ હશે , જે પ્રશ્નો હશે એનું નિરાકરણ કરીશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ બધા બેસી જાવ, બેસી જાવ. આ પ્રશ્ન મારો પણ છે.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી અમરીષભાઇ જી. ડેર અને માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાતે વેલ તરફ ધસી આવવા પ્રયત્ન કર્યો.)

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમાં અમારે કોઇની ભલામણની જરૂર નથી. હું પોતે સક્ષમ છું. પત્રકારો સાથે મારો નાતો છે અને પત્રકારો મારા મિત્રો છે. એમની દરેક વાત મેં ગંભીરતાથી લીધી છે. તમારે એમાં હસ્તક્ષેપ કે ચિંતા કરવાની જરૂર નથી. જે મારું કામ છે એ હું કરીશ. ( અંતરાય) હા બેસો, બેસો. અમે એના માટે બેઠા જ છીએ. હજુ ગઇ કાલે શરૂઆત થઇ છે. નાના મોટા પ્રશ્નો હોય (અંતરાય)એમ પત્રકારો તમારું નહીં છાપી દે.(અંતરાય) મેં ગઇ કાલે વાત કરી છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસી જાવ, (અંતરાય) અરે હું ઉભો છું ત્યારે તો બેસી જાવ. તમારે એમાં બધાએ ઉભા થવાની જરૂર કયાં છે? આપના નેતા ઉભા છે. (અંતરાય) આપ બેસી જાવ. આ રીતે તો બન્ને બાજુથી થશે. આપ બેસી જાવ.(અંતરાય) તમારે બેઠા બેઠા બોલવાની જરૂર નથી. વિપક્ષના નેતા બોલી રહ્યા છે. (અંતરાય) પ્લીઝ, પરેશભાઇ, આ આપને પણ ઓવરટેક કરે તો મારે શું કરવાનું? (અંતરાય) માનનીય પરેશભાઇ, આપ પણ મિત્રોને કહો, દુષ્યંતભાઇ પ્લીઝ, ( અંતરાય) આ આપણે ગલી–મહોલ્લામાં આવ્યા નથી. આપણે ગૃહમાં છીએ, શાંતિ રાખો. પ્લીઝ બધા પોતાની જગ્યા ઉપર બેસી જાવ. ( સુત્રોચ્ચાર) હું ફરી વખત વિનંતી કરુ છું આપ બધા પ્લીઝ બેસી જાવ. આપ પણ બેસી જાવ સોલંકીભાઇ, જગદીશભાઇ પ્લીઝ... (અંતરાય) આપ બેસી જાવ. બોલવું હોય તો પરવાનગી માગશો તો આપીશું. પ્લીઝ..(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : આ ગૃહમાં ૧૯૬૦થી લઇ ગુજરાતના સંસદીય ઇતિહાસમાં આજનો દિવસ એ કાળી ઘટના છે. આ પહેલો બનાવ છે કે મિડિયાના મિત્રોએ વિધાનસભાની કાર્યવાહીનો બહિષ્કાર કરવો પડે. હું આપના મારફત વિનંતી કરું છું કે અહીંયા જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતા વતી, જનતા માટે કામ કરે અને જનતા એનો પળપળનો હિસાબ રાખે એના માટે આ વિધાનસભા ગૃહની જીવંત કાર્યવાહીનું લાઇવ પ્રસારણ થવું જોઇએ. આ દેશની લોકસભા, આ દેશની રાજયસભા, દેશની અન્ય રાજયોની વિધાનસભામાં જનપ્રતિનિધિઓને જવાબદાર બનાવવા માટે જીવંત પ્રસારણ થાય છે. હું આપની પાસે અપેક્ષા રાખુ છું કે સત્તા પક્ષ કે વિપક્ષ એ જવાબદાર બને એના માટે ગુજરાતની જનતાએ ચૂંટેલા નેતાઓની (અંતરાય) પળેપળની કાર્યવાહી જો પ્રજા સમક્ષ રજૂ થશે તો બિનજરૂરી બનાવો ઘટશે.

અધ્યક્ષશ્રી : તમારો મુદ્દો ધ્યાનમાં લીધો જ છે.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર પત્રકારોને વાંધો છે એ એમને પ્રશ્નોત્તરીની ચોપડી અત્યારે મળી નથી. આ સિવાય બીજો કોઇ ત્યાં પ્રશ્ન નથી. હજી નવી વિધાનસભામાં બધા સેટ થઇ રહ્યા હશે. આ ગૃહના સંચાલનની વ્યવસ્થા માનનીય અધ્યક્ષશ્રીના ભાગમાં આવે છે એટલે આપને ત્યાંથી આ બધી વ્યવસ્થાઓ ફરી વખત જોવાઇ જાય. પ્રશ્નોત્તરીની ચોપડી મળી નથી એટલા માટે એમનો અવાજ હતો કે અમને તો આપો કે જેથી પત્રકારોને ખ્યાલ આવે કે કયા પ્રશ્નની શું ચર્ચા ચાલે છે. આ સિવાય કોઇ વાંધો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપના અધિકાર ક્ષેત્રમાં આ પ્રશ્નોત્તરીની બૂક એમને પહોંચી નથી તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ગઇ કાલે મિડિયા વિશે શું પ્રશ્ન હતો એ આ ગૃહને બતાવે. બૂક તો સવારે ૧૧ વાગ્યે મૂકવામાં આવે છે. પણ માનનીય નીતિનભાઇ ગઇકાલે મિડિયાના મિત્રો માટે શું બોલ્યા હતા એ બતાવે.

અધ્યક્ષશ્રી : આપણે બધા એવું સમજતા હતા કે બેસવાની વ્યવસ્થાનો પ્રશ્ન હતો અને એના માટે ગઇ કાલે વાત થયેલ હતી. અમને એમ લાગ્યું કે એના માટેનો આ હોબાળો છે. પણ સાચી વાત આપણા ધ્યાને આવી છે અને અત્યારે પ્રશ્ન એવો છે કે તેમને પણ ઘણી મુશ્કેલીઓ છે એનું નિરાકરણ થશે. કોઇ પ્રશ્ન ઉભો થાય તો એનું નિરાકરણ કરીશું.

શ્રી પરેશ ધાનાણી : અમારો હોબાળો નથી. હોબાળો કરવાનો અમારો મકસદ નથી. વિધાનસભાની કાર્યવાહી માટે ભૂતકાળમાં આપણે કેમેરાઓ એલાવ કરતા હતા. ગયા સત્રમાં પત્રકારોને પ્રવેશ પણ ન આપ્યો. આ વિધાનસભામાં થયેલ કાર્યવાહીથી જો ગુજરાતની પ્રજાને અવગત ન કરવામાં આવે તો લોકશાહી મરી પરવારશે. આ સત્તા પક્ષ દ્વારા લોકશાહીના ગળે ટૂંપો આપવાનો પ્રયાસ છે.

શ્રી વિજય રૂપાણી : ઓન રેકોર્ડ કહીશ કે પત્રકારોને આપણે પ્રવેશ આપતા નથી એવું નથી. એમને બે રૂમો આપેલા છે.

અધ્યક્ષશ્રી : ગૃહની મુશ્કેલી તમે સમજી શકો છો. અધ્યક્ષની મુશ્કેલી તમે સમજી શકો એમ છો. ગૃહની મુશ્કેલી એ મારી મુશ્કેલી છે. એના માટે હું દિલગીરી વ્યક્ત કરું છું. પાંચ મિનિટ મોડી પહોંચી છે પણ મહત્ત્વનો પ્રશ્નકાળ રહી જાય છે. (અંતરાય) અધ્યક્ષને જોવાનું છે. (અંતરાય) બે મિનિટ સાંભળો, શું વાત છે. આપને સહકાર આપું છું.

શ્રી પરેશ ધાનાણી : ગૃહના નેતાએ જવાબ આપ્યો છે પછી શા માટે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : મે પરમિટ કર્યા છે. કોઇ વિષય હશે. તમને પૂરી તક આપી છે. (અંતરાય) સંસદીય મંત્રી તરીકે આ બાબતમાં કંઇ ઉજાગર કરવા માગતા હોય તો પરવાનગી આપું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય વિપક્ષના નેતાશ્રી જાણે છે કે, આ પ્રશ્નોત્તરીનો કાળ એ ધારાસભ્યો માટે સૌથી અગત્યનો કાળ છે. જ્યારે એમણે પોતાની વાત કરી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીએ આના સંદર્ભમાં વિગતે વાત કરી છે ત્યારે મારે માનનીય સભાગૃહનું એ ધ્યાન દોરવાનું છે કે જ્યારે આપના દ્વારા કહેવામાં આવ્યું કે એમની જે સમસ્યા છે એનું સમાધાન થઇ જવાનું છે પછી પણ આપના કહેવા છતાં વિપક્ષના નેતા જો આ પ્રમાણેના પ્રયત્નો સભાગૃહમાં કરે તો આ તો સભાગૃહનું અપમાન છે. જૂના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. ૨૦૦૮ થી ૨૦૧૨ દરમિયાનના માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણયો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી કાળ હતો તે વખતે કેમ ભૂલી ગયા. એવું નહિ, આપણે ન્યાયની વાત કરીએ.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં એમને પરમિશન આપી છે. (અંતરાય... સૂત્રોચ્ચારો )

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપને પરમિશન આપી છે. (અંતરાય.. સતત સૂત્રોચ્ચારો ) મેં રક્ષણ આપ્યું એટલે આપને બોલવા દીધા. એટલા માટે આપને બોલવા દીધા. આપને રજૂઆત કરવા દીધી. તે વખતે પ્રશ્નોત્તરી કાળ નહોતો પરેશભાઇ? (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : આ પહેલો બનાવ છે. અમે આપના દ્વારા આપની વિનંતી સ્વીકાર્યા પછી સંસદીય મંત્રી પ્રશ્નોત્તરી કાળનો ખર્ચ કરી રહ્યાં છે માનનીય અધ્યક્ષશ્રી, આ પણ એક નવી પરંપરા ઉભી થાય છે. (અંતરાય )

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય ) મારો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : મેં એમને પરમિટ કર્યા છે.

શ્રી પરેશ ધાનાણી : પ્રશ્નોત્તરી કાળ પછી આપણે આ મુદ્દા પર ચર્ચા કરીએ (અંતરાય )

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપ બોલ્યા એટલે મારે ઉભું થવું પડ્યું. આપ પણ જાણો છો.

શ્રી પરેશ ધાનાણી : પ્રશ્નોત્તરી કાળના સમયનો ખર્ચ થયો હોય એટલું રક્ષણ આપવામાં આવે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : હું એ જ કહું છું પ્રશ્નોત્તરી કાળ હતો તેમ છતાં આપને પરમિટ કર્યા. (અંતરાય) પરમિટ કર્યા કે નહિ? (અંતરાય ) પછી આપ એમાં વિલંબ ના કરો પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સભાગૃહમાં વિપક્ષના નેતાને કહેવામાં આવ્યું કે પત્રકારોની ચિંતા થઇ રહી છે. પરંતુ કોંગ્રેસ દ્વારા એમના માનનીય ધારાસભ્યો અહીંયા વેલ સુધી આવી ગયા આ સભાગૃહને છાજે તેવું વર્તન છે? માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય )

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ( સતત અંતરાય )

અધ્યક્ષશ્રી : એ ના થઇ શકે. પણ વેલમાં. (અંતરાય) જવાહરભાઇ બેસી જાવ. મેં પરમિટ કર્યા છે. પ્લીઝ બેસી જાવ. પહેલા બેસી જાવ. બે મિનિટ બેસી જાવ. પ્લીઝ આપ પણ બેસી જાવ. પ્રશ્નોત્તરી કાળમાં વેલમાં ધસી આવવાનું ના હોય. એટલે આપણે બધા જ જો શાંતિ જાળવીશું તો જ પ્રશ્નોત્તરી કાળની અગત્યતા છે એ જળવાશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮ થી ૨૦૧૨ માં આપેલા નિર્ણયોમાં પત્રકારોની ગેરહાજરીના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં માનનીય અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના અંગે અધ્યક્ષ કોઇ દરમ્યાનગીરી કરી શકે નહિ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં એમને પરમિટ કર્યા છે. એમને બોલવા દો. તમે એકવાર વાત સાંભળી લો. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અશોકભાઇ ભટ્ટે નિર્ણય કર્યો છે કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં એમને પરમિટ કર્યા છે. આપને પણ પરમિટ કરેલા. (અંતરાય) આપને પણ પ્રશ્નકાળમાં મેં પરમિટ કર્યા તો પછી એમને પણ સંસદીય મંત્રી તરીકે, કોઇ વેલમાં ધસી આવે એ કઇ રીતે વાજબી છે. પ્લીઝ, બેસી જાવ. વેલમાં તમે ધસી આવો તે તો પરમિટ થાય જ નહિ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપના દ્વારા વિપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો.

અધ્યક્ષશ્રી : એ સાંભળો તો ખરા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમાં બહુ સ્પષ્ટ લખ્યું છે માનનીય અધ્યક્ષશ્રી, એ નિર્ણયનું હું વાચન કરું છું. આપણે પત્રકાર ગેલેરી છે. બીજી કોઇ ગેલેરી માટે આ સભાગૃહની અંદર પ્રશ્ન ઉપસ્થિત થવા દેતા નથી માનનીય અધ્યક્ષશ્રી અને આજે પ્રશ્ન થયો છે કે પત્રકાર મિત્રો માટે એક અલગ ગેલેરીની વ્યવસ્થા કરવામાં આવી છે એમાં એમણે ક્યારે આવવું, ક્યારે જવું એ એમનો સ્વતંત્ર અધિકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, હાજર ના રહેવા બાબતે પત્રકારો દ્વારા (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં એમને પરમિટ કર્યા છે. પરમિટ કર્યા એટલે (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપશ્રીને કોઇ અધિકૃત જાણ કરવામાં નથી આવી.

અધ્યક્ષશ્રી : આદરણીય પ્રદિપસિંહજી

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હા, માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપની વાત ધ્યાનમાં લીધી અને ચોક્કસપણે પત્રકાર મિત્રોએ ક્યારે આવવું, ક્યારે જવું એમના અધિકારની વાત છે અને મેં ક્લેરિફિકેશન કર્યુ અને ગૃહના નેતાશ્રીએ પણ ક્લેરિફિકેશન કર્યુ છે. બંને બાબતોનું સમાધાન થયું છે. પ્રશ્નકાળમાં વેલમાં ધસી આવે એ હું ફરીવાર નહિ ચલાવી લઉં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ફરીવાર કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રતાપભાઇ, સાવરકુંડલાના માનનીય સભાસદ વેલમાં ધસી આવેલા એમને તાકીદ કરું છું કે ફરીવાર તેમ નહિ કરશો પ્લીઝ. અમરીષભાઇ ડેરને પણ તાકીદ કરું છું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાએ જે સવાલ પૂછ્યો કે દેશો કેટલું મૂડીરોકાણ કરે છે? યુઝવલી (અંતરાય)

## ફાલ્ગુન ૫, ૧૯૩૯ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને સ્પેસીફીક પ્રશ્ન છે કે આપે જે નામોનો ઉલ્લેખ કર્યો એ લોકોએ વ્યકતિગત ગુજરાતમાં વાઇબ્રન્ટ મહોત્સવની અંદર કેટલું રોકાણ કર્યું?, કેટલા રૂપિયાનું રોકાણ કર્યું?

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મારો વિરોધ પક્ષના નેતાને સ્પષ્ટપણે જવાબ છે એમનો પ્રશ્ન છે કે જે દેશોના પ્રતિનિધિઓ આવ્યા હતા એ ડેલીગેશનો લઇને આવ્યા હોય અને એ ડેલીગેશનોની અંદર ઉદ્યોગકારો આવ્યા હોય અને એ ઉદ્યોગકારો જોડે આઇ.એમ. કરવામાં આવે. દેશોની વચ્ચે કરારો કરવામાં આવે અને ગઇકાલે કેનેડાના દેશના પ્રતિનિધિ આવ્યા હતા એ કેનેડાના પ્રતિનિધિએ આપણા ગુજરાતની જોડે એગ્રીમેન્ટ કર્યો હતો કે આપણે એક લેબોરેટરી અહીંયા ખોલવી છે તો ગઇકાલે હાઇપાવર્ડ કન્ડકટરની દેશની અને દુનિયાની પહેલી હાઇપાવર લેબ ફોરેન્સીકની અંદર ખાતમૂહુર્ત કરવામાં આવ્યું અને એ કેનેડાના કરારના આધારે કરવામાં આવ્યું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જવાબ શું આપવો એ મંત્રીના અધિકારની બાબત છે. આમાં ખર્ચની બાબત જ ઉપસ્થિત નથી થતી.

શ્રી સૌરભ પટેલ : વિરોધ પક્ષના નેતા મારો જવાબ પૂરો થાય એ પહેલા ઉભા થાય છે મારે એમને વિનંતી કરવાની કે તમે પ્રશ્ન ક્રમાંક–૧ બરાબર વાંચો એની અંદર લખ્યું છે કે કેટલા દેશોના પ્રતિનિધિઓ, કેટલા પાર્ટનર દેશો અને કેટલા સેમિનારો, કોઇ જગ્યાએ એમ.ઓ.યુ. કે એના વિશે પ્રશ્ન પૂછયો નથી એટલે માત્ર આપ આ વિષયમાં પૂછો.

અધ્યક્ષશ્રી : મેં કીધું કે પ્રશ્ન નથી આવતો. ખર્ચનો પ્રશ્ન નથી આમાં. ઇન્વેસ્ટમેન્ટ કે ખર્ચનો પ્રશ્ન નથી.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું રાજય સરકારને અભિનંદન આપવા માગું છું કે વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આજે દુનિયાના અલગ અલગ ખૂણા સુધી ગુજરાતની પ્રસિદ્ધિ કરાવી. વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૭ દરમિયાન ગ્લોબલ ટ્રેડ શો યોજવાનો હેતુ શું હતો? આ કાર્યક્રમમાં કેટલી કંપનીઓએ ભાગ લીધો તથા કયા સેકટરના કેટલા પેવેલિયનો ઉભા કરવામાં આવ્યા હતા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોવા જઇએ તો આની અંદર દરેક દેશ પોતપોતાની તાકાત શું છે એ વિશે પણ માહિતી આપતા હોય છે. દા.ત. આ સમિટની અંદર ૧૩ પેવેલિયનો ઉભા કરવામાં આવ્યા હતા. એક પેવેલિયન માત્ર ફોરેન ગવર્મેન્ટનું હતું . એટલે જે દેશોએ ભાગ લેવો હતો એ દેશો એમના વ્યવસાય કે એમને ત્યાં શું ચાલી રહ્યું છે એની સંપૂર્ણપણે માહિતી આપે. બીજું, ઓટોમોબાઇલ એ આપણી તાકાત છે એટલે ઓટોમોબાઇલ માટે આપણી તાકાતનું ઇન્ડસ્ટ્રીનું એક એકઝીબીશન પેવેલિયન મૂકયું. ત્રીજું સ્કીલ અને એજયુકેશનનું હતું. ચોથું એન્જિનીયરીંગ અને મેન્યુફેકચરીંગ આપણી તાકાત છે એ છે. બીજું, આપણા પ્રધાન મંત્રીશ્રી અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચરની વાતો કરે છે અને ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ આવવાનું છે એટલે અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર માટેનું હતું. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરની કોસ્ટલાઇન છે એના માટે કોર્સ મરીન માટેનું પેવેલિયન હતું. સ્ટાર્ટઅપ અને આર એન્ડ ડી. આજની તારીખમાં આખા દેશ અને દુનિયામાં ખૂબ મોટું ચાલે છે એટલે મોટીમોટી સંસ્થાઓ વિશેનું એક પેવેલિયન મૂકયું હતું. કેમિકલ્સ, પેટ્રોલિયમ, ઓઇલ એન્ડ ગેસ એ આપણી તાકાત છે એનું પેવેલિયન હતું. હેલ્થ કેર ફાર્માનું એક હતું. ડીફેન્સ અને એરોસ્પેસનું હતું. એન્વાયર્મેન્ટ પાવર અને રીન્યુએબલનું હતું. પબ્લિક સેકટર યુનિટ્સ અને ગવર્મેન્ટ ટુરીઝમનું હતું અને વિમેન એન્ટરપ્રિન્યોર્સ અને એમ.એસ.એમ.ઇ.નું એમ કરીને ૧૩ પેવેલિયન આની અંદર દોઢ લાખ સ્કવેર કિલોમીટરની અંદર ૧૦૦૦ નેશનલ અને ઇન્ટરનેશનલ કંપનીઓનું આ મેગા એકઝીબીશન ગોઠવવામાં આવ્યું હતું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટની વાત આવે એટલે વધારે, વિશેષ આનંદ મને એટલા માટે થાય છે કે આજના વડાપ્રધાન અને એ વખતના તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની જે વિચારધારા હતી કે ગુજરાતને પ્રગતિશીલ કરવું, વિકાસશીલ કરવું અને વાઇબ્રન્ટને ગુજરાતની અંદર પ્રસ્થાપિત કર્યું ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૭માં કેટલા કન્ટ્રી સેમિનાર થયા? અને કેટલા રાજયમાં સેમિનાર યોજવામાં આવ્યા?

શ્રી સૌરભ પટેલ : ડિસ્કર્સન ઓફ નોલેજ અને શેરિંગ ઓફ નોલેજ. આ વાઇબ્રન્ટનો ખૂબ મોટો ભાગ હોય છે. એટલે દુનિયાના દેશો પોત પોતાના સેમિનાર ગોઠવતા હોય છે. દા.ત. ફ્રાન્સે ૧૬ કન્ટ્રી સેમિનાર આપ્યા. શેના આપ્યા? એમના દેશમાં એમની શું તાકાત છે. કોઇ આપણને મદદ કરી શકે છે. આપણે તેમને મદદ કરી શકીએ. અને કેવી રીતે વેપાર વધે તે માટે સેમિનાર કરવામાં આવે છે. ફ્રાન્સ, યુ.એ.ઇ., યુનાઇટેડ સ્ટેટ, ઓસ્ટ્રેલિયા, સ્વીડન,પોલેન્ડ, નેધરલેન્ડ, યુ.કે., કેનેડા, રશિયા, રુવાન્ડા, સાઉદી અરેબિયા, જાપાન, ઇઝરાયલ, ડેન્માર્ક, ઇન્ડો આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એટલે આફ્રિકન દેશોએ આ પ્રકારના ૧૬ જેટલા સેમિનાર થયા. આ ઉપરાંત સ્ટેટ સેમિનાર ઓર્ગેનાઇઝ થાય છે. એમાં જુદા જુદા રાજ્યો અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ એ લોકોએ પણ સેમિનારમાં ભાગ ભજવ્યો હતો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાઇબ્રન્ટ જ્યારે ગુજરાતની ઓળખ બની ચૂકી છે. ૧૦૦ થી વધુ વિદેશના લોકો અને ૧૨૭થી વધુ પ્રતિનિધિ હતા. ત્યારે ગુજરાત તરફ લોકો આકર્ષાઇ રહ્યા છે, ત્યારે પાર્ટનર દેશોની જ્યારે લાઇનો લાગી છે તેની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે? અને ૨૦૧૭ માં કયા દેશો એ પાર્ટનર દેશ અને પાર્ટનર ઓર્ગેનાઇઝેશન તરીકે જોડાયા હતા?

શ્રી સૌરભ પટેલ : ઘણા વખત પહેલેથી તૈયારી ચાલતી હોય છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : વચ્ચે ઉભા થઇને કોમેન્ટ ન કરશો. વિરજીભાઇ આપને કહું છું.

શ્રી સૌરભ પટેલ : ઘણા બધા આપણે અહીયાથી ઇન્ટરનેશનલ ડેલિગેશન મોકલીએ છીએ. આ ઇન્ટરનેશનલ (અંતરાય) આપ જરા શાંતિ રાખો. નવા સભ્યોને જાણવા મળશે કે વાઇબ્રન્ટની તાકાત કેટલી છે? ઇન્ટરનેશનલ ડેલિગેશન મોકલવામાં આવે છે એની અંદર આપણા ઉદ્યોગકારો જુદા જુદા દેશમાં આપણા અધિકારીઓ જોડે જતા હોય છે. ઓસ્ટ્રેલિયા,

ઈઝરાયલ, યુ.કે., રશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, ઓમાન, યુ.એ.ઈ.,જાપાન, સાઉથ કોરિયા, કેનેડા, યુ.એસ.એ, સાઉથ આફ્રિકા, કેન્યા, ફ્રાન્સ, જર્મની, સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, સીંગાપુર, તાઇવાન, ચાઇના અને હોંગકોંગ આમ ૧૨ ડેલિગેશન આપણે અહીંયાથી મોકલ્યા હતા. તેની અંદર આખુ પ્રતિનિધિ હતું ત્યાં જઇને જુદા જુદા દેશના ઉદ્યોગકારોને મળે છે. દેશના પ્રતિનિધિઓને મળે છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી વધારે લાંબો જવાબ છે?

શ્રી સૌરભ પટેલ :પૂરો થઇ ગયો. એ પ્રમાણે અમે ડેલિગેશન સેક્ટર સિલેક્ટ કરીએ છીએ અને લાભ થાય એ પ્રમાણે ગોઠવણ કરીએ છીએ.

વડોદરા અને નર્મદા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૧૮૯ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લા/શહેરમાં કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો જથ્થો પકડાયો, અને | (૧) સામેલ પત્રક-૧ મુજબ. |
| (૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની કિંમત કેટલી છે ? | (૨) સામેલ પત્રક-૨ મુજબ. |

પત્રક-૧

| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | |
|---|---|---|---|
| જિલ્લા / શહેર | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| વડોદરા ગ્રામ્ય | ૧૭૬૭૪૨ | ૧૨૧૨૧૭ | ૨૩૯૪૫ |
| વડોદરા શહેર | ૪૧૨૮૦ | ૩૮૮૮૧ | ૪૮૪૨૯ |
| નર્મદા જિલ્લો (શહેર સહિત) | ૨૩૩૯૭ | ૩૪૬૯૦ | ૭૯૧૯ |
| રાજપીપળા શહેર | ૯૩૫૨ | ૧૪૭૧૦ | ૩૯૬૬ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | | | |
| જિલ્લા / શહેર | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| વડોદરા ગ્રામ્ય | ૨૭૧૬૨૨ | ૮૧૭૪૪ | ૧૨૧૧૫ |
| વડોદરા શહેર | ૨૦૨૯૮૧<br>૨૮૯ (પાઉચ)<br>૧૦ લીટર (ઇંગ્લીશ પ્રવાહી) | ૧૬૧૮૬ | ૩૧૧૮૯ |
| નર્મદા જિલ્લો (શહેર સહિત) | ૧૦૬૭૪ | ૭૯૬૬ | ૩૩૧૮ |
| રાજપીપળા શહેર | ૨૫૨૮ | ૧૧૦૦ | ૧૧૫૩ |

પત્રક-૨

| વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયરની કિંમત (રૂપિયા) | દેશી દારૂની કિંમત (રૂપિયા) |
|---|---|---|
| ૧૨,૪૭,૮૯,૧૨૫/- | ૩,૦૫,૦૦,૮૩૫/- | ૨૫,૪૩,૦૧૦/- |

શ્રી પરેશ ધાનાણી : આ ૧૦ માં પ્રશ્નમાં એમાં •(×××) એટલે અડધો કલાક પેલામાં સરકારે લીધો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ વિપક્ષના નેતા બંધ થાય પછી ચાલુ કરું.

શ્રી પરેશ ધાનાણી : અમે ચાલુ જ રહેવાના બાપુ.

અધ્યક્ષશ્રી : હવે આપ નેતા થયા છો. *(×××).

શ્રી જશપાલસિંહ મ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકાર દ્વારા એવા કોઇ આદેશ થયેલા છે કે પોલીસ સ્ટેશનની હદમાંથી દારૂ પકડાય તે પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તે વાત સાચી છે? જો હા તો આ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ આપેલ જવાબ પ્રમાણે વડોદરા શહેર, વડોદરા જિલ્લા અને નર્મદા તે ત્રણેય જગ્યાએ દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયરમાં વ્યાપક પ્રમાણમાં પોલીસ તંત્રને સફળતા મળી છે. એના પહેલા હું કહેવા માગું છું કે (અંતરાય) પછી મને રાજકીય જવાબ આપતા આવડે છે. તમારી તૈયારી હોય તો એ રીતે ચર્ચા કરવા માટે હું ખુલ્લો પડકાર ફેકું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ આઘાત અને પ્રત્યાઘાત સરખા હોય છે. આઘાત અને પ્રત્યાઘાત સરખા હોય છે. આદરણીય પરેશભાઇ આ તો વિજ્ઞાનનો નિયમ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પરેશભાઇ નકકી કરો જવાબ કઇ રીતે જોઇએ છે. રાજકીય રીતે જોઇએ છે તો રાજકીય રીતે આપવા તૈયાર છું. સૌથી પહેલાં હું ગૃહનું ધ્યાન દોરું કે, આ માનનીય ધારાસભ્યશ્રી જે પાદરાથી આવે છે તે પાદરાની અંદર ત્યાંના સ્થાનિક પોલીસતંત્ર અને અમારી સ્ટેટ મોનિટરીંગ સમિતિ દ્વારા દારૂબંધી સામે અને માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયના શાસકની નિયતના આધારે નીતિ નકકી કરતા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રબળ રાજકીય ઇચ્છાશકિતના આધાર ઉપર દારૂબંધી સામે કડકમાં કડક કાયદો કર્યો છે. જે દારૂ પકડયો છે તેમાં ભૂતકાળની અંદર કયારેય પણ આટલો દારૂ ગુજરાતના ઇતિહાસની અંદર નથી પકડાયો. (અંતરાય) મારે સ્પેસિફિક પ્રશ્નમાં તમે જે રાજકીય ક્રોસટોક કરો છો તેની સ્પષ્ટતા કરવી સૌથી પહેલી આવશ્યક છે. પાદરામાં સંજયભાઇ રાવજીભાઇ સોલંકી પાદરા કોંગ્રેસના શહેર પ્રમુખ, મેં પહેલાં જ કહ્યું હતું અને હજું આ ઘણું છે. તમે કહો તો શરૂ કરું. તમે કહો તો આટલું રાખું. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે ઉડતા પંજાબની અંદર જમીન પર લાવ્યા હતા અને આ તો ઝૂમતા ગુજરાતની વાત ચાલે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમે આખા દેશમાં સાફ થઇ ગયા છો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ તો સિનિયર મંત્રી છો. તેમણે બહુ સ્પષ્ટ વાત કરી છે. કોઇ રાજકીય અવલોકનો વગર આપશ્રીને પૂછયું કે આ પકડાય તો તેની સામે શું જવાબદારી નકકી થવી જોઇએ. કમસેકમ નવા સભ્યશ્રીએ આ રીતે પૂછયું છે તો કમસેકમ સિનિયર મંત્રીશ્રીએ મુદ્દાસર જવાબ આપવો જોઇએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આના સંદર્ભમાં જે હદ, વિસ્તાર એટલે કે પોલીસ સ્ટેશનની અંદરથી દારૂ પકડાય તે જિલ્લાના પ્રશાસન દ્વારા અને સ્ટેટ મોનિટરીંગ કમિટીના માધ્યમથી જે રેડ થાય તેમાં રાજયના મુખ્ય ડી.જી.પી. દ્વારા તેનો અહેવાલ મંગાવવામાં આવે છે. તેના માધ્યમથી અત્યાર સુધીમાં ૬ જેટલા પોલીસ ઇન્સપેકટરો અને મારી પાસે ત્રણેય રેન્જના એટલે કે નર્મદા શહેર, વડોદરા શહેર અને વડોદરા ગ્રામ્યના સંયુકત આંકડા છે. ૬ જેટલા પોલીસ ઇન્સ્પેકટરો ઉપર પગલાં લેવામાં આવ્યા છે. ૯ પોલીસ સબ ઇન્સપેકટર ઉપર પગલાં લેવામાં આવ્યા છે. ૫(પાંચ) એ.એસ.આઇ. ઉપર પગલાં લેવામાં આવ્યા છે. ૫(પાંચ) હેડ કોન્સ્ટેબલ ઉપર પગલાં લેવામાં આવ્યા છે. ૨૬ પોલીસ કોન્સ્ટેબલ ઉપર પગલાં લેવામાં આવ્યા છે. ૪ લોકરક્ષક એમ કુલ ૪૯ પોલીસ કોન્સ્ટેબલથી ઉચ્ચ અધિકારીઓ સામે પગલાં લેવામાં આવ્યા છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છુ કે વડોદરા શહેર અને જિલ્લા તથા નર્મદા શહેરની અંદર પ્રોહીબીશનના ગુનામાં કેટલા વાહનો પકડાયા છે અને તેની કિંમત કેટલી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ આ રાજય સરકારે માત્ર દારૂ પકડીને સંતોષ નહીં માનતા તે દારૂના ઉત્પાદન, દારૂનું વેચાણ કે હેરાફેરીના સંદર્ભમાં જે વાહન હોય તેના માટે ભૂતકાળની અંદર કાયદામાં પ્રોવીઝન ન હતું. આ રાજય સરકારે નકકી કર્યુ કે આવા કોઇપણ વાહન પકડાશે તે વાહનને અમે રાજયસાત કરીશું. જેના આધાર ઉપર અત્યાર સુધીમાં વડોદરા શહેરમાં ૫૩૬ જેટલા વાહનો પકડાયા છે. વડોદરા ગ્રામ્યમાં ૫૨૧ જેટલા વાહનો પકડાયા છે અને નર્મદામાં ૮૮ જેટલા વાહનો પકડાયા છે. આમ કુલ ૧૧૪૫ વાહનો પકડાયા છે. જેની કિંમત ૩૫ કરોડ ૬૩ લાખ ૫૭ હજાર ૫૦૦ રૂપિયા છે અને માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયમાં ૧૦,૫૩૮ કરતા વધુ વાહનો ગુજરાતના પોલીસ તંત્રએ ગુજરાતમાં દારુબંધીના કડક અમલ માટે પકડ્યા છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત જાણવું છે કે, માનનીય ગૃહ મંત્રીશ્રીએ હમણા જવાબ આપ્યો કે અમે કોન્સ્ટેબલ, પી.એસ.આઇ. પી.આઇ. સામે પગલાં લીધા છે. તો મારે જાણવું છે કે, કેવા પ્રકારના પગલાં લીધા છે? અને બીજું ગુજરાતમાં દારુબંધીની નીતિ સફળ થઇ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમના બે પ્રશ્નો છે. એક પ્રશ્ન છે કે કેવા પ્રકારની શિક્ષા કરી છે? હવે એ પ્રશ્નનો જવાબ લાંબો છે અને એમણે માગ્યો છે તો હું ચોક્કસ આપીશ. (અંતરાય) માનનીય ધારાસભ્યશ્રીએ માગ્યો છે અને એની માહિતી મારી પાસે છે તો હું ચોક્કસ જવાબ આપીશ અને માનનીય ધારાસભ્યશ્રીને જવાબ આપવો એ મારી જવાબદારી છે. રોકડ દંડની શિક્ષા ૯ પોલીસ સબ ઇન્સ્પેક્ટરને, ૫ એ.એસ.આઇ.ને, ૫ હેડ કોન્સ્ટેબલને, ૨૬ પોલીસ કોન્સ્ટેબલને અને ૪ લોક રક્ષકને કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય જુદી જુદી વર્ગની શિક્ષાઓ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમનો બીજો પ્રશ્ન હતો દારુબંધી, આ દારુનું દૂષણ છે એની વાત કરું તો મહાત્મા ગાંધીજી પણ આ દૂષણ સામે લડતા હતા. માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્ય મંત્રી બન્યા બાદ ગૃહ મંત્રી તરીકે મને જો કોઇ પહેલું કામ સોપ્યું હોય તો આ રાજયની અંદર નશાબંધીની કડકમાં કડક નીતિનો કાયદો બનાવવાનું અને એનો કડક રીતે અમલ કરવાનું છે. આ એજ મુખ્ય મંત્રી છે કે, જેણે પોતે દારુબંધીના કડક અમલ માટે રાજયના તમામ ડી.આઇ.જી.થી ઉપરના ઉચ્ચકક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને બોલાવીને રાજય સરકારની આ નીતિ છે અને આમાં સખ્તાઇને કડકાઇ કરવા માટેની અપિલ કરી. આ રાજયમાં સ્ટેટ મોનિટરીંગ કમિટી દ્વારા ભૂતકાળની અંદર ક્યારેય ન થયા હોય એટલા અત્યાર સુધીમાં સ્ટેટ મોનિટરીંગ કમિટી દ્વારા ૨૬ કરોડ કરતા વધારે રૂપિયાનો દારુ પકડાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દારુના દૈત્યની જેમ તમે ચિંતા કરો છો એમ અમે પણ ચિંતા કરીએ છીએ કારણ કે કેટલીય બહેનો અકાળે વિધવા થાય છે, કેટલાય લોકો શારીરિક રીતે હરતી ફરતી લાશની જેમ પોતાનું જીવન ગુજરાતા હોય છે અને આ

દારુના કારણે અકસ્માતો થાય છે ત્યારે આ સરકારનું કમિટમેન્ટ છે કે, દારુબંધીના કારણે ગુજરાતની પ્રજાના સ્વાસ્થ્ય અને એના જીવન સાથે ચેડા કોઇ પણ કાળે ચલાવી લેવા માગતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ દારુબંધીની નીતિ સફળ બનાવવા માટે અને દારુબંધીનું અમારું કમિટમેન્ટ પૂરું કરવા માટે રાજ્ય સરકાર કટ્ટિબદ્ધ છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એક મહિલા તરીકે હું આ સંવેદનશીલ સરકારને અભિનંદન આપુ છું અને આભાર વ્યક્ત કરું છું કે, દારુબંધી અને નશાબંધીનો કાયદો લાવીને બહેનોના પરિવારનું અને એમના જીવનનું સ્તર સુધાર્યું છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે રાજ્ય સરકાર દ્વારા નશાબંધીના કાયદામાં નવો શું સુધારો કરવામાં આવ્યો છે? પોલીસ ખાતા દ્વારા વ્યસન મુક્તિ માટે જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં આવે છે કે કેમ? તેમજ વડોદરા શહેર, જિલ્લા તથા નર્મદા જિલ્લામાં મહિલા બૂટલેગરોને અન્ય વ્યવસાયલક્ષી તાલિમ આપવામાં આવે છે કે કેમ? અને તેમાં શું નવો સુધારો થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેમાં હા, દારુબંધી માટે કડકમાં કડક કાયદો બનાવવામાં આવ્યો છે અને આ નવા કાયદામાં દારુનું ઉત્પાદન, દારુનું વેચાણ કે દારુની હેરાફેરી કરનારને દસ વરસ સુધીની અને ૫ લાખ રૂપિયાનો દંડની જોગવાઇ કરવામાં આવી છે. કોઇ દારૂ પીને છાકટો બનીને ફરતો હોય, એના માટે ભૂતકાળમાં એને માત્ર એકજ વરસની સજા હતી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ એક વરસથી વધારીને ત્રણ વરસની સજા કરવાની જોગવાઇ કરી છે, જેના કારણે દારૂ પીને છાકટા થઇને ફરતા લોકો આજે સમાજની અંદર ઘટ્યા છે. કોઇ દારૂનું પીઠું ખોલે એને બે હજાર રૂપિયાનો દંડ અને ત્રણ વરસ સુધીની સજા હતી, પણ રાજ્ય સરકારે આ નવા કાયદામાં દારૂનું પીઠું ખોલે એને સાત વરસ કરતાં ઓછી નહિ અને એક લાખ રૂપિયાની દંડની જોગવાઇ કરવામાં આવી છે, આના જનજાગૃતિના કાર્યક્રમો, માત્ર આમાં કાયદો બનાવીને છોડી નથી દીધું, આમાં સમાજમાં આના માટેની જાગૃતિ આવે એના માટે પણ સરકારે પ્રયાસો કર્યા છે. જનજાગૃતિના ત્રણ હજાર જેટલા કાર્યક્રમ થયા. વ્યસન મુક્તિના માધ્યમથી સમાજની અંદર જાગૃતિ આવે એના માટે ૧૫૦૦ જેટલા કાર્યક્રમો થયા છે. આનાથી અટક્યા નથી. કોઇ વરસોથી દારૂના વ્યવસાય સાથે સંકળાયેલો હોય એના ઉપર કેસ કરીએ, પછી એને સમજાવીએ કે દારૂનો વ્યવસાય બંધ કરે અને જો દારૂનો વ્યવસાય બંધ કરે તો એને વ્યવસાયલક્ષી તાલીમ આપીને એ પોતાની જાતે સ્વ-રોજગારી મેળવી શકે એના માટેના પ્રયાસો પણ હાથ પર લીધા છે.

અમરેલી અને પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીના કેસ

* ૧૦૬ શ્રી અમરીષભાઇ ડેર (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી અને પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષથી વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજ ચોરીના ઇસમો સમયસર ઉક્ત રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| | |
|---|---|
| અમરેલી | રૂ.૧૦૯૯.૭૫ લાખ |
| પંચમહાલ | રૂ.૧૭૨૧.૫૨ લાખ |

(૨)

| એક વર્ષથી (રૂ.લાખમાં) | બે વર્ષથી (રૂ.લાખમાં) | ત્રણ વર્ષથી (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૯૨૨.૨૬ | ૬૪૭.૨૮ | ૧૨૫૧.૭૩ |

(૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહીતની તમામ ન્યાયીક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની થતી હોય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : (અંતરાય) શેની?, શું પરંપરા કરી? (અંતરાય) હું આપને નેઇમ કરીશ? આપને નેઇમ કરીશ, આ યોગ્ય નથી, આ યોગ્ય નથી. તમારા નેતાએ કહ્યું છે પ્રશ્નનોત્તરીનો થોડો સમય ગયો છે, આપ આપની જગ્યાએ બેસો પ્લીઝ, આપ આપની જગ્યાએ બેસો, આપ આપની જગ્યાએ બેસો અલ્પેશભાઇ, વિરોધપક્ષના નેતાશ્રી આપ સમજાવો એમને, આ જે જિલ્લાનો પ્રશ્ન હતો એમને પૂછવા દીધા છે. એ આપને ખ્યાલ નથી. આપ નવા છો આપને ખ્યાલ નથી. આપના જિલ્લાનો પ્રશ્ન આવશે ત્યારે આપને પણ તક મળશે. પરેશભાઇ, નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૩.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી,

(આ તબક્કે માનનીય સભ્યશ્રી અલ્પેશ ઠાકોર દ્વારા "બંધ કરો", "બંધ કરો"ના સુત્રોચ્ચાર કરવામાં આવ્યા)

અધ્યક્ષશ્રી : (અંતરાય) અલ્પેશભાઇ તમે વચ્ચે આવીને ફરીવાર બોલશો તો હું, ફરીવાર આપને કહુ છું અલ્પેશભાઇ, હું ખરેખર તમને નેઇમ કરીશ આજે. (અંતરાય) (આ તબક્કે સુત્રોચ્ચાર ચાલુ રહ્યા) અલ્પેશભાઇ, આજની બેઠક સુધી આપને સસ્પેન્ડ કરવામાં આવે છે. (અંતરાય) ચાર વાર કીધા પછી આવું કરે? હવે નહિ, આ ખોટી વાત છે, આદરણીય પરેશભાઇ આપનું પણ સાંભળતા નથી તેઓ, મેં એમને ચારવાર કહ્યું છે, ના, ના, એ ના ચાલે, અધ્યક્ષની સામે બોલે, કારણ વિના બોલે અને મેં આપને કહ્યું આપ એમને સમજાવો, તમે એને સમજાવ્યા, સમજાવ્યા પછી બેઠાં પછી આવું બોલે એ ના ચલાવી લેવાય. હું નહિ ચલાવી લઉં. મંત્રીશ્રી જવાબ આપો. (અંતરાય)સવાલ પુછ્યો જ નથી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, આપના જણાવ્યા મુજબ અમારા અમરેલી જિલ્લાની અંદર અંદાજે ૧૧ કરોડ રૂપિયા જેટલી ખનિજ ચોરીની રકમ વસૂલવાની બાકી છે. તો

મહેરબાની કરીને જણાવો કે આવા કયા ઇસમો છે કે જેની પાસે કેટલી દંડની રકમ હજુ વસૂલવાની બાકી છે ? મારો બીજો પ્રશ્ન છે કે આવા જે ઇસમો છે તેની પાસેથી રકમ વસૂલ કરવા માટે સરકારે શું પગલાં લીધા ? અને જો હજુ નથી થયુ તો તેમાં સરકાર શું કરવા માગે છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ પણ નવા સભ્યશ્રીની ભૂલ થતી હોય તો મારું ધ્યાન દોરો આપે સીધુ કહેવાની જરૂર નથી અધ્યક્ષ આ તરફ બેસે છે હું તમામને કહું છું, આપ સૌને કહું છું બન્ને પક્ષે આ થાય નહીં તેવી વિનંતી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૫૦ કેસો અમરેલી જિલ્લાની અંદર ત્રણ વર્ષના છે (અંતરાય ) અરે, ભાઇ સાંભળો તો ખરાં આમાં...

અધ્યક્ષશ્રી : પ્લીઝ..પ્લીઝ નિરંજનભાઇ, આપ સિનિયર થઇને જો બોલો તો એ તો તમારા કરતાં જુનિયર છે.

શ્રી નિરંજન પુ. પટેલ : સાહેબ, તે બોલે પછી અમે શું કરીએ અમે થોડી બંગડી પહેરી છે.

અધ્યક્ષશ્રી : બહેનો સિવાય કોઇ બંગડી નથી પહેરતું, અમારી બહેનો હવે કડુ પણ પહેરે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જિલ્લામાં કેટલાં કેસો છે તો મારે તેમનું ધ્યાન દોરવાનું છે કે, અમરેલી જિલ્લામાં ૫૦ કેસો છે અને ૧૦.૯૯ કરોડ રૂપિયાના બાકી લેણાં નીકળે છે. તેની અંદર ૫ માઇનીંગના છે, ૪૫ ટ્રાન્સપોર્ટના છે એમ કરીને કુલ ૫૦ કેસો છે. મારી પાસે પચાસે પચાસ કેસોની જુદી જુદી વિગતો છે પરંતુ તે જો કરવા જઇશું તો ઘણો સમય જશે એટલે બ્રોડ તેમણે જે કહ્યું દરેક કેસની અંદર જુદા જુદા સ્ટેજની અંદર આ ચાલી રહ્યું છે. કોઇક જગ્યાએ નોટિસ આપેલી છે, કોઇક જગ્યાએ નોટિસ આપ્યા પછી ઓર્ડર થયેલો છે. કોઇક જગ્યાએ ઓર્ડર આવ્યો હોય અને એમને અપીલમાં એડિશનલ ડાયરેકટર પાસે ગયા હોય, કોઇ જગ્યાએ એડિશનલ ડાયરેકટરે રિમાન્ડ પર મૂકેલ હોય, આવી જુદી જુદી કોઇક જગ્યાએ મેજોરીંગ ચાલતું હોય આવા પચાસ કેસો છે એ પચાસે પચાસ કેસો જુદા જુદા સ્ટેજ ઉપર બાકી છે અને બને એટલું ઝડપથી આ પચાસે પચાસ કેસોનો નિકાલ આવે તેના માટે સરકાર પ્રયત્ન કરશે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી લીઝ અપાયેલ છે તથા છેલ્લાં બે વર્ષમાં તેમાંથી તાલુકાવાર કેટલી આવક થયેલ છે ? બીજો પ્રશ્ન છે પંચમહાલ જિલ્લામાં મંજૂર થયેલ લીઝોમાંથી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા મેટ્રીકટન ખનિજનું ઉત્પાદન થયુ છે ? ત્રીજો પ્રશ્ન એ છે કે, પંચમહાલ જિલ્લામાં કયા મુખ્ય ગૌણ ખનિજો મળી આવે છે તથા ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ જુદા જુદા ખનિજોની કેટલી લીઝો આપેલ છે ?

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જાગૃત ધારાસભ્યશ્રીની બધીજ માહિતી આપવા માટે હું તૈયાર છું મેજર મિનરલ્સમાં એક લીઝ છે મેંગેનીઝની, માઇનોર મિનરલ્સમાં બ્લેકટ્રેપની ૮૦, ગ્રેવલની ૨, કોગ્સની ૬, રેતીની ૧૨૦, બિલ્ડીંગ લેન્ડ સ્ટોનની ૧, સિલિકા સેન્ડની ૧ એમ કરીને ૨૧૨ લીઝ કુલ પંચમહાલની અંદર આવી છે. એમણે જે વાત કરી તાલુકાવાર માહિતીની, હાલોલમાં ૨૦ લીઝની આવક ૨૦૧૭માં ૨૬૮ લાખ હતી, ગોધરામાં ૧૦૭ લીઝની આવક ૨૮ લાખ હતી, કાલોલમાં ૨૮ લીઝની આવક ૧૫૦ હતી, ઘોઘંબામાં ૧૨ લીઝની આવક ૫૨ લાખ હતી, મોરવા-હડફમાં ૪૫ લીઝની આવક ૮૨ લાખ હતી, શહેરામાં ૩૬ લીઝની આવક ૨૬૦ લાખ હતી, સંતરામપુર, લુણાવાડામાં કોઇ લીઝ નથી. જાંબુઘોડાની અંદર ૧ લીઝની આવક ૪૪ લાખ હતી, જે લીઝની ડિટેઇલ આપેલ છે. એમણે કહ્યું કે કેટલું કેટલું પ્રોડક્શન નીકળ્યું છે તો હાલોલની અંદર ૩ લાખ ૧૩ હજાર, ગોધરાની અંદર ૨૫ લાખ ૪૨ હજાર, ઘોઘંબાની અંદર ૫ લાખ ૪૭ હજાર, કાલોલમાં ૧ લાખ ૯૩ હજાર, મોરવા હડફમાં ૭૯ હજાર, શહેરામાં ૧ લાખ ૯૨ હજાર એમ કરીને કુલ ૩૩ લાખ ૭૬ હજાર ૯૩૩ મેટ્રીક ટનનું ઉત્પાદન થયું છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે, ૫૦ લોકો પાસે અમરેલી જિલ્લામાં જુદા-જુદા કારણોસર રકમ વસૂલવાની બાકી છે. તો મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવાનું કે અમરેલી અને પંચમહાલ જિલ્લામાં જે રકમ વસૂલવાની બાકી છે એનો આંકડો આપ્યો છે તો એ બંને જિલ્લામાં જે ઇસમો પાસેથી રકમ વસૂલવાની બાકી છે. તે ક્યા-ક્યા તબક્કે છે એની સંપૂર્ણ માહિતી વિધાનસભાના ટેબલ ઉપર મૂકવામાં આવે.

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ કેસ આના છે અને ૧૦ કેસો બીજા છે. એમ કરીને ૬૦ કેસો થાય. આવી રીતે ૬૦ કેસો વિધાનસભાના ટેબલ પર મૂકવાના ન હોય.

અધ્યક્ષશ્રી : મારા ટેબલ પર ભરાવો કરવો જ નથી. જેટલી પણ લીઝની માહિતી આપની પાસે છે એ આપો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : જેટલી પણ માહિતી હોય એ વિધાનસભાના ટેબલ ઉપર મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : અરે ભાઇ આ પ્રણાલિકા નથી. આપ ઇચ્છો એવું જ થાય એ જરૂરી નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માહિતી મેળવવાનો અમારો અધિકાર છે.

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : આ ૫૦ લીઝ છે એમાંથી કોઇ ચોક્કસ લીઝની માહિતી જોઇતી હોય તો એ મારી પાસે આવે હું એમને ચોક્કસ માહિતી આપી દઇશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારો માહિતી માગવાનો અધિકાર છે તો એ ટેબલ પર મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : એ એમણે જવાબ આપી દીધો. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : એમને માહિતી જોઇતી હોય તો હું આપવાની ચાલુ કરું.

અધ્યક્ષશ્રી : આપ મંત્રીશ્રી ઉપર એવું દબાણ ન કરી શકો કે એ માહિતી આપે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માહિતી મેળવવાનો મારો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : એ ટેબલ પર મૂકાવાનો અધિકાર નથી.

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : મારી પાસે માહિતી ન હોય તો ટેબલ પર મૂકાય પણ મારી પાસે તો માહિતી છે તો ટેબલ પર મૂકવાનો વિષય જ નથી આવતો.

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ આપ સમજો છો. આપ સીનિયર પણ છો તો પછી હવે બેસી જાવ. આપને બેસવા વિનંતી કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માહિતી મેળવવાનો મારો અધિકાર છે. આથી હું સરકારને વિનંતી કરું છું કે, ૫૦–૫૦ ઇસમોની માહિતિ ટેબલ પર મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી મૌખિક જવાબ આપવા માગે છે. પૂંજાભાઇ બેસી જાવ. આપના જ સભાસદોનો સમય જાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : •(×××)

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : આવી રીતે ન બોલાય ભાઇ. આ ભાષા અહિં ના વપરાય.

અધ્યક્ષશ્રી : તમારા આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. તમે કોઇને એવું ગાઇડ ન કરી શકો. આપ જે રીતે બોલ્યા છો એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. (અંતરાય) આર.ટી.આઇ.માં માગી લેજો ભાઇ. (અંતરાય) મંત્રીશ્રી આપવા માગતા હોય તો મૌખિક જવાબ આપે. માનનીય મંત્રીશ્રી જવાબ આપવા માગે છે અને મૌખિક જવાબ આપે છે અને એવું કોઇ ફરજિયાત ન હોઇ શકે. (અંતરાય) આપનો સમય જાય છે. આપના તરફથી નથી જળવાતો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સાહેબ, હું આપનું રક્ષણ માગું છું.

અધ્યક્ષશ્રી : મેં રક્ષણ આપ્યું છે અને આપને જવાબ જોઇતો હોય તો માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. માનનીય પુંજાભાઇ, આપ ઇચ્છો એ રીતે જવાબ ન હોઇ શકે, આપ ઇચ્છો છો એ રીતે જવાબ ટેબલ ઉપર મૂકવાનું ફરજિયાત હોય એવું ન હોઇ શકે. કોઇ વાતનો જવાબ માનનીય મંત્રીશ્રી ન આપતા હોય તો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી જવાબ તો આપે છે. ના, એ કોઇ ફરજિયાત ન હોઇ શકે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : કોઇપણ સભ્યશ્રી ટેબલ ઉપર મૂકવા માટેની વિનંતી કરી શકે છે.

અધ્યક્ષશ્રી : વિનંતી કરી શકે છે પણ જવાબ ન હોય તો વિનંતી કરી શકે છે. આદરણીય પરેશભાઇ, વિપક્ષના નેતાશ્રીને આપ પહેલાં થોડું સાંભળો. વિપક્ષના નેતાશ્રી આપનું ધ્યાન દોરે છે. પ્લીઝ, હું વિનંતી કરું આપને, પરેશભાઇ હું આપને વિનંતી કરું છું.

શ્રી પરેશ ધાનાણી( વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ પરંપરા બરાબર ઉભી નથી થતી.

અધ્યક્ષશ્રી : હું એ જ કહું છું.

શ્રી પરેશ ધાનાણી : તારાંકિત પ્રશ્નોત્તરીના ત્રીજા નંબરના પ્રશ્નમાં એક કલાક જતો હોય અને માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીનો અવાજ છે એને સરકારે સકારાત્મક રીતે લેવો જોઇએ.

અધ્યક્ષશ્રી : જવાબ આપ્યો છે અને માનનીય મંત્રીશ્રી જવાબ આપવા માટે તૈયાર છે.

શ્રી પરેશ ધાનાણી : સરકારના માનનીય મંત્રીશ્રીઓ પાસે એનો વિસ્તૃત જવાબ અને માહિતીઓ આપવા માટે થઇને એમની પાસે સરકારી કામકાજનો સમય છે, એ સિવાય વિભાગની માગણીઓ છે.

શ્રી વિજય રૂપાણી (માનનીય મુખ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇ જે જવાબ માગે છે એ મારી સરકાર આપવા તૈયાર છે, પણ સવાલ એ છે કે તેઓશ્રી એમ કહે છે કે, બધી વાત ટેબલ ઉપર મૂકો એવો કોઇ પ્રણાલિકામાં નિયમ હોય તો ચોક્કસ આપ બતાવો તો મારી સરકાર મૂકવા માટે તૈયાર છે, પરંતુ તમે વિનંતી કરો છો. મારા મંત્રીશ્રી કહે છે કે, હું આખો જવાબ વાંચી જાઉં, તમારે કોઇ સ્પેસિફિક કંઇક જોઇતું હોય તો એ આપું પણ આટલા બધા પાના ટેબલ ઉપર મૂકવા એ વાજબી નથી.

અધ્યક્ષશ્રી : એ વાત હું પણ સ્વીકારતો નથી અને એવી ખોટી પ્રણાલિકા આપણે પાડવા માગતા નથી. ચાલો, માનનીય પુંજાભાઇ, ઘણું થયું. આપનો પ્રશ્ન કહો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પેસિફિક સવાલ છે. રાજુલા અને જાફરાબાદમાં, અમરેલી જિલ્લા આખાની વાત નહીં પણ જાફરાબાદ અને રાજુલામાં જેટલા ઇસમો પાસેથી જેટલી રકમ વસુલ કરવાની થાય છે એ વિધાનસભાના ટેબલ ઉપર મૂકવામાં આવે, સમય બધુ ન થાય એટલા માટે મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપવા માટે તૈયાર છોને?

શ્રી સૌરભ પટેલ : હા, હું આપું છું. જવાબ આપવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : તો આપ જવાબ આપો. એ સાંભળે કે ના સાંભળે એ પછી તમારે થોડું જોવાનું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજુલાની અંદર જે માઇનીંગનો વિષય છે એ blackleadનો બક્સી ગામની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદર પહેલું મનીષાબેન કાંબલીયાને ત્યાં ચેકિંગ કરવામાં આવ્યું હતું અને આનું જે ચેકિંગ ઇન્સ્પેક્સન તા. ૨૦.૨.૨૦૧૬ ટીમ ઓફ અમરેલી ડિસ્ટ્રિક્ટ ત્યાં ગઇ હતી અને ત્રણ લાખ અગિયાર હજાર છસો ચોર્યાસી મેટ્રિક ટન blacklead ઈલીગલી આઉટ સાઇડ ધ લીઝ એરિયાનું ત્યાં પડયું હોય એવું જોવામાં આવ્યું હતું એટલે એ દિવસથી ૨૫/૨ થી એમને રોયલ્ટી પાસ આપવાનું બંધ કર્યું છે. શો–કોઝ નોટિસ કાઢી છે અને એના પ્રમાણમાં એને ૬ કરોડ ૧૭ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. એના કારણે એમનો રિપ્લાય આવ્યો છે કે એ ઈલીગલ કામ હતું નહીં. અને એમણે જવાબ આપ્યો છે. આજની તારીખમાં અમે ફરીથી DLIR માં મેજરમેન્ટ કરાવવાની અરજી કરેલી હતી કે મારું મેજરમેન્ટ બરાબર નથી એટલે પ્રાયોરિટી બેઝ ઉપર ડિસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ એની તપાસણી કરે છે અને વહેલામાં વહેલી તપાસણી પૂર્ણ થાય એટલે આપણે એને ઓર્ડર આપી દઇશું. બીજો એક કેસ છે અમરેલીની અંદર ઘાલકોટડી ગામની અંદર, આ તો રાજુલાના ધારાસભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નનો જવાબ છે.

એટલે ખાસ કરીને બધા હું વાંચી જાઉં છું. ભવાની સ્ટોન ક્રસર, બાબરા તાલુકામાં આવેલ છે અને એ બાબરા તાલુકામાં ઈલીગલી વીસ હજાર...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

કરાઈ ખાતે પોલીસ તાલીમ

* ૧૧૧૮ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતેની પોલીસ તાલીમ અકાદમીમાં પોલીસ કર્મચારી/અધિકારીઓને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓ/ અધિકારીઓને તાલીમ આપવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કરાઈ ખાતેની તાલીમ અકાદમીમાં પોલીસ કર્મચારી/અધિકારીઓને મુખ્યત્વે નીચે મુજબની તાલીમ આપવામાં આવે છે.

(૧) ના.પો.અધિ. થી પો.સ.ઈ. તથા લોકરક્ષકોને બેઝીક તાલીમ.
(૨) રીફ્રેશરની તાલીમ.
(૩) જુદા જુદા વિષયો ઉપર સેમિનાર તથા વર્કશોપ.
(૪) બુનિયાદી કમાન્ડો તાલીમ.
(૫) ફેર અભ્યાસ કમાન્ડો તાલીમ.
(૬) બોમ્બ ડીસ્પોઝલ એન્ડ ડીટેકશન સ્કોર્ડ (બી.ડી.ડી.એસ.) તાલીમ.
(૭) જુદા જુદા વિષયો ઉપર કેપ્સુલ કોર્ષ મુજબની તાલીમ.
(૮) સાયબર ક્રાઈમને લગતી તાલીમ.
(૯) કોમ્પ્યુટરની પાયાની તાલીમ.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨૭૧૦/– પોલીસ કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે.

---------

આણંદ જિલ્લા તથા અમદાવાદ જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો

* ૨૮૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૨૬–૧–૨૦૧૮ ની સ્થિતિએ આણંદ જિલ્લો તથા અમદાવાદ શહેર તથા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, લૂંટ, ધાડ, છેડતી, બળાત્કાર, ખૂન, મહિલા અત્યાચાર અને રાયોટીંગના કેટલા ગુના નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ગુનામાં ગુનેગારોને પકડવામાં આવ્યા, અને કેટલા ગુનેગારો પકડવાના બાકી છે?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) તે પૈકી ૬૪૯૯ ગુનામાં ૧૬૨૧૩ ગુનેગારોને પકડવામાં આવ્યા અને ૫૪૫ ગુનેગારોને પકડવાના બાકી છે.

પત્રક

| જિલ્લો | ચોરી | લૂંટ | ધાડ | છેડતી | બળાત્કાર | ખૂન | મહિલા અત્યાચાર | રાયોટીંગ |
|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ જિલ્લો | ૫૮૩ | ૬૪ | ૩૩ | ૯૯ | ૪૨ | ૩૯ | ૪૬૮ | ૧૨૦ |
| અમદાવાદ શહેર | ૫૬૬૯ | ૩૮૦ | ૨૫ | ૩૫૩ | ૨૬૩ | ૧૮૮ | ૧૪૮૧ | ૨૬૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૫૬ | ૩૭ | ૧૫ | ૪૭ | ૪૩ | ૪૮ | ૨૩૫ | ૫૯ |

---------

ગુજરાત મેગેઝીનનું ખાનગી પ્રેસમાં છાપકામ

* ૧૮૬ શ્રી કાન્તિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ માહિતી કમિશ્નરની કચેરી દ્વારા પ્રકાશિત થતું ગુજરાત મેગેઝીન ખાનગી પ્રેસમાં છાપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત મેગેઝીન ક્યા ખાનગી પ્રેસમાં છાપવામાં આવે છે, અને

(૨) ઇ-ટેન્ડરીંગથી પારદર્શક પ્રક્રિયા દ્વારા એલ-૧ ના દરે નીચેના મુદ્રકો પાસે મુદ્રણ કરાવવામાં આવે છે.
(અ) સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ.
(બ) ગુજરાત ઓફસેટ, અમદાવાદ.

(૩) તે પેટે ખાનગી પ્રેસને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩)

| વર્ષ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ગુજરાત ઓફસેટ, અમદાવાદ |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ.૭,૮૪,૪૬,૩૫૫/- | — |
| ૨૦૧૭ | રૂ.૪,૭૪,૬૧,૫૩૬/- | રૂ.૨,૦૦,૦૭,૦૭૩/- |

---------

રાજ્યની પ્રયોગશાળામાં ખનિજનું પૃથ્થકરણ

* ૧૦૯૦ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં ખાતાની પ્રયોગશાળામાં ખનિજના નમૂનાનું કેટલા પ્રકારનું પૃથ્થકરણ કરવામાં આવે છે, અને

(૧) ૦૪ (ચાર).

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખનીજ નમૂનાઓનું પૃથ્થકરણની કેટલી આવક થઇ ?

(૨)

| વર્ષ | આવક (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૬ | ૯.૭૨ |
| ૨૦૧૭ | ૯.૦૩ |

---------

માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ પ્રકાશનો

* ૧૦૭૭ શ્રીમતિ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસલક્ષી-યોજનાકીય બાબતોના માહિતી ખાતા દ્વારા કોઇ પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, અને

(૧) જી, હા.

(૨) જો હા, તો કેટલા પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે?

(૨) વિકાસલક્ષી અને યોજનાકીય કુલ ૧૬ પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

---------

બનાસકાંઠા જિલ્લાને ફાળવેલ રેતી રોયલ્ટીના હિસ્સાની રકમ

* ૧૧૪૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી,

(૧) રૂ.૧૬.૨૨ કરોડ.

(૨) તે પૈકી કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ઉક્ત જિલ્લાને ચૂકવવામાં આવી છે, અને

(૨) રૂ.૧૦.૬૬ કરોડ.

(૩) બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૩) જેમ બને તેમ જલદી.

---------

થાનગઢ ખાતે પોલીસ ફાયરીંગના તપાસ પંચનો અહેવાલ

* ૧૩૦ શ્રી સોમાભાઈ કોળીપટેલ (લીંબડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા

(૧) હા, જી.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

દલિતો પર થયેલા ફાયરીંગની તપાસ કરવા માટેના તપાસ પંચે ગૃહ વિભાગને તા.૧–૫–૨૦૧૩ ના રોજ અહેવાલ સુપ્રત કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મળેલ અહેવાલ અન્વયે સરકારે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ શું પગલાં લીધાં ? — (૨) અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

---------

### રાજ્યમાં આઇ.એ.એસ. નું મહેકમ

* ૨૪૬ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા આઇ.એ.એસ. અધિકારીઓની જગ્યા મંજૂર થયેલ છે, | (૧) ૨૯૭. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૫૦. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગુજરાત કેડરના કેટલા આઇ.એ.એસ. અધિકારીઓ રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે ? | (૩) ૧૯. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં સાદી રેતી ખનિજ બ્લોકની હરાજી

* ૧૦૫૭ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ – ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા સાદી રેતી ખનિજના બ્લોકની હરાજી કરવામાં આવી, અને | (૧) ૩૧. |
| (૨) ઉક્ત હરાજીથી સરકારને કેટલી આવક થયેલ છે ? | (૨) રૂ. ૬૮.૬૦ લાખ. |

---------

### મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૧૮ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક–૧ મુજબ. |
| (૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક–૨ મુજબ. |
| (૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ? | (૩) |

| જિલ્લા/શહેર | ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| મહેસાણા જિલ્લો (શહેર સહિત) | ૧૭૨૪ | ૧૫૫ |
| મહેસાણા શહેર | ૨૬૪ | ૧૭ |
| પંચમહાલ જિલ્લો (શહેર સહિત) | ૮૪૭ | ૧૭૫ |
| ગોધરા શહેર | ૨૨૩ | ૨૭ |

પત્રક–૧

| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
| મહેસાણા | ૯૦ | ૨૭ | ૩૨ | ૫૩૪ | ૨૫ | ૧૨૭ | ૧૩૮ | ૨૬૧ |
| પંચમહાલ | ૦૮ | ૨૯ | ૦૫ | ૧૩૨ | ૧૯ | ૬૮ | ૯૫ | ૭૭ |

| તા. ૦૧/૦૧/૨૦૧૭ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
| મહેસાણા | ૭૧ | ૩૩ | ૩૨ | ૫૦૯ | ૨૨ | ૧૨૭ | ૧૦૦ | ૧૬૮ |
| પંચમહાલ | ૧૨ | ૩૨ | ૦૫ | ૨૩૫ | ૧૩ | ૭૯ | ૯૧ | ૮૫ |

પત્રક–૨

| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૬ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
| મહેસાણા જિલ્લો (શહેર સહિત) | ૪૮ | ૨૬ | ૩૦ | ૧૯૨ | ૨૫ | ૧૧૯ | ૧૩૮ | ૫૧ |
| મહેસાણા શહેર | ૧૧ | ૩ | ૬ | ૨૫ | ૪ | ૧૧ | ૧૮ | ૯ |
| પંચમહાલ જિલ્લો (શહેર સહિત) | ૭ | ૨૮ | ૫ | ૫૭ | ૧૮ | ૬૬ | ૯૫ | ૪૦ |
| ગોધરા શહેર | ૨ | ૩ | ૦ | ૨૦ | ૪ | ૩ | ૫ | ૨૨ |
| તા. ૦૧/૦૧/૨૦૧૭ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ | | | | | | | | |
| જિલ્લો/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
| મહેસાણા જિલ્લો (શહેર સહિત) | ૪૪ | ૩૦ | ૨૯ | ૧૫૮ | ૨૧ | ૧૦૮ | ૧૦૦ | ૨૯ |
| મહેસાણા શહેર | ૮ | ૩ | ૩ | ૩૩ | ૧ | ૬ | ૧૬ | ૭ |
| પંચમહાલ જિલ્લો (શહેર સહિત) | ૧૧ | ૩૧ | ૫ | ૧૨૩ | ૧૩ | ૭૭ | ૯૧ | ૩૨ |
| ગોધરા શહેર | ૪ | ૧ | ૦ | ૪૨ | ૨ | ૭ | ૪ | ૨૦ |

---------

ઘોઘા–દહેજ ફેરી સેવામાં ઉદ્‌ઘાટન પાછળ ખર્ચ

* ૨૭૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ઘોઘા–દહેજ ફેરી બોટ સેવા ચાલુ છે કે કેમ, અને | (૧) ઘોઘા–દહેજ પેસેન્જર ફેરી સેવા ચાલુ છે. |
| (૨) જો ના, તો આ સેવા કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૨) વાહનો હેરફેરની સુવિધા માર્ચ–૨૦૧૮ સુધીમાં શરૂ કરવાનું આયોજન છે. |

---------

સાયન્સ સીટી ફેઝ–૨ ના વિકાસ માટે ભારત સરકારમાં રજુઆત

* ૧૬૩ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સાયન્સ સીટી ફેઝ–૨ ના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર–૨૦૧૪ માં સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારને દરખાસ્ત/રજૂઆત કરવામાં આવી હતી, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, હોય તો તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્યારે શા પ્રતિભાવ મળ્યા અને રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રયાસો કર્યા ? | (૨) તારીખઃ ૧૨/૦૧/૨૦૧૭ થી માનનીય મંત્રીશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અને અર્થ સાયન્સ, ભારત સરકાર તરફથી, ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા ભવિષ્ય માટે પરીયોજના તરીકે ટેકો આપવાનું ચાલુ રાખશે, તદઉપરાંત ભારત સરકાર તરફથી પ્રોજેક્ટ બેઝ અને નવીન અભિગમ ધરાવતી પહેલ માટે સહાય આપવામાં આવશે તેમ જણાવેલ છે.<br>• વધુમાં, સાંસ્કૃતિક મંત્રાલય ભારત સરકારના તારીખઃ ૦૯/૦૮/૨૦૧૭ થી સાયન્સ સીટીની યોજના અંગેની સુધારેલ માર્ગદર્શીકા પ્રમાણે દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે.<br>• ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી |

વિભાગના મંત્રીશ્રી સાથે ગુજરાતના મંત્રીશ્રીઓના પ્રતિનિધિ મંડળ દ્વારા ઓક્ટોબર–૨૦૧૬ માં મુલાકાત લેવામાં આવી હતી અને સહાય માટે રજૂઆત કરવામાં આવી.

- માનનીય મુખ્યમંત્રીશ્રીએ તારીખ ૧૭/૧૨/૨૦૧૬ ના રોજ માનનીય મંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ભારત સરકારને પત્ર પાઠવી વિનંતી કરેલ છે.
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગએ તા. ૦૬–૦૨–૨૦૧૮ના રોજ ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ કલ્ચરને નવી બનનારી સ્પેસ સાયન્સ અને એસ્ટ્રોનોમી ગેલેરી માટે રૂ. ૫૦ કરોડની સહાય ફાળવવા દરખાસ્ત કરેલ છે.

---------

અમરેલી જિલ્લામાં મંજૂર લીઝ

* ૮૦ શ્રી વિરજીભાઈ ઠુમર (લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી ક્યા પ્રકારની લીઝો ક્યારથી મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી વખત કઇ લીઝો પર સ્થળ તપાસ કરી અને કેટલા લીઝ ધારકોની ક્યા પ્રકારની ગેરરીતિઓ પકડાઇ, અને

જવાબ

(૧)

| તાલુકો | મંજૂર લીઝની સંખ્યા અને પ્રકાર | | મંજૂર તારીખ |
|---|---|---|---|
| | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | |
| સાવરકુંડલા | ૦ | ૦૧ | ૧૪–૧૨–૧૬ |
| બાબરા | ૦ | ૦૫ | ૪–૨–૧૬<br>૨૬–૬–૧૬<br>૧૦–૮–૧૬<br>૧૦–૮–૧૬<br>૨૦–૬–૧૭ |
| રાજૂલા | ૦ | ૦૪ | ૧૦–૨–૧૬<br>૧૦–૨–૧૬<br>૩૦–૩–૧૬<br>૧૨–૧૦–૧૭ |
| ખાંભા | ૦ | ૦૧ | ૨૬–૯–૧૭ |
| જાફરાબાદ | ૦૩ | ૦ | ૮–૧–૧૭<br>૮–૧–૧૭<br>૧૦–૧–૧૭ |

અન્ય તાલુકામાં કોઇ લીઝ ફાળવેલ નથી.

(૨)

| વર્ષ | લીઝ ધારકનું નામ | ગામ | સ્થળ તપાસણીની સંખ્યા | ગેરરીતિની વિગત |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | શ્રધ્ધા એન્ટરપ્રાઇઝ | કુંડલીયાળા | ૦૧ | બિન અધિકૃત ખનન |
| ૨૦૧૬ | સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ | દોલતી | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | મહેશગીરી એચ. ગોસ્વામી | દોલતી | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૬ | જય નાગનાથ ટ્રેડીંગ કું. | થોરડી | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | વાલીબેન એન. ભાટુ | નાગેશ્રી | ૦૧ | બિન અધિકૃત ખનન |
| ૨૦૧૭ | મધુભાઇ એન. શિયાળ | હીંડોરાણા | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | મે.રોયલ સ્ટોન ક્રશર | મસુંદડા (નાના મોટા) | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | ઉમા ક્વોરી વર્કર્સ | ઉંટવડ | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | ઉમા ક્વોરી વર્કર્સ | ઉંટવડ | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | હરગોવિંદ ઝેડ હરીપરા | ઉંટવડ | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | જયભારત ક્વોરી વર્કર્સ | ઉંટવડ | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |
| ૨૦૧૭ | હર ભોલે સ્ટોન ક્વોરી | ઉંટવડ | ૦૧ | કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી |

(૩) ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે

(૩) ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકોને નોટીસ આપવામાં

| | |
|---|---|
| શી કાર્યવાહી કરી ? | આવેલ છે અને નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

---------

અમદાવાદ શહેરમાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૧૧૩ શ્રી જગદીશ પંચાલ (નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) ૧ (એક). |

---------

ભાવનગર અને બોટાદ જિલ્લામાં બળાત્કાર તથા ખૂનના કિસ્સા

* ૨૭૪ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્न / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને બોટાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની મહિલાઓ ઉપર બળાત્કાર તથા ખૂનના કેટલા ગુન્હાઓ પોલીસ સ્ટેશનવાર નોંધાયા છે,

(૧) ભાવનગર

| પોલીસ સ્ટેશન | બળાત્કાર | ખુન |
|---|---|---|
| તળાજા | ૦૧ | ૦૧ |
| પાલીતાણા ટાઉન | ૦૧ | ૦૦ |
| બોરતળાવ | ૦૧ | ૦૧ |
| પાલીતાણા રૂરલ | ૦૦ | ૦૧ |
| નિલમબાગ | ૦૧ | ૦૦ |
| બગદાણા | ૦૧ | ૦૦ |
| ઉમરાળા | ૦૧ | ૦૦ |

બોટાદ

| પોલીસ સ્ટેશન | બળાત્કાર | ખુન |
|---|---|---|
| પાળીયાદ | ૦૧ | ૦૦ |
| ગઢડા | ૦૧ | ૦૦ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા ગુન્હેગારો સામે પગલા લેવામાં આવેલ છે, અને | (૨) ૧૭ |
| (૩) કેટલા ગુન્હાઓની તપાસ બાકી છે ? | (૩) એકપણ નહી. |

---------

બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે સહાય યોજના

* ૧૦૮૫ શ્રીમતિ સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે સહાય આપવા માટે કોઇ યોજના બનાવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં છે, અને | (૨) ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન દ્વારા સંશોધન સહાય યોજના (રિસર્ચ સપોર્ટ સ્કીમ) ૨૦૦૬થી અમલમાં મુકવામાં આવી છે. |
| (૩) આ યોજના અંતર્ગત સહાય આપવા માટેની શું વ્યવસ્થા આપવામાં આવેલ છે ? | (૩) રાજ્યમાં વિવિધ ક્ષેત્રોની સમસ્યાઓ અને તેના બાયોટેકનોલોજી આધારિત ઉકેલ માટે રિસર્ચ સપોર્ટ સ્કીમ શરૂ કરવામાં આવી છે. જે હેઠળ રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોને રીસર્ચ પ્રોજેક્ટસ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.<br>• રાજ્યની સમસ્યાઓને ધ્યાને લઇને તેમજ વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત સાથે પરામર્શ બાદ એગ્રીકલ્ચર |

બાયોટેક્નોલોજી, એનિમલ બાયોટેકનોલોજી, ફાર્મા અને હેલ્થકેર બાયોટેકનોલોજી, એન્વાયરમેન્ટલ બાયોટેક્નોલોજી તેમજ મરીન બાયોટેકનોલોજી ક્ષેત્રમાં રીસર્ચ પ્રપોઝલ્સ મંગાવવામાં આવે છે.

- આ યોજના અંતર્ગત યુનિવર્સિટીઓ અને કોલેજો તેમજ સંશોધન સંસ્થાઓ પાસેથી અરજીઓ ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશનની વેબસાઇટ પર ઓનલાઇન મંગાવવામાં આવે છે.
- અગાઉ વર્ષમાં એકજ વખત રીસર્ચ પ્રપોઝલ્સ મંગાવવા આવતી હતી. પરંતુ હવે રાજ્યના સંશોધકો વર્ષ દરમિયાન કોઈપણ સમયે રીસર્ચ પ્રપોઝલ્સ રજૂ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

વડોદરા જિલ્લામાં આવાસોને વહીવટી મંજુરી

* ૧૦૭૯ શ્રી કેતનભાઈ ઇનામદાર (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૧) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૧૧૨ આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવી, અને |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ જિલ્લામાં કેટલા લાભાર્થીઓના આવાસ પૂર્ણ થયા ? | (૨) વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના ૧૫૯૬ આવાસો પ્રગતિ હેઠળ છે. તેમજ ડભોઈ નગરપાલિકાના ૫૧૬ આવાસો વર્ક ઓર્ડર આપવાની પ્રક્રીયા હેઠળ છે. |

---------

વડોદરા શહેરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૧૧૦૩ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' ની તાલીમ આપવામા આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૬૫૫૬. |

---------

''વંદે ગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત પ્રસારણ

* ૧૦૮૪ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારશ્રીના ''વંદેગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત નવીન શરૂ થયેલ ૧૬ ચેનલો દ્વારા કયા પ્રકારના કાર્યક્રમોનું પ્રસારણ કરવામા આવે છે, | (૧) સરકારશ્રીના ''વંદેગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત નવીન શરૂ થયેલ ૧૬ ચેનલો દ્વારા દૂરવર્તી શિક્ષણ, કૌશલ્ય વર્ધન, મહિલા સશક્તિકરણ, આરોગ્ય, વિભાગીય તાલીમ અને વિસ્તરણ, માર્ગદર્શન, કોમ્પ્યુટરની તાલીમ, કૃષિ અને પશુપાલન, જાગૃતતા, સ્વચ્છતા અભિયાનને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. |
| (૨) આ ચેનલો પરથી દરરોજ કેટલા કલાકનું પ્રસારણ કરવામાં આવે છે, | (૨) આ ચેનલો ઉપરથી દરરોજ પ્રતિ ચેનલ કુલ ૨૪X૭ કલાકનું પ્રસારણ કરવામાં આવે છે. |
| (૩) ''વંદે ગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત ચાલતી આ ૧૬ ચેનલો કોને કોને ફાળવવામાં આવેલ છે, અને | (૩) ''વંદેગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત ચાલતી આ ૧૬ ચેનલો નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.<br>– શિક્ષણ વિભાગ-૧૨ ચેનલો<br>– શ્રમ અને રોજગાર વિભાગ–૧ ચેનલ |

– આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ–૧ ચેનલ
– કૃષિ અને સહકાર વિભાગ, ગૃહ વિભાગ–૧ ચેનલ
– રાજ્ય સરકારના તમામ વિભાગીય તાલીમ કાર્યક્રમો માટે–૧ ચેનલ.

(૪) કયા પ્રકારના કાર્યક્રમોનું પ્રસારણ થાય છે ?

(૪) દૂરવર્તી શિક્ષણ, કૌશલ્ય વર્ધન, મહિલા સશક્તિકરણ, આરોગ્ય, વિભાગીય તાલીમ અને વિસ્તરણ, માર્ગદર્શન, કોમ્પ્યુટરની તાલીમ, કૃષિ અને પશુપાલન, જાગૃતતા, સ્વચ્છતા અભિયાનને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

---------

અમરેલી અને બોટાદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૧૩ શ્રી જે. વી. કાકડીયા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને બોટાદ જિલ્લામાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા,

(૧) પત્રક–૧

(૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૨) પત્રક–૨

(૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

(૩)

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૭૫૮ | ૩૫૬ |
| અમરેલી શહેર | ૭૯ | ૬૩ |
| બોટાદ જિલ્લો (શહેર સહિત) | ૪૭૬ | ૧૩૪ |
| બોટાદ શહેર | ૧૮૪ | ૫૯ |

પત્રક–૧

તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬

| જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૨૦ | ૧૮ | ૦૪ | ૯૮ | ૧૨ | ૭૧ | ૨૪ | ૮૧ |
| બોટાદ | ૦૬ | ૧૦ | ૦૨ | ૯૨ | ૧૦ | ૩૯ | ૦૫ | ૪૬ |

તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭

| જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૨૭ | ૧૭ | ૦૨ | ૧૩૪ | ૧૭ | ૭૯ | ૧૫ | ૯૮ |
| બોટાદ | ૦૧ | ૧૪ | ૦૦ | ૬૦ | ૦૮ | ૩૨ | ૦૫ | ૩૦ |

પત્રક–૨

તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૧૬ | ૧૪ | ૦૪ | ૪૫ | ૧૦ | ૬૮ | ૨૧ | ૪૬ |
| અમરેલી શહેર | ૧ | ૧ | ૧ | ૧૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૫ |
| બોટાદ જિલ્લો (શહેર સહિત) | ૦૬ | ૧૦ | ૦૨ | ૪૭ | ૧૦ | ૩૭ | ૦૫ | ૧૭ |
| બોટાદ શહેર | ૦૫ | ૦૩ | ૦૧ | ૨૮ | ૦૧ | ૧૮ | ૦૪ | ૦૪ |

તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ |
|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | | ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૨૧ | ૧૭ | ૦૨ | ૫૪ | ૧૭ | ૭૭ | ૧૫ | ૨૩ |
| અમરેલી શહેર | ૦૧ | ૦૧ | ૦૦ | ૧૦ | ૦૩ | ૦૫ | ૦૩ | ૦૭ |
| બોટાદ જિલ્લો (શહેર સહિત) | ૦૧ | ૧૩ | ૦૦ | ૪૧ | ૦૮ | ૩૧ | ૦૫ | ૦૮ |
| બોટાદ શહેર | ૦૧ | ૦૬ | ૦૦ | ૨૩ | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૧ |

---------

વડોદરા જિલ્લાને, માર્ગોની જાળવણી માટે ફાળવેલ રકમ

* ૧૦૮૯ શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ખાણ–ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા ૦૨(બે) વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| અ.નં. | વર્ષ | ફાળવણી કરેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૩.૦૦ |
| ૨ | ૨૦૧૭ | ૧૦.૩૭ |

---------

રા.અ.પો.દળ. જુથ–૧૭, જામનગરની આરોગ્ય ચકાસણી

* ૧૧૧૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રા.અ.પો.દળ. જૂથ–૧૭, જામનગર યુનિટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૭૨૫.

---------

સરકારી ઉત્સવો/કાર્યક્રમોની જાહેરાત પાછળ ખર્ચ

* ૨૯૦ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવો અને કાર્યક્રમોની જાહેરાતો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવોની જાહેરાતો પાછળ કોઇ ખર્ચ કરવામાં આવ્યો નથી. પરંતુ સરકારી કાર્યક્રમોની જાહેરાતો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | (રૂપિયા લાખમાં) |
|---|---|
| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | (અ) ઇલેક્ટ્રોનીક મીડીયા– રૂ.૫.૨૩ કરોડ<br>(બ) પ્રિન્ટ મીડીયા – રૂ.૭.૫૦ કરોડ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | (અ) ઇલેક્ટ્રોનીક મીડીયા– રૂ.૩.૦૫ કરોડ<br>(બ) પ્રિન્ટ મીડીયા –રૂ.૫.૩૧ કરોડ |

---------

સાયન્સ સીટી ફેઝ–૨ના વિકાસ માટે ભારત સરકારમાં રજુઆત

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૧૦૮ શ્રી સુરેશભાઈ પટેલ (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સાયન્સ સીટી ફેઝ–૨ના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર–૨૦૧૪માં સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારને દરખાસ્ત/રજુઆત કરવામાં આવી હતી, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, હોય તો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્યારે શા પ્રતિભાવ મળ્યા અને રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રયાસો કર્યા ? | (૨) તારીખઃ ૧૨–૦૧–૨૦૧૭ થી માનનીય મંત્રીશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અને અર્થ સાયન્સ, ભારત સરકાર તરફથી, ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા ભવિષ્ય માટે પરીયોજના તરીકે ટેકો આપવાનું ચાલુ રાખશે, તદ્ઉપરાંત ભારત સરકાર તરફથી પ્રોજેક્ટ બેઝ અને નવીન અભિગમ ધરાવતી પહેલ માટે સહાય આપવામાં આવશે તેમ જણાવેલ છે.<br>• વધુમાં, સાંસ્કતિક મંત્રાલય ભારત સરકારના તારીખઃ ૦૯–૦૮–૨૦૧૭ થી સાયન્સ સીટીની યોજના અંગેની સુધારેલ માર્ગદર્શીકા પ્રમાણે દરખાસ્ત રજુ કરવા જણાવેલ છે.<br>• ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી સાથે ગુજરાતના મંત્રીશ્રીઓના પ્રતિનિધિ મંડળ દ્વારા ઓક્ટોબર–૨૦૧૬ માં મુલાકાત લેવામાં આવી હતી અને સહાય માટે રજૂઆત કરવામાં આવી.<br>• માનનીય મુખ્યમંત્રીશ્રી એ તારીખઃ ૧૭–૧૨–૨૦૧૬ ના રોજ માનનીય મંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ ભારત સરકાર ને પત્ર પાઠવી વિનંતી કરેલ છે.<br>• વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગએ તા.૦૬–૦૨–૨૦૧૮ ના રોજ ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ કલ્ચરને નવી બનનારી સ્પેસ સાયન્સ અને એસ્ટ્રોનોમી ગેલેરી માટે રૂ.૫૦ કરોડની સહાય ફાળવવા દરખાસ્ત કરેલ છે. |

---------

### કે.જી બેઝિનમાંથી ગેસ ઉત્પાદન

* ૧૫૧ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કે.જી બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### લીલીયા તાલુકામાં શેત્રુંજી નદીમાંથી રેતીનું ગેરકાયદે ખનન

* ૪૭ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં શેત્રુંજી નદી પર આવેલ બવાડી, બવાડા, ઈંગોરાડા, ક્રાંકજ, શેઢાવદર ગામોમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી ૩૧ ડીસેમ્બર–૨૦૧૭ ની સ્થિતિએ લાંબા સમયથી રેતીનું ગેરકાયદે ખનન થઈ રહ્યું છે તે હકીકત સાચી છે, | (૧) સાદી રેતીનું ગેરકાયદે ખનન ધ્યાને આવેલ છે. |
| (૨) જો હા, તો ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા અને કેટલા આરોપી | (૨) ૩૯ દરોડા પાડવામાં આવ્યા જેમાં કોઈ આરોપી પકડવામાં આવેલ નથી. |

પકડાયા,

| | |
|---|---|
| (૩) આ ગુનાહિત પ્રવૃતિમાં કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા અને ઉક્ત સ્થિતિએ કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો, અને | (૩) ૬૦ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા અને રૂ.૯.૪૩ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો છે. |
| (૪) આ ઉક્ત વિસ્તારમાં થઈ રહેલા રેતીની ચોરીને સંપુર્ણ અટકાવવા શાં પગલાં લેવાયા છે ? | (૪) કલેક્ટરશ્રી દ્વારા ટાસ્ક ફોર્સની મીટીંગમાં ચર્ચાઓ કરી ખાણ-ખનીજ વિભાગ, રેવન્યુ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ સહિત ચેકીંગ કરી બિન અધિકૃત વાહનો ડીટેઇન કરીને ખોદકામ કરતા ઇસમો સામે કડક પગલા લેવામાં આવે છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં બંધ સી.સી.ટી.વી કેમેરા

* ૧૧૪૦ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ૩૧ ડીસેમ્બર-૨૦૧૭ની સ્થિતિએ પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરા પૈકી કેટલા બંધ હાલતમાં છે, અને | (૧) ૨૦. |
| (૨) તમામ બંધ સી.સી.ટી.વી કેમેરા ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ? | (૨) સત્વરે. |

---------

બનાસકાંઠા જિલ્લા પોલીસના બિન રહેણાંક મકાન

* ૧૦૯૭ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) વિવિધ કક્ષાના કુલ-૨ બિન રહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) કુલ રૂ.૧૩૪.૦૦ લાખ. |

---------

ઘોઘા-દહેજ રો-રો ફેરી સુવિધાનાં કામ

* ૧૬૦ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘોઘા-દહેજને દરિયાઈ માર્ગે જોડતી રો-રો ફેરી સુવિધાના કામો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ઘોઘા અને દહેજ ખાતે ટર્મિનલ બાંધવાનું કામ ૯૭ ટકા જેટલું અને કેપિટલ ડ્રેજીંગ કામ ૮૫ ટકા જેટલું પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામ અંગે ઉક્ત સ્થિતિ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૫૦૬.૩૫ કરોડ. |
| (૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

સુરત શહેરમાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૧૧૨ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ કર્મચારીઓના પરીવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) ૧ (એક) |

**તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**અતારાંકિત પ્રશ્નોત્તરી**

---------

માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ પ્રકાશનો

* ૧૦૯૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસલક્ષી યોજનાકીય બાબતોના માહિતી ખાતા દ્વારા કોઈ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે, અને | (૧) જી, હા. |
| (૨) જો હા, તો કેટલા પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે ? | (૨) વિકાસલક્ષી અને યોજનાકીય કુલ ૧૬ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. |

---------

દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૮૭ શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં ઘરફોડ ચોરી, લૂંટ, ખૂન અને બળાત્કારના કેટલા ગુનાઓ નોંધાયા, અને

(૧)

| વર્ષ | તા.૧/૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૧/૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ |
|---|---|---|
| ઘરફોડ ચોરી | ૮૯ | ૭૦ |
| લૂંટ | ૨૭ | ૪૨ |
| ખૂન | ૩૧ | ૪૩ |
| બળાત્કાર | ૪૨ | ૩૭ |

(૨) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા પકડવાના બાકી છે?

(૨) ૪૬૯ આરોપી પકડાયા અને ૬૯ આરોપી પકડવાના બાકી છે.

---------

રા.અ.પો.દળ જૂથ–૮, ગોંડલમાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૧૧૦ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ કર્મચારીઓના પરીવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રા.અ.પો.દળ જૂથ–૮, ગોંડલમાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) ૧ (એક) |

---------

વલસાડ અને નવસારી જિલ્લા પંચાયતને ફાળવેલ, રેતીની રોયલ્ટીનાં હિસ્સાની રકમ

* ૧૦૫૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રેતીની લીઝ પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સાની રકમ સબંધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લાની રેતીની ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવેલ છે ?

(૨)

| અ.નં. | જિલ્લો | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૦.૦૦ |
| ૨ | નવસારી | ૧.૨૭ |

---------

કે.જી.બેઝિનમાંથી ગેસ ઉત્પાદન

*૧૧૮ શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૨-૨૦૧૭ની સ્થિતિએ કે.જી. | (૧) ના, જી. |

બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી,તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ? — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તાપી જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૧૧૧૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૧૧૯૯ |

---------

સુરેન્દ્રનગર અને ગીરસોમનાથ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૨૪ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને ગીરસોમનાથ જિલ્લામાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક-૨ મુજબ. |
| (૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ? | (૩) |

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લો (શહેર સહિત) | ૧૧૩૨ | ૧૩૪ |
| સુરેન્દ્રનગર શહેર | ૧૭૩ | ૦ |
| ગીરસોમનાથ જિલ્લા (શહેર સહિત) | ૪૨૦ | ૩ |
| વેરાવળ શહેર | ૭૫ | ૦ |

પત્રક-૧

તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬

| જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૨૮ | ૩૮ | ૧૩ | ૧૩૬ | ૨૪ | ૪૧ | ૧૪૪ | ૮૨ |
| ગીર સોમનાથ | ૧૪ | ૧૧ | ૫ | ૯૫ | ૧૬ | ૪૦ | ૫ | ૬૨ |

તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭

| જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૨૭ | ૩૧ | ૧૪ | ૧૪૪ | ૨૮ | ૫૦ | ૧૧૪ | ૧૦૬ |
| ગીર સોમનાથ | ૧૩ | ૮ | ૮ | ૮૬ | ૧૫ | ૩૨ | ૯ | ૮૦ |

પત્રક-૨

તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી ઉકેલવામાં આવેલ ગુનાઓ

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લો (શહેર સહિત) | ૨૨ | ૩૭ | ૧૩ | ૭૧ | ૨૪ | ૪૧ | ૧૪૪ | ૨૮ |
| સુરેન્દ્રનગર શહેર | ૨ | ૫ | ૦ | ૨૨ | ૧ | ૭ | ૩૧ | ૫ |
| ગીર સોમનાથ જિલ્લો (શહેર | ૧૩ | ૧૧ | ૫ | ૪૪ | ૧૬ | ૪૦ | ૫ | ૧૮ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સહિત) | | | | | | | | |
| વેરાવળ શહેર | ૬ | ૦ | ૧ | ૧૯ | ૧ | ૪ | ૧ | ૯ |

તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી ઉકેલવામાં આવેલ ગુનાઓ

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લો (શહેર સહિત) | ૨૭ | ૩૦ | ૧૩ | ૬૦ | ૨૮ | ૪૮ | ૧૧૪ | ૩૦ |
| સુરેન્દ્રનગર શહેર | ૧ | ૩ | ૧ | ૬ | ૩ | ૭ | ૨૮ | ૧૮ |
| ગીર સોમનાથ જિલ્લો (શહેર સહિત) | ૧૩ | ૬ | ૮ | ૩૪ | ૧૪ | ૩૧ | ૯ | ૧૬ |
| વેરાવળ શહેર | ૧ | ૦ | ૨ | ૧૧ | ૦ | ૨ | ૨ | ૧ |

---------

ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં ખનીજ ચોરીનાં કેસ

* ૧૮૦ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં ખનીજચોરીના કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષથી વસુલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજચોરીના ઈસમો સમયસર ઉક્ત રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| | |
|---|---|
| ભરૂચ | રૂ. ૯૬૭૭.૭૫ લાખ |
| છોટાઉદેપુર | રૂ. ૧૬૨૧.૫૧ લાખ |

(૨)

| એક વર્ષથી (રૂ. લાખમાં) | બે વર્ષથી (રૂ. લાખમાં) | ત્રણ વર્ષથી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧.૫૦ | ૧૭૩૨.૭૯ | ૯૩૬૪. ૯૭ |

(૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહીતની તમામ ન્યાયીક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની થતી હોય છે.

---------

વલસાડ અને દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૧૯૩ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને દાહોદ જિલ્લા/શહેરમાં લુંટ, ખુન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

જવાબ

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩)

| જિલ્લા/શહેર | ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૯૩૮ | ૮૧૧ |
| વલસાડ શહેર | ૧૧૧ | ૧૨૩ |
| દાહોદ જિલ્લો (શહેર સહિત) | ૧૧૬૭ | ૩૬૪ |
| દાહોદ શહેર | ૧૧૨ | ૦૩ |

પત્રક-૧

તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૨૬ | ૨૯ | ૧૩ | ૩૩૨ | ૨૫ | ૯૨ | ૨૧૫ | ૧૮૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વલસાડ શહેર | ૦૩ | ૦૧ | ૦૦ | ૫૩ | ૦૧ | ૧૨ | ૨૫ | ૩૮ |
| દાહોદ જિલ્લો (શહેર સહિત) | ૨૭ | ૩૧ | ૨૮ | ૧૮૯ | ૪૨ | ૧૧૫ | ૮૦ | ૮૯ |
| દાહોદ શહેર | ૦૨ | ૦૦ | ૦૧ | ૮૮ | ૦૩ | ૦૧ | ૦૬ | ૦૯ |

તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૨૩ | ૨૩ | ૦૯ | ૩૧૩ | ૨૭ | ૬૧ | ૨૩૨ | ૧૮૪ |
| વલસાડ શહેર | ૦૦ | ૦૧ | ૦૦ | ૪૨ | ૦૫ | ૧૦ | ૨૬ | ૩૩ |
| દાહોદ જિલ્લો (શહેર સહિત) | ૪૨ | ૪૩ | ૨૪ | ૨૦૬ | ૩૭ | ૯૭ | ૬૮ | ૭૦ |
| દાહોદ શહેર | ૦૭ | ૦૩ | ૦૦ | ૮૫ | ૦૩ | ૦૩ | ૦૪ | ૧૯ |

પત્રક-૨

તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૧૩ | ૨૫ | ૦૮ | ૧૨૬ | ૨૫ | ૮૭ | ૨૧૫ | ૫૧ |
| વલસાડ શહેર | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૨ | ૦૧ | ૧૨ | ૨૫ | ૧૧ |
| દાહોદ જિલ્લો (શહેર સહિત) | ૧૮ | ૨૮ | ૨૫ | ૭૪ | ૪૨ | ૧૧૩ | ૮૦ | ૩૭ |
| દાહોદ શહેર | ૦૧ | ૦૦ | ૦૧ | ૩૮ | ૦૩ | ૦૧ | ૦૬ | ૦૫ |

તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૧૪ | ૧૯ | ૦૭ | ૧૦૬ | ૨૬ | ૫૬ | ૨૩૨ | ૬૬ |
| વલસાડ શહેર | ૦૦ | ૦૧ | ૦૦ | ૨૧ | ૦૫ | ૦૮ | ૨૬ | ૦૪ |
| દાહોદ જિલ્લો (શહેર સહિત) | ૨૨ | ૩૭ | ૧૭ | ૪૫ | ૩૭ | ૮૮ | ૬૮ | ૧૩ |
| દાહોદ શહેર | ૦૨ | ૦૨ | ૦૦ | ૧૨ | ૦૩ | ૦૩ | ૦૪ | ૦૪ |

---------

માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ પ્રકાશનો

* ૧૦૯૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસલક્ષી-યોજનાકીય બાબતોના માહિતી ખાતા દ્વારા કોઈ પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, અને | (૧) જી હા. |
| (૨) જો હા, તો કેટલા પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ? | (૨) વિકાસલક્ષી અને યોજનાકીય કુલ ૧૬ પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. |

---------

રાજ્યમાં વિવિધ સંવર્ગમાં પોલીસ દળની ભરતી

* ૧૦૭૫ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬-૧૭ તથા વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્ય પોલીસ દળને વધુ સુદૃઢ તેમજ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા જુદા સંવર્ગોમાં સીધી ભરતી કરવા આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યાં ક્યાં સંવર્ગમાં કેટલા કર્મચારી/અધિકારીઓની ભરતી કરવામાં આવી ? | (૨) સામેલ પત્રક-અ મુજબ ભરતી કરવામાં આવેલ છે. |

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પત્રક : અ

તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ સંવર્ગ વાઇઝ ભરતી કરવામાં આવેલ છે.

| સંવર્ગ | સંખ્યા |
|---|---|
| બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૨૨૦ |
| બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૨૦૦ |
| હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧૨૪ |
| ઈન્ટેલીજન્સ ઓફિસર | ૫૯ |
| આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર | ૮૨ |
| લોકરક્ષક (પોલીસ કોન્સ્ટેબલ) | ૧૩૦૦૦ |
| એસ.આર.પી.એફ. પોલીસ કોન્સ્ટેબલ | ૩૭૮૦ |

---------

કે.જી.બેઝીનમાંથી ગેસ ઉત્પાદન

* ૧૪૬ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કે. જી. બેઝિન –માંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં ખનીજ ચોરીનાં કેસ

* ૧૯૨ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં ખનીજચોરીના કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે.

જવાબ

(૧)

| જિલ્લો | વસૂલાતની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ગાંધીનગર | ૬૬૦.૮૮ |
| દાહોદ | ૨૪૧.૨૯ |

પ્રશ્ન

(૨) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષથી વસુલ કરવાની બાકી છે, અને

જવાબ

(૨)

| એક વર્ષથી | બે વર્ષથી | ત્રણ વર્ષથી |
|---|---|---|
| રૂ.૯૬.૯૦ લાખ | રૂ.૬૬૭.૯૭ લાખ | રૂ. ૧૩૭.૩૦ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ખનીજચોરીના ઈસમો સમયસર ઉક્ત રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી. | (૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહીતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની થતી હોય છે. |

---------

રાજકોટ અને વડોદરા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૨૧ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને વડોદરા જિલ્લા/શહેરમાં લૂંટ, ખુન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક–૨ મુજબ |

પ્રશ્ન

(૩) જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ઘરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

જવાબ

(૩)

| જિલ્લા/શહેર | ઘરપકડ કરી | ઘરપકડ બાકી |
|---|---|---|
| રાજકોટ શહેર | ૧૯૧૯ | ૧૬૭ |
| રાજકોટ ગ્રામ્ય | ૧૦૨૧ | ૬૧ |
| વડોદરા શહેર | ૨૩૬૨ | ૮૨ |
| વડોદરા ગ્રામ્ય | ૬૪૨ | ૬૦ |

પત્રક–૧

તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬

| શહેર/જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૪૯ | ૫૪ | ૭ | ૯૨૭ | ૪૩ | ૧૨૨ | ૪૭૯ | ૨૧૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૩૩ | ૨૮ | ૧૧ | ૧૯૦ | ૨૮ | ૮૧ | ૩૪૩ | ૮૮ |
| વડોદરા શહેર | ૧૩૪ | ૧૪ | ૧૯ | ૧૩૬૦ | ૧૭ | ૧૫૦ | ૨૧૯ | ૩૮૯ |
| વડોદરા ગ્રામ્ય | ૮ | ૨૨ | ૪ | ૧૪૬ | ૧૯ | ૪૧ | ૩ | ૫૩ |

તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭

| શહેર/જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૫૬ | ૪૫ | ૮ | ૭૫૯ | ૩૯ | ૧૦૨ | ૪૨૭ | ૧૪૭ |
| રાજકોટ ગ્રામ્ય | ૩૬ | ૨૫ | ૫ | ૧૯૮ | ૨૪ | ૮૩ | ૩૫૨ | ૮૦ |
| વડોદરા શહેર | ૧૦૧ | ૧૫ | ૧૧ | ૧૨૮૧ | ૨૦ | ૧૩૯ | ૨૨૨ | ૩૮૩ |
| વડોદરા ગ્રામ્ય | ૪ | ૨૦ | ૮ | ૧૩૯ | ૧૩ | ૬૨ | ૫ | ૫૩ |

પત્રક–૨

તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬

| શહેર/જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૪૦ | ૫૧ | ૭ | ૨૯૨ | ૪૨ | ૧૦૩ | ૪૭૯ | ૯૩ |
| રાજકોટ ગ્રામ્ય | ૨૭ | ૨૫ | ૧૧ | ૮૩ | ૨૮ | ૭૬ | ૩૪૩ | ૪૩ |
| વડોદરા શહેર | ૭૮ | ૧૩ | ૧૫ | ૪૩૯ | ૧૭ | ૧૪૩ | ૨૧૯ | ૮૮ |
| વડોદરા ગ્રામ્ય | ૭ | ૨૦ | ૪ | ૫૩ | ૧૯ | ૪૧ | ૩ | ૨૯ |

તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭

| શહેર/જિલ્લા | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૪૫ | ૪૩ | ૬ | ૨૩૫ | ૩૯ | ૮૮ | ૪૨૭ | ૪૫ |
| રાજકોટ ગ્રામ્ય | ૩૩ | ૨૧ | ૫ | ૮૮ | ૨૩ | ૭૬ | ૩૫૨ | ૨૮ |
| વડોદરા શહેર | ૪૫ | ૧૨ | ૯ | ૪૧૪ | ૧૯ | ૧૧૭ | ૨૨૨ | ૪૮ |
| વડોદરા ગ્રામ્ય | ૪ | ૧૮ | ૮ | ૩૩ | ૧૩ | ૬૦ | ૫ | ૧૩ |

---------

રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલની ભરતી

* ૧૧૨૦ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પોલીસદળમાં કેટલા પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ભરતી કરવાની બાકી છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પોલીસદળમાં ૧૬૭૮૦ પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતી કરવામાં આવી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ જિલ્લામાં પ્રધાન મંત્રી આવાસ યોજનાનો લાભાર્થીને પ્રથમ હપ્તો

* ૧૦૮૦ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચૂકવ્યો, અને

જવાબ

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ લાભાર્થીની આગેવાની (બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રક્શન)માં આવાસ બાંધકામનાં ઘટક હેઠળ કોઈ પ્રોજેક્ટ મંજુર થયેલ ન હોઈ, લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત

થતો નથી.

(૨) કેટલા લાભાર્થીઓને હપ્તો ચૂકવવાનો બાકી છે ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજનાની મંજૂર રકમ

* ૧૦૬૩ શ્રી કેસરિસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડીયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૧૧.૨૦ કરોડ |
| (૨) આ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) ભાગ–૧ માટે રૂ. ૫૪.૧૫ કરોડ<br>ભાગ–૨ માટે રૂ. ૪૩.૧૩ કરોડ |
| (૩) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૩) ભાગ–૧ ડિસેમ્બર ૨૦૧૫ અને ભાગ–૨ના કામો ઓગસ્ટ–૨૦૧૫માં પૂર્ણ થયેલ છે. |

---------

ખેડા અને ભાવનગર જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૧૭૪ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ભાવનગર જિલ્લા/શહેરમાં કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો જથ્થો પકડાયો, અને

(૧)

| તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | | | |
|---|---|---|---|
| જિલ્લા/શહેર | વિદેશી દારુ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારુ (લીટરમાં) |
| ખેડા જિલ્લો (શહેર સહિત) | ૩૮૨૯૩ | ૭૧૮૦૯ | ૪૦૮૯૬ |
| નડીયાદ શહેર | ૨૦૯૯ | ૮૩૧ | ૮૮૮૧ |
| ભાવનગર જિલ્લો (શહેર સહિત) | ૩૨૭૨૪ | ૮૮૮૬ | ૪૦૩૮૭ |
| ભાવનગર શહેર | ૮૯૬૧ | ૪૧૭૮ | ૨૦૦૧૩ |
| તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | | | |
| જિલ્લા/શહેર | વિદેશી દારુ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારુ (લીટરમાં) |
| ખેડા જિલ્લો (શહેર સહિત) | ૬૪૪૨૫ | ૧૦૦૭૫ | ૨૩૮૧૫ |
| નડીયાદ શહેર | ૧૪૮૯ | ૧૮૩ | ૨૫૨૫ |
| ભાવનગર જિલ્લો (શહેર સહિત) | ૩૬૮૮૮ | ૧૦૬૯૩ | ૧૩૫૨૧ |
| ભાવનગર શહેર | ૬૯૩૪ | ૩૫૧૭ | ૧૧૮૪૬ |

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની કિંમત કેટલી છે ?

(૨)

| વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારુની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|
| ૪,૩૭,૪૪,૧૧૧ | ૧,૦૧,૮૨,૪૩૦ | ૨૬,૭૪,૩૮૦ |

**અતારાંકિત પ્રશ્નોત્તરી**

---------

કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન

* ૧૧૬ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ

* ૧૯૯ શ્રી ચિરાગ કાલરિયા (જામ જોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ - ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| જિલ્લો | વર્ષ | ચેકીંગ કર્યા તારીખ |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૬ | તા.૧૩-૨-૧૬, તા.૨૫-૨-૧૬, તા.૩૦-૩-૧૬ તા.૭-૫-૧૬ |
| | ૨૦૧૭ | ચેકીંગ હાથ ધરવામાં આવેલ નથી. |
| પોરબંદર | ૨૦૧૬ | ચેકીંગ હાથ ધરવામાં આવેલ નથી |

(૨) ઉકત ચેકીંગ દરમ્યાન ઉકત જિલ્લામાં અને વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨)

| વર્ષ | ખનીજચોરોની કિંમત (રૂ.લાખમાં) | | પકડાયેલ ગેરરીતિનો પ્રકાર |
|---|---|---|---|
| | દેવભૂમિ દ્વારકા | પોરબંદર | બિનઅધિકૃત ખનન |
| ૨૦૧૬ | ૭૮૬.૪૯ લાખ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | |
| ૨૦૧૭ | પ્રશ્ન ઉપસ્થિત | | |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે એક ઇસમ સામે રૂ. ૭૮૬.૪૯ લાખ વસુલવા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.

(૪) ઉકત ખનીજ ચોરી અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ?

(૪) શુન્ય.

---------

દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૩૩ શ્રી વિક્રમભાઇ માડમ (જામ ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લા/શહેરમાં લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક-૧ |
| (૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક-૨ |
| (૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ? | (૩) |

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લો (શહેર સહિત) | ૫૦૬ | ૧૧૨ |
| જામ ખંભાળીયા શહેર | ૧૫૨ | ૩૧ |
| ભાવનગર જિલ્લો (શહેર સહિત) | ૧૩૮૭ | ૫૦૬ |

| | | |
|---|---|---|
| ભાવનગર શહેર | ૫૮૮ | ૨૧૭ |

પત્રક-૧

તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લો (શહેર સહિત) | ૧૧ | ૦૯ | ૦૫ | ૬૩ | ૦૪ | ૧૯ | ૦૦ | ૨૭ |
| જામ ખંભાળીયા શહેર | ૦૦ | ૦૦ | ૦૧ | ૧૮ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૬ |
| ભાવનગર જિલ્લો (શહેર સહિત) | ૨૬ | ૪૧ | ૦૭ | ૨૪૧ | ૧૪ | ૯૦ | ૧૭ | ૧૬૩ |
| ભાવનગર શહેર | ૦૫ | ૧૨ | ૦૦ | ૧૩૯ | ૦૩ | ૩૧ | ૦૬ | ૫૫ |

તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭

| જિલ્લા/શહેર | લૂંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા | ઘરફોડ ચોરી |
| જિલ્લા/શહેર | વર્ષ | ગૌમાંસ | ગૌવંશ |
|---|---|---|---|
| ભરૂચ જિલ્લો | ૨૦૧૬ | ૨૮૮૫ કિ.ગ્રા | ૮૯ |
| | ૨૦૧૭ | ૦૦ કિ.ગ્રા | ૮૦ |
| ભરૂચ શહેર | ૨૦૧૬ | ૭૫ કિ.ગ્રા | ૦૭ |
| | ૨૦૧૭ | ૦૦ કિ.ગ્રા | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૨૦૧૬ | ૭૮૬૦ કિ.ગ્રા | ૫૬ |
| | ૨૦૧૭ | ૦૦ કિ.ગ્રા | ૨૦ |
| વલસાડ શહેર | ૨૦૧૬ | ૦૦ કિ.ગ્રા | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ભરૂચ જિલ્લા/શહેરમાંથી કુલ–૭૫ તથા વલસાડ જિલ્લા/શહેરમાંથી કુલ–૩૮ આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

### જુનાગઢ જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં બંધ સી.સી.ટી.વી. કેમેરા

* ૪૪ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં ૩૧ ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી કેટલા બંધ હાલતમાં છે, અને

(૧) ૭૮

(૨) તમામ બંધ સી.સી.ટી.વી. કેમેરા ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ?

(૨) સત્વરે

---------

વડોદરા અને ખેડા જિલ્લામાં ખનીજ ચોરીના કેસ

* ૧૪૨ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને ખેડા જિલ્લામાં ખનીજચોરીના કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષથી વસુલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજચોરીના ઈસમો સમયસર ઉક્ત રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| | |
|---|---|
| વડોદરા | રૂ.૪૧૭.૮૭ લાખ |
| ખેડા | રૂ.૧૪૫૭.૪૦ લાખ |

(૨)

| એક વર્ષથી (રૂ. લાખમાં) | બે વર્ષથી (રૂ. લાખમાં) | ત્રણ વર્ષથી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧૧૯.૭૮ | ૩૧૫.૭૯ | ૧૪૩૯.૭૦ |

(૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહીતની તમામ ન્યાયીક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની થતી હોય છે.

---------

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭માં ઉદ્યોગોના એમ.ઓ.યુ.

* ૧૧૨૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭માં નવા ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉક્ત સમિટવાર કેટલા ઉદ્યોગો કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા ?

જવાબ

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૫માં ૨૧,૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈનટેન્શન મંજુર કરવામાં આવેલ છે. તેમાં રૂ. ૧૬,૩૫,૫૪૯/- કરોડના સૂચિત મૂડીરોકાણ નોંધાયેલ છે. તદઉપરાંત, ઔદ્યોગિક એકમો/ઉદ્યોગ ગૃહો તથા વિદેશી પ્રતિનિધિ મંડળો દ્વારા કરવામાં આવેલ મૂડીરોકાણની જાહેરાતોને ગણતરીમાં લેતા કુલ રૂ. ૨૫/- લાખ કરોડનું મૂડીરોકાણ જાહેર થયેલ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૭માં કુલ ૨૪,૭૭૪ ઈન્વેસ્ટમેન્ટ ઈનટેન્શન મંજુર કરવામાં આવેલ છે. તેમાં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૫માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ ૩,૯૬,૦૯૭/- કરોડના સૂચિત મૂડી રોકાણ ધરાવતા ૧૩,૫૪૪ ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન કાર્યાન્વિત થયેલ છે. તદઉપરાંત રૂ. ૩,૦૦,૦૬૪/- કરોડના સૂચિત મૂડી રોકાણ ધરાવતા ૧,૯૭૭ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ ૨,૮૯૯ ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન કાર્યાન્વિત થયેલ છે, જેનું ખરેખર મૂડી રોકાણ રૂ. ૩૨,૮૮૪/- કરોડ છે. તદઉપરાંત ૩,૨૫૧ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

મોનિટરીંગ સિસ્ટમમાં એમ.ઓ.યુ/ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન કરનાર ઈન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે મૂડીરોકાણની વિગતો તથા પ્રોજેક્ટના સ્ટેટસની વિગતો અદ્યતન થતી હોય છે. આથી, જ્યારે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની હોય છે. જેથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જે ખરેખર મૂડીરોકાણ થયું હોય તે સિસ્ટમમાં જોવા મળતું નથી. પરંતુ જે તારીખે માહિતી મળી હોય અને અપડેટ થયેલ હોય તે તારીખની હોય છે.

આથી કોઇ ચેક્કસ તારીખની સ્થિતિએ એમ.ઓ.યુ/ઇન્વેસ્ટમેન્ટ ઇંટેન્શન પ્રોજેક્ટોમાં થયેલ મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થતી નથી. સિસ્ટમમાં જે મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થાય છે, તેનાથી વધારે મૂડી રોકાણ થયેલ હોઈ શકે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ થવાનું ચાલતુ રહે છે.

---------

ગુજરાત મેગેઝીનનું ખાનગી પ્રેસમાં છાપકામ

* ૧૮૫ શ્રી પ્રવિણભાઈ મુસડીયા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ માહિતી કમિશ્નરની કચેરી દ્વારા પ્રકાશિત થતું ગુજરાત મેગેઝીન ખાનગી પ્રેસમાં છાપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત મેગેઝીન કયા ખાનગી પ્રેસમાં છાપવામાં આવે છે, અને | (૨) ઈ–ટેન્ડરીંગથી પારદર્શક પ્રક્રિયા દ્વારા એલ–૧ ના દરે નીચેના મુદ્રકો પાસે મુદ્રણ કરાવવામાં આવે છે.<br>(અ) સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ<br>(બ) ગુજરાત ઓફસેટ, અમદાવાદ |
| (૩) તે પેટે ખાનગી પ્રેસને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) |

| વર્ષ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ગુજરાત ઓફસેટ, અમદાવાદ |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૭,૮૪,૪૬,૩૫૫/– | –– |
| ૨૦૧૭ | રૂ. ૪,૭૪,૬૧,૫૩૬/– | રૂ.૨,૦૦,૦૭,૦૭૩/– |

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીકાળમાં મુદ્દા ઉપસ્થિત કરવા અંગે

શ્રી પરેશભાઇ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન મિડિયા ગેલેરીમાં કોઇ પ્રશ્ન લઇને સરકારના સિનિયર નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ વિસ્તૃત જવાબ આપી તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે ?

શ્રી પરેશભાઇ ધાનાણીઃ મને સાંભળો.(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ સીધો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો.

શ્રી પરેશભાઇ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે તારાંકિત પ્રશ્નોત્તરી એ વિધાનસભાને લાઇવ કરવા માટે અને જવાબ લેવા માટે છે. પ્રભારી સભ્યશ્રીનો પ્રશ્ન હલ થાય, તંત્ર ઉપર દબાણ લાવવા માટે છે. તારાંકિત પ્રશ્નોત્તરીની પ્રણાલી એવી છે કે સભ્યશ્રી દ્વારા સીધા અને સટ પ્રશ્ન પૂછાય અને તેના સીધા અને સટ જવાબ અપાય. આનાથી વધુમાં વધુ પ્રશ્નો તારાંકિત પ્રશ્નોત્તરી કાળ દમ્યાન ચર્ચાય અને એના માટે હંમેશાં પ્રયાસો થતા હોય છે. વિરોધપક્ષ માટે તો પ્રશ્નોત્તરી કાળ એ ખૂબ મહત્વનો છે.

અધ્યક્ષશ્રીઃ આપણે જાણીએ છીએ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે તે કહો.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પરેશભાઇ ધાનાણીઃ આજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન નાયબ મુખ્ય મંત્રીએ પોઇન્ટ ઓફ ઇન્ફરમેશનથી વાત ઉપસ્થિત કરી.

અધ્યક્ષશ્રીઃ આપે પ્રશ્ન ઉભો કર્યો છે, આપે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

શ્રી પરેશભાઇ ધાનાણીઃ એ તો સ્ભાવિક છે, વિપક્ષ આપનું ધ્યાન દોરે અને આપનું રક્ષણ માગે.

અધ્યક્ષશ્રીઃ આપ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદા પર વાત કરો.

શ્રી પરેશભાઇ ધાનાણીઃ પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે આજે પ્રશ્નોત્તરી દરમ્યાન સંસદીય ઇતિહાસમાં કયારેય નથી બન્યું એ રીતે એક નવી પરંપરાની આ ગૃહમાં શરૂઆત થવા જઇ રહી છે. પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સરકારની દખલગીરીથી પોઇન્ટ ઓફ ઓર્ડર કે બીજા મુદાઓ ઉપસ્થિત થશે તો પ્રશ્નોત્તરી કાળનો મુળ હાર્દ છે એ મરી જશે.

અધ્યક્ષશ્રીઃ આપની વાત સાથે સંમત છું તો પણ (અંતરાય)

શ્રી પરેશભાઇ ધાનાણીઃ આપણી પરંપરા રહી છે કે સ્વાભાવિક રીતે એક પ્રશ્નને પાંચ મિનીટ ફળવાય અને જે તે જિલ્લાના કે તે ક્ષેત્રના જે તે જિલ્લાને સ્પર્શતા પ્રશ્ન હોય તેને જવાબથી સ્પષ્ટતા મળે. પછી તેઓ પ્રશ્ન પૂછે એવી એક પરંપરા રહી છે. આજે પ્રશ્નોત્તરી દરમ્યાન કામ ઓછું થયું અને ત્રીજો પ્રશ્ન પણ અધૂરો રહ્યો. આ વિધાનસભાની પ્રશ્નોત્તરી એ મારી નથી, આપની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન અગ્રતાક્રમ-૧૦ ના જવાબમાં આગળ એક કાપલી ચોંટાડી એમ જણાવેલ છે કે યોગ્ય પગલાં લેવામાં આવેલ છે અને પાછળ લખ્યું છે કે અહેવાલ સરકારની વિચારણા હેઠળ છે. આ થાનગઢનો અહેવાલ એના ઉપર ચર્ચા કરી દલિતના દીકરાની બાબતમાં (અંતરાય) પરંતુ કોઇ વાતને છૂપાવવા માટે થઇને સરકારના ટ્રેઝરી બેંચ ઉપર બેઠેલા મંત્રીશ્રીઓ વિસ્તૃત જવાબો આપે આવી પરંપરા આવતા દિવસોમાં પડતી જશે તો પ્રશ્નોત્તરી કાળના હાર્દ મારી નાંખશે, એટલા માટે અમે આપનું રક્ષણ માગીએ છીએ. ભવિષ્યમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન આવા મુદા ઉપસ્થિત ન થાય અને આવતા દિવસોમાં આવી પરંપરાઓ ઉપસ્થિત ન થાય એટલા માટે આ પોઇન્ટ ઓડ ઓર્ડરનો મુદો ઉપસ્થિત કરી આપના આદેશો માગીએ છીએ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જે વાત કરી એ રિપીટિશન કર્યું છે. આ બધી જ વાત પરેશભાઇ ધાનાણીએ કરી લીધી છે. અમારા નેતાઓએ એની સ્પષ્ટતાઓ પણ કરી છે અને આપે જજમેન્ટ આપી દીધું છે. એટલે આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહે તો નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ દસમાં પ્રશ્નની વાત કરી છે. અમારા બંને મંત્રીશ્રીઓ માનનીય પ્રદિપસિંહજી અને માનનીય સૌરભભાઇ ખુલાસાબદ્ધ જવાબો આપી રહ્યા હતા પરંતુ સામેથી તમે સમય ન બગાડયો હોત તો અમારા મંત્રીશ્રી તો દસમાં પ્રશ્નનો જવાબ આપવા માટે તૈયાર હતા. માત્રને માત્ર વિપક્ષના સભ્યશ્રીઓની ખલેલના કારણે આ સમય બગડ્યો છે.

અધ્યક્ષશ્રી : જે સંજોગોમાં સમય ગયો છે એ અંગે માનનીય પરેશભાઇ મારે ન કહેવું જોઇએ કે આપે પણ સમય લીધો છે.એટલે સમય કેમ ગયો એ આપણે બધા જાણીએ છીએ. પ્રશ્નોત્તરી કાળ ઘણો જ અગત્યનો છે એ આપણે સ્વીકારીને ચાલીએ છીએ. અન્ય વધારે પ્રશ્નોના જવાબો મેળવવાનો અધિકાર ધારાસભ્યશ્રીઓનો છે. આપના એક સિનિયર સભ્યશ્રીના આગ્રહના કારણે જ આપના એક સભ્યશ્રીનો પ્રશ્ન પૂછવાનો રહી ગયો છે. એટલે હું બધા જ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આ બાબતમાં ખાસ કાળજી રાખવામાં આવે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન રજૂ કરી એ હવે રહેતી નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આવી સ્થિતિ ઉભી ન થાય. આપ સભાગૃહનું રેકર્ડ જોઇને નિર્ણય આપજો. પ્રશ્નોત્તરી કાળના હાર્દને મારી નાખવાનો પ્રયાસ થઇ રહ્યો છે ભવિષ્યમાં આની દુરોગામી અસરો પડશે એટલે આપની પાસે સકારાત્મક નિર્ણયની આશા રાખીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, સકારાત્મક જ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારે આ તબક્કે એટલું જ કહેવું છે કે માનનીય સભ્યશ્રી વેલમાં ધસી આવ્યા ત્યારે એમની બોડી લેગ્વેજ કેવી હતી. જે જિલ્લાનો પ્રશ્ન હોય એ જિલ્લાના ધારાસભ્યોને ફસ્ટ પ્રાયોરિટી આપવામાં આવતી હોય છે એ માનનીય સભ્યશ્રીએ સમજવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ એ માન્યા નહિ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વેલમાં આવીને સામેથી કહે છે કે મને સસ્પેન્ડ કરી દો. એ વેલમાં આવ્યા એના કારણે પણ સમય પસાર થયો છે. એટલે વિપક્ષના કારણે પ્રશ્નોત્તરી કાળ બગડ્યો છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. (અંતરાય) માનનીય પુંજાભાઇ, આપ આપનુ સ્થાન લો, આપણે ઘણા સાંભળી લીધા છે.

### પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

### વિધાનસભાની પ્રણાલિકા તથા પરંપરા જાળવવા બાબત

શ્રી પૂંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. વિધાનસભાનું રીનોવેશન કરવામાં આવ્યા બાદ ગઇકાલે વિધિવત રીતે સરકાર તથા વિપક્ષ બંને ભેગા થઇને ધાર્મિક વિધિ કરીને વિધાનસભામાં પ્રવેશ્યા. એટલે ગઇકાલે વિધિવત રીતે નવીનીકરણ કરીને અંદર આવ્યા પરંતુ જે તકતી મૂકવામાં આવી, સત્તાવાર રીતે વિરોધપક્ષના નેતાની વરણી થઇ ગઇ છે. સરકાર તરફથી મંજૂરી પણ આપવામાં આવી છે ત્યારે આ તકતીમાં વિરોધપક્ષના નેતાનુ નામ નથી જે વિધાનસભાની પરંપરા અને પ્રણાલિકા પ્રમાણે ઉચિત નથી. અને એટલા માટે હું આપના મારફત સરકારને વિનંતી કરું છું અને સરકાર આ બાબતે સ્પષ્ટતા કરે કે તમે વિપક્ષના નેતાનું નામ તકતીમાં ન મૂકવાનું કારણ શું? અમારી સ્પષ્ટ લાગણી અને માગણી છે કે આવનારા દિવસોમાં આ તકતીમાં વિપક્ષના નેતાનું નામ મૂકવામાં આવે. આની સરકાર સ્પષ્ટતાઓ કરે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો આવી ગયો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય પુંજાભાઇએ જે પ્રશ્ન ઉભો કર્યો, કાલે મારા ધ્યાન ઉપર આવ્યો હતો. હું માનનીય સભ્યશ્રીઓના અને ખાસ કરીને આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે જયારે આ રીનોવેશનની કામગીરી શરૂ કરી ત્યારે જૂના મકાનની બધી તકતીઓ યથાવત રહે તે અમારી સરકારે કાળજી રાખેલી. માર્ગ અને મકાન મંત્રી તરીકે મેં જાતે આવી જૂની તકતીઓમાં શું નામકરણ છે, કોણે ઉદઘાટન કર્યું, તેમાં કોનું નામ છે એ પણ મેં ચેક કર્યું. અગાઉ જે જૂના ભવનનું ઉદઘાટન થયેલું તેની તકતીઓ યથાવત છે. કોંગ્રેસના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે તમે આ માગણી કરો છો તેના પહેલાં નીચે આપ તકતીઓ જોઇ આવો. તેમાં ગવર્નર સાહેબે ઉદઘાટન કર્યું અને વિધાનસભાના સ્પીકર ઉપસ્થિત હતા. બે મહાનુભાવ સિવાય હું કહીશ તો કોઇને ટીકા લાગશે. કોંગ્રસની સરકાર હતી. મુખ્યમંત્રીનું નામ પણ તેમાં નથી. એ જોવાની તેમને છૂટ છે. એટલે પ્રણાલિ પ્રમાણે અમે કામ કર્યું છે. પ્રણાલિ પ્રમાણે જ તકતીઓમાં નામ આવ્યા છે. પરેશભાઇનું નામ આવે તેમાં અમને પણ આનંદ હતો. અમે પણ ઇચ્છુક હતા પણ અમને સલાહ મળી કે પ્રોટોકોલ પ્રમાણે અને અગાઉની જે તકતીઓમાં નામકરણની પ્રણાલિ છે એ પ્રમાણે વિપક્ષના નેતાશ્રીનું નામ અત્યારે ઉદઘાટનમાં રાખી શકાય નહીં. એટલે આપણે જે પત્રિકા છપાવી છે એ પણ આજીવન સાહિત્ય છે. એ પણ આપણે બધાએ જોયેલું છે. તેમાં વિપક્ષના નેતા, અમારા સિનિયર માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી, માનનીય શ્રી પ્રદિપસિંહજી એમના નામ છે. સાહેબ, પ્રણાલિ અમે કેટલી જાળવી? અમારી ઇચ્છા હતી કે માનનીય ભૂપેન્દ્રસિંહજીનું નામ સિનિયર નેતા તરીકે એમાં મૂકીએ પણ એ પ્રોટોકોલ–સલાહ પ્રમાણે અમે મૂકી શકતા નહોતા. એટલે અમારા સિનિયર નેતા છે. પક્ષમાં મારાથી પણ સિનિયર છે. પક્ષમાં વિજયભાઇથી પણ સિનિયર છે. છતાં અમે એમનું નામ પ્રોટોકોલ અને પ્રણાલિ પ્રમાણે મૂક્યું નથી. કાલે સાહેબ સ્પીકર બન્યા. નામ તો ઘોષિત થઇ ગયેલું, પણ અમને એ પણ સલાહ મળી કે અત્યારે જયાં સુધી માનનીય રાજેન્દ્રભાઇ અધ્યક્ષ તરીકે ચેર ઉપર ન બિરાજે ત્યાં સુધી જૂના અધ્યક્ષ એ કાર્યરત છે અને પ્રણાલિગત રીતે સ્પીકર છે એટલે રમણભાઇ વોરાનું નામ એ તકતીમાં આપણે અધ્યક્ષ તરીકે મૂક્યું છે એટલે આ બધું અમે જે કર્યું છે એ પ્રણાલિ પ્રમાણે કર્યું છે. કોઇ ઇચ્છા–અનિચ્છા, કોઇના પ્રત્યે આદર–અનાદરના ભાગરૂપે નથી કર્યું. માનનીય વિપક્ષના નેતા પ્રત્યે, આપ સૌ પ્રત્યે સંપૂર્ણ આદર છે અને અમે પ્રણાલિને અનુસર્યા છીએ.

### પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા છીએ. હું ખેડબ્રહ્મા–૨૯ આદિવાસી સીટ પર ચૂંટાયો છું. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર એ પણ મોડાસા સીટ ઉપર ચૂંટાયા છે ત્યારે અમારી સાથે મજાક કરવામાં આવતી હોય એવું અમને લાગે છે. હું ખેડબ્રહ્મા–૨૯ આદિવાસી સીટ પર ચૂંટાયો છું ત્યારે નીચે નામાવલિ લખવામાં આવી છે ત્યારે મારા નામ સાથે અનુસૂચિત જાતિ લખવામાં આવ્યું છે. મોડાસાના ધારાસભ્ય સામાન્ય સીટ પર ચૂંટાયા છે ત્યારે તેમાં આદિવાસી સીટ ઉપર ચૂંટાયા છે એવું લખવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : ભૂલ થઇ હોય તો સુધારી લેવી જોઇએ.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : આદિવાસી સભ્ય હોય, ઓ.બી.સી. સભ્ય હોય, મારો બીજો પ્રશ્ન છે. હું ત્રીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયો છું. જે મારું પત્રવ્યવહારનું સરનામું છે, વિધાનસભાનો કોઇ પણ કાગળ મને મળતો નથી. મારું બાપ–દાદાનું જૂનું એડ્રેસ લઇ આવ્યા છે અને મને ત્યાં ટપાલ જાય છે. મેં અહીં વિધાનસભામાં લખાવ્યું છે. મારો લેટર પણ છે. મારી વિનંતી છે એ અધ્યક્ષશ્રીને કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું નવું સરનામું મેળવી લેવામાં આવે. આની નોંધ લેવામાં આવે છે. નવા સરનામે જ એમને પત્રો મળવા જોઇએ. એમનો પ્રશ્ન સાચો છે. એમાં અમે કાળજી લઇશું.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : બોર્ડમાં ડિટેઇલ્સમાં નામો લખ્યા છે એમાં સુધારો કરી દેજો.

અધ્યક્ષશ્રી : એમાં સો ટકા સુધારી દઇશું.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકુલનું ઉદ્ઘાટન થયું એની સામે હોલની અંદરની સાઇડે આપણે જોઇએ તો જુદા જુદા મહાનુભાવોની તસ્વીરો મૂકવામાં આવી છે. એમાં સ્વામી વિવેકાનંદની પણ તસ્વીર મૂકવામાં આવી છે. વચ્ચે મધ્યની અંદર શ્રી મોરારજી દેસાઇની તસ્વીર મૂકવામાં આવી છે. જુદા જુદા મહાનુભાવોની તસ્વીર મૂકવામાં આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનની વાત નથી. તમારી લાગણી પત્ર લખીને મોકલી આપજો. આ રીતે ગૃહ ચાલે નહીં. આપ બેસી જાઓ. પ્લીઝ, આપ બેસી જાઓ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : એમાં બાબાસાહેબ આંબેડકરની તસ્વીર રાખવામાં આવી નથી. એમાં બાબાસાહેબ આંબેડકરનો અનાદર કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. પત્ર લખીને મોકલી આપજો. આપ ધ્યાન દોરજો. પ્લીઝ, ધ્યાન દોરજો. નેકસ્ટ. બેસી જાઓ. શ્રી પ્રવિણભાઇ બેસી જાઓ.

### ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭–૨૦૧૮ના નાણાકીય વર્ષનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.

## ફાલ્ગુન ૫, ૧૯૩૯ શાકે
## અંદાજપત્રની રજૂઆત

અંદાજપત્રની રજૂઆત

સન ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌરવવંતા સન્માનનીય સભાગૃહમાં સન ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય ધારાસભ્યશ્રીઓને આ સન્માનનીય સભાગૃહના સભ્યપદે ચૂંટાવા બદલ અભિનંદન આપું છું અને આશા રાખું છું કે આ બજેટ દ્વારા ગુજરાતની સવા છ કરોડ જનતાની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને જરૂરિયાતો આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત દોઢ દાયકાના ટૂંકા ગાળામાં ગુજરાતે વિકસિત અને વસવાટ માટેના "આદર્શ સ્થાન" તરીકેનીઓળખપ્રસ્થાપિત કરી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખૂબ ટૂંકા સમયમાં ભારતની છબી વધુ ઉજ્જવળ કરી છે અને પરિણામે આજે દુનિયાભરના દેશો અને નામાંકિત અગ્રણીઓએ ભારતની પ્રગતિશીલ દેશ તરીકે નોંધ લીધી છે. દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે માનનીયશ્રી નરેન્દ્રભાઇએ "એક રાષ્ટ્ર, એક કર" અંતર્ગત દેશભરમાં GST લાગુ કરી કરમાળખામાં ઐતિહાસિક સુધારણા કરી છે. તેઓના સંગીન દૂરંદેશી પગલાંના જ પરિણામે જગવિખ્યાત મૂડીઝની ક્રેડીટ રેટીંગ એજન્સીએ ભારતના રેટીંગમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. વર્લ્ડ બેન્કના સરવે રિપોર્ટ – ડૂઇંગ બિઝનેસ: ૨૦૧૮ મુજબ ભારતનો ક્રમ ૧૩૦થી આગળ વધીને આજે ૧૦૦મો થયો છે. કોઇપણ દેશના રેન્કીંગમાં આ પ્રકારનો સુધારોઅભૂતપૂર્વ છે.આમ, અત્યંત ટૂંકા ગાળામાં દેશનું અર્થતંત્ર મજબૂત બન્યું છે. દેશના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતનો તેમાં વિશેષ ફાળો રહ્યો છે. દેશની જનસંખ્યાના પાંચ ટકા વસ્તી ધરાવતું ગુજરાત દેશના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં ૭.૬ ટકાનું નોંધપાત્ર યોગદાન આપે છે, જેના પરિણામે ગુજરાતના સમૃદ્ધ અર્થતંત્રની ચર્ચા પણ દુનિયાના ફલક પર થાય છે. દેશના અર્થતંત્રની સાથે કદમતાલ મિલાવતાં ગુજરાતનું અર્થતંત્ર પણ ઉત્તરોત્તર વધુ મજબૂત બનતું જાય છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળ શરૂ થયેલી વિકાસની સફર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાની હેઠળ આગળ વધી રહી છે.અમારી સરકારની નીતિઓ અને વિકાસ એક સિક્કાની બે બાજુઓ છે. તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીઓના પરિણામ દ્વારા રાજ્યના નાગરિકોએ સરકારની ૨૨ વર્ષની વિકાસયાત્રાને મહોર મારી છે. અમારી સરકાર,આ ક્ષણે આ સમર્થન અને લોકભાગીદારી માટે રાજ્યના દરેક નાગરિકનું ઋણ સ્વીકાર કરે છે.

અમારી સરકારે છેવાડાના માનવી સુધી પાયાની સવલતો પહોંચાડવાની સાથેવૈશ્વિક સ્તરની મજબૂત આંતર માળખાકીય સુવિધાઓનું નિર્માણ કર્યું છે. આવા મજબૂત પાયા ઉપર ગુજરાત જ્યારે વિકાસના પથ ઉપર અગ્રેસર છે, ત્યારે ગુજરાત અદ્યતન વાહન વ્યવહારની સુવિધાઓ, નદીઓના જોડાણ,સિંચાઇની સુવિધાઓ,ગુણવત્તાયુક્ત પાણી પૂરવઠો,પરવડે તેવી કિંમતે આવાસ,પોષણ,આરોગ્ય, શિક્ષણ,કૃષિમાં મૂલ્યવૃદ્ધિ,ખેડૂત કલ્યાણ અને યુવાઓ માટે રોજગારીની પૂરતી અને ઉત્તમ સુવિધાઓસાથે નિવાસ માટેના સૌથી સાનુકૂળ પ્રદેશ તરીકે નવા શિખરો સર કરશે. ગુજરાત સામાજિક અને આર્થિક રીતે વૈવિધ્ય ધરાવતા તમામ વર્ગો માટે શ્રેષ્ઠ કર્મભૂમિ બની રહેશે.

સવા છ કરોડ ગુજરાતીઓની ક્ષમતાઓ સોળે કળાએ ખીલી ઉઠે તેનો રોડ-મેપ આગામી વર્ષનું અંદાજપત્ર છે. "સૌનો સાથ સૌનો વિકાસ" માનનીય વડાપ્રધાનશ્રીએ સમગ્ર દુનિયાને આપેલ મહામૂલો સંદેશ છે, જેના અમલ થકી રાજ્યની સમગ્ર પ્રજાના સર્વાંગીણ વિકાસના લક્ષ્યને પાર પાડવામાં અમે કોઇ કસર રાખી નથી.

માનનીય અધ્યક્ષશ્રી,વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર રજૂ કરતાં પહેલા, ગુજરાત રાજ્યની નાણાકીય સધ્ધરતા અને નાણાકીય શિસ્તપાલન દ્વારા જે ઉપલબ્ધિઓ મેળવી છે,તે સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવા માંગું છું.

ગત વર્ષોમાં આપણે રાજવિત્તીય જવાબદારી અધિનિયમના તમામ પરિમાણોનું અનુપાલન કર્યું છે એટલું જ નહીં, પરંતુ તેમાં આપણો દેખાવ ઉત્તરોત્તર સુધરતો રહ્યો છે. વર્ષ ૨૦૧૫-૧૬માં રાજ્યની મહેસૂલી પુરાંત રૂ.૧૭૦૪ કરોડ હતી, જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ.૫૯૪૭ કરોડ રહેવા પામેલ છે, જેનો ઉપયોગ વિકાસલક્ષી મૂડી ખર્ચમાં કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માંરાજકોષીય ખાધ રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના ૨.૨૪% હતી,જે ઘટીને વર્ષ ૨૦૧૬-૧૭ માં રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના ૧.૪૨% રહેવા પામેલ છે.જેનાથી ફલિત થાય છે કે રાજ્યની આવકમાં વધારો થયો છે, જેના કારણે રાજ્યના વિકાસ માટે બહારથી નાણા ઊભા કરવા પડતા હતા તે ઓછા પ્રમાણમાં ઊભા કરવા પડે છે. પરિણામે રાજ્ય પર વ્યાજ અને લોનની મુદ્દલ ચૂકવણીનું ભારણ ઘટે છે.

ભારત સરકાર અને રિઝર્વ બેન્કના નિયમો પ્રમાણે રાજ્યની રાજકોષીય ખાધ (fiscal deficit) ઘરગથ્થુ ઉત્પાદનના વધુમાં વધુ ત્રણ ટકા સુધી લઇ જઇ શકાય છે. પરંતુ, આપણા ઉત્તમ નાણાકીય વ્યવસ્થાપનઅને લોન ઉપરનો મદાર ઘટાડવાના પરિણામે,વર્ષ ૨૦૧૬-૧૭ની રાજકોષીય ખાધ ફક્ત ૧.૪૨ ટકારહી છે. રાજકોષીય ખાધની આ ટકાવારી અત્યાર સુધીની સૌથી ઓછી ટકાવારી છે.અમને વિશ્વાસ છે કે,ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પણ રાજવિત્તીય જવાબદારી અધિનિયમના તમામ માપદંડો જળવાઇ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ જણાવતાં પણ આનંદ થાય છે કે, એપ્રિલ-૧૬ થી જાન્યુઆરી-૧૭ સુધીની વેરાકીય આવકની સરખામણીમાં એપ્રિલ-૧૭ થી જાન્યુઆરી-૧૮ સુધીની વેરાકીય આવકમાં ૨૦.૯૨ ટકા વૃદ્ધિદરથયો છે. આ ઉપરાંત, ઝડપી અંદાજો મુજબ, ચાલુ ભાવે રાજ્યનાએકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં(બજાર ભાવે)વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીએ વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૩ ટકાની વૃદ્ધિથઇ છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## અંદાજપત્રની રજૂઆત

આમ, અમારી સરકારે ગુજરાત રાજ્યને દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં સમૃદ્ધ અર્થતંત્ર પૂરું પાડ્યું છે. રાજ્યના આ મજબૂત અર્થતંત્ર અને વધેલી આવકોને ધ્યાનમાં રાખીને,૨૦૧૭-૧૮ અંદાજપત્રનું કદ રૂ.૧,૭૨,૧૭૯કરોડ છે,તેમાં વધારો કરી હું વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૧,૮૩,૬૬૬ કરોડનું અંદાજપત્ર રજૂ કરું છું.

સભાત્યાગ અંગે

અધ્યક્ષશ્રી : (અંતરાય) સાંભળી તો લો. બજેટ ઉપર બધાને તક મળશે. (અંતરાય સતત સૂત્રોચ્ચાર ) આપ સૌ સભાસદોને વિનંતી આપ સૌ બેસી જાવ. (અંતરાય) મોહનસિંહભાઇ બેસી જાવ. તમામને વિનંતી કરું છું કે આપ સૌ બેસી જાવ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ જુઓ સાહેબ, આને બહાર કાઢો.

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ રીબડીયાને ગૃહમાંથી તાત્કાલિક દૂર કરવામાં આવે છે. એમને સાચવીને લઇ જાવ. સભાગૃહમાં આ દેખાવો ઠીક નથી. આપ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, નર્મદા યોજના અમે પૂરી કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાશ્રી (સતત અંતરાય અને સૂત્રોચ્ચારો) બધા બેસી જાવ. બધા બેસી જાવ. આપ સૌને વિનંતી.

(આ તબક્કે વિપક્ષના સભ્યશ્રી માનનીય હર્ષદભાઇ રિબડિયા વેલમાં ધસી આવતા અધ્યક્ષશ્રી દ્વારા નેઇમ કરવામાં આવ્યા તેમજ તેમને સભાગૃહમાંથી બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ આપવમાં આવ્યો. કોંગ્રેસના હાજર રહેલા તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહનો ત્યાગ કરી ગયા. )

અધ્યક્ષશ્રી : માનનીય સભાસદો તમામને વિનંતી છે કે આપ બેસી જાવ. એ લોકો શાંતિથી જઇ રહ્યાં છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અનેસહકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ જોગવાઇ રૂ.૬૭૫૫ કરોડ.

ખેડૂતોને પૂરતી વીજળી, પાણી અને ખાતર જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત વીમાનું રક્ષણ મળવાથી ગુજરાતની ખેતી અને ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. રાજ્ય સરકારે ખેડૂતોને પાકોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે અનેકવિધ આયોજનો કર્યા છે. રાજ્યના ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીની નીતિ હેઠળ મગફળીઅને કપાસ જેવાવિવિધ પાકોમાં સહાય આપવામાં આવે છે. આ ઉપરાંતટામેટા અને બટાકાના ભાવ નીચા જાય તેવા કિસ્સામાં ખેડૂતોના હિતમાં વાહતુક સબસીડી અને ડુંગળીના પાકમાં ઉત્પાદન સહાય આપવામાં આવે છે, જે સરકારના ખેડૂતલક્ષી અભિગમને પૂરવાર કરે છે.

પાક વીમા નિધિસહિતપ્રધાનમંત્રી ફસલ વીમા યોજના,ખેડૂત અકસ્માત વીમો,ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિ ક્ષેત્રના જોખમોને પહોંચી વળવા અમારી સરકાર દ્વારા રૂ.૧૧૦૧ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

ખેડૂતોની પ્રગતિ અને કલ્યાણ અમારી પ્રાથમિકતા હોઇ,ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે પાક ધિરાણ મળે તે માટે જોગવાઇ રૂ.૫૦૦ કરોડ.

પાક કૃષિ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ અંતર્ગત:

- રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના અંતર્ગત રૂ.૩૯૫ કરોડની જોગવાઇ.
- કૃષિ યાંત્રિકીકરણમાટે કુલ રૂ.૨૩૫ કરોડની જોગવાઇ,જેઅંતર્ગત૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટરની ખરીદીમાં અને ૩૨,૦૦૦ ખેડૂતોને કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાંસહાય આપવામાં આવશે.
- અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિઅને નાના-સીમાંત ખેડૂતોને હેન્ડ ટૂલ્સ કીટમાં સહાય આપવા રૂ.૨૧ કરોડની જોગવાઇ.
- રાષ્ટ્રિય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ઘઉં, ચોખા, કઠોળ, બરછટ અનાજ અને કપાસ તથા શેરડીજેવા વાણિજ્યિક પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે કુલ રૂ.૭૨કરોડની જોગવાઇ.
- તેલીબિયાં પાકોનું ઉત્પાદન વધારવા નેશનલ મિશન ઓન ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત કુલ રૂ.૪૧કરોડની જોગવાઇ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ રૂ.૮૫ કરોડની જોગવાઇ, જે અંતર્ગત અંદાજીત ૧૪,૨૦૦ ખેત તલાવડી બનાવવામાં આવશે.
- ખેડૂતોનેવૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓનું માર્ગદર્શન આપવા કૃષિમહોત્સવ-૨૦૧૮ના આયોજન માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.
- ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરું પાડવા માટે રૂ.૨૮.૫૦ કરોડની

જોગવાઇ.

બાગાયતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટેની યોજનાઓ:

- કોલ્ડ સ્ટોરેજની સંગ્રહ ક્ષમતા ૨૩ લાખ મેટ્રીક ટનથી વધારીનેવર્ષ ૨૦૨૨ સુધીમાં ૩૦ લાખ મેટ્રીક ટન કરવાનું આયોજન છે. મલ્ટી કોમોડીટી કન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેક્નોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ.
- સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬–૨૧ અંતર્ગત એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા માટે રૂ.૩૪ કરોડની જોગવાઇ. આ યોજના અંતર્ગત ૪ ઈરેડિયેશન પ્લાન્ટ પણ ઊભા કરવાનું આયોજન છે.
- ઓપરેશન ગ્રીન લાઇનહેઠળ શાકભાજી અને ફળો માટે પ્રાઇમરી અને એડવાન્સ પ્રોસેસીંગ સુવિધા માટે ફેડેરેશનની સ્થાપના કરવા રૂ.૩૦ કરોડની જોગવાઇ, જેનાથી ખેડૂતોને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળશે.
- ખેડૂતોને શાકભાજી પાકોમાં વધારે ઉત્પાદન મળી રહે તે આશયથી કાચા, અર્ધ પાકા અને પાકા ટ્રેલીઝ મંડપ કાર્યક્રમ હેઠળ રૂ.૨૫ કરોડની જોગવાઇ, જેના અંતર્ગત ૭૦૦૦ હેક્ટરમાં કુલ ૧૪૦૦૦ ખેડૂતોને લાભ મળશે.
- સેન્ટર ઓફ એક્સેલન્સ યોજના અંતર્ગત ૩ કેન્દ્રો કાર્યરત થઇ ગયેલ છે. અન્ય ચાર કેન્દ્રોનું કામ આગળ ધપાવવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
- મધમાખી ઉછેર પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે જોગવાઇ રૂ.૧ કરોડ,જેનાથી આશરે ૨૦૦૦ ખેડૂતોને લાભ થશે.

કૃષિ યુનિવર્સિટીઓમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનીવિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા રૂ.૭૦૨કરોડની જોગવાઇ.

૩૨,૮૬૨હેકટરવિસ્તારમાંજમીનઅનેજળસંરક્ષણનીતેમજ ક્ષારીયઅનેભાષ્મિકજમીનોનીસુધારણાનીકામગીરી માટે રૂ.૫૪૮ કરોડનીજોગવાઇ. જેનાથી અંદાજીત૨૪૯.૨૫લાખઘનમીટરવરસાદીપાણીનોસંગ્રહ થશે. જેમાં,

  - પાકના રક્ષણ માટે ખેડૂતોના ખેતરમાં૯૭.૫૦ લાખ રનીંગ મીટર તારની વાડ બનાવવામાં આવશે, જેના માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઇ.
  - જળ સંગ્રાહકના કામોમાં ૨૮૯૬ખેતતલાવડી,૮૬૦ સીમ તલાવડી,૧૯૦૦ જળ સંગ્રાહક સ્ટ્રક્ચર,૨૧૬પરકોલેશન ટેન્ક અને ૨૮૮ ગામ તળાવ ઊંડા કરવામાં આવશે.
  - ૨૮૧૩ખેડૂતોના ખેતરમાં પાણી સંગ્રહ સ્રોત ઊભા કરવામાં આવશે.

પશુપાલન અને ડેરી: ગુજરાત રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું પ્રદાન છે. ખેતી સાથે સંકળાયેલ રાજ્યના લાખો કુટુંબો માટે પશુપાલનનો વ્યવસાય આર્થિક ઉપાર્જન માટેનો સચોટ અને સરળ વિકલ્પ છે.

- બે નવી વેટરનરી પોલિક્લિનિકતથા હયાત પશુ સારવાર સંસ્થાના નવા બાંધકામ અને નવીનીકરણ માટે રૂ.૨૩ કરોડની જોગવાઇ.
- કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘો તેમજ ડેરી વિકાસ યોજના માટે રૂ.૨૫ કરોડનીજોગવાઇ.
- ગ્રામ્ય દૂધ ઉત્પાદકસહકારી મંડળીઓને તથા સભાસદ પશુપાલકોને વિવિધ સાધન–સામગ્રીની ખરીદી પર સહાયઆપવા રૂ.૩૬ કરોડની જોગવાઇ.
- નેશનલ લાઇવ સ્ટોક મિશન માટે રૂ.૩૪ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવારયોજના માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ.
- કામધેનુ યુનિવર્સિટી માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.
- રાજ્યના તમામ જિલ્લાઓમાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સસેવા શ રૂ કરવામાં આવશે,જે માટે રૂ.૨૬ કરોડની જોગવાઇ.
- ૪૪૯૭ પશુ આરોગ્ય મેળાના આયોજન માટે રૂ.૪.૫૦ કરોડની જોગવાઇ.

ગૌ–શાળાઅને પાંજરાપોળની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા તથા ગીર અને કાંકરેજ ગાયનાકૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓની જાળવણીમાટે રૂ.૪૪ કરોડની જોગવાઇ.

મત્સ્યોદ્યોગ : ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં અગ્રીમ સ્થાન ધરાવે છે અને દરિયાઇ મત્સ્યપેદાશની નિકાસદ્વારા રૂ.૩૫૦૦ કરોડથી વધારે વિદેશી હૂંડિયામણ મેળવતુંઅગ્રેસર રાજ્ય

છે.

- યુરોપિયન યુનિયનના નવા ધોરણો મુજબ ગુજરાતના નવા મત્સ્ય બંદરો જેવાં કે માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર અને સૂત્રાપાડા ખાતે માળખાકીય સુવિધાઓના નિર્માણ અને હયાત મત્સ્ય બંદરો ખાતેની માળખાકીય સુવિધાઓની સુધારણા માટે કુલ જોગવાઇ રૂ.૨૮૦ કરોડ.
- હાઇ સ્પીડ ડીઝલ ઓઇલ પરની વેરામાફીની યોજના પેટે જોગવાઇ રૂ.૧૦૨ કરોડ.
- માછીમારોને ડીપ–સી ફીશીંગઅને અન્ય ઘટકો માટે સહાય આપવા નીલ ક્રાંતિ હેઠળ જોગવાઇ રૂ.૬૫ કરોડ.
- બળતણનો ખર્ચ ઘટે અને પ્રદૂષણ ઓછું થાય તેવા આધુનિક એન્જિનની ખરીદી પરમાછીમારોને સહાય આપવા માટે નવી યોજના અમલમાં મૂકવામાં આવશે, જેના માટે જોગવાઇ રૂ.૧૦ કરોડ.
- નવા મત્સ્ય તળાવોના બાંધકામ ઉપર સહાય આપવા રૂ.૩ કરોડની જોગવાઇ.
- મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે "સેન્ટર ઓફ એક્સેલન્સ"ની સ્થાપના કરવા રૂ.૧.૩૨ કરોડની જોગવાઇ.
- માછીમાર કુટુંબને જૂથ અકસ્માત સહાય યોજના માટે રૂ.૬૦ લાખની જોગવાઇ.

સહકાર

- પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ(પેક્સ)ના કોમ્પ્યુટરાઇઝેશન તથા બેન્કો સાથે કોર–બેન્કિંગ સિસ્ટમથી જોડવા માટે રૂ.૭૦ કરોડની જોગવાઈ.
- કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત રાજ્યની બજાર સમિતિઓમાં આધુનિક તથા પાયાની માળખાકીય સુવિધા ઊભી કરવાસહાય આપવા જોગવાઇ રૂ.૨૫ કરોડ.
- વ્યક્તિગત ખેડૂત,સહકારી સંસ્થા અને બજાર સમિતિને ગોડાઉન બાંધકામ માટેનીસહાય યોજના અંતર્ગત રૂ.૧૧ કરોડની જોગવાઇ.
- ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજ સહાય,રાહત અને લિક્વિડીટી સપોર્ટલોન આપવા કુલ રૂ.૧૪.૫૦ કરોડની જોગવાઇ.

યુવા રોજગારી અને સશક્તિકરણ

ગુજરાતનો યુવાન ભવિષ્યનું ગુજરાત છે. નયા ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના યુવાનો–યુવતીઓને પૂરતી તકો મળવી જરુરી છે. ગુજરાત એ તકોની ધરતી –લેન્ડ ઓફ ઓપર્ચ્યુનીટી – છે. દરેક વ્યક્તિને તમામ પ્રકારની તકો મળી રહે તે માટે અમારી સરકાર કટિબદ્ધ છે. તેથી આ વખતના અંદાજપત્રમાં યુવાઓને રોજગાર અને વ્યવસાયની વ્યાપક તકો પ્રાપ્ત થાય તે માટે કુલ રૂ.૭૮૫ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનાથી ૩.૫૦ લાખ યુવાઓને રોજગારીની તકો ઉપલબ્ધ થશે. આ ઉપરાંત,ચાર લાખ યુવાઓને રોજગાર ભરતીમેળાના માધ્યમથી ખાનગી એકમોમાં રોજગારી ઉપલબ્ધ થશે.

- મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના: જે યુવાનો અને યુવતીઓ એપ્રેન્ટીસ કાયદા હેઠળ આવરી લીધેલ કારખાનાં, હોટલો, હોસ્પિટલો, ટ્રાન્સપોર્ટ, બેન્કો, ખાણ ઉદ્યોગ, આઇ.ટી. ઉદ્યોગ, ફાઇનાન્સિયલ સર્વિસીસ વગેરે જેવા વ્યાપક રોજગારી આપતાં એકમોમાં એપ્રેન્ટીસ તરીકે જોડાશે, તેમને જે–તે કંપનીના વળતર ઉપરાંત ગુજરાત સરકાર તરફથી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત એક વર્ષ સુધી પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવશે.
  આ યોજના હેઠળ,સ્નાતક યુવાઓને માસિક રૂ.૩૦૦૦, ડિપ્લોમા ધારકને માસિક રૂ.૨૦૦૦ અને અન્યોને માસિક રૂ.૧૫૦૦ આપવામાં આવશે, જેના માટે રૂ.૨૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત સરકારની આ સહાય ઉપરાંત જે એકમોને એપ્રેન્ટીસ એક્ટ અન્વયે ભારત સરકાર તરફથી માસિક રૂ.૧૫૦૦ની સહાય આપવામાં આવે છે તે પણ મળવાપાત્ર થશે. આ યોજના અંતર્ગત એક લાખ યુવાઓને સહાય આપવામાં આવશે.

- પશુ ફાર્મની સ્થાપનાઃ યુવાવર્ગ પશુપાલનના વ્યવસાયને અપનાવવા માટે પ્રેરાય અને સ્વ–રોજગારીની વધુ તકો ઊભી થાય તે માટે ૧૨ દૂધાળા પશુ ફાર્મની સ્થાપના માટે એક ફાર્મદીઠ રૂ.૩ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આવા કુલ ૫૦૦૦ ફાર્મની સ્થાપના માટે પ્રથમ વર્ષે સહાય આપવા પેટે રૂ.૧૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનાથી આશરે ૨૫,૦૦૦ વ્યક્તિઓને રોજગારી ઉપલબ્ધ થશે.

- મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાઃઅંદાજે ૫૦,૦૦૦ જેટલા ગ્રામીણ વિસ્તારના કુશળ અને અર્ધ–કુશળ શ્રમિકો તથા લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોને મદદ કરી ગ્રામીણ વ્યવસાયો જેવા કે વેલ્ડીંગકામ, સુથારીકામ, લુહારીકામ, માટીકામ, મોચીકામ, દરજીકામ, હેરકટીંગ સલૂન,હસ્તકલા,ખાદી એકમો વગેરેને સાધન સહાય આપવાના હેતુથી અમારી સરકાર દ્વારા નવી મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અંતર્ગત ૬ ટકા સુધીની વ્યાજ સબસીડી આપવામાં આવશે. આ ઉપરાંત, મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને દિવ્યાંગને ૨ ટકા વધારાની વ્યાજ સહાય આપવામાં આવશે, જેના માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ.
- શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ ૪૦,૦૦૦ લાભાર્થીઓને ઉદ્યોગ,સેવા અને વેપાર – એમ ત્રણે ક્ષેત્રમાં રૂ.૮ લાખ સુધીના ધિરાણ સામે ૨૦ ટકાથી ૪૦ ટકા સુધીની કેપીટલ સબસીડી આપવામાં આવે છે, જેના માટે રૂ.૧૯૭ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના નિગમો દ્વારા અંદાજે ૫૦૦૦ લાભાર્થીઓને સ્વ–રોજગાર અને નાના–પાયાના રોજગાર શ રૂ કરવા માટે ધિરાણ આપવામાં આવશે, જેના માટે કુલ જોગવાઇ રૂ.૫૦ કરોડ.
- એપરલ એન્ડ ગારમેન્ટ પોલિસી અંતર્ગત સ્થાપવામાં આવેલા એકમોમાં કામ કરતાં પુરુષ કામદારોને માસિક રૂ.૩૨૦૦ અને મહિલા કામદારોને માસિક રૂ.૪૦૦૦આંશિક વેતન રાજ્ય સરકાર તરફથી પાંચ વર્ષ માટે આપવામાં આવશે, જેના થકી આગામી પાંચ વર્ષમાં લગભગ એક લાખ વ્યકિતઓને રોજગારી આપવાનું લક્ષ્યાંક છે.
- આગામી વર્ષમાં સરકારના વિવિધ વિભાગોમાં અંદાજીત ૩૦,૦૦૦ નવી ભરતી કરવામાં આવશે. જેથી યુવાનોને સરકારી સેવામાં જોડાવાની વિપુલ તકો ઉપલબ્ધ થશે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને ઔદ્યોગિક એકમોને એક મંચ પર ભેગા કરવાનારોજગાર ભરતીમેળાના આયોજનને નોંધપાત્ર સફળતા મળી છે. આગામી વર્ષે તાલુકા કક્ષાથી રાજ્ય કક્ષા સુધીના ભરતી મેળાઓનું આયોજન કરવા માટે જોગવાઇ રૂ.૫ કરોડ,જેમાં મહિલાઓ તથા દિવ્યાંગો માટે ખાસ રાજ્ય અને જિલ્લા કક્ષાના ભરતીમેળા પણ યોજવામાં આવશે,જેમાં અંદાજે ચાર લાખ લોકોને ખાનગી એકમોમાં રોજગારી ઉપલબ્ધ થશે.
- માનવ કલ્યાણ યોજના અન્વયે ૮૪,૦૦૦ લાભાર્થીઓને ધંધા–રોજગાર માટે રૂ.૨૦,૦૦૦ સુધીની ટૂલ–કીટ વિના મૂલ્યે પૂરી પાડવા માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ

શ્રમ અને રોજગાર

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૭૩૨કરોડ.

- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં નવીન ટેકનોલોજી આધારિત મશીનરી,સાધનોની ખરીદી કરવા રૂ.૪૦ કરોડની જોગવાઇ.
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પોતાના મકાનમાં કાર્યરત થાય અને NCVT મારફતે બધા જ ટ્રેડનું એફીલીએશન મળે તે હેતુથી, પોશીના, જોટાણા, વાગદોડ, વઘઇ, સૂઇગામ, સુબીર, ગીરગઢડા, વિજયનગર અને ધોલેરા એમ કુલ ૯ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના મકાન બાંધવા રૂ. ૨૨ કરોડની જોગવાઇ.
- શ્રમિક અન્નપૂર્ણા યોજનાને મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ વધુ શ્રમિકોને આ યોજનાનો લાભ પહોંચાડવા હાલના ૮૭ ભોજન કેન્દ્રો ઉપરાંત વધુ નવા ૫૧ ભોજન કેન્દ્રો શ રૂ કરવા સહિત કુલ રૂ.૮૦ કરોડની જોગવાઇ.
- શ્રમયોગીઓના આરોગ્યની તપાસણી માટે ૨૨ નવા ધન્વંતરીઆરોગ્ય રથની સેવાઓ શ રૂ કરવા સહિત કુલ જોગવાઇ રૂ.૧૮ કરોડ.
- નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓને સ્ટીલના વાસણોનો સેટ આપવા રૂ.૧૦ કરોડની જોગવાઇ
- બાંધકામ શ્રમિક ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડર અને સગડી આપવા રૂ.૧૦ કરોડની જોગવાઇ.

શિક્ષણ

શિક્ષણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૨૭,૫૦૦ કરોડ.

ખાનગી શાળાઓમાં ફી નિર્ધારણની કોઇ કાયદાકીય જોગવાઇ ન હોવાથી અમારી સરકારે આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવાના ઉમદા હેતુથી ફી નિર્ધારણ કાયદો અમલી બનાવ્યો છે. તેના પરિણામે મધ્યમ અને ગરીબવર્ગના બાળકો પણ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરી શકે છે.આમ,દેશભરમાં ફી નિયમન ક્ષેત્રે ગુજરાત રાહબર બન્યું છે. પ્રવેશોત્સવ,ગુણોત્સવ,જ્ઞાનકુંજ,નમો ટેબ્લેટસહાય,રાઇટ ટુ એજ્યુકેશન કાયદાનો કડક અમલ,પાઠ્યપુસ્તકોની સહાય,વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે શિક્ષણ,વિદ્યાલક્ષ્મી બોન્ડ,મુખ્ય મંત્રી સ્વાવલંબન યોજના વગેરે યોજનાઓથી શિક્ષણ વ્યાપક અને ગુણવત્તાયુક્ત બન્યું છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અંદાજપત્રની રજૂઆત

પ્રાથમિકઅને માધ્યમિક શિક્ષણ અંતર્ગત –

- બાળકો માટે આશીર્વાદ રૂપ મધ્યાહન ભોજન યોજના અંતર્ગત કુલ જોગવાઇ રૂ.૧૦૮૧ કરોડ.
- પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડોના બાંધકામ માટે રૂ.૬૭૩ કરોડની જોગવાઇ.
- ધોરણ ૮ પાસ કર્યા બાદ કન્યાઓ ડ્રોપ આઉટ ન થાય તે હેતુથી ધોરણ ૯ અને ધોરણ ૧૦ માટે નિવાસી વ્યવસ્થા ઊભી કરવા માટે રૂ.૬૯ કરોડની જોગવાઇ, જેનાથી ૬૪૭૫ કન્યાઓને લાભ થશે.
- ૧૪ આદિજાતિ જિલ્લાના આશરે ૫.૧૫ લાખ વિદ્યાર્થિનીઓના વાલીઓને અન્ન ત્રિવેણી યોજના હેઠળ અનાજ પૂરું પાડવા રૂ.૬૮ કરોડની જોગવાઇ.
- ધોરણ ૬ થી ૮ના બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મકતા અને કલ્પનાશક્તિ તથા વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા માટે તાલુકાદીઠ ૫ શાળા લેખે રાજ્યની ૧૨૫૦ શાળાઓમાં સાયન્સ સેન્ટર ઊભા કરવા રૂ.૩૭.૫૦ કરોડની જોગવાઇ.
- ગયા વર્ષથી અમારી સરકાર દ્વારા"જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે, જેનાથી શિક્ષણ રસપ્રદ અને ગુણવત્તાયુક્ત બન્યું છે. ખાસ કરીને ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોની સમજ વિદ્યાર્થીઓમાં વધુ સારી રીતે કેળવાય છે. આમ,આ પ્રોજેક્ટનો વ્યાપ વધારવાના હેતુથી ૪૦૦૦ શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના ૮૦૦૦ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અને NCERT આધારિત ધોરણ ૫ થી ૮ના અભ્યાસક્રમના ઇ–કન્ટેન્ટ વિકસાવવા માટે રૂ.૩૦કરોડની જોગવાઇ. "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટનો લાભ ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ તથા ઇ–કન્ટેન્ટનો લાભ ૫૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને મળશે.
- ધોરણ ૩ થી ૮ના ૪૨ લાખ બાળકોને ગણિત વિષયની અને ધોરણ૬ થી૮ના ૨૧ લાખ બાળકોને વિજ્ઞાન વિષયની પાયાની સંકલ્પનાઓ શીખવા માટે મહાવરો મળે તે હેતુથી વિનામૂલ્યે વર્કબુકપૂરી પાડવા રૂ.૧૫ કરોડની જોગવાઇ.
- પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશિક્ષકોનેવિવિધ વિષયોની તાલીમ આપવા માટે રૂ.૧૩ કરોડનીજોગવાઇ.

દૂધ સંજીવની યોજના:

આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો તેમજ ધાત્રી માતાઓસહિત અંદાજીત ૨૯.૮૧ લાખ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફતફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે કુલ રૂ.૩૭૭ કરોડની જોગવાઇ.

ઉચ્ચ શિક્ષણઅંતર્ગત –

- ગત વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦ના ટોકન દરે ટેબ્લેટ આપવાની યોજના વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે. આગામી વર્ષે અંદાજે ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા માટે કુલ જોગવાઇ રૂ.૧૫૦ કરોડ.
- સરકારી યુનિવર્સિટી તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા,નવા બાંધકામ અને હયાત બાંધકામની સુધારણા માટે રૂ.૨૫૭ કરોડની જોગવાઇ.
- ગુજરાત યુનિવર્સિટી ખાતે રિસર્ચ પાર્ક સ્થાપવા માટે જોગવાઇ રૂ.૪૨ કરોડ.
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વ્યવસાય અને વ્યવહારલક્ષી સોફ્ટ સ્કીલ્સની તાલીમ આપી વિદ્યાર્થીઓની રોજગારલક્ષી કુશળતામાં વધારો કરવા ફીનિશીંગ સ્કૂલ હેઠળ રૂ.૧૧ કરોડની જોગવાઇ.
- ડીજીટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં ડીજીટલ ગેપની પૂર્તતા માટે ડીજીટલ ક્લાસ રૂમ ઊભા કરવા, ઇ–લાઇબ્રેરીના નિર્માણ, સરકારી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ ખાતે NAMO Wi-Fiસુવિધાનો વ્યાપ વધારવા વગેરે માટે કુલ જોગવાઇ રૂ.૩૦ કરોડ.
- એન્જિનિયરીંગ,ડિઝાઇન અને આંત્રપ્રિન્યોરશીપને સપોર્ટ કરતી આધુનિક મેકર્સ લેબની ૩ પ્રાદેશિક અને એક સેન્ટ્રલ પ્રયોગશાળાના નિર્માણ માટે કુલ રૂ.૬ કરોડની જોગવાઇ
- રાજ્યની સરકારી ઇજનેરી કોલેજ ખાતે એરોસ્પેસ, ડીફેન્સ અને નવા શ રૂ થનાર અભ્યાસક્રમો માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી હેઠળ નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાતખાતે નવું હબ સ્થાપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.
- GTUના નવા કેમ્પસના વિકાસ માટે પ્રારંભિક રૂ.૧૩ કરોડની જોગવાઇ.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો,ગણવેશ, ટ્યુશન ફી,ભોજનાલય અને છાત્રાલય વગેરે સુવિધાઓ પૂરી પાડવા માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ કુલ જોગવાઇ રૂ.૯૦૭ કરોડ, જેનાથી અંદાજીત ૧૪૦ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૯૭૫૦.૫૦કરોડ.

નાગરિકોનું સારું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી સમાજની પ્રગતિનું પ્રથમ પગથિયું છે. રાજ્યનો કોઇપણ નાગરિક આર્થિક સંકડામણના કારણે આરોગ્ય સેવાથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શ રૂ કરવામાં આવેલ મુખ્યમંત્રી અમૃતમ (મા) અને મા–વાત્સલ્ય યોજના,બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, મફત દવાઓ જેવી અનેક યોજનાઓનો લાભ ગુજરાતની જનતાને મળેલ છે. આ ઉપરાંત,રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો અને વિદ્યાર્થીઓને સરકારી સંસ્થાઓમાં વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે.

આજના સમયમાં દવાઓ અને ઓપરેશનોના મોટા ખર્ચના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબના યુવાનોને તેમના વડીલો, માતા–પિતા, સિનિયર સિટીઝનની સારવારનો ખર્ચ ખૂબ જ ચિંતાનો વિષય બને છે અને ઘણી વખત નાણાકીય અક્ષમતાના કારણે વડીલોની સારવાર થઇ શકતી નથી. આવા સંજોગોમાં અમારી સરકાર તેમના પડખે આધાર બનીને ઊભી રહે છે. મને જાહેર કરતાં આનંદ થાય છે કે રાજ્યના સિનિયર સિટીઝનને જ રૂરિયાત પ્રમાણે ઉચ્ચ કક્ષાની વધુ સારી સારવાર મળી રહે તે માટે મા–વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારવામાં આવશે.

જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રે કુલ જોગવાઇ રૂ.૪૮૯૮કરોડ.

- ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને ગંભીર બિમારીની સારવારના ખર્ચમાં રાહત આપતી અત્યંત લોકપ્રિય મુખ્યમંત્રી અમૃતમ (મા) અને મા–વાત્સલ્ય યોજનાનો મધ્યમ વર્ગના વધુ લોકોને લાભ મળે તે માટે કુલ રૂ.૭૦૦ કરોડની જોગવાઈ કરેલ છે, જેની સાથે યોજનામાં –
    - વાર્ષિક આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખથી વધારીને રૂ.૩ લાખ કરવામાં આવશે.
    - હાલની સારવાર માટેની મર્યાદા રૂ.૨ લાખથી વધારીને રૂ.૩ લાખ કરવામાં આવશે.
    - વાર્ષિક રૂ.૬ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયરસિટીઝનને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.
    - કીડની,લીવરઅને પેન્ક્રીઆઝના પ્રત્યારોપણ માટે રૂ.૨ લાખ સુધી સહાય આપવામાં આવતી હતી,જેમાં વધારો કરી રૂ.૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે જેમાં દવાઓ સહિત ઓપરેશન ખર્ચ મળવાપાત્ર થશે.
    - આરોગ્યની સુવિધાઓ વધતાં તથા વધુ સ્વસ્થ જીવન મળવાના કારણે રાજ્યના નાગરિકોનું આયુષ્ય વધ્યું છે. તેથી ઉંમર લાયક વ્યક્તિઓની સંખ્યા પણ વધી છે. આવા વ્યક્તિઓમાંથી ઘણા લોકોને ઘુંટણ અને થાપાના હાડકાં બદલવાની આવશ્યકતા ઊભી થાય છે. તેથી તેમને પણ આર્થિક સહાય આપવાનો અમે નિર્ણય કર્યો છે. ની–રીપ્લેસમેન્ટ તથા હીપ–રીપ્લેસમેન્ટ માટે એક પગના ઓપરેશન દીઠ રૂ.૪૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે અને બે પગના ઓપરેશનના કિસ્સામાં રૂ.૮૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે.

  આ યોજનાના વ્યાપ વધારા અને અતિરિક્ત લાભોની જોગવાઇના પરિણામે અંદાજીત૬૦ લાખ પરિવારોને એટલે કે રાજ્યના ત્રણ કરોડ નાગરિકોને લાભો મળશે.
- પેટા આરોગ્ય કેન્દ્રથી માંડીને સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો સુધી ૨૫૦ થી ૬૪૨ પ્રકારની આરોગ્યરક્ષક દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા માટે કુલ જોગવાઈ રૂ.૪૭૦ કરોડ.
- મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત રાજયની આરોગ્ય સંસ્થાઓમાં જુદા–જુદા પ્રકારની ગુણવત્તાસભર ડાયગ્નોસીસ સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા માટે કુલ જોગવાઈ રૂ.૧૬૫ કરોડ.
- મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા,સીઝનલ ફ્લુ વગેરે રોગોના નિયંત્રણ માટે રૂ.૧૨૯ કરોડની જોગવાઇ.
- ઓછા વજન સાથે જન્મેલા બાળકો માટેની સફળ બાલસખા–૩ યોજનાનો વ્યાપ વધારી સમગ્ર રાજયમાં અમલ કરવા રૂ.૫૯ કરોડની જોગવાઈ.
- ૫૯૩ પેટા કેન્દ્રો, ૧૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રોનાં બાંધકામ માટે કુલ રૂ.૯૭ કરોડની જોગવાઈ.
- ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે બ્લડ સ્ટોરેજ યુનિટની સુવિધા માટે તથા ૭૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ફિઝીયોથેરાપીના સાધનો પૂરા પાડવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ.

- આશા બહેનોની કામગીરીને પ્રોત્સાહિત કરવા ઉત્તરોત્તર ઇન્સેન્ટીવમાં વધારો કરવામાં આવેલ છે,જે માટે કુલ જોગવાઇ રૂ.૨૪૨ કરોડ.
- ખિલખિલાટ સેવા દ્વારા નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા ૨૦૦ વાહનોની ખરીદી પેટે જોગવાઇ રૂ.૮ કરોડ.

તબીબી શિક્ષણ માટે કુલ જોગવાઈ રૂ.૩૪૧૩ કરોડ.

- મેડિકલ, પેરામેડિકલ,ડેન્ટલ ક્ષેત્રમાં શિક્ષણનો વ્યાપ ઉત્તરોત્તર વધારીને આજે રાજ્યમાં MBBS ની ૩૯૦૦, ડેન્ટલની ૧૨૪૦, અનુસ્નાતક અને અનુસ્નાતક ડીપ્લોમા તેમજ સુપર સ્પેશ્યાલિટીની કુલ ૨૧૭૬ બેઠકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી હસ્તકની સોલા તથા ગાંધીનગરની મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોનાં વિસ્તૃતિકરણ માટે કુલ જોગવાઈ રૂ.૧૧૫ કરોડ.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ''રેન બસેરા'' તથા પીડીયુ હોસ્પિટલ, રાજકોટ ખાતે ૫૦૦ બેડની ''મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ''ના બાંધકામ માટે કુલ જોગવાઈ રૂ.૪૬ કરોડ.
- રાજયની મોખરાની કીડની ઈન્સ્ટિટ્યુટ, કેન્સર ઈન્સ્ટિટ્યુટ અને કાર્ડીયોલોજી ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદને સુદ્રઢ કરવા, પીડિયાટ્રીક કાર્ડીયાક હોસ્પિટલ કાર્યરત કરવા, ગાંધીનગર, સુરત, રાજકોટ ખાતે કાર્ડીયાક સેટેલાઇટ સેન્ટર ઊભું કરવા તથા કીડની ઈન્સ્ટિટ્યુટ , અમદાવાદ ખાતે પરફ્યુઝન લેબોરેટરી, વગેરે માટે કુલ જોગવાઇ રૂ.૧૬૦ કરોડ.
- સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટોકસીકોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર માટે જોગવાઈ રૂ.૨ કરોડ.
- મેડિકલ કોલેજોમાં ''વર્ચ્યુઅલ કલાસ રૂમ'' માટે જોગવાઈ રૂ.૫ કરોડ.

તબીબી સેવાઓ માટે કુલ જોગવાઈ રૂ.૮૬૬ કરોડ.

- અકસ્માતોમાં પ્રથમ ''ગોલ્ડન અવર''માં આનુષંગિક આકસ્મિક સારવાર આપીને અમૂલ્ય જિંદગી બચાવવા માટેની વિશેષ યોજના પેટે રૂ.૩૦ કરોડની જોગવાઈ.
- સામૂહિક આરોગ્ય કેન્દ્રો ડાકોર, અંજાર, ઉના અને ઉચ્છલને ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ.
- નવજાત શિશુની નાજુક પરિસ્થિતિ સમયે ઉપસ્થિત થતી કટોકટી નિવારવા ઇન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે તમામ જિલ્લામાં નિયોનેટલ એમ્બ્યુલન્સ સર્વિસશ રૂ કરવા માટે રૂ.૩ કરોડની જોગવાઈ
- દરિયા કાંઠાના વિસ્તારોમાં બોટ એમ્બ્યુલન્સની સેવા શ રૂ કરવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ.
- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સખરીદવા માટે રૂ.૨૨કરોડની જોગવાઇ.
- ઈન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે ૧૫ નવી એમ્બ્યુલન્સખરીદવા માટે જોગવાઇ રૂ.૪ કરોડ.
- વયસ્ક વ્યક્તિઓની તબીબી ગૃહ મુલાકાત, ટ્રોમા કેર સેન્ટર,માનસિક આરોગ્ય હેલ્પલાઈન થકી માનસિક આરોગ્ય સારવાર, સમ–પરામર્શ સેન્ટર,કોગ્નિટીવ તેમજ ઇમોશનલ ડેવલપમેન્ટ ઓફ બેબી વગેરે માટે કુલ રૂ.૧૨ કરોડની જોગવાઈ.
- સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ''ગુજરાત પેરીનેટોલોજી ઇન્સ્ટીટ્યુટ'' શ રૂ કરવા માટે રૂ.૧ કરોડની જોગવાઈ.
- રાજ્ય સરકાર દ્વારા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત નવી ચેરીટેબલટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને પણ સહાય આપવાનું આયોજન છે, જેના માટે કુલ રૂ.૩૯ કરોડની જોગવાઇ.
- જનરલ હોસ્પિટલ નવસારી ખાતે નવું ઓ.પી.ડી. બિલ્ડીંગ તથા નર્સિંગ હોસ્ટેલનાબાંધકામ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.

ભારતીય તબીબી અને હોમિયોપેથિક પદ્ધતિના વિકાસ માટે કુલ જોગવાઈ રૂ.૩૧૫ કરોડ

- સૌથી જૂની અખંડાનંદ આયુર્વેદ હોસ્પિટલનું નવું બિલ્ડીંગ બનાવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- અંબાજી, દેવભૂમિ દ્વારકા, સોમનાથ, સાપુતારા, પાલીતાણા, માંડવી(કચ્છ), નવસારી,તિથલ, વલસાડ,વડનગર ખાતે આયુર્વેદ ટુરીઝમ માટે ''વેલનેસ સેન્ટર'' શ રૂ કરવા રૂ.૫ કરોડની જોગવાઈ.
- ૬ સરકારી આયુર્વેદ કોલેજોની પ્રવેશ ક્ષમતા ૬૦થી વધારી ૧૦૦ કરવા માટે રૂ.૨ કરોડની જોગવાઈ.
- આયુર્વેદ રસાયન ચિકિત્સા કાર્યક્રમ દ્વારા કુપોષણની સારવાર માટે રૂ.૧ કરોડની જોગવાઈ.

- ''આયુષથી આરોગ્ય'' મેળા યોજવા જોગવાઇ રૂ.૧.૭૦ કરોડ.

વિરામનો સમય રદ કરવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય રદ કરીને અંદાજપત્રનું વાંચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) અંદાજપત્રનું વાંચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મહિલા અને બાળકોના પોષણ અને સામાન્ય સુખાકારી માટે જોગવાઇ કુલ રૂ.૩૦૮૦ કરોડ.

મહિલાઓને પૂરતા પ્રમાણમાં રોજગારી મળી રહે,તેઓ આત્મનિર્ભર બને તેમજ સમાજમાં મહિલાઓનું દરેક જગ્યાએ પ્રતિનિધિત્વ જળવાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકારે બેટી બચાવો,ભરતીમાં ૩૩% આરક્ષણ,કન્યા કેળવણી,સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% અનામત,વિનામૂલ્યે શિક્ષણ અને અભયમ્ હેલ્પ લાઇન જેવી અનેક યોજનાઓ થકી મહિલા સશક્તિકરણની દિશામાં નક્કર આયોજન કરેલ છે.

- મને જણાવતાં આનંદ થાય છે કે,અમારી સરકાર દ્વારા આંગણવાડીના ત્રણ થી છ વર્ષના બાળકોને બે જોડી ગણવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,જેના માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ.
- મનરેગા હેઠળ આંગણવાડી કેન્દ્રોના ૨૦૦૦ મકાન,મુખ્યસેવિકાઓ માટે હેડ ક્વાર્ટર પર ૨૦૦ મકાનઅને ૧૨ સીડીપીઓ કચેરીઓના બાંધકામ માટે રૂ.૮૪ કરોડની જોગવાઇ.
- ૭૮૪ આંગણવાડીઓની સુધારણા અને ૪૧૭૫૮ આંગણવાડીઓની મરામત માટે રૂ.૨૯ કરોડની જોગવાઇ.
- તમામ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષની વયજૂથના ૨૯.૩૧ લાખ બાળકો,૧૨.૭૩ લાખ કિશોરીઓ અને ૭.૧૩ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર પૂરો પાડવા કુલ રૂ.૯૯૭કરોડની જોગવાઇ.
- ૧૧થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને ટેક હોમ રાશન માટે સબલા અને કિશોરી શક્તિ યોજના અંતર્ગત રૂ.૩૧૪ કરોડની જોગવાઇ.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત પ્રથમ વખતની સગર્ભા અને ધાત્રી માતાઓને રૂ.૫૦૦૦ ની સહાય આપવા માટે રૂ.૨૨૦ કરોડની જોગવાઇ.
- ૦ થી ૬ વર્ષના બાળકોમાં પોષણ સ્તર સુધારવા ૧૦ હાઇ બર્ડન જિલ્લાઓમાં નેશનલ ન્યુટ્રીશન મિશન અંતર્ગત રૂ.૨૯ કરોડની જોગવાઇ.
- આંગણવાડીના તમામ લાભાર્થીઓમાં સૂક્ષ્મ પોષક તત્વો જેવા કે આયર્ન અને આયોડીનની ઉણપ ન રહે તે માટે ડબલ ફોર્ટીફાઇડ મીઠું પૂરું પાડવા રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- બાળકોના અમૂલ્ય પ્રથમ ૧૦૦૦ દિવસને કેન્દ્રમાં રાખીને ૧૪ આદિજાતિ જિલ્લામાં ૨૪,૧૬૧ આંગણવાડી કાર્યકરોને શિશુ અને બાળ પોષણ આહારની તાલીમ આપવા રૂ.૭ કરોડની જોગવાઇ.
- ૯૩૨૫૯ આગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે રૂ.૫૦,૦૦૦ના જીવનવીમા કવચ માટે રૂ.૬ કરોડની જોગવાઇ.
- વિધવા તાલીમ યોજના અંતર્ગત ૧૮થી ૪૦ વર્ષની નિરાધાર વિધવા લાભાર્થીને તાલીમના અંતે રૂ.૫૦૦૦ની કિંમતની વ્યવસાય માટે કીટ આપવા રૂ.૧૩ કરોડની જોગવાઇ.
- મહિલા શક્તિ કેન્દ્ર, જેન્ડર રીસોર્સ સેન્ટર,મહિલા પોલીસ વોલેન્ટીયર,જેન્ડર સ્ટડી સેન્ટર,પોલીસ બેઇઝ સપોર્ટ સેન્ટર વગેરે માટે કુલ જોગવાઇ રૂ.૧૬ કરોડ.

ઉદ્યોગ અને ખાણ

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૪૪૧૦ કરોડ

અમારી સરકારે ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ એકમો(MSME)ના વિકાસ માટે વિશેષ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ અંતર્ગત પ્લાન્ટ અને મશીનરીમાં રૂ.૫૦ લાખ, રૂ.૨ કરોડ, રૂ.૧૦ કરોડ સુધીનું મૂડી રોકાણ ધરાવતા એકમોને સહાય પૂરી પાડવામાં આવે છે. આ માટે આગામી વર્ષે કુલ જોગવાઇ રૂ.૮૪૩ કરોડ કરવામાં આવી છે. હાલમાં મેન્યુફેક્ચરીંગ ઉપરાંત ૨૨ જેટલી સેવાકીય પ્રવૃત્તિઓ માટે પણ સહાય આપવામાં આવે છે, જે વધારીને હવે ૩૮ કરવામાં આવશે.

- કોમન ફેસિલિટી સહિતના ૧૦૦૦ "પ્લગ એન્ડ પ્રોડ્યુસ" બહુમાળી શેડનું માંગ આધારિત બાંધકામ કરવામાં આવશે,તે પૈકી ૧૦૦ શેડ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે અનામત રહેશે, જેના થકી નોંધપાત્ર સંખ્યામાં રોજગારીની તકો ઉપલબ્ધ થશે.
- ગત દોઢ દાયકામાં રાજ્ય સરકારે અર્થતંત્રના વૈવિધ્યીકરણ માટે આયોજનબદ્ધ પગલાં ભર્યા છે,જેના અનુસંધાને રાજ્ય સરકારદ્ધારા વિવિધ પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જેવી કે,ટેક્સટાઇલ પોલિસી, ગારમેન્ટ અને એપેરલ પોલિસી,સંરક્ષણ અને એરોસ્પેસ પોલિસીઅનેપ્લાસ્ટિક ઉદ્યોગ માટે સુધારેલ યોજનાઓ.જેના માટે કુલ જોગવાઇ રૂ.૮૫૦ કરોડ.
- ધોલેરા એસ.આઇ.આર. ના વિકાસ માટે રૂ.૨૮૦ કરોડની જોગવાઇ.
- "ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ(GARUD)"દ્વારા વૈશ્વિક કક્ષાની હોટેલ સુવિધાઓ સહિત ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકીકરણ સાથે મહાત્મા મંદિરની સુવિધાઓને સાંકળવામાં આવશે. જેનાથી ઉત્પાદકો અને નિકાસકારોને વૈશ્વિક કક્ષાના સંમેલન અને પ્રદર્શનની સુવિધાઓ ઉપલબ્ધ થશે,જેના માટે રૂ.૭૮ કરોડની જોગવાઇ.
- મજબૂત રોડ નેટવર્ક અને સુવિકસિત બંદરો સાથે સુસંગત આધુનિક રેલ–વેની સુવિધાઓ ઊભી કરવા G-RIDE નિગમ માટે રૂ.૨૬ કરોડની જોગવાઇ.
- MSME એકમો માટે સ્ટાર્ટ અપ ફંડની શ રૂઆત કરવા રૂ.૫૦ કરોડની જોગવાઇ.
- ગુજરાતનું યુવાધન રીસર્ચ અને ઇનોવેશન માટે પ્રેરાય તે હેતુથી સ્ટાર્ટ અપ પોલિસીઅંતર્ગત સહાય આપવા તેમજ રીસર્ચ લેબોરેટરીના સુદ્રઢીકરણ માટે કુલ રૂ.૧૮કરોડની જોગવાઇ.
- ઔદ્યોગિક એકમોમાં સંશોધન અને વિકાસ તથા નવા સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન આપી યુવાનોની કાર્યક્ષમતાનો ઉપયોગ કરવા માટે ખાનગી ધંધાકીય તથા શૈક્ષણિક સંસ્થા સાથેના જોડાણ દ્વારા સેન્ટર ઓફ એકસલન્સ ઇન્ક્યુબેશન અને ઇનોવેશન સેન્ટરની સ્થાપના માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- મીઠા ઉધોગના વિકાસ અને અગરિયાઓ માટેની કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા જોગવાઇ રૂ.૩૩ કરોડ.
- રીસર્ચ અને ઇનોવેશન દ્વારા યુવા સાહસિકોને પ્રોત્સાહન આપતી સંસ્થા iCreateમાટે કોર્પસ ફંડ પેટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.
- ખાણકામની નવી નીતિ અનુસાર ગ્રેનાઇટ, ચાઇના–કલે, બેન્ટોનાઇટ, બ્લેક–ટ્રેપ અને અન્ય ખનીજોના એક્સપ્લોરેશન સંબંધી કામગીરી માટે જોગવાઇ રૂ.૬.૫૦ કરોડ,જેનાથીરોજગારીની તકોમાં અને રાજ્યની રોયલ્ટીની આવકમાં વધારો થશે.

ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ હેઠળ જાપાન ઇન્ટરનેશનલ કો–ઓપરેશન એજન્સી (JICA)ના સહયોગથી રાજ્યના ઔદ્યોગિક માળખાના વિકાસ માટે અંદાજે રૂ.૯૭૫ કરોડના કામો આગામી ત્રણ વર્ષમાં હાથ ધરવામાં આવશે, જે પૈકી આગામી વર્ષ માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ.

કુટિર અને ગ્રામોધોગ

- રાજ્યમાં કુટિર અને ગ્રામોધોગ દ્વારા સ્વ–રોજગારીની તકો ઊભી કરવાની વિવિધ યોજનાઓ માટે રૂ.૪૫૦ કરોડની જોગવાઇ.
- કારીગરો દ્વારા ઉત્પાદિત માલના વેચાણ માટે માર્કેટિંગ સપોર્ટ માટે કુલ રૂ.૧૬.૫૦કરોડની જોગવાઇ.
- ખાદી ક્ષેત્રના ઉત્તેજન માટે વિવિધ સહાય યોજનાઓ માટે કુલ રૂ.૩૫ કરોડની જોગવાઇ.

પ્રવાસન

રાજ્ય સરકારના આયોજનબદ્ધ પ્રયાસોથી ગુજરાત આજે પર્યટકોની પસંદગીમાં અગ્ર સ્થાનધરાવે છે. ગુજરાતમાં આવતા પ્રવાસીઓનીસંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

- પ્રવાસન નીતિ અતંર્ગત કુલ રૂ.૯૭૦૦ કરોડનું રોકાણ ધરાવતી ર૫૦થી વધુ પરિયોજનાઓ નોંધાયેલ છે.
- સંકલિત સ્થળ વિકાસ યોજના અંતર્ગત પ્રવાસન સ્થળોની માળખાકીય સુવિધામાં વધારો કરવા રૂ.૨૮૧ કરોડની જોગવાઇ.
- મોઢેરાને સૌર ઊર્જા આધારિત આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવા રૂ.૨૨ કરોડની જોગવાઇ.
- ભારત સરકારના રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમની સહાયથી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહનું આયોજન કરવા રૂ.૧૦ કરોડની જોગવાઇ.
- પ્રવાસન અને આતિથ્ય સત્કાર ક્ષેત્રે કૌશલ્ય વિકાસ તાલીમ માટે રૂ.૧૧ કરોડની જોગવાઇ.
- રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગો પર પ્રવાસીઓ માટે વે–સાઇડ સવલતો માટે રૂ.૩૭.૫૦

કરોડની જોગવાઇ.

- સ્ટેટ ઇન્સ્ટીટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટને ઇન્સ્ટીટ્યુટ ઓફ એકસલન્સ તરીકે વિકસાવવા રૂ.૪ કરોડની જોગવાઇ.
- સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો અને કીર્તિમંદિર, પોરબંદર અને મહાત્મા ગાંધીના જીવન સાથે સંબંધિત અન્ય સ્થળોના વિકાસ માટે કુલ જોગવાઇ રૂ.૨૦ કરોડ.
- નવી ટૂરીસ્ટ સર્કીટ જેવી કે સરદાર પટેલ સર્કીટ, જૈન સર્કીટ અને સિંધુ સંસ્કૃતિ દર્શન અંતર્ગત લોથલ અને ધોળાવીરાના વિકાસ માટે કુલ જોગવાઇ રૂ.૭ કરોડ.
- સીમાદર્શન અંતર્ગત નડાબેટ ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે જોગવાઇ રૂ.૧૦ કરોડ.

**યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન**

અમારી સરકારે રાજ્યના પ્રાચીન યાત્રાધામોના પુનરોદ્ધાર,માળખાકીય સુવિધાઓના વિકાસ અને સ્વચ્છતાની જાળવણી માટે વિશેષ આયોજન કરેલ છે. જે પૈકી,

- માધવપુરઘેડ ખાતેના રૂકમણીજીના પ્રાચીન મંદિરના વિકાસ માટે જોગવાઇ રૂ.૫ કરોડ.
- ૨૦૦ વર્ષ પુરાણા પ્રાચીન યાત્રાધામોના સ્થાપત્યની જાળવણી, મજબૂતીકરણ અને આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઇ રૂ.૫ કરોડ.
- યાત્રાળુઓ માટે અદ્યતન સુવિધાઓ ઊભી કરવા, ખાસ કરીને મહિલાઓ, દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોમાટે વિશેષ સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઇ રૂ.૧૧ કરોડ.
- પાવાગઢ,કરનાળી તથા સરકાર હસ્તકના અન્ય યાત્રાધામો ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે જોગવાઇ રૂ.૨૮.૫૦ કરોડ.
- મહેસાણા જિલ્લામાં તારંગા હિલ ખાતે આવેલ તારણમાતા મંદિર અને અન્ય મંદિરોના વિકાસ અને માળખાકીય સુવિધા માટે જોગવાઇ રૂ.૫ કરોડ.
- ભારત સરકારે સ્વચ્છ આઇકોનીક પ્લેસ તરીકે જાહેર કરેલ સોમનાથ મંદિર ખાતે સ્વચ્છતાની જાળવણી અને માળખાકીય સુવિધાઓના વિકાસ માટે રૂ.૫ કરોડ જોગવાઇ.
- ગુજરાતના ૮ મહત્ત્વના યાત્રાધામો ખાતે સ્વચ્છતાની કામગીરી માટે જોગવાઇ રૂ.૧૫ કરોડ.
- શિવરાત્રી કુંભ મેળો ગીરનાર, ૨૦૧૯ના આયોજન,ગીરનારના પગથિયાંના નવીનીકરણ તથા સર્વાંગી વિકાસ માટે જોગવાઇ રૂ.૨૦ કરોડ.

નાગરિક ઉડ્ડયન પ્રભાગ દ્વારા RCS હેઠળની ઉડાન યોજના, સી–પ્લેન સેવા, નવા એરપાર્ટના વિકાસવગેરે માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.

**ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૮૫૦૦કરોડ.

કૃષિ અને ઉદ્યોગોના વિકાસતેમજ સામાજિક સુખાકારી માટે વીજળી પાયાની જ રૂરિયાત છે. વીજક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રાજયે કરેલા સઘન પ્રયાસોના પરિણામે સને ૧૯૬૦–૬૧ની વીજ સ્થાપિત ક્ષમતા ૩૧૫ મેગાવોટથી વધીને સને ૨૦૧૬–૧૭ના અંતે ૨૭૦૫૮ મેગાવોટ થઇછે.

- વીજ ઉત્પાદન ક્ષેત્રે કોલસા અને સોલાર આધારિત નવી યોજનાઓની કામગીરીઓ હાથ ધરવા રૂ.૨૨૦ કરોડની જોગવાઇ.
- જૂના વીજ મથકોની સુધારણા અને આધુનિકીરણ માટે રૂ.૨૧૪ કરોડની જોગવાઇ.
- ઘોઘા સુરકા લિગ્નાઇટ માઇન્સના વિકાસ માટે રૂ.૩૯ કરોડની જોગવાઇ.
- વીજ પ્રવહન માળખાને વધુ સુદ્રઢ કરવા માટે કુલ રૂ.૨૭૫૭ કરોડના ખર્ચે ૨૫૫૭ સર્કીટ કિલોમીટર લંબાઇના નવા વીજ રેષાઓ નાંખવાની અને ૧૦૦ નવા વીજ સબ–સ્ટેશનો ઊભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- કૃષિ વિષયક વીજ જોડાણની જુદી જુદી યોજનાઓ અંતર્ગત અંદાજે ૧.૨૨ લાખ વીજ જોડાણો પૂરા પાડવા માટે રૂ.૧૯૨૧ કરોડનો શેર મૂડી ફાળો.
- ગરીબોને ઘર વપરાશના વીજ જોડાણો પૂરા પાડવાની યોજનાઓ અંતર્ગત ૫૧,૧૫૦ જોડાણો પૂરા પાડવા રૂ.૩૨ કરોડની જોગવાઇ.
- સાતત્યપૂર્ણઅને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવા વીજ માળખાના સુદ્રઢીકરણ માટે રૂ.૩૨૦ કરોડની જોગવાઇ.

સોલારઃ

- પ્રદૂષણરહિત ઊર્જા પ્રાપ્ત થાય તે હેતુથી સૌર ઊર્જા સંચાલિત કૃષિ વિષયક પમ્પ સેટ આપવા

માટે રૂ.૧૨૭ કરોડની જોગવાઇ.

- કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(KUSUM) અંતર્ગત ખેડૂતોના હયાત એગ્રીકલ્ચર પંપને સોલાર પમ્પમાં ફેરવવાની કામગીરી માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશથી પેટ્રોલ અને ડીઝલ સંચાલિત વાહનોના સ્થાને ઈલેક્ટ્રીક વ્હીકલના વ્યાપને વધારવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.

જળસંપત્તિ અને કલ્પસર

નર્મદા,જળસંપત્તિ,પાણી પૂરવઠા અને કલ્પસર પ્રભાગ માટે કુલ જોગવાઇ રૂ.૧૪૮૯૫ કરોડ

વર્ષ ૨૦૦૦માં રાજ્યની ખેતીલાયક જમીનમાંથી ૩૮ લાખ હેક્ટરમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ હતી. રાજ્ય સરકારના સઘન પ્રયાસોના કારણે વર્ષ ૨૦૧૭માં ૬૩.૬૬ લાખ હેક્ટરમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

- ડુંગરાળ અને આદિજાતિ વિસ્તારમાં વસતા આદિજાતિના લોકો માટે કુલ રૂ.૮૫૭ કરોડની જોગવાઇ. જેમાં,
    - ચાર ઉદવહન સિંચાઇ યોજનાઓ કાકરાપાર–ગોરધા–વડ, કડાણા જળાશય આધારિત પાઈપ લાઈન, કરજણ ડેમથી વાડી તેમજ દિણોદ–બોરીદ્રામાટે રૂ.૩૭૬કરોડની જોગવાઇ. જેનાથી સુરત,નર્મદા,ભરુચ, દાહોદ અને મહીસાગર જિલ્લાના ૩૪,૩૦૦ હેક્ટરવિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
    - ઉકાઇ, કડાણા, પાનમ, કાકરાપાર અને અન્ય જળાશયોના હયાત કેનાલ નેટવર્કની સુધારણાથી ૧૮,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૧૧૨ કરોડની જોગવાઇ.
    - નાના, મોટા ચેકડેમો તથા તળાવો ઊંડા કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે રૂ.૯૦ કરોડની જોગવાઇ.
- સૌની યોજનાના બીજા તબક્કાની બાર પેકેજની કામગીરી માટે રૂ.૧૭૬૫ કરોડની જોગવાઇ. જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૫૭ જળાશયોના ૩,૭૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે.
- સુજલામ્ સુફલામ્ યોજના આગળ ધપાવતાં રૂ.૧૦૭૪ કરોડનાં અંદાજીત ખર્ચવાળી પાંચ ઉદવહન સિંચાઇ યોજનાઓ પિયજથી ઉણાદ,ધાંધુસણથી રેડ લક્ષ્મીપુરા, ભાસરિયાથી સામેત્રા, કુડા–ડભોડા–ભીમપુર (વરસંગ તળાવ) અને ખેરવાથી વિસનગર માટે રૂ. ૨૨૨ કરોડની જોગવાઇ, જેનાથી મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના આશરે ૧૮,૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ થશે.
- બનાસકાંઠા જિલ્લા માટે અગત્યની થરાદથી સીપુ ડેમ સુધીની પાઇપલાઇન માટે તથા માતપુર-ડીંડરોલથી મુક્તેશ્વર ડેમ અને કસરાથી દાંતીવાડા ડેમના સર્વેક્ષણ માટે કુલ જોગવાઇ રૂ.૬કરોડ.
- સાબરમતી નદી પરના હીરપુરા અને વાલાસણા બેરેજ માટે રૂ. ૧૮ કરોડની જોગવાઇ.
- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા માટે રૂ.૧૫.૫૦ કરોડની જોગવાઇ.

આ ઉપરાંત કેટલીક અગત્યની જોગવાઇઓનો ઉલ્લેખ કરું તો –

- જળાશયોના હયાત કેનાલ માળખાના સુદ્રઢીકરણ માટે રૂ.૩૮૦ કરોડની જોગવાઇ.
- જળસંચયના વિવિધ કામો જેવા કે ચેકડેમ, તળાવો ઊંડા કરવા, જળાશયોમાંથી કાંપ દૂર કરવા, રિચાર્જવેલ અને ચેકડેમોની મરામતની કામગીરી માટે રૂ.૨૫૭ કરોડની જોગવાઇ.
- ઉકાઈ કાકરાપાર યોજનાના આધુનિકીકરણ માટે રૂ.૬૫ કરોડની જોગવાઇ.
- પ્રેશર સિંચાઇ પદ્ધતિ માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિના ખેડૂતોને સિંચાઇ સુવિધા પૂરી પાડવા માટે નવા ટ્યુબવેલ કરવા અને નદી–કેનાલ આધારિત સિંચાઇ યોજનાઓ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.
- તાપી જિલ્લામાં ઉકાઇ જળાશયમાંથી સિંચાઇથી વંચિત સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના આદિજાતિ વિસ્તારના લોકો માટે ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે જોગવાઇ રૂ.૨૦ કરોડ.

ટપક સિંચાઇ અંતર્ગત સિંચાઇ વ્યવસ્થાને સુદ્રઢ કરવા જોગવાઇ રૂ.૭૫૦ કરોડ.

કલ્પસર યોજના: દરિયાઇ ભરતી દરમિયાન નર્મદા નદીના પટમાં પાણી પ્રવેશે છે અને ભૂગર્ભજળમાં તેમજ જમીનમાં ખારાશ વધે છે, જેને અટકાવવા માટેભાડભૂત યોજના અંતર્ગત રૂ.૧૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. નર્મદા નદી ઉપર બેરેજ અને છ–માર્ગીય બ્રીજ થવાથી હજીરા–સુરત–ઓલપાડ–હાંસોટ–દહેજના માર્ગનો વિકાસ થશે અને અંતરમાં ૩૫ કિલોમીટરનો ઘટાડો થશે.

## અંદાજપત્રની રજૂઆત

**પાણી પુરવઠો**

અમારી સરકાર રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવા કટિબદ્ધ છે,જેના માટે રૂ.૩૩૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠાની સુવિધા પૂરી પાડવાને અગ્રિમતા આપતાં અંદાજે રૂ.૨૮૦૦ કરોડના ખર્ચે ૧૦ યોજનાઓ શરુ કરવામાં આવેલ છે,જેમાં–
  - દાહોદ જિલ્લાના દક્ષિણ વિસ્તાર અને છોટાઉદેપુર જિલ્લાના ૩૪૩ ગામો અને ૨ શહેરના ૧૧.૫ લાખ લોકોને લાભ આપતી,અંદાજીત રૂ.૮૯૦ કરોડની નર્મદા રીવર બેઝીન (હાંફેશ્વર)આધારિત યોજના.
  - નર્મદા તથા તાપી જિલ્લાના ૨૧૬ ગામોના ૨.૭૫ લાખ લોકોને લાભ આપતી,અંદાજીત રૂ. ૩૦૮ કરોડની ઉકાઇ જળાશય આધારિત સાગબારા ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજના.
  - કડાણા જળાશય આધારિત મહીસાગર જિલ્લાના ૨૭ ગામોના૫૦,૦૦૦ લોકોને લાભ આપતી, અંદાજીત રૂ. ૪૫.૯૧ કરોડની સરસડી વચ્છલા ડુંગર જૂથ પાણી પુરવઠા યોજના.
  - છોટાઉદેપુર જિલ્લાના સંખેડા અને બોડેલી તાલુકાના ૪૬ ગામો અને ૧૯ નર્મદા વસાહતો માટે,અંદાજીત રૂ.૫૭.૩૨ કરોડની નર્મદા મુખ્ય નહેરની ભીલોડિયા બ્રાંચ કેનાલ આધારિત સંખેડા પાવી-જેતપુર જૂથ પાણી પુરવઠા યોજના.
  - છોટાઉદેપુર જિલ્લાના આદિજાતિ વસ્તીનાં ૬૪ ગામો અને ૪ નર્મદા વસાહતો માટે,અંદાજીત રૂ.૪૨.૯૩ કરોડની નર્મદા મુખ્ય નહેરની સંખેડા બ્રાંચ કેનાલ આધારિતસંખેડા જૂથ પાણી પુરવઠા યોજના(ભાગ–૧).
  - વલસાડ જિલ્લાના ૧૭૪ ગામોની ૩.૨૦ લાખલોકોને લાભ આપતી,અંદાજીત રૂ.૫૮૬ કરોડની મધુબન જળાશય આધારિત અસ્ટોલ જૂથ પાણી પુરવઠાયોજના(ભાગ–૧).
- ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત જૂથ યોજનાઓ માટે કુલ જોગવાઇ રૂ.૭૦૩ કરોડ.
- વાસ્મો દ્વારા કાર્યાન્વિત લોકભાગીદારી આધારિત આંતરિક પાણી પુરવઠા યોજનાઓ તેમજ નળ કનેકશનમાં વધારો કરવા માટે રૂ.૨૫૮ કરોડની જોગવાઇ.

**સરદાર સરોવર યોજના**

ગુજરાતની જીવાદોરી અને રાજ્યના ગૌરવ સમાન સરદાર સરોવર યોજનાના ૧૨૧૦ મીટર લંબાઇ તથા ૧૬૩ મીટર ઉંચાઇ ધરાવતા કોંક્રીટ ગ્રેવિટી ડેમના સ્પીલ–વે ઉપર ૩૦ રેડીયલ ગેટનું બાંધકામ પૂર્ણ થયેલ છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.તા.૧૭/૦૯/૨૦૧૭ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રીના વરદહસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ થવાની સાથેગુજરાતનીસમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે.

- માઇનોર સુધીની નહેરોના બાંધકામ માટે કુલ રૂ.૪૦૧૮ કરોડનું આયોજન.
- સહભાગી સિંચાઈ યોજના અન્વયે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના ૨.૭૧ લાખ હેકટર સિંચાઈનો લાભ મળે તે માટે ભૂગર્ભ પાઇપલાઇનના કામો માટે કુલ રૂ.૧૨૯૫ કરોડનું આયોજન.
- ગરુડેશ્વર વિયર,ગોરાબ્રિજના બાંધકામ તથા પાવરહાઉસની જાળવણી માટે કુલ રૂ.૪૯૩ કરોડનું આયોજન.
- નર્મદા મુખ્ય નહેરને પૂરના પાણીથી બચાવવા માટે વધારાના સ્ટ્રક્ચરના બાંધકામ તેમજ કેનાલ ઓટોમેશનની કામગીરી માટે કુલ રૂ.૪૮૮ કરોડનું આયોજન.
- સૌરાષ્ટ્ર શાખા નહેરના પાંચ પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી માટે કુલ રૂ.૧૭૪ કરોડનું આયોજન.
- કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી માટે કુલ રૂ.૪૯૫ કરોડનું આયોજન.
- ગુજરાતના પનોતા પુત્ર અને લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ના નિર્માણ માટે કુલ રૂ.૮૯૯કરોડનું આયોજન.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૨,૫૦૦ કરોડ.

મોટા શહેરોમાં ટ્રાફિકની સમસ્યા હળવી બને,પર્યાવરણમાં સુધારો થાય, પરિવહન ઝડપી બને તેમજ ઇંધણની બચત થાય તે હેતુસર ઓવર બ્રીજ–અન્ડર બ્રીજના કામો શ રૂ કરવામાં આવશે.સુએઝ વોટર ટ્રીટમેન્ટ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનું ઉત્તમ વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને રહેવા માટે ઘરનું ઘર મળે તે માટેના આયોજનો પર અમારી સરકારે ખાસ ભાર મૂકેલ છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## અંદાજપત્રની રજૂઆત

શહેરી વિસ્તારોમાં જાહેર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે સ્વર્ણજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રમુખ યોજના છે. આ યોજના હેઠળ રૂ.૪૫૪૦ કરોડની જોગવાઇ. જે પૈકી...

- ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાના કામો,જનભાગીદારી,શહેરી પરિવહન અને આગવી ઓળખના કામો માટે રૂ.૨૯૧૨ કરોડની જોગવાઇ.
- પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.૧૨૬૪ કરોડની જોગવાઇ.

શહેરી આંતરમાળખાકીય સુવિધાઓ માટે નિયત જોગવાઇઓ પૈકી,

- અમદાવાદ શહેરમાં,
  - પીરાણા ડમ્પીંગ સાઇટના બાયોમાઇનીંગ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.
  - પલ્લવ ચાર રસ્તા સ્પ્લીટ ફ્લાય ઓવર બ્રીજ માટે રૂ.૬૫ કરોડની જોગવાઇ.
  - ગાંધીગ્રામ રેલ્વે અન્ડરપાસ (નહે રૂ બ્રીજથી નગરી હોસ્પિટલ તરફ) માટે રૂ.૨૫કરોડની જોગવાઇ.
  - સંસ્કાર કેન્દ્ર મ્યુઝીયમનું નવીનીકરણ અને વર્લ્ડ હેરીટેજ સીટી મ્યુઝીયમ બનાવવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- સુરત શહેરમાં,
  - સહારા દરવાજાથી કરણીમાતા ચોક ફ્લાય ઓવર માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ.
  - ઉધનાથી સિધ્ધાર્થનગર રેલ્વે ઓવરબ્રીજ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ.
  - તાપી નદી ઉપર વેડ અને વરીયાવને જોડતા પુલ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ.
- વડોદરા શહેરમાં,
  - સુએન જંકશન ઉપર નવીન ફ્લાયઓવર બ્રીજ માટે રૂ.૩૬ કરોડની જોગવાઇ.
  - વિશ્વામિત્રી નદી પર આવેલ હયાત કાલાઘોડા બ્રીજ પહોળો કરવા માટે રૂ.૧૨ કરોડની જોગવાઇ.
  - વોક ઈન એવીયરી (પક્ષી સંગ્રહ સ્થાન) બનાવવા માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ.
- રાજકોટ શહેરમાં,
  - હોસ્પિટલ ચોક ફ્લાય ઓવરબ્રીજ માટે રૂ.૪૦ કરોડની જોગવાઇ.
  - રાંદરડા લાલપરી લેક ડેવલપમેન્ટ માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
  - રૈયા રોડ રેલવે અન્ડરપાસ માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- ભાવનગર શહેરમાં,
  - નારી સર્કલ ફ્લાય ઓવર/રોડ બનાવવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
  - પશ્ચિમ ભાવનગર વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.૮ કરોડની જોગવાઇ.
  - કુંભારવાડા જવાહર કોલોની પાસે રેલવે અન્ડરબ્રીજ માટે રૂ.૭ કરોડની જોગવાઇ.
- જામનગર શહેરમાં,
  - જામનગર શહેરમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારો માટે પાણીની પાઇપલાઇન માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.
  - દિગ્જામ સર્કલથી એરફોર્સ તરફ જતા રસ્તા ઉપર ફ્લાય ઓવર માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ.
- જૂનાગઢ શહેરમાં,
  - જોશીપુરા રેલવે ક્રોસીંગ ખાતે રેલવે ઓવરબ્રીજ માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
  - નરસિંહ મહેતા તળાવ ખાતે એસ.ટી.પી. ના કામ માટે રૂ.૭ કરોડની જોગવાઇ.

શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહન સુવિધા સુદ્રઢ કરવાની નવતર પહેલના ભાગ રૂપે ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન અને 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં ૨૮૬૪ બસો વાર્ષિક પ્રતિ કિલોમીટરના દરના ધોરણે કોન્ટ્રાકટ પદ્ધતિથી શ રૂ કરવામાં આવશે, જેના માટે રૂ.૨૯૦ કરોડની જોગવાઇ.

પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર પરિયોજના અંતર્ગત શહેરો ગ્રીન, કલીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી બને, લોકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળે અને સ્વચ્છતા જળવાય તે હેતુસર ભૂગર્ભ ગટરના પાણી રીસાયકલ કરી તેનો ઉપયોગ ઉદ્યોગો, કારખાના, બાગબગીચા તેમજ બાંધકામ ક્ષેત્રે થઇ શકે તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવા સ્વર્ણિમ યોજના હેઠળ,

- ૭ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના તેમજ ૧૨૦ શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના નવા કામો શ રૂ કરવાનું આયોજન છે.
- સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ચલાવવા માટે ૧૦૫ નગરપાલિકાઓને મરામત અને નિભાવણી સહાય આપવા રૂ.૭૧ કરોડની જોગવાઇ.

આ ઉપરાંત,

- અમદાવાદ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી બનાવવા અને ટ્રાન્સપોર્ટની સુવિધા વધુ કાર્યક્ષમ બનાવવા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે રૂ.૫૯૨ કરોડની માતબર રકમની ફાળવણી.
- રાજ્યના કુલ છ શહેરો માટે સ્માર્ટ સિટી મિશનઅંતર્ગત રૂ.૫૯૭ કરોડની જોગવાઇ.
- શહેરી ગરીબોને વાજબી કિંમતે પોતાનું આવાસ મળે તેવા ઉમદા હેતુથી શહેરી આવાસ યોજના હેઠળ રૂ.૧૧૮૯ કરોડની જોગવાઇ.
- અમૃત યોજના અંતર્ગત ૮ કોર્પોરેશન અને ૨૨ નગરપાલિકાઓ માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ.
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને વધુ સ્વચ્છ બનાવવા અને નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવા રૂ.૨૫૫ કરોડની જોગવાઇ.
- સુરતમાં ડાયમંડ ડ્રીમ સિટીપ્રોજેક્ટ માટે રૂ.૩૦કરોડની જોગવાઇ.
- પ્રજાના પ્રતિનિધિ તેમજ નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ એક જ સ્થળેથી થાય અને વહીવટી સરળતા માટે ગાંધીનગર ખાતે ''અર્બન ભવન'' બાંધવા રૂ.૨ કરોડની જોગવાઇ.

માર્ગ અને મકાન

માર્ગ અને મકાન વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ.૯૨૫૨ કરોડ.

ગુજરાત પોતાના આયોજનબદ્ધ,સુનિયોજીત અને ગુણવત્તાયુકત રોડ નેટવર્ક માટે સમગ્ર દેશમાં જાણીતું છે. રાજયના ૩૪,૨૪૫ જેટલા ગામો અને પરાઓના આંતર માળખાકીય વિકાસ થકી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવાનું ઘ્યેય સિદ્ધ કરવા અમારી સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો આરંભ કર્યો છે. આ યોજનાથી ગામડાના લોકોને સ્વરોજગાર,શાકભાજી જેવા પાકોના વેચાણમાં તેમજ બાળકોના અભ્યાસમાં વધુ અનુકૂળતા થયેલ છે.

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨૫૧૬ કરોડની જોગવાઇ જે પૈકી-
  - નોન પ્લાન રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે રૂ.૧૦૯૮ કરોડ
  - ૭ વર્ષથી રિ–સરફેસ ન થયેલ હોય તેવા પ્લાન રસ્તાઓની સુધારણા માટે રૂ.૪૧૨કરોડ.
  - અન્ય જિલ્લા માર્ગો,મુખ્ય જિલ્લા માર્ગો અને થ્રુ– રૂટને પહોળા કરવાની કામગીરી માટે રૂ.૩૨૭ કરોડ.
  - હયાત કોઝવે/ડીપ/સાંકડા નાળાને સ્થાને ઊંચા પુલોના બાંધકામ માટે રૂ.૨૩૫ કરોડ.
  - ખૂટતી કડી તથા ખૂટતા નાળાના બાંધકામ માટે રૂ.૨૩૦ કરોડ.
- રસ્તાઓની આંતર માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે રસ્તા અને પુલો બનાવવા રૂ.૧૩૪૬ કરોડની જોગવાઇ, જેના થકી –
  - ૯૯ રસ્તાનું ૧૨૦૧ કિલોમીટરનું ચાર માર્ગીકરણનું કામ પ્રગતિમાં છે,જેમાં
    - વિરમગામ–સીતાપુર – બેચરાજી
    - સાહોલ–કીમ
    - રાજકોટ – મોરબી
    - લીંગડા– ભાલેજ – આણંદ
    - નડીયાદ– ડાકોર – પાલી
    - પાલનપુર– અંબાજી
    - દાંતા–અંબાજી
    - તિલકવાડા – ગ રૂડેશ્વર – કેવડીયા કોલોની
    - અંકલેશ્વર – ઝગડીયા – રાજપીપળા
    - વેસ્મા–મરોલી–ઉભરાટ નોંધપાત્ર છે.
- રાજ્યમાં પ્રગતિ હેઠળનાં ૪૯ પુલો તથા હવે હાથ ધરાનાર કુલ ૪૩ પુલો પૈકી,
  - નર્મદા નદી પર ગોલ્ડન બ્રીજની બાજુમાં ચારમાર્ગીય પુલ
  - અંબિકા નદી પર વાઘરેચ ગામ પાસે પુલ
  - કોસ્ટલ હાઇવે નં–૬ પર પાર નદી પર પુલ
  - અમરેલી–લીલીયા –ક્રાંકચ રસ્તા પર ગાગડીયો નદી પર પુલ
  - બોટાદ પાસે ઘેલો નદી પર પુલના કામો આગળ ધપાવવામાં આવશે.
- ૯૯૩ કિલોમીટર રાજ્ય ધોરીમાર્ગોને દ્વિ–માર્ગીય કરવા માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ,જેમાં મુખ્યત્વે

- બાવળા–ઝાંપ– નળસરોવર
- પણસોરા–અલીણા–લાડવેલ
- રાપર–ફતેગઢ–આડેસર
- સરૈયા–બંધારપાડા–ટેમ્કા
- ગોંડલ–મોવીયા–શ્રીનાથગઢ–વાસાવડ
- બગસરા–ચલાલા–સાવરકુંડલા
- મેંદરડા–લુસાડા–ખોખરડા
  વગેરેનો સમાવેશ થાય છે.

- પ્રગતિપથના રાજય વ્યાપી કોરીડોરને ચાર માર્ગીય કરવા માટે પ્રથમ તબકકાના કામો પૈકી રૂ.૧૮૩ કરોડની જોગવાઇ, આગામી ત્રણ વર્ષના સમયગાળામાં પ્રગતિપથની રાજય હસ્તકની સમગ્ર લંબાઇ ચાર માર્ગીય કરવાનું અમારી સરકારનું આયોજન છે. જે પૈકી અગત્યના અનુભાગોમાં
  - ખેડા–બગોદરા–ધોળકા
  - સિધ્ધપુર –ખેરાલુ
  - સાયલા–સુદામડા–પાળિયાદ
  - સાયલા– મૂળી– સુરેન્દ્રનગર
  - કુરંગા– ખંભાળિયા– જામનગરનો સમાવેશ થાય છે.

  આ ઉપરાંત,પ્રગતિ પથ ઉપરના મોટા પુલો પૈકી–
  - ખેડા–ધોળકા રોડ પર સાબરમતી તથા ખારી નદી ઉપર પુલોના બાંધકામ માટે રૂ.૩૪ કરોડની જોગવાઇ
  - સાયલા–સુદામડા–પાળિયાદ રસ્તા ઉપર સાયલા ગામ પાસે ભોગાવો નદી ઉપર પુલના બાંધકામ માટે રૂ.૭ કરોડની જોગવાઇ
- અમદાવાદ–બગોદરા–રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮–એ અને ૮–બીના ૨૦૧ કિલોમીટર લંબાઇના રસ્તાને છ– માર્ગીય કરવાની કામગીરી માટે અંદાજીત રૂ.૨૭૫૪ કરોડનો ખર્ચ.
- વિશ્વ બેંક સહાયિત ગુજરાત રાજય માર્ગ યોજના–૨ અંતર્ગત હાથ ધરવાના કામો માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ.
- કિસાનપથ યોજના માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.
- નવરચિત તાલુકા મથકોએથી પસાર થતા રાજય માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવા માટે રૂ.૪૦ કરોડની જોગવાઇ.
- ગાંધીનગરખાતે રાજયકક્ષાની બંધારણીય કચેરીઓ (કર્મયોગી ભવન) માટે બે નવા બ્લોકના બાંધકામ માટે રૂ.૪૨ કરોડની જોગવાઇ.
- ગાંધીનગર ખાતે રેલવે સ્ટેશન પાસે નિર્માણ પામી રહેલ સંકુલને જોડતા રસ્તા પર રેલવે ટ્રેક નીચે અન્ડર બ્રીજના બાંધકામ માટે રૂ.૧૫કરોડની જોગવાઇ.
- સોમનાથ,દ્વારકા,અંબાજી,સુરત, માલપુર,સંખેડા અને સંતરામપુર સહિત અન્ય જિલ્લા તાલુકા મથકોએ અતિથિગૃહ,વિશ્રામગૃહના કામો માટે રૂ.૫૧ કરોડની જોગવાઇ.

આ ઉપરાંત,
- રાજય ધોરી માર્ગ પર અગત્યના જંકશન પર ફલાય ઓવર–અંડર પાસ બાંધવા અંદાજીત રૂ.૮૦૪ કરોડની યોજના માટે રૂ.૭૯.૫૦ કરોડની જોગવાઇ
- મુખ્ય જિલ્લા માર્ગોને પહોળા તેમજ મજબૂત કરવા,અંદાજીત રૂ.૧૦૭૨ કરોડની યોજના માટે રૂ.૧૦૭ કરોડની જોગવાઇ.
- રાજયના કોર નેટવર્કમાં સમાવેલ રસ્તાઓનું રોડ સેફટી ઓડિટ કરાવી સુધારાત્મક કામગીરી હાથ ધરવા,અંદાજીત રૂ.૫૪૫ કરોડની યોજના માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ.
- ગાંધીનગર ખાતેના ડૉ.જીવરાજ મહેતા ભવનમાં સુધારણા અને નવા બહુમાળી મકાનના બાંધકામ માટેની અંદાજીત રૂ.૫૦ કરોડની યોજના પેટે રૂ.૧૭.૫૦ કરોડની જોગવાઇ.

ગૃહ

ગૃહ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૫૪૨૦ કરોડ.
- રાજ્યના શહેરી વિસ્તારોમાં વધતા જતા વાહનોની સંખ્યા ધ્યાને લઇ યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપન કરવા અમારી સરકાર કટિબદ્ધ છે, જે માટે રૂ.૨૦૦ કરોડની વિશેષ જોગવાઇ કરવામાં આવી છે, જે પૈકી –

- પોલીસ દળમાં આગામી વર્ષમાં ૫,૬૩૫ જેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનું આયોજન કરેલ છે. તેમાં ૧,૫૦૦ જગ્યાઓ ટ્રાફિકના હેતુસર ફાળવવામાં આવશે.
- ટ્રાફિક બ્રિગેડમાં ૪૦૦૦ સ્વયંસેવકોનો વધારો કરવામાં આવશે,તેમાં ૩૩% મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે. જેથી સ્વયંસેવકોની સંખ્યા ૬૦૦૦થી વધીને ૧૦,૦૦૦ થશે.
- ટ્રાફિક બ્રિગેડના સ્વયંસેવકોને હાલ રૂ.૨૦૦ લેખે દૈનિક માનદ વેતન આપવામાં આવે છે તે વધારીને રૂ.૩૦૦ કરવામાં આવશે.
- આઠ મોટા શહેરોમાં ટ્રાફિક સમસ્યાને પહોંચી વળવા અને ગેરકાયદેસર પાર્કીંગની સમસ્યા નિવારવા જુદી જુદી સાધનસામગ્રી ખરીદવામાં આવશે.

- પોલીસ ખાતાના રહેણાકના અને બિન રહેણાકના મકાનોનાં બાંધકામ માટે રૂ.૩૬૦ કરોડની જોગવાઈ
- સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત યોજના હેઠળ રાજયના જિલ્લાઓના મુખ્ય મથકો તેમજ શહેરો ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રૂ.૧૦૨ કરોડની જોગવાઈ.
- અમદાવાદ મધ્યસ્થ જેલ, હિંમતનગર જિલ્લા જેલ તથા મહેસાણા જિલ્લા જેલના બાંધકામ સહિત અન્ય જેલોના બાંધકામના કામો માટે કુલ જોગવાઇ રૂ.૯૭ કરોડ.
- પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ પોલીસ તંત્ર તથા ફોરેન્સીક સાયન્સ તંત્રને સુદ્રઢ કરવા સાધન સામગ્રી, વાહનો અને બાંધકામ માટે કુલ જોગવાઇ રૂ.૬૭ કરોડ.
- સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા ખાતે નવા ચાર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનો શ રૂ કરવા માટે કુલ જોગવાઇ રૂ.૧ કરોડ.
- સુરત એરપોર્ટ ખાતે ઇન્ટરનેશનલ સેવાઓના ભાગ રૂપે ઇમીગ્રેશનની કામગીરી શ રૂ કરવા જોગવાઇ રૂ.૧.૧૧ કરોડ.
- રક્ષાશકિત યુનિવર્સિટીના વિકાસ માટે રૂ.૪૬ કરોડની જોગવાઈ.
- સરહદી વિસ્તારના ત્રણ જિલ્લાઓ માટે જોગવાઇ રૂ.૫૦ કરોડ.

સામાજિક ન્યાય અને અધિકારિતા

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૩૬૪૧ કરોડ.

- અનુસૂચિત જાતિના અંદાજે ૧૦.૪૦ લાખ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના,આર્થિક રીતે નબળા વર્ગોના અને લઘુમતીના ૪૭.૬૨ લાખ એમ કુલ ૫૮.૦૨ લાખ વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ માટે રૂ.૩૭૪ કરોડની જોગવાઇ.
- ધોરણ ૧થી ૮માં ભણતા તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવતી બે જોડી ગણવેશ સહાયની રકમ રૂ.૩૦૦ થી વધારીને ત્રણ જોડી ગણવેશ આપવા માટે રૂ.૬૦૦ કરવામાં આવશે. જેનો કુલ ૪૮.૧૦ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે. આ માટે રૂ.૧૪૬ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિના ૫૯૮ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને ૮૮ આશ્રમશાળાઓના ૩૫,૭૫૫ વિદ્યાર્થીઓને રૂ.૭૮ કરોડ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૭૭૪ છાત્રાલયો અને ૧૮૮ આશ્રમ શાળાઓના અંદાજે ૭૩,૦૦૦ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા અને જમવાની સવલત આપવા રૂ.૧૬૨ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિની અંદાજે ૨૪૦૦૦ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તેમજ આર્થિક રીતે નબળા વર્ગોની ૧,૬૦,૦૦૦ એમ કુલ ૧,૮૪,૦૦૦ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવા રૂ.૬૪ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિના અંદાજે ૧૩૩ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને આર્થિક રીતે નબળાવર્ગોના ૩૨૦ એમ કુલ ૪૫૩ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા રૂ.૪૪ કરોડની જોગવાઇ.
- કુંવરબાઇનું મામે રૂ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિની અંદાજે ૧૨,૦૦૦ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અને આર્થિક રીતે નબળા વર્ગોની ૧૮,૨૫૦ મળી કુલ ૩૦,૨૫૦ કન્યાઓને સહાય આપવા રૂ.૩૦ કરોડની જોગવાઇ.
- સાત ફેરા સમૂહલગ્ન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના ૨૫૦૦ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને આર્થિક રીતે નબળાવર્ગોના ૩૩૦૦ મળી કુલ ૫૮૦૦ યુગલોને સમૂહ લગ્ન માટે સહાય આપવા રૂ.૬.૫૦ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિના ૮૫૦ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને આર્થિક રીતે નબળા વર્ગોના ૨૭૫૦ મળી કુલ ૩૬૦૦ વિદ્યાર્થીઓને ગુજકેટ, નીટ, પીએમટી, એનએલયુ,

નીફ્ટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે રૂ.૬.૭૦ કરોડના ખર્ચે કોચીંગ આપવામાં આવશે.

- અનુસૂચિત જાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો,લઘુમતી,વિચરતી અને વિમુક્ત જાતિ,બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓને એક વર્ષ સુધીના વ્યવસાયિક અભ્યાસક્રમો માટે અપાતા માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૨૫ માં વધારો કરીને માસિક રૂ.૪૦૦ કરવામાં આવશે. જેના માટે જોગવાઇ રૂ.૪ કરોડ.

અનુસૂચિત જાતિ:

- દાહોદ, વ્યારા અને વેરાવળ ખાતે જિલ્લા કક્ષાના ડૉ. આંબેડકર ભવનના બાંધકામ માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
- ભૂજ અને જામનગર ખાતે ૨ કુમાર અને ૨ કન્યા એમ ૪ નવા સમરસ છાત્રાલયો માટે વહીવટી ખર્ચ, મહેકમ, વિદ્યાર્થીઓનું ભોજન અને અન્ય ખર્ચ પેટે રૂ.૭ કરોડની જોગવાઈ.
- ડૉ. આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઈ–લાઈબ્રેરી તથા અન્ય બાબતો માટે ત્રીજા ફેઝ પેટે રૂ.૩કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં નિયત થયા મુજબની આવક મર્યાદા ધરાવતા પરિવારની કન્યાઓનેટયુશન ફી ચૂકવવામાટે રૂ.૨૫ કરોડની જોગવાઇ.
- છૂટક ગટર સફાઇ કરતાં સફાઇ કામદારોને ડીઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવા માટે રૂ.૧.૨૫ કરોડની જોગવાઇ.

વિકસતીજાતિ:

- રાજુલા, ઉના, પ્રભાસ પાટણ, દેવભૂમિ-દ્વારકા, રાજકોટ, ગીર સોમનાથ અને મહુવા ખાતે અદ્યતન સુવિધા સાથેના સરકારી છાત્રાલયો બાંધવા માટે રૂ.૧૨ કરોડની જોગવાઇ
- અમરેલી ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળા માટે રૂ.૯ કરોડના ખર્ચે નવા મકાનના બાંધકામ માટે જોગવાઇ રૂ. ૩ કરોડ.

સમાજ સુરક્ષા:

- વૃદ્ધ પેન્શન સહાય અને દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત રાજ્યના અંદાજે સાત લાખ લાભાર્થીઓને પેન્શન સહાય આપવા જોગવાઇ રૂ.૪૭૪કરોડ.
- દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવા સહાય આપવા માટે રૂ.૧.૨૫ કરોડની જોગવાઇ.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

- રાજ્યના બિન અનામત વર્ગો જેવાં કે, પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, લોહાણા, સોની, ખમાર, મહેશ્વરી વગેરે અંદાજે ૫૮ જેટલી જ્ઞાતિઓના શૈક્ષણિક તથા આર્થિક રીતે નબળા કુટુંબોના સર્વાંગી ઉત્કર્ષ માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે, જેના માટે રૂ.૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.
- નવરચિત બિન–અનામત આયોગ માટે જોગવાઇ રૂ.૧.૨૮ કરોડ.

આદિજાતિ વિકાસ

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૨૨૦૦ કરોડ.

અમારી સરકારે આદિવાસી ભાઈ–બહેનોની ક્ષમતામાં વધારો કરવા માટે પેસા એક્ટનું અમલીકરણ,આદિવાસી વિસ્તારોમાં મેડિકલ કોલેજ,બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી,સૈનિકશાળાની સ્થાપના,પાણી પુરવઠાની યોજનાઓવગેરે અમલમાં મૂકેલ છે.

- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ.૧૩,૨૭૮કરોડની જોગવાઈ.
- ૪૫ આદર્શ નિવાસી શાળાઓ,૫૫૪ આશ્રમશાળાઓ અને ૯૧ ઈ.એમ.આર.એસ. મળી કુલ ૬૯૧ જેટલી શાળાઓના આશરે ૧,૨૫,૯૦૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૫૦૮ કરોડની જોગવાઈ.
- સરકારી કુમાર–કન્યા છાત્રાલયો,સમરસ છાત્રાલયો અને ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ ૧૧૪૭ છાત્રાલયોના ૬૬,૦૯૮ વિદ્યાર્થીઓ માટે રૂ.૧૭૧ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિના પ્રિ–મેટ્રિકના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ આપવા માટે રૂ.૧૪૨ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિની ધોરણ ૯માં અભ્યાસ કરતી અંદાજે ૪૫,૦૦૦ કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ.૧૬ કરોડની જોગવાઈ.
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના ૩૧૫૦ વિદ્યાર્થીઓ માટે રૂ.૨૧ કરોડની જોગવાઇ.
- નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા,ડાંગ જિલ્લાના સુબિર,બોરખતલા,વલસાડ જિલ્લાના

કપરાડા અને સુરત જિલ્લાના બારડોલી ખાતે કુમાર અને કન્યા છાત્રાલયોના મકાનના બાંધકામ માટે કુલ રૂ.૧૦ કરોડની જોગવાઇ.

- સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ૩૦ નવા ગ્રાન્ટ–ઇન–એઇડ છાત્રાલયો માટે રૂ.૩ કરોડની જોગવાઇ.
- નર્મદા જિલ્લાના સાગબારા, સુરત જિલ્લાના માંડવી,વડોદરા જિલ્લાના વાઘોડીયા, સાબરકાંઠા જિલ્લાના પોશીના, ભ રૂચ જિલ્લાના વાઘલખોડ તથા છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે ૬ નવી એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ શાળાના બાંધકામ માટે રૂ.૧૨ કરોડની જોગવાઈ.
- અરવલ્લી જિલ્લાના મેઘરજઅને સુરત જિલ્લાના માંગરોળ અને જંખલા,નવસારી જિલ્લાના ખેરગામ તથા ગાંધીનગર શહેરમાં અંગ્રજી માધ્યમની એક એમ કુલ ૫ નવીઆદર્શ નિવાસી શાળાઓ માટે રૂ.૨કરોડની જોગવાઇ.
- સુરત જિલ્લાના બારડોલી ખાતેની આદર્શ નિવાસી શાળાના નવા મકાનના બાંધકામ માટે અંદાજીત ખર્ચ રૂ.૨૪.૪૧કરોડ,જે માટે રૂ.૮ કરોડની જોગવાઇ.
- દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે મોડેલ શાળા તથા તેની હોસ્ટેલના તેમજ છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર ખાતે મોડેલ શાળાની હોસ્ટેલના બાંધકામ માટેઅંદાજીત ખર્ચ રૂ.૧૯.૯૭ કરોડ,જે માટે રૂ.૬કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જનજાતિની ૧૫૦૦ જેટલી કન્યાઓને શિક્ષણના લાભ માટે ૨૫ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધો.૧૨ ના તમામ પ્રવાહના વર્ગો શરુ કરવા માટે રૂ.૯ કરોડની જોગવાઇ.
- છોટા ઉદેપુર જિલ્લાના તણખલા,સાબરકાંઠા જિલ્લાના પોશીના તેમજ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે ૩ નવી કન્યા સાક્ષરતા નિવાસી શાળાના બાંધકામ માટે અંદાજીત ખર્ચ રૂ.૩૦.૯૦ કરોડ, જે માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.
  - નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવા માટે રૂ.૨૨ કરોડની જોગવાઇ.
  - બિન આદિજાતિ વિસ્તારના છાત્રાલયો માટે ૨૫૦ છાત્રો તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના છાત્રાલયો માટે ૭૫૦ છાત્રો એમ કુલ મળીને હાલની માન્ય સંખ્યામાં ૧૦૦૦ છાત્રોનો વધારો કરવા માટે રૂ.૧.૫૦ કરોડની જોગવાઇ.
  - ટી.બી.,કેન્સર,રકતપિત્ત અને સીકલસેલ એનીમિઆ જેવા રોગો માટે મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ.૧૫ કરોડની જોગવાઈ.
  - હળપતિઓ અને આદિમજૂથોને છ પાયાની સુવિધા આપવા માટે રૂ.૫૧ કરોડની જોગવાઈ
  - ૧૦ જુદા જુદા સ્થળોએ હાટબજાર શ રૂ કરવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
  - આદિજાતિ વિસ્તારની આદિજાતિ બહેનો માટે ડેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧૫ કરોડનીજોગવાઇ
  - ફાયનાન્સીયલ ઇન્કલુઝન પ્રોજેક્ટ હેઠળ અંતરિયાળ વિસ્તારના લોકોને બેંકની વિવિધ સુવિધા સાથે એ.ટી.એમ. મશીનની સુવિધાનો લાભ આપવાના હેતુથી રાજ્યના ૮ જિલ્લા અને ૧૨ બ્લોક આવરી લેવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
  - કૃષિ વૈવિધ્યીકરણ યોજના હેઠળ આદિજાતિના ખેડૂતો વધુ આવક મેળવતા થાય તે માટે સુધારેલ બિયારણ, ખાતર અને આધુનિક ખેતીની તાલીમ આપવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ.
  - આદિજાતિ તેમજ હળપતિ જાતિના લોકોના આવાસો માટે રૂ.૩૬ કરોડની જોગવાઇ.
  - નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિવાસી નેતાઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય સ્થાપવા રૂ.૭ કરોડની જોગવાઇ.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

**અન્ન**, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૧૦૨ કરોડ.

રાજ્ય સરકારના પારદર્શક વહીવટ અને યોગ્ય આયોજનથી જ રૂરિયાતમંદોને ખૂબ જ સસ્તા દરે ચોખા,ઘઉં,મીઠું, ખાંડ અને ખાદ્યતેલ જેવી ખાદ્ય વસ્તુઓ તેમજ એલપીજી ગેસ અને કેરોસીન જેવી જ રૂરી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે. રાજ્ય સરકારે સૌને આહાર મળે તે માટે મા અન્નપૂર્ણા યોજના અમલમાં મૂકી છે.

- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોને રાહતદરે અનાજ આપવા રૂ.૫૫૦ કરોડની જોગવાઇ.
- અંત્યોદય તથા બી.પી.એલ. કુટુંબોને મીઠું,ખાદ્યતેલ તથા ખાંડ રાહતદરે આપવા રૂ.૨૧૭

કરોડની જોગવાઇ.

- કેરોસીનના ધુમાડાથી સ્વાસ્થ્યને થતું નુકશાન અને અકસ્માતનો ભય નિવારવા "પીએનજી–એલપીજી સહાય યોજના" અમલમાં મૂકવામાં આવશે. આ યોજના હેઠળ અંત્યોદય તથા બી.પી.એલ. કાર્ડધારકોને ગેસ કનેક્શન દીઠ સબસીડી રૂ.૧૬૦૦ તથા લોન પેટે રૂ.૧૭૨૫.૫૦ આપવામાં આવશે. આ યોજના આઠ મહાનગર પાલિકા તથા ૨૫ જિલ્લાઓના મુખ્ય મથકે તથા નવસારી જિલ્લામાં અમલમાં મૂકવામાં આવશે, જે માટે રૂ.૭૮ કરોડની જોગવાઇ.
- નાબાર્ડ દ્વારા વેરહાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ–૩ અન્વયે રાજયમાં ૮૪ સ્થળોએ અંદાજે રૂ.૨૧૯.૨૭ કરોડના ખર્ચે ગોડાઉન ઊભા કરવામાં આવશે, જેથી અનાજની સંગ્રહશક્તિમાં ૧,૬૮,૦૦૦ મેટ્રીક ટનનો વધારો થશે.
- ૫૦ વર્ષ જૂના ૩૮૦ ગોડાઉનના મોર્ડનાઇઝેશન માટે રૂ.૧૭કરોડની જોગવાઇ

**પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ**

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૭૨૩૯ કરોડ.

- ગ્રામ્ય વિસ્તારો માટેની રૂર્બન યોજના અતંર્ગત પાણી પુરવઠાની યોજનાઓ, ભૂગર્ભ ગટર અને રોડ મરામતના કામો માટે કુલ જોગવાઇ રૂ.૧૦૦ કરોડ.

ગ્રામ વિકાસ માટે કુલ જોગવાઇ રૂ.૩૨૧૬ કરોડ.

- સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ અંતર્ગત ૫૦૦૦ ગ્રામ પંચાયતમાં ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન, સ્વચ્છતાની જાળવણી, વગેરે માટે રૂ.૭૦૦ કરોડની જોગવાઇ.
- ગ્રામીણ વિસ્તારમાં૧,૦૦,૦૦૦ કુટુંબોને ઘર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અંતર્ગત રૂ.૧૩૯૧ કરોડની જોગવાઇ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંર્તગત નિયત સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કરનાર લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય અને બેંક લોનમાં વ્યાજ સબસીડી આપવા માટે કુલ જોગવાઈ રૂ.૨૦ કરોડ.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાહેઠળ રૂ.૩૯૦ કરોડની જોગવાઇ.
- પાણીની સંગ્રહશક્તિમાં વધારો કરી શકાય તે માટે વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર,ચેકડેમતેમજ જમીન અને ભેજ સંરક્ષણના ૧૨,૦૦૦ કામો માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રૂ.૨૫૦ કરોડનું આયોજન.
- ગ્રામીણ વિસ્તારના બહેનો સરળતાથી આજીવિકા મેળવી શકે તે માટે નવા ૧૮૦૦ સ્વ–સહાય જૂથોની રચના તેમજ ૧૫,૦૦૦ યુવાઓને સ્વરોજગાર માટે તાલીમ આપવા રૂ.૧૩૬ કરોડની જોગવાઇ.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ.૫૨૧ કરોડ.

વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રજાના હિત માટે મહત્તમ ઉપયોગ કરવાના કાર્યક્રમોને સરકારે હંમેશા પ્રાધાન્ય આપ્યું છે.

- સાયન્સ સિટીને વૈશ્વિક કક્ષાનું બનાવવાખગોળશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાનની થીમ ઉપર આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ગેલેરી બનાવવા રૂ.૧૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની ડિજિટલ ગર્વનન્સ ક્ષમતાને મજબૂત બનાવવા માટે કુલ જોગવાઇ રૂ.૨૭.૫ કરોડ, જે પૈકી
  - "સ્ટેટ ઓફ ધ આર્ટ" નવા ડેટા સેન્ટરની સ્થાપના.
  - તમામ કચેરીના રેકર્ડના ડિજિટાઇઝેશન માટે કોમન ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ અને સ્ટોરેજની વ્યવસ્થા.
  - બિગ ડેટા તેમજ ડેટા એનાલિટિક્સ સેલની રચના.
  - રાજ્ય સરકારના નેટવર્કપર સાઇબર હુમલા અટકાવવામાટે ગુજરાત કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ સેલની સ્થાપના કરવામાં આવશે.
- બાયો–ટેકનોલોજી ક્ષેત્રે સંશોધનને વેગ આપવા,કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદકતા વધારવા તેમજ બાયોથોન સ્પર્ધાનું આયોજન કરવા કુલ જોગવાઇ રૂ.૧.૫ કરોડ.

ભારત નેટ પ્રોજેક્ટ ફેઝ–૨ હેઠળ ભારત સરકાર દ્વારા ગુજરાતનાં ૭૬૫૨ ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાઇબર કનેક્ટીવિટીથી જોડવા માટે રૂ.૧૬૮૮.૫૪ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડના નામે SPV ની રચના કરવામાં આવી છે.

**વન અને પર્યાવરણ**

વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૨૮૭ કરોડ.

- ગુજરાતમાં આવેલ વનસંપદાના સંવર્ધન અર્થે વાવેતર, ભૂમિ અને ભેજ સંરક્ષણ તેમજ અન્ય

આનુષંગિક કામગીરી માટે રૂ.૨૮૦ કરોડની જોગવાઇ.

- વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં વૃક્ષ વૃદ્ધિ માટે સામાજિક વનીકરણ યોજના હેઠળ વાવેતર અને વિસ્તરણની પ્રવૃત્તિ માટે કુલ રૂ.૨૪૭ કરોડની જોગવાઇ.
- ગુજરાત રાજ્યમાં આવેલ અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનના સંવર્ધન અને સંરક્ષણ,અભયારણ્ય વિસ્તાર બહાર આવેલ વન્ય પ્રાણીઓના સંવર્ધન/સંરક્ષણ તેમજ અભ્યારણ્યના વિસ્તાર ફરતે આવેલ ઇકો સેન્સેટીવ ઝોનમાં વસતા લોકોના આર્થિક વિકાસ અર્થે રૂ.૯૫ કરોડની જોગવાઇ.
- પશુધનની ઘાસચારાની જ રૂરિયાતને ધ્યાને રાખીને ઘાસ વિડીઓના સંવર્ધન માટે રૂ.૬૯.૫૦ કરોડની જોગવાઇ.
- વન વિસ્તાર બહાર વૃક્ષ વૃદ્ધિ તેમજ વૃક્ષ વાવેતર થકી આર્થિક ઉપાર્જન માટે ખેડૂતોની માલિકીની જમીનમાં એગ્રો ફોરેસ્ટ્રી યોજના હેઠળ વાવેતર માટે રૂ.૧૮ કરોડની જોગવાઇ.
- ગીર અને બૃહદગીર વિસ્તારમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણની "પ્રોજેક્ટ લાયન"ની વિશિષ્ટ યોજના માટે રૂ.૪ કરોડની જોગવાઈ.
- ગીધ,વ રૂ,ઘોરાડ તથા રીંછ જેવા લુપ્ત થતા વન્યપ્રાણી અને પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધનની યોજના માટે રૂ.૩ કરોડની જોગવાઈ.
- આદિવાસીઓના આર્થિક વિકાસ માટે સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ માટે રૂ.૧૧ કરોડની જોગવાઇ.
- વન નજીક આવેલ ગામોમાં સ્થાનિક આદિવાસીઓ દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરી સ્વચ્છતા જાળવવા તેમજ જમીનની ફળદ્રુપતા વધારવા ગામોમાં આવેલ સ્વ–સહાય જૂથોથકી વર્મી કમ્પોસ્ટ યુનિટ તૈયાર કરવા માટે રૂ.૩ કરોડની જોગવાઇ.

**ક્લાઇમેટ ચેન્જ**

ક્લાઇમેટ ચેન્જ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૦૩કરોડ.

રાજ્ય સરકાર વિવિધ પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો અને ટેકનોલોજીને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે.ક્લાઇમેટ ચેન્જ પ્રોજેક્ટને નાણાકીય સહયોગ આપવા ક્લાઇમેટ ચેન્જ ફંડ ઓફ ગુજરાત સ્થાપવામાં આવશે.

- રહેણાક અને સરકારી મકાનો ખાતે સૌર પેનલો બેસાડવા તથા સરકારી નિવાસી શાળાઓ તથા છાત્રાલયોમાં સોલર વોટર હીટીંગ સિસ્ટમ બેસાડવા માટે જોગવાઇ રૂ.૬૦ કરોડ.
- રાજ્યની ૨૦૦૦ સરકારી શાળાઓમાં ૪૦,૦૦૦ એલ.ઇ.ડી. ટ્યુબલાઇટ તથા ૨૦,૦૦૦ સ્ટાર ઊર્જા કાર્યક્ષમ પંખાઓ નાંખવામાં આવશે, જેના માટે જોગવાઇ રૂ.૪ કરોડ.
- ૩૦૦૦ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત વાહનો માટે સહાય આપવા જોગવાઇ રૂ.૩ કરોડ.
- ઇ–રિક્ષા માટે ૧૨૫૦ લાભાર્થીઓને સહાય આપવા માટે જોગવાઇ રૂ.૨.૫૦ કરોડ.
- પંચાયતોમાં ઊર્જા બચતના હેતુથી પ્રથમ વખત પાણીના પમ્પોનું ઊર્જા ઓડિટ કરવામાં આવશે.

**બંદરો અને વાહન વ્યવહાર**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૪૩૧કરોડ.

બંદર પ્રભાગ

રાજ્યની સાનુકૂળ નીતિને લીધે ગુજરાતનો દરિયાકિનારો રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. રાજ્યના બંદરો ખાતે વર્ષ ૧૭–૧૮માં અંદાજીત ૩૭૦ મિલિયન મેટ્રીક ટન કાર્ગો વહન થવાનો અંદાજ છે.

- જાપાન ઈન્ટરનેશનલ કો–ઑપરેશન એજન્સી દ્વારા અલંગ શીપ રીસાઈકલીંગયાર્ડનું આધુનિકીકરણ કરી આંતરાષ્ટ્રીય પર્યાવરણ નિયમો સાથે સુસંગત માળખાની રચના કરવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ, જેનાથી વિશ્વના ખૂણે ખૂણેથી જહાજો અલંગ રીસાઈકલીંગ યાર્ડ ખાતે રીસાઈકલીંગ માટે આવશે અને રોજગારીમાં પણ વધારો થશે.

વાહનવ્યવહાર

વાહનવ્યવહારની કચેરીઓમાં અદ્યતન ટેકનોલોજી,જુદા જુદા એપ્લીકેશન/સોફ્ટવેર જેવા કે વાહન–૪,સારથી–૪,સુવાસ, પસંદગીના નંબર માટે ઇ–ઓક્શન વગેરેના અમલીકરણથી રોજિંદી કામગીરી સરળ,પારદર્શક અને ઓછી ખર્ચાળ બની છે.

- ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી અને તેને સંલગ્ન માર્ગ સલામતીની કામગીરી માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ
- સિસ્ટમ ઈન્ટીગ્રેશન પ્રોજેક્ટ હેઠળ રાજ્યની ચેક પોસ્ટ અને R.T.O. કચેરીને સેન્ટર સર્વર સિસ્ટમથી જોડવા રૂ.૧૧ કરોડની જોગવાઈ
- લોકોની સલામતીને ધ્યાને લઈ રાજયમાં "ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ" શ રૂ કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

- વધુ બસ,સારી બસઅને સારી સેવાના અભિગમ સાથે રાજયના અંતરિયાળ વિસ્તારોમાં પરિવહનની સેવા વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા ૧૬૪૦ નવી બસો સંચાલનમાં મૂકવા માટે રૂ.૪૧૦ કરોડની જોગવાઈ
- ડેપો અને બસ સ્ટેશનો ખાતે મુસાફરો માટેની સુવિધાઓ ઊભી કરવા સાથે નવીનીકરણ માટે કુલ જોગવાઇ રૂ.૧૦૦ કરોડ.
- માહિતી અને સંદેશા વ્યવહાર ટેકનોલોજીના સહયોગ દ્વારા અધતન અને સુવિધાસભર બનાવવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઈ

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૫૮૧ કરોડ.

રાજ્યમાં રમત–ગમત, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ગરિમાપૂર્ણ રીતે ઉજાગર કરવાની સાથોસાથ યુવાનો, કલાકારો અને કૌશલ્ય ધરાવતા ખેલવીરોને પ્રોત્સાહન આપી તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તેવા બહુઆયામી આયોજનો સરકારે સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે. આજે ગુજરાતના ખેલાડીઓ અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં એવોર્ડ મેળવી રહયા છે.

- ખેલ મહાકુંભના આયોજન માટે રૂ.૭૬ કરોડની જોગવાઇ,જે પૈકી દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ વિશેષ મહાકુંભનું આયોજન કરવામાં આવશે, જેના માટે રૂ.૮ કરોડની જોગવાઇ.
- ગાંધીનગર,સમા(વડોદરા) ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ, બોટાદ અને ભ રૂચ ખાતે મલ્ટીપર્પઝ સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા નરોડા, અમદાવાદ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે ક્લાઇમ્બીંગ વોલ વગેરેની કામગીરી માટે કુલ જોગવાઇ રૂ.૧૧.૫૦ કરોડ.
- જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કૂલની ક્ષમતામાં વધારો કરવા માટે કુલ રૂ.૭૨કરોડની જોગવાઇ.
- સાપુતારા ખાતે સિન્થેટિક ટ્રેક તથા રાજપીપળા ખાતે ડોરમેટરી બીલ્ડીંગ બનાવવા રૂ.૩ કરોડની જોગવાઇ.
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે વિવિધ રમતોના મેદાનો અને માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ.૭ કરોડની જોગવાઇ.
- સાપુતારા, ધરમપુર તથા છોટાઉદેપુર ખાતેના સંગ્રહાલયો તથા જાંબુઘોડા ખાતેના હેરિટેજ બિલ્ડીંગને સંગ્રહાલય તરીકે વિકસાવવા રૂ.૬.૫ કરોડની જોગવાઇ.

**મહેસૂલ**

મહેસૂલ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૩૦૭૧ કરોડ.

- રેવન્યૂ રેકર્ડ ઓન–લાઇન કરવાના ભાગ રૂપે ગામ નમૂના નંબર ૬ની જૂની નોંધો સ્કેન કરવામાં આવેલ છે. આ યોજનાના ભાગ રૂપે ગામ નમૂના નંબર ૭/૧૨ની જૂની નોંધોના રજિસ્ટર સ્કેન કરીને ઓન–લાઇન ઉપલબ્ધ થાય તે માટે જોગવાઇ રૂ.૧૦ કરોડ.
- રાજ્યના મિલકતધારકોને મિલકત અને જમીન ધારણ કરવા અંગેના હક્કો સુનિશ્ચિત કરવા માટે "કન્કલુઝીવ લેન્ડ ટાઇટલીંગ" આપવા માટે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની વિવિધ જોગવાઇઓના સંદર્ભમાં પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરવા રૂ.૨ કરોડની જોગવાઇ.
- સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી માટે આવતા નાગરિકોને મૂળભૂત અને આવશ્યક સુવિધાઓ ઝડપથી ઉપલબ્ધ કરાવવાના આશયથી પ્રથમ તબક્કે ૧૯ જિલ્લાઓની ૨૨ સબ–રજિસ્ટ્રાર કચેરીઓને મોડલ કચેરી બનાવવા માટે રૂ.૭ કરોડની જોગવાઈ.
- ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ ખાતે પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે હાલની મેન્યુઅલ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમની જગ્યાએ કોમ્પ્યુટરાઈઝ ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ અપનાવવાનું આયોજન છે.

**માહિતી અને પ્રસારણ**

માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૭૪કરોડ.

- માન્યતાપ્રાપ્ત પત્રકારોને એસ.ટી. સંચાલિત વોલ્વો બસમાં નિઃશુલ્ક મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- માહિતી અને પ્રસારણ તંત્ર માટે આધુનિક ટેકનોલોજીવાળા કેમેરા પૂરા પાડવામાં આવશે.

**કાયદો**

રાજયની વિવિધ અદાલતોમાં પડતર કેસોમાં ઘટાડો થાય તે હેતુથી અને ન્યાયતંત્રને જ રૂરી માળખાગત સુવિધા અને માનવ સંસાધનો ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૧૮૧૭કરોડની જોગવાઇ.

**સામાન્ય વહીવટ**

સામાન્ય વહીવટ વિભાગ હેઠળ કુલ જોગવાઇ રૂ.૧૮૨૬કરોડ.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, ATVT અને જિલ્લા કક્ષાએ વિકાસ કાર્યો માટેની અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જ રૂરિયાતના અગત્યના વિકાસના કામો માટે જોગવાઇ રૂ.૧૨૧૭ કરોડ.

વર્ષ ૨૦૧૬–૧૭નો હિસાબ

## અંદાજપત્રની રજૂઆત

હવે હું ૨૦૧૬–૧૭ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ–દેવડના કારણે રૂ.૧૩૪૨.૯૩કરોડની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. ૨૦૧૬–૧૭ ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ–દેવડના કારણે રૂ.૧૨૬.૮૦ કરોડની પુરાંત દર્શાવે છે.

( રૂ. કરોડમાં)

| | | ૨૦૧૬–૧૭ ના સુધારેલા અંદાજ | ૨૦૧૬–૧૭ ના હિસાબ |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | ૧૧૨૫૨૧.૧૧ | ૧૦૯૮૪૧.૮૧ |
| | મહેસૂલી ખર્ચ | ૧૦૯૦૦૯.૪૭ | ૧૦૩૮૯૪.૮૩ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+)૩૫૧૧.૬૪ | (+)૫૯૪૬.૯૮ |
| | મૂડીની આવક | ૩૦૦૨૬.૯૫ | ૨૮૦૭૪.૧૩ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૭૬૯૫.૬૬ | ૩૧૯૦૬.૧૩ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-)૭૬૬૮.૭૧ | (-)૩૮૩૨.૦૦ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું) | (-)૪૧૫૭.૦૭ | (+)૨૧૧૪.૯૮ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | ---- | (+)૩.૭૫ |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+)૫૫૦૦.૦૦ | (-)૧૯૯૧.૯૩ |
| | સરવાળોઃ ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+)૧૩૪૨.૯૩ | (+)૧૨૬.૮૦ |

વર્ષ ૨૦૧૭–૧૮ના સુધારેલા અંદાજ

૨૦૧૭–૧૮ ના અંદાજમાં ચોખ્ખી લેવડ–દેવડના કારણે રૂ.૨૩૯.૧૬ કરોડની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષના અંતે ચોખ્ખી લેવડ–દેવડના કારણે સુધારેલ અંદાજમાં રૂ.૧૦૫૧.૬૨ કરોડની પુરાંત રહેવાની ધારણા છે.

( રૂ.કરોડમાં)

| | | ૨૦૧૭–૧૮ ના અંદાજ | ૨૦૧૭–૧૮ ના સુધારેલા અંદાજ |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | ૧૩૧૫૨૧.૨૩ | ૧૩૧૫૫૦.૫૧ |
| | મહેસૂલી ખર્ચ | ૧૨૫૪૫૫.૬૩ | ૧૨૫૫૭૩.૯૨ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+)૬૦૬૫.૬૦ | (+)૫૯૭૬.૫૯ |
| | મૂડીની આવક | ૩૩૯૭૪.૯૦ | ૩૨૧૧૨.૦૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૪૫૩૭૬.૩૪ | ૪૨૦૩૬.૯૮ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-)૧૧૪૦૧.૪૪ | (-)૯૯૨૪.૯૭ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું) | (-)૫૩૩૫.૮૪ | (-)૩૯૪૮.૩૮ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | ---- | ---- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+)૫૫૭૫.૦૦ | (+)૫૦૦૦.૦૦ |
| | સરવાળોઃ ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+)૨૩૯.૧૬ | (+)૧૦૫૧.૬૨ |

વર્ષ ૨૦૧૮–૧૯ નો અંદાજ

વર્ષ ૨૦૧૮–૧૯ ના અંદાજ નીચે પ્રમાણે રૂ.૭૮૩.૦૨ કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.

( રૂ. કરોડમાં)

| | | ૨૦૧૮–૧૯ ના અંદાજ |
|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | |
| | મહેસૂલી આવક | ૧૪૦૬૩૧.૧૫ |
| | મહેસૂલી ખર્ચ | ૧૩૪૬૩૩.૩૦ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+)૫૯૯૭.૮૫ |
| | મૂડીની આવક | ૩૭૦૯૭.૦૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૪૭૩૧૧.૮૪ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-)૧૦૨૧૪.૮૩ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું) | (-)૪૨૧૬.૯૮ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | ---- |

| | | |
|---|---|---|
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+)૫૦૦૦.૦૦ |
| | સરવાળોઃ ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+)૭૮૩.૦૨ |

––––––

હવે, હું મારા અંદાજપત્રનો ભાગ–ખ રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૮–૨૦૧૯ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ. ૭૮૩.૦૨ કરોડની રહેશે.

હવે હું ૨૦૧૮–૨૦૧૯ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

નશાબંધી

ગુજરાત રાજ્ય નશાબંધીની નીતિને વરેલું રાજ્ય છે અને રાજ્યના સ્થાપ્ના કાળથી આ નીતિનો અમલ કરી રહેલ છે. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અન્વયે રાજ્યમાં નશાબંધી નીતિનો અમલ કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય નશાબંધી નીતિને વરેલું હોવા છતાં રાજ્યના પરમીટધારકોને, વિદેશી પ્રવાસીઓને–ટુરીસ્ટોને વિદેશી દારૂનું સેવન કરવાની પરવાનગી, નિયત નિયમોને આધિન આપવામાં આવે છે અને તે માટે રાજ્યમાં આયાત થતા વિદેશી દારૂ ઉપર આબકારી જકાત અને અન્ય ફી વસૂલ કરવામાં આવે છે. જેમાંથી રાજ્યને વેરાકીય આવક પ્રાપ્ત થાય છે.

વિદેશી દારૂ પરના આબકારી જકાતના દરોમાં તેમજ અન્ય ફી માં વર્ષ ૧૯૯૯–૨૦૦૦ બાદ કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી. આથી વિદેશી દારૂ ઉપરના આબકારી જકાત તેમજ ફી ના હાલના દરોમાં નીચે સૂચવ્યા મુજબ વધારો કરવાની હું દરખાસ્ત કરું છું.

આબકારી જકાત

| કેટેગરી | હાલના દર | સૂચિત દર |
|---|---|---|
| સ્પિરીટ | એક પ્રૂફ લીટરના રૂ. ૧૦૦ | એક પ્રૂફ લીટરના રૂ. ૩૦૦ |
| બીયર | એક પ્રૂફ લીટરના રૂ. ૨૫ | સ્ટ્રોંગ બીયર<br>એક બલ્ક લીટરના રૂ. ૬૦<br>માઇલ્ડ બીયર<br>એક બલ્ક લીટરના રૂ. ૩૩ |
| વાઇન | એક પ્રૂફ લીટરના રૂ. ૧૦૦ | એક પ્રૂફ લીટરના રૂ. ૩૦૦ |

ટ્રાન્સપોર્ટેશન ફી અને સ્પેશ્યલ ફી

| | કેટેગરી | હાલના દર | સૂચિત દર |
|---|---|---|---|
| ટ્રાન્સપોર્ટેશન ફી | સ્પિરીટ | એક બલ્ક લીટરના રૂ. ૨/– | એક બલ્ક લીટરના રૂ. ૧૦/– |
| | વાઇન | એક બલ્ક લીટરના રૂ. ૧/– | એક બલ્ક લીટરના રૂ. ૫/– |
| | બીયર | એક બલ્ક લીટરના રૂ. ૦.૫૦ | એક બલ્ક લીટરના રૂ. ૫/– |
| સ્પેશીયલ ફી | સ્પિરીટ | એક બલ્ક લીટરના રૂ. ૪૫/– | એક બલ્ક લીટરના રૂ. ૧૩૫/– |
| | વાઇન | એક બલ્ક લીટરના રૂ. ૧૫ | એક બલ્ક લીટરના રૂ. ૪૫/– |
| | બીયર | એક બલ્ક લીટરના રૂ. ૫/– | એક બલ્ક લીટરના રૂ. ૧૫/– |

સી. એસ. ડી. કેન્ટીનના દરો

રાજ્યમાં સી. એસ.ડી. કેન્ટીન દ્વારા મિલીટરી પર્સોનેલ માટે જે વિદેશી દારૂની આયાત કરવામાં આવે છે તેના ઉપર હાલમાં આબકારી જકાતના જે દરો છે તેમાં નીચે જણાવ્યા મુજબ વધારો કરવાની હું દરખાસ્ત કરું છું.

| કેટેગરી | હાલના દર | સૂચિત દર |
|---|---|---|
| સ્પિરીટ (રમ સિવાય) | રૂ. ૭૫ એક પ્રૂફ લીટરના | રૂ. ૨૨૫ એક પ્રૂફ લીટરના |
| સ્પિરીટ (રમ) | રૂ. ૨૫ એક પ્રૂફ લીટરના | રૂ. ૭૫ એક પ્રૂફ લીટરના |
| વાઇન (૧૭ ટકા કરતા ઓછી સ્ટ્રેન્થ વાળું) | રૂ. ૧૦ એક પ્રૂફ લીટરના | રૂ. ૩૦ એક પ્રૂફ લીટરના |
| વાઇન (૧૭ ટકા કરતા વધારે સ્ટ્રેન્થ વાળુ) | રૂ. ૭૫ એક પ્રૂફ લીટરના | રૂ. ૨૨૫ એક પ્રૂફ લીટરના |
| બીયર | રૂ. ૧૦ એક પ્રૂફ લીટરના | રૂ. ૩૦ એક બલ્ક લીટરના સ્ટ્રોંગ બીયરના,<br>રૂ. ૧૫ એક બલ્ક લીટરના માઇલ્ડ બિયરના |

વિદેશથી આયાત થતા વિદેશી દારૂ ઉપર સ્પેશ્યલ ફી

ભારત બહારથી આયાત કરીને સ્પિરીટ, વાઇન અને બીયર રાજ્યમાં લાવવામાં આવે ત્યારે તેના ઉપર કોઇ પણ પ્રકારની આબકારી જકાત/કાઉન્ટર વેલીંગ ડ્યૂટી લેવામાં આવતી નથી. આથી ગુજરાત રાજ્યમાં ભારત બહારથી આયાત કરીને લાવવામાં આવતા સ્પિરીટ, વાઇન અને બીયર ઉપર નીચે જણાવ્યા મુજબ સ્પેશ્યલ ફી લેવા માટે હું દરખાસ્ત કરું છું.

| | |
|---|---|
| સ્પિરીટ અને વાઇન | (૧) વેચાણ કિંમત રૂ. ૧૫૦૦ સુધીહોય તો સ્પેશિયલ ફી રૂ. ૫૦૦ પ્રતિ બલ્ક લીટર<br>(૨) વેચાણ કિંમત રૂ. ૧૫૦૦ થી રૂ. ૬૦૦૦ સુધી હોય તો સ્પેશ્યલ ફી રૂ઼ ૨૦૦૦ પ્રતિ બલ્ક લીટર<br>(૩) વેચાણ કિંમત રૂ. ૬૦૦૦ થી વધારે હોય તો સ્પેશ્યલ ફી રૂ. ૮૦૦૦ પ્રતિ બલ્ક લીટર |
| માઇલ્ડ બીયર | સ્પેશ્યલ ફી રૂ. ૩૩/– એક બલ્ક લીટર |
| સ્ટ્રોંગ બીયર | સ્પેશ્યલ ફી રૂ. ૪૨/– એક બલ્ક લીટર |

સમાપન

સન ૨૦૧૮–૨૦૧૯ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

| | (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| અંદાજ અનુસારની પુરાંત | (+) ૭૮૩.૦૨ |
| નશાબંધી દરોમાં વધારાના કારણે મળનાર આવક | (+) ૧૦૬.૩૨ |
| એકંદર અંદાજિત પુરાંત | (+) ૮૮૯.૩૪ |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

સન ૨૦૧૮–૧૯ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.

સભાગૃહનું કામકાજ બપોરના ૩–૪૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

# તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮
ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં વેટ તથા જીએસટી વસુલવાનો બાકી હોય તેવા ઓદ્યોગિક ગૃહો

* ૩૯૯ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં વેટ કે જીએસટી અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઇ ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી ઉક્ત પેટે કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) *પત્રક–૧ મુજબ |
| (૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો તેવા કયા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ? | (૩) *પત્રક–૨ મુજબ |

*(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબના પેટા ભાગ–૨ અને ૩ મુજબ જે માહિતી મેં માંગી છે તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ પત્રક–૧ અને પત્રક–૨ મુજબ એવો જવાબ આપ્યો છે. મેં પેટા સવાલ–૨માં કેટલા વ્યાપારી ગૃહો પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે એવું પૂછ્યું છે. તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કેટલા ઔદ્યોગિક એકમો અને કેટલી રકમ વસૂલ કરવાની છે તેનો આકડો આપ્યો હોત તો આખી પરિસ્થિતિનો ખ્યાલ આવત પરંતુ આ જે જવાબ આપ્યો છે એનાથી મને કોઇ ચોકકસ માહિતી મળતી નથી. નીચે નોંધમાં લખ્યું છે કે પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખ્યા છે. સચિવશ્રીની કચેરીમાં જઇને વિગતો મેળવવાની હોય અને પછી પેટા પ્રશ્નો પૂછવાના હોય તો કેવી રીતે એ પૂછી શકાય?

અધ્યક્ષશ્રી : જયારે પત્રકોની વિગતો વધારે હોય ત્યારે આ રીતે જ મૂકવામાં આવે છે. પત્રકોની વિગતો આની સાથે આપી શકાય નહિ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : આ જવાબની અંદર બે જગ્યાએ પત્રકોમાં સૂચન કરેલું છે કે સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : સચિવશ્રીની કચેરીમાં હોય છે. એમને જે જવાબ જોવો હોય તો જોઇ શકે છે. સભ્યના ટેબલ ઉપર એ પત્રક મૂકવામાં આવેલું છે. બધાની જાણકારી માટે કે આવું જે પત્રક હોય એ એક કલાક પહેલા ટેબલ ઉપર મૂકવામાં આવે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : અત્યારે મને મળ્યું એના પેટા પ્રશ્ન પૂછવા માગુ છું કે દસ લાખ કે તેથી વધુ રકમ વસૂલ કરવાની બાકી છે તેવા એક કે બે વર્ષ કે વધારે સમયથી વસૂલ કરવાની બાકી હોય એવા કેટલા ઔદ્યોગિક અને વેપારી એકમો પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે? બીજો પ્રશ્ન કે રાજયના નાના વેપારીના વેરાની રકમ બાકી હોય તો જે નાના ધંધા કરવાવાળા છે એની દુકાન કે ધંધાનું સ્થળ છે એને સીલ કરવામાં આવે છે. દસ લાખથી વધારે રકમ બાકી છે તેવા કેટલા એકમો સામે મંત્રીશ્રી કે વિભાગે પોલીસ ફરિયાદ કરી છે તેની માહિતી માનનીય મંત્રીશ્રી આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ મોટો અને ખૂબ ઉપયોગી અગત્યનો પ્રશ્ન પૂછયો છે. આમ તો અમે નાણા વિભાગમાં રાજયની આવકો માટે જેમને જેમને ટેક્સ ભરવાના થતા હોય એનું સતત રીવ્યુ, મોનીટરીંગ અને ફોલોઅપ કરતા રહીએ છીએ. એમણે જે બે જિલ્લાના પ્રશ્નો પૂછયા છે કે અમદાવાદ જિલ્લામાં અને મહેસાણા જિલ્લામાં દસ લાખ રૂપિયાથી વધુ જેને ટેક્સની રકમની વસૂલાત બાકી હોય એવા એકમોની યાદી આપવી અને રકમ પણ જણાવવી. એમણે એમ કીધું કે છાપેલી યાદી નથી. વિધાનસભાના આપણા નિયમો પ્રમાણે પત્રક મુકયા છે. આ લગભગ ૭૦–૮૦ પાનાનો આખો બંચ અમદાવાદ જિલ્લાનો છે કે જેમાં રકમ વસૂલાત બાકી છે એના એક એક એકમનું નામ અને એની પાસે કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે એ બતાવ્યું છે જેની નકલ આપને આપવામાં આવી છે. બીજું મહેસાણા જિલ્લાનું છે જે લગભગ ૫૦ પાનાનું આખું પત્રક છે એની પણ માહિતી માનનીય સભ્યશ્રીને અને વિધાનસભાની લાયબ્રેરીમાં મૂકવામાં

આવી છે. હું સન્માનનીય સભ્યોને ચોકકસ કહીશ કે ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી માંડીને જે રકમો વસૂલ કરવાની બાકી છે એની તમામ વિગતો આમાં આવી જાય છે. આ કંઇ છેલ્લા પાંચ કે દસ વર્ષનું છે એવું નથી. જયારથી ગુજરાત રાજ્યની સ્થાપના થઇ, મુંબઇ રાજ્યમાંથી આપણે અલગ પડ્યા, આપણા હિસાબો અને આપણી પદ્ધતિઓ અલગ થઇ ત્યારથી એ જમાનામાં કોઇના ૨૫ હજાર હોય. એ પછી કેટલાક વેપારીઓએ ધંધો ચાલુ રાખ્યો, કેટલાક બંધ થઇ ગયા, કેટલાક બીજી રીતે નિષ્ફળ ગયા, દુકાન બંધ થઇ ગઇ, પેઢી ફડચામાં ગઇ એનાથી માંડીને જેને કાયદાકીય વિવાદ હોય, દા.ત. અમારો આ પ્રશ્ન સેલ્સ ટેક્સ માટેનો છે, વેટ માટેનો છે એટલે હું સેલ્સ ટેક્સ અને વેટનો ઉલ્લેખ કરીશ. જી.એસ.ટી. હવે ચાલુ થયું છે. એના પ્રશ્નો ભવિષ્યમાં આવશે. સેલ્સ ટેક્સ અને વેટ હતો ત્યારે કોઇ વેપારીને નોટિસ આપી હોય કે તમારા માટે આટલી રકમનો ટેક્સ બાકી છે. વેપારીને એમ થાય, વકીલની સલાહ પ્રમાણે, સી.એ.ની સલાહ પ્રમાણે આપણે આટલો ટેક્સ ભરવાનો બાકી રહે છે તો એનો વિવાદ દાખલ થતો હોય છે. આપને બધાને ખબર છે કે જુદા જુદા પ્રકારના ફોર્મ હોય છે. એક વેપારી બીજા વેપારીને માલ વેચે, એક ઉત્પાદક બીજા ઉત્પાદકને માલ વેચે તો એના ઉપર સીધો ટેક્સ નથી લાગતો. એના ફોર્મ હોય છે એ રજૂ કરે તો ટેક્સ માફ થતો હોય છે. કારણ કે એનો ટેક્સ પછી સરકારને મળવાનો હોય છે. એવી રીતે સી ફોર્મનો અગાઉ કાયદો હતો. આપણા ગુજરાત રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ વેચવા માટે વેપારી કે ઉદ્યોગકાર મોકલે તો સી ફોર્મ ન મોકલે, ત્યાંની સેલ્સ ટેક્સ કચેરી સી ફોર્મ સમયસર ન ફાળવે, સામેની વેપારીની પેઢી બંધ થઇ ગઇ હોય, ત્યાંની સરકારનો ટેક્સ ન ભર્યો હોય દા.ત. અહીંથી કર્ણાટક રાજ્યમાં બેંગલોર માલ મોકલે પણ સી ફોર્મ ન આપે તો ગુજરાતના વેપારીએ એનું સાચી રીતે કાયદેસરનું બિલ બનાવી માલ મોકલ્યો હતો પણ એને સી ફોર્મ ન મળ્યું એટલે આપણી ગુજરાત સરકાર એને ટેક્સની રીકવરી માટે નોટિસ આપે. એ રીતે આ બધા કેસો દાયકાઓથી સતત ચાલતા હોય છે. પછી અપીલો થાય. મોટા મોટા કેસોમાં ડેપ્યુટી કમિશનરથી શરૂ થાય તો ટ્રિબ્યુનલ, એના ઉપર હાઇકોર્ટ અને હાઇકોર્ટ ઉપર સુપ્રીમ કોર્ટ છે. જો મોટી રકમની ચૂકવણી હોય, મોટો વિવાદ હોય અને અર્થઘટનનો કેસ હોય એમાં ચૂકવણીઓ કાયદાની દ્રષ્ટિએ આવતી હોય છે. હું એકંદર માહિતી આપુ તો અમદાવાદ જિલ્લામાં ૧૦ લાખથી વધુ વેટની રકમ બાકી છે એવા ૧૯૧૫ કેસો છે. એની અંદર ૭૫૭૪ કરોડ ૮૧ લાખ રૂપિયાની રીકવરી માટે વેપારીઓને નોટિસ આપી છે. આ રીકવરી છે એ કેમ બાકી છે એ પણ માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે કહું કે આ પૈકી ૩૨૬૫ કરોડ ૪ લાખ રૂપિયાના ૪૩.૧૦ ટકા કેસો વિવિધ કાયદાકીય મુદ્દાઓના કારણે સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટ, વાણિજ્યવેરા પંચ એટલે કે ટ્રિબ્યુનલ અને ઓથોરિટીઓ પાસે મનાઇ હૂકમ હોવાના કારણે એ વસૂલાત બાકી છે. એ પૈકી ૪૨૧ કરોડ ૬૫ લાખ રૂપિયાના ૫.૧૭ ટકાની રકમ એવી વસૂલાત બાકી છે કે જે કંપનીઓ ફડચામાં ગઇ, માંદી થઇ ગઇ અને ભારત સરકારની બી.આઇ.એફ.આર. માં જાય અને લિક્વીડેશનના કાયદાઓ છે, એન.સી.ઇ.આર.ટી.ના કાયદાઓ છે એ કાયદાઓ મુજબ કંપનીઓએ અપીલ કરી હોય એના કારણે મુલતવી છે. બીજા ૨૧૮૮ કરોડ બાકી છે એ ૨૮.૮૯ ટકા બાકી રકમના છે એ કંપનીઓએ નાદારી નોંધાવી છે. પોતે નાદાર છે અને કોર્ટમાં એફિડેવિટ કરી દીધી છે એની પાસે કોઇ માલ–મિલકત રેવન્યુ રાહે વસૂલ કરી શકાય તે પ્રકારનું પણ કાંઇ રહેતું નથી. આ ૧૯૬૦ થી છે. આ જે હું આંકડો આપું છું એ ૧૯૬૦ થી ગુજરાત અલગ બન્યું ત્યારથી માંડીને પ્રશ્નની તારીખ સુધી છે. આ સરકાર કે તે સરકાર આમાં નથી આવતું. આ સામાન્ય બાબત છે. બીજું સાહેબ, ૭૭.૫૬ % બાકી (અંતરાય) આ અગત્યની બાબત છે અને અમિતભાઇ, ઉપયોગી થશે. હું તો બેસી જાવ. હું તો ના આપું.

અધ્યક્ષશ્રી : ૭૦ પાનાનો જવાબ હોય એવો પ્રશ્ન છે, અને પછી એમને સંતોષ ના હોય તો પાછો વાંધો આવે. આપને સંતોષ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અધ્યક્ષ સાહેબ, મારે કોઇ એવી જરૂર નથી.

અધ્યક્ષશ્રી : એમને સંતોષ હોય તો હું પૂછવાની તૈયારીમાં જ હતો કે આપને જવાબથી સંતોષ છેને? ( ઇમરાનભાઇ ખેડાવાલા કાંઇક કહેવા જતા ઉભા થતાં ) પ્લીઝ બેસી જાવ. માનનીય જગદીશભાઇ.

શ્રી જગદીશ પંચાલ : સૌ પ્રથમ તો અમારા ટેક્સેશન વિભાગને અભિનંદન આપીશ કે ખૂબ સારી અને સરાહનીય કામગીરી જ્યારે કરી રહ્યાં છે ત્યારે આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાંથી છેલ્લા પાંચ વર્ષમાં બાકી વસૂલાત પેટે કેટલી રકમની વસૂલાત થઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ જ માહિતી વધારાની આપવા માગતો હતો કે એક બાજુ વેપારી કાયદાકીય સ્ટે લે એનું રક્ષણ કરે તો સરકાર પણ એનું કામ કરે છે. આપણી કમિશ્નર ઓફિસ દ્વારા અમદાવાદ જિલ્લાની જો માહિતી આપું તો છેલ્લા પાંચ વર્ષની અંદર ૪,૩૨૯ કરોડ ૭૭ લાખ રૂપિયાની વસૂલાત બાકી વેરાની એ પણ આપણે કરી દીધી છે. એવી રીતે જ મહેસાણામાં પણ છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૩૩ કરોડ ૧૮ લાખ રૂપિયાની બાકી વેરાની વસૂલાત આપણે કરી દીધી છે. એટલે આ કાયદાઓની પ્રક્રિયાઓ છે. કોઇ ટ્રીબ્યુનલમાં હારી જાય અને હાઇકોર્ટમાં ના જવું હોય તો રકમ ભરી દે. કોઇ હાઇકોર્ટમાં સામેનો વેપારી હારી જાય અને સુપ્રીમકોર્ટમાં ના જવું હોય અથવા ના જવાપાત્ર હોય તો રકમ ભરી દે. કોઇ સુપ્રીમકોર્ટમાં ગયેલા હારી જાય તો ટેક્સ તો ભરવો જ પડે છે એમાં પછી કોઇ વિકલ્પ હોતો નથી. એમ તબક્કાવાઇઝ આ રકમ આપણે વસૂલ કરીએ છીએ.

શ્રી સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો વીજ ચોરી કરે એમાં આપણે એફ.આઇ.આર. પણ કરીએ છીએ અને દંડ પણ વસૂલ કરીએ છીએ. એમ સ્ટેમ્પ ડ્યુટીમાં ખેડૂતો દસ્તાવેજ કરે અને એને અપીલ કરવી હોય તો ૨૫% રકમ જમા

કરાવે તો અપીલ કરી શકે છે તો આ ૧૦ લાખ જેવી વધારે રકમ બાકી છે એની વસૂલાત માટે સરકાર ૨૫% ડિપોઝિટ કરાવીને અપીલ કરી શકે અથવા તો એફ.આઇ.આર. કરી શકે કે કેમ? અને એ અંગે સરકાર વિચારે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમાં બે બાબત છે. એક તો અપીલનો નિયમ ઓલરેડી છે જ. કોઇ પણ વેપારીને અપીલ કરવી હોય તો જેટલી રકમ ભરવાપાત્ર હોય એની ૨૦% રકમ ભર્યા પછી જ એ અપીલમાં જઇ શકે છે અને જેણે ૨૦% રકમ ભરી હોય એને જ અપીલમાં સ્ટે મળે છે. એમ ને એમ કોઇને સ્ટે સીધે સીધો મળતો નથી એની વિગત આ છે. બીજું, ક્યાંય છેતરપિંડી હોય, ટેક્સની ચોરી હોય, ખોટા ફોર્મ રજૂ કર્યા હોય, નકલી ચોપડા રજૂ કર્યા હોય તો એની એફ.આઇ.આર. કરવામાં આવે છે. આપણી સરકાર તરફથી, અમારા વિભાગ તરફથી છેલ્લા બે-ત્રણ વર્ષની જો વાત કરું તો અનેક ઉત્પાદકો જે મોટા સિગારેટ કે તમાકુ, ગુટકા વગેરે જે ખોટા નામે જે ખોટી રીતે નકલી બિલો બનાવીને નકલી ફોર્મ રજૂ કરીને જેમણે ઠગાઇ કરી હોય અને સરકાર સાથે ગેરરીતિ કરી છે. ટેક્સનો વિવાદ હોવો એ અલગ વાત છે પણ ચોરી કરવી એ અલગ વાત છે. જેમણે જેમણે ચોરી કરી છે એવા સામે એફ.આઇ.આર. પણ અમારી સરકારે, અમારા વિભાગે દાખલ કરેલી છે અને એમાં અમારા કર્મચારી પણ જો સંડોવાયેલા માલૂમ પડ્યા છે એવા કર્મચારીઓ સામે પણ એફ.આઇ.આર. દાખલ કરી છે. એમના વકીલો, જે પેઢીએ આ કામ કર્યુ હોય એના વકીલો સામે પણ એફ.આઇ.આર. દાખલ કરી છે અને મૂળ વેપારી સામે પણ એફ.આઇ.આર. દાખલ કરી છે. આ પ્રમાણે આપણે કર્યુ છે એટલે જેણે ખોટું કર્યુ છે, ગેરરીતિ કરી હોય એની સામે ફોજદારી રાહે આપણે પગલા લઇએ છીએ અને મહિનાઓ સુધી આવા લોકો જેલમાં રહે છે.

શ્રી ઋષિકેશ ગ. શ્રી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની આઝાદી પછી સૌથી મોટા આર્થિક સુધાર માટે ભા.જ.પ.ની કેન્દ્રની આદરણીય નરેન્દ્રભાઇની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આદરણીય નીતિનભાઇને પણ એનો હિસ્સો બનવા બદલ તેમજ સમગ્ર ભારતના બધા રાજયોએ આમાં સહકાર આપ્યો છે એટલે માનનીય નીતિનભાઇને અભિનંદન આપું છું. ગૃહને પણ અભિનંદન આપું છું. મોટાભાગના મારા પ્રશ્નનો જવાબ તો આવી ગયો છે પણ મારે બે બાબતે જાણવું છે કે જે બાકી વસૂલાત છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હજી તો તમારા સભ્યોને પણ હું આપવાનો છું. પહેલી વાર છે નવા સભ્યો છે. આપના સભ્ય છે તમે કહો તો જવા દઇએ આગળ મને વાંધો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : બાકી વસૂલાત માટે કાયદા અનુસાર આપણે શું શું પ્રક્રિયા કરી શકીએ છીએ અને કેવા પ્રકારની પ્રક્રિયા દ્વારા આપણે ટેકસની વસૂલાત કરીએ છીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેકસ વસૂલાતની પણ પદ્ધતિઓની કાયદામાં જોગવાઇ છે. એમાં જેનો ટેકસ બાકી હોય એની મિલકતો ઉપર આપણે બેંકની ટાંચ મૂકીએ છીએ, એ વેપારી પાસે એના કારખાનામાં, એની દુકાનમાં, એના ગોડાઉનમાં માલ પડયો હોય એ માલ પણ જપ્ત લઇએ છીએ. એ વેપારીની દુકાન, કારખાનું કે એનું રહેવાનું ઘર જે હોય એની પણ મિલકતની ટાંચ કરીએ છીએ. થર્ડ પાર્ટી રીકવરી પણ કરીએ છીએ. રેવન્યુ રાહે પણ રીકવરી કરીએ છીએ કે કોઇનો ટેકસ બાકી છે પણ એની જમીન વગેરે બીજા રાજયોમાં મિલકત છે, સમજી લો કે કોઇ મહારાષ્ટ્રના વેપારી પાસે આપણે ટેકસ વસૂલાત બાકી છે અને એ મુંબઇમાં રહે છે તો મુંબઇ કલેકટરને મોકલી એની ત્યાંની મિલકત જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવાનો પણ આપણને અધિકાર છે અને મેં કીધું એમ કાયદાકીય રીતે ફોજદારી રાહે પણ જયાં ગેરરીતિ હોય, છેતરપીંડી હોય, ખોટા ચોપડા, ખોટા ફોર્મ વગેરે રજૂ કર્યું હોય એ પણ આપણે કરીએ છીએ અને આ બધી કાયદામાં ઠરેલી પ્રક્રિયાઓ છે એને બધાએ પાળવી જ પડે નહીંતર કોર્ટમાં પછી કેસ આપણી વિરુદ્ધમાં જાય અને આપણે બધી પ્રક્રિયાઓ પાળી અને મોટા પ્રમાણમાં ટેકસની વસૂલાત કરીએ છીએ.

ઘરભાડા ભથ્થા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ

* ૩૮૦ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : તા.૨૯/૦૩/૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૮૦૨ (અગ્રતા ક્રમ નં. ૧૩૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થુ ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧/૭/૨૦૧૫ ના રોજ સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય સમયે નિર્ણય લેવાની હતી તો તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સરકારે કોઇ વિચારણા કરેલ છે કે કેમ, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો વિચારણાના અંતે શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમનો ક્યારે અમલ કરવામાં આવશે ? | (૨) કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓના ભથ્થાં તેમજ પગાર તફાવતની રકમની ચુકવણી અને પગાર |

વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા અર્થે નાણા વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૬ ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે અને ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ કરવા બાબતે વિચારણા કરવામાં આવશે.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૭–૨૦૧૫ ના રોજ ઘરભાડાભથ્થુ ૩૦ ટકા કરવાનું મેમોરેન્ડમ ગુજરાત સરકારને મળેલ છે. બે વર્ષ કરતા વધુ સમયથી સરકાર વિચારણા કરે છે તો ક્યાં સુધી પૂર્ણ કરી કર્મચારીઓને ૩૦ ટકા ઘરભાડુ આપવામાં આવશે અને પ્રશ્ન–રમાં મંત્રીશ્રીએ જણાવ્યા મુજબ તા. ૧૦–૧૦–૨૦૧૬ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે તો તેની બેઠકો ક્યારે ક્યારે મળી અને એમાં શું નિર્ણયો લેવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મચારીઓ તરફથી પ્રશ્ન આવ્યો છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર કર્મચારીઓને જે પગાર, ભથ્થા, અન્ય સગવડો આપે છે એ પ્રમાણે ગુજરાત સરકાર પણ અગાઉ છઠ્ઠું નાણાપંચ હતું એ પ્રમાણેની સગવડો, સુવિધાઓ અને ભથ્થા આપતી હતી અને આપીએ છીએ. એમાં હાઉસ એલાઉન્સ કર્મચારી જે મકાનમાં રહેતા હોય, સરકારે એમને કવાર્ટર ન આપ્યું હોય તો એમને મકાન ભાડા ભથ્થુ એ રાજય સરકાર તરફથી નિયત ધોરણે આપવામાં આવે છે. છઠ્ઠા પગારપંચ પછી સાતમું પગાર પંચ ભારત દેશમાં કેન્દ્ર સરકારે પોતાના પુરતું અમલમાં મૂક્યું અને મને આ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત એક એવું રાજય છે કે આખા દેશની અંદર સાતમુ પગાર પંચ ભારત સરકારની સાથેસાથે વહેલામાં વહેલું અમલમાં મુકવામાં ગુજરાત પહેલા નંબરનું રાજય છે. સી. જે. ભાઇ, તમે તો અધિકારી રહી ચૂકયા છો, આ જોષીયારાજી પણ અધિકારી રહી ચૂકયા છે (અંતરાય) મારી વાત તો સાંભળો, બધું લૂંટાવી જ દેવું છે આપણે કશું બાકી નથી રાખવું. હજુવાર લાગશે અમે બેઠા છીએ એટલે કહીએ છીએ. સાહેબ, હું જી.એસ.ટી. કાઉન્સીલમાં જઉં છું. આખા દેશના નાણા મંત્રીઓ ત્યાં આવે છે. અમારી એકબીજા સાથે ચર્ચા થાય. ચા–પાણી વખતે કે પછી મીટિંગ વગેરે વખતે ચર્ચા થતી હોય છે. હજુ પણ દેશના ઘણા રાજ્યો એવા છે કે જેમણે હજુ પણ સાતમા પગાર પંચનો અમલ કર્યો નથી. ત્યારે ગુજરાતની સરકારને ૬ લાખ કર્મચારીઓએ અભિનંદન આપ્યા છે. ગુજરાત એક મોડેલ, પ્રગતિશીલ રાજ્ય છે. સરકારી કર્મચારીઓને તમામ પ્રકારના સાતમા પગાર પંચના સુધારણાના લાભો આપ્યા. હવે મકાન ભાડાની વાત. છઠ્ઠા પગારપંચ પછી આપણા ગુજરાતમાં છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીઓને મકાનના ભાડાનું એલાઉન્સ આપતા હતા. તેમાં ૩ કેટેગરી છે, મેટ્રો સિટી, તો ૫૦ લાખથી વધુ વસતિ ધરાવતાં શહેરો હોય અમદાવાદ જેવું મોટું તેનું ભથ્થું અલગ. ૫ લાખથી ૫૦ લાખની વસતિ ધરાવતાં શહેરોમાં રહેતા કર્મચારીઓ અને ૫ લાખથી ઓછી વસતિ ધરાવતાં શહેરોમાં રહેતાં કર્મચારીઓ એમ ૩ સ્લેબ પ્રમાણે કર્મચારીઓ આખા ગુજરાતમાં ગમે ત્યાં રહેતા હોય તેઓની ગમે ત્યાં નોકરી હોય, સરકારે ફરજ આપી હોય ત્યાં તેમને ભથ્થાં આપીએ છીએ. હવે મોટો ફેરફાર કરવા માટે ભારત સરકારને સાતમાં પગાર પંચની અન્ય સુવિધા આપવા માટે ગુજરાત સરકારે કમિટી નીમી છે. મંત્રીશ્રીની કમિટી છે. મુખ્ય સચિવની અધ્યક્ષતામાં સચિવની કમિટી છે. ઘરભાડા સિવાયની અન્ય સગવડો ભારત સરકારે આપી છે. હવે આપવી, ના આપવી, કેટલી આપવી, ક્યારે આપવી એ રાજ્યના અધિકારમાં આવે છે. એનો અભ્યાસ કરી કેટલું ભારણ આવે છે વગેરે જોઇ એનો સમયગાળો સરકાર નક્કી કરતી હોય છે. એ દરમ્યાન ભારત સરકારે નવો સુધારો કર્યો. ભારત સરકારે છઠ્ઠા પગારપંચ પ્રમાણે જે મોટાં શહેરોને ૩૦ ટકા હાઉસ એલાઉન્સ આપતી હતી, પણ હમણા જ ભારત સરકારે નવા સુધારા સાતમાં પગાર પંચ આવ્યા પછી જે અમલમાં મૂક્યો છે. એમાં ભારત સરકાર દ્વારા ભથ્થાઓની સુધારણા બાબતે જે નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમાં પગાર પંચ અમલમાં આવ્યું છે માટે ભારત સરકારના કર્મચારીઓને પણ જે ૩૦ ટકા પ્રમાણે હાઉસ એલાઉન્સ પછી નીચેના સ્કેલ પ્રમાણે મળતું હતું, તે પણ તાજેતરમાં ભારત સરકારે સુધારણા કરી ૩૦ ના ૨૪ ટકા કર્યુ છે. એટલે કે ઘટાડો કર્યો છે. કેન્દ્રના કર્મચારીઓ માટે. હવે આપણે પણ એના આધારે વિચારણા કરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. યોગ્ય સમયે સરકાર યોગ્ય નિર્ણય કરશે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અડધો જવાબ મળી ગયો અને અડધો બાકી છે. ભારત સરકાર દ્વારા સાતમાં પગાર પંચના બાદ કેન્દ્ર સરકારના કર્મચારીઓને એચ.આર.એ. અને ટી.એ. બંનેના દરમાં સુધારો કરવામાં આવ્યો છે કે કેમ એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભારત સરકાર પોતાની રીતે પોતાના કેન્દ્રના કર્મચારીઓ જે આખા દેશમાં છે એના માટે પોતાના બજેટમાંથી ફંડ આપીને વિવિધ લાભો આપતા હોય છે. રાજ્યો પોતાની રીતે અલગ રીતે નિર્ણય લેવા માટે કાયદાથી બંધારણીય રીતે અને પોતાની આર્થિક ક્ષમતા પ્રમાણે એ પોતાનો નિર્ણય કરી શકે છે. મેં કહ્યુ તે પ્રમાણે ભારત સરકારે તાજેતરમાં સુધારો કરી પોતાના ઘરભાડા ભથ્થાનો દર ઘટાડ્યો છે. કેમ કે ભારત સરકારે સાતમું પગાર પંચ અમલમાં મૂકી દીધું છે. એની અંદર ગુજરાત સરકાર ભવિષ્યમાં યોગ્ય નિર્ણય કરશે.

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે પ્રશ્નના જવાબમાં લખેલ છે કે ૧૦–૧૦–૧૬થી જે અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. અને વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે. કર્મચારીઓએ અભિનંદન આપ્યા પછી કર્મચારીઓ રાહ જોઇને બેઠા છે. સવા વર્ષ થયા પછી સરકારની વિચારણા હેઠળ છે, તો ક્યારથી અમલમાં આવશે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ સમય–મર્યાદા અમે આપી શકીએ નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૩ માં આપને પણ રાજ્ય સરકાર સામે થોડાક પ્રશ્ન છે એટલે આપ...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન વિથડ્રો થઇ ગયો છે.

રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૪૩૦ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે યોગ્ય સ્થળની પસંદગી કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવા જણાવેલ હતું તે હકીકત તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાચી છે. | (૧) હા જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારને ક્યારે જાણ કરવામાં આવી હતી અને તે અન્વયે ક્યારે અને કયા જીલ્લામાં એઇમ્સ શરૂ કરવા રાજ્ય સરકારે દરખાસ્ત કરી, અને | (૨) તે અન્વયે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૧૯/૦૬/૨૦૧૪ના પત્રથી રાજ્ય સરકારને જાણ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે તા.૦૬/૦૮/૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા જીલ્લામાં એઇમ્સ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ભારત સરકારે એઇમ્સની મંજુરી રાજ્ય સરકારને ક્યારે આપી ? | (૩) દરખાસ્ત અન્વયે ભારત સરકાર કક્ષાએ કાર્યવાહી ચાલુ છે. |

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અમારા સૌરાષ્ટ્રમાં એક ધબકતું નામ છે એવું એઇમ્સ જેની આખું સૌરાષ્ટ્ર ઘણા સમયથી રાહ જોઇએ બેઠું છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રસ્તાવના કરશો તો પછી આ બાજુથી થશે. વાંધો નહીં કરો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સોરઠી ભાષામાં તેને ઢાળ આપવો પડે તો મંત્રીશ્રીને ખબર પડે એટલે હું ઢાળ આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ હું પણ ઢાળ આપીશ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એઇમ્સનો પ્રશ્ન એટલા માટે છે કે આખા સૌરાષ્ટ્રમાં ગરીબ માણસ, છેવાડાના માણસને મોટી બિમારી હોય, કોઇને કેન્સરની બિમારી હોય, કોઇને હ્રદયરોગની, કોઇને કીડનીની બિમારી હોય તો અહીં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આ સૌરાષ્ટ્રના છેવાડાના માણસને આવવું પડે છે. અહીં હોસ્પિટલમાં વેઇટીંગ લીસ્ટ હોય છે. જેને કેન્સર હોય, બીજા સ્ટેજે હોય અને તે વેઇટીંગમાં ઓપરેશન માટે નામ લખાવવા આવ્યો હોય અને તેનો સમય જતો રહે છે. તેનો વેઇટીંગમાં વારો ન આવે અને જયારે તેનો વારો આવે અને તેના ઘરે લેટર જાય અને ફોન જાય કે તમારો વારો આજે આવી ગયો છે તો તમે ઓપરેશન કરાવવા આવો. ત્યારે તે માણસનો દહાડો પણ જતો રહ્યો હોય છે અને તેનું બારમું પણ પૂરું થઇ ગયું હોય છે. આ દશા અમારા સૌરાષ્ટ્રના લોકોની છે. પ્રશ્નના જવાબમાં એવું આપ્યું છે.

અધ્યક્ષશ્રી : એટલે પ્રશ્ન હવે શરૂ થાય છે. પછી સમયની વાત ન કરશો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો પ્રશ્ન જ પૂછું છુ.

અધ્યક્ષશ્રી : સમયનો વાંધો કોઇ ના પાડશો પછી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ત્રણ વર્ષથી કેન્દ્ર સરકારને પત્ર લખે છે. રાજ્ય સરકારને એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારએ ૨૦૧૪ના પત્રથી જાણ કરેલ. તે અંગે રાજ્ય સરકારે ૬–૮–૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા ખાતે એઇમ્સ શરૂ કરવા માટે દરખાસ્ત કરેલી. તે વાતને આજે અઢીથી ત્રણ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં એકપણ પત્ર કેન્દ્ર સરકારને લખવામાં આવ્યો નથી તો તેના કારણો શું? મારો બીજો પ્રશ્ન કે કેન્દ્ર સરકારે અઢીથી ત્રણ વર્ષ સુધી એઇમ્સની ફાળવણી ગુજરાતને ન કરી તો રાજ્ય સરકાર કેન્દ્ર સરકારે ગુજરાતને અન્યાય કર્યો એવી પેલી થપ્પડવાળી જાહેરાત કરવા માગે છે કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, અમારા સૌરાષ્ટ્રમાં કહેવત છે મોસાળમાં ભોજન હોય અને મા પીરસનારી હોય તો અત્યારે પણ સરકાર તમારી જ છે તો વાંધો શું છે? છતાં તમારું ન ચાલતું હોય તો મારો પ્રશ્ન એ છે કે

## તારાંકિત પ્રશ્નો

આપણે બિનરાજકીય સર્વપક્ષીય તમામ ધારાસભ્યોને સાથે રાખી કેન્દ્ર સરકારમાં એઇમ્સ બાબતે રજૂઆત કરવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી :આ આપનું સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હર્ષદભાઇ બોલ્યા પણ કોંગ્રેસવાળા બહુ વર્ષો પછી બોલ્યા. મારે પણ બે–ત્રણ બાબતોનો ઢાળ બાંધવો છે. સરસ રેલવે ગાડી જાય એવો. આખો કારપેટ રોડ બનાવી દેવો છે. પહેલું તો મારે કોંગ્રેસના મિત્રોને એ કહેવું છે કે ગઇકાલે મારું બજેટ પ્રવચન સાંભળવા તમે બેઠા હોત તો તમે જે પ્રશ્નો ઉભા કર્યા તેનો ૭૦ થી ૮૦ ટકા જવાબ કાલે જ મળી ગયો હોત. સાહેબ બોલવામાં શૂરા અને કરવામાં પૂરા. બોલવામાં શૂરા અને કરવામાં બૂરા એટલે ખોટા એનું નામ કોંગ્રેસ. એટલા માટે કે જયારે જે કરવાનું હોય ત્યારે નથી કરતા. તમે જે વર્ણન કર્યું તે સાચું પણ કયારનું? તો કોંગ્રેસ સરકાર ગુજરાતમાં હતી ત્યારનું. તમે મોડા પડયા. હર્ષદભાઇ, બધું કહું, તમને નહીં બધાને કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી ભારત સરકાર તરફથી એઇમ્સ બીજા રાજયોમાં બનાવવાનું ચાલતું હતું અને જે તે વખતે કેન્દ્રમાં કોંગ્રેસની સરકારો હતી, મોટા મોટા નેતાઓ કેન્દ્રમાં ગુજરાત કોંગ્રેસના મોટા હોદાઓ પર હતા અને ગુજરાતમાં પણ તમારી કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાતની જનતાએ એઇમ્સ નામનો કોઇ શબ્દ સાંભળ્યો ન હતો તમારા જમાનામાં, તમારા જમાનામાં તો કાંઇ હતું જ નહીં, મનમોહનસિંઘ વડા પ્રધાન હતા ત્યારે અહીં બેઠેલા કેટલાક માનનીય સભ્યશ્રીઓ કોંગ્રેસના સંસદ સભ્ય હતા એમણે શું કર્યું એ હમણા બહાર આવીને મને કહે, અહીં મારે નથી સાંભળવું. (અંતરાય) અમે દલીલો નથી કરી, કીરીટભાઇ બેસી જાવ, અમે દલીલો નથી કરી. પાટણ–ધારપુરમાં નરેન્દ્રભાઇ મોદીએ મેડીકલ કોલેજ બનાવી, તમે કોઇએ નથી બનાવી. વિક્રમભાઇ, સાંભળો જામનગરની મેડીકલ કોલેજની એમ.બી.બી.એસ.ની સીટો વધારવાની, પી.જી.ની સીટો વધારવાની, હોસ્પિટલ અદ્યતન બનાવવાની આયુર્વેદિક કોલેજ આપવાની એ અમે કર્યું છે તમારી મનમોહનસિંઘ સરકાર વખતે કશું નથી થયું, તમારા વખતે પણ કશું નથી થયું. જવાબ તો જવાબની રીતે આવશે. હજુ તો પહેલા ગિયરમાં ગાડી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીને મારી વિનંતી કે એમણે ભલે ઢાળ મૂક્યો આપે ઢાળ સરખો કરી પૂરો કરી આપ્યો છે હવે ટૂંકમાં જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના નાણા મંત્રીશ્રી અરૂણ જેટલીજીએ ૧.૨.૨૦૧૭ના રોજ પાર્લામેન્ટમાં જાહેરાત કરી કે ગુજરાતને એઇમ્સ આપવામાં આવશે. એ પછી ભારત સરકારે સિનિયર અધિકારીઓની એક કમિટી બનાવી અને સ્થળ પસંદગી માટે એ કમિટી ગુજરાતમાં આવી અમારી ગુજરાત સરકારે કલેકટરોને સૂચના આપી વડોદરા અને રાજકોટ જિલ્લાના બંને કલેકટરોને સૂચના આપી. બંને જિલ્લાની અંદર જમીનો આપણે બતાવી છે. એઇમ્સ માટે ભારત સરકારનો નિયમ એવો છે આખા દેશમાં કે જે જમીન જોઇએ તે જમીન જે તે રાજય સરકારે વિનામૂલ્યે ભારત સરકારને આપવાની હોય છે અને એ પછી ૮૦૦ થી ૧૦૦૦ કરોડ રૂપિયાનું મકાન, ફર્નિચર, સાધનો એ બધું ભારત સરકાર ખર્ચ કરે, આપણે જમીન આપવાની છે. આપણે બે જમીન ભારત સરકારની કમિટી જે આવી હતી એમને રાજકોટમાં બે જગ્યાએ અને વડોદરામાં બે જગ્યાએ બતાવી છે અને ભારત સરકાર એના ઉપર અગ્રતા પ્રમાણે યોગ્ય સમયે નિર્ણય લેશે. ગુજરાતના લોકો એઇમ્સ જેવો શબ્દ બોલતા થયા એ ગુજરાત અને ભારતની નરેન્દ્રભાઇ મોદીની સરકારને કારણે થયા છે. બાકી ગુજરાતને અન્યાય કરવામાં તમારી કોંગ્રેસની સરકારોએ કાંઇ બાકી રાખ્યું ન હતું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, એઇમ્સનો મુખ્ય ઉદેશ શું છે? એઇમ્સની સ્થાપના કરવામાં રાજય સરકારે તેનો કોઇ ફાળો કે હિસ્સો આપવાનો છે કે કેમ? અને એની શું શું વ્યવસ્થા કરવાની છે? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણા તમને પૂછીશું ને એઇમ્સ એટલે શું? તો અહીં ઘણાં લોકોને નહીં ખબર હોય. ચાલો વારાફરતી પૂછવું છે બધાને? ભાઇ સી.જે. તમારાથી જ શરૂ કરો, તમે જ શરૂ કરો એઇમ્સ એટલે શું? એનો લાભ શું ? એની જોગવાઇ શું? તમારાથી જ તમે તમારું જ્ઞાન આપવાનું શરૂ કરો. બોલો બોલો તમે જ બોલોને, સાહેબ, આ માનનીય સભ્યશ્રીઓનું અપમાન કરે છે. સાહેબ, દરેક ધારાસભ્યશ્રીને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. સો વાર પૂછાયો હોય અને જવાબ આપાઇ ગયો હોય તો પણ અમે એમ નથી કહેતા કે જૂનો જવાબ વાંચી લેજો. તમારો અધિકાર છે પૂછવાનો અને અમે જવાબ આપીએ છીએ. એઇમ્સમાં એક તો મોટી અદ્યતન હોસ્પિટલ આવે છે, વિશ્વ કક્ષાની સુવિધાઓ ધરાવતી સાધનો સહિતની હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર હોય છે, મેડિકલ કોલેજ હોય છે અને તમામ પ્રકારના રોગોની સુપર સ્પેશ્યાલિટી સારવાર મળી રહે એની જોગવાઇ હોય છે અને ભારત સરકાર એની તમામ વ્યવસ્થાઓ કરતી હોય છે. એટલે એઇમ્સમાં અદ્યતન હોસ્પિટલ મળશે સુપર સ્પેશ્યાલિટીવાળી, મેડિકલ કોલેજ મળશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર ગુજરાતમાં એઇમ્સની મંજૂરી આપે એ આવકારદાયક છે પણ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતનું વડોદરા અને સૌરાષ્ટ્રનું રાજકોટ આ બન્ને સ્થળની દરખાસ્ત આપણે મોકલી આજે ત્રણ વરસ જેટલો સમય થયો, એઇમ્સ ગુજરાતને મળે તેવું બધાયે ઇચ્છે, પણ એઇમ્સ નામની કેપ્સ્યુલ એ મધ્ય ગુજરાતના વડોદરાની આજુબાજુના વિસ્તારો અને સૌરાષ્ટ્ર અને રાજકોટની આજુબાજુનું સમગ્ર સૌરાષ્ટ્ર બન્ને લોકોના ગળામાં ત્રણ વરસથી અટકી છે.

# તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપ પાછું રાજકીય અવલોકન કરશો તો પછી સમય જશે. મને વાંધો નથી પણ પછી સમય જશે આમાં.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના માધ્યમથી મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે, ત્રણ વરસ પછી કાં તો વડોદરામાં બનાવવાના છો કાં તો રાજકોટમાં બનાવવાના છો એટલું રાજ્ય સરકાર કે ભારત સરકાર નક્કી કરે તો મધ્ય ગુજરાત કાં તો સૌરાષ્ટ્રના લોકોને ખબર પડે કે અમારે ત્યાં ખરેખર એઇમ્સ બનવાની છે, આ માટે કોઇ સ્પેસિફિક સ્થળ નક્કી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ પહેલું તો અમિતભાઇની એ વાત ખોટી છે કે ત્રણ વરસ થયાં. ૧-૨-૧૭ના રોજ આ ઉલ્લેખ થયો છે. આપણે ત્યાં પણ હું ક્યાંક જાહેરાત કરી આવું મંત્રી તરીકે, પછી મારે એની બજેટ જોગવાઇ કરવી પડે એ એક પ્રક્રિયા છે, જાહેરાત થઇ, પછી કેન્દ્રના બજેટમાં એની જોગવાઇ થઇ, બન્ને સ્થળોની મુલાકાત થઇ ગઇ, બન્ને સ્થળો આપણે ભારત સરકારને આપ્યા છે, ભારત સરકારને આખા દેશમાં જુદી જુદી જગ્યાએ આ બધી વ્યવસ્થા આપવાની હોય એટલે અગ્રતાક્રમ પ્રમાણે એ નિર્ણય કરશે અને કયું સ્થળ પસંદ કરવું એ રાજ્ય સરકાર તરફથી નક્કી નથી કરવાનું એ નિર્ણય ભારત સરકારના હક્કમાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે બરોડા અને રાજકોટ એમ બન્ને જગ્યાની જમીનો પસંદ કરીને દરખાસ્ત કરવામાં આવી છે. હું રાજ્ય સરકાર પાસે બહુ સ્પષ્ટપણે જાણવા માગું છું કે ભારત સરકાર એઇમ્સ આપવાનું નક્કી કરે એના બદલે રાજ્ય સરકાર જ ગુણદોષના આધારે રાજકોટ સૌરાષ્ટ્રને મળવું જોઇએ એમ નક્કી કરે, કારણકે બરોડા જે છે એ અમદાવાદથી ૧૦૦ કિલોમીટર છે અને રાજકોટ છે એ ૧૮૦ કિલોમીટર જેટલું દૂર છે, ત્યારે સૌરાષ્ટ્રના લોકોને અમદાવાદ સુધી આવવું પડે તે બહુ ભારે પડે અને મુશ્કેલીઓ ઉભી થઇ શકે છે. ત્યારે હું સ્પષ્ટપણે રાજ્ય સરકાર પાસે જાણવા માગું છું કે, રાજકોટને જ એઇમ્સ મળે એના માટે રાજ્ય સરકારની માનસિકતા છે? અને જો ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજા મૂકી શકતા હોય તો આ નિર્ણય લેવામાં શા માટે લાંબો સમય થાય છે એ મારે સરકાર પાસે જાણવું છે. અને બીજું કેન્દ્ર સરકારના બજેટમાં ગુજરાતને એઇમ્સ મળે એના માટે નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સૌથી પહેલાં તો હું પુંજાભાઇનો આભાર માનું છું કે એમણે કબૂલ કર્યું ગૃહમાં રેકર્ડ ઉપર કે નરેન્દ્રભાઇ મોદીએ નર્મદા ડેમના દરવાજા મૂકવાની ૧૭ દિવસમાં પરવાનગી આપી. તમારો ખૂબ ખૂબ આભાર, સાહેબ, ચૂંટણી વખતે નહોતા માનતા પણ હવે ધીમે ધીમે સત્ય સ્વીકારવા માંડયા છે તે બદલ પુંજાભાઇનો અને કોંગ્રેસનો આભાર. બીજુ સાહેબ મેં અગાઉ પણ કહ્યું કે સરકારે બે વિભાગ માટે વડોદરા મધ્ય ગુજરાત, આદિવાસી વિસ્થાપન તેમાં મોટો આવે છે વડોદરા શહેર છે બાકી મોટો આદિવાસી જિલ્લાઓનું આખું મધ્ય ગુજરાત બનેલું છે ભરૂચ સુધી આખી તેની વ્યવસ્થાઓ છે. આ બાજુ રાજકોટ પણ કચ્છ સહિત અમરેલી સહિત, જૂનાગઢ સહિત ભાવનગર અને બધા વિસ્તારને આવરી લેતો વિસ્તાર છે. બન્ને શહેરો ગુજરાત સરકારની દ્રષ્ટિએ યોગ્ય જ છે અને નિર્ણય ભારત સરકારે કરવાનો છે જયાં પણ કરે ગુજરાતમાં થશે રિસર્ચ સેન્ટર થશે એ ગુજરાત માટેનું છે. મેડિકલ કોલેજ બનશે તે ગુજરાત માટેની છે બાકીની આરોગ્યની વ્યવસ્થાઓ મેડિકલ કોલેજો, હોસ્પિટલો તે તો અમે કર્યે જ જઇએ છીએ અને આ બજેટમાં બધુ નવું ઘણું ખરું લીધું છે. (અંતરાય) તે જોવડાવી લઇશું.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે વડોદરા શહેરમાં જે સયાજી હોસ્પિટલ છે તેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર તેમજ આખો આદિવાસી પટ્ટો આ બધાજ દર્દીઓ વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં જાય છે. તો યોગ્ય સ્થાન જો વડોદરા એઇમ્સ માટે નક્કી કરવામાં આવે એવી અમારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પુંજાભાઇ જેમ કોંગ્રેસ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે, જાતિ-જાતિ વચ્ચે ઝઘડા કરાવે છે તેમ પાછું અત્યારે ભૌગોલિક વિસ્તાર વાઇઝ તેમણે મમરો મૂક્યો કે રાજકોટ, સૌરાષ્ટ્ર, કચ્છ. હવે યોગેશભાઇએ મમરાને જુદી રીતે આગળ વધાર્યો. એટલે તમારું કામ જ છે ભાગલા પડાવવા એ •(×××) તમારી પદ્ધતિ જ છે તેમાં તમે કોઇ નવુ નથી કરતા.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય)

રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને બે મોટરો વાપરવાની છૂટ બાબત

* ૧૨૨૨ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતએ રાજ્યમાં કૃષિ વિષયક વીજજોડાણ ધરાવતા ખેડૂતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છૂટ આપવામાં આવી છે કે કેમ, અને | (૧) હા જી. |

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

| | |
|---|---|
| (૨) જો હા, તો આવી છૂટ ક્યારથી આપવામાં આવી છે ? | (૨) વિભાગનાં તારીખ ૧૮-૧૦-૨૦૧૬નાં પરિપત્રથી. |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે એક વિશેષ દિવસ છે સન ૧૯૯૯થી યુનેસ્કો દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઘોષણા કરવામાં આવી છે. (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનો પ્રશ્ન મૂકો

( આ તબકકે માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ માડમ વેલમાં ધસી આવવા પ્રયત્ન કર્યો )

તમે વેલમાં આવશો નહીં આપ આપની જગ્યાનું પહેલાં સ્થાન લો. આપની જગ્યાનું સ્થાન લઇ ત્યાંથી બોલો જે કંઇ કહેવું હોય તે, જે કંઇ કહેવું હોય તે ત્યાંથી કહો. (અંતરાય) હવે તમને બોલવા દેવામાં આવતાં નથી તમો તમારા સ્થાન ઉપર ઉભાં રહો.

( આ તબક્કે માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ માડમે સભાત્યાગ કરું છું એવા ઉચ્ચારણો સાથે સભાત્યાગ કર્યો.)

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માતૃભાષા દિવસે આપણાં સૌ ગુજરાતીઓનું ગૌરવ વધે, સન્માન વધે એ માટે અને આપણી માતૃભાષા ગુજરાતી સમૃદ્ધ થાય ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : આવજો, આવજો કહેવાની જરૂર નથી પાછાં આવશે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના માતૃભાષા દિવસે આપણે સૌ ગુજરાતીઓ આપણી માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, સન્માન વધે અને વધુમાં વધુ સમૃદ્ધ થાય તે માટે આપણાં રોજીંદા જીવનમાં એનો મહત્તમ ઉપયોગ કરે એવી અપેક્ષા સાથે માતૃભાષા ગુજરાતીને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનના જવાબમાં માનનીય ઉર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ૧૮-૧૦-૨૦૧૬થી એક જ કૃષિ વિષયક વીજ જોડાણ ઉપર બે મોટર મૂકવાની છૂટ આપવામાં આવી છે. ખેડૂતોના બહુ જૂના પ્રશ્નોના નિરાકરણ માટે રાજય સરકારને અભિનંદન આપું છું અને માનનીય ઉર્જા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ બીજી મોટરના વપરાશ માટેની શરતો શું છે ? અને આ બીજી મોટર લગાવવાથી ખેડૂતોને કયા કયા વિશેષ ફાયદા થવાના છે ?

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષોથી ખેડૂતોની માગણી હતી કે, એ લોકોને ત્યાં એક ખેતરની અંદર બે મોટર મૂકવા માટે મંજૂરી આપવામાં આવે. ઘણી જગ્યાએ એમને એક કૂવો હોય, એક બોર હોય એમાં પાણી ખૂટી જતું હોય અને બીજા કૂવામાં પાણી હોય અને એ બધાં કારણોસર રાજ્ય સરકારે નિર્ણય લીધો એટલે એક સર્વે નંબરમાં બીજી મોટર મૂકવાની છૂટ આપી છે. બાજુનો સર્વે નંબર પણ પોતાના નામે હોય તો એમાં પણ મોટર મૂકવાની છૂટ આપી છે. એની અંદર બે વિષય હોય છે કે, એને કોન્ટ્રાક્ટ લોડમાં વધારો કરવાનો છે કે નથી એટલે બે મોટર use થઇ શકે. દા.ત. એનો કોન્ટ્રાક્ટ લોડ હોય તો એની અંદર બે મોટર મૂકી શકે અથવા તો એની બીજી મોટરમાં કોન્ટ્રાક્ટ લોડનો વધારો કરવો હોય તો એ કરી શકે. આ બે મુખ્યત્વે condition છે. બાકીની જે પ્રમાણે પદ્ધતિ છે એ પદ્ધતિની અંદર એના સર્વે નંબરની અંદર સબ ડિવિઝનને એણે જાણ કરવાની હોય છે. એ પછી એને shifting of agriculture કનેક્શન કરવું હોય તો પણ allowed છે, પી.બી.સી.એ.ડી. કનેક્શન કરવું હોય તો પણ allowed છે અને application ફોર્મ ભર્યા પછી લોડ વધારાના રૂપિયા ભરે અને ટ્રેસ રીપોર્ટ આપે એ પ્રમાણે એને મંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આ વિસ્તારનો પ્રશ્ન છે એમાં હિંમત સિંહ પટેલ અને ગ્યાસુદ્દીન શેખને કાંઇ પૂછવું છે? (અંતરાય) જો તમે આવી રીતે વળગી રહેશો તો પછી હું હર્ષદભાઇને પ્રશ્ન નહિ પૂછવા દઉં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આવી પ્રથા ના પડાય.

અધ્યક્ષશ્રી : એ એટલા માટે પૂછ્યું કે આ વિસ્તારના કોઇ રહી નથી જતા ને. પછી તમે ન કહેતા કે મને પ્રશ્ન પૂછવા ના દીધો. મને વાંધો નથી. (અંતરાય) એમને એ જ દુ:ખ લાગ્યું કે મને પૂછવા ન દીધું. હું બહારનો છું. મને પૂછવાનો અધિકાર છે મેં પૂછી લીધું. (અંતરાય)

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : આમાં જવાબમાં એવું આપવામાં આવ્યું છે કે ૧૮/૧૦/૨૦૧૬થી પરિપત્ર કર્યો કે ખેડૂતો એક સર્વે નંબર ધરાવતા હોય તો એમાં બીજી મોટર ચલાવી શકે. આ પરિપત્ર આવ્યા પછી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પરિપત્ર આવ્યા પછી એક ખેતરની અંદર એક ખેડૂત બે મોટર ચલાવતો હોય એવા કેટલા ખેડૂતોને પાવર ચોરીમાં ફીટ કર્યા. બીજો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને એ કરું છું કે, ખેડૂતોને એપ્લીકેશન કરવાની, એનો ટ્રેસ રીપોર્ટ ભરવાનો, એમાં પણ હું ગુજરાત વિદ્યુત બોર્ડનું ધ્યાન દોરું છું કે ખેડૂત અરજી લઇને જાય છે. તમે માનનીય મંત્રીશ્રી એનો પત્ર વાંચી લેજો. આટલા તારની મોટર જોઇએ, આટલા તારનો કેબલ જોઇએ, આટલા ફૂટનું અંતર જોઇએ. એક પણ ખેડૂતની અરજી પાસ થતી નથી. બીજો પ્રશ્ન એ કરવા માગું છું કે, તમે કેટલા ખેડૂતોના ટ્રેસ રીપોર્ટ મંજૂર કર્યા અને એમાં આખા ગુજરાતની કેટલી અરજી મંજૂર કરી. આ સરકારે પરિપત્ર કર્યા પછી ખેડૂતોએ બે-બે મોટર ચાલુ કરી અને પછી જી.ઇ.બી.વાળા પહોંચી ગયા અને ખેડૂતોને લાખો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યા છે. મેં ગયા વખતે વિધાનસભામાં કહ્યું કે તમારું ગુજરાત વિદ્યુત બોર્ડ વીજ ચોરીના નામે ખેડૂતોને ખોટી રીતે ફીટ કરે છે. તમે એક હોર્સ પાવરે ૧.૫ એમ્પીયર ગણો છો. એમાં નિયમ એવો છે કે, ઇલેક્ટ્રીક મોટર બનાવતી કંપની ઇન્ડિયન સ્ટાન્ડર્ડ (ISI)નો માર્કો લેવા જાય ત્યારે ISI એવું કહે છે કે, તમારી વાડીએ ૪૧૫ વોલ્ટ મળવા જોઇએ અને એક હોર્સ પાવરે ૧.૧૯ એમ્પીયર લેવા જોઇએ. એવું કહે છે અને જી.ઇ.બી. ૧.૫ ગણે છે એટલે ૧૦ની મોટર હોય તો ૧૫ ગણે છે. એવા કરોડો રૂપિયા ખેડૂતોના ખોટી રીતે પાવર ચોરીના બિલ ઉઘરાવ્યાં છે તો એ રિપોર્ટ આપવા માગો છો કે

કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક ખેતરમાં બે મોટરનો છે એટલે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે, એ પ્રશ્નની બાબતમાં એ વિષયની સંપૂર્ણપણે માહિતી હું આપવા માગું છું. પહેલો વિષય જાણીને આપને આનંદ થશે કે, તા. ૩૧.૧૨.૧૭ સુધી કુલ ૧૫૬૩૪ એપ્લીકેશનો ખેડૂતો પાસેથી મળી છે. DGVCL, MGVCL, PGVCL અને UGVCL આ ચાર કંપનીઓની અંદર બે ટાઇપની અરજીઓ આવી છે. એક કોન્ટ્રાક્ટ લોડ જે છે ત્યાં સુધીની અને contracted load extension ની પણ અરજીઓ આવી છે એટલે ૪૬૪૭ એ કોન્ટ્રાક્ટેડ લોડની અંદર છે અને ૧૦૯૮૭ એ લોડ વધારા સાથે છે. એમ કરીને કુલ ૧૫૬૩૪ છે. હવે માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ એપ્લીકશનો હોય છે એની મંજૂરી આપવામાં આવતી નથી. હવે જે કોન્ટ્રાકટેડ લોડ સુધીની ૪૬૪૭ અરજીઓ આવી હતી એમાંથી કનેકશન રિલીઝ માં ૪૬૪૩ રીલીઝ થઇ ગયા છે અને માત્ર પેન્ડીંગ કનેકશન ૪ છે અને એમાં આપને જાણીને આનંદ થશે કે, પશ્ચિમ ગુજરાતની અંદર ૩૬૦૩ કનેકશનની અરજીઓ આવી હતી, એ સંપૂર્ણપણે ૩૬૦૩ કનેકશન રીલીઝ થઇ ગયા છે અને આ જે ચાર કનેકશન બાકી છે એનો ટેસ્ટ રિપોર્ટ નથી આવ્યો એટલે રીલીઝ નથી થયા, ટેસ્ટ રિપોર્ટ આવશે એટલે અમે તાત્કાલિક રીલીઝ કરીશું. બીજી બાજુ જે લોડ એકસ્ટેન્શન સાથેની કુલ અરજીઓ ૧૦૯૮૭ આવી છે. એમાં SQ issued ૧૦૯૫૪, SQ paid ૮૯૯૦, work completed ૮૭૫૫ એટલે એનો અર્થ એ થયો કે, જેટલા રૂપિયા પેડ થયા છે એની અંદર એક્સ્ટેન્શન લોડના પૈસા એ લોકોને ભરવાના હોય છે એટલે એ પૈસા ભર્યા એમાંથી work completion, માત્ર 2 પેન્ડીંગ એટલે કે જેના પૈસા બાકી છે અને કનેકશન આપવાનું બાકી હોય એવા માત્ર ૨૩૫ કનેકશનો બાકી છે એટલે માનનીય સભ્યશ્રીને આ જવાબથી ચોકકસ આનંદ થશે કે ભાઇ, આ જે જાહેરાત કરી એ જાહેરાત કર્યા પછી ખૂબ સફળતાપૂર્વક ખેડૂતોને બીજી મોટર માટેના કનેકશનો રીલીઝ કર્યા.

શ્રી અનિલ જોષિયારા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે, એક જ સર્વે નંબરમાં બીજું કનેકશન આપવામાં આવે છે. તો પહેલાં જે પરિપત્ર સરકારે કરેલો ત્યારે એમાં લખ્યું છે કે, એક સરવે નંબરમાં બીજું કનેકશન આપવામાં પણ સાથે નીચે લખેલું છે કે, આઠ એકર જમીન હોય તો માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તો જે ૪૮ લાખ ખેડૂતો છે એમાંથી કેટલા જણને આઠ એકરથી વધુ જમીન છે? મોટાભાગના જે ખેડૂતો છે એમની પાસે બે એકર કે ત્રણ એકર એટલે કે જમીન ઓછી છે તો મારી વિનંતી છે કે, મોટાભાગે ભાગ પડી ગયેલા છે ત્યારે તમે એ ભાગ પ્રમાણે કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે એની તપાસ કરી લઇશું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મોરબી જિલ્લાના માળીયા મિયાણા તાલુકો ડાર્કઝોન નીચે આવે છે તો એમાં વીજળી કનેકશનો ખેતીવાડી માટેના માનનીય મંત્રીશ્રી આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ખાલી extension of load આ જે સેકન્ડ કનેકશનની વાત કરીએ તો, મોરબી જિલ્લાની અંદર જે existing contracted load છે એમાં ૪૬ કનેકશન આવ્યાં, અને ૪૬-૪૬ કનેકશનો રીલીઝ કર્યા. લોડ વધારા સાથે મોરબી જિલ્લાની અંદર ૧૮૪ કનેકશનો આવ્યાં એ ૧૮૪ કનેકશનો (અંતરાય) ભાઇ,આપ સાંભળો, હાલની તારીખમાં જેટલા રજીસ્ટર એપ્લીકેશન મોરબી જિલ્લાની અંદર આવ્યાં છે જેટલા મોરબી જિલ્લાની અંદર કનેકશનો આવ્યાં છે એ કનેકશનોનો એસકયુ બી રીલીઝ થયું છે અને SQ જેટલા પેડ થયા છે. સ્ટેટના કામો મંજૂર કરવામાં આવ્યા છે અને એ કામો ચાલે છે. માનનીય સભ્યશ્રીને જાણ કરવી છે કે એમણે જે કનેકશનો આપવાની વાત કરી હતી તો આ સરકારની અંદર દર વર્ષે ગઇ સાલ એક લાખ પચ્ચીસ હજાર કનેકશનો આપવામાં આવ્યા હતા. આ સાલ પણ ૧.૨૫ લાખ કનેકશનો આપવાનો ટાર્ગેટ પૂરો કરવા માગીએ છીએ. અને જે બેકલોગ હતો એ બેકલોગના કારણો હતાં, વીજ ઉત્પાદન ઓછું હતું એટલે ભૂતકાળમાં જે ૮ હજાર મેગાવોટ ઉત્પાદન હતું તેમાંથી ૨૮ હજાર મેગાવોટ કર્યું છે અને એના માટે સબસ્ટેશનો વધારે કરવાં પડતા હોય છે. આ સરકારમાં નાણા મંત્રીશ્રીએ ૨૯૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સમીશન લાઇન માટે આપ્યા છે જો ટ્રાશમિશન લાઇન ઉભી ન થાય તો સબસસ્ટેશન ઉભા ન થાય. આપે તો આભાર માનવો જોઇએ કે, એકલા મોરબીમાં ૧૫ સબસ્ટેશનો આપ્યાં છે. આખા તાલુકામાં તાલુકે તાલુકે ૧૫ -૧૫ સબસ્ટેશનો આપવામાં આવ્યા છે. આપ ચિંતા ન કરતા. આપના ખેડૂતોને કનેકશનો આપવા માટે યોગ્ય સબસ્ટેશનો અને ટ્રાન્સમીશન લાઇનો આપીશું અને બધાને મળી જાય તેના માટેના પ્રયત્નો કરીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીને એ પૂછવા માગું છું કે, મારે ત્યાં ગીર ફોરેસ્ટ વિસ્તારની અંદર ૨૩ ગામડાં સેટલમેન્ટ નીચે આવે છે. એમની રેવન્યુ અને મહેસૂલી તમામ વસ્તુ ફોરેસ્ટ હસ્તક છે. અત્યાર સુધી ત્યાં વીજ કનેકશન જી.ઇ.બી. મંજૂર કરતી નથી. લાઇનો ઉભી કરતી નથી એટલે ત્યાં ફોરેસ્ટ વિભાગના કારણે ખેડૂતો વીજ કનેકશનથી વંચિત રહી જાય છે. તેના માટે આયોજન કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને જાણ કરવી છે કે આપના વિસ્તારના આવા ખેડૂતો હોય, આવા ગામડાં હોય ખેતી માટે કનેકશનો જોઇતા હોય અને એનવાયરમેન્ટના કારણે લાઇનો ન નાંખી શકાતી હોય, કનેકશન ન મળતા હોય તો એની યાદી આપજો. સોલરમાં પ્રેફરન્સ આપીશું, જોગવાઇ કરીશું.

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી ૨૩ ગામડાંનો પ્રશ્ન છે. ફોરેસ્ટ હેઠળ આવે છે તેને વીજળીનાં કનેકશનો આપવા માગો છો કે નહીં.

અધ્યક્ષશ્રી : આપને જવાબ આપી દીધો.

શ્રી સૌરભ પટેલ : આપ ૨૩ ગામોની યાદી લેતા આવજો તો ચોકકસ કનેકશનો આપીશું અને તેના કારણે ખેડૂતોને લાભ થતો હોય તો કરીશું.

અધ્યક્ષશ્રી : હકારાત્મક વાત કરી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા પ્રશ્નનો જવાબ મળયો નથી. ઇન્ડિયા સ્ટાર્ટર આઇ.એસ.આઇ. સાચું કે ગુજરાત વિદ્યુત બોર્ડ સાચું તમે એક હોર્સ પાવરે ૧.૫ એમ્પીયર ગણો છો, આઇએસઆઇ એવું કહે છે કે ૪૧૫ વોલ્ટ મળવા જોઇએ અને એક હોર્સ પાવરે ૧.૧૯ એમ્પીયર લેવાનું ધોરણ કહે છે તો આમાં સાચું કોણ એ મારે જાણવું છે ?

શ્રી સૌરભ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય ઉર્જા વિભાગમાં જીઇબીની કામગીરીનો એમાં વીજળીના ભાવ હોય, આપણે કોઇ જગ્યાએ ભૂલ કરી હોય, નિયમો બનાવવાની ભૂલ કરી હોય કે નિયમોમાં કોઇ હેરાનગિત થતી હોય કે અર્થઘટનમાં કોઇ ભૂલ થતી હોય તો આપ જેવાત કરો છો તેવી, તો તેના માટે ગુજરાત ઇલેકટ્રીક રેગ્યુરેટરી ફોરમ છે. આપ જે વાત કરો છો તે તમામ મુદ્દાની આ રેગ્યલેટરી ફોરમમાં ચર્ચા થઇ ગઇ છે. અપીલો થઇ હતી તેના નિર્ણયો આવી ગયા છે. આ નિર્ણયોને આધારે જીઇબી સંસ્થા કામગીરી કરી રહી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સભ્યશ્રી ભગાભાઇ બારડના પ્રશ્નનો જવાબ હકારાત્મક આપ્યો છે તેને આવકારું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ખેડા અને વડોદરા જિલ્લામાં આવેલ ડેમો

* ૨૯૯ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને વડોદરા જિલ્લામાં મધ્યમ–અને મોટા કેટલા ડેમો આવેલા છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|
| ખેડા | શૂન્ય | ૦૧ |
| વડોદરા | શૂન્ય | ૦૩ |

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨) મધ્યમ ડેમ

| જિલ્લો | વર્ષ |
|---|---|
| ખેડા | રાસ્કા વીયર–વર્ષ ૧૯૪૮ |
| વડોદરા | (૧) જોજવા–વઢવાણા વર્ષ ૧૯૦૯–૧૦<br>(૨) ધનોરા ડેમ, વર્ષ–૧૯૧૧<br>(૩) ઝાવલા ડેમ (ખૂબ જ જૂનો) |

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

કલ્પસર યોજના પાછળનો ખર્ચ

* ૧૧૭૧ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર યોજના કયા તબક્કે છે,

**જવાબ**

(૧) કલ્પસર યોજના કરવાની કામગીરી બે ઘટકોમાં (કોમ્પોનન્ટસ)માં વહેંચવામાં આવેલ છે. (૧) કલ્પસર બંધની કામગીરી (૨) નર્મદા નદી પર ભરૂચ પાસે ભાડભૂત બેરેજના બાંધકામની કામગીરી

(૧) <u>કલ્પસર બંધ અને તેને સંલગ્ન કામગીરી :-</u>

તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર

યોજનામાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. કલ્પસર યોજનામાં ખંભાતના અખાતમાં બંધ બનાવવાનો હોવાથી સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય અભ્યાસો ઉપરાંત બંધના સંલગ્ન પાસાઓ તથા અસરો સહિત વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે, જે પૈકી કુલ ૨૧ અભ્યાસો પૂર્ણ થયેલ છે, જ્યારે ૧૦ અભ્યાસો હાલમાં પ્રગતિ હેઠળ છે વધુ ૧૯ અભ્યાસો આયોજન હેઠળ છે.

(૨) નર્મદા નદી પર ભરૂચ પાસે ભાડભૂત બેરેજના બાંધકામની કામગીરી :–

બેરેજના સર્વે, સંશોધનો, પ્રાથમિક આલેખન, અંદાજો અને ડ્રાફ્ટ ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પૂર્ણતાના તબક્કે છે તથા પર્યાવરણને લગતા અભ્યાસો પૂર્ણ કરેલ છે અને વર્ષ ૨૦૧૮–૧૯માં બેરેજનું કામ શરૂ કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ યોજનાના કયા કામો માટે કરવામાં આવ્યો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫–૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬–૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭–૧૮ (તા. ૩૧.૧૨.૨૦૧૭ સુધી) | ૩૪૪.૯૯ |
| | કુલ | ૩૦૭૧.૦૬ |

(૩) આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન હતું ?

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

અમદાવાદ જિલ્લામાં ઉજાલા યોજના અંતર્ગત થયેલ વિતરણ

* ૧૨૧૯ શ્રી બલરામ થાવાની (નરોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૧,૦૪,૬૭૧ એલઈડી ટ્યુબલાઈટ અને ૫૩,૯૬૨ વીજકાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજીત ૫૩.૫ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૩૮.૬૦ લાખ યુનિટ્સની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૨.૪૧ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂ. ૧.૭૪ કરોડની બચત થશે.

---------

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

કચ્છ જિલ્લામાં મંજૂર કરેલ નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૧૨૦૩ શ્રીમતી માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૭ |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા (પ્રાથમિક પેટા આરોગ્ય) કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા, અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર – ૬૭<br>મંજુર – ૬૭<br>ઘટ – ૦૦ |
| (૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વાઘોડિયા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજુર કરેલ યોજનાઓ

* ૧૨૦૯ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજના મંજુર કરવામાં આવી, અને | (૧) ૧૧ યોજનાઓ |
| (૨) મંજૂરી કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજી કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૧૧૦.૭૦ લાખ |

---------

નવસારી જિલ્લામાં પાણી પૂરવઠા બોર્ડ દ્વારા શારવામાં આવેલ હેન્ડપંપ

* ૧૨૧૫ શ્રી નરેશભાઇ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા કેટલા હેન્ડપંપ શારવામાં આવ્યા, અને<br>(૨) એ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કાર્યરત કરવામાં આવ્યા? | (૧)અને (૨) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ૫૪૨ હેન્ડપંપના બોર શારવામાં આવ્યા, અને તે તમામ કાર્યરત કરવામાં આવ્યા. |

---------

બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સહિત વિવિધ સરકારી હોસ્પીટલોમાં મેડિકલ સાધનો તથા મશીનોની ખરીદી

* ૧૧૫૫ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સીવીલ હોસ્પીટલ, પાલનપુર તથા ડીસા તાલુકાની જનરલ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં<br>તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કયા મેડીકલ સાધનો/ મશીનો ઉપલબ્ધ નથી અને ઉપલબ્ધ કેટલા મશીન બંધ હાલતમાં છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પીટલ, પાલનપુર તથા ડીસા તાલુકાની જનરલ હોસ્પીટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે મેડીકલ સાધનો તથા મશીનો અંગેની માહિતીનું વિગત દર્શાવતું પત્રક સામેલ છે.<br>બનાસકાંઠા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતેએ જરૂરીયાતવાળા તમામ મેડીકલ સાધનો તથા મશીનો ઉપલબ્ધ છે અને તે તમામ ચાલુ હાલતમાં હોઇ નવી કોઇ ખરીદી કરવામાં આવનાર નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ખૂટતા તથા બંધ હાલતના | (૨) ઉક્ત ખુટતા સાધનો ખરીદી કરવા અંગેની |

મેડીકલ સાધનો તથા મશીનો કયાં સુધીમાં ખરીદ કરવામાં આવનાર છે?

કાર્યવાહી હાથ ધરેલ છે. તેમજ જરૂરીયાત વાળા રીપેરીંગ કરવાપાત્ર સાધનો સ્થાનિક કક્ષાએ/રાજ્ય કક્ષાએથી રીપેરીંગ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

બનાસકાંઠા જિલ્લાની જ હો પાલનપુર અને સા.આ. કેન્દ્રો ખાતેના મેડીકલ સાધનો અને મશીનોની વિગત દર્શાવતુ પત્રક
તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૫૫

| અ.નં | તાલુકાનુ નામ | હોસ્પિટલ/સા.આ.કે. નું નામ | ૩૧–૧૨–૧૭ની સ્થિતેએ કયા મેડિકલ સાધનો તથા મશીનો ઉપલબ્ધ નથી. | ઉપલબ્ધ મશીન બંધ હાલતમાં હોય તેની માહિતી |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | જ.હો. પાલનપુર | ડેંટલ એક્સ–રે મશીન | |
| | | | કાર્ડીયોટોકો ગ્રાફ (સી ટી જી મોનીટર) | |
| | | | કોલોનોસ્કોપ અને સીગ્મોઇડો સ્કોપ | |
| | | | પી.ઇ.ટી. મશીન | |
| | | | $Co_2$ ઇનક્યુબેટર | |
| | | | એચબીએ એનેલાઇઝર | |
| | | | એન એસ ટી મશીન | |
| ૨ | ડીસા | સરકારી હોસ્પિટલ, ડીસા | બ્લડ સેલ કાઉન્ટર | |
| | | | ડેન્ટલ ચેર | |
| | | | લેબૉરેટરી રોટેટર | |
| ૩ | વડગામ | વડગામ | ડેન્ટલ ચેર | સેલ કાઉન્ટર મશીન |
| ૪ | | મેમદપુર | ડેન્ટલ ચેર | સેલ કાઉન્ટર મશીન |
| ૫ | | મોરીયા | એક્સ–રે મશીન | |
| ૬ | અમીરગઢ | અમીરગઢ | પૅરેલલ બાર વીથ મીરર | સોનોગ્રાફી મશીન |
| ૭ | વાવ | વાવ | | સેલ કાઉન્ટર મશીન |
| | | | | માઇક્રોસ્કોપ |
| | | | | સેડોલેસ લેમ્પ મોબિલાઇઝર |
| | | | | એકસ–રે મશીન |
| ૮ | કાંકરેજ | શિહોરી | | નીલ |
| ૯ | કાંકરેજ | થરા | | નીલ |
| ૧૦ | દાંતા | દાંતા | | ઇ.સી.જી. મશીન |
| | | | | સેલ કાઉન્ટર |
| ૧૧ | થરાદ | પિલુડા | સોનોગ્રાફી મશીન | સેલ કાઉન્ટર |
| | | | એકસ–રે મશીન | બાયો કેમેસ્ટ્રી એનાલાઇઝર |
| ૧૨ | પાલનપુર | ચંડીસર | | ડિસઇન્ફેક્ટન્ટ જનરેશન |
| | | | | સેલ કાઉન્ટર |
| | | | | એક્સ–રે મશીન |
| | | | | જનરેટર |
| ૧૩ | ભાંભર | ભાંભર | | સેલ કાઉન્ટર મશીન |
| | | | | જનરેટર |
| | | | | કાર્ડીયાક મોનીટર |
| ૧૪ | ધાનેરા | જડીયા | | |
| ૧૫ | લાખણી | લાખણી | સેલ કાઉન્ટર મશીન | માઇક્રોસ્કોપ |
| | | | સાહલીસ Hb મીટર/ડીજીટલ Hb મીટર | સેડોલેસ લેમ્પ મોબિલાઇઝર |
| | | | $Co_2$ ઇનસફીલેટર | |
| | | | કાર્ડીયાક મોનીટર | |
| ૧૬ | સુઇગામ | સુઇગામ | | સેલ કાઉન્ટર મશીન |
| | | | | માઇક્રોસ્કોપ |
| | | | | સેડોલેસ લેમ્પ મોબિલાઇઝર |

| અ.નં | તાલુકાનુ નામ | હોસ્પિટલ/સા.આ.કે. નું નામ | ૩૧-૧૨-૧૭ની સ્થિતેએ કયા મેડિકલ સાધનો તથા મશીનો ઉપલબ્ધ નથી. | ઉપલબ્ધ મશીન બંધ હાલતમાં હોય તેની માહિતી |
|---|---|---|---|---|
| | | | | સટેરિજન ઇસીએ મશીન |
| ૧૭ | | દિયોદર | એર કોમ્પ્રેસર/ડેંટલ એક્સ-રે મશીન | સેલ કાઉન્ટર |
| ૧૮ | ધાનેરા | ધાનેરા | ઈ.સી.જી. મશીન/સાહલીસ Hb મીટર/ ડીજીટલ Hb મીટર | એકસ-રે મશીન |
| | | | ડેન્ટલ ચેર/સાહીબસ હોમોમીટર | |
| | | | ઇંસ્ટુમેંન્ટ ટ્રોલી/સેડોલેસ લેમ્પ મોબિલાઈઝર | |
| | | | ફ્યુમીગેશન મશીન/ઓટી ટેબલ | |
| | | | એર કોમ્પ્રેસર/કાર્ડીયાક મોનીટર | |
| | | | નોબ્યુલાઈઝર મશીન/ફિજીયોથેરાપીસ્ટ સાધનો | |

---------

રાજકોટ મહાનગરપાલિકા હેઠળના વિસ્તારમાં ડી.આઈ.એસ. યોજના અંતર્ગત કરેલ કામગીરી

* ૧૨૨૪ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શિફ્ટીંગ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકા હેઠળના વિસ્તારમાં જાહેર રસ્તાઓ પર અડચણ રૂપ કેટલા વીજ થાંભલા અને વીજ વાયરો ખસેડવાની કામગીરી કરવામાં આવી, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) જાહેર રસ્તા પર અડચરૂપ કુલ-૫૩૯ થાંભલા અને ૧૦૩.૧૫ કી.મી. વીજ લાઈનો ખસેડવાની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) તે પાછળ કુલ રૂ.૧૦.૪૦ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

રાજ્યની ખાનગી બ્લડ બેંકોની તપાસ

* ૪૨૫ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : તા.૨૮-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩૫૨ (અગ્રતા-૧૦૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યની ખાનગી બ્લડબેંકો નફો ન કરે અને નાગરિકોને સેવાર્થે કામ કરે તે માટે નામદાર હાઈકોર્ટના સુચન મુજબ નાણાકીય તજજ્ઞની પેનલ બનાવી તમામ બ્લડ બેંકોનું રેગ્યુલર ઓડીટ કરવાની કાર્યવાહી ચાલુ હતી તો
તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલી બ્લડબેંકોનું ઓડીટ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી બ્લડબેંકોનું ઓડીટ કરવાનું બાકી છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) નામદાર હાઈકોર્ટના સુચન મુજબ નાણાકીય તજજ્ઞની પેનલ બનાવી તમામ બ્લડબેંકોનું રેગ્યુલર ઓડીટ કરવાની કાર્યવાહી ચાલુ છે.

તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની લાયસન્સ ધરાવતી ૧૪૫ બ્લડબેંકોમાંથી ૯૯ બ્લડબેંકોની સંયુકત તપાસ દ્વારા નાણાકીય ઓડીટની કાર્યવાહી આવરી લેવામાં આવી છે.

તદ્ઉપરાંત GSACS દ્વારા સપ્ટેમ્બર-૧૭ અને ડીસેમ્બર-૧૭ દરમિયાન હાથ ધરવામાં આવેલી PFMS ની ટ્રેનીંગ દરમિયાન GSACS ના Finance Dept. ના અધિકારીઓ દ્વારા અમુક બ્લડબેંકોનું નાણાકીય ઓડીટની પ્રક્રિયા કરવામાં આવી હતી.

(૨) બાકી રહેતી રાજ્યની લાયસન્સ ધરાવતી ૪૬ બ્લડબેંકોનું નાણાકીય ઓડીટ તા.૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

ભાવનગર અને બોટાદ જિલ્લામાં નર્મદાની નહેરોની કામગીરી

* ૩૧૧ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને

અને બોટાદ જિલ્લામાં નર્મદા નહેરની ક્યા પ્રકારની અને કેટલા કિ.મી.ની નેટવર્કની કામગીરી કરવાની થાય છે,

બોટાદ જિલ્લામાં નર્મદા નહેરની નીચે મુજબના નેટવર્કની કામગીરી કરવાની થાય છે.

| નહેરનો પ્રકાર | કરવાની થતી કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|
| (અ) ભાવનગર જિલ્લો | |
| શાખા નહેરો | ૩૪.૯૦૩ |
| વિશાખા નહેરો | ૧૧૮.૫૦૧ |
| પ્રશાખા | ૩૧૧.૨૯૨ |
| પ્રપ્રશાખા | ૧૧૪૬.૫૪ |
| કુલ લંબાઈ | ૧૬૧૦.૭૫૭ |
| (બ) બોટાદ જિલ્લો | |
| શાખા નહેરો | ૧૨૮.૫૭૩ |
| વિશાખા નહેરો | ૧૩૩.૫૩૯ |
| પ્રશાખા | ૪૪૦.૪૪૩ |
| પ્રપ્રશાખા | ૧૯૧૬.૬૪૧ |
| કુલ લંબાઈ | ૨૬૨૪.૭૯૫ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલા કિ.મી.ની ક્યા પ્રકારની નહેરો બનાવવામાં આવી અને કેટલા કિ.મી.ની ક્યા પ્રકારની નહેરોની કામગીરી બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર બનાવવામાં આવેલ અને બાકી નહેરોની વિગત નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | છેલ્લા બે વર્ષમાં બનાવેલ નહેરો (કિ.મી.) | બાકી નહેરોની લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| (અ) ભાવનગર જિલ્લો | | |
| શાખા નહેરો | ૦ | ૦ |
| વિશાખા નહેરો | ૯.૦૫ | ૦ |
| પ્રશાખા નહેરો | ૫૭.૩૦ | ૪૮.૪૨૭ |
| પ્રપ્રશાખા નહેરો | ૮૪૧.૫૩ | ૩૦૬.૩૮ |
| કુલ લંબાઈ | ૯૦૭.૮૮ | ૩૫૪.૮૦૭ |
| (બ) બોટાદ જિલ્લો | | |
| શાખા નહેરો | ૦ | ૦ |
| વિશાખા નહેરો | ૨૦.૪૩૨ | ૧૬.૬૦૨ |
| પ્રશાખા નહેરો | ૭૮.૧૮ | ૧૭૧.૯૨૧ |
| પ્રપ્રશાખા નહેરો | ૪૭૪.૬૫૪ | ૧૪૪૨.૧૧૧ |
| કુલ લંબાઈ | ૫૭૩.૨૬૬ | ૧૬૩૦.૬૩૪ |

(૩) આ બાકી નહેરોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) વિશાખા અને પ્રશાખા નહેરોના બાકી કામો જમીન સંપાદન, ખેડૂતોનો વિરોધ અને અન્ય યુટીલીટી ક્રોસીંગ જેવા કે રેલ્વે વિગેરેની સંબંધિત વિભાગની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. પ્રપ્રશાખાની કામગીરી ખેડૂતભાઈઓની ભાગીદારીમાં કરવાની થતી હોઈ તેમની સંમતિ તથા ફાળો મળ્યાથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

છોટાઉદેપુર જિલ્લાની સુખી સિંચાઈ યોજનામાં કેડરવાર મંજૂર મહેકમ

* ૧૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૨૦-૧-૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની સુખી સિંચાઈ યોજનાના કેટલા ડિવિઝનો ક્યા સ્થળે કાર્યરત છે,

(૨) ઉકત પ્રત્યેક ડિવિઝનમાં કેડરવાર કેટલું મહેકમ મંજૂર થયેલું છે, અને તે પૈકી કેડરવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ કેડરવાર ક્યારથી ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ નહીં ભરવાના કારણો શાં છે?

(૧) એક ડીવીઝન, કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ નંબરઃ૨, સુખી કોલોની, અલીપુરા રોડ, બોડેલી ખાતે કાર્યરત છે.

(૨) ઉકત ડીવીઝનમાં જુદા જુદા સંવર્ગનું કુલ મંજૂર થયેલ મહેકમ ૧૦૩ નું છે જેમાં ભરાયેલ જગ્યાઓ ૬૦ તથા ખાલી જગ્યાઓ ૪૩ છે. સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાની વિગત આ સાથે પત્રક-અ માં સામેલ છે.

(૩) જે તે સમયે અધિકારીઓ/કર્મચારીઓની બઢતી/બદલી/નિવૃત્તિના કારણે જગાઓ ખાલી પડેલ છે.

પત્રક – અ

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેર | ૧ | ૧ | ૦ | |
| ૨ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૪ | ૨ | ૨ | ૩૧-૫-૧૫<br>૧-૭-૧૬ |
| ૩ | મ.ઈ./અ.મ.ઈ./ઓવરશીયર | ૨૦ | ૧૨ | ૮ | ૧-૭-૧૪<br>૧૨-૪-૧૪<br>૧૬-૧૦-૧૫<br>૧-૧૧-૧૫<br>૧-૮-૧૬<br>૧-૧૧-૧૬<br>૮-૧૧-૧૬<br>૮-૧૧-૧૬ |
| ૪ | મદદનીશ અધિક્ષક (વિ) | ૧ | ૦ | ૧ | ૧-૧-૧૭ |
| ૫ | વિભાગીય હિસાબનીશ | ૧ | ૦ | ૧ | ૧-૬-૧૬ |
| ૬ | સીનીયર કલાર્ક | ૭ | ૪ | ૩ | ૧-૮-૧૬<br>૩૦-૬-૧૪<br>૩૧-૭-૧૪ |
| ૭ | જુનીયર કલાર્ક | ૧૬ | ૧૦ | ૬ | ૧૪-૭-૧૬<br>૧-૨-૧૬<br>૧-૮-૧૬<br>૮-૩-૧૬<br>૧-૧૦-૧૬<br>૧-૭-૧૬ |
| ૮ | રેખનકાર | ૧ | ૦ | ૧ | ૧-૭-૧૫ |
| ૯ | ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧-૭-૧૪ |
| ૧૦ | ડ્રાઈવર | ૬ | ૨ | ૪ | ૩૧-૩-૧૪<br>૩૦-૬-૧૪<br>૩૧-૭-૧૪<br>૨૮-૨-૧૬ |
| ૧૧ | લેબ.આસીસ્ટન્ટ | ૨ | ૦ | ૨ | ૧-૭-૧૫<br>૧-૭-૧૪ |
| ૧૨ | તાંત્રિક મદદનીશ | ૫ | ૩ | ૨ | ૨૯-૨-૧૨<br>૩૧-૧૨-૧૫ |
| ૧૩ | જુની.સાય.આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | નાયક/પટાવાળા | ૧૨ | ૫ | ૭ | ૧-૭-૧૬<br>૧-૩-૧૫ |

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|---|---|
| | | | | | ૧–૯–૧૬ |
| | | | | | ૧–૭–૧૬ |
| | | | | | ૧–૭–૧૫ |
| | | | | | ૧–૭–૧૫ |
| | | | | | ૧૮–૭–૧૭ |
| ૧૫ | ચોકીદાર | ૬ | ૪ | ૨ | ૧–૧૧–૧૪ |
| | | | | | ૧–૩–૧૫ |
| ૧૬ | પગી (કાયમી જગ્યા) | ૩ | ૦ | ૩ | ૩૦–૬–૧૩<br>૩૦–૬–૧૩<br>૩૦–૬–૧૬ |
| ૧૭ | વર્ક આસી. | ૧૬ | ૧૬ | ૦ | |
| | | ૧૦૩ | ૬૦ | ૪૩ | |

(૧) વર્ક આસીસ્ટન્ટની જગ્યા સરકારશ્રીની જોગવાઈ મુજબ રદ થવા પાત્ર છે.
(૨) ખાલી જગ્યાઓ પૈકી ડ્રાઈવર અને પટાવાળા/ચોકીદારની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી કરાવવાની રહે છે.

---------

રાજકોટ જિલ્લામાં વીજ ફીડરોનું કરેલ વિભાજન

* ૧૨૩૮ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, | (૧) ૧૦૭ (એક સો સાત). |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ.૧૨૦૩.૨૬ લાખ. |
| (૩) કેટલા ફીડરોનું વિભાજન બાકી છે ? | (૩) ૯ (નવ). |

---------

કલ્પસર પ્રભાગમાં મંજૂર થયેલ મહેકમ

* ૩૩૫ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર પ્રભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) *પત્રક–૧ મુજબ. |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) *પત્રક–૨ મુજબ. |
| (૩) ઉકત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત અને કેટલી જગ્યાઓ ફીકસ પગારથી ભરાયેલ છે, અને | (૩) *પત્રક–૩ મુજબ. |
| (૪) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) ઉકત ખાલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી વહેલી તકે ભરવા અંગેની કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવી રહેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

દાહોદ જિલ્લાના દક્ષિણ વિસ્તારના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન

* ૧૨૦૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

**અતારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન સરકારે કરેલ છે, તે વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમ ક્યારે મંજુર કરેલ છે, અને

(૨) સરકારશ્રી દ્ધારા તા.૧૪-૬-૨૦૧૬ થી રૂ.૮૪૮૩૯.૪૮ લાખ (નેટ) તથા રૂ.૮૯૦૨૨.૩૬ લાખ (ગ્રોસ) માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ યોજના ક્યા તબક્કે છે ?

(૩) યોજનાના કામો પ્રગતિમાં છે. અને સમયબધ્ધ પૂર્ણ કરી ગામોને જુથ યોજનાનું પાણી પુરૂ પાડવાનું આયોજન છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

* ૧૨૩૨ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચુકવવામાં આવી ?

જવાબ

(૧) ૫૫૩૪૫ કૃષિ વિષયક વીજ જોડાણો છે.

(૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસીડી રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૫૭.૩૭ કરોડ |
| ૨૦૧૬-૧૭ | ૧૬૫.૬૧ કરોડ |
| કુલ | ૩૨૨.૯૮ કરોડ |

---------

પાનમ જૂથ અને વણાકબોરી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયેલ ગામો

* ૪૭૧ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાનમજૂથ અને વણાક બોરી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કુલ કેટલા ગામોને આવરી લેવાયેલ છે,

(૨) તે પૈકી કેટલા ગામોમાં પીવાનું પાણી મળે છે અને કેટલા ગામમાં પીવાનું પાણી મળતું નથી, અને

(૩) પીવાનું પાણી ન મળવાના કારણો શાં છે અને પીવાનું પાણી મળી રહે તે માટે શું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાનમ તથા વણાક બોરી જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ ૯૪ ગામોને આવરી લેવાયેલ છે.

(૨) ઉક્ત ૯૪ ગામોમાં પીવાના પાણી પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અનુ. | જુથ યોજનાનું નામ | જુથ યોજનામાંથી પાણી મેળવતા ગામો | સ્થાનિક સોર્સથી પાણી મેળવતા ગામો |
|---|---|---|---|
| ૧ | પાનમ | ૪૯ | ૧૧ |
| ૨ | વણાકબોરી | ૩૨ | ૨ |
| | કુલ | ૮૧ | ૧૩ |

(૩) પાનમ તથા વણાકબોરી જુથ યોજનાઓના છેવાડાના ગામોની સુદ્રઢિકરણ યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે. જે સમયબધ્ધ રીતે પૂર્ણ કરી આ ગામોને જુથ યોજનાનું પાણી પુરૂ પાડવામાં આવનાર છે.

---------

બનાસકાંઠા જિલ્લાની જનરલ અને અન્ય હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ

* ૧૧૭૪ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લાની પાલનપુર સહિત તાલુકાની જનરલ હોસ્પીટલોમાં, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં

જવાબ

(૧) *સામેલ પત્રક-૧, ૨ અને ૩ મુજબ

કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૨) વયનિવૃત્ત, રાજીનામા તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળવાથી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.

---------

ખેડા જિલ્લામાં (પાણી પુરવઠા બોર્ડ દ્વારા) શારવામાં આવેલ હેન્ડ પંપ

* ૧૨૧૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા નવીન હેન્ડપંપ (બોર) શારવામાં આવ્યા, અને

(૨) પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બોર પર હેન્ડપંપ બેસાડી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) અને (૨) : ૩૫ નવિન હેન્ડપંપ (બોર) શારકામ કરવામાં આવ્યા, તે તમામ બોર પર હેન્ડપંપ બેસાડી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો છે.

---------

રાજકોટ અને પોરબંદર જિલ્લામાં આવેલ ડેમો

* ૩૪૭ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| જીલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ | કુલ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૦ | ૧ | ૧૧ |
| પોરબંદર | ૫ | ૦ | ૫ |

(૨) રાજકોટ જિલ્લો :

| ક્રમ | ડેમનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | ભાદર–૧ | ૧૯૬૪ |
| (૨) | મોજ | ૧૯૫૬ |
| (૩) | વેણું–૨ | ૧૯૮૮ |
| (૪) | આજી–૩ | ૧૯૮૯ |
| (૫) | ગોંડલી | ૧૯૫૬ |
| (૬) | આજી–૧ | ૧૯૫૪ |
| (૭) | આજી–૨ | ૧૯૮૭ |
| (૮) | ફોફળ–૧ | ૧૯૭૯ |
| (૯) | છાપરવાડી–૨ | ૧૯૮૦ |
| (૧૦) | ભાદર–૨ | ૨૦૦૩ |
| (૧૧) | સુરવો | ૨૦૦૩ |

પોરબંદર જિલ્લો :

| ક્રમ | યોજનાનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | અમીપુર સિંચાઈ યોજના | ૧૯૮૯ |
| (૨) | કાલીન્દ્રી સિંચાઈ યોજના | ૧૯૭૪ |
| (૩) | સોરઠી સિંચાઈ યોજના | ૧૯૭૫ |
| (૪) | ખંભાળા પાણી પુરવઠા યોજના | ૧૯૬૮ |
| (૫) | ફોદાળા પાણી પુરવઠા યોજના | ૧૯૦૧ |

(૩) છેલ્લા બે વર્ષમાં પોરબંદર જીલ્લામાં રાણા ખીરસરા રીચાર્જ રીઝર્વોયર યોજના શરૂ કરેલ છે. જેનો વર્ષવાર ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૧.૪૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૫૯૯.૮૪ |

છેલ્લા બે વર્ષમાં રાજકોટ જીલ્લામાં કોઈ નવો ડેમ બનાવવામાં આવેલ નથી.

---------

ગોધરા તાલુકામાં રાષ્ટ્રિય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજુર કરેલ યોજના

* ૧૨૧૦ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણીસમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજના મંજુર કરવામાં આવી, અને | (૧) ૦૯ યોજનાઓ |
| (૨) મંજૂરી કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૧૪૦.૩૯ લાખ |

---------

દાહોદ જીલ્લાની સરકારી હોસ્પીટલ ખાનગી કંપનીને સોંપવા બાબત

* ૪૬૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલને ખાનગી કંપનીને ચલાવવા સરકારે આપેલ છે તે હકીકત સાચી છે, | (૧) પબ્લીક લીમીટેડ કંપનીને આપેલ છે. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને | (૨) રાજ્ય સરકારની તા. ૧૩-૧૨-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક એમસીજી/૧૦૧૬/એસએફએસ-૧૫૧/જ થી નિયત કરવામાં આવેલ "રાજ્યમાં નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના" અન્વયે આ નિર્ણય લેવાયેલ છે. |
| (૩) ઉક્ત ખાનગી કંપની દ્વારા દર્દીઓ પાસેથી વસુલાતા વધુ ચાર્જીસ અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ? | (૩) ઉક્ત નીતિની જોગવાઈઓ ધ્યાને લઈ સરકારે વ્યવસ્થા ગોઠવેલ છે. |

---------

સુરત મહાનગર પાલિકા હેઠળના વિસ્તારમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના અંતર્ગત કરેલ કામગીરી

* ૧૨૨૫ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં સુરત મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કેટલા વીજ થાંભલા અને વીજ વાયરો ખસેડવાની કામગીરી કરવામાં આવી, અને | (૧) જાહેર રસ્તા પર અડચણરૂપ કુલ ૫૫૯ થાંભલા અને ૧૪૯.૯૦ કી.મી. વીજ લાઈનો ખસેડવાની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) તે પાછળ કુલ રૂ. ૨૮.૪૦ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

વલસાડ જિલ્લામાં શરૂ કરેલ પંડિત દીનદયાલ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ

* ૪૫૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં પંડિત દીનદયાલ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ | (૧) તાલુકાનું નામ :-<br>વલસાડ, વાપી, ધરમપુર |

કયા તાલુકામાં શરૂ કરવામાં આવેલ છે, અને

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ | કુલ |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૫ | ૦ | ૫ |
| સાબરકાંઠા | ૩ | ૧ | ૪ |

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લો :–

| ક્રમ | ડેમનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | સાની | ૧૯૯૨ |
| (૨) | ઘી | ૧૯૫૩ |
| (૩) | વર્તુ–૧ | ૧૯૬૮ |
| (૪) | વર્તુ–૨ | ૨૦૦૦ |
| (૫) | સોનમતી | ૧૯૯૨ |

સાબરકાંઠા જિલ્લો :–

| ક્રમ | ડેમનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | ગુહાઈ | ૧૯૯૦ |
| (૨) | હરણાવ સ્ટેઝ–૨ | ૧૯૯૦ |
| (૩) | ખેડવા | ૨૦૦૯ |
| (૪) | હાથમતી | ૧૯૭૧ |

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) છેલ્લા બે વર્ષમાં દેવભુમિ દ્વારકા જીલ્લામાં ભાણવડ તાલુકામાં રેટા કાલાવડ યોજના શરૂ કરેલ છે. જેનો વર્ષવાર ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૫૫૪.૯૩ |
| ૨૦૧૬–૧૭ | ૪૧૩.૨૮ |

છેલ્લા બે–વર્ષમાં સાબરકાંઠા જીલ્લામાં કોઈ નવો ડેમ બનાવવામાં આવેલ નથી.

––––––––––

ઘરભાડા ભથ્થા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ

* ૩૮૬ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : તા.૨૯–૩–૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૮૦૨ (અગ્રતા ક્રમ નં. ૧૩૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સરકારી કર્મચારીઓ/ અધિકારીઓના ઘરભાડા ભથ્થુ ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧–૭–૨૦૧૫ ના રોજ સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય સમયે નિર્ણય લેવાની હતી તો તા. ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સરકારે કોઇ વિચારણા કરેલ છે કે કેમ, અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે.

(૨) જો હા, તો વિચારણાના અંતે શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમનો ક્યારે અમલ કરવામાં આવશે?

(૨) કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ / અધિકારીઓના ભથ્થાં તેમજ પગાર તફાવતની રકમની ચુકવણી અને પગાર વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા અર્થે નાણા વિભાગના તા.૧૦–૧૦–૨૦૧૬ ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે અને

ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ કરવા બાબતે વિચારણા કરવામાં આવશે.

---------

વડોદરા અને તાપી જિલ્લામાં આવેલ ડેમો

* ૩૧૨ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને તાપી જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|
| વડોદરા | શૂન્ય | ૦૩ |
| તાપી | ૦૧ | ૦૧ |

(૨)

| જિલ્લો | વર્ષ |
|---|---|
| વડોદરા | મધ્યમ ડેમ<br>(૧) જોજવા–વઢવાણા<br>વર્ષ ૧૯૦૯–૧૦<br>(૨) ધનોરા ડેમ, વર્ષ – ૧૯૧૧<br>(૩) ઝાવલા ડેમ (ખૂબ જ જૂનો) |
| તાપી | ઉકાઈ મોટો ડેમ સને–૧૯૭૨<br>ડોસવાડા મધ્યમ ડેમ સને–૧૯૧૨ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની (સુવિધા) માટે કેનાલ તથા પાઈપલાઈન દ્વારા અપાતુ પાણી

* ૩૪૯ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં કેટલી ખેતીલાયક જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે,

(૨) ઉકત જિલ્લાવાર કેટલા હેકટર એરીયામાં કેનાલ દ્વારા, ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ અને નર્મદા કમાન્ડની નહેરો દ્વારા પાણી આપવામાં આવતું નથી, અને

(૩) ઉકત જિલ્લાઓમાં પાણી આપવામાં આવતું ન હોય તે ખેતીલાયક જમીનોમાં ક્યાં સુધીમાં સિંચાઈનું પાણી આપવામાં આવશે ?

જવાબ

(૧) સુરેન્દ્રનગર જીલ્લો – ૧,૫૧,૬૩૯ હેક્ટર
ગાંધીનગર જીલ્લો – ૧૧,૩૦૧ હેક્ટર.

(૨) સુરેન્દ્રનગર જિલ્લાના ૪,૭૨,૨૯૫ હેક્ટર અને ગાંધીનગર જીલ્લાના ૧,૫૩,૬૫૩ હેક્ટર વિસ્તારનો કેનાલ, ઉદ્વહન પાઈપલાઈન કે નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોય, સિંચાઈનું પાણી આપી શકાતું નથી.

(૩) ચેકડેમો, તળાવો/પર્કોલેશન ટેંક, રીચાર્જ રીઝર્વોયર, કાંસ, ખાનગી કુવા, પાતાળકૂવા, ખેતતલાવડી વિગેરે જેવા સિંચાઈ અન્ય સ્ત્રોતમાંથી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ ન થતી હોય તેવા બાકી રહેતા વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિ અને સ્થળસ્થિતિની અનુકૂળતા મુજબ આયોજન હાથ ધરવામાં આવશે.

---------

ગીર સોમનાથ અને ભરૂચ જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઈપલાઈન દ્વારા અપાતું પાણી

* ૩૪૦ શ્રી ભગાભાઈ બારડ (તલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભરૂચ જિલ્લામાં કેટલી ખેતીલાયક જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદવહન પાઈપલાઈન દ્વારા પૂરક

જવાબ

(૧) ગીર સોમનાથ જિલ્લો – ૨૮,૨૭૧ હેક્ટર.
ભરૂચ જિલ્લો – ૨,૧૬,૯૧૯ હેક્ટર.

સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે.

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા હેક્ટર એરીયામાં કેનાલ દ્વારા ઉદવહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ અને નર્મદા કમાન્ડની નહેરો દ્વારા પાણી આપવામાં આવતું નથી, અને

(૨) ગીર સોમનાથ જિલ્લાના ૧,૪૬,૧૫૪ હેક્ટર અને ભરૂચ જિલ્લાના ૧,૨૩,૩૮૧ હેક્ટર વિસ્તારનો કેનાલ, ઉદવહન પાઈપલાઈન કે નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોય સિંચાઈનું પાણી આપી શકાતું નથી.

(૩) ઉક્ત જિલ્લાઓમાં પાણી આપવામાં ન આવતું હોય, તે ખેતીલાયક જમીનોમાં ક્યાં સુધીમાં સિંચાઈનું પાણી આપવામાં આવશે ?

(૩) ચેકડેમો, તળાવો/પર્કોલેશન ટેંક, રીચાર્જ રિઝર્વોયર, કાંસ, બંધારા, ટાઇડલ રેગ્યુલેટર, સ્પ્રેડીંગ કેનાલ, ખાનગી કૂવા, પાતાળકૂવા, ખેતતલાવડી વગેરે જેવા સિંચાઈના અન્ય સ્ત્રોતમાંથી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ ન થતી હોય તેવા બાકી રહેતા વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિ અને સ્થળસ્થિતિની અનુકૂળતા મુજબ આયોજન હાથ ધરવામાં આવશે.

---------

સાવરકુંડલા તથા લીલીયા તાલુકાની હોસ્પીટલોમાં ઉપલબ્ધ મેડીકલ સાધનો

* ૫૩ શ્રી પ્રતાપ દૂધાત (સાવરકુંડલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તથા લીલીયા તાલુકાની જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧–ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કયા મેડીકલ સાધનો તથા મશીનો ઉપલબ્ધ નથી તથા ઉપલબ્ધ પૈકી કેટલા મશીન બંધ હાલતમાં છે, અને

(૨) ઉક્ત જગ્યાએ ખૂટતા તથા બંધ હાલતના મેડીકલ સાધનો તથા મશીનો ક્યાં સુધીમાં ખરીદવામાં આવશે ?

જવાબ

(૧) સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં આવેલ જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે મેડીકલ સાધનો તથા મશીનો અંગેની માહિતીનું વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

સાવરકુંડલા તાલુકાના બાઢડા, આંબરડી અને સીમરન જીરા તથા લીલીયા તાલુકાના ક્રાંકચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે રેડીએન્ટ વોર્મર ઉપલબ્ધ નથી તથા ઉપલબ્ધ પૈકી અન્ય કોઈ મશીનો બંધ હાલતમાં નથી.

(૨) ઉક્ત ખૂટતા સાધનો ખરીદી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે. તેમજ જરૂરીયાત વાળા રીપેરીંગ કરવા પાત્ર સાધનો સ્થાનિક કક્ષાએ / રાજ્ય કક્ષાએથી રીપેરીંગ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

પત્રક–અ

| અ.નં. | તાલુકાનું નામ | હોસ્પિટલ/ સા.આ.કે.નું નામ | મેડીકલ સાધનો તથા મશીનો ઉપલબ્ધ નથી તેની વિગત | ઉપલબ્ધ સાધનો પૈકી બંધ હાલતમાં છે તેની વિગત |
|---|---|---|---|---|
| ૧ | સાવરકુંડલા | સરકારી હોસ્પિટલ, સાવરકુંડલા | • સોર્ટ વેવ ડાયાથેમી<br>• ટ્રેક્શન યુનિટ<br>• ટ્રેડ મિલ | નીલ |
| ૨ | સાવરકુંડલા | સામુહિક આરોગ્ય કેન્દ્ર – વંડા | • એક્સ રે મશીન<br>• ડિફ્રીબીલેટર<br>• કાર્ડીયાક મોનીટર | • સીલીંગ સેડોલેશ લાઈટ ફોર ઓ.ટી<br>• કાર્ડીયાક મોનીટર |
| ૩ | લીલીયા | સામુહિક આરોગ્ય કેન્દ્ર – લીલીયા | • પેડલ સક્શન મશીન<br>• કાર્ડીયાક મોનીટર<br>• પોર્ટેબલ લાઈટ ફોર લેબર રૂમ<br>• ઇંજેક્સન ટ્રોલી ફોર લેબર રૂમ<br>• રેડીયન્ટ વોર્મર<br>• ડ્રસ્ટબીન ટ્રોલી | • પલ્સ ઓક્સી મીટર<br>• સીલીંગ સેડોલેશ લાઈટ ફોર ઓ.ટી<br>• ડીટેલ ડોપ્લર<br>• ઈ.સી.જી. મશીન |

---------

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

જૂનાગઢ અને નવસારી જિલ્લામાં વેટ તથા જી.એસ.ટી. વસૂલવાનો બાકી હોય તેવા ઔદ્યોગિક ગૃહો

* ૪૦૮ શ્રી ભીખાભાઈ જોષી (જૂનાગઢ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જૂનાગઢ અને નવસારી જિલ્લામાં વેટ કે જીએસટી અન્વયે રૂ. ૧૦ લાખ કે તેથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી ઉક્ત પેટે કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) *પત્રક – ૧ મુજબ |
| (૩) ઉક્ત એકમો સમયસર વેરો ચુકવતા ન હોય તો તેવા કયા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ? | (૩) *પત્રક – ૨ મુજબ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી પરના વેરાની આવક

* ૧૧૫૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી પરના વેરા પેટે સરકારને કેટલી રકમ મળી ?

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬–૧૭ | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ + સીએસટી | સેસ | વેટ + સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |

---------

વાસદ–બગોદરા રસ્તાને છ માર્ગીય બનાવવાનું કામ

* ૪૬૬ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વાસદ–બગોદરા રસ્તો ૬ માર્ગીય બનાવવા કઈ એજન્સીને કયા વર્ષમાં કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. | (૧) વાસદ–બગોદરા રસ્તો બી.ઓ.ટી. ધોરણે છ માર્ગીય બનાવવા કન્સેશનર મે. જી.વી.કે બગોદરા–વાસદ એક્સપ્રેસ વે પ્રા.લી. સાથે તા.૨૧/૨/૨૦૧૧ના રોજ કરાર કરી સોંપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ રસ્તો બનાવવા કેટલી રકમ ખર્ચ કરવાનો અંદાજ હતો અને કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, | (૨) આ માર્ગનું બાંધકામ બી.ઓ.ટી. ધોરણે હાથ ધરેલ હોઈ બાંધકામ માટે નિગમે કોઈ ખર્ચ કરવાનો થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ રસ્તાનું કામ છેલ્લા કેટલા સમયથી બંધ છે અને કામ બંધ હોવાના કારણો શાં છે, અને | (૩) બી.ઓ.ટી. હેઠળ હાથ ધરેલી સદર કામગીરી કન્સેશનરની નબળી નાણાંકીય પરિસ્થિતિને કારણે છેલ્લા ૩૦ માસથી બંધ છે. |

(૩) અધૂરા કામને કારણે થતા અકસ્માત નિવારવા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૪) અકસ્માત નિવારવા માટે સતત અને પુરતા પગલાં લેવામાં આવે છે અને નિયમીત મોનીટરીંગ કરવામાં આવે છે. જરૂરી પગલાં જેવા કે સાઈનબોર્ડ, આડશ, થર્મો પ્લાસ્ટીક પટ્ટા વિગેરે લગાવવામાં આવેલ છે અને રસ્તાની સપાટીની મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે.

---------

અમદાવાદથી ભાવનગર સુધીમાં ફોરલેન રસ્તાનું ટેન્ડર

* ૪૬૫ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ –મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીપળી, જી.અમદાવાદ થી ભાવનગર સુધીનો ફોરલેન રસ્તો બનાવવા ક્યારે ટેન્ડર બહાર પડાયું હતું, અને

(૧) સદરહુ રસ્તાને ફોર લેન બનાવવાની કામગીરીને રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૩૨.૦૦ કરોડની વહિવટી મંજૂરી તા.૦૫–૦૩–૨૦૧૬ના રોજ આપવામાં આવેલ. તે દરમ્યાન આ રસ્તાને તા.૧૬–૦૬–૧૬ થી કેન્દ્ર સરકાર દ્વારા સૈદ્ધાંતિક રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવામાં આવતા, ટેન્ડર બહાર પાડેલ ન હતું. હાલમાં NHAI દ્વારા આ રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી માટે આયોજન હાથ ધરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કામ કયા તબક્કે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યની ખાનગી બ્લડબેંકોની તપાસ

* ૪૨૮ શ્રી સંજયભાઈ સોલંકી (જંબુસર) : તા.૨૮/૩/૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્રમાંક : ૨૫૩૫૨ (અગ્રતા–૧૦૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યની ખાનગી બ્લડબેંકો નફો ન કરે અને નાગરિકોને સેવાર્થે કામ કરે તે માટે નામદાર હાઈકોર્ટના સુચન મુજબ નાણાકીય તજજ્ઞની પેનલ બનાવી તમામ બ્લડ બેંકોનું રેગ્યુલર ઓડીટ કરવાની કાર્યવાહી ચાલુ હતી તો

તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલી બ્લડબેંકોનું ઓડીટ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૧) નામદાર હાઈકોર્ટના સુચન મુજબ નાણાકીય તજજ્ઞની પેનલ બનાવી તમામ બ્લડ બેંકોનું રેગ્યુલર ઓડીટ કરવાની કાર્યવાહી ચાલુ છે.

તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની લાયસન્સ ધરાવતી ૧૪૫ બ્લડબેંકોમાંથી ૯૯ બ્લડબેંકોની સંયુક્ત તપાસ દ્વારા નાણાકીય ઓડીટની કાર્યવાહી આવરી લેવામાં આવી છે.

તદ્દ ઉપરાંત GSACS દ્વારા Sep-17 અને Dec-17 દરમિયાન હાથ ધરવામાં આવેલી PFMS ની ટ્રેનિંગ દરમિયાન GSACS ના Finance Dept. ના અધિકારીઓ દ્વારા અમુક બ્લડબેંકોનું નાણાકીય ઓડીટની પ્રક્રિયા કરવામાં આવી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી બ્લડબેંકોનું ઓડીટ કરવાનું બાકી છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) બાકી રહેતી રાજ્યની લાયસન્સ ધરાવતી ૪૬ બ્લડબેંકોનું નાણાકીય ઓડીટ તા.૩૧–૧૨–૨૦૧૮ સુધી પૂર્ણ કરવામાં આવશે.

---------

રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન

* ૩૯૭ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન લીધી, અને

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રીઝર્વ બેંક મારફતે કુલ મેળવેલ લોન (રૂ. કરોડમાં) |
|---|---|

| ૨૦૧૬-૧૭ | ૨૪૭૨૦ |
|---|---|

(૨) આ મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે, અને આ લોન લેવાના કારણો શા છે?

(૨)

| નાણાકીય વર્ષ | લોનની મુદ્દત (વર્ષમાં) | લોનના વ્યાજદર (%) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૦ થી ૧૫ વર્ષની | ૭.૯૬% થી ૮.૪૬% |
| ૨૦૧૬-૧૭ | ૦૨ થી ૧૦ વર્ષની | ૬.૬૮% થી ૮.૦૫% |

આ લોન, રાજ્યના વિકાસ આયોજનના કામો સિધ્ધ કરવા માટે તેમજ વાર્ષિક વિકાસ યોજનાના કામો માટે આ લોનનો ઉપયોગ કરવામાં આવે છે.

---------

અમરેલી અને ખેડા જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ

* ૪૩૯ શ્રી અમરીષભાઈ ડેર (રાજુલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ખેડા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ખેડા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને જિલ્લાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪, *પત્રક-૫, *પત્રક-૬, *પત્રક-૭, *પત્રક-૮, *પત્રક-૯, અને *પત્રક-૧૦ મુજબની છે. તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૪૫૩ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કઈ બિમારીવાળા વિદ્યાર્થીઓ છે, અને

(૨) ઉક્ત બિમાર વિદ્યાર્થીઓને સરકાર દ્વારા કઈ સારવાર આપવામાં આવી ?

જવાબ

(૧) સામેલ પત્રક મુજબ

(૨) ઉક્ત બિમાર વિદ્યાર્થીઓને સરકાર દ્વારા નીચે પ્રમાણે સારવાર આપવામાં આવી,

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર / જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |

| | |
|---|---|
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોગવાર બાળકોની વિગત

| તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | હૃદય | કિડની | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૨૬૪૪ | ૮૦૦ | ૧૫૧૩ | ૧૪૭૦ | ૫૦૩ | ૯૬ | ૫૦૮ | ૨ | ૦ | ૩૦ | ૦ | ૧૨૮ | ૧૩ | ૧ | ૧૫ | ૧૭ | ૩ | ૦ | ૮૬૮ | ૮૬૧૧ |
| અમીરગઢ | ૧૦૦૧ | ૬૫૩ | ૩૫૪ | ૨૪૫ | ૩૨૫ | ૧૦૧ | ૬૨૫ | ૦ | ૦ | ૧૮ | ૦ | ૧૭૯ | ૧ | ૪ | ૫૦ | ૧૩ | ૩ | ૨ | ૫૬૯ | ૪૧૪૩ |
| વડગામ | ૫૭૨૮ | ૬૨૫ | ૨૪૨૨ | ૧૦૮૩ | ૪૪૮ | ૭૧ | ૪૬૦ | ૩ | ૦ | ૩૨ | ૦ | ૧૫૦ | ૮ | ૬ | ૭૨ | ૨૩ | ૦ | ૦ | ૪૫૮ | ૧૧૫૮૯ |
| દાંતા | ૯૪૪૪ | ૧૫૨૭ | ૧૬૨૧ | ૭૪૪ | ૬૪૦ | ૩૮ | ૧૩૧૬ | ૦ | ૦ | ૬૮ | ૦ | ૧૬૫ | ૮૧ | ૧૧ | ૫૪ | ૩૫ | ૧ | ૦ | ૪૬૭ | ૧૬૨૧૨ |
| ડીસા | ૨૧૪૬ | ૧૧૪૬ | ૯૩૩ | ૫૪૬ | ૬૩૫ | ૪૧૬ | ૮૭૩ | ૧૭ | ૧ | ૬૪ | ૨ | ૧૦૪ | ૮ | ૩ | ૫૪ | ૧૫ | ૦ | ૦ | ૧૩૧૯ | ૮૨૮૨ |
| લાખણી | ૪૭૪ | ૨૦૮ | ૨૧૯ | ૧૬૩ | ૨૨૧ | ૧૩ | ૨૩૭ | ૧ | ૦ | ૧૦ | ૦ | ૨૫૫ | ૧ | ૧ | ૩૧ | ૬ | ૦ | ૦ | ૧૫૯ | ૧૯૯૯ |
| કાંકરેજ | ૧૬૫૬ | ૭૧૬ | ૫૩૮ | ૩૦૦ | ૪૧૮ | ૧૧૭ | ૫૮૩ | ૦ | ૦ | ૨ | ૧ | ૯૭ | ૨ | ૧ | ૫૬ | ૨ | ૧ | ૦ | ૫૫૦ | ૫૦૪૦ |
| ધાનેરા | ૨૦૩૭ | ૩૪૩ | ૪૩૬ | ૨૭૧ | ૩૩૩ | ૫૦ | ૪૫૪ | ૨ | ૨ | ૩૩ | ૦ | ૪૫૬ | ૩ | ૦ | ૯૧ | ૫ | ૧ | ૦ | ૨૦૭ | ૪૭૨૪ |
| દાંતીવાડા | ૬૬૧ | ૧૭૩ | ૩૧૭ | ૩૫૬ | ૨૦૦ | ૬૧ | ૨૫૧ | ૨ | ૦ | ૬ | ૦ | ૧૦૭ | ૮૧ | ૯ | ૩૭ | ૧૦ | ૩ | ૧ | ૫૦૨ | ૨૭૭૭ |
| દિયોદર | ૯૬૯ | ૩૭૧ | ૨૮૬ | ૨૬૦ | ૨૫૬ | ૭૫ | ૧૧૬ | ૧ | ૦ | ૨ | ૦ | ૫૯ | ૪ | ૦ | ૭૯ | ૬ | ૦ | ૧ | ૧૨૪ | ૨૬૦૯ |
| ભાભર | ૯૦૯ | ૪૮૭ | ૪૮૪ | ૧૬૩ | ૧૮૦ | ૧૯ | ૧૭૦ | ૪ | ૦ | ૨૦ | ૦ | ૧ | ૩૨ | ૦ | ૧૮ | ૧૦ | ૦ | ૦ | ૬૨૩ | ૩૧૨૦ |
| થરાદ | ૧૫૧૯ | ૯૨૪ | ૬૫૭ | ૫૮૨ | ૫૯૫ | ૨૫૩ | ૬૯૩ | ૧ | ૧ | ૧૦૨ | ૦ | ૧૯૨ | ૧૨ | ૭ | ૧૨૩ | ૧૩ | ૪ | ૦ | ૫૪૫ | ૬૨૨૩ |
| વાવ | ૪૬૮ | ૩૨૯ | ૩૮૫ | ૩૨૭ | ૨૧૪ | ૬૧ | ૨૯૩ | ૧ | ૦ | ૧ | ૦ | ૩૮૦ | ૩ | ૧૨ | ૨૬ | ૧ | ૦ | ૦ | ૮૩૩ | ૩૩૩૪ |
| સુઇગામ | ૧૪૧ | ૭૧ | ૬૦ | ૪૧ | ૭૯ | ૩૧ | ૩૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૨૨૧ | ૬૮૪ |
| કુલ | ૨૯૭૯૭ | ૮૩૭૩ | ૧૦૨૨૫ | ૬૫૫૧ | ૫૦૪૭ | ૧૪૦૨ | ૬૬૧૭ | ૩૪ | ૪ | ૩૮૮ | ૩ | ૨૨૭૩ | ૨૪૯ | ૫૫ | ૭૦૬ | ૧૫૭ | ૧૭ | ૪ | ૭૪૪૫ | ૭૯૩૪૭ |

--------

રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૪૧૬ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે યોગ્ય સ્થળની પસંદગી કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવા જણાવેલ હતું, તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારને ક્યારે જાણ કરવામાં આવી હતી અને તે અન્વયે ક્યારે અને ક્યા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા રાજ્ય સરકારે દરખાસ્ત કરી, અને | (૨) તે અન્વયે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૧૯-૬-૨૦૧૪ના પત્રથી રાજ્ય સરકારને જાણ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે તા.૬-૮-૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા જિલ્લામાં એઇમ્સ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ભારત સરકારે એઇમ્સની મંજુરી રાજ્ય સરકારને ક્યારે આપી? | (૩) દરખાસ્ત અન્વયે ભારત સરકાર કક્ષાએ કાર્યવાહી ચાલુ છે. |

---------

ઘરભાડા ભથ્થા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ

* ૩૬૩ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : તા.૨૯/૩/૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૫૮૦૨ (અગ્રતા ક્રમ નં. ૧૩૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થુ ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧/૭/૨૦૧૫ ના રોજ સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય સમયે નિર્ણય લેવાની હતી તો | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |

તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સરકારે કોઇ વિચારણા કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો વિચારણાના અંતે શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમનો ક્યારે અમલ કરવામાં આવશે ?

(૨) કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓના ભથ્થાં તેમજ પગાર તફાવતની રકમની ચુકવણી અને પગાર વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા અર્થે નાણા વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૬ ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે અને ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ કરવા બાબતે વિચારણા કરવામાં આવશે.

---------

જુનાગઢ શહેરની જનરલ હોસ્પિટલમાં કાર્યરત ટ્રોમા સેન્ટર

* ૫૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ શહેરની જનરલ હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટર કાર્યરત નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉકત હોસ્પિટલમાં ક્યાં સુધીમાં ટ્રોમાં સેન્ટર કાર્યરત કરવામાં આવનાર છે ?

જવાબ

(૧), (૨) અને (૩) ટ્રોમા સેન્ટર મંજુર થયેલ નથી.

---------

નવસારી અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ

* ૪૧૫ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને જિલ્લાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪, *પત્રક-૫, *પત્રક-૬, *પત્રક-૭ અને *પત્રક-૮ મુજબની છે. તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઈપલાઈન દ્વારા અપાતું પાણી

* ૩૫૫ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી ખેતીલાયક જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે.

જવાબ

(૧) મહેસાણા જિલ્લો – ૧૪૯૦૩૫ હેક્ટર.
સાબરકાંઠા જિલ્લો – ૧૩૪૧૫૪ હેક્ટર.

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા હેક્ટર એરીયામાં કેનાલ દ્વારા ઉદ્વવહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ અને નર્મદા કમાન્ડની નહેરો દ્વારા પાણી આપવામાં આવતું નથી, અને

(૨) મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં અનુક્રમે ૨૧૬૨૬૫ હેક્ટર અને ૩૧૦૮૪૬ હેક્ટરનો કેનાલ, ઉદ્વવહન પાઈપલાઈન કે નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોઈ, સિંચાઈનું પાણી આપી શકાતું નથી.

(૩) ઉક્ત જિલ્લાઓમાં સિંચાઈનું પાણી આપવામાં ન આવતું હોય તે ખેતીલાયક જમીનોમાં ક્યાં સુધીમાં સિંચાઈનું પાણી આપવામાં આવશે ?

(૩) ઉદ્વવહન સિંચાઈ યોજનાઓ, ચેકડેમો, તળાવો, ખાનગી કૂવા, પાતાળકૂવા, ખેત તલાવડી વગેરે જેવા સિંચાઈના અન્ય સ્ત્રોતમાંથી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ ન થતી હોય તેવા બાકી રહેતા વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિ અને સ્થળસ્થિતિની અનુકૂળતા મુજબ આયોજન હાથ ધરવામાં આવશે.

---------

રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૪૧૪ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા માટે યોગ્ય સ્થળની પસંદગી કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવા જણાવેલ હતું, તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારને ક્યારે જાણ કરવામાં આવી હતી અને તે અન્વયે ક્યારે અને ક્યા જિલ્લામાં એઈમ્સ શરૂ કરવા રાજ્ય સરકારે દરખાસ્ત કરી, અને | (૨) તે અન્વયે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૧૯–૬–૨૦૧૪ના પત્રથી રાજ્ય સરકારને જાણ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે તા.૬–૮–૨૦૧૪ના પત્રથી રાજકોટ અથવા વડોદરા જિલ્લામાં એઈમ્સ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ભારત સરકારે એઈમ્સની મંજુરી રાજ્ય સરકારને ક્યારે આપી? | (૩) દરખાસ્ત અન્વયે ભારત સરકાર કક્ષાએ કાર્યવાહી ચાલુ છે. |

---------

કચ્છ અને બોટાદ જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ

* ૪૪૯ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બોટાદ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, (૨) તે પૈકી ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બોટાદ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને જિલ્લાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક–૧, *પત્રક–૨, *પત્રક–૩, *પત્રક–૪, *પત્રક–૫, *પત્રક–૬ અને *પત્રક–૭ મુજબની છે. તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલા ડેમો

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૩૦૭ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) • સુરેન્દ્રનગર જિલ્લામાં ૫ મધ્યમ ડેમો.

• છોટાઉદેપુર જિલ્લામાં ૧ મોટા અને ૧૧ મધ્યમ ડેમો.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં

| અ.નં. | ડેમનું નામ | બનાવવામાં આવ્યાનું વર્ષ |
|---|---|---|
| ૧ | લીંબડી–ભોગાવો–૧ | ૧૯૬૪ |
| ૨ | વઢવાણ–ભોગાવો–૨ | ૧૯૬૩ |
| ૩ | વઢવાણ–ભોગાવો–૧ | ૧૯૬૧ |
| ૪ | લીંબડી–ભોગાવો–૨ | ૧૯૯૯ |
| ૫ | ફલ્કુ | ૧૯૯૪ |

છોટા ઉદેપુર જિલ્લામાં

| અ.નં. | ડેમનું નામ | બનાવવામાં આવ્યાનું વર્ષ |
|---|---|---|
| ૧ | સુખી | ૧૯૮૬ |
| ૨ | હેરણ | ૧૯૬૨ |
| ૩ | અમલવાટ | ૧૯૮૨ |
| ૪ | ધનીચાવાલા | ૧૯૮૨ |
| ૫ | હરવાંટ | ૧૯૮૨ |
| ૬ | જામલી | ૧૯૮૦ |
| ૭ | જોગપુરા | ૧૯૭૯ |
| ૮ | ખાંડી | ૧૯૮૨ |
| ૯ | કુન્દનપુર | ૧૯૮૩ |
| ૧૦ | નાલેજ | ૧૯૮૦ |
| ૧૧ | રાયપુર | ૧૯૮૩ |
| ૧૨ | ઝેર | ૧૯૮૧ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી પરના વેરાની આવક

* ૧૧૬૨ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી પરના વેરા પેટે સરકારને કેટલી રકમ મળી ?

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬–૧૭ | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ+ સીએસટી | સેસ | વેટ+ સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |

| | | |
|---|---|---|
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | ૨૨૯.૧૫ |
| પી. એન.જી | ૯૨૫.૦૫ | ૫૭૦.૦૨ |

---------

# ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
# પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે,

(૧) ૧૪મી વિધાનસભાનું આ પ્રથમ સત્ર છે અને વિધાનસભામાં ઘણા બધા નવા ધારાસભ્યો ચૂંટાઇને આવ્યા છે. તેથી વિધાનસભાની કાર્યરીતિના સામાન્ય નિયમોથી અવગત ન હોય એ સ્વાભાવિક છે. તા. ૧૯-૨-૨૦૧૮થી શરૂ થયેલ પ્રથમ સત્રમાં મારા ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક માનનીય સભ્યશ્રીઓ સભાગૃહની બેઠક દરમિયાન પોતાના મોબાઇલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને રેકોર્ડીંગ કરી રહ્યા છે. નિયમાનુસાર વિધાનસભા ગૃહની ચાલુ કાર્યવાહી દરમિયાન કોઇપણ સભ્યશ્રી મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકતા નથી કે કાર્યવાહીનું રેકોર્ડીંગ કરી શકતા નથી. જેથી હું દરેક સભ્યશ્રીઓને સૂચના આપું છું કે કોઇપણ સભ્યશ્રીએ સભાગૃહની કાર્યવાહી દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો નહિ આ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. હવે, કોઇપણ સભ્યશ્રી આ સૂચનાનો ભંગ કરતાં જણાશે તો મારે નિયમોનુસાર તેમની સામે પગલાં લેવાની ફરજ પડશે.

(૨) કેટલાક સભ્યશ્રીઓ સભાગૃહમાં તેઓને ફાળવવામાં આવેલી બેઠક વ્યવસ્થાને બદલે અન્ય સ્થાને બેઠક લે છે તે પણ નિયમાનુસાર ઉચિત નથી. તેથી દરેક સભ્યશ્રીને સૂચના આપુ છું કે, હવે દરેક માનનીય સભ્યશ્રીઓ તેમને ફાળવવામાં આવેલ બેઠક સ્થાને જ બેઠક લઇ લેવી પરંતુ અધ્યક્ષશ્રી સભાગૃહને સંબોધતા હોય ત્યારે કોઇપણ સભ્યએ પોતાની જગ્યા છોડવી નહિ તથા પોતાની જગ્યા લેવી નહિ. આ સૂચનાનો પણ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) વિધાનસભાના નિયમોના ભાગ-૪, નિયમ-૨૩ થી ૬૨માં કાર્યરીતિના સામાન્ય નિયમો છે. આ નિયમોનુસાર દરેક સભ્યશ્રીએ વર્તવાનું રહેશે. તદઅનુસાર દરેક માનનીય સભ્યશ્રીઓએ આ નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વધારે પ્રશ્નોની ચર્ચા થવા અંગે

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ તરફ પૂરક પ્રશ્નો પૂછવા અંગે આપનુ ધ્યાન દોરવા માગું છું અને આપનો આદેશ અને રૂલિંગ માગુ છું.

નિયમ ૮૯માં જણાવ્યું છે કે કોઇપણ તારાંકિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યા પછી કોઇપણ સભ્ય, અધ્યક્ષ તેનું નામ પોકારે ત્યારે, અપાઇ ચૂકેલા જવાબમાંની કોઇપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારુ પૂરક પશ્ન પૂછી શકશે. પરંતુ અધ્યક્ષને એમ લાગે કે, કોઇ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો, અધ્યક્ષ તે નામંજૂર કરી શકે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે અધ્યક્ષ કોઇપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતાં વધુ સમય માટે પૂરક પ્રશ્નો પૂછવા દેશે નહિ.

ગઇકાલે વિધાનસભામાં જે સ્થિતિ પેદા થઇ એમાં બે પ્રશ્નોની અંદર પોણો કલાક જેટલો સમય ગયો એટલે પાછળ જે સભ્યશ્રીઓના પ્રશ્નો હતા એ સભ્યોના અધિકારની રૂએ વારો આવ્યો નહિ. એ જ રીત આજની પ્રશ્નોત્તરી સમયમાં પ્રશ્ન ક્રમાંક ૧ માં ૧૫ મિનિટ જેટલો સમય ગયો છે. એ ૧૫ મિનિટ ચાલ્યો એના કારણે પાછળ રહેલા બીજા સભ્યશ્રીઓનો વારો આવ્યો નહિ. એને પ્રશ્ન પૂછવાની તક મળતી નથી. એમાં સત્તા પક્ષ તરફથી કે વિપક્ષમાંથી એવી પરિસ્થિતિ ઉભી થાય છે અને એ ઉભી થયેલી પરિસ્થિતિમાં સમય લંબાય છે. એ સ્થિતિને નિવારવી એ આપની જવાબારી છે અને એ જવાબદારી આવનાર દિવસોમાં આપ સુપેરે આપના દ્વારા નિભાવવામાં આવે અને એ અંગેનો સ્પષ્ટપણે આદેશ કરવામાં આવે એ જરૂરી છે. ભૂતકાળમાં માનનીય વજુભાઇ વાળા સાહેબ અધ્યક્ષ તરીકે હતા ત્યારે વધુમાં વધુમાં વધુ ૨૦ થી ૨૨ મિનિટ સુધી પ્રશ્નોની ચર્ચા લંબાણપૂર્વક થઇ છે પરંતુ એ સમગ્ર ગુજરાતના હિતમાં નથી. માનનીય સભ્યશ્રીઓના પ્રશ્નોના જવાબો માનનીય મંત્રીશ્રીઓ લંબાણપૂર્વક આપતા હોય છે. પ્રશ્ન રૂટીન પૂછ્યો હોય ત્યારે પણ માનનીય મંત્રીશ્રીઓ લંબાણપૂર્વક જવાબો આપે છે. માનનીય સભ્યશ્રીઓ નવા છે એટલે કદાચ લાંબા લાંબા પ્રશ્નો પૂછતા હોય પરંતુ માનનીય મંત્રીશ્રીઓની લાંબા લાંબા જવાબો આપવાની માનસિકતા થઇ ગઇ છે. અને તેના કારણે સભ્યોને પોતાનો અધિકાર છે તેની તક મળતી નથી. એટલે આપના તરફથી સત્તા પક્ષને પણ સ્પષ્ટ કહેવામાં આવે, મંત્રીશ્રીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર પણ જો આટલો લાંબો હોય..

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : જે હકીકત છે તેનું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આમાં આવી રીતે જ સમય જતો હોય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એટલા માટે આવતીકાલથી પ્રશ્નોત્તરીમાં જે સભ્યનો બેલટમાં વારો આવે છે તેમાં પાંચ મિનિટ કરતા વધુ સમય ન જાય અને તમામ સભ્યોને પોતાનો અધિકાર મળી રહે એટલા માટે આપનો સ્પષ્ટ આદેશ અને રુલીંગ માગું છું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સભ્ય માનનીય અધ્યક્ષશ્રીને જવાબદારી નિભાવવા માટેની સલાહ ન આપી શકે. પ્રશ્નમાં માગેલી માહિતી આપવા માટે અમે બંધાયેલા છીએ. જે જે માહિતી છે એ બધી જ માહિતી અમે જયારે આપતા હોઇએ છીએ ત્યારે જો ટૂંકી માહિતી આપીએ છીએ તો એમ

કહેવામાં આવે છે કે માહિતી ટૂંકી છે. પૂરતી માહિતી આપીએ છીએ અને છેલ્લે માનનીય અધ્યક્ષશ્રી, કેટલો સમય આપવો એ માનનીય અધ્યક્ષશ્રીનો પોતાનો અબાધિત અધિકાર છે. આજે મારા બન્ને સાથી મિત્રોએ જે જવાબો આપ્યા છે એ જવાબો જરૂરી હતા અને અને ખેડાવાલાજી અને હર્ષદભાઇ એ બન્નેએ પ્રશ્નો કર્યા હતા એ પૂછેલા સવાલના જવાબો જાહેર હિતને ધ્યાનમાં રાખીને બન્ને મંત્રીશ્રીએ આપ્યા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો તેના સંદર્ભમાં એટલું જ સ્પષ્ટ કહેવું છે કે આ વિધાનસભા પ્રણાલિ, પરંપરા અને નિયમોના આધાર ઉપર ચાલતી હોય છે. આ વિધાનસભાના નિયમોના નિયમ ૮૧ થી ૮૯માં પ્રશ્ન પૂછવાની રીતના સંદર્ભમાં સ્પષ્ટ માર્ગદર્શન આપેલ છે. પરંતુ જયારે સભાગૃહમાં કોઇ પ્રશ્નનો હાર્દ, એ પ્રશ્નની ગંભીરતા, તેની સંવેદનશીલતાના આધાર ઉપર એ પ્રશ્નના સંદર્ભમાં આપના દ્વારા નિર્ણય લેવાનો હોય છે કે આ પ્રશ્ન અંગે આ સમગ્ર સભાગૃહના સભ્યોને સંતોષ થાય ત્યાં સુધી તેના જવાબો મળે.

માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો. તેમાં ૨૦૦૩થી ૨૦૦૭ની અંદર આના સંદર્ભમાં પાંચ મિનિટની સમય મર્યાદા જાળવવી. તેના સંદર્ભમાં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થયો હતો અને એ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં પુંજાભાઇ વંશે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો. પરંતુ પુંજાભાઇ વંશને યાદ હોવું જોઇએ કે એ વખતે માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટ કર્યું છે કે અધ્યક્ષને સર્વ સામાન્ય અધિકારો પ્રાપ્ત થયેલા છે ત્યારે કોઇ મહત્વના પ્રશ્ન પાછળ પાંચ મિનિટ કરતા વધુ સમય ફાળવવાનું અધ્યક્ષના સ્વવિવેકને આધિન છે અને તેની સામે કોઇ સભ્ય વાંધો ન લઇ શકે. પુંજાભાઇ, તમારા જ ભૂતકાળના પોઇન્ટ ઓફ ઓર્ડરની અંદર તમને જ આ સભાગૃહમાં માર્ગદર્શન મળેલું છે. તેના સિવાય ૨૦૦૮ થી ૨૦૧૨માં માનનીય અધ્યક્ષશ્રીના જે નિર્ણયો છે એ નિર્ણયોમાં નિર્ણય ક્રમાંક-૪૧. પાના નં. ૬૭, તેમાં જે તે વખતે તમારા વિપક્ષના નેતા. આ વખતે તો ગુજરાતની પ્રજાએ તેમને ચૂંટ્યા નથી. પરંતુ સભ્યએ જે પ્રશ્ન પૂછ્યો હતો કે બોમ્બ ધડાકામાં સીમીની સંડોવણીની બાબત, અને એ વખતે માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે આ પ્રશ્ન અગત્યનો છે. સંવેદનશીલ છે અને રાષ્ટ્રહિતનો છે. જયારે કોઇ પણ પ્રશ્ન સંવેદનશીલ હોય અને તેમાં જેની અંદર આ સભાગૃહના સભ્યનું હિત જોડાયેલું હોય, એ પ્રશ્નમાં આ રાજયનું હિત જોડાયેલું હોય ત્યારે એ પ્રશ્નમાં આ રાષ્ટ્રનું હિત જોડાયેલું હોય. માનનીય અધ્યક્ષશ્રી, આપનો અબાધિત અધિકાર છે. જો ગઇકાલનો ઉલ્લેખ કરવામાં આવે તો ગઇ કાલે વિપક્ષના નેતા દ્વારા પ્રશ્નોત્તરી જેવા અગત્યના કાળની અંદર આનુષાંગિક મુદ્દો ઉપસ્થિત કર્યો, જેના કારણે આટલો બધો સમય વ્યતિત થયો. અમારી મંત્રી તરીકેની તૈયારી હતી. અમે બધા પ્રશ્નોના જવાબ આ સભાગૃહમાં આપવા માટે તૈયાર હતા. પરંતુ તેની અંદર વિપક્ષના નેતા દ્વારા મુદ્દો ઉપસ્થિત થયો ત્યારે આટલો સમય ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ભારતીય જનતા પાર્ટીના જે નવા ધારાસભ્યશ્રીઓ છે તેમને પ્રશિક્ષિત કરવા માટે અભ્યાસવર્ગ રાખીને એમને સમજાવીએ છીએ. એમણે અભ્યાસવર્ગ રાખ્યો હતો પરંતુ એમના અડધા ધારાસભ્યો ગયા જ નહોતા. જ્યારે જ્યારે રિસોર્ટમાં લઇ જાય છે ત્યારે એ કપડવંજનો રિસોર્ટ હોય કે પછી બેંગ્લોરનો રિસોર્ટ હોય ત્યાં એ દેખાતા નથી. એટલે એમણે એમને પ્રશિક્ષણ આપવાનું અગત્યનું છે. આ આપનો અધિકાર છે અને પ્રશ્નની ગંભીરતા જોતા મારું સ્પષ્ટ માનવું છે કે પ્રશ્નની સંવેદનશીલતા અને એના હાર્દને જોતા આપના દ્વારા સભ્યોના હિતમાં નિર્ણય લઇને આમાં યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજમાં કેટલા ભેગા થયા હતા? આપે છાપામાં વાંચ્યું એ સાચું ન હોય પ્રદિપસિંહ, તમે આઇબીના માધ્યમથી નકલી આતંકવાદીને શોધી શકો છો, ધારાસભ્યશ્રીઓની તપાસ પણ કરી શકો છો. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮થી ૨૦૧૨ પાના નં. ૬૩ અને પ્રશ્ન નં. ૩૮. આ જ રીતે માનનીય મંત્રીશ્રી દ્વારા પ્રશ્નોના જવાબ જ્યારે લાંબા આપવામાં આવે ત્યારે એ વખતના સન્માનનીય અધ્યક્ષશ્રી સ્વ. અશોક ભટ્ટ સાહેબે બહુ ક્લીયરલી આદેશ આપ્યો હતો. એમાં એમણે ક્લીયરલી કહ્યું હતું કે પ્રશ્નોત્તરીનો સમય પ્રજાને સ્પર્શતા પ્રશ્નો પૂછવા માટેનો છે. લોકશાહી માટે સૌથી અગત્યનો સમય છે. તે સંસદીય પ્રણાલીઓમાં સ્વીકારેલી સત્ય હકીકત છે. ઘણીવાર પ્રભારી સભ્યશ્રી એક સાથે ત્રણથી વધારે પ્રશ્નો પૂછે છે. કેટલીકવાર મંત્રીશ્રી જવાબ આપતી વખતે છાપેલી વિગતો પુનરોક્તીવાળી હોય છે એ આપણને દેખાતી હોય છે. પ્રશ્નો ટૂંકમા પૂછવા અને જવાબ પણ ટૂંકમા આપવા અને પ્રશ્નોત્તરી વખતે વધુ પ્રશ્નો પૂછાય તે માટે પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે. એમાં વધારે પ્રશ્નો ચર્ચાય અને વધારે લોકોના પ્રશ્નોને ગૃહના ફ્લોર ઉપર વાચા અપાય. ભૂતકાળના મંત્રીશ્રી સ્વ.બાબુભાઇ જશભાઇ પટેલની જેમ ટૂંકા જવાબ આપવાની પદ્ધતિ માનનીય મંત્રીશ્રી અપનાવે અને જવાબની માહિતી વધારે હોય તો ટેબલ ઉપર મૂકવાની સમજ અપનાવે. જેથી કરીને પ્રશ્નકાળના સમયે વધારે પ્રશ્નો પૂછી શકાય. આ ૨૦૦૮ અને ૨૦૧૨ના નિર્ણયોમાં છે. મંત્રીશ્રીએ પણ જ્યારે કોઇ સભ્યશ્રી પ્રશ્ન પૂછતો હોય છે ત્યારે એ પ્રાણ પ્રશ્ન હોય છે અને જવાબ આપતા હોય ત્યારે એ બંધાયેલા છે. એ પોતે પણ તમામ માહિતી ટેબલ ઉપર મૂકી શકે. કારણ કે આજનું ઉદાહરણ જોઇએ તો આજની પ્રશ્નોત્તરી કાળ દરમિયાન આજે ફક્તને ફક્ત પાંચ પ્રશ્નોની ચર્ચા થઇ. એક કલાકના સમય ગાળા દરમિયાન ફક્ત પાંચ પ્રશ્નોની ચર્ચા થઇ અને એમાં આપણે વિચારવું જોઇએ કે દરેક સભ્યશ્રીને એનો અધિકાર છે અને અધિકાર માટે એ પશ્ન પૂછે છે અને આજે ફક્ત પાંચ પ્રશ્નોની ચર્ચા થઇ અને અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયોને આધિન આપ રુલીંગ આપો. ભલે સભ્યશ્રીએ ૩ પ્રશ્નો પૂછ્યા હોય અને માહિતી વધુ હોય તો એ ટેબલ ઉપર મૂકવામાં આવે જેથી બીજા સભ્યોને એનો લાભ મળી શકે.

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલા માટે હું એનો જવાબ આપવા માટે તૈયાર છું. એમણે મારા નામને કોટ કરીને કહ્યું છે.

અધ્યક્ષશ્રી : એમાં એવું ન હોય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારા નામનો ઉલ્લેખ કરીને કહ્યું છે. રેકર્ડ ઉપર રહે એટલા માટે કહું છું. તમારા જેટલી યાદ શક્તિ નથી. એ વખતે મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરેલો અને(અંતરાય)

અધ્યક્ષશ્રી : નવા કારણો ન હોય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ અલગ સંદર્ભમાં હતો. આજનો પોઇન્ટ ઓફ ઓર્ડર અલગ છે. અમે લોકશાહી બચાવવા માટે બેંગ્લોર ગયા હતા. એમણે એ રીતે વાત કરી છે એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : આ બધી લોકશાહીની જ વાતો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કાલે પણ આ સન્માનનીય ગૃહ સમક્ષ આપના મારફત અમે રક્ષણ માગ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, તારાંકિત પ્રશ્નોત્તરી સ્વાભાવિક રીતે વિપક્ષ માટે સરકારને જવાબદાર બનાવવા માટેનું એક અમોઘ સંસદીય શસ્ત્ર છે. આ પરંપરા હંમેશા જળવાઇ રહી છે. આ ગૃહનું સંચાલન એમાં સત્તા પક્ષ હોય કે વિપક્ષ આ વિધાનસભાના નિયમોને આધિન કામગીરી કરવા માટે આપણે સૌ બંધાયેલા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, જો ગઇ કાલની વાત આપ કરતા હોવ...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે વાત કરું છું. મને સાંભળી આપ નિર્ણય આપશો એવી અમારી અપેક્ષા છે. આ તારાંકિત પ્રશ્નોત્તરીનો કાળ એ દરેક સભ્ય માટે ખૂબ મહત્વનો હોય છે. એના વિસ્તારના પ્રશ્નોને વાચા આપવા, એનું સમાધાન શોધવા માટે તારાંકિત પ્રશ્નોત્તરી એ અમોઘ શસ્ત્ર છે. સરકારે પણ ખુલ્લા મને મુદ્દાસર અને ટૂંકા જવાબો આપી અને વધુ પ્રશ્નોથી લોકોની સમસ્યાઓનું સમાધાન થાય એના માટે સકારાત્મક વલણ દાખવવું જોઇએ.

તારાંકિત પ્રશ્નોત્તરી અંગે પૂરક પ્રશ્નોની જે વિધાનસભાના નિયમોના નિયમ ૮૯થી જોગવાઇ છે એ સ્વયંસ્પષ્ટ છે. એમાં લખ્યું છે કે કોઇપણ તારાંકિત પ્રશ્નોનો જવાબ આપવામાં આવ્યા પછી કોઇપણ સભ્ય અધ્યક્ષશ્રી તેમનું નામ પોકારે ત્યારે અપાઇ ચૂકેલા જવાબમાંની કોઇપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારું પૂરક પ્રશ્ન પૂછી શકશે, પરંતુ અધ્યક્ષશ્રીને એમ લાગે કે કોઇપણ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલંઘન કરે છે તો અધ્યક્ષશ્રી તે નામંજૂર કરી શકેશે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે અધ્યક્ષશ્રી કોઇપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતા વધુ સમય માટે પૂરક પ્રશ્નો પૂછવા દેશો નહીં. અમે તો આપના મારફત રક્ષણ માગીએ છીએ. આ તારાંકિત પ્રશ્નોત્તરીનો કાળ એ વિધાનસભાને જીવંત બનાવે છે ત્યારે આપ આ ગૃહના અધ્યક્ષ તરીકે છો, એક પ્રભારી સભ્ય પ્રશ્ન પૂછે, દરેક તારાંકિત પ્રશ્નો માટે દરેક વ્યક્તિને ત્રણ પ્રશ્નોનો અધિકાર હોય છે. એ ત્રણ પ્રશ્નો પૈકી પણ વિધાનસભા કાર્યાલય ડ્રો કરે એટલે આ વિધાનસભાની એક કલાકમાં પાંચ મિનિટ મુજબનો હિસાબ કરીએ તો પણ માત્ર બાર કરતા વધુ પ્રશ્નો ચર્ચાઇ શકે નહીં. લોકોની સમસ્યા માટે જનપ્રતિનિધિએ ડ્રોથી એને લોટરી લાગી હોય સવાલ પૂછવાની અને એ તકને આ ગૃહમાં વેડફાવા દેવી જોઇએ નહીં એટલે આપના મારફત સ્વયંસ્પષ્ટ આદેશ થાય. દરેક સભ્યને પ્રશ્ન પૂછવાનો અધિકાર એ કાયમ જળવાય અને ટ્રેઝરી બેંચ એ લંબાણપૂર્વકના સવાલો હોય એમાં એમના વિભાગના પ્રશ્નને સંલગ્ન માહિતીઓ હોય એ પણ પૂરી પાડતા હોય છે. સરકારી કામકાજનો સમય છે એ સિવાય માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ આવશે, બજેટ ઉપરની ચર્ચાઓ આવશે, દરેક વિભાગની માગણીઓ આવવાની છે. માનનીય સંસદીય મંત્રીશ્રી આ સંસદીય નિયમોના ખૂબ જાણકાર છે પણ સૌથી વધુ સમય આ ગૃહમાં કાલે એમણે જ ખર્ચ કર્યો એટલે હું આપના મારફત સંસદીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે અમે તો વિપક્ષમાં બેઠા છીએ અને અમારે એક રચનાત્મક, સકારાત્મક વિપક્ષ તરીકે સવાલો પૂછવા માટે સજજ થવું જોઇએ એ અમારી ફરજ છે અને આ વિધાનસભા કાર્યાલય દરેક સભ્યને સંસદીય જ્ઞાન આપવા માટે શિબિરો કરે એના બદલે અમે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કર્યો, એમાં એની અંદર અમે કેટલા હતા એ અમે ન ગણ્યું અને સરકાર શું કામ અમારા માથા ગણવાની ચિંતા કરે છે એ મને નથી સમજાતું. ૧૯૯૫માં ૧૨૭ થી સફર ચાલુ થઇ હતી અને નર્વસ નાઇન્ટી ઉપર આવીને કેમ ઉભા એના ઉપર સરકાર ચિંતન કરશે તો મને લાગે છે કે ગૃહની સંસદીય પ્રણાલિઓ છે એ વધુ સુદ્રઢ બનશે. આપના મારફત વિનંતી કરું છું કે માનનીય પુંજાભાઇ વંશે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એમાં આપનો સ્વયંસ્પષ્ટ નિર્ણય મળે અને અમને રક્ષણ મળે.

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષોને સાંભળ્યા છે અને આ અંગેનો વિગતવાર નિર્ણય અનામત રાખું છું અને પછી જાહેર કરવામાં આવશે.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે –

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપરના સુધારા

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧ રજૂ કરું છું.

''મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના અંતર્ગત થયેલ ગેરરીતિઓની ફરિયાદો પ્રત્વે લેવાયેલા પગલાંનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨ રજૂ કરું છું.

'' મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત મહિલાઓને ૧૦૬.૩૯ લાખ માનવ દિનની રોજગારી મળી છે પરંતુ કેટલી રકમ રોજગારી પેટે ચૂકવવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩ રજૂ કરું છું.

'' ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. પરંતુ રાજ્યની જનતાને સસ્તા ભાવે દૂધ મળી રહે તે માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૪ રજૂ કરું છું.

'' રાજ્યમાં કોલ્ડ સ્ટૉરેજની સંગ્રહ ક્ષમતા ૨૩ લાખ મે.ટનની છે. પરંતુ તે પૈકીના કેટલા સરકારી કોલ્ડ સ્ટૉરેજ છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૫ રજૂ કરું છું.

''ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ રૂપિયા ૨૦૮ કરોડની અકસ્માત વીમા સહાય અપાય છે. પરંતુ બાકી રહેતા ખાતેદારોના પરિવારોને સહાય ચૂકવવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૭ રજૂ કરું છું.

'' પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત સરકારે કેટલી રકમ વીમા પ્રિમીયમ તરીકે ચૂકવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૮ રજૂ કરું છું.

'' ઉભા પાકને પશુઓથી બચાવવા ખેતરોની ફરતે તાર ફેન્સીંગની યોજના છે. પરંતુ પડતર અરજીઓના સત્વરે નિકાલ માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૯ રજૂ કરું છું.

'' સરદાર સરોવર કેનાલ તેમજ પાણીના અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજના હેઠળ ૨૮૭૧ કિલોમીટરની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે. પરંતુ બાકી કેનાલ નેટવર્કનું કામ સત્વરે પૂર્ણ કરવા માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

'' સૌની યોજના અંતર્ગત રાજકોટ શહેરની પીવાના પાણીની મુશ્કેલી કાયમી ધોરણે દૂર કરવા આજી-૧ જળાશય સુધીની કામગીરી ફક્ત સાત માસના ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરી ચોમાસા અગાઉ પાણી ભરવામાં આવ્યું છે. પરંતુ ઉનાળામાં રાજકોટ શહેરમાં ઉદભવતી પાણીની તંગીને પહોંચી વળવા માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

''ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા બાંધકામ શ્રમિકોના આરોગ્યની સારવાર બાંધકામ સાઇટ ઉપર કરવામાં આવે છે. પરંતુ આ રથ પાછળ કેટલો ખર્ચ થયો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

'' અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં કુલ ૫,૮૬,૨૩૦ બાંધકામ શ્રમિકોની નોંધણી થયેલ છે. પરંતુ બાકી રહેલા બાંધકામ શ્રમિકોની નોંધણી સત્વરે પૂર્ણ કરવા માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વલ્લભભાઇ વે. ધારવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

'' ગુજરાતના યુવાનો અને યુવતિઓને સરકારી અને અર્ધ સરકારી નોકરી આપી. પરંતુ હજુ પણ રાજ્યની તમામ રોજગાર કચેરીઓમાં કુલ કેટલા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.

'' ગત વર્ષે ખેડા, મોરબી, અરવલ્લી અને દેવભૂમી દ્વારકા ખાતે ચાર ફેમિલી કોર્ટ શરૂ કરવામાં આવેલ છે. પરંતુ તે માટે જરૂરી માનવબળ અને સંસાધનો માટે કરેલ જોગવાઇઓનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

'' મહિલાઓ માટે કુલ ૩૩ રોજગાર મેળાઓમાં ૩૦ હજારથી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. પરંતુ તેમાં કેટલી મહિલાઓને કાયમી કે હંગામી રોજગારી મળી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પરસોત્તમ ઉ. સાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

'' રાજ્યમાં સરકારી અને અનુદાનિત કોલેજોની સંખ્યા વધી છે. પરંતુ આ કોલેજોમાં ખાલી અધ્યાપકો અને અન્ય સ્ટાફની જગ્યાઓ ભરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

''જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ ધો. ૫ થી ૮ ના તમામ વિષયોને ઇ–કન્ટેન્ટ અને ઇન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ કન્ટેન્ટની મદદથી શિક્ષણ આપવામાં આવે છે. પરંતુ ઇન્ટરનેટ કનેકશનોમાં પૂરતી સ્પીડ મળી રહે તે માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

'' રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી છે. પરંતુ કેટલી જગ્યાઓ હજુ પણ ખાલી છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૨ રજૂ કરું છું.

''તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દંત ચિકિત્સકોની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પરંતુ દંત ચિકિત્સકોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

''''રાજ્યમાં દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રો દ્વારા સસ્તી જેનરીક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પરંતુ સ્ટોરમાં દવાઓ સમયસર પૂરતા જથ્થામાં ઉપલબ્ધ કરાવવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારા ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૪ રજૂ કરું છું.

'' બોટાદ, વેરાવળ, પોરબંદર, લુણાવાડા અને ભરૂચ ખાતે પાંચ કુમાર છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ રાજ્યમાં નવરચિત જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ કન્યા કે કુમાર છાત્રાલયો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે અને કેટલા બાકી છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

'' કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ પ્રાપ્ય સહાય વધારીને રૂપિયા ૧૨,૦૦૦ કરવામાં આવી છે. પરંતુ કેટલા કુટુંબોને સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવ્યો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

'' ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓમાં કેટલા સ્ટાફની ઘટ છે તથા આ જગ્યાઓ સત્વરે ભરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારા ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

'' નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરંતુ તેને સત્વરે કાર્યરત કરવાના આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

સુધારા ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

'' બિમાર કે અશક્ત લોકોની સારવાર માટે રાજ્યમાં હાલ ૯૩૨૧ પેટા કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૩૪૭ શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. પરંતુ તેમાં ડોકટરો અને પેરા મેડિકલ સ્ટાફની જગ્યાઓ સત્વરે ભરવા બાબતનો તથા દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવાના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારા ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

'' કેન્દ્ર સરકારના સ્ટેન્ડ–અપ ઇન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ડો. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ અનુસૂચિત જાતિ–જનજાતિઓના લાભાર્થીઓને ખાસ પેકેજ રૂપે માળખાગત સુવિધાઓ માટે વધારાની સહાય આપવામાં આવે છે. પરંતુ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય આપવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

'' અનુસૂચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર મળે તે માટે ૨૪ હાટ બજારો સ્થાપવાની યોજના અમલમાં છે. પરંતુ વાસ્તવમાં કેટલા હાટ બજારો કાર્યાન્વિત થયા તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

'' વિકલાંગ વીમા કવચ યોજના હેઠળ બાકી રહેલા લાભાર્થીઓને વીમા કવચ પૂરું પાડવા બાબતના આયોજનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવ્યો.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

'' રાજ્ય સરકાર દ્વારા ગરીબ, નિરાધાર, વૃદ્ધ, દિવ્યાંગ એવા જરૂરિયાતમંદ નાગરિકો માટે વિવિધ સહાય યોજનાઓ અમલમાં મૂકી છે.પરંતુ શિક્ષિત દિવ્યાંગોને સરકારી નોકરીઓમાં વધુ તકો મળે તે બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩૫ રજૂ કરું છું.

'' સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલ ડામર રસ્તાઓ પહેલા જ વરસાદમાં ધોવાઇ જતાં અટકાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવનાર આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રીમતી સંતોકબહેન ભ. આરેઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

'' અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને માળખાકીય સુવિધાઓ માટે ૭૪૭ જેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. પરંતુ પડતર દરખાસ્તોના ઝડપી નિકાલ માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

''મહિલાઓ માટે રોજગારી ઉભી કરવા ગાર્મેન્ટ એન્ડ એપરલ પોલિસી ૨૦૧૭ અન્વયે મહિલા કારીગરોને પગાર ઉપરાંત વધારાની સહાય ચૂકવવામાં આવશે તેવી જાહેરાત કરી, પરંતુ કેટલી મહિલાઓને આવી સહાય ચૂકવવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

''સરકારી કર્મચારીઓ માટે મોટા પ્રમાણમાં ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે. પરંતુ હયાત સરકારી ક્વાટર્સ પૈકી કેટલી જર્જરિત હાલતમાં અને રહેવાલાયક નથી તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો ગુજરાતની પ્રજાને ભારતીય જનતા પાર્ટીને છઠીવાર વિજયી બનાવવા બદલ હું ગુજરાતની પ્રજાનો હૃદયપૂર્વક આભાર માનું છું. સવાયા ગુજરાતના પનોતા પૂત્રને યાદ કરીએ છીએ ત્યારે હૃદય હર્ષની લાગણી અનુભવે છે. રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ, મહાગુજરાતની

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

ચળવળના પ્રણેતા પૂજ્ય રવિશંકર મહારાજ અને મહાગુજરાતના શિલ્પી એવા ઇન્દુલાલ યાજ્ઞિક. આ મહાન વિભૂતિઓ જેણે અર્થપૂર્ણ લાયક જેણે સાંસ્કૃત્તિક ગુજરાત આપણને આપ્યું છે, આપણી સમક્ષ મૂક્યું છે વંદન છે આ મહાન શિલ્પીઓને. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ પૂજ્ય મહાત્માજીએ જોયેલા વિઝન પ્રમાણે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે સફળ અને સબળ નેનૃત્વ કર્યુ છે ત્યારે ગાંધીજીના શબ્દમાં કહું તો વિકાસ એ ફક્ત આજની નહિ પણ વિકાસ એ ભવિષ્યની વાત હોય અને ત્યાર બાદ જેમણે ગુજરાતની આગવી ઓળખ માટે પ્રદાન કર્યુ છે, ગુજરાતે જે ઉંચાઇઓ પ્રાપ્ત કરી છે, ધારદાર નેતાગીરી જેઓએ પૂરી પાડી છે એવા આ દેશના માનનીય વડાપ્રધાન ગ્લોબલ લિડર શોશિયલ સાયન્ટિસ્ટ નરેન્દ્રભાઇ મોદીના નામનો ઉલ્લેખ કર્યા વીના ગુજરાતના વિકાસની વાત અધૂરી લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ના સ્થાપના કાળથી આપણે જોતા આવ્યા છીએ કે છેલ્લા ૨૦ વર્ષની અંદર ગુજરાતની પ્રતિષ્ઠા, શાખ, આબરૂ અને જે નામના અંકે કરી છે એ પાછલા વર્ષોમાં થઇ નથી. આ માનનીય નરેન્દ્રભાઇ મોદીના વિઝનનું મિશનની કમાલ છે. આ માનનીય નરેન્દ્ર મોદીજીના પ્રેરણાદાયી અને દીર્ઘ દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વની કમાલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આખા વિશ્વની અંદર નરેન્દ્ર મોદીજીએ ભારતીય સંસ્કૃત્તિનું ગૌરવ વધાર્યુ છે. ૧૯૯૫ પહેલાનું ગુજરાત કેવું હતું? અને હાલનું ગુજરાત કેવું છે? આ બે પ્રશ્નોની વચ્ચે ગુજરાતની ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતની વિકાસ ગાથા સમાયેલી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં એક પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ, આ ચાર સ્તંભોના આધારે આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ૨૨ વર્ષની અવિરત વિકાસયાત્રામાં ગુજરાતમાં શાંતિ, સલામતિ, સુરક્ષા અને પ્રગતિના ઉચ્ચ માનવીય મૂલ્યોના આધારે સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાતની વિકાસ યાત્રા અવિરત આગળ વધારવાની દિશામાં ન્યુ ગુજરાતના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રીએ આપેલા મંત્ર 'ન્યુ ઇન્ડિયા' ના સંકલ્પને ઉજાગર કરી, ગરીબીનું, જાતિવાદીનું, સંપ્રદાયવાદ અને વંશવાદ મુક્ત સમૃદ્ધ ગુજરાત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પ્રો–પિપલ, પ્રો–એક્ટિવ થકી મીનીમમ ગર્વનમેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ થકી ગુજરાતને પરિશ્રમ, પ્રગતિ અને પ્રતિતિનો અહેસાસ કરાવ્યો છે. એટલે જ આજે એમ કહી શકાય કે ગુજરાતના વિકાસની ગતિ વધુ ગતિવાન, પ્રાણવાન, ઉર્જાવાન બની છે. ''પથ મે પથિક વિશ્રામ કેસા''ના ધ્યેય મંત્ર સાથે વરેલી ભારતીય જનતા પાર્ટીની સરકારે દિન–પ્રતિ–દિન નવી ઉંચાઇઓ અને નવા શિખરો પ્રાપ્ત કર્યા છે. આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની દીર્ઘ દ્રષ્ટિથી, કૂશળ નેતૃત્વ અને લોકસેવાના પરિશ્રમના અભિગમથી ગુજરાત આજે તમામ ક્ષેત્રની અંદર અવલ નંબરે છે. સૌ કોઇના સાથથી સૌ કોઇના વિકાસ માટે પ્રતિબદ્ધતા સાચા અર્થમાં ચરિતાર્થ થઇ છે. યુવાન હોય, મહિલાઓ હોય, બાળકો હોય, ખેડૂતો હોય, ગરીબો હોય, વંચિતો હોય, વનબંધુ હોય આ તમામ કોઇનો વિવિધ યોજનાઓ થકી અસરકારક અમલથી ગુજરાતે નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આખી સરકારને અભિનંદન આપું કે છેલ્લા ૩૬૫ દિવસમાં ૪૭૫ જેટલા જનહિતના નિર્ણયો લઇ અસરકારક અમલ કરી નિષ્ઠા, નિર્ણાયકતા અને સંવેદનશીલતાનો પરિચય કરાવ્યો છે. સમાજના દરેક સ્તરના લોકોના કલ્યાણ માટે સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકી રાજ્યના વિકાસમાં કોઇપણ ભેદભાવ જોવા નથી મળ્યો ત્યારે જ ભારતીય જનતા પાર્ટીનો મંત્ર છે Development with justice, growth with equality and technology with human face ન્યાય સાથેનો વિકાસ, સમાનતા સાથેની વૃદ્ધિ અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી, એટલે જ આજે ગુજરાત Best governed State of India છે, modern State of India છે, ગ્રોથ એન્જીન ઓફ ઇન્ડીયા તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. ૨૧ મી સદી હિન્દુસ્તાનની સદી કેવી રીતે બને એ જોવાની આપણા સૌની જવાબદારી છે. આધુનિક ભારતના નિર્માણના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતે સક્રિય યોગદાન અને જવાબદારી નીભાવી છે. ન્યુ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકારે નવી શોચ, નવી આશા અને નવી દિશાનો આરંભ કર્યો છે. ગુજરાત વિકાસ મોડલના ત્રણ મુખ્ય પિલ્લર છે. કૃષિ, ઉદ્યોગ અને સામાજિક સેવાઓ. આ ત્રણેયનું સંતુલન જાળવીને ગુજરાતે નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરી છે. એક ઉદાહરણ તરીકે છેલ્લા ચાર વર્ષની અંદર જો આપ જોવા જશો તો સામાજિક સેવાની અંદર ૪૮ ટકા બજેટનું પ્રાવધાન આ સરકારે કર્યું છે. આનાથી મોટું કોઇ ઉદાહરણ હોય નહીં અને આ પરિણામથી દેશ અને દુનિયામાં ગુજરાતની ગતિ, પ્રગતિ અને ઉન્નતિની ચર્ચા છે. આધુનિક ભારતના સ્વપ્નદ્રષ્ટા સરદાર વલ્લભભાઇ પટેલ એ ગામડાં અને શહેરોનો સમતોલ વિકાસ જોવા માગતા હતા. તેથી આ રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીએ શહેરની સાથેસાથે ગામડાંનો પણ એટલો જ વિકાસ કર્યો છે. ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાનું લોખંડી પુરુષનું સ્વપ્ન લોખંડી મનોબળના મહારથીશ્રી નરેન્દ્રભાઇ સાહેબના નેતૃત્વમાં પૂર્ણ થયું છે. અહીં આગળથી હું એમને અભિનંદન આપું છું. ઇતિહાસે આ બાબતે સોનેરી અક્ષરથી લખવું પડશે કે ભારતીય જનતા પાર્ટીની વિકાસ પ્રત્યેની કટિબદ્ધતામાં નર્મદા યોજનામાં આવતી તમામ અડચણો, મુશ્કેલીઓ, તકલીફોથી બહાર લાવીને ખરા અર્થમાં સાકાર કરી છે. નર્મદા ડેમના બંધ થયેલા દરવાજાએ ગુજરાતના વિકાસના દ્વાર ખોલી નાખ્યા છે. અહીં સન્માનનીય સભ્યોને મારે જણાવવું છે કે નર્મદા યોજનાનું ૯૩ ટકા કામ ભારતીય જનતા પાર્ટીના સત્તા કાળમાં સંપન્ન થયું છે. ગુજરાત લોકશાહી વિરાસતનું સાક્ષી રહ્યું છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબના મૂલ્યો આપણને વારસામાં મળ્યા છે ત્યારે આ મૂલ્યોના આધારે આપણે અંત્યોદયની ઉન્નતિ અને દરિદ્ર નારાયણની સેવા કરી રહ્યા છીએ. સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ના મંત્ર સાથે રાજ્યના તમામ નાગરિકોની આરોગ્યની ચિંતા કરીને સરકારે વિવિધ યોજનાઓ શરૂ કરી છે. સ્વચ્છ, સલામત, સમૃદ્ધ અને સ્વસ્થ ગુજરાત બનાવવા સરકાર કટિબદ્ધ છે. મા વાત્સલ્ય યોજના, મા અમૃતમ યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગને પણ આવરી લેવાયા છે. આવક મર્યાદા

૧,૨૦,૦૦૦ થી વધારીને અઢી લાખ કરવામાં આવી છે અને ગઇકાલના બજેટની અંદર એ અઢીથી વધારીને ત્રણ લાખ કરવામાં આવી છે. જેને કારણે વધુ પરિવારો આ યોજનાનો લાભ લઇ શકે. રાજયની ત્રણ કરોડ મહિલાઓ, બહેનો માટે બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સરના મફત નિદાન અને ત્યારબાદ કેન્સર હોય તો વિનામૂલ્યે સારવાર કરવાનો અભૂતપૂર્વ નિર્ણય આ સરકારે કર્યો છે. રાજયમાં સસ્તી દવાઓ મળે તે હેતુથી આ સંવેદનશીલ સરકારે રાજયની અંદર જેનરીક મેડિકલ સ્ટોર શરૂ કર્યા છે. આપણો દેશ એક ખેતી પ્રધાન દેશ છે. ૬૫ ટકા વસતિ ખેતી ઉપર નિર્ભર છે ત્યારે ગુજરાત સરકારે ઔદ્યોગિક વિકાસની સાથેસાથે કૃષિ વિકાસ ઉપર પણ ભાર મૂકયો છે. કૃષિ મેળાઓ તથા આધુનિક પદ્ધતિથી ખેતી તરફ ખેડૂતોને વાળીને કૃષિ વિકાસમાં ગુજરાતે અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાતના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે અને ઊંચું વળતર મેળવે તે માટે અનેક પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી આધુનિક ખેતી પદ્ધતિથી નવું આઇ કિસાન પોર્ટલ સરકારે લોન્ચ કર્યુ છે. ઓર્ગેનિક ખેતી માટે નવી નીતિ જાહેર કરી છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત ખેત પેદાશોની નિકાસમાં આજે પ્રથમ નંબરે આવે છે. ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં પણ અગ્રીમ હરોળમાં આવે છે. ખેડૂતોની વાતો થતી હોય ત્યારે યુરિયા સબસિડીના લાભો ડાયરેકટ ખેડૂતોના ખાતામાં જાય છે. હમણા પ્રશ્નોત્તરીકાળમાં પ્રશ્ન પૂછાયો ત્યારે ખેડૂતોને એક સરવે નંબરમાં બે મોટર ચલાવવાનો ખૂબ મહત્વનો નિર્ણય આ સરકારે કર્યો છે. ૮ એકરથી વધારે જમીન હોય ત્યાં બીજું કનેકશન આપવાનો મહત્વનો નિર્ણય ખેડૂતો માટે કર્યો છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં ખેડૂતોને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીની અંદર સંપૂર્ણ માફી આપી છે અને સાથે સાથે વીજ બિલની રાહત પેંટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક સરેરાશ ૫૦૦૦ કરોડની સબસિડી ચુકવવામાં આવે છે. ૨૦૦૨ માં જોવા જઇએ તો તે વખતે કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડ હતું. આજે મને જણાવતા આનંદ થાય છે કે કૃષિ ઉત્પાદન ૧,૨૬,૦૦૦ કરોડ થવા જઇ રહ્યું છે. ગુજરાત એક ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે સાતત્ય ધરાવતું અગ્રીમ રાજ્ય છે. ગુજરાતના વિકાસમાં ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથ મહત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથનો સિંહફાળો રહ્યો છે. દેશના થયેલા મૂડીરોકાણમાં ગુજરાત આજે પ્રથમ સ્થાને આવે છે. ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત નંબર-૧ છે. છેલ્લા બે દાયકામાં એટલે કે છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતમાં થયેલ જબરજસ્ત ઔદ્યોગિક વિકાસમના પાયામાં જોઇએ તો નરેન્દ્રભાઇ મોદી સાહેબે વાઇબ્રન્ટ ગુજરાત લોન્ચ કર્યુ તે એના પાયામાં રહ્યું છે. ભાજપની સરકારે મહિલા ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રાધાન્ય આપી મહિલા જી.આઇ.ડી.સી. શરૂ કરી છે. ગુજરાત આજે ઓટોમોબાઇલ હબ છે. ઓટોમોબાઇલ સેક્ટરમાં મેળવેલ કુલ એફ.ડી.આઇ.ના ૧૫ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. મેઇક ઇન ઇન્ડિયાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકારે આર્થિક વિકાસને બળ આપતી એક નવી ગુજરાત ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ગુજરાત તમામ ક્ષેત્રમાં તમામ રાજયમાં પ્રથમ સ્થાને આવે છે. એનાથી આગળ વધીએ તો ગુજરાત રાજ્ય મેઇક ઇન ઇન્ડિયા માટેનું એક આઇડિયલ પ્લેટફોર્મ છે. યુવાનો માટે મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટ અપ, સ્ટેન્ડ અપ, ડિઝિટલ ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા, ઉડાન અટલ ઇનોવેશન મિશન, મુદ્રા જેવી યોજનાઓ દ્વારા યુવાનો સક્ષમ, સામર્થ્ય અને સ્વ નિર્ભર બનવાની તક પૂરી પાડી છે. ગુજરાત રાજય એનર્જી સરપ્લસ સ્ટેટ છે. ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત સ્વાવલંબન છે. જ્યોતિગ્રામ યોજના આ દેશની અનોખી યોજના છે. સોલાર પાવરમાં ઉત્પાદનમાં ગુજરાત આજે દેશમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ત્યારે કહેવાનું મન થાય કે ઊર્જા શકિતમાં ગુજરાત સાત અશ્વો ઉપર સવાર છે. નોન કન્વેન્શનલ એનર્જી સોર્સીસમાં જીયો થર્મલ હોય, વેસ્ટ એનર્જી હોય, હાઇડલ હોય, ટાઇડલ હોય, વિન્ડ હોય, સોલાર હોય આમ તમામ ક્ષેત્રો વિકસાવવામાં ગુજરાતે પહેલ કરી છે. આજે સમગ્ર ગુજરાતમાં ગુણવત્તાયુકત વીજળી પુરવઠો પૂરો પાડવામાં ઉર્જા વાન મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વને નોંધપાત્ર સફળતા મળી છે. કેન્દ્રના ઉર્જા મંત્રાલય દ્વારા વખતો વખત અનેક એવોર્ડો આપણને પ્રાપ્ત થયા છે. ‘પર ડ્રોપ મોર ક્રોપ’ ના મંત્ર સાથે ગુજરાતે કૃષિ ક્રાંતિમાં નવી દિશા આપી છે. ગુજરાતે શ્વેત ક્રાંતિ બાદ કૃષિ ક્રાંતિ ક્ષેત્રે સમગ્ર દેશમાં અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ગુજરાત રાજયમાં સિંચાઇ હેઠળની જમીન વધી છે. રાજ્યની સૂકી જમીન સિંચાઇ સવલતો નર્મદા યોજના આધારે નવી નહેરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહિલાઓ વધુ સામર્થ્યવાન બને એ દિશામાં સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, ત્યારે મહિલાઓ, દીકરીઓનું સશક્તિકરણ સાચા અર્થમાં બનાવ્યું છે. બે દાયકામાં એનાં સુખદ પરિણામ મળ્યાં છે.

મારે ખાસ વાત કરવી છે કે મેટરનીટી લીવ જે ત્રણ મહિનાની હતી તે છ મહિના પૂર્ણ પગાર સાથે વધારીને મજબૂત નિર્ણય આ સરકારે કર્યો છે. ૧૮૧ અભયમ્ હેલ્પલાઇન મહિલાઓ માટે શરૂ કરી છે. નારી અદાલતો ૨૪૦ કાર્યરત છે. ૩૩ મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. અનેક મહિલાઓ માટેની યોજનાઓ છે. રાજય સરકારે સૌની યોજના દ્વારા નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ૧૦ જેટલા જળાશયોમાં ભરવાનું અભૂતપૂર્વ કામ કર્યુ છે. સૂકીભઠ્ઠ નદીઓ નવપલ્લવીત કરી છે અને નિયમિત સમયમાં તેનો સૌરાષ્ટ્રના ૧૧ લાખ ખેડૂતોને આ લાભ મળવાનો છે. બાંધકામ ક્ષેત્રની અંદર કહું તો કોમન જીડીસીઆર લાવીને એકસૂત્રતા લાવીને ભ્રષ્ટાચાર વિહીન કાર્યરચના કરી છે. નાના અને ગરીબ સમાજો.

અધ્યક્ષશ્રી : દુષ્યંતભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનીય નરેશભાઇ પટેલ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : સાહેબ મેં જોઇને લીધું છે. ૧.૨૬ મિનિટે ચાલુ કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આદરણીય નરેશભાઇ પ્લીઝ. ચોકકસ સમય કહો તો. પ્લીઝ કન્ટીન્યુ. નહીં અહીં મને જે સમય આપ્યો છે તે પ્રમાણે હું ચાલુ છું.

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : થેન્ક યુ સર. નાના અને ગરીબ સમાજો માટે ૧૨૫ ચોરસ મીટર સુધીના બાંધકામ માટેની પૂર્વ મંજૂરી લેવાની નહીં રહે આ નિર્ણયથી લાખો સામાન્ય પરિવારોને વહીવટની અડચણમાંથી મુક્તિ મળવાની છે. રાજય સરકારે હાઇવેના ટોલટેક્ષમાંથી મુક્તિનો નિર્ણય કરીને પોતાની કટિબદ્ધતા પૂરવાર કરી છે. ઉજ્જવલા યોજના દ્વારા રાજયની અંદર બે કરોડ બલ્બનું વિતરણ કરી ગુજરાત પ્રથમ સ્થાને આવ્યું છે જેનાથી ગુજરાતની જનતાના કરોડો રૂપિયાના બિલની બચત થશે અને લાખો યુનિટની બચત થવાની છે. આ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગરીબના મૃતકોના મૃતદેહ સન્માનપૂર્વક તેના ઘરે પહોંચે તેવો નિર્ણય કરીને ગરીબોને સધિયારો આપવાનું ઉત્તમ કાર્ય કર્યુ છે. ગુજરાત સરકારે રાજયના લાખો વિદ્યાર્થીઓના હિતની અંદર ફી નિર્ધારણ બિલ વિધાનસભામાં રજૂ કરી એક સખત કાયદો બનાવ્યો છે. નામદાર હાઇકોર્ટે પણ રાજય સરકારની તરફેણમાં ચૂકાદો આપ્યો છે. આ સંવેદનશીલ સરકારે ગુટખા પર પ્રતિબંધ મૂક્યો છે અને તે કાયદાને પણ સફળતા મળી છે. રાજયમાં તમાકુના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તંદૂરસ્ત સમાજ અને તંદૂરસ્ત સ્વાસ્થ્ય નિર્માણમાં આ એક ઉત્તમ ઉદાહરણ છે. આમ અનેક મહેસૂલી કાયદાઓમાં પણ સુધારા કર્યા છે તેમજ રાજય સરકારે વિકાસ માટે અનેક નવી નીતિઓ જાહેર કરી છે. નવી આઇ.ટી. નીતિ હોય, નવી ઓર્ગેનિક ખેતીની નીતિ હોય, નવું ગૌચર હોય, નવી ઇલેક્ટ્રોનિક નીતિ, નવી ઇ–ગવર્નન્સ નીતિ આવી અનેક નીતિઓ જયારે બનાવી હોય ત્યારે રાજયનો સર્વાંગી વિકાસ થાય, રાજયના તમામ વર્ગોની જરૂરિયાત સંતોષાય, માળખાકીય સવલતો મળે, લોકોને આવાસ મળે, પાણી મળે, આરોગ્ય, શિક્ષણ, વીજળી, સુરક્ષા, રસ્તા, સ્વચ્છ પર્યાવરણ, લોક સાંસ્કૃતિનું માળખું જળવાય તથા સામાજિક સમરસતાને ઘ્યાને રાખીને ગુજરાત સરકાર કામ કરતી હોય ત્યારે રાજય સરકાર ગરીબી, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ, વંશવાદ, કોમવાદમુક્ત ગુજરાત બનાવવાનો સંકલ્પ છે ત્યારે એક કવિએ લખેલી ચાર લાઇને કહીને મારી વાત પૂર્ણ કરું છું.

'' ન જાને કહાં સે પેદા હોતે હૈ યે ઝહરીલે લોગ, ઔર પરવરીશ ભી કીસ તરહ પાતે હૈ યે ઝહરીલે લોગ,
લપકતી જીભ, વહી ફનકાર, વહી અદા, ફીર ભી સાંપ નહીં સેવક કહલાતે હૈ યે ઝહરીલે લોગ,
જીન્હે કાટ લીયા વો ફીર કભી ઉઠ ન શકતા, ન જાને કીતના ઝહર ઉગલતે હૈ યે ઝહરીલે લોગ,
સાદા લીબાસ ટોપી સફેદ નામ સેવા કા, ઇસી સાદગીમે પલતે હૈ યે ઝહરીલે લોગ,
ના જાને કહાં સે પેદા હોતે હૈ યે ઝહરીલે લોગ''

સરકાર આ ગરીબી, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ, કોમવાદ, વંશવાદ મુક્ત સમૃદ્ધ ગુજરાત એ જ ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ છે, હું છું વિકાસ, હું છું ગુજરાત. હું મહામહિમ રાજયપાલશ્રીનો આભાર વ્યક્ત કરું છું અને તેને અનુમોદન આપું છું. ધન્યવાદ.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છઠ્ઠી વખત જયારે આ ગૃહની અંદર ચૂંટાઇને આવી છે અને પાંચ વર્ષ સુધી ગુજરાતની જનતાની ચિંતા કરવાની છે ત્યારે એમાં આદિવાસી વિસ્તારમાંથી મને ચૂંટીને જનતાએ મોકલ્યો છે ત્યારે મને પણ આ ગૃહમાં બેસીને પ્રજાની સેવા કરવાની તક મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન વખતે મને થોડી અપેક્ષા હતી કે વિપક્ષના સભ્ય જ્યાં સુધી માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી આ ગૃહની ગરિમા જાળવીને સહકાર આપશે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે, એમનો અધિકાર છે, મારે ટીકા ટીપ્પણમાં પણ જવું નથી પણ આ પક્ષમાં કે પેલા પક્ષમાં કેટલાક નવા સભ્યો આ ગૃહમાં ચૂંટાઇને આવ્યા છે અને ગૃહમાં પહેલીવાર સભ્યો જયારે આવતા હોય ત્યારે મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન અમારા પક્ષે પૂરેપૂરું સાંભળવાની તક મળી પણ વિપક્ષના નવા સભ્યશ્રીઓને પણ તક પહેલીવાર મળવાની હતી એવા સમયે આ પ્રવચન વખતે વિપક્ષ દ્વારા થોડો હોબાળો કરીને અહીંયાથી ગૃહને છોડીને બહાર જતા રહ્યા અને નવા સભ્યોશ્રીઓને તક ન મળી અને પછી કોંગ્રેસના સભ્યશ્રીઓને તક ન મળી એમ કહે તો એમાં અમે શું કરી શકીએ? અત્યારે પ્રશ્નોતરી ચાલતી હતી, પોઇન્ટ ઓફ ઓર્ડર પણ ઉઠ્યા, માનનીય પૂંજાભાઇ એમ કહે કે લોકશાહીને બચાવવા માટે અમારે બેંગ્લોર જવું પડ્યું પરંતુ રાજયપાલશ્રીના પ્રવચનમાં અમારી સરકારે આપણા ગુજરાતમાં જે કામ કર્યું છે એની વાત કરતા હતા, અને જે પૂર હોનારત થઇ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અને આ બંને જિલ્લાઓમાં જે મુશ્કેલીઓ ઉભી થઇ, જનજીવન ખોરવાયું, પશુઓને બચાવવાની વિકટ પરિસ્થિતિ ઉભી થઇ એવા સમયે આ બંને જિલ્લામાં અમારી સરકારના આદરણીય મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ એમના મંત્રી મંડળ સાથે ત્યાં ખડેપગે ઉભા રહ્યા હતા. અમે ગરીબ લોકોના સથવારે હતા, ભલે તમે લોકશાહીની વાત કરતા હોય પણ અમે ક્યાંક લોકોના સથવારે હતા અને મારે અનુમોદન આપતા આપણી સરકારને અભિનંદન આપવા છે કે, જે સમયે હું પણ જિલ્લા અધ્યક્ષ તરીકે આ બંને જિલ્લામાં રાહત સામગ્રી લઇને પૂર પિડિતોને મદદ કરવા માટે ગયો હતો. ત્યાંની પરિસ્થિતિ જોઇએ તો આપણું હૃદય કંપી ઉઠે એવી સ્થિતિ હતી તેમ છતાં આપણી સરકારે ખડેપગે ઉભા રહીને મુશ્કેલીઓને થાળે પાડવાનું કામ કર્યું છે. અંદાજે ૧૯૦૦૦ જેટલા લોકોને સલામત સ્થળે પણ ખસેડ્યા છે અને મોટી જાનહાનિ અટકાવવાનું કામ કર્યું છે અને ત્યાં રાહત સામગ્રી પૂરી પાડીને એમાં ફૂડ પેકેટ કે પાણીની વ્યવસ્થા પણ સમયસર ઝડપથી પહોચાડવાનો પ્રયત્ન કર્યો છે. મનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વિકાસને તો અગ્રિમતા આપે જ છે, પણ અમે માનવતા સાથે પણ જોડાયેલા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર વંચિતોની પણ હંમેશા ચિંતા કરે છે અને ગરીબોની પીડા છેલ્લા ૨૨ વર્ષથી ખૂબ સારી રીતે સમજીને આગળ વધી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી,

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

જ્યારે કોઇ પણ ગુજરાતના બજેટ ઉપર ચર્ચા થાય, અમારા આદિવાસી વિસ્તાર માટેની ચર્ચા હોય કે, અમારા જિલ્લા માટેની ચર્ચા હોય ત્યારે ગૃહના સભ્ય તરીકે જ્યારે આ બજેટમાં કોઇ પણ નાની મોટી જોગવાઇઓ થઇ હોય ત્યારે અહીંયા અમે આનંદની લાગણી અનુભવતા હોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જયારે અમારો આદિવાસી વિસ્તાર છે એ આદિવાસી વિસ્તાર માટે પણ આ સરકારે વનબંધુ જેવી યોજનાઓ બનાવીને અનેકરીતે આ ગરીબ લોકોની સેવા કેવી રીતે થાય, માળખાકીય સુવિધા આપણે કેવી રીતે પૂરી પાડીએ એ દ્રષ્ટિએ વનબંધુ જેવી યોજના નરેન્દ્રભાઇ અહીંયા શાસનમાં હતા ત્યારથી અત્યારે છેલ્લાં વરસમાં પાંચ વરસનું ૭૦૦૦૦ કરોડ રૂપિયાનું જે પેકેજ હતું એમાં છેલ્લાં વરસે ૧૨૫૬૦ કરોડ રૂપિયા જ્યારે વપરાયા હોય ત્યારે હું ચોક્કસ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું. વરસે વરસે અમારે ત્યાંનું બજેટ વધતું જાય છે. ઉમરગામથી અંબાજી સુધીનો આદિવાસી પટ્ટો,એ પટ્ટાની અંદર આજથી બાવીસ વરસ પહેલાં કેટલી બધી ગેપ – ખાઇ હતી. શહેર અને ગામડાં વચ્ચેની ખાઇ હતી, એ ખાઇને કદાચ પૂરવાનો વિચાર કરીએને તો ભલભલી સરકારને ચિંતા કરવી પડે એવી પરિસ્થિતિ હતી, પણ અડગ મનના માનવી આપણા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનેક તજજ્ઞો સાથે ચિંતન કરીને એ આદિવાસી પટ્ટામાં કેવી રીતે વિકાસ કરવો, કેવી યોજનાઓ બનાવવી, એમાં આયોજન કરી એના કારણે અમારા વિસ્તારની અંદર ખૂબ વિકાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વનબંધુ યોજનાની અંદર, ખાસ કરીને જે અમારા જંગલ વિસ્તારના વનવાસીઓની જંગલની જમીન હતી, વરસોથી આ પ્રશ્ન હતો મારા સામેના પક્ષને મારે કહેવાનું કે ભલે મતદારો વચ્ચે જઇને તમે ગમે તે વાત કરી હોય પણ આ જંગલની જમીન જો આપી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે, આ અમે ચેલેન્જ સાથે કહીએ છીએ અને આંકડામાં પણ હું કહું છું કે કુલ ૧,૨૮,૧૨૬ એકર જમીન અને ૮૪૧૨૨ વ્યક્તિગત દાવા અને ૧૧,૬૦,૮૫૭ એકર જમીનના ૪૫૯૯ સામૂહિક દાવાઓને આ સરકારે માન્ય રાખીને આ બધા ખેડૂતોને, વનવાસીઓને જમીન આપવાનું કામ આ સરકારે કર્યું છે, આ જમીન મળવાથી ફાયદો શું થયો? ડાંગવાળા મંગળભાઇ મારા મિત્ર અહીંયા ઉપસ્થિત છે, અમારી ડાંગની જે આદિવાસી પ્રજા હંમેશા સ્થળાંતર થતી હતી એમને મજૂરી માટે ગમે ત્યાં જવું પડતું હતું, આ જમીન મળવાના કારણે આજે સ્થળાંતર અટક્યું છે, ત્યાં નાની મોટી રોજગારી ઉભી કરે છે અને પશુપાલનના વ્યવસાયને પણ આ ખેડૂતોએ વેગ આપ્યો છે અને અમારા આલીપોરની અંદર આ વસુંધરા ડેરીમાં પર ડે પંદર લાખ રૂપિયાનું દૂધ અમારા ડાંગ જેવા વિસ્તારમાંથી આવે છે.

શ્રી પરેશ ધાનાણી : (વિરોધપક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રથમ તો સમગ્ર વિશ્વ માતૃભાષા દિવસ ઉજવી રહ્યું છે ત્યારે આપના મારફત સન્માનનીય ગૃહ અને સમગ્ર ગુજરાતને માતૃભાષા દિવસની હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું અને સવારમાં ઉઠીને પહેલી જ કિરણે મનમાં સ્ફૂરેલા બે શબ્દો રજૂ કરું છું.

‘‘માંનો ખોળો એ જ મારી પાઠશાળા જ્યાં માતૃભાષાનો જનમ થાય છે, માતૃભાષા છે વહાલનો દરિયો ઇ મ્હાણ સુધી રેલાય છે, કલમથી કંડારેલા કાગળના ટૂકડા ક્યારેક પસ્તી પણ બની જાય છે, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત ’’

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સદસ્ય માનનીય દુષ્યંતભાઇ રાજ્યપાલશ્રીના પ્રવચન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું અભ્યાસ કરતો હતો વરસ ૨૦૧૩–૧૪ થી ૨૦૧૭–૧૮ સુધીમાં આ વિધાનસભા ગૃહે પ્રજાના પરસેવાની કમાણીથી ભરેલી તિજોરી તે તિજોરીમાંથી ૭ લાખ ૪ હજાર ૪૫૦ કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કરી રાજયના કલ્યાણ માટે રૂપિયાનો ખર્ચ થાય તેના માટે મંજૂરીની મહોર મારી હતી. તે પૈકી માત્ર પોણા પાંચ લાખ કરોડનો જ વિકાસલક્ષી ખર્ચ નોંધાયો. ત્યારે દરેક ગુજરાતીને સ્વાભાવિક એ સવાલ થાય છે કે આપણું હંમેશા ગતિશીલ રહેતું ગુજરાત પ્રગતિશીલ ગુજરાત કયારે બનશે ?

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા વંચિતો અને ગરીબોના કલ્યાણ માટે દલિતો તેમજ આદિવાસી સમાજને તેમના અધિકારો આપવા બાબત, મહિલાઓના સશકિતકરણ બાબત, યુવાનોને રોજગારી બાબત અને ખેડૂતોને તમામ પ્રકારે મદદરૂપ થવા માટે ૩૬૫ દિવસમાં ૪૭૫ જેટલા ઉતાવળે નિર્ણયો કર્યા કારણ કે ચૂંટણી માથે આવતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ૩૬૫ દિવસમાં ૪૭૫ જેટલા નિર્ણયો કર્યા અને તેમ છતાં નર્વસ નાઇન્ટીએ અટકેલી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ફરી રાજયમાં સત્તારૂઢ થઇ ત્યારે એક વિપક્ષ તરીકે ગુજરાતની પ્રજા વતી આપને અભિનંદન પણ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનને હું વાંચતો હતો આટલી ઉતાવળે ઓછાં દિવસોમાં વધુ નિર્ણયો કરવા છતાં વાયદાઓનો વેપાર કરનારી સરકારના ખોખલા ઇરાદાઓને કારણે પ્રજાની હાડમારીમાં સતત વધારો થઇ રહ્યો છે ત્યારે લોકોની સમસ્યાનું સમાધાન શોધવામાં નિષ્ફળ નિવડેલા માનનીય મુખ્યમંત્રીશ્રીને આપના મારફત માનનીય અધ્યક્ષશ્રી થોડાં સવાલો પૂછવાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે કેમ કૃષિ ઉત્પાદનો ઉપર લાદયો છે તમે કરવેરાનો ભાર, કેમ ખેડૂતોને મળતાં નથી સસ્તા, ગુણવત્તાયુકત ખાતર, બિયારણ અને દવા ? કેમ લાદયો છે તમે ખેડૂતોના ગાડા સમાન ટ્રેકટર, ટ્રોલી અને ટાયર ઉપર કરવેરાનો ભાર ?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા જાણવા ઇચ્છે છે કે કેમ દેવાના ડુંગર નીચે દબાયેલાં ખેડૂતોનું દેવું તમે કરતાં નથી માફ, કેમ સેટેલાઇટ જમીન માપણીથી ખેડૂતોના ઘરે ઘરે કરાવો છો તમે વિખવાદ, કેમ અભણ અને અજ્ઞાન ખેડૂતો ઉપર લાદયો છે તમે પાણી પત્રકની નોંધણીનો બોજ, ગુજરાતની જનતા જાણવા માગે છે કે કેમ ખેડૂતોને મળતાં નથી ખેતી પેદાશોના

પોષણક્ષમ ભાવો, કેમ ખેડૂતોના ખેતર સુધી પહોંચાડી શકયા નથી ૨૨ વર્ષ પછી પણ તમે નર્મદાના જળ, કેમ ગામડાંથી ગાંધીનગર સુધી પહોંચ્યો છે રોઝ અને ભૂંડનો ત્રાસ ?

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં પ્રવેશ કરીએ ત્યાં સાઇન બોર્ડ મારવા પડે કે રોઝ ભૂંડના ત્રાસથી સાવધાન. હું આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કેમ ફિક્સ પે કર્મચારીઓને મળતાં નથી નંબર-૧ ગુજરાતમાં પોષણક્ષમ પગાર, કેમ કરાર આધારિત કર્મચારીઓની નોકરી ઉપર તલવાર લટકાવો છો આપ ? લટકતી તલવારે કરાર આધારિત નોકરીઓથી અનિયમિતતાનો રાજયમાં સામાન્ય માણસ સામનો કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કેમ પંચાયતી રાજના અધિકારો ઉપર તમે મારી રહ્યાં છો તરાપ, કેમ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ઉપર સરકારી દખલગીરીનું તમે કરી રહ્યાં છો પાપ ? કેમ મોંઘવારીના મારથી તમે ખોરવ્યું મારી ગુજરાતની ગૃહિણીઓનું માસિક બજેટ? રાજયપાલશ્રીના પ્રવચનમાં આ અંગે સાત લાખ કરોડ રૂપિયાના ખર્ચ પછી પાંચ વર્ષની વિકાસ ગાથા જો લખાયેલી હોતને તો અમને એમ હતું કે નવી સરકાર છે તેણે કરેલા કામોને કદાચ જનતાએ મહોર મારી હશે તો પણ વિકાસ આજે પણ જમીન ઉપર ઉતર્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને મારે પૂછવું છે અને અપેક્ષા રાખું છું કે, સરકાર ગુજરાતની પ્રજાના આ સવાલોના જવાબ આપશે. કેમ અધિકારોના આંદોલન ઉપર તમે આચરો છો અત્યાચાર? શું કામ એ છીનવાઇ રહ્યો છે આ આંદોલનથી આઝાદ થયેલા ભારતના ગરવા ગુજરાતમાં આંદોલનોનો અધિકાર? કેમ સામાન્ય માણસને ફટકારો છો તમે વીજચોરીના ખોટા દંડ? કેમ પરસેવો પાડવા દર-દર ભટકતા યુવાનોને નથી મળી રહ્યો રોજગાર? ક્યારે મળશે મારી નલિયાની નિર્ભયાને ન્યાય? બેટી બચાવો, બેટી બચાવો, બેટી બચાવો. હું આ સરકારને વિનંતી કરવા માગું છું કે, આ ગુજરાતમાં જન્મેલી દીકરીની તમે આબરૂ બચાવશો તો જે બેટી માંની કોખમાં ઉછરી રહી છે એના જન્મના દરવાજા ખુલ્લા થઇ જશે. મારે આપના મારફત સરકારને સવાલ પૂછવા છે કે, કેમ નથી મળતી ગામડાંના પાદરે પૂરતી સરકારી બસની સુવિધા. રૂટ કપાઇ રહ્યા છે. લોકોના વ્યવહાર ખોરવાઇ રહ્યા છે અને અહિંયા મારે આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવું છે કે, એક દેશ એક ટેક્સ. અમે પણ એ વિચારને સમર્થન આપ્યું હતું અને વિચારની જન્મદાત્રી આ હિન્દુસ્તાનમાં કૉંગ્રેસ છે અને એ અમે ગર્વથી કહીએ છીએ. અમે વિકાસના વિરોધીઓ નથી. એ એક દેશ એક ટેક્સના સ્વપ્નને આ દેશમાં પાંચ વર્ષ સુધી રોકી રાખવાનું કામ આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારે વારંવાર જી.એસ.ટી. કાઉન્સિલની અંદર નિરર્થક અવરોધો ઊભા કરી અને આ હિન્દુસ્તાનની જનતાના વિકાસના ફળની વચ્ચે અવરોધ થયા હતા. મારે આપના મારફત સરકારને પૂછવું છે કે, એક દેશ એક ટેક્સ તો પછી કેમ પેટ્રોલ, ડિઝલમાં કરવેરાથી લૂંટાઇ રહ્યું છે મારું ગુજરાત. હું આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેમ મળે છે મોંઘી, અધૂરી અને અનિયમિત ખેડૂતને ખેતરમાં વીજળી? કેમ ગરીબોને મળતું નથી સરળતાથી સસ્તું ધિરાણ? કેમ ગરીબોને મળતા નથી મફત પ્લોટ કે સસ્તા મકાન? કેમ સરકારી દવાખાનાઓનું થઇ રહ્યું છે ખાનગીકરણ? આ રાજયના પાંચ જિલ્લાઓની હોસ્પિટલો ચૂંટણી પહેલાંના થોડા દિવસોની અંદર એવા તો કયા સંજોગો ઊભા થયા કે પાંચ જેટલી જિલ્લા હોસ્પિટલોને ખાનગી સંસ્થાઓના હવાલે કરી દેવી પડી? આ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં એનો ખુલાસો કર્યો હોત તો અમને ગમતું. આપના મારફત મારે મુખ્યમંત્રીશ્રીને પૂછવું છે કે, કેમ ગરીબોને મળતું નથી સસ્તું રાશન કે પૂરતું કેરોસીન? કેમ સરકારી શાળાઓમાં મળતું નથી સસ્તું અને સરળ જ્ઞાન. કેમ ડોનેશન રાજમાં ડૂબી ગયું છે મારું આખુંય ગુજરાત. હું આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આજે નં.૧ ગુજરાતની અંદર મેટ્રો હજી મળી નથી અને દેખાડે છે બુલેટ ટ્રેનના ખ્વાબ. ગાયના નામે કરો છો તમે રાજનીતિ અને વધી રહ્યો છે ગૌમાંસનો વેપાર. આપના મારફત મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવું છે કે, કેમ ગુજરાતમાં વેપારીઓ બધાં કંગાળ બન્યા છે અને આજકાલ સાધુઓ કરી રહ્યા છે વેપાર. આ સરકાર ગુજરાતની જનતાને જણાવે કે, કેમ સિંચાઇની નહેરો ૨૨ વર્ષના શાસન પછી પણ અધૂરી પડી છે અને વેડફાઇ રહ્યા છે નર્મદાના નીર. હું આપના મારફત સરકારને પૂછવા માગું છું કે, કેમ સરકારી કચેરીમાં ભણેલા-ગણેલાને મારવા પડે છે અંગુઠાના નિશાન. વ્યક્તિની ફિંગર પ્રિન્ટ એટલે એણે એનું ભવિષ્ય સરકારના હવાલે, સરકારના ભરોસે મૂક્યું છે. એ જ ફિંગર પ્રિન્ટના miss use થી ક્યાંક અનાજ ઉપડી જાય છે, ક્યાંક સરકારી યોજનાનો લાભ લેવાઇ જતો હશે. માનનીય અધ્યક્ષશ્રી, આવતી કાલે એવા દેશનું નિર્માણ થશે કે, જયાં પારકી ફીગર પ્રીન્ટથી પરસેવો કોઇક પાડતું હશે અને એ પરસેવાની કમાઇમાંથી કેટલાય લોકો બેંકના ખાતામાંથી પૈસા ઉઠાવી અને વિદેશમાં સફર કરતા હશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેમ મારા ગામના પાદરમાં ગૌ માતલડી ભૂખી મરે છે અને બે પગા આખલાઓને સરકારી જમીન લૂંટાવો છો આપ? આ ગુજરાતની જનતા જવાબની રાહ જોઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફત મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આજ અમદાવાદ કોરપૉરેશનમાં ભારતીય જનતા પાર્ટીનું કેટલાય વર્ષોથી શાસન ચાલે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, બે મિનિટ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપ, કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપ, મોસાળે જમણાવર અને મા પીરસનારી, અને માનનીય મુખ્ય મંત્રીશ્રી આપ અમદાવાદના રેલવે સ્ટેશને કર્ણાવતીનું પાટિયું શું કામ ન લગાડી શક્યા? એ મારું ગુજરાત તમને સવાલ પૂછે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

મુખ્ય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, ૨૦૧૪ની ચૂંટણી પહેલાં આપે આ ગુજરાતની જનતાને ભરોસો આપ્યો અને છવ્વીસે છવ્વીસ સંસદસભ્યો સાથે આ ગૃહના પૂર્વ નેતાને દેશના પ્રધાનમંત્રી બનાવ્યા. આજ ગૃહના પૂર્વ નેતા આ રાષ્ટ્રનું નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે પણ થોડાક સવાલો થાય છે. આ સરકાર કયારે કાળા નાણાંના કોથળામાંથી ગરીબોને પંદર પંદર લાખ રૂપિયા આપશે? એ પણ ગુજરાતની જનતાને જણાવો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કયારે કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવીને ભારતમાં ભળશે કાશ્મીરનું રાજ? કયારે અટકશે સરહદે ત્રાસવાદ? કયારે પાકિસ્તાનની સરહદે ચણાશે દિવાલ? આજે મારા ગામના પાદરમાં ભગવાન શ્રી રામ રેઢા રઝળે છે, પગારદાર પુજારીઓથી એની દિવાબત્તી થાય છે. ૫–૨૫ ભાભલાઓ ગામના ચોરે બેઠા હોય, માનનીય અધ્યક્ષશ્રી, ઇલેક્ટ્રોનિક્સ નગારાની ચાપ પડેને વાળુંટાણું સમજીને ભાભલા બધાય ઘર ભેગા થાય છે. ગામના પાદરમાં ચોરે રામ રેઢા રઝળે છે અને હજી અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કેમ ન થયું? એનો પણ જવાબ ગુજરાતની જનતા જાણવા માગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું સમય નહીં લઉં પણ એક વાત છે કે, ૨૦૧૩ની અંદર સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજયે તત્કાલિન ભારત સરકાર યુપીએ સરકારની સામે સવાલો રાખ્યા, કેન્દ્રની કોંગ્રેસ સરકારનો ગુજરાતને હળહળતો અન્યાય, માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૯ જેટલા સવાલો ૧૩ની બૂકમાં છપાણા, ૧૪ની બૂક છાપવાનું ભૂલી ગયા અને ૧૫ની બૂકમાં ૬૪ સમસ્યાઓનું સમાધાન ન થયું પણ એ સવાલોને જ બૂકમાંથી હટાવી દેવામાં આવ્યા. આ ગુજરાતની જનતા આજ માનનીય મુખ્ય મંત્રી પાસેથી જવાબની અપેક્ષા રાખે છે કે, ૨૦૧૩ની સામાન્ય વહીવટ વિભાગની જે સંસદ સભ્યશ્રીઓ સાથે સવાલોની બૂક, ભારત સરકાર સાથેના પડતર સવાલોની જે બૂકમાં ૧૦૯ સવાલો હતા, એમાંથી ૬૪ જેટલા સવાલો એ જવાબ વગરના છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે, આ સરકાર ગુજરાતની પ્રજાને જણાવવા કૃપા કરશે કે, આ ૬૪ સવાલોનું સમાધાન થયું કે નહીં? હું દાવા સાથે કહું છું કે, આ સવાલો એનો જવાબ આ ગૃહના પૂર્વ નેતા અને આજે રાષ્ટ્રના માનનીય પ્રધાનમંત્રીશ્રી આપી શકતા નથી. એ સમસ્યાઓનું સમાધાન જડ્યું નથી ત્યારે આ ગૃહ સામૂહિક રીતે સંકલ્પ કરે કે, ભાજપની કેન્દ્ર સરકારનો ભાજપની રાજ્ય સરકારને હળહળતો અન્યાય. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં તેનો ઉલ્લેખ હોત તો આખું ગુજરાત અને ધારાસભ્યશ્રીઓ સામૂહિક રીતે સંકલ્પ કરત, પરંતુ કમનસીબે આ તમામ સવાલોનું સમાધાન કે ઉલ્લેખ આ પ્રવચનમાં નથી એટલે સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલના આભાર પ્રસ્તાવ સાથે સંમત થઇ શકતા નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક સ્પષ્ટતા કરું કે માનનીય પરેશભાઇ ભાષણ કરતા હતા એટલે મેં એમને વચમાં ડિસ્ટર્બ ન કર્યા. ગયા વર્ષનું ગુજરાત સરકારનું બજેટ રૂ. ૧.૭૧ લાખ કરોડનું હતું. આપ બે થી ત્રણ વખત બોલ્યા કે ૭ લાખ કરોડ– ૭ લાખ કરોડ એટલે એ જરા ચેક કરી લો કે જેથી તમારી ભૂલ આગળ ન ચાલે. ચેક કરી લેજો, ભૂલ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય નાણાં મંત્રીશ્રી મોટા મોટા આંકડાઓ ફાળવણીમાં પાંચ વર્ષનું ટોટલ મારવાનું ભૂલી ગયા છે. ૨૦૧૩–૧૪ માં ૧,૧૩,૪૮૩ કરોડ, ૨૦૧૪–૧૫માં ૧,૩૨,૦૯૦ કરોડ નાણા મંત્રીશ્રીએ સન્માનનીય સભાગૃહમાં (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં, નહીં માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષની ચર્ચા થાય છે, આપ પાંચ વર્ષનો સરવાળો મારો છો. આ ગયા વરસની જ ચર્ચા છે, ગયા વરસની જ ચર્ચા કરવી જોઇએ. ભૂલ સુધારો તો સારું છે. બાકી આપને યોગ્ય લાગે તેમ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી જીતુભાઇ સુખડીયા.

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર ભાઇશ્રી દુષ્યંતભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં આ સંબોધનના એક પાર્ટ સરકારની પ્રવાસન નીતિ ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માગું છું.

આપણા તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના દેશના માનનીય વડાપ્રધાનશ્રીએ ૨૦૦૨ ના વરસથી લગાતાર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે ગતિશીલતા સાથે વિકાસ થાય તેને માટે ચોકકસ પ્લાનીંગ સાથે આપણે આગળ ચાલી રહ્યા છીએ. આજે મને કહેતાં આનંદ થાય છે કે વરસ ૨૦૦૫–૬ એટલે કે ૨૦૦૬માં પ્રવાસન બજેટ જે ૩૫ કરોડ હતું તે વધારીને ૪૮૫ કરોડ કરવામાં આવ્યું છે. આ પ્રગતિશીલતાની નિશાની છે. વરસ ૨૦૦૬–૭ માં રાજયમાં મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યા ૧.૨૩ કરોડ હતી જે ૨૦૧૬–૧૭ માં ૪.૪૮ કરોડ થવા પામી છે. આનો મતલબ એ થયો માનનીય અધ્યક્ષશ્રી કે વ્યાપક પ્રમાણમાં રાજયના હિસ્સાને રોજગારી તકો મળી ગઇ છે. વિશ્વમાં ઉભી થતી ૧૧ રોજગારીની તકો પૈકી એક રોજગારીની તક પ્રવાસન ઉદ્યોગનો હિસ્સો ૬.૭ ટકા છે. રાજયની જી.ડી.પી.માં પ્રવાસન ઉદ્યોગનો હિસ્સો ૨.૭ ટકા છે. આર્થિક ઉન્નતી દ્વારા સર્વાંગી વિકાસમાં પ્રવાસન ઉદ્યોગ મહત્વનો ભાગ ભજવે છે એ નિર્વિવાદ પણે સત્ય પુરવાર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન નીતિ ૨૦૧૫ થી ૨૦૨૦ અંતર્ગત રાજયની પ્રવાસન પ્રવૃતિ અને પ્રવાસન ઉદ્યોગને વેગ મળે એટલા માટે કેપિટલ સબસિડી, ઈન્ટરેસ્ટ સબસિડી, એન્ટરટેટમેન્ટ ટેક્ષ, લકઝરી ટેકસ, ઇલેકટ્રિક ડયુટીમાંથી પાંચ વર્ષ માટે રાહત. સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફીમાં રીફંડ આપવામાં આવે છે.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

નવી પ્રવાસન નીતિમાં ૨૫૫ જેટલા પ્રોજેકટો રજીસ્ટ્રેશન થયેલા છે. આ નીતિ બાદ પ્રવાસ ક્ષેત્રે થયેલ મૂડી રોકાણ જોઇએ તો ૯૭૩૧.૧૯ કરોડ રૂપિયાનું થયું છે એટલું જ નહિ રાજય સરકારે એની પણ ચિંતા કરી છે અને હાલના આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ આ માટે થઇને ભરપૂર કાળજી તેઓ જયારે શ્રમ મંત્રી હતા ત્યારથી શરૂ કરી છે. ટુરીઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે ટ્રેડ પર્સોનલ, કુશળ માનવ શકિતની અતિ આવશ્યક છે. આ ક્ષેત્રને વધુમાં વધુ કુશળ માનવબળ મળે એટલા માટે થઇને એમને તાલીમ દ્વારા પ્રવાસન ક્ષેત્ર સાથે સંળાયેલા જેવા કે ટૂર ઓપરેટરો, ડ્રાઇવરો સાથે સાથે પ્રવાસીઓને માર્ગદર્શન આપી શકે એટલા માટે ગાઇડો જે પ્રવાસમાં મદદરૂપ થઇ શકે છે એમને ખાસ તાલીમ આપવામાં આવે છે. આ ક્ષેત્રને તાલીમબદ્ધ માણસો મળી રહે એના માટેના સરકારે પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ ભાતીગળ મેળાઓ યોજાતા હોય છે. આપણે ત્યાં નવરાત્રી, તરણેતર, સાપુતારા, વૌઠા વગેરે જગ્યાએ મેળાઓ યોજાય છે. એ ઉપરાંત કચ્છનું સફેદ રણ, પતંગ મહોત્સવ દ્વારા રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે. આ આભાર પ્રસ્તાવ ઉપર મારા કેટલાક મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની બૂકના પાના નંબર ૩માં સરકારે વંચિતો અને ગરીબો માટે કેટલીક કલ્યાણકારી યોજનાનો અમલ બાબતમાં કેટલાક લખાણો કરેલા છે. એનો હું વિચાર કરતો હતો કે છેલ્લા ૨૨ વર્ષથી આ ગુજરાતમાં ભાજપની સરકાર ચાલે છે. એમાં આપણે આદિવાસીઓના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજના અમલમાં મૂકી છે અને એમાં ખાસ કરીને હું વાચતો હતો, રસ્તા ઉપર મોટા વન બંધુ કલ્યાણ યોજનાના મોટા મોટા હેડીંગ્સ લાગેલા છે. આ યોજનાને સમાજવા માટે હું ખૂબ પ્રયત્ન કરતો હતો. આ યોજના નીચે માત્ર આદિવાસી વિસ્તારમાં જે આદિવાસીભાઇઓ રહે છે એમને જ એના પૈસા મળે એમના જ કામો થાય એના બદલે અન્ય વિસ્તારમાં પૈસા વપરાય છે આ પ્રશ્નનું સમાધાન હું નથી કરી શકતો. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તમે મોટા ઉપાડે ચૂંટણીઓની અંદર આદિવાસી વિસ્તારમાં આદિવાસીભાઇઓને *(×××) કરવા માટે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, *(×××) શબ્દ અસંસદીય હોય એ શબ્દ પાછો ખેંચી લો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : એ શબ્દ હું પાછો ખેંચી લઉં છું. વન બંધુ કલ્યાણ યોજનાની જે રકમ જિલ્લા વાઇઝ, પ્રોજેકટ વાઇઝ ફળવાઇ હતી એ કયાં વપરાણી એ જાણવું જરૂરી છે. આ નામ લલચામણું હતું એટલા માટે આદિવાસી ભાઇઓએ તમને વખતો વખત મત આપ્યા છે. વન અધિનિયમ, ૨૦૦૬ લાવ્યા એના આધારે આદિવાસી ભાઇઓ જંગલની જે જમીન વરસોથી ખેડતા હતા એમને આશા હતી કે અમને આ જમીન મળશે એટલે એમણે હોંશે હોંશે ફોર્મ ભર્યા. આનો કાયદો યુ.પી.એ.ની સરકાર વખતે આવ્યો હતો. એ યુ.પી.એ. સરકાર કાયદો લાવ્યા પછી આ રાજય સરકાર એની અમલવારી કરવાની હતી. તેમાં જે અરજીઓ મળી એ સેટેલાઇટ પદ્ધતિથી જે જમીનનો સરવે કર્યો, માપણી કરી તેમાં કેટલીક જગ્યાએ વૃક્ષો વાવેલા છે એમ કરીને આ ખેડાણવાળી જમીન નથી એમ કરીને કેટલીક માગણીવાળી જમીન આપવા પાત્ર હતી તે પણ તમે આપી નથી. મને ચોક્કસ ખબર છે. દરેક જિલ્લામાં હજુ પણ આવી માગણીઓ વાળી અરજીઓ પડતર છે. આ જે પડતર અરજીઓ છે તેનો તમે કેટલા સમયમાં નિકાલ કરવા માગો છો?

માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારની પાસે જાણવું છે. એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલ. સરકારી નિવાસી શાળાઓ. કરોડો રૂપિયાના ખર્ચે આપણે બનાવી દીધી. દીકરા-દીકરીઓને આપણે ભણાવીએ છીએ પણ તમે કયા પ્રકારના શિક્ષકો મૂકો છો? કાયમી શિક્ષકો મૂકો છો? શિક્ષકો ૧૧ માસના ધોરણે કરાર આધારિત મૂકવામાં આવે છે. તેમાં વિષય શિક્ષક નથી. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી આ ત્રણ વિષયો છે. આદિવાસી વિસ્તારમાં આ વિષયના શિક્ષકો મળતા નથી. તેના કારણે આદિવાસીઓને આ વિષયનું શિક્ષણ મળતું નથી. આપણે હોંશે હોંશે એમ કહીએ છીએ કે આટલી આટલી સ્કૂલોમાં અમે આટલા બાળકોને શિક્ષણ આપીએ છીએ. પણ ઉચ્ચ શિક્ષણ કયાં આપણે આપીએ છીએ? તેમાંથી સાયન્સ લાઇનના કેટલા વિદ્યાર્થીઓ બહાર આવે છે? આ જગ્યાઓ ભરતા નથી. આ જગ્યાઓ નહીં ભરવાનું કારણ શું છે? પાંચ-પાંચ વર્ષ થઇ ગયા. આદર્શ નિવાસી શાળાઓમાં છેલ્લા ૨૦ વર્ષથી તમે આચાર્ય ભર્યા નથી. શિક્ષકો મળતા નથી કે તમારા નિયમોમાં કંઇ ગરબડ છે? (અંતરાય) શિક્ષકો ભરાયા નથી. મારે ત્યાં આવો આપને બતાવું. જે હકીકત છે એ વાત કરું છું. (અંતરાય) એ જવાબ મંત્રીશ્રી આપશે. તમારે નહીં આપવાનો.

અધ્યક્ષશ્રી : શાંતિ જાળવો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : ગામડાંમાં સારું આરોગ્ય મળી રહે તે માટે આપણે પી.એચ.સી.માંથી સી.એચ.સીનું નિર્માણ કર્યું. સી.એચ.સી.માંથી આપણે મોટા દવાખાનાનું નિર્માણ કર્યું. સી.એચ.સી.માંથી રેફરલ હોસ્પિટલ પણ થઇ. મારે જાણવું છે કે કરોડો રૂપિયાના ખર્ચે તમે મોટા દવાખાના ઉભા કર્યા પણ ડોકટરો કેટલા ભર્યા? આખા રાજયના આદિવાસી વિસ્તારની વાત કરું છું. મારા છોટાઉદેપુર જિલ્લાની વાત કરું તો મારે ત્યાં ડોકટરો છે જ નહીં. એક દવાખાનામાં એક ડોકટર માંડ મળે છે. સર્જન, પિડિયાટ્રિશિયન, ગાયનેકોલોજીસ્ટ નથી અને આપણે આરોગ્યની સેવાની વાત કરીએ. મારે ત્યાં છોટા ઉદેપુરમાં મધ્યપ્રદેશના અને મહારાષ્ટ્રના દર્દીઓ આવે છે. સ્ટેટ વખતનું આ દવાખાનું હતું. રેફરલ હોસ્પિટલ અને તેનું નામ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછા ખેંચી લેવામાં આવ્યો.

આપ્યું સામૂહિક આરોગ્ય કેન્દ્ર. તેના ખાટલા વધારવા. તમારી ભાષામાં જે કહેતા હો તે. અમે તો ખાટલા વધારવાની વાત કરીએ. એ બેડ વધારવાની દરખાસ્ત લાંબા સમયથી સરકારમાં પડતર છે. શા માટે વધારતા નથી? ૨૨ વર્ષ થયા. અકસ્માતના કેસ હોય ઓર્થોપેડિક ડોકટરની ૨૨ વર્ષથી તમે નિમણૂંક કરી શકતા નથી? મકાન કાટ ખાય છે. તૂટી ગયું છે. કોઇકને જોવા મોકલજો. અમારો છોટાઉદેપુર જિલ્લો એટલે જિલ્લા કક્ષાની હોસ્પિટલ અદ્યતન બને એવી અમારી માંગ છે.

સવિશેષ કહું તો છોટા ઉદેપુરના મધ્યમાં બોડેલી તાલુકો આવેલો છે અને બોડેલી તાલુકાને મધ્યમાં રાખીને એક સામૂહિક આરોગ્ય્ય કેન્દ્ર બન્યું છે પણ સારી સગવડતાવાળું એક જિલ્લા કક્ષાનું બીજું પણ એક દવાખાનું બને. એટલા માટે કે છોટા ઉદેપુરને, કવાંટ, નસવાડી, સંખેડા અને જાંબુઘોડા આ તમામ તાલુકાને વચમાં પડે એવું એક સારું અત્યંત આધુનિક સગવડતાવાળું દવાખાનું આદિવાસીઓના હિત માટે થાય એ ખૂબ જરૂરી છે. તમારા બજેટની જોગવાઇમાં ન હોય તો નેક્સ્ટ બજેટમાં પણ જોગવાઇ કરીને આદિવાસીઓને સારી સગવડતા મળે એવી મારી માગણી છે. અમારે ત્યાં ડોકટર નથી. કવાંટમાં એક અપંગ ડોકટર છે. પોષ્ટમોર્ટમ કરવું હોય તો તકલીફ પડે છે. બીજેથી ડોકટરો મગાવવા પડે છે. કેટલીક વખત મર્ડર થયા હોય, અકસ્માત થયા હોય તો તેનું પોષ્ટમોર્ટમ કરવા માટે તેને ઉંચકીને લઇ જવા પડે છે. આવી અમારા આદિવાસી વિસ્તારમાં સગવડ છે. કવાંટ, છોટાઉદેપુર કે નસવાડી હોય આ તમામ દવાખાનાઓમાં ડોકટરોની ભરતી થાય અને આદિવાસીઓને નજીકના શહેરથી દવાખાનાની સગવડ મળી રહે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે શિક્ષણની વાત કરીએ છીએ. ગામડાંમાં સારું શિક્ષણ મળે એ માટે ત્યાં શિક્ષકો મૂકવા જોઇએ. તમે માધ્યમિક શાળાઓ ખોલી છે. માધ્યમિક શાળાઓ ખોલ્યા પછી કેટલી જગ્યાએ તમે શિક્ષકોની નિમણૂક કરી? અમારા ક્વાંટ અને છોટા ઉદેપુર તાલુકામાં તમારી શરૂ કરવામાં આવેલી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે, વિષય શિક્ષકોની ઘટ છે. રાજ્ય સરકાર આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગે છે એ મારે જાણવું છે. અમારે ત્યાં ક્વાંટમાં સરકારી કોલેજ મંજૂર થઇ છે. સરકારી કોલેજ ક્યાં ચાલે? સરકારી માધ્યમિક શાળાના મકાનમાં અમારે ત્યાં ગામડાંના વિકાસ માટે રસ્તાઓની ખૂબ જરૂર છે. મારો તાલુકો મધ્યપ્રદેશને અડીને આવેલો છે. બે રાજ્યોને જોડતા રસ્તા બનાવવા જોઇએ. એમાં વચ્ચે કરા નદી આવેલી છે. કરજવા અને નાની ડુંગરી વચ્ચે ડીપ વે છે. ત્યાં અમારા વાઘોડીયાના ધારાસભ્યશ્રી અવારનવાર જાય છે. એ નદી ઉપર પુલ બનાવવા માટેની લાંબા સમયથી માગણી પડતર છે. બજેટમાં જોગવાઇ હતી. પણ પુરી જોગવાઇ ન થતાં આ પુલ બનેલ નથી. મારા આદિવાસી વિસ્તારને જોડતો રસ્તો બને એના માટે પુલ જલદી બને એવી મારી માગણી છે. મોટા રસ્તા ઉપર કરા નદી આવી છે અને આ ડીપ-વેમાં વાહનો જાય છે. આ પુલ બને એવી મારી માગણી છે.(અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહમાં મંત્રીશ્રીઓની ઓછી હાજરી બાબત

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫થી ૨૦૦૨માં પાના નં ૭૩ ઉપર ૨૧મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા ચાલતી હતી ત્યારે વિરામ પછી તરત જ બેઠક શરૂ થતા મંત્રીશ્રીઓની હાજરી ન હોવાથી ભૂતપૂર્વ અધ્યક્ષ અને સભ્યશ્રી અશોક ભટ્ટ સાહેબ દ્વારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને સૂચન કર્યું હતું. મંત્રીમંડળના કોઇપણ સભ્ય જ્યાં સુધી હાજર ન થાય ત્યાં સુધી ચર્ચા બંધ રાખવી જોઇએ. આજે સરકારશ્રીના મંત્રીશ્રીઓ જે રીતે ગેરહાજર છે એના માટે નામદાર રાજ્યપાલશ્રીનું પ્રવચન થયું એમાં આભાર પ્રસ્તાવ થઇ રહ્યો છે એમાં સરકારશ્રીનો ઇન્ટરેસ્ટ નથી એવું સ્પષ્ટપણે દેખાય છે. એટલા માટે આપને વિનંતી કરું છું કે વિધાનસભાગૃહ બંધ રાખવામાં આવે અને રિશેષ પછી ચર્ચા કરવામાં આવે. અત્યારે મંત્રીમંડળના સભ્યો હાજર નથી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કોણ હાજર છે અને કોણ હાજર નથી એ સવાલ નથી. નામદાર રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા ચાલે છે. આ સરકાર પૂરી ગંભીરતાથી વિરોધપક્ષને સન્માન આપી રહી છે અને વિરોધપક્ષના નેતાશ્રી બોલતા હતા એના બધા જ મુદ્દાઓની નોંધ કરી છે. એની ગંભીરતાથી નોંધ લેવામાં આવી છે. એમણે દેવાના ડુંગરની વાત કરી છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ કેમ મળતા નથી? એના માટે સરકાર અહીં બેઠી છે એની ગંભીરતાથી નોંધ લે છે. શ્રી સુખરામભાઇ બોલતા હતા કે શિક્ષકોની અને ડોક્ટરોની ઘટ છે. એ બધા મુદ્દાઓની નોંધ લેવાય છે. ટ્રેઝરી બેંચ ઉપર જવાબદાર વ્યક્તિ બેઠી છે. એની નોંધ લેવી જોઇએ.

(વિરામ ૨.૩૦થી ૩.૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું. આપણે સૌ જાણીએ છીએ કે હમણાંજ ૨૦૧૭ની ચૂંટણી પૂરી થઇ, ઐતિહાસિક મતદાન થયું. ભારતીય જનતા પાર્ટીને પુનઃજવાબદારી સોંપાઇ, વધુ એક વખત ગુજરાતની આ સાડા છ કરોડની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીમાં વિશ્વાસ મૂક્યો છે અને લગભગ બે દાયકાથી પણ વધુ સમય થઇ ગયો છે. સામાન્ય રીતે હવે એવું કહી શકાય કે ગુજરાત અને ભા.જ.પ. એક પર્યાય બની ગયેલ છે. એકવીસમી સદીની શરૂઆત ૨૦૦૧થી આ ભા.જ.પ.નું રાજ્ય, નરેન્દ્રભાઇનું નેતૃત્વ, એ વિકાસયાત્રા ૨૦૦૧થી વધતી વધતી ૨૦૧૪માં દિલ્હી પહોંચી ગઇ છે અને એ પછીના પણ પરિણામો જોઇએ તો લગભગ આ દેશનો ભૂ-ભાગ આજે કેસરીયો થઇ ગયો છે

અને સ્પષ્ટ દેખાય છે કે આવનારા દિવસોમાં ફરી એક વખત પરમ વૈભવ તરફ આ હિન્દુસ્તાન વધી રહ્યું છે. મારો કહેવાનો અર્થ એટલો જ છે કે ગુજરાતની પ્રજાએ ૨૦૦૧થી જનતા પાર્ટીમાં વિશ્વાસ મૂકયો એને સમગ્ર દેશે અને વિશ્વએ મહોર મારી છે ત્યારે સાથી મિત્રો જે પણ રજૂઆત કરે એમનો હકક છે પણ જયારે સાડા છ કરોડની જનતાએ બાવીસ વર્ષથી જવાબદારી સોંપી છે, સાડા છ કરોડની જનતાએ પણ નિર્ણય કર્યો હશે ત્યારે સરકારે કરેલા કામો જોયા હશે, છેલ્લા કેટલાય સમયથી આ સન્માનનીય સભાગૃહમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના નેતૃત્વમાં સરકાર જે કામગીરી કરી રહી છે એમાં લોકોઉપયોગી કામ કર્યા છે એના લીધે જ સાડા છ કરોડની જનતામાં વિશ્વાસ પેદા કરી શકયા છીએ. હું ત્રીજી વખત શહેરી વિસ્તારના ધારાસભ્યની જવાબદારી સંભાળુ છું. જયારથી ૭૪મો બંધારણીય સુધારો થયો છે ત્યારે શહેરની જે સ્થાનિક સંસ્થાઓમાં વધારો થયો છે એના વિવિધ પરિણામોને સુગ્રથિત સ્વરૂપ યોજી રાજય સરકારે શહેરી વિસ્તાર તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. રાજયના ગ્રોથ એન્જિન સમા જે મહાનગરો હોય છે અને નગરોમાં પણ શહેરીજનોને જે સુવિધાપૂર્ણ સગવડો અને શ્રેષ્ઠતમ સેવાઓ પૂરી પાડવા પ્રજાનું જીવનધોરણ ઉંચું લાવવા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. હું પણ મહાનગરનો સભ્ય છું અને મહાનગરમાંથી આવુ છું મારા માટે અને સન્માનનીય સભાગૃહ માટે આનંદનો વિષય એટલો છે કે આ અમદાવાદ શહેરને પણ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજજો મળ્યો છે ત્યારે આ સભાગૃહના સૌ સભ્યોને બિરદાવુ છું. હું શહેરી વિકાસની વાત એટલા માટે કરુ છું કે ગુજરાતનો જે રીતે વિકાસ થઇ રહ્યો છે એના લીધે દેશ અને દુનિયાની નજર આજે ગુજરાત ઉપર છે. આપણે સૌ જાણીએ છીએ કે વિદેશોના વડા સીધા અમદાવાદ અને ગુજરાતના મહાનગરોમાં આવે છે પછી એ ચીનના વડા હોય, જાપાનના, કેનેડાના હોય એના મુખ્ય વડા સીધા ગુજરાત તરફ આકર્ષાય છે. ફોર્ચ્યુન ફાઇહન્ડ્રેડની મોટા ભાગની કંપનીઓએ ગુજરાતમાં પોતાના કામધંધાને વિકસાવ્યા છે ત્યારે સમયની માગ પ્રમાણે શહેરીકરણ પણ વધ્યું છે ત્યારે એને આનુષાંગિક સેવાઓ પૂરી પાડવાની સરકારની જવાબદારી છે, ત્યારે મોટા પ્રમાણમાં નાગરિકોને રહેણાંકના મકાનો, ઓફિસો અને દુકાનોની જરૂર પડે. હું એક પોલીસીની વાત કરવા ગયો હતો ત્યારે સરકારે એક કોમન જી.ડી.સી.આર. બનાવીને ઐતિહાસિક નિર્ણય લીધો છે કે જેના કારણે એક સમાન બાંધકામ સમગ્ર રાજયમાં થઇ શકે આનો શ્રેય આખરે આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. શહેરી વિસ્તારમાં ૨૦૦૯થી આ સ્વર્ણિમ જયંતિ મુખ્ય યોજના એમાં ૧૨૪૦૭ કરોડના કામો મંજૂર થયા છે. આ પ્રકારના મહાનગરમાંથી ખુબ ધારાસભ્યો આવે છે. મોટા ભાગના ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયા છે પણ જે રીતે કામો થઇ રહ્યા છે નગરપાલિકાઓમાં પણ ૩૨૬૩ કરોડના કામો મંજૂર થયા છે. હું પણ મહાનગરમાંથી આવુ છું. જે રીતે શહેરી સ્વર્ણિમ જયંતિ યોજનાના કામો થયા છે, આપણે વાત કરીએ છીએ કે સૌનો સાથ, સૌનો વિકાસ એ કદાચ ઘણાને નથી ગમતું પણ સૌનો સાથ, સૌનો વિકાસ, એમાં મધ્યમ વર્ગનો માનવી હોય, સામાન્ય માનવી હોય, ચાલી, ઝુંપડપટ્ટી, મહોલ્લામાં રહેતો હોય છે અને ૭૦:૨૦:૧૦ની સ્કીમનો લાભ લે છે. જે મિત્રોએ ચિંતા કરી, માનનીય પરેશભાઇએ પણ ચિંતા કરી, એમણે શાયરાના અંદાજમાં આ કેમ નથી, આ કેમ નથી એ વાત કરી પણ ચાર લાખ વીસ હજારથી વધુ લોકો માટે મકાનોની ફાળવણી થઇ છે. સ્માર્ટ સીટીનો દરજજો પણ મળ્યો છે. એમણે મેટ્રો ટ્રેનની પણ વાત કરી. પરેશભાઇ, હું અને તમે થોડા મહિનામાં શૈલેષભાઇની સાથે મેટ્રો ટ્રેનમાં સફર કરીએ એ પ્રમાણેની તૈયારી થઇ ગઇ છે. મિત્રો તરીકે આપણે જોડે જઇશું. પહેલા ફેઝની શૈલેષભાઇને પણ ખબર છે, પરેશભાઇની વાત સાચી હશે પણ બુલેટ ટ્રેન આના કરતા પણ વધુ ઝડપી આવી જશે એટલું ધ્યાન રાખજો. આ બુલેટ ટ્રેન બનશે, અમદાવાદથી મુંબઇ પહોંચી જઇશું. સાંજે પાછા આવી જઇશું અને ઘરવાળા જોડે જમી શકીશું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું અનુમોદન આપી શકતો નથી. એટલા માટે કે આ સરકાર સાડા છ કરોડની જનતાની સરકાર નથી પણ છ કરોડપતિઓની સરકાર છે. આ સરકાર સેન્સિટિવ નથી. ગુજરાતની પ્રજા, ખેડૂતો, ખેતમજૂરો, પશુપાલકો, માલધારીઓ, દલિતો, આદિવાસીઓ કોઇપણ સમાજ કે વર્ગ માટે સેન્સિટિવ નથી એટલા માટે હું અનુમોદન આપી શકતો નથી. જ્યાં સુધી ગુજરાતમાં કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી ગુજરાતની જેટલી નદીઓ છે, નર્મદા, તાપી, સરસ્વતિ, સાબરમતિ, મેશ્વો, આજી, અને સૌરાષ્ટ્ર-કચ્છની તમામ નદીઓ ઉપર ૧૭૨ જેટલા ડેમો બનાવ્યા અને ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું. ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું. મારી આ સરકારને ચેલેન્જ છે કે ૨૨-૨૩ વર્ષના શાસનમાં એક પણ નદી ઉપર એક પણ ડેમ બનાવ્યો હોય તો હું વિધાનસભામાંથી રાજીનામું આપી દઉ.

અધ્યક્ષશ્રી : આપની હાજરીની જરૂર છે.

ડો. સી. જે. ચાવડા : એનાથી આગળ આ એક જ વાત નથી. ગુજરાતમાં જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે, ડિસ્ટ્રીક્ટ હાઇવે, તાલુકા-તાલુકાને જોડતા રસ્તાઓ અને ગામડાં અને શહેરને જોડતા રસ્તાઓ આ સરકારમાં જમીન સંપાદન કાયદાની કલમ-૪ થી માંડીને જમીનના કાયદા હેઠળ રોડ માટે જમીન સંપાદન કરીને ૨૫ કિલોમીટરનો પણ જો સ્ટેટ હાઇવે બનાવ્યો હોય તો જાહેર કરે. એક પણ રોડ બનાવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ તો જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી ગ્રાન્ટેબલ સ્કૂલ, કોલેજો, યુનિવર્સિટી, મેડીકલ કોલેજો, આર્ટસ, કોમર્સ, પ્રાથમિક શાળાઓ, કે.જી. અને આંગણવાડી કેન્દ્રો માટે આયોજનો થયા. આજે

સુપ્રીમ કોર્ટને આ કાયદામાં ઇન્વોલ્વ થવું પડ્યું અને કહેવું પડયું કે ગુજરાતમાં •(×××) થઇ ગઇ છે એ બંધ કરવામાં આવે અને ફી નિર્ધારણ કરવામાં આવે. સફેદ આતંકવાદની વણઝાર આ રાજ્યમાં ઉભી થઇ છે. એને અટકાવવાનું કોઇ કામ આ રાજ્યમાં થયું નથી એટલે અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરીએ તો આ રાજ્યમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવી મહાનગરપાલિકાઓ અને જિલ્લા મથકોએ, જે તે સમયના પાટણ જેવા પેટા જિલ્લા કેન્દ્રો ખાતે સિવિલ હોસ્પિટલો, પી.એચ.સી. અને સી.એચ.સી. થકી ગામડાંથી માંડીને શહેરીજનોનું આરોગ્ય જળવાઇ રહે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯ માંથી ૨૫ અને ૨૫ માંથી ૩૩ જિલ્લાઓ થયા પણ એક પણ નવી સિવિલ હોસ્પિટલ નથી બનાવી. ઇન્દિરા ગાંધીના શાસનમાં આ દેશમાં શ્વેત ક્રાંતિ અને હરિયાળી ક્રાંતિ આવી. આ શ્વેત ક્રાંતિ ગુજરાતે પણ અપનાવી અને તે વખતે કોંગ્રેસની સરકાર હતી. દરેક જિલ્લામાં આણંદમાં અમૂલ ડેરી, મહેસાણામાં સાગર ડેરી, બનાસકાંઠામાં બનાસ ડેરી, સાબરકાંઠામાં સાબર ડેરી, વડોદરામાં વસુંધરા ડેરી, ગાંધીનગરમાં મધુર ડેરી, ચીલીંગ સેન્ટરો, ગામડે ગામડે દૂધની ડેરીઓ અને ગામડાંની બહેનોને રોજગારી આપવાનું આખું તંત્ર ઉભું કરવામાં આવ્યું. નવા જિલ્લાઓમાં આજ સુધીમાં ઉપર જણાવી એવી એક પણ ડેરી આ શાસનમાં જો બનાવી હોય તો જાહેર કરે. તો તમે કર્યું શું? કયો વિકાસ? ગુજરાતની પ્રજા કહેતી હતી કે વિકાસ ગાંડો થયો છે એ વાત સાચી છે. કયો વિકાસ? એમના શાસનમાં ત્રણ વસ્તુ વધી. એક તો દેવુ વધ્યું. જ્યારે કોંગ્રેસની સરકાર શાસન છોડીને ગઇ ત્યારે આ રાજ્યની તિજોરીમાં ૫૦૦ કરોડ રૂપિયા બેલેન્સ મૂકીને ગઇ હતી. આજે બે લાખ સત્તર હજાર કરોડ રૂપિયાનું દેવું છે. ગુજરાતમાં જન્મતુ દરેક બાળક ૭૫ હજારના દેવા સાથે જન્મે છે. જે ગુજરાત બીજા રાજ્યોને સહાય કરતું હતું એ ગુજરાત આજે દેવાળિયું રાજ્ય બની ગયું છે. ચિંતાનો વિષય છે. આ રાજ્યમાં બીજી વસ્તુ એ બની કે રાજ્યમાં દારૂ વધ્યો, દારૂની પરમિટો વધી, દારૂ પી ને છાટકા બનીને અકસ્માતો કરી નાખે એવી વાતો જોવા મળી. ત્રીજી વસ્તુ વધી હોય તો ભૂંડ અને રોઝડા વધ્યા. આના સિવાય કોઇ વિકાસ થયો હોય એવું મને જણાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ, આરોગ્ય, નદીઓ ઉપર બાંધવામાં આવેલા ડેમ અને એક નાનકડી બાબત જે રાજ્ય સરકાર ૨૪ કલાકમાં કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજ્યના ગામડે ગામડેથી વિદ્યાર્થીઓ શહેરમાં ભણવા આવે છે. આપણા સમાજમાં લોકો સારા–ખોટા પ્રસંગો વખતે એસ.ટી.ઓમાં ફરે છે. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી દૈનિક ૧૪૦૦૦ રૂટ ગામડાંમાં એસ.ટી.ઓના જતા હતા અને લોકોની આવન–જાવન સારા–ખોટા પ્રસંગોમાં અને વિદ્યાર્થીઓને ભણવા માટે થતી હતી. આજે વસતિ ડબલ થઇ. અમારું શાસન વખતે વસતિ સાડા ત્રણ કરોડની હતી આજે વસતિ સાડા છ કરોડની થઇ તો ખરેખર એસ.ટી.ઓના રૂટ ૧૪૦૦૦ના બદલે ૨૮૦૦૦ થવા જોઇએ અને આ યુગમાં તો એનાથી પણ વધારે થવા જોઇએ પણ માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે કહેવું પડે છે કે આજે દૈનિક રૂટ ૬૦૦૦ પણ રહ્યાં નથી. એસ.ટી.તંત્ર ખાડે ગયું છે અને સૂત્ર આપવાના કેવા? ''મારી સરકારમાં કંન્ડક્ટર વગરની બસ ફરશે'' શું થઇ ગયું? કન્ડક્ટર વગરની બસ તો બાજુમાં રહી પણ બસ વગરનો કન્ડક્ટર થઇ ગયો. ''અમારી સરકારમાં હાથ ઉંચા કરો અને બેસી જાવ'' ક્યાં હાથ ઉંચો કરવાનો? માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ફક્ત સૂત્રોની સરકાર છે. નવા નવા સૂત્રો શોધી લાવે. ''સૌનો સાથ સૌનો વિકાસ, સાગરમાં ગાગર, ગાગરમાં સાગર, નર્મદાનું પાણી કેશુભાઇ લાવ્યા તાણી'' તમે એક સૂત્રમંત્રી ઉભા કરો એ ફક્ત સૂત્રો જ ઉભા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રશ્ન થાય છે કે ૨,૧૭,૦૦૦ કરોડનું દેવું કર્યુ. એ પૈસા નાખ્યા ક્યાં? દર વર્ષે ૧,૦૦૦ કરોડ ઉત્સવો પાછળ વાપરવામાં આવે છે. પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, નવરાત્રી મહોત્સવ, પતંગોત્સવ, વન મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ પછી વરસાદ પડે એટલે વરસાદના વધામણાનો મહોત્સવ, ના પડે તો કહે કે મનામણાનો મહોત્સવ પણ મહોત્સવ કરે જાય, ખર્ચા કરે જાય અને ૧,૦૦૦ કરોડ રૂપિયા દર વર્ષે છેલ્લા ૨૨ વર્ષથી ૨૨,૦૦૦ કરોડ રૂપિયા આ રીતે વાપરી નાખ્યા છે. આ ૨૨,૦૦૦ કરોડ રૂપિયામાં પીવાના પાણીના ટ્યુબવેલ બનાવ્યા હોત તો, શાળાના ઓરડા બનાવ્યા હોત તો, ગ્રાન્ટેબલ સ્કુલો અને કોલેજો બનાવી હોત તો, આંગણવાડી કેન્દ્રો બનાવ્યા હોત તો, રોડ અને રસ્તા બનાવ્યા હોત તો ? પણ ના સૂત્રો આપવાના, ઉત્સવો મનાવવાના અને ત્રીજું આ સરકારે ૨૨ વર્ષમાં હજારો કરોડ રૂપિયા ફોટા અને હોર્ડિંગ્સ પાછળ વાપર્યા. ચાર રસ્તા ઉપર, એસ.ટી.ની પાછળ તમે જ્યાં જાવ ત્યાં તાલુકા કચેરી, જિલ્લા પંચાયત કચેરી, કલેક્ટર ઓફિસમાં, તલાટીની ઓફિસમાં અને હવે તો જાજરૂ–મૂતરડી–શૌચાલયમાં ફોટા લગાવે છે એ *(×××) અમારી સરકારમાં ચાર રસ્તે ફોટા લાગતા હતા, એસ.ટી.ની પાછળ લાગતા હતા પણ કોના? ૩૦૨ના આરોપી હોય, ગૂંડો હોય, બૂટલેગર હોય, કોર્ટે વોરંટ છોડ્યું હોય, પકડાયો ના હોય એના ચાર રસ્તા પર ફોટા લાગતા હતા. તમે શાના માટે ફોટા મૂકો છો? વિવિધ યોજનાઓ, નવી યોજનાઓ પ્રજાને જણાવવા માટેના માધ્યમો અનેક છે. બેનર્સની પાછળ *(×××) કરોડો રૂપિયા વાપરે છે અને વિકાસના નામે મીંડું છે. એનાથી આગળ જળ વ્યવસ્થાપનની વાત આવી, પાટનગર ગાંધીનગરની વાત આવી. આ ગાંધીનગરને કર્મચારીઓ સ્વર્ગ ગણતાં હતા. છેલ્લા ૨૨ વર્ષમાં ગામડાંમાં મફત પ્લોટ આપ્યો નથી કે અહીંના કર્મચારીને એકપણ પ્લોટ આપ્યો નથી. સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓને એના વિકાસ માટે, શિક્ષણ માટે, કન્યા કેળવણી માટે જે કોંગ્રેસની સરકાર શૈક્ષણિક સંસ્થાઓને અને સામાજિક ટ્રસ્ટોને જમીન સસ્તા દરે આપતી હતી એ જમીન આપવાનું આ સરકારે બંધ કર્યુ છે, પ્લોટ આપવાનું બંધ કર્યું છે, કર્મચારીને પ્લોટ આપવાનું બંધ કર્યુ છે અને પૂરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચોરસ મીટર જમીન એક

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રૂપિયાના ટોકન ભાવે આપવામાં આવે છે અને મારા કર્મચારી માટે પ્લોટ નથી. ગાંધીનગર શહેરને આજે શું કર્યુ છે? એનાથી આગળ જ્યારે જ્યારે આપણા મુખ્યમંત્રી પરદેશ જઇને આવે એટલે એમ વાત કરે કે, હવે હું ગાંધીનગરને શાંઘાઇ બનાવી દઇશ, હું ગાંધીનગરને શિલોંગ બનાવી દઇશ, હું ગાંધીનગરને સિંગાપુર બનાવી દઇશ, ગાંધીનગરને ટોકિયો બનાવીશ પણ મારી વિનંતી છે તમને બધાને કે ગાંધીનગરને ગાંધીનગર રહેવા દે તોય ઘણું છે.

અધ્યક્ષશ્રી : ચાવડાજી આપની એક મિનિટ બાકી છે.

શ્રી સી. જે. ચાવડા : મને કવિના શબ્દો યાદ આવે છે અમારા વખતનું ગાંધીનગર કેવું હતું અને અત્યારે ગાંધીનગર કેવું છે?

''ગાંધી વગરનું નગર આજે બન્યું છે ગાંધીનગર, જોયા કરો ટગર ટગર એવું બન્યું છે ગાંધીનગર, અહીંયા ફાઇલોના ઢગલા ભરે મોટા મોટા ડગલા, કામ કોઇના થાય નહિ અને થાય તો મિનિસ્ટરના સગલા કેવું આ ગાંધીનગર, જોયા કરો ટગર ટગર એવું આ ગાંધીનગર. ''

અહીંયા ગાંધીનગરની આ પરિસ્થિતિ થઇ છે. પાટનગરની આ પરિસ્થિતિ કરીને મૂકી છે. રોડ રસ્તા, ક રોડ, ખ રોડ, ગ રોડ, બગીચાઓ, બાગ ઇન્કવાયરીઓ કેવું સુંદર આયોજન કોંગ્રેસના શાસનમાં થયું હતું. આજે તમે કર્મચારીના પ્લોટ કે કર્મચારીના મકાનમાં જાવ તો કુતરાઓ રખડે છે, રિપેરીંગ થતું નથી, કર્મચારી રહી શકે તેવી પરિસ્થિતિ નથી. ગુજરાતમાં કોઇ વિકાસ થયો નથી. દેવું વધી ગયું, દારૂ વધી ગયો. ગુજરાતની જે અસ્મિતા હતી જયાં ગાંધી અને સરદારના નામ લેવાતા હતા. જયાં રવિશંકર મહારાજનું નામ લેવાતું હતું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સી. જે. ચાવડા : એટલા માટે હું અનુમોદન આપી શકતો નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયપાલના સંબોધન ઉપર આપણા દુષ્યંતભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રો. કુબેરભાઇ, એક મિનિટ. જે બે બાબત કીધી •(×××) આ બંને શબ્દો પ્રવચનમાંથી દૂર કરવામાં આવે છે. આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલના પ્રવચન ઉપર દુષ્યંતભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન જાહેર કરું છું. લોકશાહીના આ પવિત્ર મંદિરમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા વગર કીધે કાઢી નાખ્યું છે મેં. આપ નહોતા ત્યારે પણ કાઢી નાખ્યું છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના આ પવિત્ર મંદિરમાં ચૌદમી વિધાનસભાના સભ્ય તરીકે આદિવાસી સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રણેતા ગોવિંદગુરુની માનગઢની સંતરામપુરની ઐતિહાસિક ધરતી ઉપરથી પહેલીવાર ઉપસ્થિત રહેવાનું મને પણ પ્રજા તરફથી સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ત્યારે આ સભાગૃહને હું સૌ પ્રથમ મારા પ્રણામ કરું છું અને સાથેસાથે વન વિકાસ વિભાગની મારી જે વાત છે એ હું ગૃહ સમક્ષ રજૂ કરું છું. રાજય સરકાર તરફથી આપણા વનોની જાળવણી થાય, વૃક્ષોની જાળવણી થાય, વન મહોત્સવ ઉજવાય અને સાથેસાથે વૃક્ષોમાં વધારો થાય એના માટે રાજય સરકાર કટિબદ્ધ છે. સાથેસાથે વન્ય પ્રાણી અને પર્યાવરણના સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા પણ રાજય સરકાર આ વન્ય જાળવણીના કાર્યક્રમો કરે છે. સાથેસાથે આપણા ઉમાશંકર જોષીએ કહ્યું છે કે આ વિશાળ જગવિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ. એટલે વનસ્પતિની આપણે બધાએ સાથે મળીને જાળવણી કરવી પડે. ગુજરાત વન વિભાગે લોકસહકારથી વૃક્ષોની ઉચ્ચ ગુવણત્તા ધરવતી દુર્લભ જાતિઓના સંરક્ષણની કામગીરી ઉપર ભાર મુકેલ છે. મને ગૃહને જાણાવતા આનંદ એ બાબતનો છે કે આપણા ગુજરાતની ધરતી ઉપર ૭૫૨ પ્રકારની વનસ્પતિઓ છે પણ એનું જ્ઞાન આપણને બધાને હોતું નથી. એનું સંવર્ધન આપણું વન વિભાગ કરે છે. આપણા ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડીયા દ્વારા ઉપગ્રહ દ્વારા લેવાયેલ છબીઓના આધારે રાજયમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૧૯૯૧માં ૧૧૯૦૭ ચોરસ કિલોમીટર હતો જે સને ૨૦૧૫માં વધીને ૧૪૬૬૦ ચોરસ કિલોમીટર થયેલો છે એ આ રાજય સરકારની સિદ્ધિ છે. જૈવિક વિવિધતાની દ્રષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ ગુજરાત રાજયમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨૩ અભ્યારણ્યો છે જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૮.૮ ટકાનો છે. સાથેસાથે આ રાજય સરકાર જીવદયાને પણ પ્રાધાન્ય આપી ''જીઓ ઔર જીને દો'' ના સુત્રને સાર્થક કરતું આપણું કરૂણા અભિયાન ઉતરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરીથી ઘવાતા પક્ષીઓની સારવાર માટે રાજયવ્યાપી ૪૫૬ ઉપરાંત ચિકિત્સકો, અનેક સ્વયંસેવકો દ્વારા પક્ષીઓની સારવાર અને સારવાર સંભાળનું મહાઅભિયાન તેમજ કરૂણા એનિમલ એમ્બ્યૂલન્સનો પ્રારંભ કરવામાં આવેલ છે. સાથેસાથે ભૂમિ અને સંરક્ષણ, ઘાસચારા વિકાસ, મેન્ગ્રુવ વાવેતર, વાંસ વાવેતર કરવામાં આવેલ છે. રાજયની ૩૩૯૨ સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ દ્વારા ૪.૫૪ લાખ હેકટર વિસ્તારનું વ્યવસ્થાપન પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. ગઇકાલે બજેટમાં પણ ૧૧ કરોડની જોગવાઇ આદરણીય નાણામંત્રીશ્રીએ કરેલી છે. સાથેસાથે મને એ બાબતનો આનંદ છે પરેશભાઇ ધાનાણી અત્યારે ગૃહમાં ઉપસ્થિત નથી પણ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

એમણે કહ્યું કે એક દેશ, એક સ્ટેટ એની જન્મદાત્રી કોંગ્રેસ છે. કનૈયાલાલ મુન્શી જેમણે ૧૯૫૦માં સંસદમાં કહ્યું હતું કે આપણે વન મહોત્સવ કરવા જોઇએ એ વન મહોત્સવના દાત્રી પણ કોંગ્રેસ હતી પણ એને આગળ વધારવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે કર્યું. સન ૧૯૫૦ થી પ્રતિ વર્ષ ઉજવવામાં આવતા વન મહોત્સવને સને ૨૦૦૫થી એક લોકસ્વરૂપ આપી રાજયના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા સ્થળોએ સાંસ્કૃતિક વનો સ્થાપવાની શરૂઆત કરવામાં આવેલ છે. આ શ્રેણીમાં કુલ આજ દિન સુધી ૧૭ સ્થળોએ સાંસ્કૃતિક વનો સ્થાપવામાં આવેલા છે. મને કહેતા એ બાબતનો આનંદ છે આ દેશને આઝાદી અપાવવા માટે ૧૭ નવેમ્બર, ૧૯૧૩ ના દિવસે માનગઢની ધરતી ઉપર જયારે હત્યાકાંડ થયો હતો. એને ઉજાગર કરવાનું કામ તા. ૩૦–૭–૨૦૧૨ના દિવસે આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાન મોદી સાહેબે માનગઢની ધરતી ઉપર પગ મૂકીને ગોવિંદ ગુરુ સ્મૃતિ વન આદિવાસી સમાજના ચરણે ધર્યું. આદિવાસી સમાજની અસ્મિતા, અને આદિવાસી સમાજના સૌર્યને ઉજાગર કરવાનું કામ વન મહોત્સવના માધ્યમથી ભાજપની સરકારે કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આપનું વ્યકતવ્ય પૂરું થાય છે. સમય પૂરો થાય છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે મહામહીમ્ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઊભી થઇ છું. મહામહીમ રાજ્યપાલનું જે પ્રવચન હતું એમાં માત્ર સરકારની વાહવાહ માટે જે ગઇ વખતે લખાણ લખ્યું હતું એનો આ વખતે પણ ઉતારો કરીને સારું દેખાડવા માટે એમાં છાપીને આપવામાં આવે છે, કારણ કે આ ગુજરાત ગુજરાતીઓનું ગામ છે. ગાંધી બાપુનું રાજ્ય છે. ત્યારે અમારે વિરોધ ના કરવો જોઇએ, પરંતુ કાલે એમણે અંગ્રેજીમાં ભાષણ કર્યુ એટલા માટે વિરોધ કરવો પડ્યો. રાજ્યના વિકાસનો ફાળો રાજ્યના દરેક જિલ્લામાં સરખે હિસ્સે મળવો જોઇએ, પરંતુ રાજ્યના દરેક વિસ્તારમાં સરખો હિસ્સો મળતો નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જ્યારે આદિવાસી વિસ્તારમાં જે અમારા નરેશભાઇ કહેતા હતા કે જો આદિવાસીઓનો કોઇએ વિકાસ કર્યો હોય તો ભાજપે કર્યો છે. અરે, નરેશભાઇ આપના વિસ્તારમાં જુઓ. હું તમારા વિસ્તારમાં આવી હતી ત્યારે પીવાના પાણીની તંગી હતી. પીવાનું પાણી નહોતું મળ્યું દવાખાનામાં, હોસ્પિટલમાં એક પણ ડોક્ટર નથી. રાજાના વખતની હોસ્પિટલ બનેલ છે તે ચાલે છે, એટલે સરકારની વાહવાહ કરવા માટે.

અધ્યક્ષશ્રી : બહેનશ્રી, અધ્યક્ષ આ બાજુ છે મને જોઇને કહો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : આજે કાયદો અને વ્યવસ્થાની વાત કરવા જઇ રહી છું. મારા દાહોદ જિલ્લામાં હમણા હોળી–ધૂળેટીનો તહેવાર આવવાનો છે, ત્યારે અમારા દાહોદ જિલ્લામાં દારૂની રેલમછેલ થઇ રહી છે. અમારા દાહોદ જિલ્લામાં, પંચમહાલ જિલ્લામાં કે વડોદરા જિલ્લામાં કે છોટા ઉદેપુર જિલ્લામાં....

અધ્યક્ષશ્રી : મારી અપેક્ષા છે કે બહેન બોલતા હોય ત્યારે આપણે કમસેકમ મર્યાદા રાખીએ. કોઇ વચ્ચે બોલશો નહીં.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : ઉંમરગામથી અંબાજી સુધી આદિવાસી પટ્ટો આવેલ છે. અમારે ત્યાં હોળી ધૂળેટીના તહેવાર નિમિત્તે દારૂ પીવા માટે લોકોએ ખાલી બાટલીઓ રાખવા માટે મકાનો બાંધી દીધા છે. પીવાવાળાએ જમીનો વેચી નાખી છે. આવું આ ભાજપ સરકારનું કામ છે. આ ગાંધીના ગુજરાતમાં દારૂ પીવાથી આ મારી બહેન, બેટીઓનો ચાંદલો ભૂંસાઇ ગયો છે. રસોડું ચલાવવા વાળા કોઇ છે નહીં. તેમણે બીજા જિલ્લામાં મજૂરી કરવા માટે જવું પડે છે. હું ૧૦ વર્ષથી જે લોકો દારૂનો ધંધો કરે છે, વેપાર કરે છે એમાં વિરોધ કરું છું. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક મહિલા તરીકે કહેવું પડે છે કે હોળી–ધૂળેટીના તહેવાર દરમિયાન અમારા વિસ્તારમાં દારૂ બહુ વેચાય છે. ચૂંટણી હોય ત્યારે પણ જે અધિકારી હોય, કર્મચારી હોય તેઓ ધ્યાન આપતા નથી. પાણીની વાત કરું તો છેલ્લાં ૧૦ વર્ષથી હું પાણીની વાત કરતી આવી છું. અમારે ત્યાં ઇલેક્શનમાં ડેપ્યુટી સી.એમ. સાહેબ આવ્ય ત્યારે મેં રજૂઆત કરી હતી કે ૮ મી માર્ચે ધારાસભ્યોને એક કરોડની ગ્રાન્ટ આપવામાં આવતી હતી એ મને હજુ આપી નથી. એક વર્ષ થઇ ગયું. મારા ઘરની આગળ રસ્તા પર આપણે નીકળ્યા હતા ત્યારે આપ આપણા ભાષણમાં એવું બોલતા હતા કે ચંદ્રીકાબેન મારી ઓફિસમાં આવતા નથી અને તમારા રસ્તા બનતા નથી. આ મંત્રી સાહેબને કહેવા માગુ છું કે, ૮ માર્ચે તમામ ધારાસભ્ય બહેનોને ૧ કરોડની ભેટ આપી તો મને હજી મળી નથી. હું કોંગ્રેસની ધારાસભ્ય હતી એટલે મને આપી નથી. મારા વિસ્તારમાં અમિત શાહ સાહેબ આવ્યા ત્યારે આદિવાસીઓને ગેરમાર્ગે દોરીને આદિવાસીઓના મત લેવાનું જ કામ કર્યુ. આદિવાસીઓનો વિકાસ ન થયો એટલે મારે આજે દુઃખ સાથે કહેવું પડે છે. હું વાહન વ્યવહારની વાત કરું તો જયારે જયારે વિધાનસભાનું સત્ર ચાલતું હોય ત્યારે ગાડીઓની હારમાળા ગામડાંમાં બહેનોને લાવવા માટે લગાવી દે છે. આ સરકારને સારુ લગાડવા માટે બહેનોને લાવવામાં આવે છે. ત્યારે મારા ગામડાંના તમામ લોકો અને વિદ્યાર્થીઓ રખડી પડે છે. બોર્ડની પરીક્ષાના સમયે શિક્ષણકાર્ય માટે ગાડી મળતી નથી. આ ગાડીઓને અહીં રોકવામાં આવે છે તેને બંધ કરવી જોઇએ. આદિવાસી વિસ્તારના ગામડાંમાં જે છોકરાંઓ ભણે છે તેમને આ ગાડીઓનો લાભ આપવો જોઇએ. પીવાના પાણીની વાત કરું ત્યારે અને કાલે સાહેબ બોલ્યા હતા કે ચંદ્રીકાબેન નથી. મોટી પાઇપલાઇન નાંખી દીધી. જયારે જયારે ચૂંટણીઓ આવે છે ત્યારે કામ દિવસ રાત ચાલુ કર્યુ અને હવે ઠપ્પ થઇ ગયું. કોંગ્રેસની ગાડી આખી નીકળી જાય તેવી પાઇપ નાંખી દીધી. પાણી તો પહેલાં નાંખો.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ ઢોડીયા. બહેન આપનો સમય પૂરો થાય છે. થેન્ક યુ.

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપ સાહેબ ઉચ્ચ સ્થાન પર બેઠા છો ત્યારે આપ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથે સાથે ત્રીજી વખત આ સન્માનનીય ગૃહમાં જે ચાર મહારથીઓ એમ કહેતા હતા કે અમે ગુજરાતનું નવસર્જન કરીશું. તેમાંથી એક નવસર્જન કરનાર વ્યક્તિને હું હરાવીને ત્રીજી વખત આ ગૃહમાં આવ્યો છું.

અધ્યક્ષશ્રી : બધા જ કોઇ કોઇને હરાવીને જ આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ માનનીય દુષ્યંતભાઇ લઇને આવ્યા છે તેમાં મારા આદિજાતિ પર મારા પોતાના મંતવ્ય વ્યક્ત કરવા અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. મારા સાથી સભ્ય સામેની પાટલીવાળા સુખરામભાઇ એમ કહેતા હતા કે વનબંધુ કલ્યાણ યોજનાના ૪૦ હજાર કરોડ રૂપિયા કયાં વપરાય છે તે અમને ખબર પડતી નથી. મારે તેમને કહેવું છે કે આ ૪૦ હજાર કરોડ રૂપિયા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિજાતિ વનબંધુ કલ્યાણ યોજનામાં આપ્યા હતા. તે આપ્યા પછી જે વિકાસ થયો, તે વિકાસ થયા પછી રસ્તા, પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય તથા વિવિધ ક્ષેત્રે જે દસ મુદ્દાના કાર્યક્રમમાં વિકાસ થયો અને તેના નામ લઇને તો આપ ચૂંટાઇને આવ્યા છો. છેલ્લા પાંચ વર્ષમાં આદિજાતિ વિકાસ માટે ૪૦ હજાર કરોડ રૂપીય આપવાના બદલે ૪૮ હજાર ૬૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીને વાપરવામાં આવ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે ૫૪૭ આશ્રમશાળા, ૪૫ આદર્શ નિવાસી શાળા અને ૧૨ જેટલી મોડૅલ સ્કૂલ અને ૨(બે) સૈનિક સ્કૂલ મળી કુલ ૬૮૩ શાળાઓ મારફત ૧ લાખ ૧૦ હજાર કરતાં વધુ બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ શાળાઓમાં જમવા રહેવાની ઉચ્ચ ગુણવત્તાવાળી સુવિધા આપવાની વ્યવસ્થા પણ આ વનબંધુ કલ્યાણ યોજનામાં કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આ દેશના વડા પ્રધાન આ રાજયના મુખ્ય મંત્રી રૂપણી સાહેબ અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી આપવાનો એક સંકલ્પ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, બિરસા મૂંડા જે આદિવાસી આઝાદીના લડવૈયા હતા એમણે અત્યારે કાંઇ જન્મ નથી લીધો એ આદિવાસી લડવૈયાએ વર્ષો પહેલા જન્મ લીધેલો અને એનું નામ કોંગ્રેસવાળાએ ક્યારેય લીધું નથી. એક આદિવાસી નેતા તરીકે એનું નામ જે આપવું જોઇએ એ તેઓ આપી શક્યા નથી પણ આ દેશના વડા પ્રધાન અને રાજયના મુખ્ય મંત્રીશ્રીએ જયારે બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી નામની યુનિવર્સિટી આપવાનો એમણે એક સંકલ્પ આપ્યો છે એ બદલ એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું, એક આદિવાસી સમાજ વતી હું અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર અધિનિયમની વાત કરતા હતા, આ વન અધિકાર અધિનિયમની જ્યારે વાત થઇ ત્યારે ૧,૨૬,૯૧૫ હેક્ટર જમીન આવરી લેતા ૮૩,૮૭૮ દાવાઓ મંજૂર કરવામાં આવેલ છે જે પૈકી ૩૬૦૦૦ હેક્ટર જમીનની માપણી થઇ છે અને આ અધિનિયમ હેઠળ ૫૦૦૦ લાભાર્થીઓને સુક્ષ્મ જંગલ પેદાશ એકત્રિકરણ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિની તાલિમ આપવામાં આવેલ છે અને આ ઉપરાંત ૫૦૦૦ લાભાર્થીઓ માટેની આધુનિક ખેતીની તાલિમ પણ આપવામાં આવે છે. એને ૭/૧૨ની નકલમાં મહેસૂલી અધિકાર પણ આપવામાં આવ્યો છે. જે પ્રકારે આદિવાસીઓને અન્ય લાભો આપવામાં આવે છે એ પ્રકારના લાભો પણ આ વન અધિનિયમમાં આદિવાસી ખેડૂતોને આપવામાં આવે છે. આ પ્રકારની આ ભારતીય જનતા પક્ષની સરકારની કામગીરીને કારણે આ ૬ઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર પાછી આવી છે. અમારા બહેન એમ કહેતા હતા કે આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી છે, અમારે ત્યાં તમે આવો જુઓ, તમારા સમયમાં જે ટેન્કરથી પાણી આપતા હતા એ જોઇને તમે એમ કહ્યા કરો છો કે પાણીની મુશ્કેલી છે એ યાદ તમને આવે છે એવું મને લાગે છે. બહેન, અમારા વિસ્તારમાં આજે બીજી વખત પાઇપલાઇન કરીને જે વિસ્તાર છેવાડાનો ડુંગરાળ વિસ્તાર છે જયાં એક આદિવાસી ભાઇ રહી ગયો હોય તો એને પણ પાણી આપવાનો પ્રયાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અને વનબંધુ યોજનામાં આ સરકારે કર્યો છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી અમારા નેતા પરેશભાઇ ધાનાણીએ જે વિસ્તૃત વાત મૂકી છે એને મારું સમર્થન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૨ વર્ષથી આ રાજયમાં ભારતીય જનતા પક્ષનું શાસન છે અને આ ૨૦-૨૨ વર્ષમાં નર્મદાનું પાણી લાવવા માટેની જે વાત સરકારશ્રીએ કરી હતી અને મારા મત વિસ્તારમાં જે ડેમ છે એ ડેમ પણ ભરવાની વાત કરી છે, કેનાલમાં પાણી આપીને ખેડૂતોને પાણી આપવાની જે વાત કરી હતી, હમણા સંકલનની મિટીંગમાં મેં પાણીની રજૂઆત કરી ત્યારે રીપેરીંગના બહાના નીચે ખેડૂતોને ખેતી માટે પાણી આપવામાં આવતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પાણી આપવામાં આવતું નથી, એમને પોષણક્ષમ ભાવો મળતા નથી ત્યારે ખેડૂત પ્રધાન આ દેશમાં ખેડૂતો આત્મહત્યા કરતા જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ન્યાય આપવા માટે આપના માધ્યમથી સરકારશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, આજે ખેડૂતોને પૂરતું પાણી નથી મળતું એના કારણે એમનો પાક નિષ્ફળ જાય છે, ગયા વર્ષનો પાક વીમો પણ આપવામાં આવ્યો નથી, પ્રીમીયમ લેવામાં આવ્યું હતું પરંતુ પાક વીમો ચૂકવવામાં આવ્યો નથી. સરકારશ્રી તરફથી કોઇ યોગ્ય જવાબ પણ આપવામાં આવતો નથી. ખેડૂતોને ન્યાય અપાવવા માટે હું આપના માધ્યમથી સરકારશ્રીનું ધ્યાન દોરું છું. અહીંયા જે દલિતોની યોજનાઓ છે એમાં મકાન સહાયની વાત હોય કે વડાપ્રધાન સહાયની યોજનામાં ૧ લાખ ૨૦ હજાર રૂપિયા આપવામાં આવે છે અને અન્ય યોજનામાં દલિતો માટેની જે ખાસ યોજના છે એમાં અન્યાય થઇ રહ્યો છે. આજસુધીમાં છેલ્લાં પંદર વરસની

અંદર ૫,૫૪૮ કરોડ રૂપિયા આ સરકારે અનુસૂચિત જાતિના સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાનના વાપર્યા નથી. એટલે કે વણવપરાયેલા પડ્યા રહ્યા છે અથવા તો અન્ય જગ્યાએ ગ્રાન્ટ વાપરવામાં આવી છે. મારા સાથી ધારાસભ્ય મારી જેમ દલિત સમાજના છે એમને ખ્યાલ હોવો જોઇએ કે ૫,૫૪૮ કરોડ રૂપિયા એની આર.ટી.આઇ. માં માહિતી માંગીને પછી આ હાઉસની અંદર હું જણાવી રહ્યો છું. એક દલિત તરીકે એમણે જે વિરોધ કર્યો છે એમાં એમની •(×××) છતી થાય છે.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ કાઢી નાંખવામાં આવે છે. તમે એકબીજા અંદરોઅંદર લડી લેશો તો કેમ ચાલશે?

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : એક દલિત તરીકે એમણે મને અનુમોદન આપવાના બદલે દલિતની ગ્રાન્ટ જ્યારે સરકારશ્રી તરફથી વાપરવામાં આવતી નથી ત્યારે આ માનનીય મારા સાથીને હું જણાવવા માગું છું કે એમણે વાંચીને આવવું જોઇએ અથવા તો અભ્યાસ કરીને આવવું જોઇએ. ચાણક્યએ પોતાની અર્થનીતિમાં એવું કહ્યું છે કે, જે રાજા પોતાનું ધન વૈભવ પાછળ ખર્ચે છે એ રાજયની અધોગતિ થતી હોય છે. આ ચાણક્યએ જે વાત કરી છે એ દિશા તરફ આ રાજ્યની સરકાર જતી હોય તેવું મને લાગે છે કે માત્ર વૈભવ અને પોતાની જાહેરાત પાછળ જે ખર્ચો કરી રહ્યા છે એનાથી આ દેશમાં અને રાજ્યમાં ખરેખર જે જગ્યાએ પૈસા વપરાવવા જોઇએ એના બદલે માત્ર પોતાની વાહવાહી કરવામાં ખર્ચ કરી રહ્યા છે એને હું અનુમોદન આપતો નથી.

અહીંયા સ્વચ્છતા અભિયાનના દર્શન આપણને જરૂર થાય છે પણ માત્ર વિદેશથી આવતા કોઇ વડાપ્રધાન કે કોઇ પ્રેસીડેન્ટ જ્યારે અમદાવાદમાં આવતા હોય ત્યારે આપણને સ્વચ્છતા અભિયાનના દર્શન થાય છે. મારી વિનંતી છે સરકારશ્રીને જે પણ વિદેશથી વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ આવે તેમને જુદા જુદા જિલ્લાઓમાં લાવવામાં આવે જેથી કરીને અન્ય જિલ્લાઓ પણ સ્વચ્છતાનો અનુભવ કરે. જે સ્વચ્છતાના નામે ગ્રાન્ટ આપવામાં આવે છે એ સ્વચ્છતા ક્યાંય જોવા મળતી નથી. મારા મત વિસ્તારમાં હમણાં સંકલનની અંદર એક પ્રશ્ન કર્યો હતો ગટર સાત વરસથી ઉભરાય છે. નગરપાલિકાના ચીફ ઓફિસરને મેં જ્યારે પ્રશ્ન કર્યો ત્યારે એમણે કહ્યું કે અઠવાડિયામાં થઇ જશે પણ એ પ્રશ્ન સાત વરસથી પેન્ડિંગ છે. આ રાજ્યની અંદર માત્ર મારા વિધાનસભા મત વિસ્તારની વાત કરું તો ગઢડા તાલુકાની અંદર બાવીસ જેટલા ગામો એવા છે કે જ્યાં આજે પણ સ્ટ્રીટલાઇટ નથી, આખા ગુજરાતની અંદર અનેક ગામો એવા છે કે જે વીજળીથી વંચિત છે. વિજય માલ્યાના જન્મ દિવસને આ રાજ્ય કરજાઇ એકાદશી તરીકે ઉજવવા માગે છે અને નિરવ મોદીના જન્મ દિવસને બેન્ક સંકટ ચોથ તરીકે ઉજવવા માગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રવીણભાઇ, જે લોકો આ સભાગૃહમાં હાજર નથી એમની આપણે વાત ના કરીએ તો સારું બને ત્યાંસુધી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : દેશનું જે નાણું છે જે પ્રજાના પૈસા છે એ બારોબાર જ્યારે ઉઠાવી જવામાં આવતા હોય ત્યારે આપના મારફતે હું એક વિનંતી કરવા માગું છું કે સમરસ હોસ્ટેલની ગ્રાન્ટ અનુસૂચિત જાતિની જે ગ્રાન્ટ છે એ ૧૦૦ ટકા જ્યારે દલિતોની વાપરવામાં આવતી હોય ત્યારે એમાં જે એડમીશન આપવામાં આવે છે એ એડમીશન પંદર વીસ ટકા દલિતોને આપવામાં આવે છે અને બાકીના ૮૦ થી ૮૫ ટકા લોકોને આપવામાં આવે છે. માત્ર દલિતો માટેની ગ્રાન્ટનો ઉપયોગ કરીને દલિતોને અન્યાય થઇ રહ્યો છે. આજે મારે કહેવું પડે કે જે અરજદાર રામભાઇ રોહીદાસ ઉંઝાના દલિત હતા એમની માગણી માટે જ્યારે એક ભાનુભાઇ વણકર નામના દલિત પોતે આત્મવિલોપન કરતા હોય અને સરકાર બિનસંવેદનશીલ જેને કહી શકાય એમણે વડાપ્રધાનશ્રી કે મુખ્યમંત્રીશ્રી જ્યારે અન્ય જગ્યાએ આવા બનાવ બનતા હોય બીજા દેશમાં ત્યારે ટવીટ કરીને એનો શોકસંદેશો આપતા હોય છે ત્યારે *(×××) માનનીય મંત્રીશ્રીને મારે જણાવવું છે કે ઇન્દુબેનના હસ્તે એમને જે જમીનો આપવામાં આવી. શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખોટી વાત રેકર્ડ ઉપર ના રહે એટલા માટે ભાનુભાઇનું અવસાન થયુ એ નિમિત્તે રાજય સરકાર તરફથી મેં મિડિયા દ્વારા આખા ગુજરાતમાં તેમને શ્રદ્ધાંજલિ અર્પી છે અને સંવેદના પ્રગટ કરી છે અને *(×××) ગૃહને કે ગુજરાતની જનતાને ગેરમાર્ગે ના દોરશો અને એટલા માટે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા માટે મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એ બાબતમાં જોઇ લઇશું.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : મહિલાની સલામતીની વાત કરતી આ સરકારનું મારે ધ્યાન દોરવું છે કે તાજેતરમાં આજની ઘટના બની એમાં મહિલા પી.એસ.આઇ. તરફ દુષ્કર્મ આચરવામાં આવ્યું અને આજે જ ફરિયાદ મહિલા પી.એસ.આઇ.કક્ષાની વ્યકિત જયારે એ દુષ્કર્મ સામે ફરિયાદ દાખલ કરતી હોય તો મારે સરકારશ્રીનું ધ્યાન દોરવું છે કે આવી.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ જયારે મારા મિત્ર દુષ્યંતભાઇ લઇને આવ્યા છે ત્યારે તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના આર્થિક વિકાસની જો આપણે વાત કરીએ તો એમાં ખાસ ગુજરાત એટલે ભારતના આર્થિક વિકાસમાં ગુજરાતનું એક ગૌરવભર્યુ સ્થાન છે અને આપણને બધાને એક ગુજરાતી તરીકે ગૌરવ થવુ જોઇએ, ગુજરાતી તરીકે માન પણ થવુ જોઇએ કે વાયબ્રન્ટ ગુજરાત થકી, વાયબ્રન્ટ સમિટ જે છે તે ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ માટેનું અને રોકાણકારોનું માટેનું એક બ્રાન્ડ બન્યું છે. ગુજરાત એ એક પોતે આખી વાયબ્રન્ટ બ્રાન્ડ બની છે અને ગુજરાત સમગ્ર દેશની અંદર આપણને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બધાને માન અપાવે એવુ એક વાયબ્રન્ટ ગુજરાત બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે ગુજરાતના વિકાસની ગાથા તમારે સાચા અર્થમાં જોવી હોય તો India's Economic Express એ આપણે એક ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી હતી તે એમણે એક વખત ચોક્કસ જોવી જોઇએ. જેમ ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ થયો છે ત્યારે ચોક્કસ તેમને ખ્યાલ આવશે what is vibrant Gujarat and what is Gujarat's industrial growthશું છે એનો સાચા અર્થમાં ખ્યાલ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દેશના લોક લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી માટે સમગ્ર દેશની જનતાને માન છે. ગુજરાતી તરીકે બધા ગુજરાતીઓને જયારે માન છે ત્યારે માનનીય મોદીજીના આ પ્રયાસને ગુજરાતના લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પણ એ વિકાસની વણથંભી યાત્રાને જયારે તેમના સબળ નેતૃત્વમાં આગળ વધારી રહ્યાં છે ત્યારે Make in India, Skill India, Start-up India and Digital India આ ભારતના અભિયાનમાં એક stress આપ્યું હોય એ ગુજરાત દેશભરમાં અગ્રેસર બન્યું છે. ગુજરાત આજે અન્ય રાજયોને પણ એક પ્રેરણારૂપ સ્ત્રોત બન્યું છે અને આજે બીજા રાજયોમાં પણ business summit થવા માંડયા છે ગુજરાતે બીજા રાજયોને પણ એક દિશા આપી છે. આજના વડાપ્રધાને અને અમારા બન્ને મુખ્યમંત્રીશ્રીઓએ પણ એ વાયબ્રન્ટની પરંપરાને ચાલુ રાખીને સમગ્ર દેશમાં એક મેસેજ આપ્યો છે કે ગુજરાતની અંદર જે ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ થયો છે, બિઝનેશ સમિટનો વિચાર જો કોઇને પણ આભારી હોય તો દેશના લોક લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક policy driven State બન્યું છે. ગુજરાત manufacturingમાં અગ્રેસર છે, ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચરમાં અગ્રેસર છે, ગુજરાત renewable energyમાં અગ્રેસર છે, ગુજરાત સ્માર્ટ સીટીમાં અગ્રેસર છે, છેલ્લા ૧૫ વર્ષની અંદર ગુજરાતના ઉદ્યોગોના વિકાસને કારણે યુવાનોને જે રોજગારી પૂરી પાડવામાં આવી છે તેમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાતના યુવાનો આજે job seeker નહીં પણ તેનાથી ઉપર ઉઠીને job giver બન્યાં છે ત્યારે મને આનંદ છે એક ગુજરાતી તરીકે કે હું પણ એક ગુજરાતનો નાગરિક છું અને આ હાઉસનો સભ્ય છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતે દેશને દિશા બતાવી છે છેલ્લા બે દાયકાથી ગુજરાતનો જે વિકાસ થયો છે તે માત્ર અને માત્ર ઉદ્યોગોને આભારી છે. ઓટોમોબાઇલ હબ હોય તો ગુજરાત, ટેક્ષટાઇલ હબ હોય તો એ ગુજરાત, ડાયમંડ મેન્યુફેકચરીંગ હોય તો એ ગુજરાત, ફાઉન્ડ્રી ઉદ્યોગ હોય તો એ ગુજરાત, એન્જીનીયરીંગ યુનિટો તો એ ગુજરાત આમ ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથની પાછળ જો કોઇ પણ રહ્યો હોય તો એ માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગ્રોથ થયો છે અગાઉની કોઇ પણ સરકારમાં ગ્રોથ થયો નથી તેનો મને આજે આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતથી દેશ અને દુનિયાના લોકોની અવર-જવર ગુજરાતની અંદર વધી છે, ઇન્ડસ્ટ્રીયલ રોકાણો વધ્યાં છે તેનાથી પણ ઉપર ઉઠીને હું પણ એક ઇન્ડસ્ટ્રીયલ વ્યકિત છું અને હું પણ એક ઇન્ડસ્ટ્રીઝમાંથી આવુ છું ત્યારે મને ખબર છે કે ઉદ્યોગોનો જે વિકાસ થયો છે, ઇન્ડસ્ટ્રીઝનો જે વિકાસ થયો છે, મેન્યુફેકચરીંગનો જે વિકાસ થયો છે, જે ક્રાંતિ થઇ છે એ સરાહનીય બાબત છે અને માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ શક્ય છે. એટલે મને ગર્વ છે કે, હું ભારતીય જનતા પાર્ટીનો સભ્ય છું. 'હું છું વિકાસ હું છું ગુજરાત'ને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એવરેજ ગ્રોથ રેટમાં ગુજરાત પ્રથમ, ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાત પ્રથમ, એક્સપોર્ટની અંદર ગુજરાત પ્રથમ, સોલર ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર, દેશમાં સૌથી વધુ પોર્ટ ધરાવતું ગુજરાત પ્રથમ રાજ્ય છે. નોન ગેઝેટ પોર્ટ ધરાવતું જે કાર્યક્ષેત્ર છે એમાં ભારતમાં ગુજરાત પ્રથમ છે. દેશમાં ગુજરાતમાં સૌથી વધારે એરપોર્ટ આવેલ છે due to incoming of people from outside the country. That is why Gujarat is the first State of among all other States in the country.

ડો.આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનને અનુમોદન આપતી નથી. વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી અને સાથી મિત્રોનો જે પ્રસ્તાવ છે એને ટેકો આપું છું, એને અનુમોદન આપું છું. કારણ કે, ખેતીમાં વપરાતા રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા મજૂરોના દર સતત વધતા જાય છે. તેની સામે દરેક ખેત પેદાશોના ભાવ ખેડૂતોને પોષણક્ષમ મળતા નથી. તેથી ખેડૂતો આવો ખોટવાળો ખેતીનો વ્યવસાય છોડી ભાગી રહ્યા છે. ગુજરાતમાં ૨૦૧૪-૧૫માં રવિ પાકમાં ૨૦.૫૪ લાખ હેક્ટર વાવેતર થયેલ. ચાલુ સાલે ૧૭.૨૮ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે જે ગુજરાતમાં રવિ પાકના ત્રણ વર્ષના સરેરાશ વિસ્તાર ૩૩.૬૮ લાખ હેક્ટરથી અડધા જેટલું વાવેતર ચાલુ વર્ષે થયું છે. આ આંકડા બતાવે છે કે ખેડૂતોને ખેતીમાં ખોટ છે જેથી ખેતી ઘટી રહી છે. જેનો ઉલ્લેખ આ પ્રવચનમાં થયો નથી. મારે કહેવું છે કે, અનિયમિત અને અપૂરતા વરસાદને કારણે જ્યારે પાક નિષ્ફળ જતો હતો ત્યારે ખેડૂતોને આર્થિક સહાય આપવા માટે સન ૧૯૮૫-૮૬માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે પાક વીમા યોજના લાવી અને ખેડૂતોનું રક્ષણ કરેલ હતું. જ્યારે પાક વીમો ચૂકવવા માટે કયા ધોરણોનો આધાર લેવામાં આવે છે તે માહિતી આ સરકારમાં હજી પણ આપવામાં આવતી નથી. પાક વીમાની ગણતરીના ધોરણોની જાણ ખેડૂતોને થવી જોઇએ. આ ગણતરીમાં પારદર્શિતા લાવવી જોઇએ પણ આ બાબતનો ઉલ્લેખ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં થયો નથી. પ્રવચનમાં પારદર્શિતાની વાતો થાય છે પણ પાક વીમા અંગે કોઇ ઉલ્લેખ થયો નથી. ટ્રિબ્યુનલના ચૂકાદા મુજબ ઉદ્યોગોને ફાળવવાના જથ્થા કરતાં પાંચ ગણું પાણી આપે છે. ખેડૂતોના ભાગે આપવાનું પાણી ઉદ્યોગોને આપે છે. દા.ત. ટાટા, નેનો ઉદ્યોગોને પાણી આપવા માટે સરકારે સ્પેશ્યલ લાઇન નાંખી આપી છે. સુજલામ-

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

સુજલામ યોજના તથા સૌની યોજનામાં ભરવાના થતા સૌરાષ્ટ્રના ૧૫ ડેમો પૈકી આજ દિન સુધી એક પણ ડેમ ભરવામાં આવ્યો નથી. નર્મદાનું પાણી ખેડૂતને આપવું જોઇએ એની જગ્યાએ •(xxx) ચૂંટણી ટાણે વેડફી હાલ તેની અછત ઊભી થઇ અને ખેડૂતો નર્મદાના પાણી માટે આંદોલન છેડી રહ્યા છે. તલાટીની ભરતીની ૨૫૬૦ જગ્યાઓ માટે ૧૨.૫ લાખ લોકોની અરજીઓ આવી છે કે જેમાં ધો.૧૨ પાસની લાયકાત છે અને છતાં પણ રાજ્યમાં પ્રવર્તતી ભયંકર શિક્ષિત બેકારીના કારણે ઉચ્ચ શિક્ષણની લાયકાત ધરાવતા બેરોજગારો જેવા કે, પી.એચ.ડી., એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી., એમ.ફીલ. જેવી ઉચ્ચ પદવી ધરાવતા બેરોજગારને પાંચ વર્ષ સુધી ફિક્સ પગારની નોકરી કરવી પડે છે. તે બતાવે છે કે, કેવી બેરોજગારી રાજ્યમાં પ્રવર્તી રહી છે. આ બેરોજગારી દૂર કરવા માટે આ પ્રવચનમાં કોઇ આયોજન કરવામાં આવેલ નથી. સરકારી શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટયો હોવાનો દાવો કરે છે પરંતુ વાસ્તવિકતા કંઇક જુદી જ છે. ધો. ૧ થી ૫ સુધીની શાળાઓમાં તપાસ કરતાં હકીકત જાણવા મળી છે કે, ૨૦૦૮ અને ૨૦૦૯માં ધો.૧ માં ૯ લાખ ૬૮ હજાર બાળકો દાખલ થયા હતા જે ૨૦૧૨-૧૩માં ધો.૫ માં ૭ લાખ ૮૬ હજાર બાળકો દાખલ થયા છે. જેથી ૧ લાખ ૮૨ હજાર બાળકો શાળા છોડીને જતા રહ્યા છે. આ રીતે ૧૯ ટકા ડ્રોપ આઉટ થયો છે. જે સરકારી આંકડા બતાવે છે. આ પ્રવચનમાં આ સમસ્યાના ઉકેલ માટે, શિક્ષકોની ઘટ કઇ રીતે પૂરી થશે તે માટે કોઇ ઉલ્લેખ થયો નથી. મારા મત વિસ્તારના ભાનુભાઇ સરકાર પાસેથી જમીન મેળવવા માટે ૨૦૧૩થી લડત આપતા હતા. એ સમાજ સેવકની વેદના કોઇએ સાંભળી નહિ અને સરકારી તંત્રની ઘોર બેદરકારીના કારણે અને બહેરાશભર્યા વર્તનને કારણે આત્મહત્યાની શહીદી વહોરવી પડી અને જ્યારે આ ભાઇની શહીદી વહોર્યા પછી ગતિશીલતા આવી ત્યારે તરત જ માગણી સ્વીકારવાની ફરજ પડી જે વિકાસશીલ ગુજરાતની છબી છતી કરે છે. આત્મહત્યા કરવા ગરીબો અને સમાજ સેવકોને મજબૂર ન કરે, એવા પગલાંની કોઇ વાત માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં કરી નથી. કન્યાઓના શિક્ષણ માટે આદિવાસી જાતિની દીકરીઓને ૬૦ કિલો અનાજ આપવાની યોજના છે, પરંતુ મોટા ભાગના આદિવાસી કુટુંબો મજૂરી માટે રાજયના અન્ય જિલ્લાઓમાં વસે છે ત્યારે કન્યાઓને પ્રાથમિક શિક્ષણ લેતી હોય એમને ત્યાં આ સહાય પહોંચતી નથી. આમ, તમામ આદિવાસી કન્યાઓને આ સહાય આપવા માટે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. કરોડો રૂપિયાના તાયફાઓ થાય છે. આ મેળાઓના સહાયના માત્ર હૂકમો જ આપવામાં આવે છે. હકીકતમાં આ સહાય ગરીબો સુધી વાસ્તવમાં પહોંચતી નથી. આમ આ એક તપાસનો વિષય બની ગયો છે. આમ, ખરેખર ગરીબ તો ગરીબ જ રહ્યો છે અને ચામાં ખાંડનો વધારો થયો છે. આમ, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળા થયા, ૨૩૮૯૦ કરોડ રૂપિયા વાપર્યા, ૧૩૪.૮૬ લાખ લાભાર્થીઓને લાભ મળ્યો, એ ફક્ત કાગળ ઉપર જ રહ્યો છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વાત કરું તો રાજયમાં મોટા ભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ગાયનેક ડોક્ટર નથી, સુવિધા નથી અને વસતિના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પણ નથી. આ સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને મળી રહે તે માટેની કોઇ જોગવાઇ કરવા અંગેનો ઉલ્લેખ આ પ્રવચનમાં નથી. તેથી ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને રસ્તાઓના અભાવે મૃત્યુના શરણે થવાના કિસ્સાઓ બન્યા છે એ ગતિશીલ ગુજરાતની દયનીય સ્થિતિ બતાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જીએસપીસીની વાત કરું, કેજી બેઝીનની વાત કરું તો સરકારે કેજીબેઝીન ધંધુકા પાસે તથા ઇજીપ્તમાં ૧૪૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે શારકામ કરાવ્યું છે પરંતુ તેમાંથી આજ દિવસ સુધી કેટલું ઓઇલ કે ગેસ મળ્યો એનો કોઇ ઉલ્લેખ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં નથી. આ કામગીરી બજાવતા અધિકારી જેમણે ગુજરાતના ૧૪૦૦૦ કરોડ રૂપિયા ડૂબાડ્યા છે એને દિલ્હી લઇ ગયા છે અને દેશમાં પણ આવા કરતૂતો કરશે કારણ કે ત્યાં તો મોટો આશ્રમ છે. એનો ઉલ્લેખ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં થયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે કે, મને એ સમજાતું નથી, મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે, પથરા તળી જાય છે અને ફૂલડાં ડૂબી જાય છે. આ ભાજપ સરકારમાં શાને આવું થાય છે? કામધેનુને મળેલું એક તણખલું અને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે. આ ભાજપ સરકારમાં શાને આવું થાય છે? ઘર વિના ઘૂમે હજારો છોકરાં તો ઠેરઠેર અને ગગનચૂંબી મહેલો ઝુલા જનસૂનાં થઇ જાય છે. આ ભાજપ સરકારમાં શાને આવું થાય છે? છે ગરીબોના કૂબામાં તેલ ટીંપુય દોહ્યલું અને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે. મને એ સમજાતું નથી કે, આ ભાજપની સરકારમાં શાને આવું થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, દેવડીયે દંડ પામે, ચોર મૂઠી ઝારનાં અને..

અધ્યક્ષશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી મિત્ર દુષ્યંતભાઇ પટેલ માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લાવ્યા છે એમાં મારા કેટલાક વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી, હવા અને પ્રકાશ એ કુદરતની દેન છે. પાણીનો ટીપે ટીપાનો વ્યવસ્થાપન થાય, પાણીનું ટીપેટીપુ રોકાય એના માટે મારે કહેવું પડશે કે, ભાજપની સરકાર ૧૯૯૫માં આવી ત્યારથી આ બાબતની એક એવરનેસ લઇને પાણી રોકાય એના માટે ૧ લાખ અને ૪૦ હજાર ચેકડેમોની વ્યવસ્થા કરી અને પાણી રોકવાનો પ્રયાસ કર્યો છે. જે પ્રકારે મારા મિત્રો આજે કહેતા હતા કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એક પણ ડેમ બંધાણો નથી. ૧૯૭૫માં માનનીય કેશુભાઇ પટેલ અને બાબુભાઇ જશભાઇ પટેલની સરકાર હતી એ પહેલાં જે પ્રકારની વ્યવસ્થા બંધ બાંધવા

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટેની હતી, એક એકર ફીટ પાણી રોકવા માટેની મર્યાદા ચાર હજાર રૂપિયાની હતી. જેના કારણે ૧૯૭૫ પહેલાં જે ચેકડેમો થઇ ગયા હતા પછી એક પણ ડેમની મંજૂરી મળતી નહોતી. માનનીય કેશુભાઇએ એના માટેના નિયમો સુધાર્યા, અને નિયમો સુધાર્યા પછી મારા મિત્રને હું યાદ આપીશ કે, સૌરાષ્ટ્રમાં માત્ર ૧૯૭૫થી શરૂ કરીને ૨૦૦૦ની સાલ સુધીમાં ૨૯ ડેમો થયેલા છે. માત્ર સૌરાષ્ટ્રની વાત કરું છું, ગુજરાતની વાત નથી કરતો, ૨૯ ડેમો રેકર્ડ ઉપર છે જોઇ લો. રેકર્ડ પર વાત છે કે પીવાના પાણીની વ્યવસ્થા જે ભૂતકાળની અંદર અહીં સરકારમાં સામેના લોકો બેઠા હતા ત્યારે ૩૫-૩ ૫ વર્ષ સુધી પીવાના પાણીની વ્યવસ્થા અમરેલી જિલ્લાના કેટલાય ગામાડાંઓમાં પીવાનું પાણી ફ્લોરાઇડયુકત આવતું હતું જેના કારણે હાડકાં ખોખરાં થઇ જતા હતા અને ૩૫ વરસનો વ્યક્તિ પણ પથારીમાંથી ઉભા થવામાં રાડ પાડી ઉઠતો. આ દિવસો અમને યાદ છે.

માનનીય અધ્યક્ષશ્રી ૧૯૯૫માં માનનીય કેશુભાઇ પટેલની ભાજપની સરકાર આવ્યા પછી ચોખ્ખા પીવાના પાણીની વ્યવસ્થા થઇ અને આના કારણે આ રોગનું પ્રમાણ ઘટયું.

સૌની યોજના જયારે આ યોજનાની શરૂઆત કરી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એની રાજકોટમાં જાહેરાત કરી ત્યારે એમ કહેવામાં આવ્યું કે આ તો પૂંછડી પકડાવામાં આવી છે. જયારે કોઇ યોજનાની શરૂઆત થાય ત્યારે કોંગ્રેસના મિત્રોના પ્રત્યાઘાતો આવા જ હોય છે. ડેમનું પાણી નર્મદાનું પાણી ચોમાસામાં વહી જતું તેને સૌરાષ્ટ્રમાં લઇ જવા માટેની વાત હતી, ૧૯૯૮માં તે વખતે પાઇપ લાઇન નાંખવાની હતી ત્યારે તત્કાલિન વિરોધપક્ષના નેતા સ્વ.શ્રી અમરસિંહભાઇ ચૌધરીએ પત્રકારો સાથે જઇને ફોટા પડાવ્યા હતા. આ પાઇપ લાઇનમાં હાથ ઉંચો કરું છું પહોંચતો નથી અને કહેતા હતા કે આમાંથી પાણી નહીં નીકળે હવા નીકળશે. માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે આ પાઇપ લાઇનમાંથી પાણી નીકળતાં એમની હવા નીકળી ગઇ ને ૧૯૯૮ થી આજ દિન સુધી હવા નીકળી ગઇ છે. પાણી જ નીકળયું છે.

માનનીય અધ્યક્ષશ્રી જે રીતે ક્ષારયુકત પાણી આવતું હતું તેના માટે બંધારા કર્યા. જે લીલી નાગેર ગણાતી હતી માંગરોળ વિસ્તાર જે લીલી નાઘેર ગણાતી હતી અને જયાં નાગરવેલના પાન થતા હતા.એ ક્ષારના પાણીના કારણે એ જમીન નષ્ટ થતી હતી. એ ક્ષાર રોકવા માટે ક્ષાર નિયંત્રણ માટે ૧૦૦ જેટલા બંધારા, ૧૮ જેટલા રીચાર્જ જળાશયો ૪૩ જેટલા ડેમ અને ૨૨૦ કિ.મી. ની કેનાલ કરીને જે પાણી નાંખ્યું તેના કારણે આ ક્ષારનું પ્રમાણ અટકયું અને ફરીથી આ લીલીનાઘેર વિસ્તાર નવ પલ્લવિત થયો.

સૌની યોજનાની વાત કરું તો રાજકોટમાં ૧૨૫૦ કરોડના ખર્ચે મચ્છુ ડેમમાંથી પાણી લાવીને રાજકોટમાં પાણીની સમસ્યા દૂર કરવા માટે આ યોજના સાકાર થઇ. આ યોજના દ્વારા જે ૧૨૫૦ કરોડ ખર્ચવાના છે એમાં ચોમાસામાં નર્મદાનું પાણી વહી જતું એ હજારો કયુસેકસ પાણીને ડાયવર્ટ કરીને જે વિસ્તારોમાં પાણીની મુશ્કેલી છે ત્યાં પાણી પહોંડવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તે મને લાગે છે કે હવામાં ગોળીબાર કરવા જેવો છે. એટલા માટે કે જે સરદાર સરોવરની વાત થતી હતી, આ યોજના બનાવવામાં આવી ત્યારે તેમાં ૧૭,૯૨,૦૦૦ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારે ૧૬-૧૦-૨૦૧૨માં જયારે એમ.ઓ.યુ કર્યા તેમાં પણ એવું જણાવવામાં આવ્યું હતું કે ૨૦૧૫-૧૬માં આ યોજના પૂરી કરવામાં આવશે. એ વખતે આ યોજનાનો ખર્ચ ૬ હજાર કરોડ હતો, અત્યારે આ યોજનાને ૧૫ વર્ષ પૂરાં થયાં, ઓકટોબર ૨૦૧૬ સુધીમાં ૫૬૨૮૬ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થયો છે. અગાઉ જે આયોજન હતું તેના કરતાં ૧૦ ગણો વધારે ખર્ચ થઇ રહ્યો છે. ટાટા ઇન્સ્ટિટયૂટે જે સરવે કર્યો એ પ્રમાણે તો આ યોજનાને પૂરી થતાં સુધીમાં રૂપિયા ૭૨૦૦૦ કરોડ વધુ ખર્ચ થશે તેવું જણાવવામાં આવ્યું છે.

આ સરકારની ગંભીર બેદરકારી છે. હજુ સુધી સિંચાઇ માટે જે નહેરો કરવામાં આવી છે તે ૧૮ ટકા પણ પૂરી કરવામાં આવી નથી. આને સરકાર વિકાસ ગણાવે છે. જયારે આ યોજના મંજૂર કરવામાં આવી ત્યારે ૧૭ લાખ ૯૨ હજાર હેકટર જમીનમાં પાણી આપવામાં આવશે એવી વાત થઇ હતી. સન ૨૦૧૨-૧૩માં ફકત આપણે ૨ લાખ ૯ હજાર હેકટર વિસ્તારમાં જ પાણી આપી શકયા છીએ જેમાં ૨૦૧૩-૧૪માં કોઇ વધારો થયો નથી. માત્ર અત્યાર સુધીમાં ૧૧.૬૭ ટકા જમીનને જ સિંચાઇનું પાણી આપી શકયા છીએ. સરકારી આંકડા વિકાસ વિવરણ સન ૨૦૧૭-૧૮ અંદાજપત્ર પ્રકાશનના પાના ૩૫માં જણાવ્યા પ્રમાણે ૨૦૧૮-૧૯માં નર્મદા સિંચાઇનો વિસ્તાર ૩ લાખ ૩૦ હજાર હેકટર થશે. જે ૧૮.૪૨ ટકા દર્શાવે છે. આપણે અબજો રૂપિયાનો ખર્ચ કર્યા પછી પણ નર્મદાનું પાણી લોકો સુધી પહોંચાડી શકયા નથી. ઓડિટનો ખાનગી અહેવાલ છે એમાં પણ જણાવવામાં આવ્યું છે કે આની અંદર ગંભીર ભૂલો છે. એટલે માત્ર વિકાસની વાતો કરે છે, આ પ્રમાણે જ વિકાસ ચાલતો રહેશે તો નર્મદાનું પાણી લોકોને નહિ મળી શકે. નર્મદા યોજના પૂરી નથી થઇ એના માટે તંત્રે બેદરકારી દાખવી છે તેથી જે કોઇ જવાબદાર હોય એની સામે પગલાં ભરવા જોઇએ.

શિક્ષણની વાત કરું તો ઘણી બધી યુનિવર્સિટીઓ શરૂ કરવાની વાત કરી છે. હાલ સરકારે જે યુનિવર્સિટીઓ શરૂ કરી છે તે પછી ગુજરાત સમાચારમાં એક લેખ હતો કે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ચાલુ કરવામાં આવી એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યા પછી એના એક પણ સ્ટુડન્ટને પ્લેસમેન્ટ મળી નથી. એ જ રીતે ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી ચાલુ કરી એ જ રીતે જુનાગઢ યુનિવર્સિટી હોય એમાં હજી સુધી સ્ટાફ ભરવામાં આવેલ નથી. જુની યુનિવર્સિટી હતી એમાં પણ ૪૦ ટકા જેટલા સ્ટાફની ઘટ હતી. આ રીતે ફકત કાગળ ઉપર યુનિવર્સિટી ચાલુ કરવામાં આવે છે પછી એનું પરિણામ શું આવે છે એની તપાસ કરવાની કોઇ તસ્દી લેતું નથી. આ રીતે યુનિર્સિટીઓ ચાલુ કરીને સ્ટુડન્ટો સાથે ચેડા કરવામાં આવે છે.

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

•(×××)

અધ્યક્ષશ્રી : સરદાર પટેલ સાથે સંકળાયેલા બધા શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. સરદાર પટેલ સાહેબ ગુજરાતના છે, આજે તમે વાત કરી આવતી કાલે કોઇ બીજું કંઇ પણ કહેશે. આપનો સમય પણ પૂરો થાય છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા શબ્દો રદ કરજો.

અધ્યક્ષશ્રી : સરદાર પટેલની કોઇ વાત રેકર્ડમાં નહિ આવે. નેકસ્ટ, માનનીય સંગીતાબેન પાટીલ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપીને હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

રાજય સરકારના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત રાજયનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. વહીવટમાં પારદર્શિતાને કારણે ગુજરાત સતત પ્રગતિના પંથે જઇ રહ્યું છે. ગુજરાતની મહિલાઓ આજે તમામ ક્ષેત્રે આગળ વધી રહી છે જેના કારણે ગુજરાતના વિકાસને નવતર દિશા મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દેશમાં નારીને પૂજ્ય ગણવામાં આવી છે. આપણાં શાસ્ત્રમાં પણ લખ્યું છે કે '' યત્ર નાર્યસ્તુ પૂજયતે રમન્તે તત્ર દેવતા'' જયાં નારીનું સન્માન થાય છે ત્યાં જ દેવોનો વાસ પણ થાય છે. એટલે જ આજે ગુજરાતની મહિલા દરેક ક્ષેત્રમાં આગળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિસ્તારની વાત કરું તો સુરત શહેરમાં મારા લીંબાયત વિસ્તારમાં મહિલાઓ પગભર થાય એવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત સોલાર ચરખાના ધાગા બનાવવાનું ટ્રેનીંગ સેન્ટર શરૂ કરેલ છે. જેના લીધે સોલાર ચરખા અંતર્ગત મહિલાઓને રોજગારી મળી રહે. મહિલાઓને ટ્રેનીંગ લીધા પછી સોલાર ચરખા ઘરે આપવામાં આવે છે. બહેનો ઘરે બેસીને ૬,૦૦૦થી ૧૦, ૦૦૦ રૂપિયા કમાઇ શકે, ઘરે બેસીને રોજગારી મેળવી શકે એવા ઉમદા હેતુથી અમે આ સોલાર ચરખા ટ્રેનીંગ સેન્ટર શરૂ કર્યા છે જેથી મહિલાઓ ઘરે રસોઇ પણ કરી શકે છે, છોકરાઓને સાચવી પણ શકે છે અને મહિને ૬,૦૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા ઘરે બેસીને કમાઇ શકે. તેના માટે તેમને બહાર પણ ન જવું પડે. કાચો માલ પણ એમને જગ્યા પર જ આપવામાં આવે છે. તૈયાર થયેલો માલ પણ ત્યાંથી લઇ જવામાં આવે છે. મહિલા સશકિતકરણ માટે મારા લીંબાયત વિસ્તારમાં સોલાર ચરખા ટ્રેનીંગ સેન્ટર શરૂ કર્યા છે. તેમાં ૧૫૦૦થી વધુ બહેનો કાર્યરત છે. તો આ મહિલા સશકિતકરણના ઉમદા હેતુથી પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત અમે આ ટ્રેનીંગ સેન્ટર શરૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની મહિલાઓને સુરક્ષા સાથે સન્માન મળે જેના માટે રાજય સરકાર આ વિભાગ દ્વારા અનેક મહિલાલક્ષી યોજનાઓ લાવી છે, જેવી કે મહિલા જાગૃતિ શિબિર છે, મહિલા વિધવા સહાય યોજના છે, વિધવા તાલીમ યોજના છે. ઉજ્જવલા યોજના છે, મહિલાઓ માટે આર્થિક સહાય યોજના છે, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના છે. બેટી બચાવો, બેટી ભણાવો યોજના છે. આવી મહિલાલક્ષી યોજના લાવીને મહિલા પોતે સક્ષમ નિવડે તેના માટે, મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે પણ ૩૩ ટકા આરક્ષણ, કન્યા કેળવણી સાથે સાથે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પણ ૫૦ ટકા અનામત, વિના મૂલ્યે શિક્ષણ અને અભયમ્ હેલ્પલાઇન જેવી મહિલાલક્ષી યોજનાઓ મહિલાઓ માટે કરી છે. ત્યારે આ રાજય સરકારને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે હું કહેવા માગીશ કે આ દેશની કુલ વસતિ ૫૦ ટકા મહિલાઓ અને ૨૫ ટકા બાળકો-યુવાનોની છે ત્યારે તેમના કલ્યાણ માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘણી બધી ચિંતા કરી છે. મહિલા અને બાળકલ્યાણ વિભાગનો હવાલો માનનીય મંત્રીશ્રી વિભાવરીબેન સંભાળે છે. ત્યારે આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે આ વિભાગ માત્ર યોજનાઓ જ નહીં પરંતુ એથી પણ આગળ વધીને મહિલાઓની આશા, અપેક્ષા અને સપનાઓને સાકાર કરવાનું કામ કરે છે. એક જમાનો હતો તે વખતે મહિલાઓને અબળા કહેવામાં આવતી હતી. આજે અબળા નારીને સબળા બનાવવાનું કામ અમારી રાજય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એ બહેન બોલતા હતા કે પાણી નથી દેખાતું, પાણી નથી દેખાતું પણ ડેમમાં પાણી ભરવાનું કામ અમારી ભાજપ સરકારે કર્યું છે એટલી તેમને સમજ પડવી જોઇએ. હું કહેવા માગીશ કે મહિલાઓની શારીરિક તંદૂરસ્તીની પણ ચિંતા અમારી સરકારે કરી છે. મહિલાઓ માટે વિના મૂલ્યે પ્રાથમિક આરોગ્ય કન્દ્રમાં, સરકારી હોસ્પિટલમાં સર્વાઇકલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર જેવી ગંભીર બિમારી જયારે કોઇને થાય ત્યારે આખો પરિવાર તૂટી જાય છે ત્યારે અમારી સરકારે વિના મૂલ્યે ઉપચાર સાથે સારવાર મળે ેવી વ્યવસ્થા કરી છે. હું માનનીય દુષ્યંતભાઇના પ્રસ્તાવને સમર્થન આપું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રાજયપાલશ્રીએ જે પ્રવચન આપ્યું છે તેમાં મુદ્દા ટાંક્યા નથી. તેનો અમારો વિરોધ છે. અમારા વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રવચન આપ્યું તેને સમર્થન આપીએ છીએ. કાયદો અને વ્યવસ્થાની વાત લઇને હું વાત કરું છું. દારુબંધીનો નિયમ કડક કરવા માટે આંદોલનો કર્યા. દારુબંધીનો કડક અમલ કરવા માટે સરકારે નિયમ બનાવ્યા ખરા પરંતુ તેનું અમલીકરણ હજુ સુધી થયું નથી. એનો કડક

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અમલ કેમ કરવામાં આવ્યો નથી. આ મારો પ્રશ્ન છે. ખુલ્લેઆમ દારૂની હાટડીઓ ચાલે છે. પોલીસ સ્ટેશનની બાજુમાં જ દારૂના અડ્ડાઓ ચાલે છે. મુખ્ય રોડ ઉપર દારૂના અડ્ડાઓ ચાલે છે અને અહીં આપણે દારૂબંધીની વાતો કરી રહ્યા છીએ. કેટલા લોકો ઉપર ફરિયાદો થઇ છે? કેટલા લોકોને સજા થઇ છે. એ પણ મોટો પ્રશ્ન અમારા માટે છે. તીન પત્તીઓના સ્ટેન્ડ ચાલે છે. પોલીસ સ્ટેશનની બાજુમાં જેટલા પણ બુટલેગરો દારૂના સ્ટેન્ડ ચલાવે છે. તેના હપ્તાનું ભરણ ઉપર સુધી જાય છે. એવા પ્રત્યાઘાતો અને એવી બધી કરપ્શનની વાતો જાણવા મળી છે. કોન્સ્ટેબલો પણ અંદરખાને કેવી રીતે આમાં મદદરૂપ થતા હોય છે એ પણ મોટી તકલીફ રહી છે. સભ્યશ્રી બહેને મહિલાઓની વાત કરી કે મહિલાઓ સશક્ત છે. આજે ટીવી ઉપર આવ્યું છે કે છ વર્ષની બાળા ઉપર બળાત્કાર થયો છે. આના ઉપરથી કાયદો અને વ્યવસ્થા ઉપર સરકારનું કેટલું નિયંત્રણ છે એ તમે સમજી શકો છો. મહિલાઓના કેસો હજુય અદાલતોમાં પેન્ડીંગ પડ્યા છે એનું નિરાકરણ થઇ શક્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત કરીએ તો એમાં અરવલ્લી જિલ્લો પાણીથી વંચિત છે. પાણી માટે જમણા કાંઠાની કેનાલ બનાવવામાં આવી છે. એ કેનાલ ઉપર રૂપિયા ૧૯.૮૬ કરોડનો ખર્ચ સરકારે કર્યો છે. પરંતુ આજ દિન સુધી એ કેનાલ કેમ ચાલુ કરવામાં આવતી નથી? ખેડૂતોને એનો લાભ કેમ આપવામાં આવ્યો નથી. એની અંદર કેટલો ભ્રષ્ટાચાર થયો છે એ મીડિયા દ્વારા મૂકવામાં આવેલો છે. આ ભ્રષ્ટાચારની તપાસ કરી નથી. એસ.કે.-૨ કેનાલનું માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે થોડા સમય પહેલાં ઉદ્ઘાટન કર્યું અને કરોડો રૂપિયા વેડફીને •(xxx) કરવામાં આવ્યા. પરંતુ આજ દિન સુધી આ એસ.કે.૨ કેનાલ કેમ ચાલુ થઇ નથી?

અધ્યક્ષશ્રી : આ શબ્દ રદ કરવામાં આવે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : કાંઇ વાંધો નથી. જે લાઇનો નાખવામાં આવી છે એ લાઇનોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું એ ટોટલી ફેઇલ થઇ છે. નવી લાઇનોની મરામત કરવાનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. એમાં ભ્રષ્ટાચાર થયો છે. આઠ કલાક પાવર ચાલુ કરી દેવામાં આવ્યો. ઇલેક્શન પહેલા ખેડૂતોને દસ કલાક પાવર આપવાની વાત કરવામાં આવી. ઇલેક્શન પત્યુ અને પરિણામ તમારી તરફેણમાં આવ્યું અને ખેડૂતોને અન્યાય કરવામાં આવ્યો. ખેડૂતોને આઠ કલાક પણ પૂરતી વીજળી મળતી નથી. આ પરિસ્થિતિ આ સરકારમાં છે. હું કહેવા માગું છું કે મગફળીના ટેકાના ભાવ નક્કી કર્યા અને કેટલાય ખેડૂતોને એમાં નક્કી કરેલી સબસિડી હજુ સુધી આપવામાં આવી નથી. બોગસ કંપનીઓના બિયારણ ખેડૂતો ખરીદે છે અને માર્કેટમાં ખુલ્લેઆમ બોગસ કંપનીઓના બિયારણનું વેચાણ ચાલી રહ્યું છે અને એના લીધે ગરીબ ખેડૂત છેતરાઇ રહ્યો છે. આ આપણો વિકાસ છે. સ્વચ્છતા અભિયાનની વાત કરીએ તો દસ કરોડ રૂપિયાના ખર્ચે અરવલ્લી જીલ્લામાં કામ કરવામાં આવ્યું અને આજે પણ ગટર લાઇનો બંધ છે અને ચોકઅપ છે. એની તપાસની માગ ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવી છે. એની આજ દિન સુધી તપાસ કરવામાં આવી નથી એ અમારા માટે પ્રશ્ન છે. આને વિકાસ સમજીએ કે શું સમજીએ! લીઝ ક્વોરીની વાત કરીએ. સરકાર એને મદદ કરી રહી છે. કેમ મદદ કરી રહી છે! એને મળેલ જમીન કરતાં પણ વધારે એ લોકોએ જમીનની અંદર ખોદણી કરી છે અને ખનન કર્યું છે અને ઉંડું જવાનું હોય તેના કરતાં પણ વધારે ઉંડા ગયા છે. આજે માતૃભાષા દિવસ છે. શિક્ષકની વાત છે. વિશ્વ માતૃભાષાના દિવસની વાત છે. સરકાર શિક્ષણની અંદર સેમેસ્ટર સિસ્ટમ લાવી. સેમેસ્ટર સિસ્ટમ એકદમ ફેઇલ છે. કારણ કે વિદ્યાર્થી એક વખત પરીક્ષા આપતો હતો એની જગ્યાએ આજે એને ચાર-ચાર વખત પરીક્ષા આપવી પડે છે અને એના કારણે એના ઉપર બોજો વધ્યો છે અને મૃત્યુ આંક પણ વધવાનું કારણ આ હોઇ શકે છે. સ્કૂલમાં જવા માટે ગામડાંની અંદર જે બસોની વ્યવસ્થા હતી. એસ.ટી. બસો ગામડાંની અંદર આવતી હતી એ આજે બસો ઘટાડવાના કારણે વિદ્યાર્થીઓને ચાર-ચાર કિ.મી. દૂર જવું પડે છે. તાલુકાની વાત કરીએ તો ગુજરાતની અંદર એવા ઘણા તાલુકા છે કે ત્યાં આજ દિન સુધી કોલેજોની રચના કરવામાં આવી નથી આપના ૨૨ વર્ષના શાસન કાળ દરમિયાન આ બન્યું છે એ સરકારને દેખાતું નથી કે વિકાસ કરવો જોઇએ. કયો વિકાસ? કોલેજો નથી. બ્લડ બેંકો નથી. બ્લડ બેંકોની માંગણીની હોવા છતાં હજુ પણ એના પેન્ડિંગ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં કરવામાં નથી આવ્યું. આર.ટી.ઇ.ની વાત કરીએ તો આર. ટી. ઇ. ઓનલાઇન કરવામાં આવ્યું છે. ઓન લાઇનનો વિરોધ નથી, ખૂબ સારી વાત છે પરંતુ આર.ટી.ઇ.નો લાભ કોણ લઇ શક્યું? આ ગરીબને લેવાનો લાભ હોય છે પણ એ લઇ શકતા નથી કારણ કે ઇન્ટરનેટ સુવિધા એમની પાસે પ્રાપ્ત નથી. એના કારણે ગામડાંની ઘણી નગરપાલિકાઓની સ્કૂલોની અંદર આર.ટી.ઇ.ની જગ્યાઓ આજે પણ ખાલી છે. ગામડાંમાં હજુ પણ વિકાસની વાતો કરીએ તો રસ્તાઓ સાત વર્ષ પૂરા થયા પછી પણ સાત વર્ષ પછી એને રીફીનીશ કરવાની વાત હોય છે પરંતુ આજ દિન સુધી કેમ બનાવવામાં નથી આવ્યો? કેમ આવો પૂર્વગ્રહ રાખવામાં આવે છે? અરવલ્લી જિલ્લામાં કેટલાય રસ્તાઓ આજે બાકી છે. આ ચિંતા લઇને અમે નીકળ્યા છીએ. સાયન્સની કેટલીએ સ્કૂલો આજદિન સુધી તાલુકાવાર બનાવવામાં નથી આવી. સરકારી સાયન્સ સ્કૂલોની કેમ રચના કરવામાં નથી આવી? કારણ કે ડે કેર સ્કૂલોની હાટડીઓ ચાલુ થઇ જાય, ડે કેર સ્કૂલો બનાવવામાં આવે અને એના કારણે શિક્ષણમાં નોન ગ્રાન્ટેડ સ્કૂલોનો વ્યાપ વધતો ગયો છે અને ગરીબોને ન્યાય મળતો નથી. બીજી એક વાત કરું ગરીબીના આંકડા વિશે, ગરીબીની રેખા ઘટાડવા માટે એક આયોજન કરવામાં આવ્યું કે બી.પી.એલ. કાર્ડ ધારકોને કેવી રીતે ઘટાડવામાં આવે જેના કારણે ગુજરાતની અંદર ગરીબીનો આંક નીચો આવ્યો, ગરીબીનું સ્તર ઘટ્યું છે આ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મુદ્દો લઇ અને ગામડાંની અંદર ગરીબોના બી.પી.એલ.ના કાર્ડ બનાવવામાં નથી આવ્યા અને આજે ગરીબોને લાભથી વંચિત રાખવામાં આવ્યા છે. આ ખેડૂતો અને ગરીબોની મોટી સમસ્યા છે. નેનો કારની વાત કરું તો નેનો કારની અંદર સરકારે કરોડો રૂપિયાની લોન આપી, લોન પણ કેવી કે ૨૦ વર્ષ પછી એ લોનની ભરપાઇ કરવાની અને એ પણ ૦.૧ ટકાના દરે. પરંતુ મારે એ કહેવું છે કે કંપનીઓને અને ઉદ્યોગપતિઓને જ આપવાની? જો ખેડૂતોને આપી હોત તો આ સમસ્યાનો હલ આવત. આભાર સાહેબ.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય દુષ્યંતભાઇ જે મહામહીમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર પ્રસ્તાવ લઇને આવેલા છે તેને હું અનુમોદન આપુ છું. ૨૦૧૨ થી ૨૦૧૭માં મને મારા સાવલી વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો. આ ભારતીય જનતા પાર્ટીની વિકાસશીલ, સંવેદનશીલ, તેમજ દરેક ગુજરાતીનું હિત ધરાવતી સરકારમાં બીજી વખત ૨૦૧૭થી મારા વિસ્તારનું પ્રતિનિધત્વ કરવાનો મને મોકો મળ્યો છે તે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દ્વારા મારા વિસ્તારમાં થયેલા વિકાસના કામને આભારી છે. હું આ સરકારના તમામે તમામ મારા મંત્રીશ્રીઓનો અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ જોઇ શકો છો કે ગુજરાતની અંદર ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ સરકાર ઉપર ગુજરાતની જનતાએ પૂરેપૂરો ભરોસો મૂકયો છે. જયારે કોઇપણ યોજનાઓ આવે છે એ પ્રજાલક્ષી યોજનાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. જયારે કોઇ કોંગ્રેસના, મારા વિરોધ પક્ષના આગેવાનો કંઇક બોલતા હોય, વિરોધ કરવો એ એમની મૂળભૂત ફરજ છે પણ હું એમને એવું કહુ છું કે ગરીબ કલ્યાણ મેળાઓ થયા તો એ લોકોનું નુકસાન કર્યું? ગરીબ કલ્યાણ મેળાની અંદર ગરીબોના લાભ, ગરીબો સુધી પહોંચ્યા તો એ લોકોનું નુકસાન થયું? આજે સમરસ પંચાયતની વાત લઇને આદરણીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આપણા સૌના લાડીલા નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા. સમરસ પંચાયતનો હેતુ માત્ર અને માત્ર એટલો હતો કે ગામની અંદર પંચાયતોમાં કોઇપણ પ્રકારની ચૂટણીઓ ન થાય, ગામમાં સમરસતા જળવાય. કુસંપ ન ફેલાય અને ગામનો વિકાસ થાય. આ પંચાયતને સમરસ કરવાનો જો કોઇને વિચાર આવ્યો હોય તો એ આપણા આદરણીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આવેલો. વિરોધ પક્ષવાળા મારું ખોટું ના લગાડે પણ એક વાત જરૂર કહીશ કે વિચારો વિચારોમાં ફર્ક છે. હમણા જ આદરણીય વિપક્ષના નેતા કહેતા હતા કે આંદોલનો થયા. સાહેબ, આ આંદોલનો થયા હોય અને એનો પૂરેપૂરો શ્રેય જો કોઇને આપવામાં આવતો હોય તો કોંગ્રેસ પક્ષને આપવામાં આવે. વર્ગવિગ્રહ થાય ત્યાં સુધી ગુજરાતને છેલ્લી પાયરી સુધી લઇ ગયા અને એનો જો કોઇને શ્રેય આપવામાં આવતો હોય તો માત્ર અને માત્ર આ કોંગ્રેસ પક્ષની વિચારધારાને આપવામાં આવે છે. સમરસ પંચાયતો કરીને કુસંપ ન ફેલાય અને ગામનો વિકાસ થાય એ વિચારો આપણા હતા. આજે પણ કહું કે જ્યારે પંચાયતોની વાત કરી ત્યારે હમણાં પંચાયતોની ચૂંટણીઓ ગઇ. દરેક પંચાયતમાં ઉમેદવારોનો રાફડો ફાટયો છે. કેમ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર ઉમેદવારી કરીને સરપંચ બનીને જશ લેવાનો છે. લાખો અને કરોડોની ગ્રાન્ટ ગામમાં આવે છે અને ગામનો વિકાસ થતો હોય ત્યારે જનતા સાથે રહે. (અંતરાય) આ બધી વસ્તુ તમને સારી નહીં લાગે. તમે લોકો પણ બીજી વાર ચૂંટાયા છો. મારા સિનિયર પણ છો. કામ ન કર્યું હોત તો જનતાએ તમને ન સ્વીકાર્યા હોત. તમે કામો કર્યા છે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને આભારી છે. આ બધી વસ્તુની પાછળ ૧૪મું નાણાપંચ છે. પ્રત્યેક વ્યક્તિ માટે પ્રજાલક્ષી રૂપિયા વપરાય છે. એ નાણા પંચનો લાભ ગામડાંના લોકોને મળ્યો છે. એના લીધે ગામો સમરસતા તરફ આગળ વધ્યા છે. ગામડાંને શહેરો જેવા બનાવવાનું સ્વપ્ન લઇને નીકળેલી આ સરકાર છે. ડેસર–સાવલી મારો મત વિસ્તાર છે. ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન મારા તાલુકામાં ભા.જ.પ.ની સરકારે જે કામો આપ્યા છે એના લીધે મારા વિસ્તારની જનતા ખુશ છે. અને એ મારું પરિણામ બતાવે છે. આ કામ કરતી સરકાર હોય તો આપણે એને સહકાર આપવો જોઇએ. આપણે રજૂઆત કરવી જઇએ. માત્રને માત્ર વિરોધ ન કરવો જોઇએ. મને એક મિનિટ આપી એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ આવ્યા છે એને મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : જય સરદાર. માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ વખત આ ગૃહની અંદર બોલવાનો મને મોકો મળ્યો છે. રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને હું અનુમોદન કરતો નથી. વિરોધ પક્ષના ધારાસભ્ય તરીકે સરકારની ત્રૂટીઓ અને લોકોનો અવાજ આ ગૃહની અંદર રજૂ થાય અને એમાંથી કંઇક સૂચનો જે આવ્યા હોય એ સત્તાધારી પાર્ટી સ્વીકારે અને લોકહિતના કામો કરે એવું વિપક્ષના સૌ ધારાસભ્યો ઇચ્છતા હોય છે. સરકારની નીતિઓની ટીકા કરવી હોય તો ઘણી બધી બાબતોમાં ટીકાઓ થઇ શકે. કલાકો સુધી ચૂંટાયેલા સૌ ધારાસભ્યો બોલી શકે પણ મારે આજે તક મળી છે ત્યારે ખેડૂતોના પ્રશ્નો અને મારા વિસ્તારના પ્રશ્નો અહીં જે મંત્રીશ્રીઓ ઉપસ્થિત છે એને આપના માધ્યમથી રજૂ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આ વર્ષે ૨૫ લાખ મે.ટન મગફળીનું ઉત્પાદન થયું. કૃષિમંત્રીશ્રીએ નિવેદન કર્યું કે સરકાર ટેકાના ભાવે મગફળીની ખરીદી ચાલુ કરશે. સરકારે પ્રથમ જાહેરાત કરી કે ૮ લાખ મે.ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે. ૮ લાખ મે.ટન મગફળીની ખરીદી જે સહકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી એમાં ઘણી બધી સહકારી સંસ્થાઓ ફડચામાં ગયેલી, ઘણી સંસ્થાઓ બીન કાર્યક્ષમ પણ હતી અને એના કારણે સમગ્ર ગુજરાતમાં ખેડૂતોનો અસંતોષ વધ્યો અને ગોંડલમાં જે આગનો કાંડ થયો એ ગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓ જાણે છે. પણ ગુજરાતની અંદર ૨૫ લાખ મે.ટન મગફળીનું ઉત્પાદન થયું હોય અને સરકાર ૮ લાખ મે.ટન ખરીદી કરે અને ફરીથી ૪ લાખ મે. ટન મગફળીની ખરીદીની મંજૂરી

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માગે અને કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ ૪ લાખ મે.ટનના બદલે ૧ લાખ મે.ટન મગફળીની ખરીદીની મંજૂરી આપે તો કુલ ૯ લાખ મે.ટન મગફળીની ખરીદી થાય. બાકીની ૧૬ લાખ મે.ટન મગફળી જે ખેડૂતોની છે, જે નાના અને નબળા ખેડૂતો છે જેની પાસે લાગવગ ચલાવીને સહકારી સંસ્થાઓની અંદર મગફળી નાખી શકે એમ નથી એવા ખેડૂતોએ બજારમાં સાડા છસોથી સાડા સાત સો રૂપિયા મણના ભાવે મગફળી વેચવી પડી છે અને આ ખેડૂતો માટે આ રાજ્ય સરકારે ખરેખર વિચારવું જોઇએ કારણ કે જે ખરેખર કાયદેસરના હકદાર ખેડૂતો છે એ ખેડૂતો આમાં રહી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો, ગઇ સાલના કપાસના પાક વીમાનો મુદ્દો છે. કપાસના પાક વીમામાં મગફળીનો પાક વીમો ચૂકવાઇ ગયો. કપાસનો પાક વીમો આ બીજું વર્ષ કપાસ નીકળી ગયો છતાં પણ હજુ સુધી આ કપાસના પાક વીમા પ્રશ્ને સરકાર તરફથી કે વીમા કંપનીઓ તરફથી કોઇ પણ પ્રકારની જાહેરાત થાતી નથી અને એના કારણે ખેડૂતો આજે હેરાન–પરેશાન છે. મારું કૃષિ મંત્રીશ્રીને આપના માધ્યમથી સૂચન છે કે કપાસનો પાક વીમો તાત્કાલિક મળે એટલા માટે આપ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરો અને ગૃહના સૌ સભ્યો ભેગા મળીને ખેડૂતોને ન્યાય અપાવવા માટેનો પ્રયત્ન કરીએ. ખેડૂતોના મુદ્દાઓ વિષે તો આપણે ઘણી બધી વાતો કરી શકીએ એમ છીએ. પરંતુ મારે આરોગ્ય બાબતે મારા વિસ્તારની ચર્ચા કરવી છે. ધોરાજીની અંદર કરોડો રૂપિયાના લોકફાળાથી અદ્યતન સરકારી હોસ્પિટલનું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. આ દવાખાનની અંદર ૧૧ જુદા જુદા વિભાગોના ડોકટરોની જગ્યા છે. પરંતુ ફક્ત ૪ ડોકટરોમાં ૩ ડોકટરો અઠવાડિયામાં એક કે બે દિવસ આવે છે. ૧૧ ડોકટરોની જગ્યા છે અને એક ડોકટરથી હોસ્પિટલ ચાલે છે. આ જ પરિસ્થિતિ ઉપલેટાની છે. ઉપલેટા સરકારી હોસ્પિટલનું સેટઅપ ૧૧ ડોકટરોનું છે ત્યાં ફક્ત ૪ ડોકટરો છે એમાં ફક્ત ૨ ડોકટરો આવે છે અને સાહેબ, બીજી વાત કે આરોગ્યના પ્રશ્ને જે લેબોરેટરીઓ છે પેથોલોજિસ્ટ સિવાયની એના ઉપર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો. ગુજરાતની અંદર ઘણી બધી જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલો એવી છે કે એમાં પેથોલોજિસ્ટની પોસ્ટ છે પરંતુ પેથોલોજિસ્ટ નથી. મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારની અંદર ૫ લાખ નાગરિકો રહે છે. આ ૫ લાખ નાગરિક વચ્ચે ફક્ત એક પેથોલોજિસ્ટ છે અને સુપ્રીમ કોર્ટનું જે જજમેન્ટ આવ્યું એ જજમેન્ટ મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હોસ્પિટલોની અંદર પેથોલોજિસ્ટ નથી તો આપણે સૌએ ગુજરાતની જનતા માટે સામૂહિક રીતે વિચારવું જોઇએ અને એનો કોઇ રસ્તો નીકળતો હોય તો આરોગ્ય મંત્રીશ્રી પણ વિચારીને પેથોલોજિસ્ટને બદલે નવા પેથોલોજિસ્ટ ના આવે ત્યાં સુધી જુદી વ્યવસ્થા લેબોરેટરીની કરવામાં આવે એવી પણ મારી વિનંતી છે. સાહેબ, રહી મારી બીજી વાત મારા વિસ્તારની અંદર ચૂંટાણા પછી સતત હું કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, મામલતદારશ્રી, પોલીસ અધિકારીશ્રીઓ, ખાણ ખનીજના અધિકારીઓને વિનંતી કરતો આવ્યો છું. મારા વિસ્તારની અંદર ભાદર નદી નીકળે છે. ભાદર નદીની અંદર રેતી જે ખનીજ છે એ રેતીની ચોરી કરવામાં આવે છે. સ્થળ ઉપર ખાણ–ખનીજ અધિકારીને લઇને જાવ અને એને બતાવું કે આ રેતીની ચોરી થાય છે. તમે જે લીઝ આપી છે એ અહીંયાથી શરૂ થાય છે એના બદલે એ બીજી જગ્યાએથી રેતી ચોરી કરે છે પણ કોઇપણ જાતના પગલાં લેવામાં આવતા નથી. મુખ્ય પ્રશ્ન ખનીજ •(×××) પરંતુ જે ખનીજ ચોરી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : *(×××) આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : ઓ. કે. સાહેબ, મારો કહેવાનો હેતુ એવો નહતો અને મારો જે આ પ્રશ્ન છે એ બીજી રીતે મારે રજૂ કરવો હતો. એનું જે વહન કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. આદરણીય મંત્રીશ્રી કૌશિકભાઇ. Mi/કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ આદરણીય રાજયપાલશ્રીના આભાર પ્રવચનનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપવા ઉભો થયો છું. આ ગૃહની અંદર જેટલા સભ્યો બોલ્યા એમાં અમારી પાર્ટીના કેટલાક સભ્યોએ આ ગુજરાતમાં અમારી સરકારના નેતૃત્વમાં જે વિકાસ થયો એની હકીકતલક્ષી વાતો કરી છે. *(×××) એમને આવવું છે અહીંયા પણ આવી શકતા નથી. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : આવું ના કહેવાય.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દને કાઢી નાખીએ છીએ. (અંતરાય) માનનીય બળદેવભાઇ,

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એમનો અભિપ્રાય રહ્યો છે. સરકારની વિરુદ્ધનો અભિપ્રાય રહ્યો છે ૨૨ વર્ષથી. (અંતરાય) વિરોધ પક્ષના નેતા તરીકે પરેશભાઇ પાસેથી મને અપેક્ષા હતી કે એ સાચું જોશે, સાચું સાંભળશે અને સાચું બોલશે પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાચું બોલશે એમ કહેવાય? જુઠું નહીં બોલે (અંતરાય) એનો અર્થ એવો નથી ગણાતો. શ્રી કૌશિકભાઇ જ. પટેલ : અમિતભાઇ, હવે તમે મને મારા કામમાં કમી કરશો. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ આવી રીતે કહી શકાય, ઉલટું આ સારી રીત છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : સાહેબ, મને મદદ કરો. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ શૈલેષભાઇ,

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : આપ અધ્યક્ષ છો, આપનો નિર્ણય અમને માન્ય છે. આ જે બોલે છે અને આપ જેટલું કાઢો છો એટલું અમે સાંભળીએ છીએ. જેટલું નથી નીકાળતા એ વખતે અમને ટોકતા હતા, કારણકે આ જે રીતે બોલે છે એ બ્લેમ કરે છે નેતા ઉપર.

અધ્યક્ષશ્રી : જયાં કીધું, મને જયાં યોગ્ય લાગ્યું એવું મેં તરત કાઢયું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : બ્લેમ કરે છે અમારા નેતા ઉપર.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : શૈલેષભાઇ, એવી હું અપેક્ષા રાખું છું કે સાચું બોલશે. હું એવું બોલ્યો છું કે સાચું બોલશે એવી અપેક્ષા રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : તમે કેવી રીતે કહી શકો અમારા નેતા સાચું નથી બોલતા?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હું કહું છું ને જવાબ આપવા તો ઉભો થયો છું. હું જવાબ આપવા જ ઉભો થયો છું.

શ્રી શૈલેષ મ. પરમાર : એવું એ કહી ન શકે. (અંતરાય) એ જજ કેવી રીતે બન્યા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા બેસી જાવ, બળદેવભાઇ,

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એટલે જે અપેક્ષા હતી એ પૂરી થઇ નથી. અમારી પાર્ટીની નીતિ, નિયત અને નેતા અમારો મંત્ર છે. ગરીબ કલ્યાણ વિકાસ અમારી નીતિ છે. ભારતનું ગૌરવ, રાષ્ટ્રપ્રેમ અમારી નિયત છે અને વિશ્વની અંદર જેમની સ્વીકૃતિની નોંધ લેવી પડે એવા અમારી પાસે નેતા છે. ગુજરાતની અંદર ૨૦૦૧થી જે વિકાસ થયો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવભાઇ, મેં પંદર વખત આપને ટોકયા છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ગુજરાત એક મોડલ સ્ટેટ બન્યું. આજે એ ગુજરાતના સપૂત દેશનું સુકાન સંભાળે છે અને આજે વિશ્વની અંદર કોઇપણ બાબતની ચહલપહલ થાય તો આપણા ભારતના વડાપ્રધાનને ધ્યાને લેવા પડે એવું સન્માન આજે આપણા વડાપ્રધાનને મળ્યું છે. વિકાસની વાત કરવા માગું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે, મારો સમય ઓછો ન થાય એ માટે મને ડિસ્ટર્બ ન કરે. હું પ્રયત્ન કરીશ કે સાચી વાત તમારા સુધી પહોંચાડી શકું. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી થઇ ત્યારે ત્રણ વાતો અમારા નેતાએ આ દેશને કરી હતી. સૌનો સાથ, સૌનો વિકાસ, કોંગ્રેસ મુકત ભારત અને ત્રીજી વાત અબકી બાર મોદી સરકાર. આ દેશની જનતાએ અમારા આ ત્રણેય મંત્રને સ્વીકાર્યા. અબકી બાર મોદી સરકાર, કોંગ્રેસ મુક્ત ભારત, અને સબકા સાથ સબકા વિકાસ. વિરોધ પક્ષના નેતા વારંવાર એમના ભાષણમાં બોલ્યા. જવાબ આપો, જવાબ આપો. જે જવાબ ને અધિકારી હતા. ગુજરાતની પ્રજાને અમે જવાબ આપીને આવ્યા છીએ. છઠ્ઠી વાર જવાબ આપીને ગુજરાતમાં આવ્યા છીએ. જેનો અધિકાર હતો જવાબ માગવાનો તેને અમે આપીને આવ્યા છીએ. આ અધિકાર તમારો નથી. પ્રજાનો અધિકાર છે. અમે અહીંયા જવાબ આપીને આવ્યા છીએ. અમારા મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ અમારા નાયબ મુખ્યમંત્રીના...

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવભાઇ હવે છેલ્લીવાર.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : નેતૃત્વમાં પારદર્શક, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાની સરકાર ગુજરાતમાં ચાલી રહી છે. આ અમારા માટે જેમ કહેવાયું કે સૂત્ર નથી. આ અમારા માટે મહામંત્ર છે. આ મહામંત્રને વળગીને ગુજરાતને સમૃદ્ધ બનાવવા માટે કામગીરી કરી રહ્યાં છીએ. આ હાઉસમાં પહેલા પણ હું બેસતો હતો. નર્મદાની વાતો વર્ષોથી કરતા આવીએ છીએ. નવા સભ્યોને જાણકારી આપવા માટે નર્મદાના મુદાની ચર્ચા કરીશ. આ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ૧૯૬૧ માં જે યોજનાનો પાયો નાખ્યો. ૫૦ વર્ષ સુધી આ યોજના પૂરી ન થાય. આવું વિશ્વમાં કયાંય હોય? કોંગ્રેસના શાસનમાં થયું. હિન્દુસ્તાનમાં ૫૦ વર્ષમાં યોજના પૂરી ન થાય. ૫,૦૦૦ ની યોજના ૫૦,૦૦૦ એ પહોંચાડી. રાજ્યના એક મુખ્યમંત્રીને ઉપવાસ ઉપર ઉતરવું પડે. આવું કોંગ્રેસનું શાસન હતું. આ નર્મદાની વાત, તમારા શાસનમાં, તમારા વડાપ્રધાન નામ નથી કહેતો બધા જાણે છે.

અધ્યક્ષશ્રી : શ્રી પ્રેમસીંગભાઇ શાંતિ રાખો. તમે બોલ્યા ત્યારે બધાને મેં શાંત રાખ્યા છે. કોઇએ ડિસ્ટર્બ નથી થવા દીધા. મંત્રીશ્રી બોલતા હોય ત્યારે શાંતિ રાખીએ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આપનું રક્ષણ માગું છું.

અધ્યક્ષશ્રી : એટલે જ મેં કહ્યું. હવે બળદેવભાઇ તો નહિ જ બોલે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આ નર્મદા યોજનાની ફાઇલ એક વડાપ્રધાનશ્રીના શાસનમાં ૧૬ વર્ષ સુધી તિજોરીમાં પડી રહી. નવા સભ્યોએ ધ્યાનમાં લેવાનું રહે. એના ઉપરથી ધૂળ ખંખેરી નથી. નર્મદાની વાત કરવાનો કોંગ્રેસને અધિકાર નથી. જીવાદોરી નર્મદા યોજના ૫–૭ લોકસભાની ચૂંટણી, ૫–૭ વિધાનસભાની ચૂંટણીઓ આ કોંગ્રેસના લોકો નર્મદા લાવીશું, નર્મદા લાવીશું. આ ગુજરાતની પ્રજાને છેતરીને સત્તા ભોગવી. નર્મદા ન આવી. નર્મદા ભાજપના શાસનમાં આવી તેનું અમને ગૌરવ છે. સંવેદનશીલતાની વાત થઇ. બનાસકાંઠા અને પાટણમાં કેવું પૂર આવ્યું. અતિવૃષ્ટિ. ભગવાનને પ્રાર્થના કરીએ કે કયારે ય અતિવૃષ્ટિ ન આવે. અતિવૃષ્ટિ આવતી હોય ત્યારે સરકાર મા–બાપ હોય છે. આજે રાજ્યના મુખ્યમંત્રી ૫ દિવસ સુધી રેસ્ક્યુ, રિલિફ, રિહેબિલિટેશન આ ત્રણેય વસ્તુ કરવાની હોય એ તાત્કાલિક પૂરી પાડી. સંવેદનશીલતા આને કહેવાય. ભૂતકાળમાં વર્ષો સુધી ના રેસ્ક્યુ, ના રિલિફ મળી હોય. આ થયા પછી ૧૦–૧૧ ગામો જે પાણીમાં છે એને વસાવવાની વાત મુખ્યમંત્રીશ્રીએ કરી નાખી છે. આનું નામ સંવેદનશીલતા. કામગીરી કરવાની વાત એ અમારી સરકારમાં મુખ્યમંત્રીશ્રી, નાયબ

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં થઇ રહી છે. આદિવાસીની ઘણી વાતો થઇ. પેસા એક્ટ આદિવાસી એ આજના નથી. આઝાદ થયા ત્યારે પેસા એક્ટનો અમલ કરવો હતો ને તમારે? નથી થયો અમલ. ભારતીય જનતા પાર્ટીની સરકારે પેસા એક્ટનો અમલ કર્યો છે. કર્યો હતો તમે એટલે તો તમને ત્યાં બેસાડયા. તમે કર્યો હતો એટલે તમને ત્યાં બેસાડયા. તમને ત્યાં બેસાડયા. હું વિવાદમાં જતો નથી. સામાજિક ન્યાયની બાબતમાં...

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી બોલે છે વકતવ્ય આપે છે. તેમણે પણ ઘણું ચિંતન કર્યુ છે. આપ સૌએ ચિંતન કરીને કહ્યું હતું તો બધાએ શાંતિથી સાંભળ્યું છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી જયારે બોલતા હતા ત્યારે એકપણ સભ્ય ઉભા થઇ બોલ્યા નથી. કોઇ વિક્ષેપ પાડયો નથી.

અધ્યક્ષશ્રી :આપને કોઇ કાયદેસર વાંધો લેવાનો હોય તો ચોક્કસ લેજો. આ રીતે ઉભા થઇને બોલો તે બરાબર નથી. મારી વિનંતી છે કે આપને કંઇ પ્રશ્ન થાય તો ચોક્કસ કહેજો. અત્યારે બેસી જાઓ પ્લીઝ. મારૂ સાહેબ બેસી જાઓ. આપ શું કરવા ઉભા થઇ જાઓ છો. સિનિયર મિત્રો છે. આપ બેસી જાઓ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત કરીને...

અધ્યક્ષશ્રી :માનનીય મંત્રીશ્રી એક મિનિટ, શું છે?

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : આદિવાસીઓની વાત છે ત્યારે પેસા એક્ટનો અમલ હજુ નથી થયો.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું છે પહેલાં? પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : હા સર, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : આદિવાસીઓની આ આદિવાસીની વાત થાય છે ત્યારે પેસા એક્ટનો અમલ એકપણ બાબતમાં આદિવાસી વિસ્તારમાં થયો નથી.

અધ્યક્ષશ્રી : એ તમારે તમારા ભાષણમાં કહેવું જોઇએ. અત્યારે વાત ન થાય. પ્લીઝ બેસી જાઓ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવામાં આવે છે. વિપક્ષના નેતાશ્રી ઉભા થયા છે આપ જરા બેસી જાઓ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઇની વાત પોઇન્ટ ઓફ કલેરીફીકેશન માટે છે.

અધ્યક્ષશ્રી :પોઇન્ટ ઓફ ઓર્ડર તેમણે માગ્યો. તે નામંજૂર કર્યો છે. મંત્રીશ્રીને તેમનું વકતવ્ય આપવા દઇએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પેસા એક્ટનો કાયદો ૧૯૯૬માં આવ્યો છે. આગળની તારીખો અને આગળના વર્ષ કોટ કર્યા છે એટલે મંત્રીશ્રી આટલો સુધારો કરી લે.

અધ્યક્ષશ્રી :બધાને આ બાજુ તક મળી છે. બધાએ પોતાની વાત કહી છે. મંત્રીશ્રી તેમની વાત કરે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિપક્ષના નેતાનું પ્રવચન ચાલતું હતું અને સામાપક્ષે બધા જ મિત્રો બોલ્યા ત્યારે અહીંથી કોઇએ ડીસ્ટર્બ ન્હોતા કર્યા. સાંભળો તમે જે બોલ્યા તે અમને ગમ્યું નથી. કયારેય એવું ન બને કે મને ગમે તેવું સામાવાળા બોલે. તમે બોલ્યા તે અમને ન્હોતું ગમ્યું. અમે શાંતિથી બેઠા હતા. હવે ગમે કે ન ગમે શાંતિથી સાંભળો તેવી વિપક્ષના નેતાને આપના દ્વારા વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી :પતી ગયું. શાંતિ થઇ ગઇ. સભાગૃહમાં શાંતિ છે પ્લીઝ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત આ હાઉસમાં વર્ષોથી થાય છે. અમારા નેતા આદરણીય વડાપ્રધાન સૌ પ્રથમવાર પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે પહેલાં કહ્યું હતું કે મારી સરકાર ગરીબોને સમર્પિત સરકાર છે. આ પહેલીવાર દેશના કોઇ વડાપ્રધાન બોલ્યા હોય તો આ છે. ભૂતકાળમાં યુ.પી.એ. સરકારના વડાપ્રધાન મત લેવા માટે શું બોલ્યા હતા તે મારે કહેવું નથી. આ દેશની ઉપર કોનો પહેલો અધિકાર છે, તે મારે કહેવું નથી. મત લેવા માટે તે બોલેલા. અમારી સરકારના વડાપ્રધાન બોલ્યા હતા કે મારી સરકાર ગરીબોને સમર્પિત છે. ગરીબોની વાત કરવાનો અધિકાર અમને છે તમને નથી. ગરીબ કલ્યાણ મેળાના આંકડા આપું. આ રાજયની સાડ છ કરોડ જનતામાંથી દોઢ કરોડ જનતાને ગરીબ કલ્યાણ મેળામાં સમાવિષ્ટ કર્યા છે. આ આંકડો ગરીબ કલ્યાણ મેળાનો છે. ૨૩૮૨૩ કરોડ રૂપિયા ગરીબો માટે, રોજગારી માટે અને તેમની સુવિધા માટે આ સરકારે આપ્યા છે. હું તો અભિનંદન આપું અમારા મુખ્યમંત્રીશ્રીને,

અધ્યક્ષશ્રી :આપની ધીરજ કેમ ખૂટી ગઇ છે. હજું તો પાંચ વર્ષ આપણે વીતાવવાના છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત કરવાનો તમને અધિકાર નથી. આંકડા સાથે આપું છું. શાળા આરોગ્ય કાર્યક્રમમાં આ રાજયના દોઢ કરોડ બાળકોને અમારી સરકાર આરોગ્ય પૂરું પાડે છે. તેમાં કીડની, હૃદયરોગ, કેન્સર હોય તેવા ગંભીર પ્રકારના રોગમાં મફત સારવાર આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, મા વાત્સલ્ય યોજનામાં ૫૨.૬૫ લાખ બી.પી.એલ. લોકોને આ યોજનામાં કવર કરવામાં આવેલ છે અને એમને આરોગ્યની વધુ સારી સુવિધા મળે એ માટે બજેટમાં એની રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. હું ગરીબોના તમને આંકડા આપુ છું, ગરીબોના તમે હિમાયતી છોને તો એના પણ હું તમને આંકડા આપી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી તેઓએ મહાન નેતાઓના નામે મત લીધા, ગરીબોના નામે મત લીધા, તૃષ્ટીકરણના નામે મત લીધા અને હવે મંદિરના નામે મત લેવા નીકળ્યા છે, હવે મંદિરના નામે મત લેવા નીકળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના મહાન નેતાઓ સરદારસાહેબ અને બાબાસાહેબને ભારત રત્ન આપવા માટે વર્ષો કાઢી

નાંખ્યા. કોંગ્રેસના લોકોને એમનું નામ લેવાનો અધિકાર નથી, ભારત રત્ન આપવા માટે વર્ષો કાઢી નાંખ્યા. એકતા અને અખંડિતતાના પ્રતિક વિકાસની સાથે એકતા અમારો નારો છે, વિકાસની સાથે અખંડિતતા અમારો નારો છે, એકતા અને અખંડિતતાના પ્રહરી સરદાર સાહેબનું વિશ્વની અંદર સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટરનું અમારી સરકારે બનાવ્યું તમને આમંત્રણ છે કે, આનું ઉદઘાટન થાય ત્યારે આપ સૌ ત્યાં આવજો તમને બધાને અમારું આમંત્રણ છે. માનનીય અધ્યક્ષશ્રી, સેવા સેતુ કાર્યક્રમ, ગરીબોની વાતો કરો છો, સેવા સેતુ કાર્યક્રમ, ધક્કા ખાવા પડે છે, અધિકારીઓ માનતા નથી, પૈસા આપવા પડે છે આ વર્ષોથી વાતો થતી હતી, આ વિજયભાઇના નેતૃત્વમાં સેવા સેતુ કાર્યક્રમનો ૧.૧૯ કરોડ લોકોએ લાભ લઇને નાના નાના સર્ટીફિકેટસ, આવકનું સર્ટીફિકેટ, જાતિનું સર્ટીફિકેટ ૧.૧૯ કરોડ લોકોએ ઘરને આંગણે મેળવ્યું આનાથી વધારે ગરીબોની કઇ વાત હોય? સેવા સેતુનો કાર્યક્રમ અમારા મુખ્ય મંત્રી લાવ્યા અને સફળતાથી પૂરો કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હાઉસમાં ઘણાં વખતથી વિકાસની વાત થાય છે અને અમારી સરકારના નેતૃત્વમાં અમારા સભ્યોએ કહ્યું છે કે, ખેતીની બાબત હોય, શિક્ષણની બાબત હોય, આરોગ્યની બાબત હોય, રોડ રસ્તાની બાબત હોય એમાં ખબર હોવી જોઇએ વિરોધ પક્ષના નેતાને અને તમને બધાને કે, આ સરકારને ૩૧૦ નેશનલ એવોર્ડ મળ્યા છે. સાંભળી લો ૩૧૦ નેશનલ એવોર્ડ મળ્યા છે આ સરકારને અને ૩૩ ઇન્ટર નેશનલ એવોર્ડ મળ્યા છે, આ એવોર્ડ કોણે આપ્યા છે? આ એવોર્ડ યુ.પી.એ. સરકારના આદરણીય મનમોહનસિંઘે અમને આપ્યા છે, આ ગુજરાતની સરકારને એવોર્ડ આપ્યા છે. ગુજરાતની આ સરકાર સારી છે માટે માનનીય મનમોહનસિંઘે એવોર્ડ આપ્યા છે. વિકાસની ટીકા કરવાનો તમને અધિકાર નથી, વિકાસની વાત કરવાનો તમને અધિકાર નથી. આ સરકારે જે વિકાસની વાત કરી છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આદરણીય મંત્રીશ્રી કૌશિકભાઇ, મારી શરુઆતમાં જ મેં કહ્યું હતું કે, ધ્રુજે દિશાઓ એવો લલકાર જોઇએ, પ્રત્યેક શબ્દમાં રણટંકાર જોઇએ. મને એવું લાગે છે કે વિપક્ષના સભ્યોએ શબ્દબાણ ખૂબ માર્યા તમારા શબ્દબાણ પણ હવે એમણે સહન કરવા જોઇએ. (અંતરાય) આજે તો સહન કરવા જ પડશે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકાર માને છે સરળતા, મારી સરકાર માને છે ઝડપતા, મારી સરકાર માને છે ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ. દરેક ડિપાર્ટમેન્ટની અંદર સરળતા થાય, ભ્રષ્ટાચાર દૂર થાય, અમારી નિયત અને નીતિમાં ખામી નથી, અમારી નિયત સાફ છે, અમારી નીતિ સાફ છે. અમારા શાસનની અંદર જે જે કોઇ અમારી પાસે માહિતીઓ આવી એ ડિપાર્ટમેન્ટના લોકોએ, માનનીય મંત્રીશ્રીઓએ એનો અલગથી નિકાલ કર્યો છે. ૨૨ વરસથી ગુજરાતની પ્રજાએ અમારું શાસન જોયું છે. એ શાસનના કારણે, એ અમારા વિચારોના કારણે અને અમારી જે પ્રગતિ છે એના કારણે આજે ગુજરાતમાં દેશની અંદર કોઇ પાર્ટીને આવો મોકો નથી મળ્યો. આઝાદી પછી એક પશ્ચિમ બંગાળ સિવાય. ભારતીય જનતા પાર્ટી ગૌરવ લે છે કે, ગુજરાતની અંદર આઝાદી પછી પહેલીવાર ૬ વાર શાસન કરવાનો મોકો મળ્યો છે એવી પાર્ટીના અમે કાર્યકર્તાઓ છીએ. હજી પણ અમને મોકો આપ્યો છે પ્રજાએ. બાકી રહેલી ખામીઓ પણ દૂર કરીશું. કોઇ વિભાગ બાકી નહિ રહે. અમારી પાસે જે જે માહિતીઓ આવશે, જે જે વિકાસના વિચારો આવશે એ અમલમાં મૂકીએ છીએ. અમારી નિર્ણાયકતા છે, અમારી સંવેદનશીલતા છે, આ વાત કહીને હું ગુજરાતનું ગૌરવ અનુભવું છું. દેશના ગૌરવશાળી વડાપ્રધાન નરેન્દ્રભાઇ ગુજરાતના છે. દેશની સૌથી મોટી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ ગુજરાતના અમિતભાઇ શાહની સીટમાં હું લડીને ફરીથી આ હાઉસમાં આવ્યો છું. મારા વિભાગની પણ વાત કરી દઉં. મારા વિભાગમાં ન્યાય માટે, સત્ય માટે જે બાબત લાવવામાં આવશે એ ન્યાયિક રીતે, સત્ય રીતે મારી સરકાર કરશે એનો મને વિશ્વાસ છે. છેલ્લે એક વાત કહું કે અહીંથી જવાય નદી સુધી અને અહીંથી જવાય સદી સુધી, આવો આપણે બધા ગુજરાતના લોકવિકાસ દ્વારા સદી સુધી પહોંચીએ. સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કૌશીકભાઇનું વકતવ્ય પૂર્ણ થાય છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૭ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

# ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
# તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

બોટાદ જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો

* ૧૨૮૯ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે બોટાદ જિલ્લામાં ગોડાઉન/વેરહાઉસ/કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી રકમની સહાય કેટલા લાભાર્થીને ચૂકવી છે, અને | (૧) ૫૧ લાભાર્થીઓ<br>રૂ. ૩,૧૭,૧૪,૧૪૬/– |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયેલ છે ? | (૨) ૧૫,૨૩૫ મે. ટન |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની સહકારી સંસ્થાઓ સંચાલિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કુલ સંગ્રહ ક્ષમતા કેટલી છે? તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં સરકારશ્રીની મદદથી કેટલી વૃદ્ધી થઇ છે અને વેરહાઉસીંગના નોર્મ્સ મુજબ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની પોતાની જમીન હોય ત્યાં વેરહાઉસ ગોડાઉન બાંધવા માટે શું યોજના છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની હાલની સહકારી ક્ષેત્રની સંગ્રહ ક્ષમતા ૧૭ લાખ મે.ટન છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારી સહાયથી ૫ લાખ મે.ટન જેટલી સંગ્રહ ક્ષમતાનો વધારો કરવામાં આવેલ છે. બીજું કે, વેર હાઉસ બાબતમાં 'અ' વર્ગની બજાર સમિતિને ૨૫૦૦ મે.ટન સ્ટોરેજ કેપેસિટી માટે એની પ્રોજેક્ટ કોસ્ટના ૩૦ ટકા અથવા મહત્તમ ૫૨ લાખ એ બેમાંથી જે ઓછા હોય એ આપવામાં આવે છે. 'બ' વર્ગ માટે ૨૫૦૦ મે.ટન ક્ષમતા માટે ૩૫ ટકા અને ૫૨ લાખ બેમાંથી જે ઓછા હોય એ સહાય આપવામાં આવે છે. 'ક' વર્ગમાં ૧ હજાર મે.ટન સ્ટોરેજ કેપેસિટી માટે ગોડાઉન બાંધવાની પ્રોજેક્ટ કોસ્ટના ૬૦ ટકા પ્રમાણે અને મહત્તમ ૩૨ લાખ અને 'ડ' વર્ગમાં ૧ હજાર મે.ટન કેપેસિટી માટે ૯૦ ટકા પ્રોજેક્ટ કોસ્ટના અથવા મહત્તમ ૩૨ લાખ એ બેમાંથી જે ઓછું હોય એ આપી શકાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટોરેજ, વેર હાઉસ અને ગોડાઉન માટે જે માર્કેટ યાર્ડ પાસે જમીનો નથી. સરકારશ્રીનો પરિપત્ર પણ હતો કે અ, બ, ક વર્ગના જે માર્કેટ યાર્ડ પાસે જમીન ન હોય અને સરકારી જમીન હોય અને દરખાસ્ત કરશે તો આપવામાં આવશે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં આવા કેટલા માર્કેટ યાર્ડની દરખાસ્તો પેન્ડીંગ છે અને આવી જમીન આપવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય સભ્યશ્રીને એટલું જ કહીશ કે, માર્કેટ યાર્ડ પાસે પોતાની જો જમીન હોય તો એને આ લાભ આપવામાં આવે છે. જો અન્યત્ર બાંધવા જાય અને તમે એ ભાડા પટ્ટે લો અને બાંધ્યા પછી એ સ્ટ્રકચર ૫૦–૬૦ વર્ષ ચાલતું હોય છે. એ માટેની દરખાસ્ત આવશે અને નિયમ મુજબ હશે તો જમીન આપવામાં આવશે. જમીન મહેસૂલ વિભાગ તરફથી આપવાની હોય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : મહેસૂલ મંત્રીશ્રીએ પરિપત્ર કર્યો છે કે જે માર્કેટ યાર્ડ પાસે જમીન ઉપલબ્ધ નથી અને સરકારી જમીન તાલુકા મથકે હોય, અને મધ્ય ગુજરાતની વાત કરીએ તો ત્યાં ઘણી બધી શાકભાજી, બટેટા વગેરે થાય છે. આવી જમીન સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : સભ્યશ્રી વાત કરે છે એ મહેસૂલ વિભાગે જમીન આપવાની હોય છે. પછી સહકાર વિભાગ તરફથી આ યોજનાનો લાભ આપવાનો હોય છે.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : સહકારી ક્ષેત્રે સંગ્રહ ક્ષમતા વધારવા માટે ગોડાઉનો બાંધવા માટે કુલ કેટલી અને કઇ કઇ યોજનાઓ અમલમાં છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ :સહકારી ક્ષેત્રે સંગ્રહ ક્ષમતા વધારવા માટે ગોડાઉન બાંધવા નીચે મુજબની યોજનાઓ અમલમાં છે. કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને ખેડૂતો અને વેપારીઓને ગોડાઉન બાંધવાની સહાય આપવામાં આવે છે એ જ રીતે વેર હાઉસના નોર્મ્સ મુજબ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને ગોડાઉન બાંધવાની સહાય મળે છે. પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ મંડળીઓ હોય તેમને પણ નાબાર્ડ પુરસ્કૃત ગોડાઉન બાંધવા માટે ૭૩ ટકા સહાયની યોજના અમલમાં છે. એ હેઠળ ખેડૂતોની અનાજની સંગ્રહ ક્ષમતા વધારવા માટે ગોડાઉન બાંધવા માટે ખેડૂતો માટેની ખેડૂત

બજાર સમિતિ અને સહકારી મંડળીઓને ૨૫ ટકા કેપિટલ સબસિડીની યોજના પણ અમલમાં છે. અને ગોડાઉન બાંધવા માટે લીધેલ લોન ઉપર ૬% વ્યાજ સહાય યોજના પણ ૨૦૧૫-૧૬થી શરૂ કરવામાં આવી છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે મારા તારાપુર મત વિસ્તારની અંદર બજાર સમિતિ છે અને એ સમિતિની અંદર હાલ જે યોગાન છે એ નાની ચોકડી ઉપર ભરચક ટ્રાફિક ઉપર આવેલું છે એના આધારે નવી બજાર સમિતિ બનાવવાની છે અને અમારી પાસે સરકારી જમીન પણ નથી. અમારી બજાર સમિતિ જમીન ખરીદવા માગે છે. એકવાર બજાર સમિતિએ જમીન ખરીદવા માટે માગણી કરી તો જિલ્લા રજિસ્ટ્રારમાંથી પરિપત્ર આવ્યો કે તમે જે જમીન ખરીદવા માગો છો એ જંત્રીના ભાવે જમીન ખરીદો. સાહેબ, કોઇપણ શહેરમાં, કોઇપણ ગામમાં જંત્રીના ભાવે કોઇ જમીન આપે નહિ જેના લીધે અમારો પ્રશ્ન વિકટ બન્યો છે તો અમારા તારાપુર બજાર સમિતિને બજાર સમિતિના ખર્ચે બજાર ભાવે જમીન ખરીદવા મંજૂરી આપવા માગો છો કે નહિ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન બોટાદ જિલ્લાનો છે. સભ્યશ્રીએ જે વાત કરી એના માટે અલગ નોટિસ આપવામાં આવશે તો જણાવીશું.

ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિમાંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત

* ૪૭૭ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ-૨૦૦૯માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા. ૩૧-૧૨-૨૦૧૩ અને ત્યાર બાદ વિભાગનાં તા. ૧૭-૧૨-૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૨) કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે એચ.એસ.ડી. ઓઇલ કેન્દ્ર સરકારની નીતિમાંથી બી.પી.એલ. નોર્મ્સ દૂર થાય છે એ માટે સન ૨૦૧૩ અને ૨૦૧૪ માં યાદી પત્ર બાદ પણ કેન્દ્ર સરકાર તરફથી કોઇ પ્રતિસાદ મળેલ નથી તો તે માટે રાજ્ય સરકાર દ્વારા ૩ વર્ષ દરમ્યાન ક્યારે ક્યારે કેન્દ્ર સરકારને રજૂઆત કરી તેના શું પ્રતિભાવ મળ્યા? બીજું કેન્દ્રમાં ભાજપની સરકાર આવી એને ૩ વર્ષ થયા છે તેમછતાં બી.પી.એલ. નોર્મ્સ દૂર ના થયા હોય તો કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અન્યાય થાય છે તે માટે થપ્પડની જાહેરાત શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ફિશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ. ડી. ઓઇલની બાબતનો પ્રશ્ન ભારત સરકારની નીતિ હેઠળનો છે અને એમાં ભારત સરકારે ૨૦૦૯માં એ વખતે જે લોકોની સરકાર હતી. આ સામા પક્ષવાળાની યુ.પી.એ. સરકાર હતી. ૨૦૦૯માં એ વખતની કોંગ્રેસની સરકારે જે ઠરાવ પસાર કર્યો એના કારણે બી.પી.એલ.ની યાદીવાળા જે ફિશરમેનો છે એને આ પ્રકારનો લાભ મળવાનું બંધ થયું. હવે આ ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠા ઉપર આવેલા સાગર ખેડુભાઇઓના પેટ ઉપર બહુ મોટો ઘા હતો. અમે વખતો વખત ભારત સરકારમાં લગભગ પાંચ વખત પત્ર વ્યવહાર અલગ અલગ તારીખોએ કર્યા. આ જે રીતનો ઠરાવ થયો છે ફિશરમેનોની પાસે જે બોટ હોય એ ૨૫ થી લઇને ૫૦ લાખ રૂપિયાની બોટ હોય અને એ બી.પી.એલ. યાદીમાંથી નીકળી જાય એ સ્વાભાવિક છે. પરંતુ જે તે સમયે જે તે સરકારના નિર્ણયને લીધે આ બી.પી.એલ.ની યાદીવાળા ફિશરમેનોને આ લાભ મળવાનું બંધ થયું. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ફિશરમેનો નોધારા ના થઇ જાય, એને આર્થિક નુકસાન ના જાય એટલા માટે ૨૦૦૨-૦૩થી આ રાજ્યની અંદર વેટમાં રાહત મળે એ માટેની કામગીરી શરૂ કરી છે અને મને કહેતા આનંદ થાય છે કે આજની તારીખમાં ૮૯૬ કરોડ રૂપિયા આ ફિશરમેનોને રિબેટમાં આપણે વેટમાં રાહત આપી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૭-૧૮માં અત્યાર સુધીમાં ડીઝલ વેટ રાહત યોજના હેઠળ ડીઝલ વેટ રાહત તરીકે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે અને કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી ડીઝલ વેટ રાહત તરીકે વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં માછીમારોને ૧૬૯,૨૮,૦૦,૦૦૦/- ની ચૂકવણી કરવામાં આવી છે. જે ૯૪૨૪ બોટ ધારક માછીમારોને ડીઝલ વેટમાં રાહતનો લાભ આપવામાં આવ્યો છે.

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીનો પ્રશ્ન સ્વયંસ્પષ્ટ હતો કે ૨૦૧૩–૧૪ અને ૨૦૧૫–૧૬ આજ સુધી આ પ્રશ્નનું નિરાકરણ આવ્યું નથી. આ ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગે ૨૦૧૩માં ભારત સરકાર પાસે પડતર પ્રશ્નોની યાદીના પાના નં. ૫ ઉપર પ્રશ્ન ક્રમાંક–૩, રાજ્ય સરકારે તત્કાલીન યુ.પી.એ. સરકાર સામે જે સવાલ મૂકયા હતા એની સામે આપના મારફત ત્યાં ધ્યાન કેન્દ્રીત કરવા માગું છું કે પ્રશ્ન એ હતો કે રાજયમાં એક પણ બોટ માલિક માછીમાર ગરીબી રેખા હેઠળ આવતા ન હોઇ કોઇ બોટ માલિક માછીમારને આ રાહત મળવાપાત્ર થતી નહોતી. આ યોજનાનો લાભ નહોતો મળતો એટલે કેન્દ્રની કોંગ્રેસ સરકારે રાજયની ગુજરાત સરકારને હળહળતો અન્યાય કર્યો એવું કરીને ટી.વી.માં બહુ ધોલ મારી. એમનું ૪૫ મહિનાનું શાસન થયું. આ ગરવા ગુજરાતના ગૃહના તત્કાલીન નેતા આજે દેશના પ્રધાનમંત્રીશ્રી છે. ૪૫ મહિનાના શાસન પછી પણ કેન્દ્ર સરકાર હજી વિચારી રહી છે અને ગુજરાતના માછીમારોને હળહળતો અન્યાય થઇ રહ્યો છે એટલે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રાજયની ભા.જ.પ. સરકારને કેન્દ્રની ભા.જ.પ. સરકારનો હળહળતો અન્યાય એવી જાહેરાત શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ સરકારે જે ઠરાવ કર્યો એની ચિંતા નથી કરતા. ભા.જ.પ. સરકારે તો ડીઝલમાં પણ વેટમાં રાહત આપી છે અને અમે કેરોસીનમાં પણ સગવડતા આપી છે. કેરોસીનમાં લિટરે ૨૫ રૂપિયાની રાહત આપીએ છીએ. આ બંધ કોણે કરાવ્યું? રાજયના ફીશરમેનોના હિતમાં (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકીય પ્રશ્ન નથી. મારી બહુ સ્પષ્ટ વાત છે. સમગ્ર દેશમાં સૌથી વધુ ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો ગુજરાત પાસે છે. ગુજરાતમાં સાગર ખેડૂઓ સરકારની આ યોજનામાં બી.પી.એલ.નો ક્રાઇટ એરીયા, ભારત સરકાર બી.પી.એલ. ની શરત શા માટે દૂર કરતી નથી આવો પ્રશ્ન ૨૦૧૩માં ગુજરાત, ભારત સરકારને પૂછી રહ્યું હતું અને માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આજે ભા.જ.પ. સરકાર ૪૫ મહિનાથી કામ કરી રહી છે. એ જ આ જગ્યાએથી પ્રશ્ન પૂછતા હતા. હવે સમાધાન પણ એમની પાસે છે. માત્ર શરત હટાવવાની કે બી.પી.એલ.ની શરત દૂર કરવામાં આવે. ૪૫ મહિનાથી નીતિ વિષયક નિર્ણયમાં એક શરત ન હટાવી શકાય? આપની વગ ચાલે છે એટલે મારી વિનંતી છે માનનીય મંત્રીશ્રીને કે આપણે સાથે મળીને ભારત સરકારને રજૂઆત કરવા જઇએ.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નમાં સમય કેમ જાય છે એ કારણ આપણે જાણીએ. મંત્રીશ્રી, આપ જવાબ આપો.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : અમે ૪૪ હોર્સ પાવરની બોટની અંદર એક ટ્રીપમાં ૨૫૦ લિટર ડીઝલ આપીએ છીએ અને વાર્ષિક ૧૧૦૦૦ લિટર ડીઝલ આપીએ છીએ. ૪૫ થી ૭૪ હોર્સપાવરવાળા એન્જિનવાળી બોટોને ૧ ટ્રીપમાં ૫૦૦ લિટર ડીઝલ આપીએ છીએ. વાર્ષિક ૧૬,૦૦૦ લિટર ડીઝલ આપીએ છીએ. ૭૫ થી ૧૦૦ હોર્સપાવર મોટર મશીનવાળી બોટને પ્રતિ ટ્રીપ ૧૨૦૦ લિટર ડીઝલ આપતા હતા, તેમાં સુધારો કરી ૧૮૦૦ લિટર ડીઝલ આપીએ છીએ. ૧૦૦ હોર્સપાવરથી ઉપરની (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. આપના પ્રશ્નનો આ જવાબ છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : ડીઝલનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આપના પ્રશ્નનો આ જવાબ છે.

શ્રી પરેશ ધાનાણી : મારી વાત સ્વયં સ્પષ્ટ છે. બી.પી.એલ. ની શરત દૂર થશે કે નહિ? સવાલ પુછનારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આજે જવાબ આપવા માટે આ દેશના પ્રધાનમંત્રીશ્રી છે. તો ૪૫ મહિનાના લાંબા કાર્યકાળ પછી બી.પી.એલ. ની શરત શા માટે ન હટાવી શક્યા? એનાં કારણ હોય કે રાજ્ય સરકાર સાથે પરામર્શમાં ચર્ચા થઇ હોય તો કદાચ કોંગ્રેસ સરકાર નથી કરી શકી એ જ કારણોથી ભારત સરકાર ન કરી શકી હોય એ આ ગૃહને, ગુજરાતને જણાવો? કયા કારણો છે કે ૪૫ મહિના પછી બી.પી.એલ.ની શરતો નથી હટાવી શક્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આખા પ્રશ્નને પરેશભાઇએ જુદી રીતે લીધો છે. બે બાબતો છે. ડીઝલની સબસિડી એ ભૂતકાળમાં ભારત સરકાર ત્યારે આપતી હતી. પણ યુ.પી.એ. સરકાર હતી એ વખતે એને રદ કરી એવા ધોરણો ઠરાવ્યા કે જેના કારણે ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતના લાખો માછીમારોને કેન્દ્ર સરકારની કોંગ્રેસની યુ.પી.એ. સરકારના નિર્ણયથી મોટું નુકસાન થયું. સ્વાભાવિક છે કે અમે દર વખતે ભારત સરકારમાં જે પડતર પ્રશ્નો હોય તેની યાદી ત્યાં મોકલીએ. એમાં વાત મૂકી હતી. પછી દેશના સદભાગ્યે એન.ડી.એ.ની સરકાર બની. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવ્યા. અહીયા ગુજરાતની સરકાર. અમે અહીયા બતાવ્યું છે તેમ રજૂઆત ચાલુ રાખી છે, બેસી રહ્યા નથી. કોંગ્રેસ વાળાની જેમ વાતો કરીને પ્રશ્નો નથી કરતા. માનનીય મંત્રીશ્રી ફળદુ સાહેબે જે રકમના આંકડા આપી, વિગતો આપી. ડીઝલની કેટલી સબસિડી, કેરોસીનની કેટલી સબસિડી, એક ટ્રીપમાં કેટલી રકમ, બી.પી.એલ.ના લાભો આ બધું ભારત સરકારના સહારે અમે ઊભા નથી રહ્યા. અમારી ગુજરાત સરકાર સક્ષમ છે. ફરી કહું કે આ યોજના નહિ, બીજી ભારત સરકારની યુ.પી.એ.સરકારે ગુજરાતને નુકસાન કર્યુ હતું. એવી અનેક યોજનામાં અમે માગણી કરતા હતા. અમારી ગુજરાત સરકારના આપણા બજેટમાંથી પ્રજાને રાહત થાય, સગવડ મળે, કોંગ્રેસની સરકારનો નિર્ણય નુકસાન ન કરે તેવા અનેક નિર્ણયો કર્યા છે. એ પૈકી નિર્ણયો કરી દીધા છે. ગુજરાતના માછીમારોને સહાય આપીએ છીએ. મીનવાઇલ અમારી માગણી ભારત સરકાર એના નોર્મ્સ સુધારે તે પ્રમાણે ફળદુજીએ કહ્યુ તે પ્રમાણે અમારા પ્રયત્નો ચાલે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજ્યના માછીમારોની

# તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

માગણીના અનુસંધાને મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે રાજ્ય સરકારની ડીઝલ વેટ રાહત યોજનામાં શું શું સુધારો કર્યો છે?

અધ્યક્ષશ્રી : માનનીય અમરીષભાઇ, આપ સાઉટિંગ કરતા હતા. હું આપને વિનંતી કરું છું કે ફરી સાઉટિંગ ન કરતા.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઇના પ્રશ્નના જવાબમાં કહેવાનું કે મત્સ્ય ઉદ્યોગ પ્રવૃતિના પ્રોત્સાહન માટે રાજય સરકારે મૂળ ઠરાવની જોગવાઇમાં માછીમારોના હિતમાં કેટલાક ફેરફાર કરેલ છે તેની વિગતો આપુ તો ૩.૧૦.૨૦૧૨ના ઠરાવથી બોટનો ફરજિયાત વીમો ઉતારવાની જોગવાઇ દૂર કરવામાં આવેલી છે તેમજ ફરજિયાત બાયોમેટ્રિક કાર્ડની જોગવાઇ પણ દૂર કરવામાં આવેલ છે, અગાઉ નાણા વિભાગ દ્વારા માન્ય કરેલ ડિઝલ પંપ ઉપરથી જ વિતરીત થયેલ ડિઝલ પર જ રીએમ્બર્સ મળવાની જોગવાઇ હતી જે બદલીને કૃષિ અને સહકાર વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓ પાસેથી ખરીદાયેલ ડિઝલ ઉપર પણ આવી સહાય મળવાપાત્ર રહેશે આવો સુધારો કર્યો છે તેમજ ૨૩.૯.૨૦૧૪ના ઠરાવથી માછીમારોને ફિશિંગ ટ્રીપ દીઠ હોર્સ પાવર વાઇસ જથ્થો નિયત કરવામાં આવેલ છે પરંતુ ટ્રીપ દીઠ વધુ ડિઝલની માછીમારોની માગણીને ધ્યાને રાખીને ટ્રીપ દીઠ ડિઝલના જથ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે, જે મુજબ ૭૫ થી ૧૦૦ હોર્સ પાવરના એન્જિન ધરાવતી બોટમાં ટ્રીપવાર જથ્થો ૧૨૦૦ લિટર હતો તે વધારીને ૧૮૦૦ લિટર કરવામાં આવ્યો છે અને તેવી જ રીતે ૧૦૦ હોર્સ પાવરની એન્જિન ધરાવતી બોટ હોય એના માટે ૧૪૦૦ લિટરની જોગવાઇ હતી એ વધારીને ૨૦૦૦ લિટરની જોગવાઇ કરવામાં આવી છે. ભારતીય જળ સીમા બહાર માછી મારી કરતી બોટો માલૂમ પડે તો ડિઝલ વેટ રાહતનું ડિઝલ કાર્ડ રદ કરી દેવામાં આવતું હતું તેમાં ફેરફાર કરીને પ્રથમ વખતના કિસ્સામાં ડિઝલ કાર્ડ એક વર્ષ માટે મોકૂફ રાખવાની જોગવાઇ કરવામાં આવી છે અલબત જો આવો જ ગુનો બીજી વાર બને તો કાયમી ધોરણે ડિઝલ કાર્ડ રદ કરવામાં આવે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ હું આપુ છું, એમાં એમણે વિગતો માગી છે કે શું સુધારો કરવામાં આવ્યો છે? તો એની બધી વિગતો હું આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, બોટ ધારક માછીમારોએ ડિઝલની ખરીદીના બિલો ખરીદીના માસ પછીના ૧૫ દિવસમાં એટલે કે ૧૫ તારીખ સુધીમાં જ રજૂ કરવાની જોગવાઇ હતી એ સમય મર્યાદા વધારીને હવે ૩૦ દિવસ કરી છે, જે માછીમારોની જૂની લાગણી હતી. જે બોટ પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવી હોય તેના ડિઝલ કાર્ડ અને ફિશિંગ લાયસન્સ રદ કરવાની જોગવાઇ હતી તેમાં સુધારો કરીને આવી પકડાયેલી બોટ સામે સોફ્ટ લોન પેટેથી નવી બોટ બનાવવી હોય એવા કિસ્સામાં બોટનું નવું રજીસ્ટ્રેશન કરી ડિઝલ વેટ રાહતનો લાભ મળી રહે તેવો સુધારો કરવામાં આવ્યો છે. આમ, માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માછીમારોના હિતમાં જરૂરિયાત અનુસાર સુધારા કરવામાં આવ્યા છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપે જે કેરોસીનની વાત કરી, ૨૦૧૩–૧૪માં એક બોટ માલિક અને નાનો જે ફિશરમેન છે એને કેટલું કેરોસીન ફાળવવામાં આવતું હતું અને, અત્યારે કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે? એ ફાળવવાના ધારા–ધોરણ આજની તારીખે શું છે? અને બીજો મારો મુદો એ છે કે, કેરોસીનની સબસિડી જે આપવામાં આવે છે એ સબસિડી કેરોસીન લેનાર જે ફિશરમેન છે એમના ખાતામાં પાછળથી જમા થતી હોય છે પહેલા એમણે રોકડા પૈસા કેરોસીનના પૂરેપૂરા આપવા પડે છે. ત્રીજો મુદો એ છે કે, મારું તાલાલા તાલુકાનું મારા વિસ્તારનું છેલ્લું ગામ ધામણેજ બંદર છે ફિશરમેનોનું નાનું એવું ગામ છે એમણે કેરોસીનનું ફાળવણું લેવા માટે ૩૫ થી ૪૦ કિલોમીટર દૂર વેરાવળ જવું પડે છે, પહેલાં એમનું કેરોસીનનું ફાળવણું ત્યાં હતું અત્યારે એમને ૩૫ થી ૪૦ કિલોમીટર દૂર વેરાવળ જવું પડે છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન સીધો પૂછોને, લાંબો પ્રશ્ન હશે તો લાંબો જવાબ આવશે એટલા માટે કહું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : સીધો જ પૂછું છું. એટલે કેરોસીનનું ફાળવણું જે તે સ્થળે સરકાર કરવા માગે છે કે કેમ? મારા આ ત્રણ પ્રશ્નોના જવાબો માનનીય મંત્રીશ્રી મને આપે એવી વિનંતી કરું છું.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માછીમારોને ડીઝલ અને કેરોસીનના વપરાશ માટે પ્રતિ બોટ ૧૫૦ લિટરની મર્યાદામાં કેરોસીન ફાળવવામાં આવે છે અને એમાં પ્રતિ લિટર ૨૫ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલાં જવાબ તો સાંભળો, આપ બેસી જાઓ, કંઇ વધારાનું હશે તો હું આપને પેટા પ્રશ્નમાં તક આપીશ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી,બીજું આ કેરોસીન છે, એ બધા ફિશરમેનોને નજીકના સ્થળે વિતરણ થાય એ માટે ૧૦ પોઇન્ટ નક્કી કર્યા હતા, એમાં સુધારો કરીને ફિશરમેનોની વસાહતો જ્યાં છે ત્યાંસુધી એને જથ્થો પહોંચાડવા માટેની પણ વિભાગ દ્વારા સૂચનાઓ પહોંચાડવામાં આવેલ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો પૂરો જવાબ મળેલ નથી.

અધ્યક્ષશ્રી : આપ બેસો, આવી ગયો છે જવાબ આપનો. બેસી જાઓ પ્લીઝ

ડાંગ અને નવસારી જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ

* ૫૫૧ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## ફાલ્ગુન ૬, ૧૯૩૯ શાકે
## તારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડાંગ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે,

(૧) ડાંગ – ૦
નવસારી – ૧૫

(૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પુરી પાડવામાં આવે છે, અને

(૨) હા

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જીલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી ?

(૩)

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | ચુકવેલ સહાય રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬ | ડાંગ | ૦ | ૦ |
| | નવસારી | ૫ | રૂ. ૭,૭૬,૦૦૦ |
| ૨૦૧૭ | ડાંગ | ૦ | ૦ |
| | નવસારી | ૧ | રૂ. ૨,૦૭,૦૦૦ |

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, ડેન્માર્ક એ ડેરીનો દેશ ગણાય છે, સૌપ્રથમ ડેન્માર્કમાં શ્વેતક્રાંતિ લાવવામાં આવી, એ જ રીતે આપણા ગુજરાતમાં શ્વેતક્રાંતિ લાવવા માટે ડોકટર કુરિયને આણંદની અમૂલ ડેરીની સ્થાપના કરી અને એ પણ કોંગ્રેસના રાજમાં સ્થાપના થઇ હતી અને એ પછી સમગ્ર રાજ્યમાં મહેસાણાની દૂધસાગર ડેરી હોય કે સુરતની સુમૂલ ડેરી હોય,

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન સીધો પુછોને, મારી વિનંતી છે, પછી લાંબો જવાબ આવે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : એના પર જ આવું છું. એ રીતે સમગ્ર રાજ્યમાં ડેરીઓની સ્થાપના થઇ છે, આ સરકાર જિલ્લે જિલ્લે ડેરીઓની સ્થાપના કરવા માગે છે કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે જવાબમાં આપ્યા પ્રમાણે ડાંગમાં ગૌશાળા ઝીરો છે, તો ડાંગમાં ગાયો છે જ નહિ?, પશુપાલકો છે જ નહિ? એટલે હવે પછીના આયોજનમાં ગૌશાળા આપવા માગો છો કે કેમ? ત્યારપછી ત્રીજો પ્રશ્ન જે રીતે મહારાષ્ટ્રમાં ઉરુલીકાંચમ અને હરિયાણામાં કરનાલમાં અદ્યતન ટેકનોલોજી પશુપાલન માટે બનાવી છે તો એવી ટેકનોલોજી ગુજરાતમાં સ્થાપવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન માત્ર ગૌશાળા માટે પુછ્યો છે પણ એમની લાગણી છે કે સમગ્ર ગુજરાતમાં ડેરીઓ થાય તો સમગ્ર ગુજરાતની અંદર જેટલી પણ ડેરીઓ કરવાની છે એ અમે કરી રહ્યા છીએ અને શ્વેતક્રાંતિ લાવી રહ્યા છીએ દેશની અંદર અમે છઠ્ઠા નંબરે હતા એનાથી પણ અમે આગળ આવી ગયા છીએ. માનનીય સભ્યશ્રીની લાગણી છે કે ડાંગ જિલ્લાની અંદર ગૌશાળા એક પણ નથી તો ગૌશાળા માટે સ્થાનિક ટ્રસ્ટોના માધ્યમથી દરખાસ્ત કરવામાં આવે છે અને એવી દરખાસ્ત કરવામાં આવશે ત્યારે એની મંજૂરી રાજ્ય સરકાર આપશે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગૌશાળાઓ માટે વિવિધ યોજનાઓની સહાય મેળવવા શું શું કાર્યવાહી કરવી પડે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે કે સહાય મેળવવા માટે શું કરવુ પડે છે તાલુકા જિલ્લા પશુપાલન અધિકારીનું પ્રમાણપત્ર, તેની કાર્યવાહી, તેની દરખાસ્ત કરીને મોકલવામાં આવે છે તે પછી અમારા વિભાગની અંદર આવે છે અને વિભાગની અંદર આવ્યા પછી તેની સહાયની મંજૂરી આરટીજીએસથી પણ કરવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવુ છે કે, નવસારીમાં જે ગૌશાળા આવેલી છે તેમાં ગાયોના મૃત્યુ થાય છે તો તેના કારણો શું છે, તેનું પી.એમ થાય છે કે નથી થતું ? અને બીજુ, મૃત્યુ થયેલી ગાયનું સન્માન થાય છે કે તેનું પી.એમ.કરીને તેને દાટવામાં આવે છે કે તેનું શું કરવામાં આવે છે તે આ કહેવાતી સંવેદનશીલ સરકારના મંત્રીને મારે પૂછવું છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાની અંદર ૧૫ જેટલી ગૌશાળાઓ આવેલી છે તેની અંદર સ્થાનિક પશુ સારવાર સંસ્થાઓ તેની સેવા કરતી હોય છે, તેની સારવાર કરે છે. મૃત્યુ થવાનો એક પણ બનાવ અત્યાર સુધીમાં અમારી સમક્ષ આવેલો નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીને પૂછવા માગુ છું કે, નવસારી જિલ્લામાં ૧૫ જેટલી ગૌશાળાઓ જયારે ચાલી રહી છે ત્યારે પહેલાં તો હું અભિનંદન આપું છું અને આદરણીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૨૦૧૬ અને ૧૭માં જે યોજના હેઠળ જે ગૌશાળા ચાલે છે તેમાં જે અરજીઓ આવેલી છે તેમાંથી કેટલી નામંજૂર કરવામાં આવેલી છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાંથી એક પણ અરજી આવેલી નથી. નવસારી જિલ્લામાંથી પાંચ અરજી આવેલી હતી એ પાંચ અરજી મંજૂરી કરેલી છે અને તેની ૭ લાખ અને ૭૬ હજાર રૂપિયાની રકમ ચૂકવેલી છે. ૨૦૧૭ની અંદર નવસારીમાંથી એક દરખાસ્ત આવેલી, તેને મંજૂર કરેલી છે અને ૨ લાખ અને ૭ હજાર રૂપિયા

ચૂકવવામાં આવેલ છે અને નવસારી જિલ્લામાંથી ગાંધીઘર કછોલા ગૌશાળા, મુ. કછોલા તાલુકા ગણદેવીની અદ્યતન ગૌશાળા વિકાસ યોજના કરવા માટેની દરખાસ્ત આવી હતી પણ તે યોજના અંતર્ગત જરૂરી સાધનિક કાગળો અધૂરા હોવાના કારણે નામંજૂર કરવામાં આવેલી છે. બીજી બાપા સીતારામ ગૌશાળા મઢૂલી ટ્રસ્ટ, કબીલપુર તેમાં અદ્યતન ગૌશાળા માટેની, વિકાસ યોજના માટેની દરખાસ્ત કરવામાં આવી હતી તે યોજનાની અંદર પણ તે યોજના અંતર્ગત જરૂરી સાધનિક કાગળો અધૂરા હોવાના કારણે નામંજૂર કરવામાં આવેલી છે. અને ૨૦૧૭ની અંદર નવસારી તાલુકાની અંદર ભગવાન મહાવીર વિશ્વ કલ્યાણ ટ્રસ્ટ કરસુપા તેના માટેની આંતર માળખાકીય વિકાસ યોજના માટેની દરખાસ્ત કરવામાં આવેલી હતી તેમાં નાણાકીય જોગવાઇ જેટલી રકમની મર્યાદામાં સૈદ્ધાંતિક મંજૂરીઓ પૂર્ણ થયા બાદ અરજી રજૂ કરવામાં આવેલી હોવાના કારણે મંજૂરી આપી શકયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નવસારીમાં તપોવન સંસ્કાર ટ્રસ્ટ તેમણે આંતર માળખાકીય વિકાસ યોજના માટેની દરખાસ્ત કરેલ હતી. યોજના અંતર્ગત જરૂરી સાધનિક કાગળો અધૂરા હોવાના કારણે મંજૂરી આપવામાં આવેલી નથી.

શ્રી સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળા વિકાસ માટે જે ગૌશાળાઓ માટે સહાય આપવામાં આવે છે તેમાં રાજ્યના ધ્યાને આવ્યુ છે અને અમારા ધ્યાને પણ આવ્યુ છે કે જે અરજી કરવામાં આવે છે તેમાં જમીનના ૭/૧૨ રજૂ કરવામાં આવે તેમાં આવી કોઇ જમીન પણ હોતી નથી ૭/૧૨ પણ ખોટા, જમીનના દાખલા પણ ખોટા અને તેના કારણે એન્ટી કરપ્શનમાં એ ગૌશાળા વિકાસનું કામ કરતા અધિકારી પકડાય, ચેરમેન, વાઇસ ચેરમેન આ આખા કૌભાંડ સાથે સંકળાયેલાં છે અને આ બહુ મોટું કૌભાંડ છે તો આવુ કોઇ સરકારના ધ્યાનમાં છે કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળાને સરકાર સહાય આપે છે માગણી સામાજીક આગેવાનો ભેગાં થઇને ટ્રસ્ટ કરે છે એટલે સરકાર આ ચલાવતી નથી. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તેમાં કોઇ વાત ૭/૧૨, ૮–અ, આવા કોઇ પણ ઉતારાની કયાંય પણ ગોલમાલ થઇ હશે કોઇ ખોટી રજૂઆત કરીને મંજૂરી લઇ ગયુ હશે અને રજૂઆત આવશે તો અમે ચોક્કસપણે તપાસ કરાવીશું અને યોગ્ય કાર્યવાહી કરીશું.

ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિમાંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત

* ૪૮૧ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ–૨૦૦૯માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા. ૩૧–૧૨–૨૦૧૩ અને ત્યાર બાદ વિભાગનાં તા. ૧૭–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૨) કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. |

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આ અને બે નંબરનો જે પ્રશ્ન છે તે બન્ને સરખાં છે અને ઘણી બધી છણાવટ થયેલી છે એટલે બહુ સમય નહીં લઉં. હું આમાં બે મુદ્દાઓ ધ્યાન ઉપર મૂકુ છું અને તેમાંથી બે સવાલો પણ છે કે તત્કાલિન મુખ્યમંત્રી જે ગુજરાતના હતા અને હું સાંસદ હતો. દર વર્ષે અમારી બેઠકો બોલાવવામાં આવતી હતી. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને અન્યાય થયો છે એવી વાતો કરવામાં આવતી હતી.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન પર આવો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : પછી એમણે કેન્દ્ર સરકારના જે તે સમયના વડાપ્રધાન પાસે જે માગણીઓ મૂકી છે. પોતે મૂકેલી માગણીઓ પર પોતે સહી કરીને મંજૂર નથી કરી શકતા. આ ફક્ત ભડકાવવા માટેનો જ સવાલ હતો કે, અત્યારે વિચારણા હેઠળ ચાર વર્ષ નીકળી ગયા અને એ વિચારણા માટે છેલ્લું વર્ષ બાકી છે એ પણ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : આ વિષય ભારત સરકારને લાગુ પડે છે એટલે કેન્દ્ર સરકાર નક્કી કરે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ જ છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂરો થઇ ગયો છે. જવાબ પણ આવી ગયો છે. આપ બેસી જાવ.

સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં મગફળી અને કપાસનો પાક વીમો

* ૫૫ શ્રી પ્રતાપ દૂધાત (સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં સને ૨૦૧૬ના ખરીફ પાક મગફળી તથા | (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં સને ૨૦૧૬ ના ખરીફ પાક મગફળીના પાક |

## તારાંકિત પ્રશ્નો

કપાસનો કેટલા ટકા તાલુકાવાર વીમો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) જો પાક વીમો મંજુર કરવામાં આવ્યો ન હોય તો તેના શા કારણો છે, અને

(૩) આ પાક વીમો ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ?

વીમાના દાવા યોજનાની ગાઈડલાઈન મુજબ ચૂકવવાપાત્ર થયેલ નથી જ્યારે કપાસ પાકમાં હાલ વીમાના દાવા માટેની ગણતરી પ્રગતિમાં હોઈ દાવાની ટકાવારી ઉપલબ્ધ નથી.

(૨) કપાસ પાકમાં વિમાની ગણતરી પ્રગતિમાં હોવાને કારણે મંજૂરી અંગેનો નિર્ણય બાકી છે.

(૩) નિર્ણય થયે ચૂકવવાપાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવાના રહે છે.

શ્રી પ્રતાપ દુધાત : સરકારશ્રીનો જવાબ ગોળ ગોળ છે. એ ખેડૂત વિરોધી માનસિકતા બતાવે છે. ખેડૂતોના હિત વગરનની વાત છે. સરકારને ઉદ્યોગો માટે કામ કરવું હોય તો લાલ જાજમ બિછાવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સીધા ઊભા રહો.

શ્રી પ્રતાપ દુધાત : જ્યારે ચૂંટણી થઇ નહોતી તે પહેલાં મુખ્યમંત્રીશ્રીએ જન્માષ્ટમી સુધી પાક વીમો આપવાની વાત કરી હતી. કઇ જન્માષ્ટમી? આ વર્ષની કે આવતા વર્ષની? અને જો આપ પાક વીમો આપવા માગતા હોવ તો કપાસના પાક વીમાની તારીખ નક્કી કરો, સમય–મર્યાદાની માહિતી આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એમણે રાજકીય વિશ્લેષણ કર્યુ છે. એમને રાજકીય જવાબ જોઇએ છે તો એ પણ આપવા માટે અમે તૈયાર છીએ એટલે હું તેમને બધી માહિતી આપવા તૈયાર છું. તમે ખેડૂતોના હિતની વાત કરતા હોવ તો ખેડૂતોના હિતમાં પાક વીમાની વાત કરો. સરકારની ટીકા કરવાની વાત ન કરો. હું તમને સીધો જવાબ આપું છું. તમે વિશ્લેષણ જ રાજકીય કર્યુ છે તો એનો રાજકીય જવાબ મળશે. એમણે જે પાકની વાત કરી એ સંબંધિત જે પાક નોટીફાઇડ મુખ્ય અને ગૌણ પાકો મળવાપાત્ર નથી. એ એમને આપ્યા નથી પણ જે એમણે વાત કરી કે, ક્યારે વીમો ચૂકવવા માગો છો. આખો દેશ જાણે છે કે, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આખા દેશમાં અમલમાં લાવ્યા અને ખેડૂતોની ચિંતા કરી છે. એ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના નોટીફાઇડ એરીયા હોય, નોટીફાઇડ પાક હોય એમાં આપવામાં આવે છે અને ખરીફ – ૨૦૧૬ માટે કપાસના પાકના કાપણી અખતરાના પરિણામોની પણ છેલ્લી તારીખ તા.૩૧/૫/૨૦૧૭ હતી તેમજ વીમા કંપનીની કટ–ઓફ ડેટ અત્રેથી સરેરાશ ઉત્પાદનની વિગતો વીમા કંપનીને પહોંચાડી દેવામાં આવી છે. આ જે વીમો ચૂકવવાનો છે એ વીમા કંપનીએ ચૂકવવાનો છે એટલે એ વીમા કંપની ચૂકવવાની છે. કપાસના ઉત્પાદનના આંકડાઓ બાબતે એમાં વિસંગતતા હતી અને એમાં દાવાઓ ચૂકવ્યા નહોતા. રાજ્ય સરકાર દ્વારા વીમા કંપનીને દાવા ચૂકવવા માટે વિવિધ કક્ષાએથી મીટીંગ કરી તથા પત્ર વ્યવહારથી સત્વરે ઉકેલ લાવવા અને દાવા ચૂકવવા જણાવેલ. સ્ટેટ લેવલ કો–ઓર્ડીનેશન કમિટીને પણ અવાર–નવાર મીટીંગ કરી દાવાઓ ચૂકવવા જણાવેલ છે. વીમા કંપની દ્વારા દાવાઓની ચૂકવણી ન થતાં ગાઇડ–લાઇન અને શરતોની જોગવાઇ મુજબ જે ટેકનિકલ એડવાઇઝરી કમિટી છે એનો આખરી નિર્ણય પણ કરતી હોય છે. વીમા કંપની ટેકનિકલ એડવાઇઝરી કમિટી સાથે સંકલનમાં રહીને અને એમની માન્ય સંસ્થા દ્વારા આખુ સંકલન કરી અને હાલમાં આખી પ્રોસેસ વીમા કંપનીમાં પ્રગતિ હેઠળ છે અને ઉત્પાદનના આંકડા આખરી કરવાની કામગીરી હાલ પ્રગતિમાં હોઇ, આખરીકરણ થયે વીમા કંપની દ્વારા વીમાનું આખરીકરણ કરવામાં આવશે. આ વીમા કંપની છે એ વીમા કંપની આની ચૂકવણી કરતી હોય છે અને લગભગ ૯૪૮ કરોડ જેટલી મગફળીની ચૂકવણી પણ આપણી રાજયની સરકારે કરી છે. ખેડૂતોની ચિંતા આપણી સરકારે કરી છે અને વીમા કંપની આ ફાઇનલ કરતી હોય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની વીમા યોજના હતી એમાં અનેક પ્રકારની વિસંગતતાઓ હતી. એમાં સુધારા કરીને પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના નવી બનાવી. ભૂતકાળમાં જે યોજના હતી એમાં ત્રણ ત્રણ વર્ષ સુધીની પાક વીમાની રકમ ચૂકવવામાં આવી નહોતી એના કારણે આંદોલન પણ છેડવા પડ્યા હતા. જે નવી યોજના બની છે એમાં કઇ કઇ મુખ્ય જોગવાઇઓનો અને જોખમોનો સમાવેશ થયો છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે વીમા યોજના હેઠળ જેના મુખ્ય હેતુ અને મુખ્ય જોગવાઇઓ છે એ હું ટૂંકમાં સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એટલે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગાઇડલાઇન મુજબ પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાનો ખરીફ પાક ૨૦૧૬ ઋતુથી રાજયમાં અમલ કરવામાં આવેલ છે. યોજનાનો હેતુ કુદરતી આપત્તિઓને કારણે થતા પાક નુકસાન સામે ખેડૂતોને વળતર આપવું. ખેડૂતની આવકને સ્થિર કરવી. ખેડૂતને નવી અને અદ્યતન કૃષિ ટેકનો વાપરતા કરવા. કૃષિમાં ધિરાણનો પ્રવાહ જાળવી રાખવો. ખેડૂતો માટે ઓછા પ્રિમિયમ દરો. વિવિધ રાશી જિલ્લા કક્ષાના સ્કેલ ઓફ ફાઇનાન્સ મુજબ મુખ્ય પાકો માટે ગ્રામ પંચાયતને વીમા યુનિટ તેમજ ગૌણ પાકો માટે તાલુકાને વીમા યુનિટ ગણવામાં આવે છે. ઇન્ડોમીટીના ત્રણ લેવલ જેવા કે, ઉચ્ચ, મધ્યમ અને ઓછા જોખમવાળા વિસ્તાર માટે અનુરૂપ ૭૦, ૮૦ અને ૯૦ ટકા જુદા જુદા ચાર પ્રકારના જોખમોનો સમાવેશ. વાવણી ન થવી, નિષ્ફળ વાવણી, ઉભા પાકમાં નુકસાન, લણણી બાદનું નુકસાન. સ્થાનિક આપત્તિઓનું નુકસાન. યોજનાના અમલીકરણમાં ટેકનોલોજીનો ઉપયોગ. નુકસાન આકારણીમાં સેટેલાઇટ ઇમેજ, વેધર ડેટા વગેરેનો ઉપયોગ. પાક કાપણી અખતરામાં મોબાઇલ એપ્લીકેશનનો ઉપયોગ, રેવન્યુ ઓથોરિટીના વાવેતર વિસ્તાર અને વિમિત વિસ્તારમાં વિસંગતતાના કિસ્સામાં છેલ્લા ત્રણ વર્ષના રેવન્યુ ઓથોરિટીના વાવેતર વિસ્તારની સરેરાશ એવરેજને વાવેતર

વિસ્તાર ગણીએ, ઉપરાંતના વિસ્તારને વધારાનો વિમિત ગણી કાર્યવાહી કરવાની રહેશે. યોજનાના અમલીકરણમાં એઆઇસી ઉપરાંત અન્ય ૧૮ empanneled વીમા કંપનીઓનો સમાવેશ તથા વીમા કંપનીઓની પસંદગી માટે ટેન્ડર બીડીંગ પદ્ધતિનો ઉપયોગ. ઉપજની ગણતરીમાં છેલ્લા સાત વર્ષોની એવરેજમાંથી આપત્તિના વધારેમાં વધારે બે વર્ષો સુધી બાકાત કરવાની જોગવાઇ. દાવાઓની ઓન એકાઉન્ટ ચૂકવણી અને વાવણી આ રીતે અગત્યનું આયોજન એની અંદર કરેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૬. (અંતરાય) તમે પછી પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન લો છો કે, એક એક સવાલમાં આટલો સમય જાય છે. પ્રશ્ન ક્રમાંક–૬. આઇ હેવ ઓલ રેડી મુવ્ડ. ચાલો, પ્રશ્ન ક્રમાંક–૬.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખેતી વિષયક મુદ્દો છે. રાજયના ખેડૂતોને સ્પર્શતો ખૂબ સેન્સેટીવ મુદ્દો છે ત્યારે હું માનું કે, રાજય સરકાર આને સકારાત્મક રીતે લેશે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વભાવિક રીતે જે જિલ્લો હોય એના પ્રભારી સભ્યો હોય એને તક મળતી હોય અને માનનીય વીરજીભાઇ તો ખેડૂત આગેવાન છે.

અધ્યક્ષશ્રી : આપશ્રીની જાણકારી માટે કહું કે, ત્યારે એમણે હાથ ઉંચો કરેલો જ નહીં, મારી વાત તો પૂરી સાંભળો વિરજીભાઇ, હું શું કહું છું એ તો આપ સાંભળો. પાછળથી હાથ એમણે ઉંચો કર્યો. અહીંનો ટર્ન પૂરો થયો એટલે એ પ્રશ્ન મુવ કરવાનો હતો આગળના નંબર પર.(અંતરાય) પછી તમે કહ્યું છતાંય (અંતરાય) પછી પોઇન્ટ ઓફ ઓર્ડર ના લેતા કે પ્રશ્નકાળમાં સમય વધારે જાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી એનો ઉપાય છે ૬ ઠ્ઠો પ્રશ્ન પણ પાક વિમાનો છે. એ મૂવ કરાવી દેવામાં આવે. એમાં શ્રી વિરજીભાઇને તક આપો એટલે એમણે અમરેલી વિશે જે જાણવું હોય તે છઠ્ઠા પ્રશ્નના ભાગ રૂપે જાણે. (અંતરાય) હવે પ્રશ્ન આવી ગયો સાહેબે મુવ કર્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી એમણે તમારી વાતને (અંતરાય)

અધ્યક્ષશ્રી : યુ કાન્ટ ડીકટેટ મી લાઇક ધીસ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમને તક આપશે એમ કહું છું.

ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો

* ૫૧૩ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ખરીફ પાક–૨૦૧૬નો કપાસ અને મગફળીનો પાક વીમો કેટલા ટકા, કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં અને છોટા ઉદેપુર જીલ્લામાં સને ૨૦૧૬ના ખરીફ પાક મગફળીના પાક નોટીફાઇડ ન હોઈ દાવા ચૂકવવાના રહેતા નથી જ્યારે છોટાઉદેપુર જિલ્લાના નોટીફાઇડ થયેલ તાલુકાઓ પૈકી ક્વાંટ તાલુકામાં કપાસ પાકમાં ૪૨૧ ખેડૂતોને ૯.૯૩% વીમો ચૂકવવામાં આવેલ છે અને ખેડા જિલ્લામાં કપાસ પાકમાં નોટીફાઇડ થયેલ તાલુકાઓમાં હાલ વીમાના દાવા માટેની ગણતરી પ્રગતિમાં હોઈ દાવાની ટકાવારી ઉપલબ્ધ નથી. |
| (૨) ઉક્ત તાલુકાવાર કોઈ ખેડૂતને પાક વિમો ચૂકવવાનો બાકી છે, અને | (૨) ખેડા જિલ્લાના નોટીફાઇડ તાલુકાઓમાં કપાસ પાકમાં વિમાની ગણતરી પ્રગતિમાં છે. ગણતરી પૂર્ણ થયે ચૂકવણી અંગેનો નિર્ણય થશે. |
| (૩) જો હા, તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) ખેડા જિલ્લામાં કપાસ પાકમાં વિમાની ગણતરી પ્રગતિમાં હોવાને કારણે નિર્ણય થયેથી ચૂકવવાપાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચુકવવાના રહે છે. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) :માનનીય અધ્યક્ષશ્રી છોટાઉદેપુર જિલ્લા અને તાલુકામાં કપાસના પાકમાં ૪૨૧ ખેડૂતોને ૯.૯૩ ટકા વીમો ચૂકવ્યો છે. તો બાકી રહેતી વિમાની રકમ કયારે ચૂકવશો અને વિલંબના કારણો શું છે ? ૨૦૧૬ના વર્ષ માટે કપાસના વિમા માટે ખેડા જિલ્લાનો સરવે ૨૦૧૭ સુધી પણ પૂરો કરવામાં આવ્યો નથી, તો આ કયારે પૂરું કરશો અને વિલંબના કારણો શાં છે અને બાકી રહેતી વિમાની રકમ કયારે ચૂકવવામાં આવશે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી , પાક વિમાની પોલીસી ભારત સરકાર દ્વારા નકકી કરવામાં આવે છે. અને કોઇ પણ વિસ્તાર હોય તેની પોલીસી સમજવી પડે તેમ છે. કોઇ પણ જિલ્લો હોય એ જિલ્લા માટે ભારત સરકારે એ કંપનીઓની સાથે કરાર કર્યા હોય તે પ્રમાણે એચ.ડી. એફ.સી. અને ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ કંપની, આ બે કંપનીઓ સાથે ભારત સરકારે ખરીફ પાક અને રવિ પાકો માટે કરાર કરેલા છે. પાક વિમાના કરાર કરેલા છે અને ટેન્ડર કરેલા છે. એમાં કેટલાક એચ.ડી.એફ.સી ને જિલ્લાઓ મળ્યા હોય તો કેટલાક ન્યુ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપનીને જિલ્લાઓ મળ્યા હોય. તેમાં ખેડા જિલ્લો હોય કે અમરેલી જિલ્લો હોય. અમરેલી જિલ્લાનો જે પ્રશ્ન હતો તેમાં લીલાયા તાલુકો, સાવરકુંડલા તાલુકો એ નોટિફાઇડ એરિયામાં નથી આવતા. આની પદ્ધતિ એવા પ્રકારની હોય છે કે તાલુકાના ૩૦ ટકા વિસ્તારમાં, ક્ષેત્રફળ વિસ્તારમાં

મુખ્ય પાક જે હોય તે મુખ્ય પાકના વાવેતરના આધારે નોટિફાઇડ પાક તરીકે માન્યતા મળતી હોય છે. બાકીના ૭૦ ટકા વિસ્તારમાં જે પાકો હોય એ ફરજીયાત અને મરજીયાત પાક વિમા યોજના હેઠળ લેવામાં આવે છે. સાવરકુંડલા અને લીલીયામાં માત્ર ૨૦ ટકા ખેડૂતોએ મગફળીમાં દાવાઓ રજૂકરેલા એટલે કે પ્રિમિયમ ભરેલા. એટલે એ નોટિફાઇડ એરિયામાં આવતા નથી. કપાસનો ભારત સરકારનો આની સામે ડિસ્પ્યુટ ઉભો થયો છે તે પી.એ.સી. સમક્ષ ગયો છે અને ટેકનીકલી એડવાઇઝરી કમિટી આની ગણત્રી કરી રહી છે અને આ બધી પ્રોસેસ પૂરી થશે એટલે ગુજરાતમાં કપાસ પકવતા ખેડૂતોને કયા જિલ્લાના કયા તાલુકામાં અને કયા ગામમાં કેટલો વીમો આવશે તે હવે ગામની જે રીતે ગણતરી થવાની છે તે મુજબ વીમો આપવામાં આવશે. ખેડાજિલ્લો એ નોટિફાઇડ એરિયામાં નથી.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં તાલુકાવાર નોટિફાઇડ થયેલા મુખ્ય અ ને ગૌણ પાકો કયા કયા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ખેડા જિલ્લામાં તાલુકાવાર નોટિફાઇડ થયેલા ગૌણ પાકની વિગત આપું તો કપડવંજમાં કપાસ અને મગફળીનો પાક છે. ગૌણ પાકમાં કપાસ પિયત, કઠલાલમાં કપાસ પિયત અને કપાસ બિન પિયત ગૌણ પાક, મહેમદાવાદમાં નથી, ખેડામાં કપાસ પિયત, નડીયાદમાં કપાસ પિયત, આ બધા ગૌણ પાક છે. મહુધામાં કપાસ પિયત, ઠાસરામાં કપાસ પિયત, ગલતેશ્વરમાં કપાસ પિયત, વસોમાં કપાસ પિયત, આટલા પાકો મુખ્ય અને ગૌણ પાકમાં સમાવેશ થયેલ છે.

શ્રી વિરજીભાઇ ઠુમર : બંને મંત્રીશ્રીઓએ જવાબ આપ્યા છે. મોટા મંત્રી ફળદુ સાહેબે જવાબ આપ્યો અને કહ્યું કે જુદી જુદી વીમા કપંનીઓને કામ આપેલ છે. અમરેલી જિલ્લામાં એચ.ડી.એફ.સી. ઓર્ગો કંપની મારફતે ચૂકવવામાં આવે છે ત્યારે મારે પૂછવું છે મારા ૧૨૦ નંબરના પ્રશ્નમાં જણાવવામાં આવેલ છે કે વીમા કંપની દ્વારા પાક વીમાની રકમ ચૂકવવામાં આવશે. ખેડૂતો પાસેથી કેટલું પ્રિમિયમ લેવામાં આવે છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર કેટલું પ્રિમિયમ ભરે છે. સ્વ. રાજીવ ગાંધીએ ૧૯૮૫માં આ યોજના દાખલ કરી હતી. ક્રોપ ઇન્સ્યોરન્સ કંપની હતી તેમાં ૩૫ ટકા રાજય સરકારનો હિસ્સો, ૩૫ ટકા કેન્દ્ર સરકાર અને ૩૦ ટકામા ક્રોપ ઇન્સ્યોરન્સ કંપની ભરે. અહીંયા બે કંપની આવી છે એમાં પ્રિમિયમ ખેડૂતો તરફથી કેટલું લેવામાં આવે છે. એમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર કેટલું ભરે છે. આ વીમો ખેડૂતોને કયારે ચૂકવવામાં આવશે અને ટોટલ પ્રિમિયમ કેટલું થયું છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : પ્રિમિયમના સંદર્ભમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બધું ભોગવે છે. ખેડૂતો બે ટકા ભરે છે. થોડુંક ખેડૂતો વતિ રાજય સરકાર બે ટકા વધારાનું પ્રિમિયમ ભોગવે છે મારે એ પણ કહેવું છે કે એક ટકો બાકી રહેતું તો આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વ્યાજમાં પણ માફી આપી દીધી છે. પ્રિમિયમમાં બે થી પાંચ ટકા બાગાયતી પાકો છે એમાં લેવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય સભ્યનો બહુ સ્પષ્ટ સવાલ હતો. મુખ્ય,ગૌણ પાકની વાત કરી. અમરેલી જિલ્લામાં એચ.ડી.એફ.સી. કંપની માફરતે ખેતીવાડીના પાકનું પ્રિમિયમ વસૂલ કરીએ છીએ. ટેન્ડરથી કામ આપ્યું તો ૨૦૧૬માં ભાવ આવ્યા એ મુજબ કપાસ માટે અને મગફળી માટે કંપનીને કેટલું પ્રિમિયમ ચૂકવવાનું થતું હતું એ પૈકી કુલ કેટલું વીમા કંપનીએ પ્રિમિયમ વસૂલવાનું હતું એ પૈકી ભારત સરકારે કેટલા ટકા પ્રિમિયમ ચૂકવ્યું અને ગુજરાત સરકારે કેટલું અને ખેડૂતોએ કેટલું ચૂકવ્યું છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : ભારત સરકારે ૧૨૦૦ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. ટકાવારીમાં જોઇએ તો ૫૦ ટકા ભારત સરકાર અને ૫૦ ટકા રાજય સરકારે ચૂકવ્યા.

શ્રી પરેશ ધાનાણી : કેટલા ટકા પ્રિમિયમ વસૂલવાનું થતું હતું અને કપાસ માટે કેટલા ટકા પ્રિમિયમ કંપનીએ વસૂલ કરવાનું હતું હતું એ પૈકી ભારત સરકારે અને ગુજરાત સરકારે કેટલા ચૂકવ્યા અને ખેડૂત પાસેથી કેટલું પ્રિમિયમ વસૂલવામાં આવ્યું?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : અમરેલી જિલ્લામાં ૧ કરોડ ૮૯ લાખ ૮૩ હજાર ૫૬૮ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. ૫૦ ટકા ભારત સરકારે ચૂકવ્યા છે. રાજયના ખેડૂતો ૨ થી પાંચ ટકા સુધી ચૂકવે છે અને બાકીના રાજય સરકાર ભોગવે છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ સવાલ છે. રાજકીય અવલોકન નથી. વીમા કંપનીએ જે ટેન્ડર ભર્યું તેમાં કપાસ માટે કેટલું પ્રિમિયમ વસૂલવા માટે થઇને ટેન્ડરમાં મગફળીનો ભાવ કેટલો કવોટ કર્યો હતો, કપાસનો ભાવ કેટલો કવોટ કર્યો હતો? જિલ્લાવાર ખરીફ અને ગૌણ પાક માટે અલગ અલગ પ્રિમિયમના દર રાજય સરકારે નક્કી કર્યા છે. વીમા કંપનીઓનું જે ભૂતકાળમાં ભારત સરકારની કંપની પ્રિમિયમ વસૂલતી હતી તેના બદલે ખાનગી કંપનીઓને પ્રવેશ આપ્યો છે અને જિલ્વાવાર અલગ અલગ દર છે એટલે મારી સ્પષ્ટ વિનંતી છે કે કપાસ માટે કુલ કેટલા પ્રિમિયમનો કંપનીએ ભાવ કવોટ કર્યો અને મગફળી માટે કેટલો કવોટ કર્યો હતો? એ કુલ ટકાવારીમાંથી ખેડૂત પાસે હું માનં છું કે બે ટકા આપણે વસૂલીએ. બાકીનો ડિફરન્સ વધે તેમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો છે? આપણે કંપનીને કુલ કેટલા ચૂકવવાના થાય?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા યોજના ખેડૂતોના રક્ષણ માટે છે. વરસાદ પડે, ઓછો વરસાદ પડે, કરા પડે તેના માટે મદદરૂપ થવા આ યોજના બનાવી છે. (અંતરાય)

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

અધ્યક્ષશ્રી : જવાબ નથી સાંભળવો? જવાબ તો સાંભળવો પડશે ને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાંભળશો તો થોડી જાણકારી વધશે. વીરજીભાઇ, સાંભળો. પહેલી વાત તો માનનીય પરેશભાઇએ જે કહ્યું કે ખાનગી કંપનીઓને એન.ડી.એ. સરકારે દાખલ કરી. એ વાત સત્યથી વેગળી છે. અગાઉ યુ.પી.એ. સરકાર વખતથી જ (અંતરાય) વીરજીભાઇ, તમારે ચેક કરવાનું. પછી કહેવાનું. મારી વાતને હંમેશા સ્વીકારી લેવાની. ચેક કરવાની છૂટ. સાહેબ, મારી વાત તો સાંભળો. હું ખોટો હોઉં તો ફરી આવજો વિધાનસભામાં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે જવાબ તો પૂરો સાંભળીએ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : સબસિડીના નામે કરોડો રૂપિયાનું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : વીરજીભાઇ, આપ બેસી જાવ. બધી વાર ઉભા થવાની જરૂર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ. સરકાર વખતથી જ ખાનગી કંપનીઓને ટેન્ડરથી પાક વીમા યોજના નીચે આવરવાની શરૂઆત થઇ. પછી કેન્દ્રમાં સરકાર બદલાઇ. ગુજરાતના અને ભારતના ખેડૂતોની રજૂઆતના આધારે ભારત સરકારે કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા. પહેલાં જુદા જુદા એકમ હતા તેમાં ફરક કર્યો પછી અહીં જે વાત થઇ એ બહુ અગત્યની છે. ગુજરાતમાં સમજી લો કે આપણું દક્ષિણ ગુજરાત છે, મધ્ય ગુજરાત છે. જયાં સિંચાઇના પાણીની સારી વ્યવસ્થા છે. જયાં વરસાદ સારો પડે છે ત્યાં વીમા કંપની વીમો લે તો તેને ખબર હોય કે અહીંયા પાક નિષ્ફળ જવાની તકો ઓછી છે. એટલે તેનું ટેન્ડર નીચું આવે. એવી રીતે સૌરાષ્ટ્ર છે, ઉત્તર ગુજરાત છે, કચ્છ છે કે જયાં સિંચાઇની વ્યવસ્થા મર્યાદિત હોય, વરસાદ ઓછો આવતો હોય, પાક નિષ્ફળ જવાની તકો વધારે હોય, કંપનીને ખેડૂતને વધારે ચૂકવણું કરવાનું હોય તેના જે ટેન્ડર બહાર પાડે તેનું પ્રિમિયમ ઉંચું આવે. આખા રાજયમાં જુદું જુદું આવે. (અંતરાય) પરેશભાઇ, મારી વાત સાંભળો. દા.ત. વડોદરા જિલ્લામાં કપાસનું જે પ્રિમિયમ આવે એ સૌરાષ્ટ્ર કરતા ઓછું આવે. કેમ કે વડોદરા જિલ્લામાં નર્મદાના પાણીની સિંચાઇ મળે છે એટલે પાણીના અભાવે પાક નિષ્ફળ ન જાય.

અધ્યક્ષશ્રી : વીરજીભાઇ, આપના નેતા અહીં ઉભા છે. વારેઘડીએ આપ ઉભા થઇ જાવ છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ પાક વીમા યોજનાની અંદર ઉંચા દરના ટેન્ડરો સ્વીકાર્યા, મગફળી અને કપાસ મુખ્ય અને ગૌણ પાકમાં ઉંચા ભાવ મંજૂર કર્યા. ખેડૂતો પાસે બે ટકા. બાકીના રૂપિયા રાજય અને કેન્દ્ર સરકારની તિજોરીમાંથી ચૂકવાવવા માટે સરકાર જવાબદાર બની અને એ મુજબ ગુજરાતમાં ઓછામાં ઓછા ૨૫ હજાર કરોડ કરતા વધુની રકમનું પ્રિમિયમ કંપનીઓ જમી ગઇ.(સતત અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ ખોટા આંકડા આપે છે. આ ખોટા આંકડાથી વિરોધપક્ષના નેતા ન ચલાવે. (સતત અંતરાય) પરેશભાઇ અભ્યાસ કરો. તમે નવા છો. તમે અમરેલીની સભામાં નથી. તમે વિધાનસભામાં છો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. વિરજીભાઇ, બેસી જાઓ. પ્લીઝ બેસી જાઓ. હવે બીજી આગળની કાર્યવાહી ચાલે.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ એટલા માટે ઉઠાવવા માગું છું કે પ્રશ્નકાળની ચર્ચા દરમિયાન આપશ્રીએ મને તક આપી એ બદલ અભિનંદન આપું છું. ગુજરાતના કોંગ્રેસ કિસાન સેલનો હું મુખિયો છું. (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એ ક્યા નિયમ નીચે અને ક્યા વિષય ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માગે છે? એ પહેલા સ્પષ્ટ કરે.

અધ્યક્ષશ્રી : આપ ક્યા નિયમ નીચે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માગો છો?

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, નિયમની મને ખબર નથી.

અધ્યક્ષશ્રી : ચાલો બેસી જાઓ. પ્લીઝ શાંતિ રાખો. બધા સભ્યશ્રીઓ બેસી જાઓ. નેકસ્ટ.

### અતારાંકિત પ્રશ્નોત્તરી

### અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રોમાં મહેકમ

* ૧૨૭૧ ડૉ. અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓ અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે ? | (૩) ભરતી પ્રક્રિયા ચાલુ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અમદાવાદ શહેરમાં અનાજના જથ્થાનું વિતરણ

* ૧૩૩૧ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩(માં અન્નપુર્ણા યોજના) હેઠળ અમદાવાદ શહેરમાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) તા. ૧–૪–૧૬થી અમલમાં આવતાં અમદાવાદ શહેરમાં તા. ૧–૪–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૧,૭૪,૮૪૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડદીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી ઓક્ટોબર–૨૦૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર–૧૭ થી ડીસેમ્બર–૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

ગાંધીનગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૧૨૭૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩(માં અન્નપુર્ણા યોજના) હેઠળ ગાંધીનગર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ તા.૧–૪–૧૬થી અમલમાં આવતાં ગાંધીનગર જિલ્લામાં તા. ૧–૪–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૭૮૫૯૩.૮૭૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

| વિતરણનો | કેટેગરી | ઘઉં | ભાવ | ચોખા | ભાવ | કુલ |
|---|---|---|---|---|---|---|

| સમયગાળો | | (કિ.ગ્રા.) | પ્રતિ કિલો (રૂ.) | (કિ.ગ્રા.) | પ્રતિ કિલો (રૂ.) | અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડદીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી ઓક્ટોબર–૨૦૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર–૧૭ થી ડીસેમ્બર–૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

સુરત જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૧૩૪૪ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૭,૮૮,૫૬૦/– |

---------

ફીશરમેન્ટ ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિમાંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત

* ૪૮૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ–૨૦૦૯ માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા.૩૧–૧૨–૨૦૧૩ અને ત્યારબાદ વિભાગનાં તા.૧૭–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૨) કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. |

---------

આણંદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ

* ૧૩૦૪ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષમાં છેલ્લા ૧૧૬ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૮૩ વ્યાજબી ભાવની દુકાનોમાં ગેરરીતિઓ જોવા |

મળી.

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલાં લીધા ?

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા.

કુલ રૂ.૨,૧૫,૫૭૫/- નો જથ્થો કબ્જે લીધેલ તે પૈકી રૂ.૬૪,૩૦૦/- નો જથ્થો રાજ્યસાત કરેલ છે અને ૪ પરવાના મોકુફ કરેલ છે તેમજ પરવાના અનામત પેટે રૂ.૬૧,૫૦૦/- ની ડીપોઝીટ રાજ્યસાત કરેલ છે.

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ગૌચર સુધારણાના કામ

* ૫૬૭ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ગૌચર સુધારણાના ક્યા કામો તાલુકાવાર હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કામો ઉકત સ્થિતિએ પૂર્ણ થયા અને કેટલા કામો અધૂરા રહ્યા, અને

(૩) ઉકત બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) *પત્રક–૧ સામેલ છે.

(૨) *પત્રક–૨ સામેલ છે.

(૩) બાકી રહેલ કામો સંબંધિત લાભાર્થી ગ્રામ પંચાયત અને સંસ્થાઓએ પૂર્ણ કરવાના થાય છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

શહેરા અને ગોધરા તાલુકામાં વ્યકિતગત શૌચાલયો

* ૬૫૭ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં કેટલા વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) શહેરા અને ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકા | તા.૧/૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી વ્યકિતગત શૌચાલયો (સંખ્યામાં) | | | તા.૧/૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી વ્યકિતગત શૌચાલયો (સંખ્યામાં) | | | કુલ (સંખ્યામાં) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | નિર્મળ ગુજરાત | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | કુલ | નિર્મળ ગુજરાત | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | કુલ | |
| ૧ | શહેરા | ૦ | ૮૦૮૮ | ૮૦૮૮ | ૪૧ | ૧૯૯૨૨ | ૧૯૯૬૩ | ૨૮૦૫૧ |
| ૨ | ગોધરા | ૧૮૪ | ૧૦૯૮૬ | ૧૧૧૭૦ | ૧૦૦ | ૧૫૩૭૭ | ૧૫૪૭૭ | ૨૬૬૪૭ |

(૨) બાકી રહેલ શૌચાલયો કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૨) બેઝલાઈન સર્વે–૨૦૧૨ મુજબ ૧૦૦ ટકા શૌચાલય પૂર્ણ થયેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૨૮ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણા ફાળવવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૧/૧/૨૦૧૬ થી | તા.૧/૧/૨૦૧૭ થી |

# તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૩૧/૧૨/૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૧૮૯.૩૪ | ૨૨૦૫.૩૦ |
| ૨ | બનાસકાંઠા | ૪૭૭૯.૪૯ | ૪૪૧૮.૦૩ |
| | કુલ | ૬૯૬૮.૮૩ | ૬૬૨૩.૩૩ |

(૨) ઉકત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉકત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરિયાદો મળી, અને

| ક્રમ | જિલ્લો | મળેલ ફરિયાદોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧/૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | તા.૧/૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | |
| | | નાણાંકીય | વહીવટી | કુલ | નાણાંકીય | વહીવટી | કુલ |
| ૧ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) એકપણ ફરિયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન રહેતો નથી.

---------

### જામનગર અને નર્મદા જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ માટે રકમ ફાળવણી

* ૪૯૩ શ્રી પ્રવિણભાઈ મુસડીયા (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર જંગલી જાનવરો અને રોઝ–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૧) આ યોજના તા.૧૧–૪–૨૦૧૭ થી વિભાગમાં અમલમાં છે.

વર્ષવાર જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લો | સમય | રકમ |
|---|---|---|---|
| ૧ | જામનગર<br>નર્મદા | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | જામનગર<br>નર્મદા | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૧૨૦.૦૦<br>૧૬૦.૦૦ |
| | કુલ | | ૨૮૦.૦૦ |

(૨) ઉકત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

(૨) વર્ષવાર જિલ્લાવાર ખેડૂતોને આપેલ લાભની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સમય | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જામનગર<br>નર્મદા | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | જામનગર<br>નર્મદા | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૧૦૯<br>૦૦ |
| | કુલ | | ૧૦૯ |

---------

### ભાવનગર અને ભરૂચ જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ

* ૪૯૪ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર

(૧) આ યોજના તા.૧૧–૪–૨૦૧૭ થી વિભાગમાં અમલમાં છે.

જંગલી જાનવરો અને રોઝ–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

વર્ષવાર જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લો | સમય | રકમ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર<br>ભરૂચ | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | ભાવનગર<br>ભરૂચ | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૧૫૦.૦૦<br>૧૬૦.૦૦ |
| | કુલ | | ૩૧૦.૦૦ |

(૨) ઉકત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

(૨) વર્ષવાર જિલ્લાવાર ખેડૂતોને આપેલ લાભની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સમય | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાવનગર<br>ભરૂચ | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | ભાવનગર<br>ભરૂચ | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૧૪<br>૩૯ |
| | કુલ | | ૫૩ |

---------

કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત

* ૬૦૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષદીઠ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા વ્યકિત દીઠ કેરોસીનનો કેટલો જથ્થો ફાળવવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી વિભાગ દ્વારા ઉકત સ્થિતિએ બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓને કેટકેટલા લિટરનો જથ્થો પૂરો પાડવામાં આવેલ છે ?

જવાબ

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વ્યકિતદીઠ ધોરણે કેરોસીનના જથ્થાની ફાળવણી કરવામાં આવતી નથી, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ત્રિમાસિક ધોરણે રાજ્યને કેરોસીનના જથ્થાની ફાળવણી કરવામાં આવે છે.

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ કેરોસીનનો જથ્થો |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૫૬,૩૦,૧૬,૦૦૦ લીટર |
| ૨ | ૨૦૧૭ | ૩૫,૨૮,૪૮,૦૦૦ લીટર |

(૨)

| અ. નં. | વર્ષ | બીપીએલ લાભાર્થીઓને પૂરો પાડેલ કેરોસીનનો જથ્થો (લીટર) | એપીએલ લાભાર્થીઓને પૂરો પાડેલ કેરોસીનનો જથ્થો (લીટર) | રિમાકર્સ |
|---|---|---|---|---|
| ૧. | જાન્યુ–૧૬ થી સપ્ટે–૧૬સુધી | ૪૬૮૭૦૮૦૦૦ (બીપીએલ+એપીએલ લાભાર્થીઓ) | | બીપીએલ/એપીએલ તમામ કાર્ડ ધારકોને વ્યકિત દીઠ બે લીટર તથા મહત્તમ આઠ લીટરની મર્યાદામાં કેરોસીનની ફાળવણી કરવામાં આવેલ. |
| ૨ | ઓકટો–૧૬ થી ડીસે–૧૬ સુધી | ૩૭૬૨૦,૦૦૦ | ૪૫૭૩૦૦૦૦ | વિભાગના તા.૬–૧૦–૧૬ના પરિપત્ર થી નવું |
| ૩ | ૨૦૧૭ | ૧૪૨૧૪૪૦૦૦ | ૧૭૨૩૧૪૦૦૦ | વિતરણ પ્રમાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | (જાન્યુ.૧૭ થી ડીસે–૧૭) | | | અમલમાં મુકતા બીપીએલ/ અંત્યોદય કાર્ડ ધારકો માટે વ્યકિત દીઠ બે લીટર તથા મહત્તમ આઠ લીટર કેરોસીન તથા એપીએલ–૧/ એપીએલ–૨ કાર્ડ ધારકો માટે વ્યકિત દીઠ બે લીટર તથા મહત્તમ ચાર લીટર મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો. |

---------

પોરબંદર જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૧૩૪૯ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) ૬,૧૮,૪૩૪

(૨) ગળસૂંઢો, ગાંઠીયો તાવ, ખરવા–મોવાસા, આંત્રવિષજવર, હડકવા, બ્રુસેલોસીસ, પી.પી.આર.

---------

આણંદ અને નવસારી જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ

* ૪૯૨ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર જંગલી જાનવરો અને રોઝ–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉકત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

જવાબ

(૧) આ યોજના તા.૧૧–૪–૨૦૧૭ થી વિભાગમાં અમલમાં છે.
વર્ષવાર જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લો | સમય | રકમ |
|---|---|---|---|
| ૧ | આણંદ<br>નવસારી | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | આણંદ<br>નવસારી | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૮૦.૦૦<br>૧૬૦.૦૦ |
| | કુલ | | ૨૪૦.૦૦ |

(૨) વર્ષવાર જિલ્લાવાર ખેડૂતોને આપેલ લાભની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સમય | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ<br>નવસારી | ૧–૧–૧૬ થી<br>૩૧–૧૨–૧૬ | –<br>– |
| ૨ | આણંદ<br>નવસારી | ૧–૧–૧૭ થી<br>૩૧–૧૨–૧૭ | ૦૦<br>૦૦ |
| | કુલ | | ૦૦ |

# ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

બનાસકાંઠા જિલ્લામાં એ.પી.એલ. અને બી.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૧૩૮૧ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. અને બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. (સંખ્યા)

| ક્રમ | તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયોની સંખ્યા | | તા. ૦૧–૦૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધી બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|
| | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | |
| ૧ | ૩૫૨૮૯ | ૮૪૦૬ | ૯૨૪૪૬ | ૩૦૧૬૭ | ૧૬૬૩૦૮ |

(૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(ખર્ચ રૂ. લાખમાં)

| ક્રમ | તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધી વ્યક્તિગત શૌચાલયો માટેનો ખર્ચ | | તા. ૦૧–૦૧–૨૦૧૭ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધી વ્યક્તિગત શૌચાલયો માટેનો ખર્ચ | | કુલ |
|---|---|---|---|---|---|
| | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | બી.પી.એલ. કુટુંબો | |
| ૧ | ૪૨૩૪.૬૮ | ૧૦૦૮.૭૨ | ૧૧૦૯૩.૫૨ | ૩૬૨૦.૦૪ | ૧૯૯૫૬.૯૬ |

---------

ફીશરમેન્ટ ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિમાંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત

* ૪૭૬ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

**પ્રશ્ન**

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ–૨૦૦૯માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા.૩૧–૧૨–૨૦૧૩ અને ત્યાર બાદ વિભાગનાં તા.૧૭–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.

---------

બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ

* ૪૯૯ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર જંગલી જાનવરો અને રોઝ–ભુંડના ત્રાસથી ખેડૂતોના પાકના રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) આ યોજના તા.૧૧–૦૪–૨૦૧૭થી વિભાગમાં અમલમાં છે.

વર્ષવાર જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | જિલ્લો | સમય | રકમ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા<br>અરવલ્લી | ૧-૧-૧૬ થી<br>૩૧-૧૨-૧૬ | --<br>-- |
| ૨ | બનાસકાંઠા<br>અરવલ્લી | ૧-૧-૧૭ થી<br>૩૧-૧૨-૧૭ | ૧૬૦.૦૦<br>૧૬૦.૦૦ |
| | કુલ | | ૩૨૦.૦૦ |

(૨) ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

(૨) વર્ષવાર જિલ્લાવાર ખેડૂતોને આપેલ લાભની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સમય | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા<br>અરવલ્લી | ૧-૧-૧૬ થી<br>૩૧-૧૨-૧૬ | --<br>-- |
| ૨ | બનાસકાંઠા<br>અરવલ્લી | ૧-૧-૧૭ થી<br>૩૧-૧૨-૧૭ | ૦૦<br>૨૮ |
| | કુલ | | ૨૮ |

---------

રાજકોટ અને સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ

* ૫૨૪ શ્રી લલીતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને સુરત જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસીડી મેળવવા કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) રાજકોટ જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૧/૧૬ થી ૩૧/૧૨/૧૬ | તા. ૦૧/૦૧/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| ૧ | રાજકોટ | ૧૭૪ | ૧૧૬ |
| ૨ | પડધરી | ૨૦૦ | ૧૭૮ |
| ૩ | જસદણ | ૨૫૭ | ૨૩૩ |
| ૪ | વીંછીયા | ૬૩ | ૩૯ |
| ૫ | ગોંડલ | ૫૬૭ | ૪૨૬ |
| ૬ | કોટડાસાંગણી | ૨૧૪ | ૧૫૪ |
| ૭ | લોધીકા | ૧૭૮ | ૧૦૦ |
| ૮ | જેતપુર | ૩૯૪ | ૩૦૧ |
| ૯ | ધોરાજી | ૧૨૪ | ૧૫૯ |
| ૧૦ | ઉપલેટા | ૧૨૧ | ૨૦૫ |
| ૧૧ | જામકંડોરણા | ૨૪૨ | ૧૭૬ |
| | કુલ | ૨૫૩૪ | ૨૦૮૭ |

સુરત જીલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૧/૧૬ થી ૩૧/૧૨/૧૬ | તા. ૦૧/૦૧/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| ૧ | ઉમરપાડા | ૨૮ | ૩૬ |
| ૨ | ઓલપાડ | ૩૫૫ | ૪૮૯ |
| ૩ | કામરેજ | ૭૩ | ૧૩૨ |
| ૪ | ચોર્યાશી | ૫૨ | ૧૧૯ |
| ૫ | પલસાણા | ૩૩ | ૫૩ |
| ૬ | બારડોલી | ૬૨ | ૯૧ |
| ૭ | મહુવા | ૪૮ | ૯૦ |
| ૮ | માંગરોલ | ૭૩ | ૧૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૯ | માંડવી | ૯૩ | ૧૪૩ |
| | કુલ | ૮૧૭ | ૧૨૭૪ |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસીડી ચૂકવવામાં આવી, અને

(૨) રાજકોટ જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચુકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૧/૧૬ થી ૩૧/૧૨/૧૬ | તા. ૦૧/૦૧/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| ૧ | રાજકોટ | ૧૨૬ | ૮૩ |
| ૨ | પડધરી | ૧૦૭ | ૯૭ |
| ૩ | જસદણ | ૧૦૮ | ૯૫ |
| ૪ | વીંછીયા | ૨૯ | ૧૫ |
| ૫ | ગોંડલ | ૧૮૫ | ૧૫૬ |
| ૬ | કોટડાસાંગણી | ૮૨ | ૮૩ |
| ૭ | લોધીકા | ૮૧ | ૬૧ |
| ૮ | જેતપુર | ૧૦૪ | ૯૩ |
| ૯ | ધોરાજી | ૭૪ | ૬૨ |
| ૧૦ | ઉપલેટા | ૭૬ | ૭૫ |
| ૧૧ | જામકંડોરણા | ૧૧૧ | ૭૯ |
| | કુલ | ૧૦૮૩ | ૮૯૯ |

સુરત જીલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચુકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૧/૧૬ થી ૩૧/૧૨/૧૬ | તા. ૦૧/૦૧/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| ૧ | ઉમરપાડા | ૧૬ | ૯ |
| ૨ | ઓલપાડ | ૧૧૫ | ૬૯ |
| ૩ | કામરેજ | ૩૩ | ૩૮ |
| ૪ | ચોર્યાશી | ૩૧ | ૪૩ |
| ૫ | પલસાણા | ૨૦ | ૩૧ |
| ૬ | બારડોલી | ૪૩ | ૪૨ |
| ૭ | મહુવા | ૨૮ | ૩૬ |
| ૮ | માંગરોલ | ૩૫ | ૪૪ |
| ૯ | માંડવી | ૩૯ | ૩૭ |
| | કુલ | ૩૬૦ | ૩૪૯ |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસીડી ચૂકવવાની બાકી છે ?

(૩) રાજકોટ જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | પડતર અરજીઓની સંખ્યા | સહાય/સબસીડી ચુકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
| ૧ | રાજકોટ | ૦ | ૪ |
| ૨ | પડધરી | ૦ | ૪ |
| ૩ | જસદણ | ૦ | ૪૦ |
| ૪ | વીંછીયા | ૦ | ૦ |
| ૫ | ગોંડલ | ૦ | ૧૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૬ | કોટડાસાંગણી | ૦ | ૧૯ |
| ૭ | લોધીકા | ૦ | ૧ |
| ૮ | જેતપુર | ૦ | ૯૮ |
| ૯ | ધોરાજી | ૦ | ૩૮ |
| ૧૦ | ઉપલેટા | ૦ | ૨૭ |
| ૧૧ | જામકંડોરણા | ૦ | ૨૨ |
| | કુલ | ૦ | ૩૭૪ |

સુરત જીલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | પડતર અરજીઓની સંખ્યા | સહાય/સબસીડી ચુકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
| ૧ | ઉમરપાડા | ૧૮ | ૫ |
| ૨ | ઓલપાડ | ૩૯૨ | ૬૩ |
| ૩ | કામરેજ | ૮૮ | ૨૦ |
| ૪ | ચોર્યાશી | ૪૮ | ૧૨ |
| ૫ | પલસાણા | ૮ | ૧૮ |
| ૬ | બારડોલી | ૧૪ | ૨૩ |
| ૭ | મહુવા | ૧૨ | ૧૪ |
| ૮ | માંગરોલ | ૬૮ | ૨૬ |
| ૯ | માંડવી | ૯૫ | ૭ |
| | કુલ | ૭૪૩ | ૧૮૮ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ગોડાઉન માટે સહાય

* ૧૨૮૮ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લામાં ગોડાઉન/વેરહાઉસ/કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી રકમની સહાય કેટલા લાભાર્થીને ચુકવી છે, અને | (૧) ૭૪ લાભાર્થી રૂ. ૬,૮૬,૯૩,૬૩૨/-. |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયેલ છે ? | (૨) ૧૫,૨૬૦ મે. ટન. |

---------

ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ

* ૫૪૭ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે, | (૧) ગીરસોમનાથ – ૧૧ (અગિયાર)<br>પોરબંદર – ૦૮ (આઠ) |
| (૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પુરી પાડવામાં આવે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જીલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૩) |

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | ચુકવેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬ | ગીરસોમનાથ | ૬ | રૂ. ૩૧,૩૫,૮૨૮ |
| | પોરબંદર | ૨ | રૂ. ૧૦,૧૬,૫૫૦ |
| ૨૦૧૭ | ગીરસોમનાથ | ૧૧ | રૂ. ૧૫,૬૫,૯૧૬ |

| | | | |
|---|---|---|---|
| | પોરબંદર | ૨ | રૂ. ૧,૨૪,૬૦૦ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારની દુકાનો

* ૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા. ૦૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છોટા–ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકાર માન્ય પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારની કેટલી દુકાનો છે,

(૨) ઉક્ત દુકાનો પૈકી બે થી વધુ ગામો જોડાયેલા હોઈ તેવી કેટલી દુકાનો છે, અને

(૩) બે થી વધુ ગામો ધરાવતી દુકાનોને ભૌગોલિક દ્રષ્ટિએ અલગ પાડી ગામ દીઠ એક દુકાન શરૂ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) છોટા–ઉદેપુર જિલ્લામાં તા. ૦૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ તાલુકાવાર સરકાર માન્ય પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારની દુકાનો સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જેતપુરપાવી | ૬૪ |
| ૨ | છોટા–ઉદેપુર | ૬૫ |
| ૩ | ક્વાંટ | ૭૩ |
| ૪ | નસવાડી | ૪૨ |
| ૫ | સંખેડા | ૫૧ |
| ૬ | બોડેલી | ૭૦ |
| | કુલ | ૩૬૫ |

(૨) ઉક્ત દુકાનો પૈકી બે થી વધુ ગામો જોડાયેલા હોઈ તેવી કુલ ૧૬૧ દુકાનો છે.

(૩) ૩૦૦૦ થી ઓછી વસ્તી વાળા ભૌગોલિક દ્રષ્ટિએ ત્રણ કી.મી.થી ઓછા અંતર વાળા ગામોને વાજબી ભાવની દુકાન સાથે જોડવા અને ત્રણ કી.મી. થી વધુ અંતર વાળા ગામોને બ્રાંચ એફપીએસ આપવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે.

---------

અમદાવાદ અને અમરેલી જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

* ૫૭૨ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને અમરેલી જિલ્લામાં ગૌચર સુધારણાના કયા કામો તાલુકાવાર હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કામો ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયા અને કેટલા કામો અધૂરા રહ્યા, અને

(૩) ઉક્ત બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) * પત્રક–૧ સામેલ છે.

(૨) પત્રક–૨ સામેલ છે.

(૩) બાકી રહેલ કામો સંબંધિત લાભાર્થી ગ્રામ પંચાયત અને સંસ્થાઓએ પૂર્ણ કરવાના થાય છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત

* ૪૭૯ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ–૨૦૦૯માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા. ૩૧–૧૨–૨૦૧૩ અને ત્યાર બાદ વિભાગનાં તા. ૧૭–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૭

જવાબ

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.

સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

---------

સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૨૩ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ |
| ૧ | સુરેન્દ્રનગર | ૧૪૬૦.૬૫ | ૨૬૦૩.૭૮ |
| ૨ | મોરબી | ૨૫૩.૫૯ | ૩૦૭.૧૦ |
| કુલ... | | ૧૭૧૪.૨૪ | ૨૯૧૦.૮૮ |

(૨) ઉક્ત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉક્ત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરિયાદો મળી અને

| ક્રમ | જિલ્લો | મળેલ ફરિયાદોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | |
| | | નાણાંકીય | વહીવટી | કુલ | નાણાંકીય | વહીવટી | કુલ |
| ૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) એક પણ ફરીયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન રહેતો નથી.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ

* ૫૯૩ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| અ.નં. | સંવર્ગ | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૨૬ | ૨૩ |
| ૨ | ડ્રેસર | ૬ | ૭ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટકમ ડ્રેસર | ૧૨ | ૧૧ |

| અ.નં. | સંવર્ગ | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૧૭ | ૧૩ |
| ૨ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ | ૧૭ | ૧૩ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં. | સંવર્ગ | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૧૪ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ડ્રેસર | ૬ | ૬ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટકમ ડ્રેસર | ૫ | ૦ |

| અ.નં. | સંવર્ગ | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૩ | ૧ |
| ૨ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટકમ ડ્રેસર | ૬ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય એટલી ઝડપથી ભરવામાં આવશે.

---------

સુરત જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય

* ૧૩૪૨ શ્રી અરવિંદ રાણા (સુરત પુર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ. ૯,૮૭,૭૩૫/–.

---------

અરવલ્લી જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉનો

* ૧૩૧૬ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૦ ગોડાઉનો આવેલા છે.

(૨) ગોડાઉનોની સંગ્રહ શક્તિ કેટલી છે, અને

(૨) અરવલ્લી જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહ શક્તિ ૪૫૫૦ મે.ટન છે.

(૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શુ આયોજન કરેલ છે ?

(૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેક્ટ–૨ હેઠળ મેઘરજ, ધનસુરા, બાયડ તેમજ મોડાસા ખાતે અને વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેક્ટ–૩ હેઠળ ભીલોડા ખાતે કુલ ૫ સ્થળો ખાતે પ્રત્યેક સ્થળ દીઠ ૨૦૦૦ મે.ટન સંગ્રહ શક્તિના ગોડાઉન બાંધકામની કામગીરી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં પુર્ણ કરી અરવલ્લી જિલ્લામાં વધારાની ૧૦૦૦૦ મે.ટન સંગ્રહ શક્તિ ઉભી કરવાનું આયોજન છે.

---------

ખેડા જિલ્લામાં મત્સ્યોદ્યોગના લાભાર્થીઓ

* ૧૩૭૨ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન / જવાબ

(૧) ખેડા જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૬માં કુલ કેટલા સ્થળે યોજવામાં આવ્યો, અને

(૧) ૦૨ (બે)

(૨) તેમાં કેટલા મત્સ્યોદ્યોગના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું ?

(૨) કૃષિ મહોત્સવ ૨૦૧૬ દરમ્યાન મત્સ્યોદ્યોગના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું નથી.

---------

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની અરજીઓ

* ૧૩૯૦ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૪૫ અરજીઓ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) કુલ રૂ. ૭૫.૫૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) કોઈ સહાય ચૂકવવાની બાકી નથી. |

---------

મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ

* ૫૪૯ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે, | (૧) મહિસાગર – ૦૩ (ત્રણ)<br>છોટાઉદેપુર – ૦૨ (બે) |
| (૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પુરી પાડવામાં આવે છે, અને | (૨) હા, જી |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જીલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૩) |

| વર્ષ | જિલ્લો | ગૌશાળા ની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬ | મહિસાગર | ૩ | રૂ.૭,૮૨,૦૦૦/– |
| | છોટાઉદેપુર | ૦ | ૦ |
| ૨૦૧૭ | મહિસાગર | ૩ | રૂ.૬,૦૪,૮૦૦/– |

---------

ખેડા અને ડાંગ જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ

* ૫૦૨ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર જંગલી જાનવરો અને રોઝ–ભુંડના ત્રાસથી ખેડૂતોના પાકના **એચબી–૭૧૫–** વાડ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

જવાબ

(૧) આ યોજના તા.૧૧–૦૪–૨૦૧૭ થી વિભાગમાં અમલમાં છે.
વર્ષવાર જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | જિલ્લો | સમય | રકમ |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧–૧–૧૬ થી | – |
| | ડાંગ | ૩૧–૧૨–૧૬ | – |
| ૨ | ખેડા | ૧–૧–૧૭ થી | ૮૦.૦૦ |
| | ડાંગ | ૩૧–૧૨–૧૭ | ૧૬૦.૦૦ |
| | કુલ | | ૨૪૦.૦૦ |

પ્રશ્ન

(૨) ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો ?

જવાબ

(૨) વર્ષવાર જીલ્લાવાર ખેડૂતોને આપેલ લાભની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સમય | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧–૧–૧૬ થી | – |
| | ડાંગ | ૩૧–૧૨–૧૬ | – |

| | | | |
|---|---|---|---|
| ૨ | ખેડા | ૧-૧-૧૭ થી | ૪૫ |
| | ડાંગ | ૩૧-૧૨-૧૭ | ૧૪૩ |
| | કુલ | | ૧૮૮ |

---------

દેવભૂમિદ્વારકા જિલ્લામાં ગોડાઉન માટે સહાય.

* ૧૨૮૫ શ્રી લાખાભાઈ સાગઠિયા (રાજકોટ (ગ્રામ્ય)) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે દેવભૂમિદ્વારકા જિલ્લામાં ગોડાઉન/ વેરહાઉસ/ કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી રકમની સહાય કેટલા લાભાર્થીને ચૂકવી છે, અને | (૧) ૧૨ લાભાર્થીઓ રૂ.૩૩,૬૮,૩૬૯/- |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયેલ છે ? | (૨) ૧,૬૮૪ મે.ટન. |

---------

અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજુર મહેકમ

* ૬૪૨ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર આરટીઓ કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર આરટીઓ કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે. |

પત્રક-૧

| ક્રમ | સંવર્ગનું નામ | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | આરટીઓ કચેરી અમદાવાદ (સુભાષબ્રીજ) | એઆરટીઓ કચેરી અમદાવાદ (પૂર્વ) (વસ્ત્રાલ) | એઆરટીઓ કચેરી અમદાવાદ (ગ્રામ્ય) બાવળા | એઆરટીઓ કચેરી છોટાઉદેપુર |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | મામલતદાર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૧૫ | ૧૦ | ૦૪ | ૦૨ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૨૧ | ૦૯ | ૦૪ | ૦૪ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | હેડ કલાર્ક | ૧૦ | ૦૪ | ૦૨ | ૦૧ |
| ૧૧ | સીનીયર કલાર્ક | ૨૨ | ૦૬ | ૦૪ | ૦૩ |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૮૭ | ૧૫ | ૦૫ | ૦૬ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | હિસાબનીશ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૫ | સબ ઓડીટર | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૭ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | આંકડા મદદનીશ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૯ | ડ્રાઈવર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |

| ક્રમ | સંવર્ગનું નામ | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | આરટીઓ કચેરી અમદાવાદ (સુભાષબ્રીજ) | એઆરટીઓ કચેરી અમદાવાદ (પૂર્વ) (વસ્ત્રાલ) | એઆરટીઓ કચેરી અમદાવાદ (ગ્રામ્ય) બાવળા | એઆરટીઓ કચેરી છોટાઉદેપુર |
| ૨૦ | નાયક | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧ | પટાવાળા | ૨૦ | ૦૫ | ૦૦ | ૦૨ |
| ૨૨ | વોચમેન | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ :- | ૨૧૦ | ૫૬ | ૨૬ | ૨૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

પત્રક-૨

| ક્રમ | સંવર્ગનું નામ | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આરટીઓ કચેરી અમદાવાદ (સુભાષબ્રીજ) | | એઆરટીઓ કચેરી અમદાવાદ (પૂર્વ)(વસ્ત્રાલ) | | એઆરટીઓ કચેરી અમદાવાદ (ગ્રામ્ય)બાવળા | | એઆરટીઓ કચેરી છોટાઉદેપુર | |
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | મામલતદાર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૬ | હિસાબી અધિકારી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૧૪ | ૦૧ | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૯ | ૧૨ | ૦૫ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૧ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૧૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સીનીયર ક્લાર્ક | ૧૫ | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૦ |
| ૧૨ | જુનીયર ક્લાર્ક | ૬૧ | ૨૬ | ૧૦ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૫ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | હિસાબનીશ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૫ | સબ ઓડીટર | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૯ | ડ્રાઈવર | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૦ | નાયક | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧ | પટાવાળા | ૧૪ | ૦૬ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૨૨ | વોચમેન | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ :- | ૧૩૬ | ૭૪ | ૩૩ | ૨૩ | ૦૬ | ૨૦ | ૧૬ | ૫ |

(૩) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રીયા તથા ભરવાની પ્રક્રીયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રીયા છે. તેથી ભરતી પ્રક્રીયા અનુસાર તથા વહીવટી અનુકુળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

ખેરગામ, ચિખલી અને ગણદેવી તાલુકામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૧૩૭૯ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) નવસારી જિલ્લામાં ખેરગામ ચિખલી અને ગણદેવી તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ અને એ.પી.એલ કુંટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) નવસારી જિલ્લામાં ખેરગામ, ચિખલી અને ગણદેવી તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ બી.પી.એલ અને એ.પી.એલ કુંટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

| ક્રમ | તાલુકા | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયો | | તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયો | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧ | ખેરગામ | ૦ | ૭૩૦ | ૦ | ૦ | ૭૩૦ |
| ૨ | ચિખલી | ૦ | ૧૨૭૬૦ | ૦ | ૦ | ૧૨૭૬૦ |
| ૩ | ગણદેવી | ૦ | ૨૭૨૫ | ૦ | ૦ | ૨૭૨૫ |
| કુલ | | ૦ | ૧૬૨૧૫ | ૦ | ૦ | ૧૬૨૧૫ |

(૨) તેની પાછળ ઉકત સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકા | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં થયેલ ખર્ચ | | તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં થયેલ ખર્ચ | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧ | ખેરગામ | ૦.૦૦ | ૮૭.૬૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૭.૬૦ |
| ૨ | ચિખલી | ૦.૦૦ | ૧૫૧૧.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૧૧.૪૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | ગણદેવી | ૦.૦૦ | ૩૨૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૨૭.૦૦ |
| | કુલ | ૦.૦૦ | ૧૯૨૬.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૯૨૬.૦૦ |

---------

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ

* ૫૩૦ શ્રી સુરેશભાઈ પટેલ (માણસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે—

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસીડી મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસીડી ચૂકવવામાં આવી, અને

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા:૦૧-૦૧-૧૬ થી તા:૩૧-૧૨-૧૬ | તા:૦૧-૦૧-૧૭ થી તા:૩૧-૧૨-૧૭ |
| ૧ | ગાંધીનગર | ૩૯૨ | ૩૩૪ |
| ૨ | કલોલ | ૧૯૫ | ૧૩૭ |
| ૩ | માણસા | ૨૦૩ | ૧૭૬ |
| ૪ | દહેગામ | ૫૦૭ | ૪૦૭ |
| | કુલ | ૧૨૯૭ | ૧૦૫૪ |

સાબરકાંઠા જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા:૦૧-૦૧-૧૬ થી તા:૩૧-૧૨-૧૬ | તા:૦૧-૦૧-૧૭ થી તા:૩૧-૧૨-૧૭ |
| ૧ | ઈડર | ૯૧૭ | ૬૫૫ |
| ૨ | ખેડબ્રહ્મા | ૩૩૪ | ૩૦૦ |
| ૩ | તલોદ | ૩૫૫ | ૩૫૯ |
| ૪ | પ્રાંતિજ | ૪૪૨ | ૩૬૪ |
| ૫ | પોશીના | ૦૯ | ૨૭ |
| ૬ | વડાલી | ૫૩૨ | ૩૯૪ |
| ૭ | વિજયનગર | ૫૫ | ૫૬ |
| ૮ | હિંમતનગર | ૬૭૨ | ૫૨૦ |
| | કુલ | ૩૩૧૬ | ૨૬૭૫ |

(૨) ગાંધીનગર જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચૂકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા:૦૧-૦૧-૧૬ થી તા:૩૧-૧૨-૧૬ | તા:૦૧-૦૧-૧૭ થી તા:૩૧-૧૨-૧૭ |
| ૧ | ગાંધીનગર | ૧૩૪ | ૧૯૯ |
| ૨ | કલોલ | ૫૨ | ૯૨ |
| ૩ | માણસા | ૬૦ | ૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૪ | દહેગામ | ૧૬૪ | ૨૫૮ |
| કુલ | | ૪૧૦ | ૬૨૮ |

સાબરકાંઠા જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચૂકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા:૦૧-૦૧-૧૬ થી તા:૩૧-૧૨-૧૬ | તા:૦૧-૦૧-૧૭ થી તા:૩૧-૧૨-૧૭ |
| ૧ | ઈડર | ૩૧૦ | ૩૪૪ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧૨૬ | ૧૭૧ |
| ૩ | તલોદ | ૧૧૦ | ૧૫૯ |
| ૪ | પ્રાંતિજ | ૧૪૯ | ૧૯૧ |
| ૫ | પોશીના | ૦૧ | ૦૯ |
| ૬ | વડાલી | ૧૯૧ | ૨૪૧ |
| ૭ | વિજયનગર | ૩૧ | ૨૦ |
| ૮ | હિંમતનગર | ૨૧૪ | ૨૫૫ |
| કુલ | | ૧૧૩૨ | ૧૩૯૦ |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસીડી ચૂકવવાની બાકી છે?

(૩) ગાંધીનગર જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૭ ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | પડતર અરજીઓની સંખ્યા | સહાય/સબસીડી ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
| ૧ | ગાંધીનગર | ૫૬ | ૦ |
| ૨ | કલોલ | ૬૦ | ૦ |
| ૩ | માણસા | ૧૫ | ૦ |
| ૪ | દહેગામ | ૭૩ | ૦ |
| કુલ | | ૨૦૪ | ૦ |

સાબરકાંઠા જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | પડતર અરજીઓની સંખ્યા | સહાય/સબસીડી ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
| ૧ | ઈડર | ૦ | ૦ |
| ૨ | ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| ૩ | તલોદ | ૦ | ૦ |
| ૪ | પ્રાંતિજ | ૦ | ૦ |
| ૫ | પોશીના | ૦ | ૦ |
| ૬ | વડાલી | ૦ | ૦ |
| ૭ | વિજયનગર | ૦ | ૦ |
| ૮ | હિંમતનગર | ૦ | ૦ |

---------

નર્મદા જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૧૩૧૨ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કૂલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) નર્મદા જીલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૦ ગોડાઉન આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) નર્મદા જિલ્લામાં ગોડાઉનોની કૂલ સંગ્રહ શક્તિ ૪૮૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૩ હેઠળ રાજપીપળા, ડેડીયાપાડા અને ગરુડેશ્વર એમ ત્રણ તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન વધારાની સંગ્રહ શક્તિ તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

સુરત જિલ્લામાં ટ્રેકટર સહાયની મંજૂર અરજીઓ

* ૧૩૮૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાશી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ટ્રેક્ટરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૧૨૬૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૭૦૯ અરજીઓ માટે કુલ રૂ. ૩૭૭.૧૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૧૮૮. |

---------

કચ્છ અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ

* ૫૩૮ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કચ્છ અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે, | (૧) કચ્છ – ૫૫ (પંચાવન)<br>અરવલ્લી – ૭ (સાત). |
| (૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઇ સહાય પુરી પાડવામાં આવે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૩) |

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬ | કચ્છ | ૪૩ | રૂ.૧,૭૯,૫૦,૬૨૩/- |
| | અરવલ્લી | ૩ | રૂ.૪,૬૮,૫૫૦/- |
| ૨૦૧૭ | કચ્છ | ૧૮ | રૂ.૬૪,૮૩,૮૨૨/- |
| | અરવલ્લી | ૧ | રૂ.૬૨,૮૦૦/- |

---------

આણંદ અને ભરૂચ જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો

* ૫૧૪ શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખરીફ પાક-૨૦૧૬ નો કપાસ અને મગફળીનો પાક વીમો કેટલા ટકા, કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો, | (૧) આણંદ અને ભરૂચ જિલ્લામાં ખરીફ-૨૦૧૬ માં મગફળી પાક વીમા હેઠળ નોટીફાઇડ થયેલ ના હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>આણંદ જિલ્લાના તમામ નોટીફાઇડ તાલુકામાં કપાસ પાક માટે વીમાના દાવાઓ ચૂકવવાપાત્ર થતા નથી. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

ભરૂચ જિલ્લાના તમામ નોટીફાઇડ તાલુકામાં કપાસ પાકમાં હાલ વિમાના દાવા માટેની ગણતરી પ્રગતિમાં હોય દાવાની ટકાવારી ઉપલબ્ધ નથી.

(૨) ઉક્ત તાલુકાવાર કોઇ ખેડૂતને પાક વીમો ચૂકવવાનો બાકી છે, અને

(૨) ભરૂચ જિલ્લાના નોટીફાઇડ તાલુકાઓમાં કપાસ પાકમાં વીમાની ગણતરી પ્રગતિમાં છે. ગણતરી પૂર્ણ થયે ચૂકવણી અંગેનો નિર્ણય થશે.

(૩) જો હા, તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચૂકવવમાં આવશે ?

(૩) ભરૂચ જિલ્લામાં કપાસ પાકમાં વીમાની ગણતરી પ્રગતિમાં હોવાના કારણે નિર્ણય થયેથી ચૂકવવાપાત્ર દાવા સંબંધિત વીમા કંપની દ્વારા ચૂકવવાના રહે છે.

---------

### દાહોદ જિલ્લામાં આવેલ મત્સ્યોદ્યોગ કેન્દ્રો

* ૪૭૪ શ્રીમતિ ચંદ્રિકાબેન બારિયા (ગરબાડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા મત્સ્યોદ્યોગ કેન્દ્રો આવેલા છે, અને

(૧) ૦૧ (એક).

(૨) ઉક્ત કેન્દ્રના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| નં. | સમયગાળો | ફાળવેલ ગ્રાન્ટ લાખમાં | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | જાન્યુ. ૧૬ થી ડીસે.૧૬ સુધી | ૩૭.૬૦ | ૩૪.૭૯ |
| ૨ | જાન્યુ. ૧૭થી ડીસે. ૧૭ સુધી | ૩૯.૭૦ | ૩૯.૦૭ |

---------

### રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની કામગીરી

* ૧૩૮૪ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળ સંગ્રહ માટેની કામગીરી કરવામાં આવે છે, તે વાત સાચી છે, અને

(૧) હા.

(૨) જો હા, તો કઇ કઇ કામગીરી કરવામાં આવેલ છે ?

(૨) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનેટ) હેઠળ નવા ચેકડેમ, ચેકડેમ ડીસીલટીંગ, નવા તળાવ, તળાવ ઉંડા કરવા, ખેત તલાવડી, પરકોલેશન ટેંક, ચેક વોલ, કોઝ–વે–કમ ચેકડેમ, અર્ધનડેમ વિગેરે જળસંગ્રહની કામગીરી કરવામાં આવેલ છે.

---------

### ગીરસોમનાથ અને ભાવનગર જિલ્લામાં કપાસ અને મગફળીનો પાક વીમો

* ૪૮૭ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખરીફ–૨૦૧૬ નો કપાસ અને મગફળીનો પાકવીમો કેટલા ટકા, કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો,

(૧) ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના મગફળી પાક માટે નોટીફાઇડ તમામ તાલુકામાં વીમાના દાવાઓ ચૂકવવાપાત્ર થતા નથી.

ગીર સોમનાથ જિલ્લાના કપાસ પાક માટે નોટીફાઇડ તમામ તાલુકાઓમાં કપાસ પાકમાં હાલ વીમાના દાવા માટેની ગણતરી પ્રગતિમાં હોય દાવાની ટકાવારી ઉપલબ્ધ નથી.

| | |
|---|---|
| | ભાવનગર જિલ્લામાં કપાસ પાક માટે ભાવનગર તાલુકામાં ૭.૪૯% પાક વીમો ૨૧૯૫ ખેડૂતોને, ગારીયાધાર તાલુકામાં ૦.૦૮% પાક વીમો ૨૮૫૫ ખેડૂતોને, ઘોઘા તાલુકામાં ૫.૬૭% પાક વીમો ૧૬૨૪ ખેડૂતોને, જેસર તાલુકામાં ૫.૪૩% પાક વીમો ૧૨૯૭ ખેડૂતોને, પાલીતાણા તાલુકામાં ૩.૮૭% પાક વીમો ૨૮૫૬ ખેડૂતોને, શિહોર તાલુકામાં ૬.૮૬% પાક વીમો ૩૯૫૫ ખેડૂતોને અને ઉમરાળા તાલુકામાં ૯.૭૮% પાક વીમો ૧૮૭૦ ખેડૂતોને ચૂકવાયેલ છે. |
| (૨) ઉક્ત તાલુકાવાર કોઇ ખેડૂતને પાકવીમો ચૂકવવાનો બાકી છે, કે કેમ, અને | (૨) ગીર સોમનાથ જિલ્લામાં કપાસ પાકમાં વીમો લીધેલ ખેડૂતોના પાક વીમાની ગણતરી પ્રગતિમાં છે. ગણતરી પૂર્ણ થયે ચૂકવણી અંગેનો નિર્ણય થશે. |
| (૩) જો હા, તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) કપાસ પાકમાં વીમાની ગણતરી પ્રગતિમાં હોવાના કારણે નિર્ણય થયેથી ચૂકવવાપાત્ર દાવા સંબંધિત વીમા કંપની દ્વારા ચૂકવવાના રહે છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉનો

* ૧૩૧૫ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કૂલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કૂલ ૯ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ગાંધીનગર જિલ્લામાં ગોડાઉનોની કૂલ સંગ્રહ શકિત ૪૭૦૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) ગાંધીનગર જિલ્લામાં ૭૦૦૦ મે.ટન સંગ્રહ શકિત વધારવાનું આયોજન છે. જે પૈકી વેરહાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૨ હેઠળ ગાંધીનગર ખાતે ૫૦૦૦ મે.ટન સંગ્રહ શક્તિના ગોડાઉનોનું બાંધકામ પૂર્ણ થતાં તા.૧૯-૦૧-૨૦૧૮ થી વપરાશ શરૂ કરેલ છે. અને વેરહાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૩ હેઠળ માણસા ખાતે ૨૦૦૦ મે.ટનના ગોડાઉનનું બાંધકામ તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

રાજ્યમાં ખેત પેદાશોના ટેકાના ભાવ

* ૪૮૪ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કઇ ખેત પેદાશોના ટેકાના કેટલા ભાવ કઇ તારીખે જાહેર કરવામાં આવેલ, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોઇ પણ ખેત પેદાશોના ટેકાના ભાવો જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કઇ ખેત પેદાશોની વર્ષવાર ટેકાના ભાવે કેટલી ખરીદી કરવામાં આવી, અને | (૨) રાજ્ય સરાકાર દ્વારા ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખરીદીની શરૂઆત કઇ તારીખથી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો

* ૫૦૬ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(* જોડાણ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સુરેન્દ્રનગર અને તાપી જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ

* ૫૩૫ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને તાપી જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસીડી મેળવવા કેટલી | (૧) સુરેન્દ્રનગર જિલ્લો |

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧- | તા.૦૧-૦૧- |

અરજીઓ મળી,

| | | ૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | ચુડા | ૧૨૬ | ૯૦ |
| ૨ | ચોટીલા | ૧૯ | ૧૪ |
| ૩ | થાનગઢ | ૧૦ | ૩૧ |
| ૪ | દસાડા | ૪૨૭ | ૪૨૩ |
| ૫ | ધ્રાંગધ્રા | ૪૩૫ | ૬૯૧ |
| ૬ | મૂળી | ૧૧૮ | ૧૪૭ |
| ૭ | લખપત | ૯૮ | ૧૭૨ |
| ૮ | લીંબડી | ૧૭૬ | ૧૫૪ |
| ૯ | વઢવાણ | ૨૦૩ | ૨૭૮ |
| ૧૦ | સાયલા | ૯૦ | ૫૦ |
| | કુલ | ૧૭૦૨ | ૨૦૫૦ |

તાપી જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
| ૧ | ઉચ્છલ | ૨૫ | ૪૩ |
| ૨ | કુકરમુંડા | ૫૬ | ૫૮ |
| ૩ | ડોલવણ | ૩૫ | ૬૭ |
| ૪ | નિઝર | ૫૩ | ૬૭ |
| ૫ | વ્યારા | ૨૫ | ૫૧ |
| ૬ | વાલોડ | ૧૯ | ૫૮ |
| ૭ | સોનગઢ | ૩૩ | ૯૬ |
| | કુલ | ૨૪૬ | ૪૪૦ |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસીડી ચૂકવવામાં આવી, અને

(૨) સુરેન્દ્રનગર જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચુકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
| ૧ | ચુડા | ૬૭ | ૩૯ |
| ૨ | ચોટીલા | ૧૦ | ૬ |
| ૩ | થાનગઢ | ૦૮ | ૨૨ |
| ૪ | દસાડા | ૧૩૦ | ૮૨ |
| ૫ | ધ્રાંગધ્રા | ૧૪૦ | ૮૨ |
| ૬ | મૂળી | ૬૬ | ૪૧ |
| ૭ | લખપત | ૭૨ | ૪૪ |
| ૮ | લીંબડી | ૯૧ | ૬૩ |
| ૯ | વઢવાણ | ૧૨૦ | ૭૭ |
| ૧૦ | સાયલા | ૪૬ | ૨૯ |
| | કુલ | ૭૫૦ | ૪૮૫ |

તાપી જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | સહાય/સબસીડી ચુકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧- | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧- |

| | | ૧૨–૨૦૧૬ | ૧૨–૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | ઉચ્છલ | ૧૫ | ૫ |
| ૨ | કુકરમુંડા | ૧૯ | ૯ |
| ૩ | ડોલવણ | ૧૫ | ૧૨ |
| ૪ | નિઝર | ૨૪ | ૫ |
| ૫ | વ્યારા | ૭ | ૧૬ |
| ૬ | વાલોડ | ૮ | ૧૧ |
| ૭ | સોનગઢ | ૧૧ | ૧૨ |
| | કુલ | ૯૯ | ૭૦ |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસીડી ચૂકવવાની બાકી છે ?

(૩) સુરેન્દ્રનગર જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પડતર અરજીઓની સંખ્યા | તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સહાય/સબસીડી ચુકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ચુડા | ૮ | ૦ |
| ૨ | ચોટીલા | ૦ | ૦ |
| ૩ | થાનગઢ | ૦ | ૦ |
| ૪ | દસાડા | ૨૩૮ | ૦ |
| ૫ | ધ્રાંગધ્રા | ૫૨૦ | ૬ |
| ૬ | મૂળી | ૪૮ | ૦ |
| ૭ | લખપત | ૭૭ | ૦ |
| ૮ | લીંબડી | ૪૧ | ૬ |
| ૯ | વઢવાણ | ૧૪૬ | ૦ |
| ૧૦ | સાયલા | ૦ | ૦ |
| | કુલ | ૧૦૭૮ | ૧૨ |

તાપી જિલ્લો

| અ. નં. | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પડતર અરજીઓની સંખ્યા | તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સહાય/સબસીડી ચુકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઉચ્છલ | ૨૮ | ૦ |
| ૨ | કુકરમુંડા | ૩૯ | ૦ |
| ૩ | ડોલવણ | ૫૧ | ૦ |
| ૪ | નિઝર | ૬૨ | ૦ |
| ૫ | વ્યારા | ૩૫ | ૦ |
| ૬ | વાલોડ | ૩૭ | ૦ |
| ૭ | સોનગઢ | ૭૪ | ૦ |
| | કુલ | ૩૨૬ | ૦ |

---------

જામનગર જિલ્લામાં માનવદિન રોજગારી

* ૧૩૭૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ છે,

(૨) તેની સામે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ

જવાબ

(૧) જામનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૬,૦૯,૭૬૯ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ છે,

(૨) તેની સામે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ

જિલ્લામાં કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને

જિલ્લામાં ૪,૬૮,૮૭૬ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવેલ છે ?

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં મહિલાઓ માટે ૧,૮૭,૨૯૯ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

આણંદ અને ભાવનગર જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૧૯ શ્રી કાન્તીભાઇ સોઢાપરમાર (આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ભાવનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ભાવનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
| ૧ | આણંદ | ૩૦૦૦.૩૩ | ૩૬૬૭.૮૬ |
| ૨ | ભાવનગર | ૧૩૫૯.૧૪ | ૧૨૨૭.૪૧ |

(૨) ઉકત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉકત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરિયાદો મળી, અને

| ક્રમ | જિલ્લો | મળેલ ફરિયાદોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૬ | | | તા. ૦૧/૦૧/૨૦૧૭ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ | | |
| | | નાણાકીય | વહીવટી | કુલ | નાણાકીય | વહીવટી | કુલ |
| ૧ | આણંદ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| કુલ... | | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |

(૩) મળેલ ફરીયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) મળેલ ફરિયાદ અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો *પરિશિષ્ટ-અ માં જણાવેલ વિગતે છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

જુનાગઢ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૧૩૫૩ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૨૬૬

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૨૬,૨૬૬

---------

જામનગર અને પોરબંદર જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૨૨ શ્રી ચિરાગભાઈ કાલરિયા (જામજોધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન — જવાબ

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને પોરબંદર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને પોરબંદર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ |
| ૧ | જામનગર | ૧૨૬૩.૫૯ | ૧૨૩૯.૪૬ |
| ૨ | પોરબંદર | ૧૩૦૧.૮૭ | ૬૨૭.૨૮ |

(૨) ઉકત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉકત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરિયાદો મળી, અને

| ક્રમ | જિલ્લો | મળેલ ફરિયાદોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | | | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | | |
| | | નાણાંકીય | વહીવટી | કુલ | નાણાંકીય | વહીવટી | કુલ |
| ૧ | જામનગર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૨ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |

(૩) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) મળેલ ફરિયાદ અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો *પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગતે છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### મોરબી અને બોટાદ જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ

* ૫૯૨ શ્રી પરસોતમ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પશુદવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| અ.નં. | સંવર્ગ | મોરબી | બોટાદ |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૯ | ૮ |
| ૨ | ડ્રેસર | ૩ | ૨ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૯ | ૪ |

| અ.નં. | સંવર્ગ | મોરબી | બોટાદ |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૮ | ૬ |
| ૨ | પટ્ટાવાળા /એટેન્ડન્ટ/ | ૭ | ૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં. | સંવર્ગ | મોરબી | બોટાદ |
|---|---|---|---|
| | | પશુ દવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૧ | ૫ |
| ૨ | ડ્રેસર | ૧ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૩ | પટ્ટાવાળા /એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૨ | ૩ |

| અ.નં. | સંવર્ગ | મોરબી | બોટાદ |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૨ | ૪ |
| ૨ | પટ્ટાવાળા /એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૫ | ૬ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે.

---------

માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં મગફળી તથા કપાસનો પાક વીમો

* ૬૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે—

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સને ૨૦૧૬ના મગફળી તથા કપાસના ખરીફ પાકનો કેટલા ટકા તાલુકાવાર વીમો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) જો પાક વીમો મંજુર કરવામાં આવ્યો ન હોય તો તેના શા કારણો છે, અને

(૩) આ પાક વીમો ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ?

જવાબ

(૧) સદરહુ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં મગફળી પાક મુખ્ય પાક હોઈ પાક વીમાના દાવાની ગણતરી ગ્રામ પંચાયતવાર થતી હોઈ તાલુકાવાર વીમાના દાવાની ટકાવારી અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે કપાસ પાકમાં હાલ વીમાના દાવા માટેની ગણતરી પ્રગતિમાં હોઈ દાવાની ટકાવારી ઉપલબ્ધ નથી.

(૨) કપાસ પાકમાં વિમાની ગણતરી પ્રગતિમાં હોવાને કારણે મંજૂરી અંગેનો નિર્ણય બાકી છે.

(૩) નિર્ણય થયે ચુકવવાપાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચુકવવાના રહે છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ

* ૫૮૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે—

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં

જવાબ

(૧)

| તાલુકાનું નામ | પશુ આરોગ્ય મેળાની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૫૭ |
| ડીસા | ૫૯ |
| વડગામ | ૫૦ |
| દાંતા | ૪૩ |
| દાંતીવાડા | ૨૮ |
| ધાનેરા | ૪૮ |
| થરાદ | ૪૯ |
| લાખાણી | ૨૮ |
| વાવ | ૩૦ |
| સુઈગામ | ૨૦ |
| દિયોદર | ૩૫ |
| ભાભર | ૩૦ |
| કાંકરેજ | ૫૦ |
| અમિરગઢ | ૩૩ |
| કુલ | ૫૬૦ |

(૨) ૨,૪૨,૬૭૩.

આવી, અને

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? (૩) ૬૨,૫૨૫.

---------

જુનાગઢ અને રાજકોટ જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ

* ૫૫૨ શ્રી ભીખાભાઈ જોષી (જૂનાગઢ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| અ.નં. | સંવર્ગ | જુનાગઢ | રાજકોટ |
|---|---|---|---|
| | | પશુ દવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૨૭ | ૨૭ |
| ૨ | ડ્રેસર | ૬ | ૧૧ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૨૦ | ૧૫ |

| અ.નં. | સંવર્ગ | જુનાગઢ | રાજકોટ |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૮ | ૧૮ |
| ૨ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૭ | ૧૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.નં. | સંવર્ગ | જુનાગઢ | રાજકોટ |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૮ | ૧૦ |
| ૨ | ડ્રેસર | ૬ | ૮ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૧૩ | ૭ |

(બ)

| અ.નં. | સંવર્ગ | જુનાગઢ | રાજકોટ |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૧ | ૩ |
| ૨ | પટ્ટાવાળા /એટેન્ડન્ટ/ | ૬ | ૧૨ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? (૩) શક્ય એટલી જલદી ભરવામાં આવશે.

---------

અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં ગૌચર સુધારણાના કામો

* ૫૬૨ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં ગૌચર સુધારણાના ક્યા કામો તાલુકાવાર હાથ ધરવામાં આવ્યા, (૧) *પત્રક–૧ સામેલ છે.

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કામો ઉકત સ્થિતિએ પૂર્ણ થયા અને કેટલા કામો અધુરા રહ્યા, અને (૨) *પત્રક–૨ સામેલ છે.

(૩) ઉકત બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? (૩) બાકી રહેલ કામો સંબંધિત લાભાર્થી ગ્રામ પંચાયત અને સંસ્થાઓએ પૂર્ણ કરવાના થાય છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ખેડા અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૧૮ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ. લાખમાં) | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૨૬૭.૦૧ | ૩૩૪૭.૧૮ |
| ૨ | બોટાદ | ૭૫૯.૩૭ | ૫૩૫.૯૮ |
| | કુલ | ૪૦૨૬.૩૮ | ૩૮૮૩.૧૬ |

(૨) ઉક્ત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરીયાદો મળી, અને

(૨) ઉક્ત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરીયાદો મળી, અને

| ક્રમ | જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | | | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી મળેલ ફરીયાદોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નાણાકીય | વહીવટી | કુલ | નાણાકીય | વહીવટી | કુલ |
| ૧ | ખેડા | ૦ | ૨ | ૨ | ૦ | ૫ | ૫ |
| ૨ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |

(૩) મળેલ ફરીયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) મળેલ ફરિયાદ અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો  પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગતે છે.

(પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અમરેલી અને પોરબંદર જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ

* ૫૫૩ શ્રી જે.વી. કાકડીયા (ધારી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) (અ)

| અ.નં. | સંવર્ગ | અમરેલી | પોરબંદર |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૩૧ | ૧૧ |
| ૨ | ડ્રેસર | ૧૧ | ૩ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૧૭ | ૬ |

(બ)

| અ.નં. | સંવર્ગ | અમરેલી | પોરબંદર |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર | |

| | | કેન્દ્રો | |
|---|---|---|---|
| ૧ | પશુધન નિરીક્ષક | ૨૪ | ૭ |
| ૨ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૨૪ | ૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) (અ)

| અ.નં. | સંવર્ગ | અમરેલી | પોરબંદર |
|---|---|---|---|
| | | પશુ દવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૧૯ | ૯ |
| ૨ | ડ્રેસર | ૨ | ૦ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૧૨ | ૦ |

(બ)

| અ.નં. | સંવર્ગ | અમરેલી | પોરબંદર |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુધન નિરીક્ષક | ૧૫ | ૩ |
| ૨ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ કમ ડ્રેસર | ૨૪ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય એટલુ જલદી ભરવામાં આવશે.

---------

પાટણ અને નવસારી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ

* ૬૫૪ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે—

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | એ.આર.ટી.ઓ. કચેરી પાટણ | એ.આર.ટી.ઓ. કચેરી નવસારી |
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૫ | ૦૬ |
| ૪ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૧ |
| ૫ | હેડ કલાર્ક | ૦૧ | ૦૧ |
| ૬ | સીનીયર કલાર્ક | ૦૨ | ૦૩ |
| ૭ | જુનીયર કલાર્ક | ૦૬ | ૦૬ |
| ૮ | સબ ઓડીટર | ૦૨ | ૦૧ |
| ૯ | સર્કલ ઓફીસર | ૦૧ | ૦૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૦ |
| ૧૧ | ડ્રાઈવર | ૦૧ | ૦૦ |
| ૧૨ | પટ્ટાવાળા | ૦૧ | ૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર

કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | એઆરટીઓ કચેરી પાટણ | | એઆરટીઓ કચેરી નવસારી | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૧ |
| ૪ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫ | હેડ કલાર્ક | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | સીનીયર કલાર્ક | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૭ | જુનીયર કલાર્ક | ૦૬ | ૦૦ | ૦૪ | ૦૨ |
| ૮ | સબ ઓડીટર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૧ | ડ્રાઈવર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૨ | પટ્ટાવાળા | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૧૬ | ૦૮ | ૧૮ | ૦૫ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ

* ૫૩૯ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે,

(૧) પાટણ – ૧૮ (અઢાર)
બનાસકાંઠા – ૩૪ (ચોત્રીસ)

(૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પુરી પાડવામાં આવે છે, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી?

(૩)

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬ | પાટણ | ૦૭ | રૂ. ૨૪,૧૦,૬૧૯ |
| | બનાસકાંઠા | ૩૪ | રૂ. ૧,૭૬,૨૫,૮૨૦ |
| ૨૦૧૭ | પાટણ | ૦૩ | રૂ. ૬,૨૧,૮૦૦ |
| | બનાસકાંઠા | ૩૪ | રૂ. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ

* ૬૩૯ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન | જવાબ

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | એ.આર.ટી.ઓ. કચેરી અરવલ્લી | આર.ટી.ઓ. કચેરી સાબરકાંઠા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ | ૦૫ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૬ | ૦૮ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ કલાર્ક | ૦૦ | ૦૨ |
| ૭ | સીનીયર કલાર્ક | ૦૨ | ૦૩ |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૬ | ૧૩ |
| ૯ | હિસાબનીશ | ૦૧ | ૦૧ |
| ૧૦ | સબ ઓડીટર | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | ૦૧ | ૦૧ |
| ૧૪ | નાયક | ૦૦ | ૦૧ |
| ૧૫ | પટ્ટાવાળા | ૦૧ | ૦૪ |
| ૧૬ | વોચમેન | ૦૦ | ૦૧ |
| | કુલ | ૨૧ | ૪૫ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | એઆરટીઓ કચેરી અરવલ્લી | | આરટીઓ કચેરી સાબરકાંઠા | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ | ૦૦ | ૦૪ | ૦૧ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ | ૦૨ | ૦૫ | ૦૩ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ કલાર્ક | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૭ | સીનીયર કલાર્ક | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૪ | ૦૨ | ૦૮ | ૦૫ |
| ૯ | હિસાબનીશ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | સબ ઓડીટર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૪ | નાયક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૫ | પટ્ટાવાળા | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ૧૬ | વોચમેન | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૧૨ | ૦૯ | ૨૯ | ૧૬ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

અમરેલી જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ માટેની અરજીઓ

* ૧૨૬૪ શ્રી વિરજીભાઈ ઠુમર (લાઠી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડ માટે કુલ ૫૦૦૧ અરજીઓ મળેલ છે. જેની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

પત્રક-૧

| ક્રમ | તાલુકાનું નામ | બી.પી.એલ. રેશનકાર્ડ માટે મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૩૨૬ |
| ૨ | લાઠી | ૪૪૩ |
| ૩ | લીલીયા | ૮૬ |
| ૪ | બાબરા | ૩૫૨ |
| ૫ | વડિયા | ૨૪૪ |
| ૬ | બગસરા | ૧૧૪ |
| ૭ | ધારી | ૨૯૯ |
| ૮ | ખાંભા | ૩૬૧ |
| ૯ | સાવરકુંડલા | ૫૫૪ |
| ૧૦ | રાજુલા | ૧૯૯ |
| ૧૧ | જાફરાબાદ | ૨૦૨૩ |
| | કુલ | ૫૦૦૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કુલ ૪,૮૮૭ અરજીઓ મંજુર કરવામાં આવી તથા ૧૫૪ અરજીઓ નામંજુર કરવામાં આવી.જેની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક-૨ સામેલ છે.

પત્રક-૨

| ક્રમ | તાલુકાનું નામ | બી.પી.એલ રેશનકાર્ડની મળેલ અરજીઓ પૈકી મંજુર કરવામાં આવેલ અરજીઓ | બી.પી.એલ રેશનકાર્ડની મળેલ અરજીઓ પૈકી નામંજુર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૯૧ | ૩૫ |
| ૨ | લાઠી | ૪૨૪ | ૧૯ |
| ૩ | લીલીયા | ૮૬ | ૦ |
| ૪ | બાબરા | ૩૫૨ | ૦ |
| ૫ | વડિયા | ૨૧૯ | ૨૫ |
| ૬ | બગસરા | ૯૪ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ધારી | ૨૯૯ | ૦ |
| ૮ | ખાંભા | ૩૫૮ | ૩ |
| ૯ | સાવરકુંડલા | ૫૦૨ | ૫૨ |
| ૧૦ | રાજુલા | ૧૯૯ | ૦ |
| ૧૧ | જાફરાબાદ | ૨,૦૨૩ | ૦ |
| | કુલ | ૪,૮૪૭ | ૧૫૪ |

(૩) નામંજુર કરવાના કારણો શું છે ?

(૩) બી.પી.એલ યાદીમાં ૦ થી ૧૬ કરતાં વધારે સ્કોર ધરાવતા હોવાના કારણે તેમજ કુટુંબની સરેરાશ માથાદીઠ આવક વધી જતી હોવના કારણે કુલ–૧૫૪ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

–––––––––

વડોદરા અને નર્મદા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ

* ૬૧૬ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નીચેની વિગતે નાણાં ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવવામાં આવેલ નાણાં (રકમ રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ |
| ૧ | વડોદરા | ૩૪૫.૯૯ | ૧૩૩૭.૨૧ |
| ૨ | નર્મદા | ૩૯૫૫.૦૬ | ૭૨૫૧.૧૬ |

(૨) ઉક્ત ફાળવેલ નાણામાં કરવામાં આવેલ કામોમાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર કેટલી ફરીયાદો મળી, અને

(૨) ઉકત ફાળવેલ નાણાંમાં કરવામાં આવેલ કામોમાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લાવાર નીચેની વિગતે ફરીયાદો મળી, અને

| ક્રમ | જિલ્લો | મળેલ ફરીયાદોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | તા.૦૧–૦૧/૨૦૧૭ થી તા.૩૧–૧૨/૨૦૧૭ | | |
| | | નાણાકીય | વહીવટી | કુલ | નાણાકીય | વહીવટી | કુલ |
| ૧ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) મળેલ ફરીયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) એકપણ ફરિયાદ મળેલ ન હોઇ, પ્રશ્ન રહેતો નથી.

–––––––––

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી નરેશભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

‘‘ અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

## ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

ડો.અનિલ જોષિયારા (ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તેમનો આભાર માનતો પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સત્રની શરૂઆતમાં મહામહિમ રાજ્યપાલશ્રી સભાગૃહને સંબોધન કરતા હોય છે ત્યારે તેઓ મારી સરકાર એમ કરીને સરકારની કામગીરીનું પ્રતિબિંબ પાડતા હોય છે. પરંતુ આ કહેવાતા ગુજરાત મૉડેલમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. રોજગારી મેળવવા માટે આજે લોકો ફાંફા મારી રહ્યા છે. જે કરાર આધારિત કર્મચારીઓ છે એમને ૧૧ માસનો કરાર પૂરો થાય એટલે ઘરભેગા કરવામાં આવે છે. જેથી આઉટ સોર્સિંગના જે કોન્ટ્રાક્ટરો છે એમની સાથે એમનો વિવાદ થાય છે અને વર્ગ–૪ના કર્મચારીઓ છે એમને જે પૂરો પગાર મળવો જોઇએ એ મળતો નથી. હમણાં અમરેલી જિલ્લામાં તો એવો પ્રશ્ન ઉભો થયો છે કે વર્ગ–૪ના કર્મચારીઓના પગારમાંથી જીએસટી લેવામાં આવે છે. કદાચ વસ્તુ ઉપર સર્વિસ ટેક્સ હોઇ શકે. પરંતુ કર્મચારીઓના પગાર ઉપર ટેક્સ લેવાય એવું ભૂતકાળમાં ક્યારેય જોવા મળ્યું નથી. ફિક્સ પગારના કર્મચારીઓને પૂરો પગાર મળવો જોઇએ. '' સમાન કામ, સમાન વેતન'' આમ ન થવાથી તેઓ હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ અને ડિવિઝન બેન્ચમાં ન્યાય મેળવવા માટે જાય છે. આખા દેશમાં ક્યાંય પાંચ વર્ષ સુધી ફિક્સ પગારનું ધોરણ જોવા મળતું નથી. ફક્ત આપણા આ મોડલ સ્ટેટમાં જ જોવા મળે છે. યુવાનીના સમયમાં એમને પોતાનું ઘર કેમ ચલાવવું એની ચિંતા હોય છે. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે આ અપેક્ષા રાખીએ છીએ કે કમસેકમ જે કર્મચારીઓના પાંચ વર્ષ પૂરા થઇ જાય અને ઘણા તો ડેપ્યુટી મામલતદારો છે, છ વર્ષ થઇ ગયા છે એમને હજી પણ પૂરો પગાર મળ્યો નથી અને એમને કાયમી કરવામાં આવ્યા નથી. છેલ્લા આઠ વર્ષથી આ સરકારે વર્ગ–૪ની ભરતી બંધ કરી દીધી છે. એક પણ સરકારી વર્ગ–૪ના કર્મચારી લીધા હોય તો કહો? એક પણ કર્મચારી લીધો છે? આ મોડેલ સ્ટેટ છે. વર્ગ–૪ના કર્મચારીને સરકારી નોકરી કરવાનો બંધારણીય અધિકાર છે. બંધાણીય અધિકાર ઉપર આ સરકારે તરાપ મારી છે અને એમને જે હકક છે એ હકક છીનવી લેવામાં આવ્યો છે. મેં જયારે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે મારો પ્રશ્ન કાઢી નાખવામાં આવ્યો હતો અને મને એમ કહેવામાં આવ્યું હતું કે આ નીતિ વિષયક બાબત છે. મને એમ લાગ્યું કે બંધારણથી પણ આ સરકાર ઉપર ઉઠી ગઈ? આ સરકારે સરદાર સરોવર ડેમ માટે ખૂબ રાજનીતિ કરી. અમે ગયા વખતે કહ્યું હતું કે અમે સહકાર આપવાના જ છીએ. અમે નર્મદા માટે સાથે જ છીએ પણ આ સરકારે બિલકૂલ સાંભળ્યું નહીં અને દીવાઓ સળગાવ્યા અને જાત જાતની રેલીઓ કાઢી, જયાં પાણી નથી જવાનું, અમારા વિસ્તારમાં નર્મદાનું એક ટીપું પણ નથી જવાનું ત્યાં પણ રથો કાઢવામાં આવ્યા. માત્ર અને માત્ર આ પ્રજાની તીજોરીના પૈસાનો વ્યય કરવામાં આવ્યો છે. આ સરકારે ૨૦૦૬માં ૧૨૧.૯૨ મીટરની હાઇટ કરી હતી તો તમને ખેડૂતોને પાણી આપવામાં, કેનાલોનું કામ કરવામાં કોણ રોકતું હતું? શું કામ આ કેનાલોનું કામ ના કર્યું? અને એના લીધે આજે ખેડૂતોને પાણી મળી શકતું નથી. બીજું મારે કહેવું છે કે સરકારને ચોમાસામાં ખબર હતી કે આ વખતે મધ્યવર્તી વરસાદ ઓછો છે તો પછી શા માટે પાણી ગમે તેમ વેડફાવા દીધું અને હજી પણ કહુ છું કે મધ્યપ્રદેશમાં ઈન્દિરા સાગર ડેમ, બીજા ૩૦૦ ડેમો અને ૩૦૦૦ બીજા મધ્યમ અને નાના મોટા ડેમો છે એ ડેમોમાંથી પાણી મળી શકે એમ છે પણ તમારે ત્યાં એટલા માટે પાણી છોડાવવું નથી કે ત્યાં તમારી આ વખતે ચૂંટણી આવવાની છે મધ્યપ્રદેશમાં એટલા માટે રોકી રાખવામાં આવ્યું છે. મારી વિનંતી છે કે ત્યાં તમારી સરકાર છે પાણી માટે વિનંતી કરો પાણી છોડાવો અને ખેડૂતોને પાણી અપાવો. આ સરકારે છેલ્લા ઘણા સમયથી કેનાલ પ્રશાખા એ જે શાખાઓ છે એ શાખાઓની કામગીરી નથી કરી. એમ કહે છે કે આ અમે કર્યુ, અમે કર્યુ, પણ તમે તો પાયો ચણાઇ ગયો એની ઉપર તમે ઇંટો ચણી છે. આ ૮૫ મીટર સુધીનું કામ પાયાથી માંડીને ૮૫ મીટર સુધીનું કામ અને રીહેબીલીટેશનનું કામ કોંગ્રેસના શાસકોએ કર્યુ છે એ કેમ ભૂલો છો તમે? તમે તો એમ કહેતા હતા કે અમારા વડાપ્રધાન આવ્યા એટલે ગેટ મૂકી દીધા. મારે એમ કહેવું છે કે શું આ રેડીયલ ગેટ મૂકવાની મંજૂરી એમને વડાપ્રધાને અપાવી છે? આ તો ઓથોરીટી જે છે એમણે આપવાની છે. નર્મદા કંટ્રોલ ઓથોરીટી છે એની આ કામગીરી છે અને એણે મંજૂરી આપી છે નહીં કે વડાપ્રધાને. આ બાબત સમજવાની જરૂર છે. સાચી વાત સમજતા શીખો. સાચી વાતને સ્વીકારો જેઠાભાઇ. શિક્ષણ માટે લોકો એવું કહે છે અને વાત પણ સાચી છે કે શિક્ષણ એ જીવનનું ઘડતર છે અને એ વાત પણ સાચી છે પણ શા માટે પ્રાથમિક શાળામાં શિક્ષકો મળતા નથી? શા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષકો મળતા નથી? શા માટે કોલેજોમાં પ્રોફેસરોની જગ્યા ખાલી છે? પ્રવાસી શિક્ષકો દ્વારા બાળકોનું ઘડતર કરવા જઇ રહ્યા છો? શું કરવા માગો છો તમે? આજે પરિસ્થિત એ પેદા થઇ છે કે જે શહેરોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ છે એ બેફામ ફી લે છે અને આ ફી એટલી બધી લે છે કે વાલીઓની દશા ખરાબ થઇ ગઇ છે. વાલીઓ ખૂબ ધમાલ કરે છે. ખૂબ વિનંતી કરે છે આપને પણ આપ વાત સાંભળવા તૈયાર નથી. ફી નિયમનનો કાયદો લાવ્યા પરંતુ હજી સુધી તમે એ કાયદાનો અમલ કરાવી શકયા નથી. દુઃખની બાબત છે. અમારે તો ગામડાંમાં ૭૦ થી ૮૦ ટકા છોકરાઓ બારમા ધોરણમાં નપાસ થાય છે કારણ કે ત્યાં બારમા ધોરણના ઇંગ્લીશ અને ગણિતના શિક્ષકો જ નથી. કેવી રીતે છોકરું આગળ વધવાનું છે? આરોગ્યની વાત કરીએ તો આરોગ્યમાં આજે દવાખાનાઓ છે પણ ડોકટરો નથી. પી.જી.ના ડોકટરો નથી અને અમારા આરોગ્ય મંત્રીશ્રી કહેતા હતા કે અમે ૧૧૨૫ જગ્યાઓ હતી એના બદલે ૩૯૦૦ જેટલી સીટો ઉભી કરી. આટલા બધા ડોકટરો દર વર્ષે બહાર પડે છે તો શા માટે જગ્યા ભરવામાં નથી આવતી? માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પણ વિનંતી કરુ છું કે આ લોકોને પૂરો પગાર આપો. પૂરો પગાર આપો તો સો ટકા ડોકટરો આવશે. તમે ફીકસ પગાર આપો છો એટલે કોઇ આવતું નથી તો મારી વિનંતી છે કે તમે પૂરો પગાર આપો તો સો ટકા આ જગ્યાઓ ભરાઇ જશે અને તમારે મા વાત્સલ્ય અને મા અમૃતમ યોજના કરવાની શાના માટે જરૂર પડે છે? તમે યશ લો છો. ઘણી વખત મને તો દુઃખ થાય કે તમે

સરકારી હોસ્પિટલમાં આ સગવડ ઉભી કરી શકતા નથી? મા વાત્સલ્ય અને મા અમૃતમની વાત કરો છો? જે લોકો પ્રાઇવેટના ડોકટરો ટ્રસ્ટ બનાવી અને આ યોજનાનો લાભ લઇ શકે છે તો આપણે કેમ કરી નથી શકતા? આપણે કેમ નથી કરી શકતા? જો પ્રાઇવેટવાળા કરી શકતા હોય તો આપણે ક્યાં મુશ્કેલી પડે છે? જેનરિક દવાઓ બહુ સસ્તી મળે છે પણ કોઇ તપાસ કરી કે કઇ કંપનીની આવે છે? સૌથી ખરાબ, હલકી કક્ષાની આવે છે. સારી ક્વોલિટીની દવા ન મળે તો રોગ મટવાનો નથી મારી વિનંતી છે કે આમાં થોડું ચેકીંગ થાય. ચેકીંગ કરો કારણ કે જે દવાઓ દૂકાનવાળા વેચે છે એ સૌથી સસ્તી ક્વોલિટીવાળી દવા આપે છે. ઘણા ડોકટરો સાથે ચર્ચા કરીને પછી હું આપને કહું છું. હું ઘણા સમયથી સાંભળું છું કે મોદી સાહેબ અને વિકાસ પુરુષની એટલી બધી વાતો કરી કે મને લાગ્યું કે હું કદાચ ખોટો લાગું છું. સરકારની તિજોરી પર કોંગ્રેસનો પંજો નહીં પડવા દઉ એવું કહેતા હતા, હવે તમારો પંજો પડ્યો અને બધી જ બાબતોના નાણા માત્ર જાહેરાતોમાં જતા રહ્યા. વિકાસ તો ન થયો. તમારે આંકડા જોઇતા હોય તો કહીશ કે મોદી સાહેબ આવ્યા તે પહેલા આ ગુજરાતમાં ૭૪૦૧૮ કિલોમીટરના પાકા રસ્તાઓ અમે મૂકીને ગયા છીએ. તે પછી તમારા શાસનમાં કેટલા થયા? તો કહે ૭૮,૭૧૮ કિલોમીટર. ૨૦ વર્ષના શાસનમાં તમે માત્ર ૪૬૨૯ કિલોમીટરના રસ્તા જ કરી શક્યા. ખેડૂતો માટે વીજળી પેદા કરવામાં પણ મોદી સાહેબ હતા તે પહેલા ૨૩,૩૨૭ મિ. યુનિટ વીજળી મળતી હતી. આ સરકારી સેકટરની વીજળી હતી. તમારા વખતે ૧૨,૦૬૩ મિ.યુનિટ મળે છે. આ સોસિયો ઇકોનોમિક સરવેના રિપોર્ટો છે. તમે વીજળી ઓછી કરી નાખી. સરકારી વીજળી ઉત્પાદન ઓછું કરીને પ્રાઇવેટ વાળા, એસ્સાર, અદાણી વગેરે પાસેથી ખરીદવા મંડ્યા. ખરેખર પોતાના યુનિટો ચાલુ કરવા જોઇએ. ગામડાંના લોકો બસ માટે હાથ ઉંચા કરી કરીને થાકી ગયા પણ બસ નથી આપતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અનિલભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇ રાજ્યપાલશ્રીના સંબોધન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર સામાજિક સમરસતાથી ગુજરાતને જોડવા, રસ્તાઓથી ગુજરાતને જોડવા, ગુજરાતના સમાજોને જોડવા માટે છેલ્લા ૧૭ વર્ષથી કટિબદ્ધ હતી. એના પરિણામે મારે કહેવું પડશે કે કેટલાય વર્ષોથી ગુજરાત સમરસતાનું પ્રતિક બન્યું હતું. દેશના બીજા રાજ્યો દાખલો લેતા હતા. પરંતુ સતત ૨૨ વર્ષથી સત્તા વિના રહેલી આ કોંગ્રેસ પાર્ટી ૨૦૧૫ થી આ ગુજરાતનું ફેબ્રીક બગાડવા માટે બિલકૂલ કટિબદ્ધ થઇ ગઇ. સરકારના વિરોધમાં જે પ્રકારના ષડયંત્રો એ પણ અંગ્રેજોના વખતથી જે શીખીને બેઠા હતા એનો ઉપયોગ કરવાનું ચાલુ કર્યું હોય તો આ કોંગ્રેસની સરકારે ચાલુ કર્યું. રસ્તાથી જોડવાની વાત આવી. ચાવડા સાહેબે કહ્યું અને હમણાં પણ રસ્તાની વાત કરી કે ૭૪ હજાર કિલોમીટર હતા અને ચાર હજાર વધાર્યા. આમાં કંઇક માહિતી દોષ લાગે છે. (અંતરાય) સૌથી વધારે જો કોઇ તકલીફ આપણા વિસ્તારના લોકો કહેતા કે નોન પ્લાનના રસ્તાઓ આપો. એમને ખેતરોમાં જવાની તકલીફ પડે છે. ચોમાસામાં ખેતરો વાવી શકતા નથી. આ સરકારે આદરણીય નીતિનભાઇ અને વિજયભાઇના નેતૃત્ત્વમાં ૧૦ હજાર કરોડ રૂપિયા મંજૂર કરીને આપ્યા. આ વખતે પણ તમે રસ્તા માગો તો નીતિનભાઇ ચોક્કસ આપશે. આપના વિસ્તારમાં કોંગ્રેસ હોય કે ભા.જ.પ. હોય, આ સરકાર ભા.જ.પ. કે કોંગ્રેસ જોતી નથી. પરંતુ પ્રજા એ સર્વોપરી છે અને એના માટે રસ્તાઓ આપવા આ સરકાર કટિબદ્ધ છે. આજે મને કહેતા આનંદ થાય છે કે ૩૩,૮૩૦ કિલોમીટરના રસ્તાઓ, નોન પ્લાનના રસ્તાઓ આપણે જોડ્યા છે. કોઇ રસ્તા નથી થયા, વિકાસ નથી થયો, ગામડાંની દરકાર નથી રાખતા, ખેડૂતોની દરકાર નથી રાખતા, વિદ્યાર્થીઓની દરકાર નથી રાખતા, એસ.ટી.ની દરકાર નથી રાખતા. મારે એ જ કહેવું છે કે આ રસ્તાઓ બન્યા એટલે ગામડાંનો વિદ્યાર્થી અને એમાં પણ ખાસ કરીને જે પરાઓ હતા એ પરાઓની અંદર જે ૨૫૦ની વસતિ કે તેનાથી ઓછી વસતિ કરતા ઓછા વનવાસી વિભાગના રસ્તાઓ હોય, પરાઓ હોય, ગ્રામ્ય વિસ્તારના બીજા રસ્તાઓ હોય આ બધા રસ્તા આપવાનું કામ આ સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ૧૭૮૪૩ જેટલા ગામો અને ૧૬૪૦૨ જેટલા પરાઓ પૈકી ૧૭૭૩૯ ગામો અને ૧૫૦૫૬ પરાઓને પાકા રસ્તાની સુવિધા મળી ગઇ છે. આ સુવિધા પહેલા ક્યારેય નહોતી મળી.ગામડાંના રસ્તાઓની વારંવાર માગણી કરતા હતા પરંતુ પહેલી વખત આ સરકારે આ બાબતમાં ઈનીસિએટીવ લઇ ગામડાંને એક રસ્તો મળ્યો હોય તો બીજો રસ્તો આપવાની વાત, બીજો હોય તો ત્રીજો. ક્યાંક ખેતી માટે નેળિયામાં ચોમાસામાં તકલીફ પડતી હોય તો એ રસ્તા આપવાની વાત આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં લગભગ ૭૫૦૦ કરોડ જેટલા રૂપિયા આપણે વાપરી ચૂક્યા છીએ અને ત્યાં રસ્તા પણ બની ચૂક્યા છે. લગભગ આ વખતે પણ આવતા સમયમાં ૨૫૦૦ કરોડ જેવી રકમ આ રસ્તાઓ માટે વપરાવાની છે ત્યારે મારે માનનીય રૂપાણી સાહેબ અને માનનીય નીતિભાઇ સાહેબને અભિનંદન આપવા પડશે કે અમને પડતી મુશ્કેલી કોંગ્રેસ હોય કે ભાજપ હોય અમને પડતી મુશ્કેલી, પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાનું કામ આ સરકારે કર્યુ છે. ૧૧૪૪૧૨ કિ.મી. આખા ગુજરાતનું રોડનું નેટવર્ક છે. હમણાં વાત થતી હતી માર્ચ ૨૦૦૧ પહેલા ૬ માર્ગીય અને ૪ માર્ગીય રસ્તાઓ ૩૯૪ કિ.મી. હતા. સાહેબ, ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ અંતિત ૧૮૧૬, એટલે ૪.૬ ગણો વધારો, ૧૦ મીટર પહોળા રસ્તા ૧૩૨ હતા એ ૫૦૩૨ થયા ૩૮.૧૪% વધારો. ૭ થી ૭.૫ મીટર રસ્તા ૧૦૮૫૬ હતા આજે ૧૭૩૧૩ એટલે ૧.૫૯% વધારો.

## ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહિ હું પૂલોની જો વાત કરું તો એમાં પણ મેજર બ્રીજ માર્ચ ૨૦૦૧ અંતિત ૧૨૯૦ હતા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ અંતિત ૧૫૧૪ પૂલો થાય ૨૧૪નો વધારો. માઇનોર બ્રીજમાં પણ ૪૨૫૮ હતા આજે ૫૨૩૬ ૯૭૮નો વધારો. કન્વર્ટ કે જ્યાં રસ્તાઓ ગામડાંના નાના નાના હોય, રસ્તાના નાળા બનાવવાના હોય, પહેલા તો સાહેબ, પાઇપો નાખીને નાળા બનાવી દેતા. નાના ગામડાં હોય એટલે સ્વાભાવિક જ્યાં આગળ બોક્ષ કન્વર્ટની જરૂર પડે એની દરકાર ભૂતકાળમાં આપ જોઇ લેજો કોંગ્રેસના શાસનમાં ગામડાંને જોડતા રસ્તાઓ ઉપર જે નાળા મૂકયા હતા એમાં ખાલી બે પાઇપો મૂકી દીધી હોય, બાજુની દીવાલ ચણવાની પણ તસ્દી નહોતી લીધી. આજે સાહેબ, આ કન્વર્ટની સાથે બોક્ષ કલ્વર્ટ ૮૨૮૦૮ આજે સાહેબ ૯૯૯૦૯ એટલે ૧૭૦૦૨ નો વધારો આ સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આદરણીય નીતિનભાઇને ખૂબ અભિનંદન આપવા છે. (અંતરાય) દુષ્યંતભાઇને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય બળદેવભાઇ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. ઘણાં બધા સભ્યો દ્વારા બે દિવસથી સાંભળવામાં આવે છે કે આ ગુજરાતનો જન્મ જાણે ૨૨ વર્ષમાં જ થયો હોય અને કોંગ્રેસે ક્યારેય કદી કશું ના કર્યુ હોય ત્યારે મારે કહેવું છે કે આ રાજ્યમાં જ્યારે મુખ્યમંત્રી બાબુભાઇ જશુભાઇ હોય, ચિમનભાઇ પટેલ હોય, અમરસિંહભાઇ ચૌધરી હોય, માધવસિંહ સોલંકી હોય, કેશુભાઇ પટેલ હોય, આનંદીબેન પટેલ હોય આ મુખ્યમંત્રીઓએ આ ગુજરાત માટે જાણે કાંઇ કર્યુ જ ના હોય અને એકજ મુખ્યમંત્રીએ આ ગુજરાતને જન્મ આપ્યો હોય અને વારંવાર એમને અભિનંદન આપી એમની વાહ વાહ કરવી અને આ બધા જ મુખ્ય મંત્રીશ્રીઓની કયાંય ગણના ન કરવી એ મારી દ્રષ્ટિએ બરાબર નથી. મારે આપના દ્વારા આ ગૃહને કહેવું છે કે જયારે ચૂંટણીઓ આવતી હતી ત્યારે આપણા તત્કાલીન મુખ્યમંત્રી એવું કહેતા હતા કે સ્વિટઝરલેન્ડમાં પડેલું કાળું નાણું હું લાવીશ અને દરેકના ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયા નાખીશ. ઉત્તર ગુજરાતમાં જયારે આવે અને કયાંક ઉદ્દઘાટન થાય ત્યારે કહે, ઉત્તર ગુજરાતના લોકો, તમે ચિંતા ના કરતા. પાણીનો નળ તમે ખોલશો અને એની અંદરથી પેટ્રોલ અને ડીઝલ નીકળશે. અત્યારે પેટ્રોલ પંપે ૮૦-૮૦ રૂપિયે પેટ્રોલ અને ડીઝલ મળે છે. કયાંય ઉત્તર ગુજરાતમાં પેટ્રોલ જોવા મળતું નથી. ચકલી ખોલીએ અને પાણી પણ નીકળતું નથી. ઘણા બધા અમારા સભ્યોએ, સરકારે ખેડૂતોની ચિંતા કરી. ખેડૂતો માટે અમે આ કર્યું, ખેડૂતો માટે અમે તે કર્યું ત્યારે મારે તમને કહેવું છે કે ખેડૂતોની ચિંતા ૨૨ વર્ષ પહેલા થઇ ગઇ. આ રાજયની અંદર જયારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે ખેડૂતોની જમીન સાચવવા માટે ૮ કિલોમીટરનો કાયદો બન્યો હતો અને ખેડૂતની જમીન ખેડૂત પાસે રહે એની ચિંતા જે તે વખતની સરકારોએ કરી હતી. ૨૨ વર્ષ પહેલા આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. જેવું શાસન આવ્યું એવું જ ખેડૂતોની જમીન કઇ રીતે ઉદ્યોગપતિઓના કે બિલ્ડરોના હાથમાં મૂકી દેવી એના કારણે (અંતરાય) મેં કોઇનું નામ નથી લીધું. સાંભળો, સાંભળવાની તૈયારી રાખવાની. એના માટે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૮ કિલોમીટરનો કાયદો ઉપડયો અને ૮ કિલોમીટરનો કાયદો ઉપડવાની સાથે તમામે તમામ મોટા ભાગની જમીનો, અમદાવાદની આજુબાજુની જમીનો, ગામડે ગામડે એ અમદાવાદ હોય કે ગુજરાત રાજયના બિલ્ડર હોય કે ઉદ્યોગપતિ હોય એમણે ખરીદવાનું ચાલુ કર્યું અને ઓરીજીનલ ખેડૂતો ઓછા થયા અને બિલ્ડરો અને ઉદ્યોગપતિઓ ખેડૂતો બની ગયા. ભારતીય જનતા પાર્ટીના તમારા શાસનની અંદર ખોટા બનેલા ખેડૂતોને કાયદેસર બનાવવા માટે ગઇ વિધાનસભામાં કાયદો પસાર કરી અને જે ખોટા ખેડૂતો બન્યા હતા એમને કઇ રીતે રેગ્યુલર કરવા, કઇ રીતે બોનાફાઇડ ગણવા અને કઇ રીતે એમને જમીન પધરાવી દેવી એ કાયદા તમારી સરકારમાં બન્યા છે. હું વાત કરીશ અમારા સાણંદ, કડી અને કલોલ તાલુકાના ૬૮ ગામોની. ઔડાને, અમદાવાદને વિકાસ માટે મારા માનવા પ્રમાણે અમદાવાદથી ૫-૧૦ કિલોમીટરના એરીયામાં ડેવલપ કરવા માટે કયાંક કદાચ એ ગામડાંની જમીન હોય અને ખરીદી હોય તો એની સાથે અમને વાંધો નથી. ઔડામાં આ ત્રણ તાલુકાઓના ૬૮ ગામના ૪૨-૪૨ કે ૪૫-૪૫ કિલોમીટરનો એરીયા આવરી લઇને આજ દિન સુધી એ એરીયાની અંદર એન.એ. બંધ થઇ ગયું. ખેડૂતોને જમીનનો કંઇક ઉપયોગ કરવો હોય તો ઉપયોગ બંધ થઇ ગયો. બિલકૂલ ૬૮ ગામનો સમાવેશ કરી અને અન્યાય કરવામાં આવ્યો છે. ઔડામાં જયારે એનો સમાવેશ કર્યો છે ત્યારે ૪૦ ટકા કપાતના નામે ગૌચર અને સરકારી મિલકત જે પડી છે એ બધું ગણીએ તો ૬૦ ટકા જમીનના માલિક એ ઔડા બનવાનું છે, સરકાર બનવાની છે અને ૮૦૦૦૦ કરોડની મિલકતના માલિક ખેડૂતોની જમીનના માલિક સરકાર બની અને સરકાર એનો વેપાર કરવાની છે ત્યારે મારી સરકારને વિનંતી છે કે જરૂર પડતા જે ગામો હોય, જરૂર પડતી જેટલી જમીન હોય એ જમીન તમે રાખો. બાકીની જમીન તમે વિચાર કરી અને છૂટી થાય તો સારું. ગુજરાત રાજયની અંદર સરકારે કાયદો લાવી અને ૧૫ વર્ષની જે જમીન હોય ખેતી-ખેતી વચ્ચે જે નવી શરતની જમીન જૂની કરવાના જે ઓર્ડર કરવાનો સરકારે આદેશ આપ્યો, સારી બાબત છે. ખેડૂતોને એનો લાભ થવાનો છે. એની સાથે વાંધો નથી પણ એ નિયમ આ ૬૮ ગામની અંદર જે ખેડૂતો છે, ૬૮ ગામોની અંદર એ ખેડૂતોને ખેતી ખેતી વચ્ચે જુની કરવા માટે ૫૦ ટકા પ્રિમિયમ ભરવા માટે ખેડૂતોએ મજબુર થવું પડશે. આ કાયદો ગુજરાતના તમામેતમામ ખેડૂતોને જો થવાનો હોય તો ૬૮ ગામના ખેડૂતોને કેમ થવાનો નથી? જી.એસ.પી.સી. તેલ કાઢવાની સરકારી કંપની બનાવી. ૨૫ થી ૩૦ હજાર કરોડ રૂપિયા પાણીમાં ગયા. એનો કોઇ જવાબ મળતો નથી. જી.એસ.પી.સી. એ કેટલું તેલ કાઢ્યું. સરકારમાં નૈતિક હિંમત હોય તો કેટલા પૈસાનો ખર્ચ કર્યો? કેટલી આવક થઇ? કેટલું તેલ નીકળ્યું, તે જણાવે? મારે ના કહેવું જોઇએ. એક આઇ.એ.એસ. અધિકારી છે.

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : મારે ના કહેવું જોઇએ તેમ કહીને કહો છો ખરા?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : •(×××)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નામ સિવાય પણ...

શ્રી બળદેવજી ચં. ઠાકોર : નામ નથી બોલ્યો સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારી વાત તો સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમો પ્રમાણે કોઇ ગંભીર પ્રકારનો આક્ષેપ હોય, નાણાકીય આક્ષેપ હોય કોઇ અધિકારીનું નામ સંડોવીને બોલાતો હોય તો પુરાવા સહિત આપવું પડે. એ રકમ વગેરે..વગેરે. આ તમામ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અથવા પુરાવા સહિત વિધાનસભામાં આપો.

અધ્યક્ષશ્રી : પુરાવો છે એનો? તો એ રદ કરીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કોર્પોરેશનની અંદર ઘણા બધા કિસ્સાઓ એવા બન્યા છે કે આર-ર ઝોન હોય એને રાતોરાત બદલીને આર-૧ થઇ ગયા છે. એમાં કેટલા કૌભાંડો થયા છે. નીતિનભાઇ તપાસ કરજો. તો તમને ખ્યાલ આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નામજોગ બોલીશ. મને કહેજો. આર.એમ.પટેલ ટાઉન પ્લાનર છે. જી.કે. પટેલ સી.સી.પી. છે. એમને ત્યાં ટકાવારી રાખવામાં આવેલ છે અને કદાચ હું ખોટો ન હોય તો તમે સમગ્ર આખા કોર્પોરેશનનો કબજો જેમાં *(×××) હોય તે રીતે વર્તન કરે છે.

અધ્યક્ષશ્રી : *(×××)શબ્દ રદ કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : જમીન રી-સરવેની વાત. સરકારની સારી નીતિ હતી. જમીન રી-સરવે કરીને ખેડૂતોને નકશાવાળા ૭/૧૨ આપવાના હતા. સરકારની નીતિ સારી હોઇ શકે. અમારા ચુડાસમા સાહેબને બે-ત્રણ વખત રજૂઆત કરેલી, પરંતુ સરકારની સિસ્ટમ હતી, તે સિસ્ટમમાંથી બહાર જઇ અને કોન્ટ્રાક્ટરોએ પેલા ગુગલથી માપી સમગ્ર ગુજરાત રાજયની અંદર તમામે તમામ રી-સરવેમાં ખેડૂતોના ૭/૧૨ માં મોટા લોચા પડી ગયા છે. ખેડૂત એક ઓફિસેથી બીજી ઓફિસે રખડતો થઇ ગયો છે. સરકાર ફરીવાર વિચારણા કરી કઇ રીતે ખેડૂતોને ૭/૧૨ માં જે મોટી મોટી ભૂલો થઇ છે, કોઇની ૧૦૦ ગૂંઠા જમીન હોય એની ૫૦ ગૂંઠા જમીન થઇ ગઇ અને ૫૦ ગૂંઠા જમીન હોય એની ૧૦૦ ગૂંઠા જમીન થઇ ગઇ છે. આ સરકારની ભૂલના કારણે ખેડૂતોને ઓફિસે, આ◌ોફિસે જવું પડે છે, રખડવું પડે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં અમારા માનનીય ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર જે દરખાસ્ત લાવ્યા છે, અને આદરણીય નરેશભાઇએ જેને સમર્થન આપ્યું છે એના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું.

આજનો દિવસ એ મહા ગુજરાત ચળવળના જ્યોતિર્ધર જેણે મહા ગુજરાતની અસ્મિતા માટે લડત આપી છે. જેના કારણે આપણને અલગ ગુજરાત મળ્યું એવા ઇંદુચાચાનો આજે જન્મ દિવસ છે. અને આનંદની વાત છે કે ઇંદુચાચાના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લાં રર વર્ષથી ગુજરાતની અંદર છટ્ઠી વખત ગુજરાતની પ્રજાએ અમને અહીયા બેસાડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર પ્રવચનમાં પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિ અને દ્રઢ સામર્થ્યનું આ રાજયપાલના પ્રવચનમાં નિર્દેશ થાય છે. ગુજરાતની પ્રજાની આશા, આકાંક્ષા અને અપેક્ષાઓનું પ્રતિબિંબ માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર થાય છે. સમગ્ર પ્રવચનમાં આ ગુજરાતની પ્રજાના સંસ્કાર અને સંસ્કૃતિનું એમાં બોન્ડીંગ છે. ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ આવશ્યક છે અને એ રાજયપાલશ્રીના પ્રવચનમાં આપણને જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલને એટલા માટે યાદ કરીએ છીએ કે અંગ્રેજોની સલ્તનત, એ ગોરાઓની સલ્તનતમાંથી આપણને આઝાદી અપાવી હોય તો આપણા આ બે ગુજરાતી નેતાઓએ અપાવી છે, એમ આ દેશની અંદર એક પછી એક ૧૯ જેટલા રાજયોમાંથી કોંગ્રેસને સાફ કરી ૩૩૦ જેટલા સંસદ સભ્યો બનાવી અને સમગ્ર દેશના ૮૦ ટકા ભૂ ભાગ ઉપર ભારતીય જનતા પાર્ટીનો ભગવો કોઇએ ફરકાવ્યો હોય તો એ નરેન્દ્રભાઇ મોદી દ્વારા ફરકાવવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ શાહની આ જોડી, આખું દેશ યાદ કરે છે, યાદ એટલા માટે કરે છે કે એક રઇસ દિકરાને એક ચા વાળો વડા પ્રધાન નથી ખૂંચતો? એનામાં સામર્થ્ય છે, એ એક ગરીબ પરિવારમાંથી આવે છે એવા એક ચા વાળાને આ દેશની જનતાએ પ્રધાન મંત્રી બનાવ્યો એના કારણે તમને ખૂંચે છે? અમારે ત્યાં એક બૂથનો પ્રમુખ, નારણપુરાના એક બૂથનો પ્રમુખ એ ભારતીય જનતા પાર્ટીનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે. તમારે ત્યાં •(×××) આવેલા લોકો જ માત્ર રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે. ૧૯૯૦થી ગુજરાતમાં કોંગ્રેસ સત્તામાં આવી નથી. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત સભાગૃહમાં ન હોય એનું નામ ન લેવાય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નામ નથી લીધું માનનીય અધ્યક્ષશ્રી,

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : *(×××) નામ લીધું, તમારા *(×××) પણ અમે કહ્યું? તેઓ આક્ષેપ કરશે તો સામે આક્ષેપ થશે માટે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : તમારો વાંધો *(×××) નામ સામે છેને? એ શબ્દો દૂર કરીએ છીએ અને તમે જે શબ્દો *(×××) નામ લઇને બોલ્યા એ શબ્દો પણ રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ૧૯૯૦થી આ કોંગ્રેસ સત્તામાં નથી આવી. ૧૯૯૫માં ભાજપ, ૧૯૯૮માં ભાજપ, ૨૦૦૨માં ભાજપ, ૨૦૦૭માં ભાજપ, ૨૦૧૨માં ભાજપ, ૨૦૧૪માં ૨૬ માંથી ૨૬. અને માનનીય અધ્યક્ષશ્રી, હમણા વિધાનસભાની ચૂંટણી થઇ એમાં જ્ઞાતિવાદ ભડકાવ્યો, કોમવાદ ભડકાવ્યો, ગુજરાતમાં તોફાનો કરાવ્યા પરંતુ છતા ગુજરાતની પ્રજાએ ૬ઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીને શાસનની ધૂરા સોંપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પરિણામ આવવાના હતા એના પહેલા કોંગ્રેસ પક્ષમાં એનું વિશ્લેષણ થયું, કોઇકે કહ્યું ૧૨૫ આવશે, કોઇક કહે ૧૫૦ આવશે પણ જયારે પરિણામ આવ્યું તો ૭૭ સીટો આવી એ પછી એની ચર્ચા થઇ કયા હુવા, કબ હુવા, કૈસે હુવા? દિલકે અરમા આંસુઓ મે બહ ગયે. માનનીય અધ્યક્ષશ્રી, હમણા એવું કહેવામાં આવ્યું શું માત્ર નરેન્દ્રભાઇ મોદીએ જ સમગ્ર ગુજરાતની અંદર વિકાસ કર્યો છે? હા અમે કહીએ છીએ કે નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં વિકાસ કર્યો છે, એક વ્યક્તિ નાનપણથી પોતાના ઘરબાર છોડીને, ભારત માતાના ચરણોમાં જેણે આખું જીવન સમર્પિત કર્યું છે, તેમની આગળ કોઇ નથી અને પાછળ કોઇ નથી, માત્રને માત્ર ''મને ગુજરાતના વિકાસનું ઘેલું લાગ્યું છે'', અને ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે, એવા સુત્ર સાથે એક તપસ્વી નેતા, એક રાજ નેતાએ ગુજરાતના વિકાસ માટે ચૌદ ચૌદ વરસ સુધી ગુજરાતના વિકાસનો યજ્ઞ કર્યો, એ વિકાસના યજ્ઞના હવનની અંદર આડખીલી કરવાના અનેક પ્રયાસો કર્યા. યુ.પી.એ.ના કોંગ્રેસના શાસનના દસ વર્ષમાં ગુજરાતની સાથે દુશ્મન દેશ જેવો વ્યવહાર કરવામાં આવ્યો, છતાં પણ ગુજરાતનું મોડેલ સમગ્ર દેશની અંદર ચર્ચામાં આવ્યું અને ૨૦૧૪ની જ્યારે લોકસભાની ચૂંટણી થઇ એમાં દેશના કરોડો લોકોની આશાનું કિરણ બન્યા હોય તો એ ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી બન્યા છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે, આપણને ગુજરાતની બહાર જ્યારે આપણે ગુજરાતી તરીકે ઓળખ આપતા ત્યારે આપણને કહેતા કે આપ તો નરેન્દ્ર મોદી કે ગુજરાતસે હૈ, આપણા ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું, પરંતુ આજે આ નરેન્દ્રભાઇ મોદી જ્યારે વિશ્વના કોઇપણ દેશમાં જાય, ચીન જાય, જાપાન જાય, અમેરિકા જાય, બ્રિટન જાય, જર્મની જાય ત્યારે ત્યાંના રાષ્ટ્રના વડાઓ લાલ જાજમ પાથરીને આ ગુજરાતના પનોતા પુત્રનું સન્માન કરે છે, આ વડાપ્રધાનનું ગૌરવ નથી, એમના શબ્દોમાં કહીએ તો એ સવાસો કરોડ ભારતીયોને વિશ્વની અંદર ગૌરવ અપાવવાનું કામ કર્યું હોય તો એ નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે સમગ્ર વિશ્વની અંદર જે ગૌરવ મળ્યું છે એની પાછળ આ ગુજરાતની વિધાનસભા, ચૌદ ચૌદ વખતના બજેટ, એમાં લેવાયેલા નિર્ણયો, એ નિર્ણયોને આજે દેશની જનતાએ સ્વીકૃતિ આપી છે, એના કારણે અમને ગૌરવ છે, હમણાં વિધાનસભાની ચૂંટણી આવી, જેઓ ક્યારેય મંદિરોના દર્શન નહોતા કરતાં, તે સોમનાથમાં જાય, અંબાજીમાં જાય, શામળાજીની અંદર જાય, ચોટીલાના પગથિયા ચડાવ્યા, છતાં પણ સત્તા ના આવી, પેલા અખાના છપામાં કહેવાયું છે કે ''તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાના નાકા ગયા, તિરથ કરી કરી થાક્યા ચરણ, તોયે ના પહોંચ્યા સત્તાને શરણ.'' માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાની અંદર ૨૦૧૨માં અમને ૪૭.૮૫ ટકા મત મળ્યા હતા અને ૨૦૧૭માં અમને ૪૮.૮૬ ટકા મત મળ્યા છે. છઠ્ઠી વખત અમે ચૂંટાયા, અમારા મતોમાં વધારો થતો રહ્યો છે. હમણાં નગરપાલિકાની ચૂંટણી થઇ અને ૭૫ નગરપાલિકામાં એના સભ્યોની ગણતરી કરીએ તો એના ત્રીજા ભાગના સભ્યો પણ કોંગ્રેસના ચૂંટાયા નથી. મારી સામે કોંગ્રેસના ધારાસભ્યો બેઠેલાં છે, તેઓ ધારાસભ્ય તરીકે તો ચૂંટાયા, પરંતુ ૨૫ ધારાસભ્યશ્રીઓ એવા છે કે જેમની નગરપાલિકા ભારતીય જનતા પાર્ટીએ કબજે કરી છે. આ સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ સંવેદનશીલ સરકાર છે. બનાસકાંઠાની અંદર પુર આવ્યું, એ પુરમાં પ્રજાને પાણીમાં રહેવા માટેની સજા મળી. રાજ્યના આ મુખ્યમંત્રી એક અઠવાડિયા સુધી બનાસકાંઠાના પુરના પાણીમાં લોકોની વચ્ચે રહ્યા. પરંતુ ત્યાંની પ્રજા પોકાર કરી રહી હતી કયાં છે અમારા ધારાસભ્યો, કયાં છે અમારા ધારાસભ્યો તો એ બેંગ્લોરના સ્વીમીંગ પુલના પાણીની અંદર મજા કરી રહ્યાં હતા. સામે કોંગ્રેસના પાંચ મહારથીઓ આ સભાગૃહની અંદર કાયમ કહેતા હતા કોંગ્રેસ આવે છે, નવસર્જન લાવે છે પણ પ્રજાએ કહ્યું ના, કોંગ્રેસ જાય છે, કોંગ્રેસ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં પ્રજા પાસે આપણે મત માટે જતાં હોઇએ છીએ અને મત કયારે મળતાં હોય છે? સરકારે કરેલા કામના કારણે મળતાં હોય છે. ગુજરાતના નર્મદા બંધના દરવાજાના ગેઇટ બંધ કરવાની પરવાનગી કોણે નહોતી આપી? નરેન્દ્રભાઇ મોદીએ ૧૭ દિવસની અંદર નર્મદા બંધના દરવાજા બંધ કરવાની પરવાનગી આપી. અમદાવાદ મુંબઇ વચ્ચે (અંતરાય)

અધ્યક્ષશ્રી : મિત્રો શાંતિ રાખો, સાંભળવું તો પડશે અહીંયા બળદેવભાઇ બોલતા હતા ત્યારે કોઇ બોલતું હતું? તમારો ટર્ન આવે ત્યારે તમારે પણ જે કહેવુ હોય તે કહેજો, શાંતિ રાખો. આશાબહેન, આપ બિલકૂલ શાંતી રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ-મુંબઇ હાઇ સ્પીડ બુલેટ ટ્રેનનો વિચાર કોંગ્રેસને આવ્યો હતો ? આ ભારતીય જનતા પાર્ટીના નરેન્દ્રભાઇ મોદી છે જેણે અમદાવાદથી મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેનની શરૂઆત કરાવડાવી. ગુજરાતને મળવાપાત્ર ક્રૂડ ઓઇલ રોયલ્ટી માટે કેન્દ્ર સરકાર દ્વારા થતા અન્યાય માટે અનેક વર્ષોથી આ સભાગૃહની અંદર આપણે સંકલ્પો લાવ્યા છીએ. કયારે મળતા હતા પરંતુ જે કોંગ્રેસ દ્વારા આપણને ક્રૂડ ઓઇલની રોયલ્ટી આપવામાં આવી

હતી ? પરંતુ જયારથી આ દેશના વડાપ્રધાન તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી બેઠાં તેણે એક સાથે ૮૯૦૨ કરોડ રૂપિયાની ક્રૂડ ઓઇલની રોયલ્ટી આપણને ચૂકવી(અંતરાય) હજુ બાકી છે. આપણે કાયમ માટે કહેતા હતા કે તમે દૂરની ખાણમાંથી કોલસો અમને આપો છો તે અમને મોંઘો પડે છે તમે અમને નજીકની ખાણમાંથી કોલસો આપો. નરેન્દ્રભાઇ મોદી આ દેશના પ્રધાનમંત્રી બન્યાં તેણે ગુજરાતની વ્યથા અને વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરી. માનનીય અધ્યક્ષશ્રી, જે કોંગ્રેસ આપણને કોલસો નજીકથી નહોતી આપતી નરેન્દ્રભાઇ મોદીએ નિર્ણય કર્યો ૫૧.૯૦ લાખ ટન નજીકની ખાણમાંથી કોલસો મળવાના કારણે ૩૮૨ કરોડનો ગુજરાતને ફાયદો થયો. નર્મદા કેનાલનું નેટવર્ક રાજય સરકારે આખા રાજયમાં ગોઠવવું છે. વચ્ચે રેલ્વે ક્રોસીંગ આવે તેને પસાર કરવાની પરમિશન ૪૨ રેલ્વે ક્રોસીંગને નર્મદા કેનાલમાં પસાર કરવાની પરમિશન કોણ નહોતું આપતું ? નરેન્દ્રભાઇ મોદી આવ્યા બાદ આ પરમિશન આપી. રાજયના ચાર માર્ગીય ધોરી માર્ગો તે તમારી, અમારી સૌની ચિંતા છે. અમદાવાદ-બામણબોર તેનો નેશનલ હાઇવે નંબર-૮, ૨૬૦૦ કરોડના ખર્ચે આ ગુજરાતની સરકારે છ માર્ગીય બનાવવા માટેની મંજૂરી આપી છે. આ રાજય સરકારને એક મોટી સફળતા મળી છે વિકાસની ધોરી નસ એવા ધોરી માર્ગોને નેશનલ હાઇવેમાં પરિવર્તન કરવાની ચિંતા કોંગ્રેસના સમયમાં કરવાની આવી હતી ? નહોતી કરવામાં આવી રાજયના ૩૨૮૦ રસ્તાઓની કરવામાં આવી છે. અમદાવાદથી વડોદરા અને વડોદરાથી મુંબઇ કેન્દ્ર સરકાર દ્વારા એકસપ્રેસ વે લંબાવવાનો નિર્ણય નરેન્દ્રભાઇ મોદીના માધ્યમથી કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટ સીટી એટલે શું અમને ખબર નહોતી. પૂનમભાઇ આપ પ્રવચન કરતા હોય ત્યારે હું શાંતિ રાખું છું એટલે હવે વિનંતી કરું છું કે, આપ શાંતિ રાખો. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરોની સમસ્યાને જાણવાના કારણે આપણા મહાનગરોનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરીને ૧૨,૩૨૧ કરોડ રૂપિયાની મંજૂરી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આપવામાં આવી. રીવર ફ્રન્ટ ઉપર એક પક્ષનો કાર્યક્રમ હતો અને રીવર ફ્રન્ટના કાર્યક્રમમાં ઊભા રહીને એ પક્ષના સર્વોચ્ચ નેતા કહે કે, ''મુઝે કહીં વિકાસ દિખાઇ નહિ દેતા હે.''જે નેતાની અંદર આ ગુજરાતનો વિકાસ પારખવાની ક્ષમતા નહોતી તો શું એ ગુજરાતની પ્રજામાં એ પક્ષને મતો અપાવવાના. આ રીવર ફ્રન્ટ ઉપર જે વિકાસ કર્યો છે એ પણ નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે. ભાવનગરથી સોમનાથ કોસ્ટલ લાઇનને ૩૯૧૪ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી હોય અને કોસ્ટ કાંઠાને સુરક્ષિત કર્યો હોય તો એ આ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યો છે. ભરૂચના ટ્રાફિકમાં કેટલાય લોકો ફસાઇ જતા હતા પરંતુ એમાં ૩૫૦ કરોડનો કેબલ સ્ટેટ બ્રિજ અને વધારાના બ્રિજને મંજૂર કોણે કર્યો છે. તો એ નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે. બેટ દ્વારકા અને દ્વારકાને જોડવા માટે ૩૫૦ કરોડ નરેન્દ્રભાઇ મોદીએ મંજૂર કર્યા છે. તમારા શાસનમાં વર્ષે ૧૦ થી ૨૦ હજાર જેટલા કનેક્શન અપાતા હતા અને ૨૦૦૨ સુધીમાં ગણો તો અત્યાર સુધીમાં ૭.૫ લાખ વીજ કનેક્શન આપ્યા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક લાખ ખેડૂતોને વીજ કનેક્શન આપવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇના નેતૃત્વ હેઠળની સરકારે કર્યું છે. પરેશભાઇએ એમના પ્રવચનમાં રામ મંદિરનો ઉલ્લેખ કર્યો. જે કોંગ્રેસે સુપ્રિમ કોર્ટની અંદર રામ સેતુ સંદર્ભમાં પીટીશન હતી એમાં એમની સરકારે ઉલ્લેખ કર્યો કે, રામ જેવું અસ્તિત્વ જ નથી અને રામના મંદિરમાં દર્શન કરવા નીકળ્યા હતા. હા, અમે રામમાં માનીએ છીએ. વિવાદો ઉકેલીને ત્યાં ભગવાન રામચંદ્રજીનું મંદિર થાય, ભગવાન રામ એ અમારી આસ્થાના પ્રતિક છે, અમારી શ્રદ્ધાના પ્રતિક છે. અમદાવાદ શહેરની ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે મેટ્રો રેલવે અમદાવાદમાં શરૂ થઇ રહી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખુશી વ્યક્ત કરો એ જુદી વાત છે પણ શાંતિ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો મત વિસ્તાર વસ્ત્રાલ એનું પહેલું સ્ટેશન હશે અને આગામી દિવસોમાં વસ્ત્રાલથી લઇને થલતેજ સુધી અને વાસણાથી સાબરમતી સુધી ક્રોસ કનેક્ટીવીટી સાથે આવનાર દિવસોમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે ઉત્તમ પ્રકારનું મેનેજમેનટ કર્યું હોય અને મેટ્રો માટે આપણને મદદ મળી હોય તો કેન્દ્ર સરકારના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની મદદ મળી છે. વિશ્વના પ્રવાસનના નકશાની અંદર ગુજરાતને સ્થાન નહોતું અને એવા વખતમાં કચ્છના રણને વિશ્વની અંદર ઉજાગર કરીને, સોરઠનો સાવજ કોઇએ ઉજાગર કર્યો હોય તો એ નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યો છે. આપણા યાત્રાધામોની ક્યારેય એમણે ચિંતા નથી કરી પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ યાત્રાધામ બોર્ડ બનાવવામાં આવ્યું અને અંબાજીમાં આજ સુધીમાં ૨૮૦ કરોડ, પાવાગઢમાં ૧૨૧ કરોડ, દ્વારકામાં ૭૦ કરોડ, સોમનાથમાં ૮૦ કરોડ, શામળાજીમાં ૫૦ કરોડ, બહુચરાજીમાં ૫૦ કરોડ સાથે જ્યાં આપણું માથું શ્રદ્ધાથી ઝૂકે છે.

સભાપતિ શ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને

આ યાત્રાધામોના વિકાસનું કામ કર્યું હોય તો ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. અસંગઠિત ક્ષેત્રોના પરિવારોને એ જયારે ફરજ ઉપર જાય ત્યારે એને બપોરે પેટનો ખાડો પૂરવા માટેની સમસ્યા હતી, આ સરકારે, માનનીય વિજયભાઇ રૂપાણીએ એનો નિર્ણય લઇને શ્રમિક અન્નપૂર્ણા યોજનાના માધ્યમથી દસ રૂપિયે ટીફીન પહોંચાડવા માટે ૪૦ લાખ લોકો સુધી પહોંચાડવા માટેનો નિર્ણય એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય એ અમારા માટે શ્રધ્ધાનું પ્રતિક છે, ગાય એ અમારા માટે આસ્થાનું પ્રતિક છે. તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ ગાયમાં છે. એ ગૌહત્યા, ગૌવંશ, એને બચાવવા માટેનો કડકમાં કડક કાયદો, આજીવન કેદ કરવાનો કર્યો હોય તો ગુજરાતની વિજયભાઇ રૂપાણીની સરકારે કર્યો છે. ગુજરાત એ ગાંધીનું ગુજરાત છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ દારૂબંધી માટે કડકમાં કડક કાયદો કર્યો હોય તો એ વિજયભાઇ રૂપાણીની સરકારમાં કરવામાં આવ્યો છે.

૨૩૨ કરોડ રૂપિયાના માધ્યમથી સમગ્ર રાજયની અંદર સીસીટીવીના નેટવર્કના માધ્યમથી ગુનેગારોને નશ્યત કરવા માટેનું કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. હુક્કા બારનું એક નવું ચલણ, હુક્કા બારના માધ્યમથી આપણી યુવાની ખલાસ થઇ જતી હતી. રાજય સરકારના ધ્યાનમાં આ આવ્યું, કોપટા એક્ટની અંદર એમેન્ડમેન્ટ કરીને આ હુક્કાબાર પર પ્રતિબંધ મૂકવાની કામ એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર હોય કે ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની અંદર એના સૂકા પેટાળની અંદર પાણી પહોંચાડીને ધરતીને નવપલ્લવિત કરવાનું સૌની યોજના એ સુજલામ સુફલામ યોજનાના માધ્યમથી કર્યું હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ જે વિસ્તારમાંથી આવો છો એ ભરૂચનું દરિયાઇ પાણી આગળ વધતું અટકે, ખારાશ અટકાવી શકાય એના માટે ભાડભૂત વિયરની યોજના કરી હોય તો ગુજરાતની માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જયારે રસ્તાઓ ઉપર અકસ્માતો થતા, કેટલીય સગર્ભા બહેનોને ડિલીવરી વખતે તકલીફ પડતી હતી ત્યારે શું કોંગ્રેસે કોઇ ચિંતા કરી છે? પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૦૮ના માધ્યમથી અત્યાર સુધીમાં ૩૦.૩૮ લાખ પ્રસૂતા બહેનોને અને ૬.૬૫ લાખ લોકોની જિંદગી બચાવવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય તપાસણી એ અમારા માટે અત્યંત સંવેદનશીલ વિષય છે અને માનનીય નીતિનભાઇ એ વિભાગના વડા છે. ૧૨૦૦૦ કરતાં વધારે બાળકોની, જે પરિવારની અંદર એનો નાનો સરખો દીકરો, ફૂલ જેવો દીકરો, જયારે એના માતા પિતાને ડોક્ટર કહે કે આને કેન્સર છે તો એ પરિવાર પૈસા ખર્ચી ના શકે. એની હાલત કફોડી હોય, એ દીકરાને જોઇને દુઃખી થતા હોય પરંતુ એવા સંજોગોમાં એવા ગરીબ દીકરા અને દીકરીઓની ચિંતા કરી હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટની સરકાર દ્વારા કરવામાં આવી છે. ત્રણ લાખ કરતાં વધારે બાળકોના હાથમાં ટેબ્લેટ આપી છે. ૪૦ હજાર લોકોને કોમ્પ્યુટરની તાલીમ આપી છે. કર લો દુનિયા મુઠ્ઠીમેં અને ગુજરાતના યુવાનને સક્ષમ કરવા માટેનું કામ કર્યું હોય તો એ માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. યુવાનોને રોજગારી મળે એ દિશામાં નક્કર પ્રયાસ ઉપરાંત ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના સો વર્ષ જે પૂર્ણ થતા હતા એની સંકલ્પ ભૂમિ વડોદરામાં સ્મારક બનાવવાનો નિર્ણય લીધો હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સાહેબની વાતો કરે છે, એ સરદાર સાહેબને ભારત રત્ન જેવા એવોર્ડથી સન્માનિત કરવાનો નિર્ણય કોણે નહોતો લીધો? આ ગુજરાતની ભાજપની નરેન્દ્રભાઇ મોદી અને વિજયભાઇ રૂપાણીની સરકારે વિશ્વમાં સરદારની સૌથી મોટી પ્રતિમા બાંધવાનો નિર્ણય આ ભારતીય જનતા પાર્ટીના રાજયમાં લેવામાં આવ્યો છે. અમને કોણે વોટ આપ્યા. પ્રજાએ અમને શા માટે મત આપ્યા. પ્રજા અમને મત એટલા માટે આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ એક વાત એવી કરે છે કે તમારો જનાધાર ઘટયો છે અને પરસન્ટેઝ વોટ ઘટયા છે એ વાત ખોટી છે. પહેલાં કહી દઉં કે પ્રજાએ અમને શા માટે મત નથી આપ્યા, માનનીય અધ્યક્ષશ્રી અમને વોટ એટલા માટે નથી આપ્યા કે અમે ગૌ હત્યાનો કડકમાં કડક કાયદો લાવ્યા, જેના કારણે કસાઇઓ નારાજ થયા અને અમને એના મત નથી મળયા અમને કાંઇ વાંધો નથી. દારૂબંધીનો કડક કાયદો લાવ્યા અને એના કારણે બુટલેગરો નારાજ થયા અને દારૂ વેચવા વાળા નારાજ થયા અને એટલે અમને મત નથી આપ્યા કાંઇ વાંધો નહીં. મા સરસ્વતીને ચીંથરે હાલ કરવાવાળા સંચાલકો સામે માનનીય ભૂપેન્દ્રસિંહે અને શ્રી વિજયભાઇ ફી નિયમનનું બિલ લાવ્યા અને એના કારણે સંચાલકો ફફડી ઉઠયા નારાજ થયા અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના દીકરા દીકરીઓની ફી વાજબી લેવા માટે પ્રયાસો કર્યા, નારાજ થઇ ને સંચાલકોએ કોંગ્રેસ માટે લોબીંગ કર્યુ અને મત ન આપ્યા કાંઇ વાંધો નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જાતિવાદ અને કોમવાદની આગ ભડકાવવા અને ગુજરાતની અંદર સત્તાના સ્થાને બેસવા માટેના એ લોકોના મનસુબા હતા તે ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે. પ્રથમ વાર નવી વાત દેશમાં આવી કે ત્રણ તોલ્લાકનો વિરોધ, અમે મુસ્લીમ મહિલાઓના હિત માટે પ્રયાસો કર્યા અને દેશની અંદર સંસદમાં અને ગુજરાતમાં વિધાનસભામાં સંકલ્પ કર્યા તો અમારા તીન તલ્લાક, અમે મુસ્લીમ મહિલાઓને સશકત બનાવવા માટે પગલાં લીધાં તો આવા લોકો નારાજ થયા અને અમને મત ન આપ્યા અમને કોઇ વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમને મત કોણે આપ્યા તો માનનીય મુખ્ય મંત્રીશ્રીની અમૃતમ યોજના , મા યોજના હેઠળ સગર્ભા ધાત્રી માતાઓ જેણે આ સરકારની યોજના દ્વારા મદદ મળી અને ૧૦૮ની યોજનાના માધ્યમથી નવી જીંદગી મળી એમણે વોટ આપ્યા. ખેડૂતોએ મત આપ્યા કે જેને રાજય ભરની અંદર સિંચાઇનો લાભ મળ્યો છે. જયોતિગ્રામ યોજના હેઠળ ગામડાંમાં ૨૪ કલાક વીજળી પહોંચાડીને ગામડાંમાં સ્વરોજગાર ઉભા કરીને ગામડાંને બેઠાં કરવાના પ્રયાસો કરી સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરના રાજય તરીકે અમને ગામડાંમાંથી મત મળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી અમને વોટ એટલા માટે મળ્યા કે કોંગ્રેસના શાસનમાં ૧૯૮૫ થી ૯૦ માં છાશવારે તોફાનો થાય અને અસામાજિક તત્વો શાંતિ અને સલામતીને બાનમાં લે, પ્રજા પારેવાની જેમ ફફડતી હતી. શ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થ નેતૃત્વના કારણે આજે ગુજરાતમાં શાંતિ અને સલામતી છે એટલા માટે ગુજરાતની પ્રજાએ અમને મત આપ્યા છે. અમને મત

એટલા માટે મળ્યા કે ગુજરાતની ધરતી પર કોઇ આતંકવાદી પ્રવશે તો આતંકવાદીને એની ભાષામાં જવાબ આપવાના કારણે અમને મત આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી આ કોંગ્રેસને લોકો ઓળખે છે,આ કટોકટી વાળી કોંગ્રેસ છે, આ બોફોર્સ વાળી અને કૌભાંડોવાળી કોંગ્રેસ છે. આ દંભી ચહેરાવાળી કોંગ્રેસ છે, તમે ગમે તેટલા ભડકાવશો પણ ભારતીય જનતા પાર્ટીનો નરેન્દ્રભાઇ મોદીથી બુથનો કાર્યકર્તા હમ ન થકેં ગે, ન જૂકેં ગે, ન રૂકેં ગે ના નારા સાથે ગુજરાતની પ્રજાની આશા અને અપેક્ષાઓ પૂરી કરીશું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ માનનીય દુષ્યંતભાઇ પટેલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

મેં આખે આખા રાજયપાલશ્રીના પ્રવચનનો કમ્પ્લીટ અભ્યાસ કર્યો છે અને એમાં મેં જોયું છે. એમાં સરકારની જે યોજનાઓ છે, કાગળ ઉપરની યોજનાઓ છે, હવાઇ યોજનાઓ છે એમાં કયા કયા છીંડા છે અને ભૂતકાળમાં કેવી કેવી જાહેરાતો કરી હતી એમાંની એક જાહેરાત સાંભળવા જેવી છે. માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ધ્રોળ તાલુકાના ખારવા ગામમાં બાવની નદી ઉપર ખાત મુહર્ત કર્યું હતું. એમનું સન ૨૦૦૨માં બાબુભાઇ બોખરીયાએ પણ શીલાન્યાસ કર્યો હતો. એ સૌની યોજનાની અંદર ભરવા માટે સમાવેશ કર્યો હતો. સૌની યોજનાની પુસ્તિકમાં એનો સમાવેશ પણ કર્યો હતો. આખા ગુજરાતને કહું છું કે ત્યાં જઇને જોજો ત્યાં કંઇ છે? ૧૫ વર્ષથી ખાત મુહર્તો, વારંવાર શીલાન્યાસ આવી જે વાતો છે એને સમર્થન કેવી રીતે કરી શકાય. આ વાતનો દાખલો આપીએ.

વિદ્યાર્થીઓ માટેની ખૂબ ચિંતા કરી છે અને ચિંતા થવી જોઇએ. કારણ કે ગુજરાત છે એના બાળકો છે, એના બાળકો છે એ ગુજરાતનું ભાવી છે. કેન્દ્રમાંથી નવોદય વિદ્યાલય મારા દેવભૂમિ દ્વારકા માટે લઇને આવ્યો. પછાત જિલ્લો છે. ઉદ્યોગપતિને એક રૂપિયા ટોકને જે જમીનો આપી છે એની બાજુની જમીનો એ બજાર ભાવે મળે તો જ નવોદય વિદ્યાલય ચાલુ થાય એ આ સરકારનો અભિગમ હોઇ શકે? શું ગુજરાતના બાળકોને ગુજરાતની જમીન ભણવા માટે મળે ત્યાં નવોદય વિદ્યાલય બને કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પૈસા આપે એના માટે પણ બજાર કિંમતની વાત થાય એ મને નવાઇની વાત લાગે છે. ફકત ડાઇલોગોથી પિકચર ચાલે દેશ ચલાવવા માટે નક્કર નીતિઓ હોવી જોઇએ. દસ વર્ષ સુધી હું સાંસદ રહ્યો છું અને આ ગૃહમાં પણ નવો નથી ૨૦૦૨માં હું ધારાસભ્ય હતો. અહીંયા પાંચ વર્ષ સુધી પિરિયડ ભર્યા છે. દસ વર્ષ ત્યાં પણ જોયું છે. મારે આપને પૂછવું છે કે ૨૦૧૨માં મોટી મોટી જાહેરાતો કરી હતી, મારા ખેડૂતોની ચિંતા છે. જયારે ૧૧૦૦ રૂપિયા મગફળીના મળતા હતા, ૧૪૦૦ રૂપિયા કપાસના મળતા હતા ત્યારે અહીંના મુખ્યમંત્રીશ્રી જે આજે વડાપ્રધાન છે એ મોદી સાહેબ ગાલ ઉપર ઝાપટ મારીને કહેતા હતા કે ગુજરાતના ખેડૂતોને અન્યાય થઇ રહ્યો છે. મગફળીનો ભાવ ૧૫૦૦ રૂપિયા હોવો જોઇએ જયારે હું તો કહું છું કે કપાસના ૧૮૦૦ રૂપિયા હોવા જોઇએ. આ માગણી હતી, હું એમની સાથે સંમત છું ૧૫૦૦ને બદલે ૧૮૦૦ મગફળીના હોવા જોઇએ. આ વખતે મગફળીનું ભાવ બાંધણું થયું ત્યારે ગુજરાત અને કેન્દ્રમાં સરકાર તમારી હતી તો ૯૦૦ રૂપિયા બાંધણું કોણે કર્યું? શું એમાં કોંગ્રેસે વિરોધ કર્યો હતો? ૭૦૦ રૂપિયા ખેડૂતો પાસેથી લઇને વચેટીયાએ માલ ખાધો છે. કમસેકમ ૧૫૦૦ રૂપિયાનું બાંધણું કર્યું હોત તો મારા ખેડૂતોને ૧૩૦૦ રૂપિયા તો મળત. ૨૦૨૨માં ખેડૂતોની આવક ડબલ કરવાના જે સ્વપ્નાઓ દેખાડે છે ત્યારે ૨૦૧૨ બાદના પાંચ વર્ષ પછી અડધો ભાવ મળે છે. ૧૨૦૦ ના ૬૦૦ મળે છે. મગફળીનો ભાવ ૬૦૦ રૂપિયા છે. નવી મગફળીના ખરીદ કેન્દ્રો ચાલુ નથી થતા ત્યારે ૨૦૨૨માં ખેડૂતોની આવક ડબલ કરવા માટે અને ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી એમ કહેતા હતા કે મને નીંદર નથી આવતી મને દુઃખ થાય છે મારા ગુજરાતના ખેડૂતોની પીડા અને વેદના જોઇએ, અને થવી જોઇએ કે ખેડૂત છે એ આ દેશનો અન્નદાતા છે. મારે આજે એ પૂછવું છે કે માનનીય વડાપ્રધાનશ્રીને નીંદર નથી આવતી એટલે નીંદર કરવા વારંવાર વિદેશમાં જાય છે? આજે કેમ એની ચિંતા નથી થતી. આજે તો એમના હાથમાં છે. દેશી કહેવત પ્રમાણે મોસાળે જમણ અને મા પીરસનાર એ પરિસ્થિતિ હોય ત્યારે ઘણી બધી વાતો સાંભળી. હું મારા મિત્રને નિરાંતે આરામથી અડધી કલાક સાંભળતા અને બોલતા જોયા, મેં માનનીય પ્રદિપસિંહને પ્રવચન આપતા જોયા એમના વિશે સાંભળ્યું હતું. મને થયું કે પેલા દિલ્હી ગયા એ બે જ મહારથી છે પણ ત્રીજા મહારથી એના કરતાં પણ પાવરફુલ છે. મેં આપના વખાણ કર્યા છે. ૧૫૦ પ્લસનું વિઝન લઇને તમે નીકળ્યા હતા. કયાંક આત્મ મંથન કરો. ૯૯એ ગાડી કેમ અટકી? અને તેમાં પણ જે વિકાસની વાતો તમે લોકોએ કરી એ વિકાસ થયો હોય તો ૧૫૦ નહીં ૧૬૦ પ્લસ ચોક્કસ આવવી જોઇએ. ૨૬ સાંસદો આપની પાસે હોય, અડધું પ્રધાનમંડળ ઘરે ગયું અને થોડા ઘણાં મારા સારા વડીલ મિત્રો છે, હું હંમેશા તેમની ઇજ્જત કરું છું. તો ૨૦૦-૨૫૦ મતે અમારી દેશી સૌરાષ્ટ્રની ભાષામાં કહીએ તો બાખોડિયાભર માંડ માંડ નીકળ્યા. જો સારો વિકાસ કર્યો હોય તો આવું ન હોય. જયારે હું સાંસદ હતો ત્યારે જે તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી રેગ્યુલર અમારી મિટિંગ લેતા, અમારો કલાસ લેતા. અમારા ગુજરાતના પડતર પ્રશ્નો છે, વિક્રમભાઇ, તમે ત્યાં જઇને કંઇક કરો, મહેનત કરો. અમે કોશિશ પણ કરતા. પણ મેં તેમને એક વખત કહ્યું હતું કે સાહેબ, ૧૯૯૮થી ૨૦૦૪. છ વર્ષ સુધી આપની સત્તા હતી. આપની સરકાર હતી. આપના પડતર પ્રશ્નો તો અમારી મૂંડ ઉપર ન નાખો. નહીં, વિક્રમભાઇ, બોલવાનું નથી. સાંભળવાનું જ છે. આ એક જ મુદ્દાનો કાર્યક્રમ. હવે તમારી સત્તા આવી. ૨૬ સાંસદો આપના આવ્યા. કોઇક દિવસ તો મિટિંગ કરો. કોઇક દિવસ તો ચર્ચા કરો, તમારા આદર્શ ગ્રામોની તો ચર્ચા કરો. એની પીડા અને વેદના તો જૂઓ. એઇમ્સના મુદ્દે મને બોલવા ન દીધો. એઇમ્સના મુદ્દે જે ડિસ્કર્સ કરવું હોય એ મને કહેજો. મારી પાસે લિમિટેડ ટાઇમ છે. છ કલાક સાંભળવાની પણ

ક્ષમતા છે અને છ કલાક બોલવાની પણ ક્ષમતા છે. હું તંદુરસ્ત ચર્ચા કરું છું. એક પણ સિનિયર નેતા બોલતા હોય ડિસ્ટર્બ નથી કરતો. કારણ કે તમારામાંથી અમારે ઘણું શીખવાનું છે. અમે એ પાર્ટી છીએ, અમે ૨૦૦ વર્ષ સુધી અંગ્રેજોની સામે લડ્યા હતા. તમારા તો હજી ૨૨ થયા છે. ચિંતા ન કરો. અમારી ધીરજ નથી ખૂટી. અમારામાંથી જેમની ધીરજ ખૂટી હતી એ તમારા આગળ આવ્યા. તમે ઉછીના–ઉધાર લઇને માંડ માંડ ૯૯ ભેગા કર્યા અને એમાંથી કેટલા ઘરે ગયા. મેં જયારે વાત કરી. હું એટલી જ વાત કરું છું કે એઇમ્સની વાત આવી. વડોદરાથી કયારેય વાંધો ન હોઇ શકે. ૩૭ વર્ષ થયા હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છું. ૫૭૯ રકતદાન કેમ્પ કરીને ૨૦૧૨માં ગુજરાત સરકારે મને એવોર્ડ આપ્યો છે. હું મારી વાહ–વાહ કરવા માટે ઉભો નથી થયો પણ દર્દીની ચિંતા બધાને હોવી જોઇએ. અહીંનાને પણ હોવી જોઇએ અને ત્યાંનાને પણ હોવી જોઇએ અને છે. હું કોઇ ઉપર બ્લેઇમ નથી કરતો. મારી વાત એટલી છે કે મારો જિલ્લો છે ત્યાંથી અમદાવાદ આવવા માટે ૫૦૦ કિલોમીટર, સોમનાથને ૪૦૦ કિલોમીટર, ઉનાને ૫૦૦ કિલોમીટર, પોરબંદર, જૂનાગઢને ૪૦૦–૫૦૦ કિલોમીટર. અમદાવાદમાં સારી સુવિધા છે. વડોદરાને મળશે તો અમે રાજી થઇશું. એકના બદલે બે અને બેના બદલે ત્રણ એઇમ્સ આપશો તો અમે રાજી થઇશું. પણ મહેરબાની કરીને સૌરાષ્ટ્રને અન્યાય ન કરતા, એટલા માટે કે ૫૦૦ કિલોમીટરનું અંતર કાપીને દર્દી ત્યાં આવશે તો એ નહીં બચી શકે. મારી જી.જી. હોસ્પિટલની અંદર હાલત શું છે? મારી દેવભૂમિ દ્વારકાની હોસ્પિટલમાં ફક્ત બે ડોક્ટર. ૨૪ કલાકની ડયૂટી. મારા કાબેલ મિત્ર ધર્મેન્દ્રસિંહ અત્યારે હાજર નથી. ગયા વર્ષે તેમણે જોરદાર આંદોલન–રેલીઓ. દવાઓ નથી. ઘણી બધી પીડા અને ઘણી બધી વાતો છે. બે મિનિટ છે મારી પાસે. સમયની મર્યાદા છે. હું પોઝીટીવ વાત કરવા આવ્યો છું. તમારી પાસે પણ તાકાત છે અને અમારી પાસે પણ તાકાત છે. ચૂંટાઇને આવ્યા એ કોઇ નબળા નથી અને અહીંયા બાજવાની વાત નથી. એકબીજાંને સમજીએ. વિચાર કરીએ. તો આપણે આનો રસ્તો કરી શકીશું. આપણે બધા રીટર્ન ટિકીટ લઇને આવ્યા છીએ. આપણે એક દિવસ જવાનું છે, અહીં શ્રદ્ધાંજલિ મળવાની છે અને મારા માટે તો મેં બેય જગ્યાએ બૂક કરાવી લીધું છે. જયારે પણ મરીશ ત્યારે સંસદમાં જે કોઇ વડાપ્રધાન અને સભ્યો હશે એ બે મિનિટનું મૌન પાળીને મને શ્રદ્ધાંજલિ આપશે. જીવતા તો ઘણું કમાણાં. મર્યા પછી પણ યાદ કરે.

'' યે દુનિયા નહીં હૈ જાગીર કિસીકી. સબ હૈ ચૌકીદાર. કુછ તો આકર ચલે ગયે. કુછ જાને કો તૈયાર. ખબરદાર ખબરદાર.''

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપને પ્રમોશન બદલ અભિનંદન આપું છું. રાજયપાલશ્રીના અભિભાષણ ઉપર આપ જે પ્રસ્તાવ લાવ્યા છો અને માનનીય નરેશભાઇએ જેને ટેકો આપ્યો છે તેના અનુસંધાને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો ૨૦૧૪માં માનનીય નરેન્દ્રભાઇ દિલ્હી ગયા ત્યારે સમગ્ર ગુજરાતને અને દેશને થતું હતું કે ગુજરાતનું શું થશે? પણ ત્યાર પછી ગુજરાતે જે રીતે વિકાસ કર્યો છે અને ગુજરાતમાં જે સુશાસન સ્થાપ્યું છે એ માનનીય નરેન્દ્રભાઇએ સ્થાપેલી પરંપરા છે એને વળગી રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરોએ જે કામ કર્યું છે એને આભારી છે. ૨૦૧૭ની ચૂંટણીએ એ સાબિત કરી આપ્યું છે. માનનીય નરેન્દ્રભાઇની હાજરી સિવાય પણ જે રીતે ગુજરાતે કામ કર્યું છે એ જોઇને ગુજરાતના બે મતદાતાએ એક મતદાતાએ ભારતીય જનતા પાર્ટીને સપોર્ટ કર્યો છે અને ભારતીય જનતા પાર્ટીનો મતશેર ૨૦૧૨માં હતો એના કરતાં વધ્યો છે. એ માનનીય વિજયભાઇની સરકારે જે કામ કર્યું છે એને આભારી છે. એમાં એમણે નાના ગરીબોની કાળજી લીધી છે એને આભારી છે. માનનીય વિજયભાઇને બીજીવાર ફરીથી મુખ્યપ્રધાન બનવા બદલ અભિનંદન આપું છું. માનનીય નીતિનભાઇએ આપણું બજેટ રજૂ કરેલ છે. એમાં રોજગારલક્ષી, ગરીબલક્ષી, આરોગ્યલક્ષી અનેકવિધ યોજનાઓ રજૂ કરી છે એ બદલ એમને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી, ગ્લોબલ સમીટની શરૂઆત કરી છે એના લીધે ગુજરાતમાં ધંધાકીય અને ઉદ્યોગની સ્થાપનાનું વાતાવરણ સર્જાયુ છે. એના લીધે સમગ્ર વિશ્વના નેતાઓ ગુજરાતમાં આવતા થયા છે. એના લીધે ગુજરાતની અસ્મિતા આખી દુનિયામાં ફેલાઇ છે. એના લીધે ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ સ્થપાઇ છે. એના લીધે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થયો છે. એનું સંપૂર્ણ શ્રેય માનનીય નરેન્દ્રભાઇને જાય છે. માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા પછી એમણે ગુજરાત મોડલનો સ્વીકાર કરીને સમગ્ર ભારત દેશમાં આ પ્રકારની સમીટ યોજવામાં આવી રહી છે. પહેલા ઉત્તર પ્રદેશમાં બીજી પાર્ટીની સરકાર હતી. આજે ત્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ગઇકાલે જ ત્યાં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ થઇ અને વધારેમાં વધારે ગુજરાતી ઉદ્યોગપતિઓએ ત્યાં મૂડી રોકાણ કર્યું છે તે બદલે તેઓ અભિનંદનને પાત્ર છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ સમગ્ર દેશમાં એક વિકાસગાથા લઇને જઇ રહ્યા છે. મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના યુવાનો, મહિલાઓ અને શ્રમિકો માટે અનેકગણું કામ કર્યું છે. ગુજરાતના શ્રમિકો સારી રીતે કામ કરી શકે અને પોતાનો સમય બગડે નહીં તે માટે સરકારે ખૂબ સારી કામગીરી કરી છે. તેમને સારો પૌષ્ટિક આહાર મળે તે માટે અન્નપૂર્ણા યોજના દાખલ કરી છે એ એમના માટે આશીર્વાદરૂપ છે. દરેક શ્રમિકને અનાજ મળે તે માટે સરકારે આયોજન કર્યું છે. ગુજરાતનો કોઇપણ માણસ ભૂખ્યો ન રહે તે માટે તેને જમાડવા માટે ટિફિન આપવાની વ્યવસ્થા કરી છે એ અભિનંદનનેપાત્ર છે. મહિલાઓ માટે એપરેલ પાર્ક બનાવ્યા છે. એના માટે એપરેલ પોલીસી બનાવી છે. મહિલાઓને મહિને રૂ.૪૦૦૦/– અને પુરૂષોને મહિને રૂ.૩૨૦૦/– વેતન આપવાની સરકારે શરૂઆત કરી છે. એના કારણે પાંચ લાખ મહિલાઓ અને યુવાનોને રોજગારી મળશે. આ રીતે સરકારે

દરેકને રોજગારી આપવાનો પ્રયત્ન કર્યો છે. એના માટે દરેક જિલ્લામાં અને તાલુકામાં રોજગારલક્ષી મેળાઓ કર્યા છે અને એના દ્વારા ચાર લાખ જેટલા નોકરીવાંચ્છુઓને નોકરી આપી છે. સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપીને ગુજરાત પ્રથમ નંબર ઉપર છે. બેરોજગારીનો જે આંક છે એમાં દર એક હજારે ગુજરાતમાં ૯ બેકાર છે અને એ પણ સૌથી નીચો આંકડો છે. આભાર.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભાગૃહ સમક્ષ માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ, આપે પ્રસ્તાવ મૂકયો એ આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આપણે બધા જાણીએ છીએ તેમ નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી સમાન છે. એના વખાણ આ સભાગૃહમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઘણા થયા છે. મને એ ના સમજાયું કે દરવાજા બંધ થાય અને અભિનંદનની વર્ષા થાય પણ આ બધું જે આપણે કરી શકયા એ કોના લીધે કરી શકયા એ પાયામાં આપણે ભૂલી ગયા છીએ. મારો કહેવાનો આશય અને ઉદ્દેશ એ છે કે ડેમ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો. માનનીય કૌશિકભાઇ, ૧૯ ગામના અસરગ્રસ્તોએ જયારે જમીન આપી ત્યારે આ સરદાર સરોવર બંધનું નિર્માણ થયું છે હું એની વાત કરુ છું. આપણા રાજયપાલશ્રીના પ્રવચનમાં આનો કોઇ ઠેકાણે ઉલ્લેખ નથી કે જેમણે પોતાની મહામૂલી જમીન પાણીના ભાવે આપી. પોતાનું વતન, પોતાનું ગામ, પોતાની જમીન આ દેશ અને આ ગુજરાતની પ્રજાની સુખાકારી માટે આપ્યા એ અસરગ્રસ્તોની આ સરકારે કોઇ દિવસ દરકાર નથી રાખી. અસરગ્રસ્તોને એક એક વર્ષ સુધી પોતાની માગણી માટે ઉપવાસ ઉપર ઉતરવું પડે તો શું એ જે અસરગ્રસ્તો છે એમને આત્મા નથી? એ લોકો માણસો નથી કે જેમણે આ ડેમ માટે ગુજરાતની સુખાકારી માટે આ જમીનો આપી છે એમની દસમાંથી એક પણ વાત આપણે સાંભળી ના શકીએ? આપણે એટલા નિષ્ઠુર થઇ ગયા છીએ? અને આપણે મોટા મોટા ઉત્સવો કરીએ છીએ એ ઉત્સવો પાછળ જેટલો ખર્ચો થાય છે એટલા જ પૈસા જો એમને આપોને તો એમનું કાયમી કલ્યાણ થઇ જાય. કલ્યાણ શબ્દ આવે છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે આત્માનું કલ્યાણ કરવા માટે ભકિત કરવી જોઇએ. માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ બોલતા હતા કે દેશના કરોડો આત્મા, પરમાત્મા એક. આધ્યાત્મિક વાત છે. પરમાત્મા કોણ છે? આત્મા કોણ છે? જોયો છે? આ ગૃહમાં શબ્દો તો સારા લાગે છે, આત્મા અને પરમાત્માની વાત કયાં થાય? એમની સરખામણી આપણે કોઇ દિવસ ના કરી શકીએ અને ના કરી શકાય. '' તારા આત્માને ઓળખ્યા વિના રે લક્ષચોર્યાસી કયાંથી ફરે'' તો ચોર્યાસી લાખ યોની છે એમાં આત્મા નથી? છે કે નહીં? ચોર્યાસી લાખ યોની આપણા ગ્રંથો કહે છે. આત્મા અને પરમાત્માની વાત થઇ. પરમાત્મા પરબ્રહ્મને કોઇએ જોયા નથી. આપણે જો પરમાત્મા થઇ જઇશું ને તો ભગવાન, પરમતત્વ કયાં જશે? જેણે સૃષ્ટિ બનાવી છે એની સરખામણી થાય? આ તો ભગવાનનું અવમાન થાય. અપમાન થાય. બોલતી વખતે આ પણ કાળજી રાખવી પડે. ભગવાન રામ મંદિરની વાત કરી. હું પણ એની જરા વાત કહી દઉં. રામજી મંદિર કરો. (અંતરાય) જેઠાભાઇ, તમે બહુ સિનિયર છો. હું તે વખતે હતો. રામ મંદિરની વાત આવે છે ત્યારે એ વાત ક્યારે આવે છે? ચૂંટણીઓ આવે ત્યારે આવે છે. પણ જાડેજા સાહેબે વાત કરી એ કયા રામની વાત કરી? (અંતરાય) કહું છું. એક રામ મનુષ્ય....

અધ્યક્ષશ્રી : આખા ભારતમાં એક જ રામ છે, બીજા કોઇ નહીં.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : એ બોલ્યા છે એટલે કહું છું. કોન રામ મનુષ્ય હો કે બૈઠા, કો રામ ઘટ ઘટ મેં લેટા, કો રામને કીયા પસારા, કો રામ સબસે ન્યારા? તો આપણે કયા રામને ભજીએ છીએ? જો બૈઠા હૈ વો હી રામ હૈ. કબીરે કહ્યું છે કે મોકા કહાં ઢૂંઢે બંદે, મૈં તો તેરે પાસ મેં હૂં. તમે રામને ક્યાં શોધો છો? સંત તુલસીદાસ કે જેમણે રામાયણ લખી, એમણે કયા રામની વાત કરી છે? સીયારામ મય સબ જગ જાની, કરહું પ્રણામ જોરી જૂગ પાની. આ શ્રૃષ્ટિ પરના બધા જીવોમાં રામ છે. એટલે તુલસીદાસે વંદન કર્યા છે. એ રામનો આપણે રાજકારણમાં મતો લેવા માટે ઉપયોગ કરીએ છીએ? it's very shameful thing. મારે બીજી વાત નથી કરવી. આપણો દેશ બિનસાંપ્રદાયિક દેશ છે તો કોઇપણ ધર્મ પાળવાની છૂટ છે. મંદિરમાં જવાની છૂટ છે તો કોઇ મંદિરમાં જાય અને એમને એમ થાય કે કેમ જાય છે? we are living in democracy. (અંતરાય) ઇશ્વરભાઇ, એટલું તો સહન કરવું પડે. તમે બોલ્યા તો અમે શાંત હતા. મારે ઘણું બોલવું હતું પણ મારો સમય જતો કરું છું. વિકાસની વાત થાય છે. વિકાસમાં આગળ કહ્યું તેમ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ રીવરફ્રન્ટની વાત કરી. એ પાણી ક્યાંથી આવે છે? નર્મદા નદીનું પાણી આવે છે ત્યારે આ થાય છે. ડેમમાં બે વર્ષ સુધી પાણી ચાલે એટલું પાણી છે છતાં તમારી સરકાર ૧૫મી માર્ચ પછી પાણી બંધ કરે છે. એનો ખુલાસો તમારી પાસે છે? તમે પાણીનો વ્યય ન કર્યો હોત તો ૧૦ કિલોમીટર નજીકમાં ઉંડવા નહેર જાય છે અને એના કેટલાય ગામો છે એ આજે પણ પાણી માટે વલખા મારે છે. આપણે વિધાનસભામાં મોટી મોટી વાતો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રવચન ઉપર ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને નરેશભાઇએ જેમને સમર્થન આપ્યું છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને આ દેશના વડાપ્રધાન કે જેમણે ગુજરાતની અંદર વિકાસની જે કેડી કંડારી છે અને એ કેડીને, એ વિકાસને આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે રીતે આગળ વધારી રહ્યા છે અને જેનો ઉલ્લેખ એક વર્ષની અંદર ૪૭૫ થી વધારે નિર્ણયો લઇને જે વિકાસના ફળ ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચે, વંચિતોના વિકાસ સુધી પહોંચે એના માટે જે પ્રયત્નો કર્યા છે એને

બિરદાવી અને એમનો આભાર પ્રગટ કરું છું. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન કે જેઓ બક્ષીપંચ સમાજમાંથી આવે છે અને જેણે વંચિતોની પીડા જાણી છે એ વંચિતો માટે જે પ્રયાસો કર્યા, એમનો સર્વાંગી વિકાસ થાય, એમના શિક્ષણની ચિંતા થાય, એમના ગણવેશની ચિંતા થાય, એમની આર્થિક પરિસ્થિતિ સુધરે એની ચિંતા થાય, એમના રહેઠાણની ચિંતા થાય, એમના આરોગ્યની ચિંતા થાય એટલે સર્વાંગી રીતે એ વિચરતી જાતિનો ઉદ્ધાર થાય અને એ રાજ્યના વિકાસની અંદર વિકાસના ફળ ચાખતું થાય એ દીશાની અંદર જે પ્રયાસ કર્યા. હું જો આપને થોડી વાત કરું કે બાળક જ્યારે જન્મે ત્યારથી લઇને જ્યારે મૃત્યુ પામે ત્યાં સુધીની ચિંતા વિચરતી જાતિના લોકો માટે જે આર્થિક રીતે પછાત છે, સામાજિક રીતે પછાત છે આ સમગ્ર પ્રજાના વિકાસ માટે બાળક જ્યારે જન્મે ત્યારથી લઇને મૃત્યુ સુધી એની જે ચિંતા, એના શિક્ષણની ચિંતાની વાત કરું તો ગુજરાતના ૫૮.૨ લાખ વિદ્યાર્થીઓને પ્રિમેટ્રિક શિષ્યૃવૃત્તિ અને એના માટે ૩૭૭ કરોડની જોગવાઇ આ સરકારે કરી અને એના ફળ એ પ્રિમેટ્રિક શિષ્યવૃત્તિના લાભ એ બાળકો સુધી પહોંચ્યા છે. એના ગણવેશ સહાયની ચિંતા, એના ગણવેશ સહાયની અંદર ગત પાંચ વર્ષની અંદર ૪૮.૧૦ લાખ રૂપિયા એમના ગણવેશને માટે સહાયતા આપવામાં આવી અને આ વખતે જે બજેટની અંદર પ્રાવધાન કરવામાં આવ્યું કે બે ગણવેશની જગ્યાએ ત્રણ ગણવેશ આપ્યા એને પણ હું બિરદાવું છું. વંચિતો માટે સરકારે જે પ્રયાસ કર્યો છે એનો પણ હું આભાર પ્રગટ કરું છું. વિના મૂલ્યે રહેવા માટે છાત્રાલયની અંદર વ્યવસ્થા, સમરસ છાત્રાલયની વ્યવસ્થા. બાળક દરેક વર્ગના લોકોની સાથે એનો અભ્યાસ કરે એની સાથે એના રહેવાની વ્યવસ્થા કરે એના માટે જે સમરસ છાત્રાલયો બનાવવામાં આવ્યા એ રાષ્ટ્રીય પ્રવાહની અંદર ભળવા માટે દરેક સમાજની સાથે એ ભળી શકે એના માટે સમરસ છાત્રાલય બનાવવામાં આવ્યાં છે એ પણ બિરદાવવાની બાબત છે. કોઇપણ પછાત વર્ગના માનવીને એમ ના થાય કે મારું બાળક પછાત છે એ દિશાની અંદર જે પ્રયાસ થયો છે એ પણ વખાણવા લાયક પ્રયાસ છે. વિના મૂલ્યે સાઇકલ સહાય. પછાત વિસ્તારની અંદરથી આવતી વિદ્યાર્થીનીઓને સાઇકલ એ ગામડાંની અંદર રહેતા હોય, સ્કૂલ દૂર હોય તો સ્કૂલ સુધી પહોંચવા માટે સાઇકલની વ્યવસ્થા કરવામાં આવી છે. ગત વર્ષે ૧.૮૪ લાખ વિદ્યાર્થીઓને ૬૪ કરોડની સહાય સાથે એ સાઇકલની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉચ્ચ વર્ગના લોકો વિદેશ અભ્યાસ કરવા જઇ શકે. તેજસ્વી તારલા જે હોય અને પછાત વિસ્તારમાંથી આવતા હોય, જેની પાસે આર્થિક સહાય ના હોય અને જે વિદ્યાર્થી ઉચ્ચ કારકિર્દી ધરાવતો હોય અને એને ઉચ્ચ અભ્યાસ માટે જવું હોય તો સરકાર એની પાસે છે અને સરકારે ઉચ્ચ અભ્યાસ માટે ગત વર્ષે ૪૫૩ વિદ્યાર્થીઓને ૪૪ કરોડની સહાય સાથે વિદેશ અભ્યાસ કરવા માટે પણ મોકલે છે. જ્યારે એ ભણીને ઉતીર્ણ થાય અને એને લગ્ન પ્રસંગ આવે, આર્થિક પરિસ્થિતિ બરાબર ના હોય તો એની આર્થિક સહાય માટે કુંવરબાઇનું મામેરું એની પણ વ્યવસ્થા સરકાર કરે છે, ચિંતા પણ સરકાર કરે છે. સાત ફેરા સમૂહ લગ્ન. જે તે સમાજ પોતાના સમાજની અંદર સમૂહ લગ્ન કરે અને જે પૈસાનો દૂર્વ્યય થતો અટકાવે એ સમાજને સમૂહ લગ્ન માટે પણ આર્થિક સહાય આપવામાં આવે છે. વ્યાવસાયિક અભ્યાસ માટે પણ સ્ટાઇપેન્ડની વ્યવસ્થા, આંબેડકર ભવન બનાવવા માટે પણ વ્યવસ્થા, ગુજકેટ, પી.એમ.ટી. વગેરે ઉચ્ચ પરિક્ષાઓ માટે પણ વિદ્યાર્થીઓને ૭ કરોડની સહાય આપવામાં આવી છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : કિશોરભાઇ આપનું પ્રવચન પુરું થાય છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : અને હું દુષ્યંતભાઇના આભાર પ્રસ્તાવને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રીનું અવલોકન
પ્રવચન દરમ્યાન ડિસ્ટર્બ ના કરવા અંગે

અધ્યક્ષશ્રી : આજે ગૃહની અંદર ખૂબ સારી રીતે કામકાજ ચાલતુ હતું એ દરમ્યાન આપણાં જ આદરણીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા અને ધારાસભ્યશ્રી જ્યારે વકતવ્ય કરતા હતા ત્યારે વારંવાર ટોકવા છતાં મેં ચાલુ પ્રવચનમાં આ વાત એટલા માટે ન લીધી કે જો ગંભીરતાથી આ રીતે સદનની અંદર કોઇ યોજના નહીં કરીએ તો મુશ્કેલી સર્જાશે બેઉ પક્ષે. એમાં ત્રણ મિત્રોને વારંવાર ટોકયા છે વકતવ્ય વખતે, એમાં આરદણીય પૂનમભાઇ પરમાર, શ્રી ધવલસિંહ ઝાલા અને ડો. આશાબેન. એમાંથી બે તો નવા સભ્યો છે. પહેલી વાર ચૂંટાઇને આવ્યા છે. મારી વિનંતી છે કે ફરીવાર આવું, પ્રવચન વખતે તમારો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર હોય, કોઇ વાંધો હોય, કોઇ પ્રશ્ન હોય ત્યારે રજૂઆત કરવી એ જુદી વસ્તુ છે અને વારેઘડીએ ઉભા થઇને વારંવાર બોલવું એવી જ રીતે આ બાજુથી પણ ખુશીના અવાજ આવે છે એ તો સમજી શકાય કે સ્વાભાવિક રીતે નીકળે છે. પરંતુ સામા પક્ષેથી પણ કોઇ બોલતા હોય, પોતાનું વકતવ્ય આપતા હોય, કેટલી મહેનત કરીને સભ્યો તૈયારી કરતા હોય છે. મારી વિનંતી છે કે ફરીવાર આવું ન થાય. હું આ નોંધ લઉં છું.

(વિરામ– ૨–૩૦ થી ૩–૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો
૨૦૧૮નું ગુજરાત વિધેયક
ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૧૮

ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલ બાબતોની જોગવાઇઓ કરતું વિધેયક

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

## તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૮

## દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક

ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક, ૨૦૧૮

ગુજરાત રાજ્યમાં અવાજ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા, તેનું નિયમન કરવા અને તેને દૂર કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું ગુજરાત અવાજ પ્રદૂષણ(અટકાવવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું વિધેયક

ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૮

ગુજરાત રાજ્યમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળમાં બિન–નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક

શ્રી સુરેશભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત બિન–નાશવંત કચરો(નિયંત્રણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી સુરેશભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક

જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક, ૨૦૧૮

રાજ્યમાં જાહેર સંસ્થાઓ દ્વારા થતા ખોટી ગુજરાતી જોડણીના ઉપયોગને નિયંત્રણમાં રાખવા માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રીમતી મનીષા વકીલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક

ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૮.

કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેની માળખાકીય રચનાને સહાયરૂપ થવા ફંડ ઉભું કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.

## ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે
## દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો

શ્રી પિયુષભાઇ  દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યવસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી પિયુષભાઇ  દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યવસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ બપોરના ૩.૨૧ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | કચ્છ અને જામનગર જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૫૪ |
| | ઘરભાડા ભથ્થા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ | ૩૨૧ |
| | નર્મદા યોજના અન્વયે અન્ય રાજ્યો પાસેની લેણી રકમ | ૨૬૦ |
| | ભરૂચ અને વલસાડ જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૩૯૩ |
| | વડોદરા અને તાપી જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ | ૫૦૬ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૪૫૮ |
| | વડોદરા અને પંચમહાલ જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ | ૧૧૮ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઇપલાઈન દ્વારા અપાતું પાણી | ૨૯૮ |
| અજીતસિંહ ચૌહાણ | ખેડા અને નર્મદા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૪૯ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ | ૧૧૦ |
| | ખેડા અને વલસાડ જિલ્લામાં ગૌચર સુધારણાના કામ | ૪૪૮ |
| | મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ | ૩૭૮ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ | ૨૩૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૪૯૭ |
| અનંતકુમાર પટેલ | કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૯૧ |
| | નવસારી અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ | ૩૨૨ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૩૬ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૩૯૪ |
| | નવસારી અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૪૫૯ |
| | નવસારી અને નર્મદા જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઇપલાઈન દ્વારા અપાતું પાણી | ૨૯૯ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં આવેલા ડેમો | ૨૬૩ |
| | વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭માં એમ.ઓ.યુ. | ૧૬૬ |
| અનિલ જોષિયારા | અધ્યક્ષશ્રીની ચૂંટણી | ૩ |
| | શોકદર્શક ઉલ્લેખ | ૪૪ |
| | અરવલ્લી અને સાબરકાઠા જિલ્લામાં પકડાયેલ દારૂ | ૯૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજુર કરેલ યોજનાઓ | ૨૮૩ |
| | અરવલ્લી જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય | ૪૮૭ |
| | અરવલ્લી જિલ્લામાં રેતી/કવોરી ફીની ફાળવેલ રકમ | ૧૪૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામ ફળીયાઓને બારમાસી પાકા રસ્તાની સુવિધા | ૨૩૭ |
| | મેઘરજ તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં પેમેન્ટ ચૂકવવા બાબત | ૪૩૨ |
| | અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રોમાં મહેકમ | ૩૬૪ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૫૨૩ |

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં બી.પી.એલ અને એ.પી.એલ કુંટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૪૦૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણની તાલીમ | ૯૬ |
| અમરિષભાઇ ડેર | ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે કેન્દ્ર સરકારની નીતિ માંથી બીપીએલની નોર્મ્સ દૂર કરવા બાબત | ૩૯૪ |
| | અમરેલી અને પાટણ જિલ્લામાં આવેલા ડેમો | ૨૯૬ |
| | અમરેલી અને બોટાદ જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૪૫૮ |
| | અમરેલી અને મોરબી જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૨૩ |
| | રાજ્યમાં આઈ.એ.એસ.નું મહેકમ | ૧૫૭ |
| | અમરેલી અને પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીના કેસ | ૭૦ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૫૦૭ |
| | અમરેલી અને ખેડા જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ | ૩૨૦ |
| | અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઈપલાઈન દ્વારા અપાતું પાણી | ૨૫૮ |
| અમિતભાઈ ચાવડા | રાજ્યમાં સરકારી હિસ્સો ધરાવતાં વિદ્યુત મથકો | ૨૫૫ |
| | આણંદ જિલ્લા તથા અમદાવાદ જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો | ૭૩ |
| | રાજ્ય સરકારને થયેલ વેટની આવક | ૨૯૪ |
| | રાજ્યની ચેકપોસ્ટ પરથી પકડાયેલ વિદેશી દારૂ | ૧૨૪ |
| | રાજ્યમાં ખેત પેદાશોના ટેકાના ભાવ | ૩૮૬ |
| | વાસદ-બગોદરા રસ્તાને છ માર્ગીય બનાવવાનું કામ | ૩૧૮ |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૫૬ |
| | ખેડા જિલ્લામાં મત્સ્યોદ્યોગના લાભાર્થીઓ | ૩૭૭ |
| અરૂણસિંહ રણા | સ્માર્ટ સીટી મિશન અંતર્ગત વિવિધ કામગીરી | ૧૧૨ |
| અરવિંદ પટેલ | વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનામાં અરજીઓ | ૩૮૮ |
| | વલસાડ જિલ્લામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા શારવામાં આવેલ હેન્ડપંપ | ૨૫૨ |
| | વલસાડ જીલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૧૨૦ |
| અરવિંદ રાણા | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાની ફાળવણી | ૪૪૭ |
| | સુરત જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય | ૩૭૭ |
| | સુરત શહેરમાં મહિલાઓને સ્વરક્ષણની તાલીમ | ૧૧૪ |
| અરવિંદ રૈયાણી | રાજકોટ જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૨૫૯ |
| | વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ માં ભાગ લીધેલ વિવિધ દેશ | ૬૪ |
| | સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૫૭ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ શહેર પોલીસની આરોગ્ય ચકાસણી | ૧૧૮ |
| | રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની કામગીરી | ૩૮૫ |
| અલ્પેશ ઠાકોર | પાટણ અને અરવલ્લી જિલ્લામાં સિંચાઇ માટે કેનાલ તથા પાઇપલાઇન દ્વારા અપાતુ પાણી | ૨૮૯ |
| | પાટણ અને તાપી જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૪૭૮ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ | ૫૧૯ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૫૧ |

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ માટે રકમની ફાળવણી | ૪૨૧ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૪૫ |
| | રાજ્યમાં આઈ.એ.એસ.નું મહેકમ | ૧૭૮ |
| | રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત | ૩૧૪ |
| અશ્વિન કોટવાલ | સાતમાં પગાર પંચનું બાકી વેરીફિકેશન | ૨૪૨ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને તાપી જિલ્લામાં સિંચાઇ માટે કેનાલ તથા પાઇપલાઇન દ્વારા અપાતું પાણી | ૨૫૯ |
| | તાપી અને સુરત જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૪૨ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૯૬ |
| | રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત | ૩૨૧ |
| | સુરત અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ | ૪૧૮ |
| | સુરત અને તાપી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૪૭૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૬૯ |
| | સાયન્સ સીટી ફેઝ–૨નાં વિકાસ માટે ભારત સરકારમાં રજૂઆત | ૧૦૦ |
| આશા પટેલ | અધ્યક્ષશ્રીની ચૂંટણી | ૫ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૪૫ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૪૫ |
| | મહેસાણા અને કચ્છ જિલ્લામાં ગૌચર સુધારણાના કામો | ૪૫૮ |
| | મહેસાણા અને નર્મદા જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ | ૩૯૦ |
| | મહેસાણા અને મહીસાગર જિલ્લામાં આવેલ ડેમો. | ૨૯૯ |
| | મહેસાણા અને વલસાડ જિલ્લામાં આવેલ સિવિલ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ | ૨૬૪ |
| | મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે કેનાલ તથા પાઈપલાઈન દ્વારા અપાતું પાણી | ૩૨૨ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭માં એમ.ઓ.યુ. | ૧૭૪ |
| | સાયન્ય સીટી ફેઝ–૨ ના વિકાસ માટે ભારત સરકારમાં રજૂઆત | ૧૦૫ |
| | મહેસાણા અને નર્મદા જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ | ૫૦૪ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | નર્મદા યોજના અન્વયે અન્ય રાજ્યોની લેણી રકમ | ૨૮૪ |
| | આયોજન પ્રભાગનું મહેકમ | ૧૩૨ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નર્મદાની નહેરોની કામગીરી | ૨૩૮ |
| | ખેડા અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૫૧૭ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ટ્રેક્ટર સહાય–સબસીડીની અરજીઓ | ૪૧૬ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ/ગૌવંશ | ૧૬૪ |
| | ખેડા અને સાબરકાંઠા જિલ્લામાં વેટ કે જીએસટી વસુલવાનો બાકી હોય તેવા ઔદ્યોગિક ગૃહો | ૩૦૯ |
| | તાપી અને નવસારી જિલ્લામાં ગૌચર સુધારણાના કામ | ૪૭૪ |
| | ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં ખનીજ ચોરીનાં કેસ | ૮૭ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૩૭૬ |

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અમદાવાદ અને નવસારી જિલ્લામાં ખનીજચોરીનાં કેસ | ૧૫૫ |
| | કે.જી.બેઝીનમાંથી ગેસ ઉત્પાદન | ૧૨૦ |
| | રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત | ૨૭૧ |
| | વડોદરા અને ખેડા જિલ્લામાં ખનીજ ચોરીના કેસ | ૧૮૦ |
| | અમદાવાદ અને કચ્છ જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૪૪૭ |
| | અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં વેટ તથા જીએસટી વસુલવાનો બાકી હોય તેવા ઓદ્યોગિક ગૃહો | ૨૦૯ |
| | સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૪૯ |
| ઋત્વિકભાઈ મકવાણા | ઘરભાડા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ | ૨૮૮ |
| | રાજ્યની ખાનગી બ્લડબેંકોની તપાસ | ૨૪૫ |
| | સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ | ૪૪૭ |
| | સુરેન્દ્રનગર અને ગીરસોમનાથ જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૮૬ |
| | સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ/ગૌવંશ | ૧૩૨ |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાંકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૩૭૬ |
| | સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૪૯૬ |
| ઋષિકેશ ગ. પટેલ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૫૨૪ |
| | શોકદર્શક ઉલ્લેખ | ૪૭ |
| | રાજ્યમાં પોલીસ દળમાં વિવિધ સંવર્ગમાં ભરતી | ૧૦૨ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૨૫૨ |
| કનુભાઇ દેસાઇ | વલસાડ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ | ૪૦૯ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૫૩૧ |
| | વાપી તાલુકા જુથ પાણી પુરવઠા યોજના | ૨૬૩ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં ખાતરના નમૂના | ૩૯૬ |
| | રાજ્યની નગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૧૧૧ |
| | અમદાવાદ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ–સ્ટેશનો | ૨૪૮ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ | ૪૩૮ |
| | ઘોઘા–દહેજ રો–રો ફેરી સુવિધાનાં કામ | ૮૪ |
| | પેટ્રોકેમિકલ્સ પ્રભાગનું મહેકમ | ૧૩૧ |
| | બોટાદ અને નર્મદા જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ | ૧૬૨ |
| | ભાવનગર અને ડાંગ જિલ્લામાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓનું મંજુર મહેકમ | ૨૭૪ |
| | ભાવનગર અને પોરબંદર જિલ્લામાં ગૌચર સુધારણાના કામ | ૪૯૧ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં નર્મદાની નહેરોની કામગીરી | ૨૨૨ |
| | ભાવનગર અને ભરૂચ જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ | ૩૬૮ |
| કાન્તીભાઇ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ | ૫૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૨૯૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં વેટ વસુલવાનો બાકી હોય તેવા ઔધોગિક એકમો | ૨૫૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીના કેસ | ૧૨૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં પશુ ડૉક્ટરોનું મંજુર મહેકમ | ૪૭૦ |

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | બનાસકાંઠા જિલ્લામાં પશુપાલકોને સહાય | ૪૧૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૩૨૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં સાદી રેતી બ્લોકની હરાજી | ૧૫૭ |
| કાન્તીભાઇ પરમાર | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૩૬૨ |
| | ખેડા અને દાહોદ જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૪૩૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં આરટીઓ કચેરીનું મંજૂર મહેકમ | ૪૮૬ |
| | ખેડા અને વડોદરા જિલ્લામાં આવેલ ડેમો | ૨૧૮ |
| | ખેડા અને સાબરકાંઠા જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ | ૧૨૪ |
| | ઘરભાડા ભથ્થા અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ | ૩૦૨ |
| | પાણી પુરવઠા પ્રભાગમાં મંજુર થયેલ મહેકમ | ૨૭૨ |
| | મહિસાગર અને નવસારી જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૫૭ |
| | ગુજરાત મેગેઝીનનું ખાનગી પ્રેસમાં છાપકામ | ૭૩ |
| કાન્તીભાઇ બલર | રાજ્યમાં એ.એસ.આઇ.ની ભરતી | ૧૦૪ |
| | સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગના લાભાર્થીઓ | ૪૨૭ |
| કાન્તીભાઈ સોઢા પરમાર | આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં પશુદવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૪૬૭ |
| | આણંદ અને ડાંગ જિલ્લામાં આવેલા ડેમો | ૨૮૯ |
| | આણંદ અને વલસાડ જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ | ૪૦૬ |
| | આણંદ અને તાપી જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ/ગૌવંશ | ૧૩૨ |
| | આણંદ અને નર્મદા જિલ્લામાં વેટ કે જી.એસ.ટી. વસુલવાનો બાકી હોય તેવા ઔદ્યોગિક ગૃહો | ૩૧૪ |
| | કે.જી.બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૮૫ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૩૬૨ |
| | આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૬૩ |
| | ઊર્જા વિભાગનું મંજુર થયેલ મહેકમ | ૨૪૬ |
| | આણંદ અને ભાવનગર જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની ફરિયાદ | ૫૧૩ |
| કાળાભાઇ ડાભી | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ | ૪૯૭ |
| | ક્લાયમેટ ચેન્જ વિભાગનું મહેકમ | ૧૬૬ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં પાકના રક્ષણ માટે તારની વાડ | ૩૭૮ |
| | ખેડા અને ભાવનગર જિલ્લામાં પકડાયેલ દારૂ | ૯૧ |
| | ખેડા અને સુરત જિલ્લામાં વેટ કે જી.એસ.ટી. વસુલવાનો બાકી હોય તેવા ઔદ્યોગિક ગૃહો | ૨૭૯ |
| | જળસંપત્તિ પ્રભાગનું મંજુર થેયલ મહેકમ | ૨૩૧ |
| | પંચમહાલ અને ડાંગ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૩૬ |
| | મહીસાગર અને ખેડા જિલ્લામાં કપાસ અને મગફળીનો બાકી પાક વીમો | ૪૪૯ |
| | રાજ્યની ખાનગી બ્લડ બેંકોની તપાસ | ૩૦૭ |
| કિર્તીસિંહ વાઘેલા | પાટણ જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૯૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં એ.પી.એલ. અને બી.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૩૭૧ |
| | બનાસકાંઠા જીલ્લામાં વીજ ફીડરોનું કરેલ વિભાજન | ૨૩૭ |

| પુસ્તક ૪૯ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કિરીટ પટેલ | પાટણ અને અરવલ્લી જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૦૮ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૪૭ |
| | પાટણ અને નર્મદા જિલ્લામાં ગૌચર સુધારણાના કામો | ૪૭૮ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં ખાણ/લીઝનું ચેકીંગ | ૧૭૬ |
| | ઉદ્યોગ પ્રભાગમાં મહેકમ | ૧૪૮ |
| | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં વેટ અને જીએસટી વસુલવાનો બાકી હોય તેવા ઔધોગિક ગૃહો | ૨૯૫ |
| | પાટણ અને નવસારી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ | ૫૧૮ |
| | પાટણ અને નવસારી જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસીડીની અરજીઓ | ૪૧૯ |
| | રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન | ૩૧૯ |
| | રાજ્યમાં એઇમ્સ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત | ૨૫૭ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ | ૪૪૮ |
| | અરવલ્લી જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉનો | ૩૭૭ |
| | રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને બે મોટરો વાપરવાની છૂટ બાબત | ૨૩૨ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૫૩૨ |
| કુબેરભાઇ ડીંડોર | પંચમહાલ જિલ્લામાં આદિજાતિ પેટા વિકાસ યોજના | ૪૦૧ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૪૧ |
| | મહીસાગર જીલ્લામાં પોલીસના રહેણાંક મકાન | ૧૦૨ |
| | મહીસાગર જીલ્લામાં મંજૂર કરેલ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૭૦ |
| કરશનભાઈ સોલંકી | માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ પ્રકાશનો | ૮૮ |
| કુંવરજીભાઇ બાવળીયા | રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં દેશી/વિદેશી દારૂ સંબંધે દરોડા | ૧૨૮ |
| | રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની યોજના દરખાસ્તો | ૨૬૦ |
| | સરકારી ઉત્સવો/કાર્યક્રમોની જાહેરાત પાછળ ખર્ચ | ૮૨ |
| | રાજ્યમાં જિલ્લાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ | ૪૬૩ |
| | રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના | ૫૧૦ |
| | રાજ્યમાં ખરીફ કપાસ પાક વીમો ચુકવવા બાબત | ૪૦૦ |
| | જસદણ/વિંછીયા સામુહિક આરોગ્યક કેન્દ્ર અને રેફરલ હોસ્પિટલનું મંજુર મહેકમ | ૨૯૭ |
| કેતનભાઇ મ. ઇનામદાર | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૫૦ |
